नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

आगम-बृहत्-नामकोष: १

प्राकृत	ओळख	संस्कृत	गुजराती	नामपरिचय

-: कोष-रचयिता :-

आगम दीवाकर मुनि दीपरत्नसागरजी

[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]

आगम- त्रिभाषिय-विशेषनाम एवं गुजराती परिचयात्मक -कोष: (१)

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

आगम-बृहत्-नामकोष: १

प्राकृत | ओळख | संस्कृत | गुजराती | नामपरिचय

आगम- त्रिभाषिय-विशेषनाम एवं गुजराती परिचयात्मक -कोष:

પ્રકાશન તારીખ– 10/02/2020 સોમવાર તિથી– ૨૦૭૬ મહા વદ ૧

-: कोष-रचयिता :-

आगम दीवाकर मुनिश्री दीपरत्नसागरजी

[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડો દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

"आगम बृहत् नामकोष:" આરંભે કંઈક

આપના કરકમળ સુધી પહોચેલ આ 'આગમ–બૃહત્–નામકોષ ભાગ ૧+૨" એ એક ડીક્ષનેરી જ છે, જેમાં પ્રાકૃત (અર્ધમાગધી)નામ, તેનું સંસ્કૃત અને ગુજરાતી રૂપાંતર લીધેલ છે,સાથે નામની ઓળખ [category] અને જે તે નામનો પરિચય પણ આપેલ છે. અમે જૈનશાસ્ત્ર સ્વરૂપ 'આગમો' (મૂળઆગમ, નિર્યુંક્તિ, ભાષ્ય, ચૂર્ણી, વૃત્તિ]માં થી જ આ નામો પસંદ કરેલ છે, આગમ સિવાયના સૂત્રો/ગ્રંથોને સમાવેલ નથી.

અમે ડિક્ષનેરી સંબંધે ચાર પ્રકારના પ્રકાશનો આ પૂર્વે કરેલ છે. (૧) **आगम सद्दकोसो**– જેમાં મૂળ આગમના શબ્દો, તેનું સંસ્કૃત, ગુજરાતી અર્થો અને પીસ્તાળીશે આગમમાં તે શબ્દો ક્યા આવેલા છે તેના આગમ–સંદર્ભો મુકેલ છે. તે ચાર ભાગોમાં પ્રસિદ્ધ કરેલ છે. (૨) **आगम नाम व कहा कोसो**– જેમાં મૂળ–આગમ સાથે તેની વૃત્તિ, ચૂર્ણિ, નિર્યુક્તી આદિના કથા–નામો લીધા છે, અહીં પ્રાકૃતનામ, તેનું સંસ્કૃત અને તે નામની ટૂંકી ઓળખ, આગમ–સંદર્ભ–સ્થળ સહીત મૂકેલ છે. (૩) **आगम सागर कोष:**– જેમાં ૪૧,૦૦૦ થી વધુ આગમિક શબ્દો, તેનું સંસ્કૃત અને વૃત્તિ તથા ચૂર્ણિમાં આવેલી તે શબ્દોની સંસ્કૃત કે પ્રાકૃત વ્યાખ્યાઓ મુકેલ છે. (૪) **आगम शब्दादि संग्रह:** જેમાં ૫૧,૦૦૦ જેટલા આગમિક શબ્દ–આદિ, તેનું સંસ્કૃત રૂપાંતર અને ગુજરાતી અર્થો છે. તે શબ્દોની વૈયાકરણીય ઓળખ આપેલ છે. અને *પ્રસ્તુત પ્રકાશન* આગમોના ૮૨૦૦ થી વધારે 'વિશેષ નામો'ની ડિક્ષનેરી છે.

આ ડિક્ષનેરિમાં વિશેષતા એ છે કે અહી વિશેષ નામોની કેટેગેરી/ઓળખ મૂકેલ છે, જેમાં ભૌગોલિક+ ઐતિહાસિક+ કાળ સંબંધી નામો, આગમિક પારિભાષા, તીર્થંકર–શ્રમણ–શ્રાવક–ચક્રવર્તી, નિહ્નવ, પ્રત્યેકબુદ્ધ વગેરે ૧૭ પ્રકારની કેટેગરી કરેલ છે, એક્સેલ પ્રોગ્રામમાં આમાંની કોઈપણ કેટેગરીનાં નામો સ્વતંત્ર છૂટા પડી શકે છે, જેમ કે તમારે ભૌગોલિક નામો જ આગમમાં જોવા છે તો એક્સેલ પ્રોગ્રામ વડે માત્ર ભૌગોલિક નામોને પણ છૂટા પાડી શકો છો. બીજું દરેક નામ ત્રણ ભાષામાં આપેલ છે, ગુજરાતીમાં તે નામનો વિસ્તૃત પરિચય પણ છે.

આગમ કાર્ય સંબંધે અમારો દીર્ઘ અનુભવ છે. અમે મૂળ આગમ અને ગુજરાતી–હિન્દી–અંગ્રેજી ભાષામાં આગમોના અનુવાદ કર્યા છે, આગમોની વૃત્તિઓ–ચૂર્ણિઓ–નીર્યુક્તિઓ–ભાષ્યો આદિ આગમો સંપાદિત–પ્રકાશિત કર્યા છે. આગમની ડિક્ષનેરિઓ, મૂળ આગમ અને સટીક આગમોના વિસ્તૃત વિષય–અનુક્રમો, આગમ કથાનુયોગ, આગમ સૂત્ર–ગાથા અનુક્રમ, ઋષિભાષિત સૂત્રાણી વગેરે વગેરે ૫૦૦ કરતા વધુ પુસ્તકો બહાર પાડેલ છે. તે સિવાય ૨૪ તીર્થંકર પરિચય, તત્ત્વાર્થાભિગમ સૂત્ર, વ્યાકરણ, વ્યાખ્યાન, જિનભક્તિ, આરાધના, અભ્યાસ, વિધિ આદિ સાહિત્ય સહિત મારા ૬૦૩ (છ સો ત્રણ) પ્રકાશનો ફેબ્રુઆરી–૨૦૨૦ ની સાલ સુધીમાં પુરા થયેલ છે.

..... સ્થવિર મુનીશ્રી દીપરત્નસાગર...

'आगम-बृहत्-नाम-कोष' માં વપરાયેલ સંક્ષેપોનું સ્પષ્ટીકરણ

સંક્ષેપ	સ્પષ્ટીકરણ	સંક્ષેપ	સ્પષ્ટીકરણ	સંક્ષેપ	સ્પષ્ટીકરણ
આ.	આગમિક પારિભાષિક નામો	તી.	તીર્થંકર સંબંધી વિગત	ભૌ.	ભૌગોલિક નામો
ઐ.	ઐતિહાસિક સ્થાનો	દે.	દેવ–દેવીના નામો	શ્ર.	શ્રમણ–શ્રમણીના નામો
ક.	કથા કે દૃષ્ટાંત	ન.	નરક સંબંધી વિગત	શ્રા.	શ્રાવક–શ્રાવિકાના નામો
ગ.	ગણધર સંબંધી વિગત	નિ.	નિહ્નવ સંબંધી વિગત	સ,	સમય/કાળ સંબંધી નામો
ચ.	ચક્રવર્તી, વાસુદેવાદિ વિગત	પ્ર.	પ્રત્યેકબુદ્ધ	અ.	'ઉપરોક્ત' સિવાયના નામો
તા.	તાપસ, પરિવ્રાજક આદિ	[પ્રા.]	પ્રાણી–કથા		

४५ आगम वर्गीकरण

क्रम	आगम का नाम	सूत्र	क्रम	आगम का नाम	सूत्र
०१	आचार	अंगसूत्र-१	२५	आतुरप्रत्याख्यान	पयन्नासूत्र-२
०२	सूत्रकृत्	अंगसूत्र-२	२६	महाप्रत्याख्यान	पयन्नासूत्र-३
०३	स्थान	अंगसूत्र-३	२७	भक्तपरिज्ञा	पयन्नासूत्र-४
०४	समवाय	अंगसूत्र-४	२८	तंदुलवैचारिक	पयन्नासूत्र-५
०५	भगवती	अंगसूत्र-५	२९	संस्तारक	पयन्नासूत्र-६
०६	ज्ञाताधर्मकथा	अंगसूत्र-६	३०.१	गच्छाचार	पयन्नासूत्र-७
०७	उपासकदशा	अंगसूत्र-७	३०.२	चन्द्रवेध्यक	पयन्नासूत्र-७
०८	अंतकृत् दशा	अंगसूत्र-८	३१	गणिविद्या	पयन्नासूत्र-८
०९	अनुत्तरोपपातिकदशा	अंगसूत्र-९	३२	देवेन्द्रस्तव	पयन्नासूत्र-९
१०	प्रश्नव्याकरणदशा	अंगसूत्र-१०	३३	वीरस्तव	पयन्नासूत्र-१०
११	विपाकश्रुत	अंगसूत्र-११	३४	निशीथ	छेदसूत्र-१
१२	औपपातिक	उपांगसूत्र-१	३५	बृहत्कल्प	छेदसूत्र-२
१३	राजप्रश्निय	उपांगसूत्र-२	३६	व्यवहार	छेदसूत्र-३
१४	जीवाजीवाभिगम	उपांगसूत्र-३	३७	दशाश्रुतस्कन्ध	छेदसूत्र-४
१५	प्रज्ञापना	उपांगसूत्र-४	३८	जीतकल्प	छेदसूत्र-५
१६	सूर्यप्रज्ञप्ति	उपांगसूत्र-५	३९	महानिशीथ	छेदसूत्र-६
१७	चन्द्रप्रज्ञप्ति	उपांगसूत्र-६	४०	आवश्यक	मूलसूत्र-१
१८	जंबूद्वीपप्रज्ञप्ति	उपांगसूत्र-७	४१.१	ओघनिर्युक्ति	मूलसूत्र-२
१९	निरयावलिका	उपांगसूत्र-८	४१.२	पिंडनिर्युक्ति	मूलसूत्र-२
२०	कल्पवतंसिका	उपांगसूत्र-९	४२	दशवैकालिक	मूलसूत्र-३
२१	पुष्पिका	उपांगसूत्र-१०	४३	उत्तराध्ययन	मूलसूत्र-४
२२	पुष्पचूलिका	उपांगसूत्र-११	४४	नन्दी	चूलिकासूत्र-१
२३	वृष्णिदशा	उपांगसूत्र-१२	४५	अनुयोगद्वार	चूलिकासूत्र-२
२४	चतु:शरण	पयन्नासूत्र-१	---	----------	-----

मुनि दीपरत्नसागरजी प्रकाशित साहित्य					
आगम साहित्य			आगम साहित्य		
क्रम	साहित्य नाम	बूक्स	क्रम	साहित्य नाम	बू
1	मूल आगम साहित्य:-	147	5	आगम अनुक्रम साहित्य:-	09
	-1- आगमसुत्ताणि-मूलं print	[49]		-1- આગમ વિષયાનુક્રમ- (મૂળ)	02
	-2- आगमसुत्ताणि-मूलं Net	[45]		-2- आगम विषयानुक्रम (सटीकं)	04
	-3- आगममञ्जूषा (मूल प्रत)	[53]		-3- आगम सूत्र-गाथा अनुक्रम	03
2	आगम अनुवाद साहित्य:-	165	6	आगम अन्य साहित्य:-	10
	-1- આગમસૂત્ર ગુજરાતી અનુવાદ	[47]		-1- आगम कथानुयोग	06
	-2- आगमसूत्र हिन्दी अनुवाद Net	[47]		-2- आगम संबंधी साहित्य	02
	-3- AagamSootra English Trans.	[11]		-3- ऋषिभाषित सूत्राणि	01
	-4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ	[48]		-4- आगमिय सूक्तावली	01
	-5- आगमसूत्र हिन्दी अनुवाद print	[12]		आगम साहित्य- कुल पुस्तक	518
3	आगम विवेचन साहित्य:-	171		આગમ સિવાયનું અન્ય સાહિત્ય	6
	-1- आगमसूत्र सटीकं	[46]	1	તત્વાભ્યાસ સાહિત્ય-	13
	-2- आगम मूलं एवं वृत्ति -1	[51]	2	સૂત્રાભ્યાસ સાહિત્ય-	06
	-3- आगम मूलं एवं वृत्ति -2	[09]	3	વ્યાકરણ સાહિત્ય-	05
	-4- आगम चूर्णि साहित्य	[09]	4	વ્યાખ્યાન સાહિત્ય-	04
	-5- सवृत्तिक आगमसूत्राणि-1	[40]	5	જિનભક્તિ સાહિત્ય-	09
	-6- सवृत्तिक आगमसूत्राणि-2	[08]	6	વિધિ સાહિત્ય-	04
	-7- सचूर्णिक आगमसुत्ताणि	[08]	7	આરાધના સાહિત્ય	03
4	आगम कोष साहित्य:-	16	8	પરિચય સાહિત્ય-	04
	-1- आगम सद्दकोसो	[04]	9	પૂજન સાહિત્ય-	02
	-2- आगम कहाकोसो	[01]	10	તીર્થંકર સંક્ષિપ્ત દર્શન	25
	-3- आगम-सागर-कोष:	[05]	11	પ્રકીર્ણ સાહિત્ય-	05
	-4- आगमशब्दादिसंग्रह (प्रा-सं-गु)	[04]	12	દીપરત્નસાગરના લઘુશોધનિબંધ	05
	-5- आगम बृहत् नाम कोष:	[02]		આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક	85
	1-आगम साहित्य (कुल पुस्तक) 518				
	2-आगमेतर साहित्य (कुल पुस्तक) 085				
	दीपरत्नसागरजी के कुल प्रकाशन 603				

अइइ	*दे.*	*अदिति*	અદિતિ	પુનર્વસુ નક્ષત્રની અધિષ્ઠાત્રી દેવતા.
अइकाय	*दे.*	*अतिकाय*	અતિકાય	વ્યંતર દેવોના મહોરગ વર્ગનો ઇંદ્ર. તેને ચાર પટ્ટરાણી છે–ભુયંગા,ભુયંગવઈ,મહાકચ્ચા,કુડા.
अइदूसम	*स.*	*अतिदु:षम*	અતિદુ:ષમ	ઉત્સર્પિણીનો પહેલો અને અવસર્પિણીકાળનો છટ્ઠો આરો. તેનું બીજું નામ છે દુસ્સમદુસ્સમા.
अइपंडुकंबल सिला	*भौ.ती*	*अतिपाण्डुकम्बल सिला*	અતિપાંડુકંબલ શિલા	જંબૂદ્વીપમાં આવેલા મંદર(૩) પર્વતના પાંડુકવનમાં જિનાભિષેકના પવિત્ર કાર્ય માટે જે ચાર શિલાઓ છે તેમાંની એક. જંબુદ્વીપપ્રજ્ઞપ્તિમાં તે પાંડુકંબલશિલા નામે જાણીતી છે,
अइपास	*ती.*	*अतिपार्श्व*	અતિપાર્શ્વ	જંબૂદ્વીપના ઐરાવત(૧) ક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણી ના સત્તરમાં તીર્થંકર
१. अइबल	*च.*	*अतिबल*	અતિબલ	જંબૂદ્વીપના ભરત(૨) ક્ષેત્રમાં ભવિષ્યમાં થનારા પાંચમાં વાસુદેવ (૧)
२. अइबल	*श्र.*	*अतिबल*	અતિબલ	ભરત(૧) ચક્રવર્તી પછી મોક્ષે જનાર આઠ મહાન રાજાઓમાંના એક તે મહાજસ (૧)ના પુત્ર અને ભરતના પ્રપૌત્ર હતા. તે અઈજસ નામે પણ જાણીતા હતા.
३. अइबल	*अ.*	*अतिबल*	અતિબલ	અવરવિદેહમાં આવેલા ગંધાર પ્રદેશની રાજધાની ગંધસમિદ્ધના રાજા મહાબલ(૩)ના પિતા.
अइभद्दा	*ग.*	*अतिभद्रा*	અતિભદ્રા	તીર્થંકર મહાવીરના અગિયારમાં ગણધર પ્રભાસ (૧)ની માતા.
१. अइमुत्त	*श्र.*	*अतिमुक्त*	અતિમુક્ત	પોલાસપુરના રાજા વિજય (૫) અને તેની રાણી શ્રી (૨)નો પુત્ર. બાલમિત્રો સાથે રમતો હતો ત્યારે તેણે ગણધર ઇંદ્રભૂતીને જોયા, કુતૂહલવશ પોતાના ઘરે લઈ ગયો. તેમને વહોરાવ્યું. તેમની સાથે તીર્થંકર મહાવીર પાસે પહોંચ્યો, ભક્તિપૂર્વક વંદન કર્યા, તેમના ઉપદેશથી પ્રભાવિત થયો, સંસાર છોડી દીક્ષા લીધી અને વખત જતાં મોક્ષ પામ્યો. સાધુ જીવનમાં એક વર્ષાવાસ દરમિયાન વહેતા પાણીમાં પોતાનું ભિક્ષાપાત્ર તરતું મૂકીને જાણે કે નૌકા તરતી ન હોય એ તે દૃશ્યને તે માણે છે. પ્રભાવક વ્યક્તિ તરીકે તેમનો ઉલ્લેખ છે.
२. अइमुत्त	*श्र.*	*अतिमुक्त*	અતિમુક્ત	રાજા કંસ (૨)નો નાનો ભાઈ. તે સંસાર ત્યાગી સાધુ થયો. તેણે ભવિષ્ય ભાખ્યુ હતુ કે દેવકી આઠ પુત્રોને જન્મ આપશે.
३. अइमुत्त	*आ.*	*अतिमुक्त*	અતિમુક્ત	અંતકૃદ્દશાના છઠ્ઠા વર્ગનું પંદરમું અધ્યયન.

४. अइमुत्त	*आ.*	*अतिमुक्त*	અતિમુક્ત	અનુત્તરોપપાતિકદશાનું દસમું અધ્યયન. આજે તે અસ્તિત્વમાં નથી.
अइरत्तकंबलसिला	*भौ.ती*	*अतिरक्तकम्बल शिला*	અતિરક્તકંબલ શિલા	જુઓ રક્તકંબલશિલા.
अइरा	*ती.*	*अचिरा*	અચિરા	ગજપુરના રાજા વિશ્વસેન (૧)ની પત્ની અને સોળમા તીર્થંકર શાંતિની માતા.
अइवाय	*आ.*	*अतिपात*	અતિપાત	ભગવતીસૂત્રના બારમાં શતકનો પાંચમો ઉદ્દેશક
अउज्झा	*ऐ.*	*अयोध्या*	અયોધ્યા	આ અને અયોધ્યા એક જ છે.
१. अओज्झा	*ऐ.*	*अयोध्या*	અયોધ્યા	મહાવિદેહમાં આવેલા ગંધિલાવતીવિજય (૨૩) પ્રદેશની રાજધાની.
२. अओज्झा	ऐ.	*अयोध्या*	અયોધ્યા	કોસલ(૧)નું પ્રધાન નગર. તે અજિત અને અનંત એવા તિત્થયરોનું જન્મસ્થાન હતું. ભ૦ અજિતે પ્રથમ પારણુ અહીં કર્યું હતુ. મરીચી સાથે તીર્થંકર ઋષભ (૧) અહીં આવ્યા હતા. ગણધર અચલ (૭) અહીંના હતા. તે ભરત (૧) અને સગર જેવા ચક્રવર્તીઓની રાજધાની તરીકે ઉલ્લિખિત છે. દશરથ (૧) રાજાએ પણ અહીં રાજ્ય કર્યું હતું. તે બાર યોજન લાંબુ હતું. તે વિનીતા, કોસલા, ઇક્ષ્વાકુભૂમિ અને સાકેત, એ નામોથી પણ જાણીતુ હતુ.
अओमुह	**भौ.**	*अयोमुख*	અયોમુખ	જુઓ 'અયોમુહ'
१. अंक	**भौ.न**	*अङ्क*	અંક	રત્નપ્રભા(૨) નરકભૂમિના ત્રણ કાંડમાંના પ્રથમ ખરકાંડનો ચૌદમો ભાગ.
२. अंक	*भौ.*	*अङ्क*	અંક	આ અને અંકાવતી(૨) એક જ છે, જે એક વક્ષસ્કાર પર્વત છે.
३. अंक	*भौ.न*	*अङ्क*	અંક	પહેલી નરકભૂમિ રત્નપ્રભા(૨)ના ત્રણ કાંડમાંના પ્રથમ ખરકાંડનો સોળ સરખા ભાગોમાંથી એક ભાગ
अंकलिवि	*अ.*	*अङ्कलिपि*	અંકલિપિ	અઢાર બ્રાહ્મી (૨) લિપિઓમાંની એક લિપિ
अंकवडंसय	*दे.*	*अङ्कावतंसक*	અંકાવતંસક	ઈશાન (૧) દેવલોકના ઇંદ્રનો પ્રધાન મહેલ.
१. अंकावइ	*ऐ.*	*अङ्कावती*	અંકાવતી	મહાવિદેહમાં આવેલા રમ્યવિજય ની રાજધાની.
२. अंकावइ	**भौ.**	*अङ्कावती*	અંકાવતી	પશ્ચિમ મહાવિદેહના દક્ષિણભાગમાં સીઓઆ નદીના કાંઠે અને પમ્હ(૧) અને સુપમ્હ(૨) પ્રદેશો વચ્ચે આવેલ એક વક્ષસ્કાર પર્વત.
३. अंकावइ	**भौ.**	*अङ्कावती*	અંકાવતી	અંકાવતી(૨)ના ચાર શિખરોમાંનું એક શિખર.

१. अंकुस	दे.	*अङ्कुश*	અંકુશ	મહાશુક્ર(૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૧૬ સાગરોપમ વર્ષનું હોય છે
२. अंकुस	दे.ज.	*अङ्कुश*	અંકુશ	કેવળ 'સ્થાન' સૂત્રમાં જ ઉલ્લિખિત એક ગ્રહ. અઠ્યાસી ગ્રહો ઉપરાંત આ ગ્રહ છે.
अंकुसपलंब	दे.	*अङ्कुशप्रलम्ब*	અંકુશપ્રલમ્બ	અંકુસ(૧) જેવું જ મહાશુક્ર(૧)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન.
१. अंग	ऐ.	*अङ्ग*	અંગ	તીર્થંકર મહાવીરના સમયના સોળ મોટા જનપદો માંનું એક જનપદ. તેની રાજધાની ચંપા હતી. આર્ય પ્રદેશ પૂર્વમાં અંગ અને મગધ સુધી વિસ્તરેલ હતો. મલ્લિ(૧) સાથે અંગના રાજા ચંદ્રચ્છાય સંસારનો ત્યાગ કર્યો.
२. अंग	आ.	*अङ्ग*	અંગ	દૃષ્ટિવાદ અને પ્રકીર્ણક સિવાયના અગિયાર આગમ ગ્રન્થોનો વર્ગ. એક મત મુજબ બધા અંગ ગ્રંથોનો મૂળસ્રોત દૃષ્ટિવાદ છે, તેથી દૃષ્ટિવાદ. અથવા પૂર્વગત, તે પહેલા રચાયો પછી બધા અગિયાર અંગ ગ્રન્થો ગણધરોએ રચ્યા. બીજા મત અનુસાર દૃષ્ટિવાદ અંગ ગ્રંથોમાં સમાવિષ્ટ છે અને આમ અંગ ગ્રંથોની સંખ્યા બાર છે અને તે બધા આ ક્રમમાં ગણધરોએ રચ્યા છે– ૧. આચાર, ૨. સૂત્રકૃત્, ૩. સ્થાન, ૪. સમવાય, ૫. ભગવતી, ૬. જ્ઞાતાધર્મકથા, ૭. ઉપાસકદશા, ૮. અંતકૃદ્દશા, ૯. અનુત્તરોપપાતિક દશા, ૧૦. પ્રશ્નવ્યાકરણ, ૧૧. વિપાકશ્રુત, ૧૨. દૃષ્ટિવાદ . આ બાર અંગ ગ્રંથોને માનવશરીરના બાર અંગો સાથે સરખાવ્યા છે. (શ્રુતપુરુષના આ બાર અંગો છે.) આ બાર અંગો આવા સમૂહવાચક નામોથી પણ જાણીતા છે.
अंगइ	ऐ.	*अङ्गजित्*	અંગજિત્	શ્રાવસ્તીનો ગૃહસ્થ. તે સંસારનો ત્યાગ કરી તીર્થંકર પાર્શ્વ (૧)નો શિષ્ય બન્યો. સામાન્ય દોષનો (અતિચાર નો) ગુરુ સમક્ષ એકરાર (આલોચના) ન કરવાના કારણે તે મોક્ષ પામી શક્યો નહિ પરંતુ જ્યોતિષ્ક દેવોના ઇંદ્ર તરીકે તેને જન્મ લેવો પડ્યો.
अंगगय	आ.	*अङ्गगत*	અંગગત	આ અને 'અંગપ્રવિષ્ટ' એક છે.

१. अंगचूलिया	**आ.**	*अङ्गचूलिका*	અંગચૂલિકા	એક અંગબાહ્ય કાલિક આગમગ્રન્થ. દૃષ્ટિવાદનું એક અને આચારના પાંચ એમ કુલ છ પરિશિષ્ટોનો તે બનેલો છે. અંગ (૩)માં પ્રતિપાદિત કે અપ્રતિપાદિત વિષયોના સારસંગ્રહરુપ પણ તેને ગણવામાં આવેલ છે. સાધુજીવનના અગિયાર વર્ષ જેણે પૂરા કર્યા હોય તેવા સાધુને આ ગ્રન્થ ભણાવવાની અનુજ્ઞા છે.
२. अंगचूलिया	**आ.**	*अङ्गचूलिका*	અંગચૂલિકા	સંક્ષેપિતદશાનું એક પ્રકરણ
अंगपविट्ठ	**आ.**	*अङ्गप्रविष्ट*	અંગપ્રવિષ્ટ	આ અને અંગ (૩) એક છે. અંગબાહ્ય સિવાયના બાર અંગ ગ્રન્થોનો વર્ગ યા સમૂહ. અંગપ્રવિષ્ટની રચના ગણધરોએ કરી છે.
अंगबाहिर	**आ.**	*अङ्गबाह्य*	અંગબાહ્ય	આ આગમગ્રન્થોનો એક વર્ગ છે જે પ્રકીર્ણક તરીકે જાણીતો છે. તેમાં દૃષ્ટિવાદ અને અંગ (૩) કે અંગપ્રવિષ્ટ ગ્રન્થોનો સમાવેશ નથી. આ વર્ગ અનંગ અને અનંગ–પ્રવિષ્ટ નામે પણ જાણીતો છે. તેમાં આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, દશા, કલ્પ (૨) આદિ જેવા આગમ ગ્રન્થો સમાવિષ્ટ છે. અંગબાહ્ય ગ્રન્થોના વળી બે ભેદોનો ઉલ્લેખ છે – આવશ્યક અને આવશ્યક–વ્યતિરિક્ત. અંગબાહ્ય ગ્રન્થો તીર્થંકરના મૌલિક ઉપદેશોને આધારે સ્થવિરોએ રચ્યા છે.
अंगमंदिर	**ऐ.गो.**	*अङ्गमन्दिर*	અંગમંદિર	ચંપા નગરીની બહાર આવેલું એક ચૈત્ય. ત્યાં ગોસાલક મલ્લરામનું શરીર છોડીને મલ્લમંડિતના શરીરમાં પ્રવેશ કર્યો હતો. આ તેનો ત્રીજો પ્રવૃતપરિહાર (પર–શરીરપ્રવેશ) હતો.
अंगय	**श्र.**	*अङ्गक*	અંગક	આ અને 'અંગરિસિ' એક જ છે.
अंगरिसि	**श्र.**	*अङ्गर्षि*	અંગર્ષિ	કૌશિક (૪)ના બે શિષ્યોમાંનો એક. કર્મના ઉપશમના કારણે તેને બોધિની પ્રાપ્તિ થઈ હતી.
अंगरिसि भारद्दाय	**श्र.प.**	*अङ्गर्षि भारद्वाज*	અંગર્ષિ ભારદ્વાજ	અરિષ્ટનેમિના તીર્થમાંના એક ઋષિ જે પ્રત્યેકબુદ્ધ મનાય છે.
अंगलोय	**ऐ.**	*अङ्गलोक*	અંગલોક	સિંધુ (૧) નદીની પશ્ચિમે આવેલો એક અનાર્ય દેશ. ચક્રવર્તી ભરતે (૧) તે ૦.....
अंगवंस	***अ.***	*अङ्गवंश*	અંગવંશ	અંગ (૨)ની પછી તેના નામે ચાલેલો વંશ. આ વંશના ૭૭ રાજાઓએ સંસારનો ત્યાગ કર્યો હતો.
अंगसुय	***आ.***	*अङ्गश्रुत*	અંગશ્રુત	આ અને અંગ (૩) એક જ છે.
अंगारग	***दे.ज.***	*अङ्गारक*	અંગારક	૮૮ ગ્રહોમાંનો એક ગ્રહ. તેને ઇંગાલગ'પણ કહે છે

अंगारय	*दे.ज.*	*अङ्गारक*	અંગારક	આ અને અંગારક એક છે.
अंगारवइ	*श्र.*	*अङ्गारवती*	અંગારવતી	ધુંધુમાર રાજાની પુત્રી અને પ્રદ્યોત રાજાની પત્ની. સિવા વગેરે પ્રદ્યોત રાજાની બીજી રાણીઓ સાથે તે સંસાર છોડી તીર્થંકર મહાવીરની શિષ્યા બની. જુઓ પ્રદ્યોત.
अंगिरस	*अ.*	*अङ्गिरस*	અંગિરસ	ગૌતમ (૨) ગોત્રની સાત શાખાઓમાંની એક.
अंगुट्ठपसिण	*आ.*	*अङ्गुष्ठप्रश्न*	અંગુષ્ઠપ્રશ્ન	પ્રશ્નવ્યાકરણદશાનું નવમું અધ્યયન. અત્યારે તે અસ્તિત્વમાં નથી.
१. अंजण	*भौ.*	*अञ्जन*	અંજન	આ જ નામના રત્નોથી બનેલા પર્વતોનો એક વર્ગ. તેથી તેઓ કાળા દેખાય છે. તે ૧૦૦૦ યોજન ઊંડા, ૮૪૦૦૦ યોજન ઊંચા, ૧૦૦૦૦ યોજન પહોળા છે. તેમનો આકાર ગાયના પૂંછડા જેવો છે અર્થાત્ તેમનો ઘેરાવો શિખર તરફ ક્રમશઃ ઘટતો જાય છે. આવા ચાર પર્વતો છે અને તેઓ નંદીશ્વરદ્વીપની ચાર જુદી જુદી દિશાઓમાં આવેલા છે. દરેક પર્વત ઉપર સિદ્ધાયતન (જિનાલય) છે તેની ચારે બાજુએ પુષ્કરિણી છે.
२. अंजण	*भौ.*	*अञ्जन*	અંજન	સીયા નદીની દક્ષિણે અને મહાવિદેહમાં રમ્ય(૨) અને રમ્યગ(૪) પ્રદેશો વચ્ચે આવેલો એક વક્ષસ્કાર પર્વત.
३. अंजण	*दे.*	*अञ्जन*	અંજન	વાયુકુમાર દેવોનો એક અધિપતિ. તે અને અંજન(૫) એક છે.
४. अंजण	*दे.*	*अञ्जन*	અંજન	વરુણ(૧)ના કુટુંબનો એક સભ્ય.
५. अंजण	*दे.*	*अञ्जन*	અંજન	વેલંબ(૧) અને પ્રભંજન(૩) આ બેમાંથી દરેકના તાબામાં જે એક એક લોકપાલ છે તે.
६. अंजण	*भौ.*	*अञ्जन*	અંજન	પૂર્વ રુચક(૧) પર્વતનું એક શિખર. જયંતી(૬) તેની અધિષ્ઠાત્રિ દેવી છે.
७. अंजण	*दे.* *भौ.*	*अञ्जन*	અંજન	સહસ્રારકલ્પમાં આવેલું એક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઢાર સાગરોપમ વર્ષ છે.
८. अंजण	*भौ.न*	*अञ्जन*	અંજન	રત્નપ્રભા(૨) નરકભૂમિના ત્રણ કાંડમાંથી પહેલો જે ખરકાંડ છે તેનો દસમો ભાગ. તે એક હજાર યોજન પહોળો છે.
अंजणग	*भौ.*	*अञ्जनक*	અંજનક	આ અને અંજન(૧) એક જ છે.
अंजणगपव्वय	*भौ.*	*अञ्जनकपर्वत*	અંજનકપર્વત	આ અને અંજન(૧) એક જ છે.

अंजणगिरि	*भौ.*	*अञ्जनगिरि*	અંજનગિરિ	આ અને અંજન(૧) એક જ છે.
१. अंजणपव्वत	*भौ.*	*अञ्जनपर्वत*	અંજનપર્વત	ઉત્તરભારતમાં ગંગાનદીના પ્રદેશમાં આવેલ પર્વત
२. अंजणपव्वत	*भौ.*	*अञ्जनपर्वत*	અંજનપર્વત	આ અને અંજન(૧) એક જ છે.
अंजणपव्वय	*भौ.*	*अञ्जनपर्वत*	અંજનપર્વત	આ અને અંજનપર્વત(૨) એક જ છે.
१. अंजणपुलय	*भौ.न*	*अञ्जनपुलक*	અંજનપુલક	રત્નપ્રભા(૨) નરકભૂમિના ત્રણ કાંડમાંથી પહેલો જે ખરકાંડ છે તેનો અગિયારમો ભાગ.
२. अंजणपुलय	*भौ.*	*अञ्जनपुलक*	અંજનપુલક	પૂર્વ રુચક(૧) પર્વતનું એક શિખર. તેની અધિષ્ઠાત્રિ દેવી અપરાજિતા (૬) છે.
अंजणप्पभा	*भौ.*	*अञ्जनप्रभा*	અંજનપ્રભા	મંદર(૩) પર્વતની દક્ષિણ–પશ્ચિમે ભદ્રશાલવનમાં આવેલી પુષ્કરિણી.
१. अंजणा	*भौ.*	*अञ्जना*	અંજના	ભદ્રશાલવનમાં જંબૂ(૨) વૃક્ષની દક્ષિણ–પશ્ચિમે આવેલી પુષ્કરિણી.
२. अंजणा	*श्रा.*	*अञ्जना*	અંજના	એક સતી સ્ત્રી.
३. अंजणा	*भौ.न*	*अञ्जना*	અંજના	ચોથી નરકભૂમિ પંકપ્રભાનું બીજું નામ.
१. अंजणागिरि	*भौ.*	*अञ्जनागिरि*	અંજનાગિરિ	મંદર(૩) ની દક્ષિણ–પશ્ચિમે ભદ્રશાલવનમાં આવેલો દિશાહસ્તિકૂડ.
२. अंजणागिरि	*दे.*	*अञ्जनागिरि*	અંજનાગિરિ	અંજણાગિરિ(૧)નો અધિષ્ઠાતા દેવ.
अंजुया	*ती.श्र*	*अञ्जुका*	અંજુકા	સત્તરમાં તીર્થંકર કુંથુ(૧)ની પ્રથમ શિષ્યા. તેનો દામિની નામે પણ ઉલ્લેખ છે.
१. अंजू	*आ.*	*अञ्जू*	અંજૂ	વિપાકશ્રુતના પ્રથમ શ્રુતસ્કન્ધનું દસમું અધ્યયન.
२. अंजू	*आ.*	*अञ्जू*	અંજૂ	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના નવમા વર્ગનું ચોથું અધ્યયન.
३. अंजू	*ऐ.*	*अञ्जू*	અંજૂ	હસ્તિનાપુરના વેપારીની પુત્રી. તે સંસાર છોડી તીર્થંકર પાર્શ્વ(૧)ની શિષ્યા બની. મૃત્યુ પછી તે શક્ર(૩)ની ચોથી પટ્ટરાણી તરીકે જન્મી.
४. अंजू	*क.*	*अञ्जू*	અંજૂ	વર્ધમાનપુરના વેપારી ધનદેવ(૧)ની પુત્રી. તે પોતાના પૂર્વભવમાં ઇંદ્રપુરની વેશ્યા હતી. અંજૂના લગ્ન રાજા વિજય(૨૨) સાથે થયા હતા. વેશ્યા તરીકેના તેના પૂર્વ ભવના પાપોના કારણે તેને યોનિશૂલ રોગ થયો હતો. અનેક જન્મો અને મરણો પછી છેવટે તે સર્વતોભદ્ર (૬)માં પ્રતિષ્ઠિત કુટુંબમાં જન્મશે. ત્યાં સંસારનો ત્યાગ કરશે અને મોક્ષ પામશે.
अंजूदेवी	*क.*	*अञ्जूदेवी*	અંજૂદેવી	આ અને અંજૂ(૪) એક છે.

१. अंड	*आ.*	*अण्डक*	અંડક	જ્ઞાતાધર્મકથાના પ્રથમ શ્રુતસ્કન્ધનું ત્રીજું અધ્યયન.
२. अंड	*आ.*	*अण्डक*	અંડક	વિપાકશ્રુતના પ્રથમ શ્રુતસ્કન્ધ કર્મવિવાગદશાનું ત્રીજું અધ્યયન.
अंडग	*आ.*	*अण्डक*	અણ્ડક	આ અને અંડ(૧) એક જ છે.
अंतकडदसा	*आ.*	*अन्तकृद्दशा*	અંતકૃદ્દશા	આ અને અંતકૃદ્દશા એક જ છે.
अंतकिरिया	*आ.*	*अन्तक्रिया*	અંતક્રિયા	પ્રજ્ઞાપનાનું વીસમું પદ (પ્રકરણ).
अंतक्खरिया	*अ.*	*अन्त्याक्षरिका*	અન્ત્યાક્ષરિકા	બ્રાહ્મી(૨) લિપિના અઢાર પ્રકારોમાંનો એક પ્રકાર. કદાચ આ અને 'ઉચ્ચત્તરિયા' એક જ છે.
अंतगडदसा	*आ.*	*अन्तकृद्दशा*	અંતકૃદ્દશા	બાર અંગ(૩) સૂત્રમાંનું આઠમુઅંગ સૂત્ર.જેમણે પોતાના સંસારનો અંત કર્યો છે તેમની દશાનું વર્ણન, સ્થાન સૂત્રાનુસાર તેમાં દશ અધ્યયનો હતા, મહાનિશીથના મતે આ સૂત્રમાં અરિહંત ચરિત્ર હતા. હાલ તેના ત્રણ વર્ગો છે.
१. अंतर	*आ.*	*अन्तर*	અંતર	ભગવતીસૂત્રના ચૌદમા શતકનો આઠમો ઉદ્દેશક
२. अंतर	*आ.*	*अन्तर*	અંતર	ભગવતીસૂત્રના બારમાં શતકનો છટ્ઠો ઉદ્દેશક
अंतरंजिया	*ऐ.*	*अन्तरञ्जिका*	અંતરંજિકા	જ્યાં બલશ્રી(૨) રાજ્ય કરતો હતો તે નગર. જ્યારે નિહ્નવ રોહગુપ્ત ભૂતગૃહ ચૈત્યમાં ઊતરેલા પોતાના ગુરુ શ્રીગુપ્તને વંદન કરવા વીરનિર્વાણ સંવત ૫૪૪ માં અહીં આ નગરમાં આવ્યો હતો. ત્યારે તેણે તેરાસિય (૧) સિદ્ધાન્તનું પ્રતિપાદન કર્યું હતુ.
अंतरंजी	*ऐ.*	*अन्तरञ्जी*	અંતરંજી	આ અને અંતરંજિયા એક જ છે.
१. अंतरदीव	*भौ.*	*अन्तरद्वीप*	અંતરદ્વીપ	વચ્ચે આવેલા દ્વીપો. તેમની સંખ્યા છપ્પન છે. જંબૂદ્વીપની ચારે બાજુઓની દરેક બાજુ બબ્બે દ્વીપ અંતરદિશાઓમાં આવેલા છે. તે બબ્બે દ્વીપો જંબૂદ્વીપથી ૩૦૦ યોજન દૂર અને લઘુહિમવંત અને શિખરી પર્વતો સમુદ્રકિનારાને જંબૂદ્વીપની બંને બાજુએ જ્યાં મળે છે, ત્યાં આવેલા છે. મેરુ પર્વતની ઉત્તરે ૨૮ અને દક્ષિણે ૨૮ અંતરદ્વીપ છે
२. अंतरदीव	*आ.*	*अन्तरद्वीप*	અંતરદ્વીપ	ભગવતીસૂત્રના નવમા શતકના ત્રીજા ઉદ્દેશકનું ત્રીસમું અધ્યયન.
अंतरदीवग	*भौ.*	*अन्तरद्वीपक*	અંતરદ્વીપક	આ અને અંતરદ્વીપ(૧) અથવા તેના રહેવાસી એક જ છે.
अंतरद्दीव	*भौ.*	*अन्तरद्वीप*	અંતરદ્વીપ	આ અને અંતરદ્વીપ(૧) એક જ છે.

अंतोवाहिणी	***भौ.***	*अन्तर्वाहिनी*	અંતર્વાહિની	મહાવિદેહની દક્ષિણપશ્ચિમે આવેલા કુમુદ(૧) અને નલિન(૪) આ બે પ્રદેશોની વચ્ચે વહેતી નદી.
अंद	***भौ.***	*अन्ध्र*	અંધ્ર	આ અને અંધ્ર એક જ છે.
अंध	***भौ.***	*अन्ध्र*	અંધ્ર	એક અનાર્ય દેશ, જેને સંપ્રતિએ જીત્યો હતો. આ વિકરાળ સરહદી પ્રદેશને સંપ્રતિએ શ્રમણોના વિહાર માટે તદ્દન યોગ્ય બનાવ્યો.
अंधकवण्हि	***अ.***	*अन्धकवृष्णि*	અંધકવૃષ્ણિ	આ અને અંધકવૃષ્ણિ એક જ છે.
अंधगवण्हि	***अ.***	*अन्धकवृष्णि*	અંધકવૃષ્ણિ	જુઓ વૃષ્ણિ(૧) અને વૃષ્ણિ(૨).
अंधगवण्हिदसा	***आ.***	*अन्धकवृष्णिदशा*	અંધકવૃષ્ણિદશા	આ અને વૃષ્ણિદશા એક જ છે.
अंधपुर	***ऐ.***	*अन्धपुर*	અંધપુર	એક નગર જ્યાં રાજા અનંધ રાજ્ય કરતો હતો.
अंब	***दे.न.***	*अम्ब*	અંબ	પંદર પરમાધાર્મિક દેવોમાંનો એક.
अंबट्ठ	***अ.***	*अम्बष्ठ*	અંબષ્ઠ	બ્રાહ્મણ પુરુષ અને વૈશ્ય સ્ત્રીના સમાગમથી પેદા થયેલો એક આર્ય સમાજ કે જાતિ.
१. अंबड	***भौ.***	*अम्बड*	અંબડ	એક અનાર્ય દેશ અને તેની પ્રજા.
२. अंबड	***क.***	*अम्बड*	અંબડ	આ અને અંબડ એક જ છે.
१. अंबरतिलक	***भौ.***	*अम्बरतिलक*	અંબરતિલક	ધાતકી ખંડમાં આવેલો વિવિધ ફળાઉ વૃક્ષોથી ભરચક એક પર્વત.
२. अंबरतिलक	***भौ.***	*अम्बरतिलक*	અંબરતિલક	અંબરતિલક(૧) પર્વત ઉપર આવેલું ઉદ્યાન. ગુરુ જુગંધર (૧) ત્યાં આવ્યા હતા.
अंबरिस	***दे.न.***	*अम्बरीस*	અંબરીષ	પંદર પરમાધાર્મિક દેવોમાંનો એક.
१. अंबरिसि	***श्र.***	*अम्बर्षि*	અંબર્ષિ	ઉજ્જૈનીનો એક બ્રાહ્મણ. તેની પત્નીનું નામ માલુકા. તેમને નિંબય નામનો એક ખૂબ તોફાની પુત્ર હતો. માલુકાના મૃત્યુ પછી અંબરિસિ અને ણિંબય સંસારને ત્યાગીને શ્રમણ બની ગયા. ણિંબય બીજા સાધુઓ સાથે મેળ કરી શકતો ન હતો, તેથી પાંચ સો વખત પોતાના આશ્રયસ્થાનો તેને બદલવા પડ્યા હતા. પરંતુ છેવટે તે વિનય અને નમ્રતાની કળા શીખ્યો.
२. अंबरिसि	***दे.न.***	*अम्बर्षि*	અંબર્ષિ	આ અને અંબરિસ એક જ છે.
१. अंबसालवण	***ऐ.***	*आम्रशालवन*	આમ્રશાલવન	આમલકપ્પાની ઉત્તરપૂર્વમાં આવેલું આમ્રવન.
२. अंबसालवण	***ऐ.***	*आम्रशालवन*	આમ્રશાલવન	વાણારસીના પરિસરમાં આવેલું ચૈત્ય સાથેનું આમ્રવન.
१. अंबा	***दे.***	*अम्बा*	અંબા	એક દેવી.

२. अंबा	*दे.*	*अम्बा*	અંબા	એક વ્યંતર દેવી
३. अंबा	*दे.*	*अम्बा*	અંબા	વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી.
अंबुभक्खि	*अ.ता*	*अम्बुभक्षिन्*	અંબુભક્ષિન્	પાણી ઉપર (અર્થાત્ પાણી પીને જ) જીવતા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ
अंबुवासि	*अ.ता*	*अम्बुवासिन्*	અંબુવાસિન્	આ અને જલવાસિ એક જ છે.
अकंपिय	*ग.ती*	*अकंपित*	અકંપિત	તીર્થંકર મહાવીરના આઠમા ગણધર. તે મહિલામાં પિતા દેવ(૧) અને માતા જયંતી (૧૦)ના પુત્ર તરીકે જન્મ્યા હતા. તેમના સમયના તે મહાન વિદ્વાન હતા. મહાવીરની ખ્યાતિ સાંભળી તે મહાવીરને મળ્યા. સર્વજ્ઞ મહાવીરે અકંપિતના પૂછ્યા વિના તેમને કહ્યું કે તેમના મનમાં નરકના અસ્તિત્વ વિશે શંકા છે અને પછી મહાવીરે તેમની શંકા દૂર કરી. આના કારણે તે મહાવીરથી ખૂબ પ્રભાવિત થયા. પોતાના ૩૦૦ શિષ્યો સાથે મહાવીરના શિષ્ય બન્યા. તે કુલ ૭૮ વર્ષ જીવ્યા. ૪૮ વર્ષ ગૃહસ્થ તરીકે, ૯ વર્ષ સાધુ તરીકે અને ૨૧ વર્ષ કેવલી તરીકે. તેમનો અને નવમા ગણધર અચલભાયાનો એક જ ગણ હતો.
अकण्ण	*भौ.*	*अकर्ण*	અકર્ણ	એક અંતરદ્વીપ.
अकम्मभूमि	*भौ.*	*अकर्मभूमि*	અકર્મભૂમિ	અકર્મની ભૂમિ જ્યાં મનુષ્યને અસિકર્મ (યુદ્ધમાં તલવાર ચલાવવાનું અર્થાત્ લડવાનું કામ), મસિકર્મ (લખવાનું કામ), કૃષિકર્મ (ખેતી કરવાનું કામ) જેવુ કોઈ પણ કર્મ યા કામ કરવાની આવશ્યકતા નથી કારણ કે તેની બધી જરૂરિયાતો કલ્પવૃક્ષો પૂરી કરે છે. આવી ભૂમિઓ કુલ ત્રીસ છે – પાંચ હેમવત, પાંચ હરિવાસ, પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ, પાંચ રમ્યગ વાસ અને પાંચ હેરણણવત. આમ અકર્મભૂમિઓના પાંચ–પાંચના છ વર્ગો થાય છે. દરેક વર્ગની એક એક ભૂમિ જંબૂદ્વીપમાં, બે બે ભૂમિઓ ધાતાકીખંડમાં અને બે બે ભૂમિઓ પુષ્કરવરદ્વીપમાં આવેલી છે.
अकाममरण	*आ.*	*अकाममरण*	અકામમરણ	આ અને અકામમરણિજ્જ એક જ છે.
अकाममरणिज्ज	*आ.*	*अकाममरणीय*	અકામમરણીય	ઉત્તરાધ્યયનનું પાંચમું અધ્યયન.
अक्कत्थली	*ऐ.*	*अर्कस्थली*	અર્કસ્થલી	આનંદપુરનું બીજું નામ.
अक्खपाद	*अ.*	*अक्षपाद*	અક્ષપાદ	ન્યાયદર્શનના પ્રણેતા અને એક પાષણ્ડિન્.

अक्खरपुट्ठिया	*अ.*	*अक्षरपृष्ठिका*	અક્ષરપૃષ્ઠિકા	અઢાર બ્રાહ્મી (૨) લિપિઓમાંની એક લિપિ
अक्खाग	*ऐ.*	*आख्याक*	આખ્યાક	એક અનાર્ય દેશ અને તેની પ્રજા.
१. अक्खोभ	*आ.*	*अक्षोभ*	અક્ષોભ	અંતકૃદ્દશાના પ્રથમ વર્ગનું આઠમું અધ્યયન.
२. अक्खोभ	*श्र.*	*अक्षोभ*	અક્ષોભ	બારાવતીના રાજા વૃષ્ણિ(૧) અને તેની રાણી ધારિણી (૫)ના દસ પુત્રોમાંનો એક પુત્ર. તે સંસાર ત્યાગીને તીર્થંકર અરિષ્ટનેમિનો શિષ્ય બન્યો. બાર વર્ષનું સાધુજીવન ગાળી શત્રુંજય પર્વત ઉપર તે મોક્ષે ગયા.
३. अक्खोभ	*आ.*	*अक्षोभ*	અક્ષોભ	અંતકૃદ્દશાના બીજા વર્ગનું પહેલું અધ્યયન.
४. अक्खोभ	*श्र.*	*अक्षोभ*	અક્ષોભ	બારાવતીના વૃષ્ણિ(૧) રાજા અને તેની રાણી ધારિણી (૫)ના આઠ પુત્રોમાંનો એક પુત્ર. તે સંસાર ત્યાગીને તીર્થંકર અરિષ્ટનેમિનો શિષ્ય બન્યો. સોળ વર્ષનું શ્રમણજીવન જીવી શત્રુંજય પર્વત ઉપર તે મોક્ષે ગયો.
५. अक्खोभ	*श्र.*	*अक्षोभ*	અક્ષોભ	અક્ખોભ(૨) અને અક્ખોભ(૪) બન્ને એક જ વ્યક્તિ જણાય છે કેમ કે તેમના માતા–પિતા વગેરેના નામો એકસરખા છે.
अगअ	*क.*	*अगद*	અગદ	આ અને અગદ એક જ છે.
अगंधण	*अ.*	*अगन्धन*	અગંધન	પોતાનું ઝેર પાછું ચૂસી ન લેનારા સાપોની જાતિ.
अगच्छि	*दे.ज.*	*अगस्ति*	અગસ્તિ	આ અને અગત્થિ એક જ છે.
अगड	*क.*	*अगड*	અગડ	જુઓ અગદ.
अगडदत्त	*क.*	*अगडदत्त*	અગડદત્ત	ઉજ્જૈનીના રાજા જિતશત્રુ(૩૬)ના સારથી અમોઘરથ નો પુત્ર. તેની માતા યશોમતી. તે તેના પિતાના મૃત્યુ પછી પોતાના પિતાના મિત્ર દૃઢપ્રહારી(૨) પાસે અસ્ત્રવિદ્યા શીખવા માટે કોસાંબી ગયો. તે અસ્ત્રવિદ્યા માં નિપુણ બન્યો અને પોતાનું પ્રાવીણ્ય બતાવવા તે રાજા પાસે ગયો. તેની કલા જોઈ રાજા ઘણા પ્રસન્ન થયા. એક વાર નામચીન ચોરને તેણે કુશળતા–પૂર્વક હણ્યો. રાજા તેના ઉપર એટલા બધા ખુશ થઈ ગયા કે તેણે પોતાની કુંવરી તેને પરણાવી. તે અગલુદત્ત નામથી પણ ઓળખાતો હતો.
अगणि	*आ.*	*अग्नि*	અગ્નિ	ભગવતીસૂત્રના ચૌદમાં શતકનો પાંચમો ઉદ્દેશક.
अगत्थि	*दे.ज.*	*अगस्ति*	અગસ્તિ	અઠ્યાસી ગ્રહોમાંનો એક ગ્રહ.

अगद	क.	*अगद*	અગદ	પોતાના વિનય અને નમ્રતા માટે પ્રસિદ્ધ એક વૈદ્ય. તેની કથા આ પ્રમાણે છે – એક વખત એક રાજાના રાજ્યને દુશ્મનોએ ઘેરો ઘાલ્યો. રાજા પાસે ખૂબ નાનું સૈન્ય હોવાથી તેને દુશ્મનોનાં સૈન્યોનો મુકાબલો કરવો મુશ્કેલ લાગતો હતો. તેને એક તરકીબ સૂઝી. તેણે પાણીમાં ઝેર નાખવા માંડ્યુ. આ માટે લોકોએ રાજાને ઝેર આપ્યુ. અગદે પણ રાજાને ઝેર આપ્યુ. રાજા અગદ ઉપર ક્રોધે ભરાયા કારણ કે અગદે આપેલુ ઝેર ખૂબ જ થોડુ હતું. અગદે વિનય અને નમ્રતાપૂર્વક રાજાને કહ્યું "હે રાજા ! આ ઝેર સાધારણ ગુણવાળુ નથી. આ ઝેરની ખૂબ જ થોડી માત્રા હજારો માણસોને એક પછી એક મારી નાખી શકે છે. જે માણસના શરીરને આ ઝેરની અસર થઈ હોય તે માણસના તેવા શરીરને જે કેવળ સ્પર્શ જ કરે તે માણસના શરીરમાં પણ તે ઝેર પ્રવેશી જાય છે. આમ આ ઝેર ક્રમશઃ એક પછી એક હજાર માણસોના શરીરમાં પ્રવેશી પ્રસરી ગયા પછી જ બિનઅસરકારક બને છે. તેથી જ આ ઝેરને સહસ્રવેધિન્ કહેવામાં આવે છે." પછી એક હાથી ઉપર પ્રયોગ કરવામાં આવ્યો અને તે પ્રયોગ સફળ થયો. રાજા પ્રસન્ન થયા.
अगलदत्त	क.	*अगडदत्त*	અગડદત્ત	જુઓ અગડદત્ત.
अगलुदत्त	क.	*अगडदत्त*	અગડદત્ત	જેમ આવશ્યક શસ્ત્રોથી સજ્જ બુદ્ધિમાન અગલુદત્ત દુશ્મનદળોને જીતી લે છે તેવું જ કર્મદળોનો નાશ કરવા ઈચ્છનાર ભક્તની બાબતમાં છે. આ અગલુ દત્ત અને અગડદત્ત એક જ વ્યક્તિ છે.
अगारी	क.	*अगारी*	અગારી	મંત્રેલા ખાદ્યાન્નનો ત્યાગ કરવો જોઈએ એના સમર્થનમાં આપવામાં આવેલુ દ્રષ્ટાંત. પોતાના પતિને વશ કરવા માટે અગારીએ એક પરિવ્રાજિકા પાસેથી મંત્રેલા ચોખા (રાંધેલા) લીધા પણ રખેને તેનો પતિ તે ખાવાથી મરી જાય એ ભયના કારણે તેણે તેના પતિને તે ખાવા ન આપ્યા પણ ફેંકી દીધા. હવે આ ફેંકી દીધેલા ચોખા એક ગધેડો ખાઈ ગયો. પરિણામે તે ગધેડો તેમના ઘરના બારણાને ધક્કા મારવા લાગ્યો. આવા પરિણામોને ટાળવા સાધુઓને મંત્રેલુ ખાદ્યાન્ન ન લેવાની સલાહ આપવામાં આવે છે.

अग्गतावस	*दे.ज.*	*अग्रतापस*	અગ્રતાપસ	ધનિષ્ઠા નક્ષત્રનું ગોત્ર નામ. તેનું બીજું નામ અગ્રભાવ છે.
अग्गभाव	*दे.ज.*	*अग्रभाव*	અગ્રભાવ	અગ્રતાપસનું બીજું નામ.
अग्गल	*दे.ज.*	*अर्गल*	અર્ગલ	અઠ્ઠ્યાસી ગ્રહોમાંનો એક ગ્રહ. સ્થાન–સૂત્રમાં રાય અને અગ્રલ નો એક ગ્રહ 'રાયગ્ગલ' તરીકે ઉલ્લેખ છે.
अग्गाणीय	*आ.*	*अग्रायणीय*	અગ્રાયણીય	ચૌદ પૂર્વોમાંનું બીજું પૂર્વ. તે દ્રવ્યો, તેમના ગુણો અને પર્યાયોનું નિરૂપણ કરે છે. પ્રાચીન ટીકામાં તેના ઉદ્ધરણો મળે છે. તે લુપ્ત થઈ ગયેલ છે.
१. अग्गि	*दे.*	*अग्नि*	અગ્નિ	કૃતિકા નક્ષત્રના અધિષ્ઠાતા દેવ.
२. अग्गि	*आ.*	*अग्नि*	અગ્નિ	ભગવતીસૂત્રના સત્તરમા શતકનો સત્તરમો ઉદ્દેશક
३. अग्गि	*ती.*	*अग्नि*	અગ્નિ	પોતાના સંસારત્યાગ સમયે બારમા તીર્થંકર વાસુપૂજ્ય એ ઉપયોગમાં લીધેલી પાલખી.
अग्गिअ	*क.*	*अग्निक*	અગ્નિક	જમદગ્નિનું બીજું નામ.
अग्गिउत्त	*ती.*	*अग्निपुत्र*	અગ્નિપુત્ર	જંબૂદ્વીપમાં આવેલા ઐરાવત(૧) ક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણીના તેવીસમાં તીર્થંકર. તે અગ્નિદત્ત (૨) નામે પણ જાણીતા છે.
अग्गिकुमार	*दे.*	*अग्निकुमार*	અગ્નિકુમાર	ભવનપતિ દેવોના દસ વર્ગોમાંનો એક વર્ગ. તેમને રહેવા ૭૪ લાખ મહેલો છે. અગ્નિસિહ દક્ષિણના દેવોનો ઇંદ્ર છે, અગ્નિમાનવ ઉત્તરના દેવોનો ઇંદ્ર છે. બેમાંથી દરેકને ચાર લોકપાલો છે – ઇંદ્ર શક્ર(૩)ના આદેશ અનુસાર અગ્નિકુમારો તીર્થંકર વગેરેની ચિતાને આગ લગાવે છે. તેઓ શક્ર–ઇંદ્રના લોકપાલ સોમ(૧)ના સીધા તાબામાં હોય છે.
१. अग्गिच्च	*दे.*	*आग्नेय*	આગ્નેય	લોકાંતિક દેવોનો એક વર્ગ.
२. अग्गिच्च	*अ.*	*आग्नेय*	આગ્નેય	કૌશિક(૫) ગોત્રની સાત શાખાઓમાંની એક શાખા.
अग्गिच्चाभ	*दे.भौ*	*आग्नेयाभ*	આગ્નેયાભ	જ્યાં દેવોનું આયુષ્ય આઠ સાગરોપમ વર્ષનું છે તે સ્વર્ગીય વાસસ્થાન. તે અને અર્ચિ સમાન જ છે.
अग्गिज्जोअ	*ती.*	*अग्निद्योत*	અગ્નિદ્યોત	ચૈત્યનો બ્રાહ્મણ, જે તેના એક પૂર્વભવમાં મરીચી તરીકે જન્મ્યો હતો. આ ભવના અંત પછી તે ઈસાન (૨) દેવલોકમાં દેવ તરીકે જન્મ ધારણ કરે છે. ત્યાંથી ચ્યવીને તે માહણકુંડગામના ઋષભદત્ત(૧)ની પત્ની દેવાનંદા(૨)ની કૂખમાં આવે છે અને પછી મહાવીર તરીકે જન્મે છે.

अग्गिभीरु	*अ.*	*अग्निभीरु*	અગ્નિભીરુ	પ્રદ્યોત રાજાનો રથ. તે તેની જાતનો સૌથી શ્રેષ્ઠ રથ હતો. પ્રદ્યોતની સૌથી કિંમતી વસ્તુઓમાંની એક, તે આ રથ હતો.
१. अग्गिभूइ	*ती.ग*	*अग्निभूति*	અગ્નિભૂતિ	ભ૦ મહાવીરના બીજા ગણધર. તેમણે મહાવીરને પૂછેલા પ્રશ્નોના ઉલ્લેખો છે અને ત્યાં તેમને ભ૦ મહાવીરના અંતેવાસી કે અણગાર તરીકે નિર્દેશ્યા છે. તે ગોબ્બર ગામ (૧)માં પિતા વસુભૂતિ(૧) અને માતા પૃથ્વી(૩) ના પુત્ર તરીકે જન્મ્યા હતા. તેમને કર્મના અસ્તિત્વ વિશે શંકા હતી. મહાવીરે તેમની શંકા દૂર કરી. તેથી પોતાના પાંચસો શિષ્યો સાથે તે મહાવીરના શિષ્ય બની ગયા. ચુમ્મોતેર વર્ષની ઉંમરે તે મોક્ષ પામ્યા. ગૃહસ્થ તરીકે ૪૬ વર્ષ, શ્રમણ તરીકે ૧૨ વર્ષ અને કેવલી તરીકે ૧૬ વર્ષ તે જીવ્યા.
२. अग्गिभूइ	*ती.*	*अग्निभूति*	અગ્નિભૂતિ	મંદિર(૧) વસાહતમાં જન્મેલો માણસ જે તીર્થંકર મહાવીરનો એક પૂર્વભવ છે અને મરીચીનો એક ઉત્તરભવ છે.
अग्गिमाणव	*दे.*	*अग्निमानव*	અગ્નિમાનવ	ઉત્તરના અગ્નિકુમાર દેવોનો ઇંદ્ર. તેના તાબામાં ચાર લોકપાલો છે– તેઉ, તેઉસિહ, તેઉકંત અને તેઉપ્પભ. ભૂતાનંદ(૧)ની પટ્ટરાણીઓ ના સમાન નામોવાળી તેને છ પટ્ટરાણીઓ છે.
अग्गिमित्ता	*श्रा.*	*अग्निमित्रा*	અગ્નિમિત્રા	સદ્દાલપુત્ર(૧)ની પત્ની. તે ભ૦ મહાવીરની ઉપાસિકા હતી.
१. अग्गियअ	*अ.*	*अग्निक*	અગ્નિક	ઇંદ્રપુરના રાજા ઇંદ્રદત્ત(૯)નો ગુલામ.
२. अग्गियअ	*क.*	*अग्निक*	અગ્નિક	વસંતપુર(૩)નો બાળક જેને તાપસ(૪) જમ (૧)એ ઉછેર્યો હતો. તે અને જમદગ્નિ એક જ છે.
अग्गिल	*दे.ज.*	*अग्निक*	અગ્નિક	અઠ્યાસી ગ્રહોમાંનો એક ગ્રહ.
अग्गिल्ल	*दे.ज.*	*अग्निक*	અગ્નિક	આ અને અગ્નિક એક જ છે.
अग्गिल्लअ	*दे.ज.*	*अग्निक*	અગ્નિક	આ અને અગ્નિલ્લ એક જ છે.
१. अग्गिवेस	*स.*	*अग्निवेश्मन्*	અગ્નિવેશ્મન્	દરેક પખવાડિયાની ચૌદશ.
२. अग्गिवेस	*स.ज*	*अग्निवेश्य*	અગ્નિવેશ્ય	દિવસ અને રાતના ત્રીસ મુહૂર્તોમાંનું એક મુહૂર્ત. આ અને અગ્નિવેસાયણ(૧) એક જ છે.
३. अग्गिवेस	*दे.ज.*	*अग्निवेश*	અગ્નિવેશ	નક્ષત્રનું ગોત્રનામ.
अग्गिवेसाण	*ग.अ*	*अग्निवेश्यायन*	અગ્નિવેશ્યાયન	તીર્થંકર મહાવીરના પાંચમાં ગણધર સુધર્મ(૧)નું ગોત્રનામ. આ ગોત્ર અગ્નિવેશ(૪) અને અગ્નિ–વેસાયણ(૨)ના નામે પણ ઓળખાય છે.

१. अग्गिवेसायण	*स.*	*अग्निवेश्यायन*	અગ્નિવેશ્યાયન	દિવસ અને રાતના ત્રીસ મુહૂર્તોમાંનું એક મુહૂર્ત. આ અને અગ્નિવેસ(૨) એક જ છે.
२. अग्गिवेसायण	*श्र.गो*	*अग्निवेश्यायन*	અગ્નિવેશ્યાયન	તીર્થંકર પાર્શ્વ(૧)ની પરંપરાના એક શ્રમણ. પછીથી તે ગોશાળાના શિષ્ય બન્યા.
अग्गिसप्पभा	*ती.*	*अग्निसप्रभा*	અગ્નિસપ્રભા	તીર્થંકર વાસુપૂજ્ય એ ઉપયોગમાં લીધેલી પાલખી.
अग्गिसिह	*दे.*	*अग्निशिख*	અગ્નિશિખ	દક્ષિણના અગ્નિકુમાર દેવોનો ઇંદ્ર. તેના તાબામાં ચાર લોકપાલ છે – તેઉ, તેઉસિહ, તેઉકંત અને તેઉપ્પભ. તેને છ પટ્ટરાણી છે. તેમના નામો ધરણ (૧)ની રાણીના નામોને મળતા છે.
अग्गिसीह	*च.*	*अग्निसिंह*	અગ્નિસિંહ	વર્તમાન અવસર્પિણીના સાતમા વાસુદેવ(૧) દત્ત (૨)અને સાતમા બલદેવ(૨) નંદન(૧)ના પિતા.
१. अग्गिसेण	*ती.*	*अग्निसेन*	અગ્નિસેન	જંબૂદ્વીપના ઐરાવત(૧) ક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણી ના ત્રીજા તીર્થંકર.
२. अग्गिसेण	*ती.*	*अग्निसेन*	અગ્નિસેન	ઐરાવત(૧) ક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણીના બાવીસમા તીર્થંકર.
१. अग्गुज्जाण	*ऐ.*	*अग्रउद्यान*	અગ્રઉદ્યાન	મિથિલાનું અગ્રઉદ્યાન જ્યાં લગ્ન માટે મલ્લિ(૧)નો હાથ માગવા જિતશત્રુ(૨) વગેરે રાજાઓના રાજદૂતોએ પોતપોતાના રાજા સાથે પડાવ નાખેલ
२. अग्गुज्जाण	*ऐ.*	*अग्रउद्यान*	અગ્રઉદ્યાન	અસ્થિકગામનું અગ્રઉદ્યાન જ્યાં શૂલપાણિ (૨) રહેતો હતો.
अग्गेणिय	*आ.*	*अग्रायणीय*	અગ્રાયણીય	આ અને અગ્રાયણીય એક જ છે.
अग्गेणीय	*आ.*	*अग्रायणीय*	અગ્રાયણીય	આ અને અગ્રાયણીય એક જ છે.
अग्गेय	*अ.*	*आग्नेय*	આગ્નેય	વત્સ(૪) ગોત્રની એક શાખા.
अग्घकंड	*अ.*	*अर्घकाण्ड*	અર્ઘકાણ્ડ	મૂલ્યના ભવિષ્યકથનની વિદ્યા વિશેનો ગ્રન્થ.
१. अचल	*क.*	*अचल*	અચલ	ઉજ્જૈનીના સમૃદ્ધ વેપારીનો પુત્ર. તેને મૂલદેવ(૧) સાથે ઝઘડો થયો હતો કારણ કે ઉજ્જૈનીની પ્રસિદ્ધ ગણિકા દેવદત્તા(૩) મૂલદેવ(૧) તરફ પક્ષપાત કરતી હતી. જુઓ મૂલદેવ(૧).
२. अचल	*श्र.*	*अचल*	અચલ	તીર્થંકર મલ્લિ(૧) પોતાના એક પૂર્વભવમાં મહાબલ(૨) હતા, આ મહાબલ(૨)નો મિત્ર તે આ અચલ (૨). આ અચલ અને તેના મિત્ર મહાબલે તેમના બીજા મિત્રો સાથે એક જ સમયે સંસાર છોડી દીધો હતો.
३. अचल	*आ.*	*अचल*	અચલ	અંતકૃદ્દશાના બીજા વર્ગનું પાંચમું અધ્યયન તેમ જ પ્રથમ વર્ગનું છઠ્ઠું અધ્યયન.

४. अचल	***श्र.***	*अचल*	અચલ	બારાવતીના રાજા વૃષ્ણિ(૧) અને તેની રાણી ધારિણી (૫)નો પુત્ર. તે તીર્થંકર અરિષ્ટનેમિનો શિષ્ય બન્યો, શત્રુંજય પર્વત ઉપર મોક્ષે ગયા.
५. अचल	***च.श्र.***	*अचल*	અચલ	વિદેહ(૧) ક્ષેત્રના નવ બલદેવો(૨)માંનો એક બલદેવ, તે વીતસોગાના રાજા જિતશત્રુ(૩૫) અને તેની રાણી મનોહરીનો પુત્ર હતો. તે સંસાર છોડી શ્રમણ બન્યો અને મરીને દેવ થયો.
६. अचल	***च.श्र.***	*अचल*	અચલ	વર્તમાન અવસર્પિણીના ભરત(૨) ક્ષેત્રમાં થયેલા વાસુદેવ (૧) ત્રિપૃષ્ઠ(૧)નો ભાઈ અને નવ બલદેવો (૨)માંનો પ્રથમ બલદેવ. પોતનપુરના રાજા રિપુ–પ્રતિશત્રુ કે પ્રજાપતિ(૧) અને રાણી ભદ્રા(૨)નો તે પુત્ર હતો. તેની ઉંચાઈ ૮૦ ધનુષ હતી. તે પોતાના પૂર્વભવમાં વિશ્વનંદી હતો. તે ૮૫ લાખ વર્ષો જીવ્યો અને પછી મોક્ષ પામ્યો.
१. अचला	***आ.***	*अचला*	અચલા	જ્ઞાતાધર્મકથાના પ્રથમ શ્રુતસ્કન્ધના નવમા વર્ગનુ સાતમું અધ્યયન.
२. अचला	***दे.***	*अचला*	અચલા	શક્ર(૩)ની આઠ પટ્ટરાણીઓમાંની એક પટ્ટરાણી. તે પોતાના પૂર્વભવમાં સાકેતના ગૃહસ્થની પુત્રી હતી. જુઓ અમલા(૨).
अच्चंकारियभट्टा	***क.***	*अत्यहङ्कारिभट्टा*	અત્યહંકારીભટ્ટા	ક્ષિતિપ્રતિષ્ઠિત(૨)ના ધન(૨) અને ભદ્રા (૩૪)ની પુત્રી. તે અત્યંત રૂપાળી હતી. તેનું મૂળ નામ ભટ્ટા હતું. લોકો તેને અચ્ચંકારિયભટ્ટા કહેતા કારણ કે તે અત્યંત અસહિષ્ણુ અને ઉદ્ધત હતી. એક પણ કઠોર શબ્દ સહન કરી શકતી નહિ તેને જિતશત્રુ(૨૦)ના મંત્રી સુબુદ્ધિ(૭) સાથે પરણાવવામાં આવી. એકવાર સુબુદ્ધિ રાત્રે મોડો આવ્યો. તેણે ઘરનું બારણું ન ખોલ્યું, સુબુદ્ધિએ તેની ખરાબ વર્તણુક માટે ઠપકો આપ્યો. તે સહન કરી ન શકી, શીઘ્ર ઘર છોડી જતી રહી. રસ્તામાં કેટલાક ચોરોએ તેને પકડીને પોતાના સરદારને સોંપી દીધી. સરદારે તેને એક વૈદ્યને વેચી દીધી. વૈદ્યે પણ તેને પોતાની સાથે લગ્ન કરવા કહ્યું. તેણે વૈદ્યની માંગણી પણ ન સ્વીકારી. પરિણામે તેને ઘણો ત્રાસ સહન કરવો પડ્યો. છેવટે તેના ભાઈએ તેને છોડાવી અને તેના પતિને સોંપી દીધી. ત્યાર પછી તેણે અભિમાન ન કરવાની અને બડાઈ ન હાંકવાની પ્રતિજ્ઞા લીધી.

अच्चसण	*स.*	*अत्यशन*	અત્યશન	દરેક પખવાડિયાની બારશ.
अच्चासण	*स.*	*अत्यशन*	અત્યશન	આ અને અચ્ચસણ એક જ છે.
अच्चि	*दे.*	*अर्चिस्*	અર્ચિસ્	બ્રહ્મલોકમાં લોકાંતિક સારસ્વત દેવોનું નિવાસ–સ્થાન. આ દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય આઠ સાગરોપમ વર્ષનું છે.
अच्चिमालि	*दे.*	*अर्चिर्मालिन्*	અર્ચિર્માલિન્	લોકાંતિક આદિત્ય દેવોનું નિવાસસ્થાન. આ દેવો આઠ સાગરોપમ વર્ષ જીવે છે. આ સ્થાન બ્રહ્મલોક માં આવેલું છે.
१. अच्चिमाली	*दे.*	*अर्चिर्मालिनी*	અર્ચિર્માલિની	સૂર્ય(૧)ની ચાર પટ્ટરાણીઓમાંની ત્રીજી.
२. अच्चिमाली	*दे.*	*अर्चिर्मालिनी*	અર્ચિર્માલિની	ચંદ્ર(૧)ની ચાર પટ્ટરાણીઓમાંની ત્રીજી.
३. अच्चिमाली	*आ.*	*अर्चिर्मालिनी*	અર્ચિર્માલિની	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના સાતમા વર્ગનું તેમજ આઠમા વર્ગનું ત્રીજું અધ્યયન.
४. अच्चिमाली	*अ.*	*अर्चिर्मालिनी*	અર્ચિર્માલિની	વેપારીની પુત્રી. મૃત્યુ પછી સૂર્ય(૧)ની પટ્ટરાણી બને છે. આ અને અર્ચીમાલી(૧) એક જ છે.
५. अच्चिमाली	*अ.*	*अर्चिर्मालिनी*	અર્ચિર્માલિની	વેપારીની પુત્રી. મૃત્યુ પછી ચંદ્ર(૧)ની પટ્ટરાણી બને છે. આ અને અર્ચીમાલી(૨) એક જ છે.
६. अच्चिमाली	*दे.*	*अर्चिर्मालिनी*	અર્ચિર્માલિની	રતિકર પર્વતની દક્ષિણપૂર્વમાં આવેલા એક સ્થાન શક્ર(૩)ની રાણી શચી(૧)નું પાટનગર છે.
अच्चिरावत्त	*दे.भौ*	*अर्चिरावर्त*	અર્ચિરાવર્ત	વૈમાનિક દેવોનું વાસસ્થાન.
१. अच्चुअ	*दे.भौ*	*अच्युत*	અચ્યુત	બારમો કલ્પ(દેવલોક) છે. તેનો ઇંદ્ર પણ અચ્યુત નામે ઓળખાય છે. તેમાં ૧૫૦ સ્વર્ગીય મહેલો છે. તેમની ઊંચાઈ નવસો યોજન છે. ત્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીસ સાગરોપમ વર્ષ છે. તેમનું જઘન્ય આયુષ્ય ૨૧સાગરોપમ વર્ષ છે. ઇંદ્ર અચ્યુતના હુકમ તળે ૧૦૦૦૦ સામા–નિક દેવો, ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો, ચાર લોકપાલો, ત્રણ પરીષદ્, સાત અનીક, સાત અનીકાધિપતિ અને ૪૦૦૦૦ આત્મરક્ષક દેવો છે.
२. अच्चुअ	*दे.*	*अच्युत*	અચ્યુત	અચ્યુત(૧)નો ઇંદ્ર. જુઓ અચ્યુત(૨).
अच्चुअकप्प	*दे.*	*अच्युतकल्प*	અચ્યુતકલ્પ	આ અને અચ્યુત(૧) એક જ છે.
अच्चुआ	*दे.*	*अच्युता*	અચ્યુતા	એક દેવી.
अच्चुत	*दे.*	*अच्युत*	અચ્યુત	જુઓ અચ્યુત(૧).
अच्चुतवडिंसग	*दे.भौ*	*अच्युतावतंसक*	અચ્યુતાવતંસક	અચ્યુત(૧)માં આવેલું, પ્રભાસ(૪) સમાન એક સ્વર્ગીય વાસસ્થાન.

अच्चुत्तरवडिंसग	दे.भौ	अच्युत्तरावतंसक	અચ્યુત્તરાવતંસક	એક સ્વર્ગીય વાસસ્થાન.
अच्चुय	दे.	अच्युत	અચ્યુત	જુઓ અચ્યુત(૧) અને (૨).
अच्चुयवडिंसय	दे.	अच्युतावतंसक	અચ્યુતાવતંસક	જુઓ અચ્ચુતવડિંસગ
१. अच्छ	भौ.	अच्छ	અચ્છ	મન્દર(૩) પર્વતના સોળ નામોમાંનુ એક નામ.
२. अच्छ	ऐ.	अच्छ	અચ્છ	તીર્થંકર મહાવીરના સમયના સોળ જનપદોમાંનું એક જનપદ. જુઓ 'અચ્છા' અને 'અત્થ' પણ.
अच्छंद	ती.क	अच्छन्द	અચ્છન્દ	આ અને અચ્છંદગ એક જ છે.
अच्छंदअ	ती.क	अच्छन्दक	અચ્છન્દક	આ અને અચ્છંદગ એક જ છે.
अच्छंदग	ती.क	अच्छन्दक	અચ્છન્દક	તીર્થંકર મહાવીરના યશઃકીર્તિની ઈર્ષા કરનારો, મોરાગ સન્નિવેશનો એક જ્યોતિષી. એક વાર હાથમાં તણખલું લઈ તે મહાવીર આગળ આવ્યો અને ભવિષ્ય ભાખવાની મહાવીરની શક્તિને પડકારવાના ઈરાદે તેણે મહાવીરને વિચિત્ર પ્રશ્ન પૂછ્યોઃ 'શું હું આ તણખલુ તોડી શકીશ કે નહિ?' મહાવીર ધ્યાનસ્થ હોવાથી, પહેલેથી જ મહા-વીરના શરીરમાં પ્રવેશી રહેલા વ્યન્તર સિદ્ધાર્થે જવાબ આપ્યોઃ 'ના, તું નહિ તોડી શકે.'અવધિ-જ્ઞાનની શક્તિ ધરાવતા શક્રે(૩) આ જાણ્યું, તેણે પોતાનું વજ્ર છોડ્યું જેનાથી અચ્છંદગની બધી આંગળીઓ કપાઈ ગતિ. તેથી અચ્છંદગ તણખલુ તોડી ન શક્યો અર્થાત્ ભ૰ મહાવીરની ભવિષ્ય જાણવાની શક્તિની વાતને ખોટી પાડી ન શક્યો
अच्छरा	दे.	अप्सरा	અપ્સરા	શક્ર(૩)ની આઠ પટ્ટરાણીઓમાંની એક.
अच्छा	ऐ.	अच्छा	અચ્છા	અચ્છ(૨)થી ભિન્ન ન જણાતો એક આર્ય દેશ. સોળ દેશોમાંના એક દેશ તરીકે અચ્છનો ઉલ્લેખ કરનાર ભગવતીસૂત્રના પ્રકાશમાં તો અચ્છની રાજધાની વરણા હોઈ શકે.
अच्छिद्द	श्र.गो	अच्छिद्र	અચ્છિદ્ર	તીર્થંકર પાર્શ્વ(૧)ની પરંપરાના એક શ્રમણ. પછીથી તે ગોશાળાના શિષ્ય બન્યા.
अच्छुत्ता	दे.	अस्पृष्टा	અસ્પૃષ્ટા	એક દેવી.
अजिअ	ती.	अजित	અજિત	આ અને અજિત એક જ છે.
१. अजिआ	दे.	अजिता	અજિતા	એક દેવી.
२. अजिआ	श्र.ती	अजिता	અજિતા	ભરત(૨)માં થયેલ ચોથા તીર્થંકર અભિનંદનની પ્રમુખ શિષ્યા.

अजिय	*ती.*	*अजित*	અજિત	ભરત(૨)ના વર્તમાન અવસર્પિણી કાલચક્રના બીજા તીર્થંકર. અયોધ્યા(૨)ના રાજા જિત–શત્રુ(૧૮) તેમના પિતા હતા. રાણી વિજયા(૫) તેમના માતા હતા. તેમની ઊંચાઈ ૪૫૦ ધનુષ હતી. તેમનો વર્ણ તપ્ત સુવર્ણ જેવો હતો. ૭૧લાખ પૂર્વ ગૃહસ્થજીવન ભોગવ્યા પછી ૧૦૦૦ પુરુષો સાથે સંસાર ત્યાગ કર્યો. તે પ્રસંગે સુપ્રભા(૨) પાલખીનો ઉપયોગ કર્યો. તેમણે સૌપ્રથમ ભિક્ષા બ્રહ્મદત્ત(૨) પાસેથી ગ્રહણ કરી. ૧૨ વર્ષ પછી કેવલજ્ઞાન થયું. ૯૦ ગણધરો હતા. સંપૂર્ણ આયુષ્ય ૭૨ લાખ પૂર્વ હતું આયુ પૂર્ણ થતા મોક્ષ પામ્યા. અજિતના સમયમાં તેજસ્કાય જીવોની તેમજ મનુષ્યોની ઉત્કૃષ્ટ સંખ્યા હતી.અજિતને ૧ લાખ સાધુ હતા. ૩૩૦૦૦૦ સાધ્વી હતા
अजियसामी	*ती.*	*अजितस्वामिन्*	અજિતસ્વામિન્	આ અને અજિત એક જ છે.
१. अजियसेण	*श्र.*	*अजितसेन*	અજિતસેન	શ્રાવસ્તી ગયેલા એક ગુરુ જેમના શિષ્ય ખુડ્ડગકુમાર હતા.
२. अजियसेण	*क.*	*अजितसेन*	અજિતસેન	કોસંબીના રાજા. ધારિણી(૧૩) તેમની રાણી. તેમણે ધારિણી (૨૬)નો પુત્ર દત્તક લીધો હતો. ઉજ્જૈનીના રાજા પજ્જોતને બે દીકરા હતા – પાલઅ (૨) અને ગોપાલઅ. પાલઅ ને પણ બે પુત્રો હતા– અવંતિવદ્ધણ અને રટ્ઠવદ્ધણ. રટ્ઠવદ્ધણની પત્નીનું નામ હતું ધારિણી(૨૬) અને તેમનો પુત્ર હતો અવંતિસેણ. રાજા અવંતિવદ્ધણ પોતાના નાના ભાઈ રટ્ઠવદ્ધણની પત્ની ધારિણીના મોહક રૂપથી મોહીત થયો અને તેણે ધારિણીને વશ કરવા રટ્ઠવદ્ધણને મારી નાખ્યો. પોતાના શીલની રક્ષા કરવા ધારિણી ભાગીને કોસાંબી ગતિ અને સાધ્વી બની ગતિ. તે વખતે તે ગર્ભવતી હતી એ હકીકત કોઈની આગળ પ્રગટ કરવામાં આવી ન હતી. વખત જતાં તેણે પુત્રને જન્મ આપી નિર્જન સ્થાનમાં ત્યજી દીધો. જેને પુત્ર ન હતો તે રાજા અજિતસેણે બાળકને ત્યાં રહેલું જોયું, તેને ઉપાડી લીધું અને તે તેને પોતાના મહેલે લઈ ગયા. તેણે તેને પોતાના પુત્ર તરીકે દત્તક લઈ લીધું. તેનું નામ મણિપ્પભ (૧) રાખવામાં આવ્યું. વખત જતાં મણિપ્પભ કોસાંબીના રાજા થયા અને અવંતિસેણ ઉજ્જૈનીના રાજા થયા.

३. अजियसेण	*क.*	*अजितसेन*	અજિતસેન	વસંતપુર(૩)નો રાજા. ગુણચંદ્ર અને બાલચંદ્ર તેના સેવકો હતા. એકવાર રાતે રાજા સાથે બહાર ગયા હતા ત્યારે રસ્તામાં તેમની તલવારો ખોવાઈ ગતિ. તેમણે પૂરેપૂરી શોધ કરી પરંતુ તલવારોનો પત્તો લાગ્યો નહિ. આ પરિસ્થિતિમાં ગુણચન્દ્રે તલવાર ઉપરના પોતાના માલિકીહક્ક ત્યજી દેવાની પ્રતિજ્ઞા કરી. બાલચન્દ્રે તો આ સમસ્યા એમની એમ રહેવા દીધી. થોડા દિવસો પછી તલવારો પાછી મળી, રાજા સમક્ષ રજૂ કરવામાં આવી. રાજાએ બન્ને સેવકોને બોલાવ્યા અને તેમને પોત પોતાની તલવાર પાછી લઈ લેવા જણાવ્યું. બાલચન્દ્રે તો પોતાની તલવાર લઈ લીધી જ્યારે ગુણચન્દ્રે તેને પાછી સ્વીકારવા પોતાની અશક્તિ જાહેર કરી. તેણે રાજાને કહ્યું, "તલવારના ઉપયોગના પરિણામે જન્મતા પાપથી છૂટકારો મેળવવા મેં તેને પાછી પ્રાપ્ત કરવાના મારા હક્કને ત્યજી દીધા છે. આ તલવારની માલિકી હવે મારી નથી." આ સાંભળી રાજા પ્રસન્ન થયા.
४. अजियसेण	*ती.*	*अजितसेन*	અજિતસેન	જંબૂદ્વીપના ઐરાવત(૧) ક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણીમાં થયેલા ચોવીસ તિત્થંકરોમાંના નવમા તીર્થંકર અજિતસેનના બદલે શતાયુ (૩)નો પણ ઉલ્લેખ છે.
५. अजियसेण	*अ.*	*अजितसेन*	અજિતસેન	જંબૂદ્વીપના ભરત(૨) ક્ષેત્રમાં અતીત અવસર્પિણીમાં થયેલા ત્રીજા કુલકર. અમિતસેણ તેમનું બીજું નામ જણાય છે. સ્પષ્ટતા માટે કુલકર જુઓ.
अजिया	*श्र.ती*	*अजिता*	અજિતા	જુઓ અજિઆ(૨).
अज्ज	*श्र.*	*आर्य*	આર્ય	શ્રમણશાખાઓના અને ગુરુઓ–આચાર્યોના નામની પહેલાં જોડવામાં આવતો વિશેષણરૂપ શબ્દ. આવાં કેટલાંક નામો નીચે જણાવેલા છે. જેમ કે – આર્ય કુબેરી, આર્ય તાપસી, આર્ય વજ્ર
अज्ज णंदिलखमण	*श्र.*	*आर्यनन्दिलक्षमण*	આર્યનંદીલક્ષમણ	આ અને નંદિલ એક જ છે.
अज्जम	*दे.ज.*	*आर्यमन्*	આર્યમન્	ઉત્તરાફગ્ગુણી નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ.
अज्जा	*अ.*	*आर्या*	આર્યા	સૌમ્ય રૂપવાળી દુર્ગાનું બીજું નામ.

१. अज्जुण	*श्र.*	*अर्जुन*	અર્જુન	રાજગૃહીનો માળી. તે અર્જુનક, અર્જુનમાલાકાર અને અર્જુનમાલાર નામે પણ જાણીતો હતો. બંધુમતી (૨) તેની પત્ની હતી. તે મુદ્ગરપાણિ નામના યક્ષની મૂર્તિની પૂજા કરતો હતો. એક દિવસ જ્યારે તે પૂજા કરતો હતો ત્યારે પરસ્પરના મિત્ર એવા છ પુરુષોની ટોળકીએ તેની રૂપવતી પત્નીને પકડી લીધી. તેમણે અર્જુનને દોરડા વડે બાંધીને પછી તેની પત્ની ઉપર બળાત્કાર કર્યો. અર્જુન અસહાય બનીને તે દ્રશ્ય જોતો રહ્યો. તેને લાગ્યું કે આ પ્રદેશમાં ખરેખર યક્ષ જેવું કંઈ છે જ નહિ; જો ખરેખર યક્ષ હોત તો આ ઘટના બની જ ન હોત. અર્જુનનો ભાવ જાણીને યક્ષ તેના શરીરમાં પ્રવેશ્યો અને એકાએક દોરડાના ટુકડેટુકડા થઈ ગયા. તેણે મૂર્તિના હાથમાંથી મુદ્ગર લઈને બંધુમતી સહિત સાતે જણને મારી નાખ્યા. હવે તો દરરોજ એક સ્ત્રી સહિત સાત જણને મારી નાખવાની તેને આદત પડી ગતિ. લોકોએ તે માર્ગેથી પસાર થવાનું બંધ કરી દીધું. એક વાર મહાવીર રાજગૃહી નગર બહાર આવ્યા. મહાવીરના દર્શન કરવા જનારને અર્જુને રોકેલા રસ્તેથી જ જવું પડે તેમ હતું. તે રસ્તે ન જવાની વિનંતી અને પ્રતિબંધોને ગણકાર્યા વિના મહાવીરના ચુસ્ત ભક્ત સુદર્શન(૮) તો મહાવીરના દર્શન કરવા નીકળી પડ્યા. અર્જુને સુદર્શનને મારવા માટે મુદ્ગર ઉગામ્યુ તો ખરુ પણ તે અર્ધર જ રહ્યું, આક્રમણ નિષ્ફળ થયું કેમ કે યક્ષે અર્જુનનું શરીર છોડી દીધું હતું. સુદર્શનથી અત્યંત પ્રભાવિત થયેલો અર્જુન પણ સુદર્શનની સાથે મહાવીર પાસે ગયો, મહાવીરનો ઉપદેશ સાંભળી તેણે સંસાર છોડ્યો અને છેવટે મોક્ષ પ્રાપ્ત કર્યો.
२. अज्जुण	*श्र.*	*अर्जुन*	અર્જુન	હસ્તિનાપુરના પાંડુરાજનો પુત્ર. તે કૃષ્ણ(૧)ની બહેન રક્તસુભદ્રાને પરણ્યો હતો. અભિમન્યુ તેનો પુત્ર હતો. 'પાંડવ' પણ જુઓ.
३. अज्जुण	*अ.*	*अर्जुन*	અર્જુન	સુઘોસ(૫) નગરનો રાજા. તમવતી તેની રાણી હતી. ભદ્રનંદી(૪) તેમનો પુત્ર હતો.
४. अज्जुण	*क.*	*अर्जुन*	અર્જુન	રૂપસૌન્દર્યના રાગને કારણે જીવ ગુમાવનાર ચોર.
५. अज्जुण	*श्र.गो*	*अर्जुन*	અર્જુન	તીર્થંકર પાર્શ્વ(૧)ની પરંપરાના એક શ્રમણ. જે પાછળથી ગોશાળાનો શિષ્ય બન્યો. તેનું પૂરું નામ છે અર્જુન ગોમાયુપુત્ર.
६. अज्जुण	*अ.गो*	*अर्जुन*	અર્જુન	છઠ્ઠું મૃત શરીર જેમાં ગોસાલકના આત્માએ પ્રવેશ કર્યો હતો તે આ અર્જુનનું હતું. આ અર્જુનનું પૂરું નામ અર્જુન ગૌતમપુત્ર હતું.
अज्जुणअ	*श्र.*	*अर्जुनक*	અર્જુનક	આ અને અર્જુન(૧) એક જ છે.

अज्जुणअमालागार	श्र.	अर्जुनकमालाकार	અર્જનકમાલાકાર	આ અને અર્જુન(૧) એક જ છે.
अज्जुणग	श्र.	अर्जुनक	અર્જુનક	જુઓ અર્જુન(૧)
अज्जुणग गोयमपुत्त	अ.गो	अर्जुनक गौतमपुत्र	અર્જુનક ગૌતમપુત્ર	આ અને અર્જુન(૬) એક છે.
अज्जुण गोमायुपुत्त	श्र.गो	अर्जुन गोमायुपुत्र	અર્જુન ગોમાયુપુત્ર	અર્જુન(૫)નું પૂરું નામ
अज्जुण गोयमपुत्त	अ.गो	अर्जुन गौतमपुत्र	અર્જુન ગૌતમપુત્ર	અર્જુન(૬)નું પૂરું નામ
अज्जुणमालाकार	श्र.	अर्जुनमालाकार	અર્જુનમાલાકાર	આ અને અર્જુન(૧) એક જ છે.
अज्जुणय	क.	अर्जुनक	અર્જુનક	આ અને અર્જુન(૪) એક જ છે.
अज्जुणयचोर	क.	अर्जुनकचौर	અર્જુનકચૌર	આ અને અર્જુન(૪) એક જ છે.
अज्जुण्ण	श्र.गो	अर्जुन	અર્જુન	આ અને અર્જુન(૫) એક જ છે.
अज्जुण्णगोमायुपुत्त	श्र.गो	अर्जुनगोमायुपुत्र	અર્જુનગોમાયુપુત્ર	આ અને અર્જુન(૫) એક જ છે.
अज्जुण्णराया	अ.	अर्जुनराजा	અર્જુનરાજા	આ અને અર્જુન(૩) એક જ છે.
अज्झल	ऐ.	अज्झल	અજ્ઝલ	એક અનાર્ય દેશ. જલ્લ નામે પણ તેનો ઉલ્લેખ છે.
अट्टण	क.	अट्टण	અટ્ટણ	ઉજ્જૈનીનો મલ્લ. સોપારગના રાજા સીહગિરિ(૨) દર વર્ષે મલ્લકુસ્તીની સ્પર્ધા યોજતા હતા. જીતનારને વિજયધ્વજ સાથે મોટી ધનરાશિ મળતી. અટ્ટણ દર વર્ષે જીતતો અને ઈનામ મેળવતો. આને સિહગિરિએ પોતાનો માન ભંગ ગણ્યો. તેને અપમાન લાગ્યું. દરેક વર્ષે પોતાના રાજ્યની બહારની વ્યક્તિ જીતીને ઈનામ લઈ જાય તે તેને ગમ્યું નહિ. અટ્ટણના હરિફ તરીકે તેણે પોતાનો મલ્લ તૈયાર કર્યો. પછીના વર્ષે જ્યારે સ્પર્ધા થઈ ત્યારે અટ્ટણ હાર્યો. તેનો બદલો લેવા, સિહગિરિ રાજાના મલ્લને હરાવવા માટે અટ્ટણે બીજા મલ્લને તૈયાર કરવાની યોજના બનાવી. સોપારગ થી સૌરાષ્ટ્ર જતા ભરુચ પાસે એક હાથે હળ ચલાવતા અને બીજા હાથે કપાસ વીણતા ફલિહમલ્લ નામના ખેડૂતને તેણે જોયો. તેનાથી તે ખૂબ પ્રભાવિત થયો. તે તેને ઉજ્જૈની લઈ ગયો. ત્યાં તેણે તેને મલ્લ કુસ્તીની કળા શીખવી તાલીમ આપી. પછીના વર્ષે અટ્ટણના શિષ્ય બનેલા નવા મલ્લે રાજા સિહગિરિના મલ્લને હરાવ્યો.
अट्टणमल्ल	क.	अट्टणमल्ल	અટ્ટણમલ્લ	આ અને અટ્ટણ એક જ છે.
अट्टविहा-गणिसंपया	आ.	अष्टविधा–गणिसम्पदा	અષ્ટવિધા-ગણિસમ્પદા	આચારદશાનું ચોથું અધ્યયન.
अट्ठावअ	ऐ.	अष्टापद	અષ્ટાપદ	જુઓ 'अट्ठावय'.

अट्ठावय	*ऐ.*	*अष्टापद*	અષ્ટાપદ	એક પવિત્ર પર્વત જ્યાં તીર્થંકર ઋષભ(૧) મોક્ષ પામ્યા. ભરત(૧)એ ત્યાં મંદિર નિર્માણ કર્યું હતું, તે પણ ત્યાં મોક્ષ પામ્યા હતા. ઋષભ, તેમના ગણધરો અને બીજા શ્રમણોના મૃત શરીરોના અંતિમ સંસ્કાર માટેની વ્યવસ્થા શક્ર(૩)એ કરી હતી, તેણે ત્યાં ત્રણ સ્તૂપો ઊભા કર્યા. ગૌતમ (૧) ઇંદ્રભૂતી જિનમંદિરને વંદન કરવા ત્યાં ગયા હતા. તે દર્શનશુદ્ધિ પામવામાં સહાય કરે છે.
अट्ठिअग्गाम	*ऐ.*	*अस्थिकग्राम*	અસ્થિકગ્રામ	આ અને અટ્ઠિયગ્રામ એક જ છે.
अट्ठियगाम	*ऐ.*	*अस्थिकग्राम*	અસ્થિકગ્રામ	જ્યાં યક્ષ સૂલપાણિ(૨)ના ચૈત્યમાં તીર્થંકર મહાવીરે પ્રથમ વર્ષાવાસ કર્યો હતો તે સ્થળ. ઇંદ્રશર્મા આ યક્ષનો ભક્ત હતો. મૂળે આ સ્થળ વર્ધમાન(૨) નામે પ્રસિદ્ધ હતું. પછી સૂલપાણિ યક્ષે મારી નાખેલા ત્યાંના રહેવાસી માણસોના હાડકાના ઢગ ઉપરથી તેનું નામ અસ્થિકગ્રામ પડ્યું. ચૈત્ય નિર્માણ કરી યક્ષને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરાયો. સમતા અને સહિષ્ણુતા દ્વારા મહાવીરે યક્ષે કરેલા સઘળા ઉપદ્રવોને નિષ્ફળ બનાવ્યા. તેમને ૧૦ મહાન શુભસૂચક સ્વપ્નો આવ્યા. રાજા જિતશત્રુ (૩)એ મહાવીર અને ગોસાલકને લોહાર્ગલ(૨)માં કેદ રાખેલા, તેમાંથી મુક્ત કરાવવામાં સહાયક ઉત્પલ ત્યાનોહતો.
अट्ठियग्गाम	*ऐ.*	*अस्थिकग्राम*	અસ્થિકગ્રામ	આ અને અટ્ઠિયગ્રામ એક જ છે.
अट्ठिसेण	*अ.*	*अस्थिसेन*	અસ્થિસેન	વત્સ(૪) ગોત્રની સાત શાખાઓમાંની એક
अडंब	*ऐ.*	*अदम्ब*	અદમ્બ	તીર્થંકર ઋષભ(૧) જ્યાં ગયા હતા તે દેશ.
अडंबर	*अ.*	*अडम्बर*	અડમ્બર	આ અને આડંબર એક જ છે.
अडोलिया	*क.*	*अडोलिका*	અડોલિકા	ઉજ્જૈનીના રાજા ગર્દભ(૧)ની બહેન અને જવ(૧) ની દીકરી. તેના અજોડ રૂપલાવણ્યથી આકર્ષાઈ ને ગર્દભ તેની સાથે કામચેષ્ટાઓ કરતો હતો.
१. अणंग	*क.*	*अनङ्ग*	અનંગ	આનંદપુરના રાજા જિતારિ(૧) અને તેની રાણી વિશ્રસાનો પુત્ર. બાળપણમાં તે નેત્રકંટકથી પીડાતો હતો. તે પીડા શમાવવા તેની માતા તેને ખુલ્લા સાથળો વચ્ચે હળવેકથી દબાવતી. આ ક્રિયામાં તેમના જનનાંગો પરસ્પર સ્પર્શતા અને સંયોગ પામતા, અનંગને આનંદ મળતો અને છાનો રહેતો. આ વૃત્તિ એટલી હદે વધી ગતિ કે જિતારિના મૃત્યુ પછી તે બન્ને પતિ–પત્ની તરીકે જીવ્યા, આ તીવ્ર કામેચ્છાનું ઉદાહરણ છે.

२. अणंग	*आ.*	*अनङ्ग*	અનંગ	આ અને અનંગપ્રવિષ્ટ એક જ છે.
३. अणंगसेण	*क.*	*अनङ्गसेन*	અનંગસેન	ચંપાનો સોની કે જે કુમારનંદી તરીકે ઓળખાતો હતો. તે રૂપાળી કન્યાઓનો શોખીન હતો. ગમે તેટલો મોટો ધનરાશિ આપવો પડે તો તે આપીને પણ તેમને પરણતો. આમ તેણે પાંચસો કન્યાઓ સાથે લગ્ન કર્યા હતા. એક વાર પંચશૈલ દ્વીપના યક્ષ વિદ્યુત્માલિની બે સ્ત્રીઓ હાસા(૨) અને પ્રહાસાને જોઈ. તેમના ઉપર મોહિત થયેલો તે પંચશૈલ દ્વીપે ગયો જ્યાં તે મૃત્યુ પામ્યો અને પુનર્જન્મમાં તે હાસા અને પહાસાનો પતિ બન્યો.
अणंगसेणा	*अ.*	*अनङ्गसेना*	અનંગસેના	વાસુદેવ(૨) કૃષ્ણ(૧)ના સમયમાં બારાવતીની પ્રમુખ ગણિકા.
अणंत	*ती.*	*अनन्त*	અનન્ત	વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં થયેલા ચૌદમાં તીર્થંકર. તે અનંતઈ નામે પણ જાણીતા હતા. અયોધ્યા(૨)ના રાજા સીહસેણ(૫) તેમના પિતા હતા અને સુજસા(૧) તેમની માતા હતી. તેમની ઊંચાઈ ૫૦ ધનુષ હતી. તેમનો વર્ણ તપ્ત સુવર્ણ જેવો હતો. ૧૦૦૦ પુરુષો સાથે તેમણે સંસારનો ત્યાગ કર્યો. આ પ્રસંગે તેમણે પંચવર્ણા પાલખી નો ઉપયોગ કર્યો. વર્ધમાન(૨) નગરના વિજયે તેમને સૌ પ્રથમ ભિક્ષા આપી. તેમની આજ્ઞામાં શ્રમણોના પ૪ ગણો હતા અને પ૪ ગણધર હતા. આ ગણધરોની નીચે કુલ ૬૬૦૦૦ શ્રમણો હતા અને કુલ એક લાખ આઠસો શ્રમણીઓ હતી. યશ (૧) તેમના પ્રથમ ગણધર હતા અને પદ્મા(૨) તેમની પ્રમુખ શિષ્યા હતા. અશ્વત્થ તેમનું પવિત્ર વૃક્ષ હતું. તેમનું કુલ આયુષ્ય ૩૦લાખ વર્ષનુ હતુ. તેમાંથી સાત લાખ પચાસ હજાર વર્ષ તે કુમાર તરીકે જીવ્યા અને પંદર લાખ વર્ષ તે રાજા તરીકે જીવ્યા. અનંત તેમના પૂર્વભવમાં માહેંદ્ર૨ હતા.
अणंतइ	*ती.*	*अनन्तजित्*	અનન્તજિત્	અનંતનું બીજું નામ.
अणंतय	*ती.*	*अनन्तक*	અનન્તક	જંબૂદ્વીપના ઐરાવત(૧) ક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણીથયેલા ચૌદમાં તીર્થંકર. ટીકાકાર અભય દેવ પ્રમાણે તેમનું બીજું નામ સિંહસેન છે.
अणंतर	*आ.*	*अनन्तर*	અનન્તર	ભગવતીસૂત્રના તેરમાં શતકનો ત્રીજો ઉદ્દેશક.
१. अणंतविजय	*ती.*	*अनन्तविजय*	અનન્તવિજય	ભરત(૧) ક્ષેત્રના ભાવિ ચોવીસમાં તીર્થંકર.
२. अणंतविजय	*ती.*	*अनन्तविजय*	અનન્તવિજય	જંબૂદ્વીપના ઐરાવત(૧) ક્ષેત્રના ભાવિ વીસમા તીર્થંકર.

अणंतवीरिय	*क.*	*अनन्तवीर्य*	અનન્તવીર્ય	હસ્તિનાપુરના રાજા કૃતવીર્ય(૧)ના પિતા. તે મૃગકોષ્ઠકના રાજા જિતશત્રુ(૨૯)ના જમાઈ હતા. પોતાની સાળી રેણુકા, જે જમદગ્નિની પત્ની અને પરસુરામની માતા હતી તેની સાથે અનંતવીર્યએ સંભોગ કર્યો હતો. આનાથી ક્રુદ્ધ થઈને પરશુરામે રેણુકા અને અનંતવીર્ય બન્નેને હણી નાખ્યા.
१. अणंतसेण	*आ.*	*अनन्तसेन*	અનન્તસેન	અંતકૃદ્દશાના ત્રીજા વર્ગનું ત્રીજું અધ્યયન.
२. अणंतसेण	*श्र.*	*अनन्तसेन*	અનન્તસેન	ભદ્રીલપુરના નાગ(૫) પિતા અને સુલસા(૧) માતાનો પુત્ર. બાકીનું બધું અનીયસ(૨) પ્રમાણે
३. अणंतसेण	*अ.*	*अनन्तसेन*	અનન્તસેન	ભરત(૨)માં અતીત અવસર્પિણીમાં થયેલા ચોથા કુલકર. અતીત ઉત્સર્પિણીના ત્રીજા કુલકર તરીકે પણ તેમનો ઉલ્લેખ થયો છે. જુઓ કુલકર.
अणंध	*क.*	*अनन्ध*	અનન્ધ	અંધપુરનો રાજા. તે તે નગરના અંધજનો પ્રત્યે બહુ સહાનુભૂતિ ધરાવતો હતો. તેમને બધી રીતે મદદ કરતો. પરિણામે તે અંધજનો સમૃદ્ધ બની ગયા. એક શઠને આ વાતની જાણ થઈ. તે તે નગરના અંધજનોને મળ્યો અને તેમને કહ્યું, "હું તે પ્રદેશનો છું જ્યાંના લોકો અને રાજા સુદ્ધા અંધ–જનોના ચાહકો છે. તમારે ત્યાં જવું હોય તો હું તમને ત્યાં લઈ જઈશ." અંધજનો આ જાણી ખુશ થયા. શઠના નેતૃત્વમાં તેમણે મુસાફરી શરૂ કરી. નિર્જન માર્ગેથી પસાર થતી વખતે શઠે તેમની પાસે જે કિંમતી ચીજો હોય તે તેને સાચવવા આપી દેવા જણાવ્યું જેથી ચોરો તેમને લૂંટી ન લે. અંધજનોએ પોતાની કિંમતી ચીજો આપી દીધી. પછી શઠ તે બધી ચીજો લઈ પલાયન કરી ગયો.
अणक्क	*ऐ.*	*अणक्क*	અણક્ક	એક અનાર્ય દેશ અને તેના લોકો.
अणगार	*आ.*	*अनगार*	અનગાર	ભગવતીસૂત્રના અઢારમા શતકનો આઠમો ઉદ્દેશક.
अणगारज्झयण	*आ.*	*अनगाराध्ययन*	અનગારાધ્યયન	ઉત્તરાધ્યયનનું પાંત્રીસમું અધ્યયન.
अणगारमग्ग	*आ.*	*अनगारमार्ग*	અનગારમાર્ગ	ઉત્તરાધ્યયનનું પાંત્રીસમું અધ્યયન.
अणगारसुय	*आ.*	*अनगारश्रुत*	અનગારશ્રુત	સૂત્રકૃત્ નું એકવીસમું અધ્યયન.
अणपण्ण	*दे.*	*अणपर्ण*	અણપર્ણ	આ અને અણપન્ની એક જ છે.
अणलगिरि	*अ.प्रा*	*अनलगिरि*	અનલગિરિ	પદ્મોત રાજાનો હાથી. તે નલગિરિ નામે પણ જાણીતો હતો.
अणव	*स.ज*	*ऋणवत*	ઋણવત	૩૦ મુહૂર્ત્તમાનું એક મુહૂર્ત્ત. તષ્ટવ તેનું બીજું નામ.

अणवण्ण	*दे.*	*अणपर्ण*	અણપર્ણ	આ અને અણપન્ની એક જ છે.
अणवण्णिय	*दे.*	*अणपर्णिक*	અણપર્ણિક	વ્યંતર વર્ગના દેવોનો પેટાભેદ. સામાણ(૨) અને સણિણાહિય એ તેમના બે ઇન્દ્રો છે.
१. अणाढिय	*दे.*	*अनाद्रृत*	અનાદ્રત	બે સાગરોપમ વર્ષનું આયુષ્ય ધરાવતો દેવ. તે તેના પૂર્વાભવમાં કાકંદી નગરીનો ગૃહસ્થ હતો. ત્યારે પણ તેનું નામ આ જ હતું.
२. अणाढिय	*दे.*	*अनाद्रृत*	અનાદ્રત	જંબૂદ્વીપનો અધિષ્ઠાતા દેવ. તે જંબૂસુદર્શના વૃક્ષમાં વાસ કરે છે.
३. अणाढिय	*आ.*	*अनाद्रृत*	અનાદ્રત	પુષ્પિકાનું દસમું અધ્યયન.
अणाढिया	*ऐ.*	*अनाद्रृता*	અનાદ્રતા	અનાદત(૨)ની રાજધાની. તે મંદર(૩) પર્વતની ઉત્તરે આવેલી છે.
१. अणादिट्ठि	*आ.*	*अनादृष्टि*	અનાદૃષ્ટિ	અંતકૃદ્દશાના ત્રીજા વર્ગનું તેરમું અધ્યયન.
२. अणादिट्ठि	*श्र.*	*अनादृष्टि*	અનાદૃષ્ટિ	બારાવતીના રાજા વસુદેવ અને તેમની રાણી ધારિણી (૪)નો પુત્ર. તે અરિષ્ટનેમિનો શિષ્ય બન્યો અને શત્રુંજય પર્વત ઉપર મોક્ષ પામ્યો.
अणाधिट्ठि	*श्र.*	*अनादृष्टि*	અનાદૃષ્ટિ	આ અને અણાદિટ્ઠિ(૨) એક જ છે.
अणारिय	*अ.*	*अनार्य*	અનાર્ય	આર્યન્ અને અન્–આર્યન્ એ બે મનુષ્યજાતિઓ માંની એક. અનાર્ય એ અનાર્ય લોકો છે. તેમને મિલિક્ખુ પણ કહે છે. ક્રૂર સ્વભાવવાળા, પાપી વૃત્તિવાળા અને હિંસક વર્તણૂકવાળા તરીકે તેમનો ઉલ્લેખ છે. તેઓ મિથ્યાદૃષ્ટિ, અસંસ્કારી અને આર્ય ભાષા ન જાણનારા છે. મિલિક્ખુ લોકોના ઘરોમાં પ્રવેશવાનો શ્રમણોને નિષેધ છે. દીક્ષા લેવામાંથી તેમને રોકવામાં આવે છે, ઘણા અનાર્ય દેશોની કન્યાઓને રાજાઓના અન્તઃપુરોમાં લાવી દાસીઓ તરીકે રાખવામાં આવતી.
अणारिय-वेद	*अ.*	*अनार्य–वेद*	અનાર્ય-વેદ	સુલસા(૪), યાજ્ઞવલ્ક્ય આદિએ રચેલ કૃત્રિમવેદ
अणाहपवज्जा	*आ.*	*अनाथप्रव्रज्या*	અનાથપ્રવ્રજ્યા	ઉત્તરાધ્યયનનું વીસમું અધ્યયન. ઉત્તરાધ્યયન–નિર્યુક્તિમાં તેનું નામ નિર્ગ્રંથીય આપ્યું છે.
१. अणिंदिआ / अणिंदिया	*दे.*	*अनिन्दिता*	અનિન્દિતા	અધોલોકમાં વસતી આઠ પ્રમુખ દિશાકુમારીઓ માંની એક દિશાકુમારી.
२. अणिंदिआ	*दे.*	*अनिन्दिता*	અનિન્દિતા	ઊર્ધ્વલોકની આઠ પ્રમુખ દિશાકુમારીઓમાંની એક દિશાકુમારી.
१. अणिय	*आ.*	*अनिय*	અનિય	વૃષ્ણિદશાનું બીજું અધ્યયન.
२. अणिय	*अ.*	*अनिय*	અનિય	બારાવતીના રાજા બલદેવ અને રેવઈ(૩)નો પુત્ર.
अणियट्ट	*ती.*	*अनिवृत्त*	અનિવૃત્ત	આ અને અણિયટ્ટિ(૨) એક જ છે.

१. अणियट्टि	*ती.*	*अनिवर्तिन्*	અનિવર્તિન્	ભરત(૨) ક્ષેત્રના ભાવિ ઉત્સર્પિણીમાં થનારા વીસમા તીર્થંકર અને દ્વીપાયનનો ભાવિ જન્મ.
२. अणियट्टि	*दे.ज.*	*अनिवृत्ति*	અનિવૃત્તિ	અઠ્યાસી ગ્રહોમાંનો એક ગ્રહ જે અણિયટ્ટ નામે પણ ઓળખાય છે.
अणियस	*श्र.*	*अणियस*	અણિયસ	આ અને અનીયસ(૨) એક જ છે.
अणियाउत्त	*श्र.*	*अर्णिकापुत्र*	અર્ણિકાપુત્ર	એક સન્માનનીય વ્યક્તિ. જુઓ અર્ણિકાપુત્ર
अणियोगदार	*आ.*	*अनुयोगद्वार*	અનુયોગદ્વાર	આ અને અનુયોગદ્વાર એક છે.
१. अणिरुद्ध	*आ.*	*अनिरुद्ध*	અનિરુદ્ધ	અંતકૃદ્દશા.ના ચોથા વર્ગનું આઠમું અધ્યયન.
२. अणिरुद्ध	*श्र.*	*अनिरुद्ध*	અનિરુદ્ધ	બારાવતીના પ્રદ્યુમ્ન(૧) અને વૈદર્ભીનો પુત્ર. તેણે તીર્થંકર અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી, સોળ વર્ષ શ્રમણજીવન પાળી શત્રુંજય પર્વતેમોક્ષે ગયા.
१. अणिल	*आ.*	*अनिल*	અનિલ	ભગવતીસૂત્રના પાંચમાં શતકનો બીજો ઉદ્દેશક.
२. अणिल	*अ.*	*अनिल*	અનિલ	ઉજ્જૈનીના રાજા જય(૧)ના પિતા.
१. अणिहय	*आ.*	*अनिहत*	અનિહત	અંતકૃદ્દશા.ના ત્રીજા વર્ગનું ત્રીજું અધ્યયન.
२. अणिहय	*श्र.*	*अनिहत*	અનિહત	ભદ્રીલપુરના નાગ(૫) અને સુલસા(૧)નો પુત્ર. બાકી બધું અનીયસ(૨)ના સમાન.
अणीयजस	*श्र.*	*अनीकयशस्*	અનીકયશસ્	જુઓ અનીયસ(૨).
१. अणीयस	*आ.*	*अनीयस*	અનીયસ	અંતકૃદ્દશા.ના ત્રીજા વર્ગનું પહેલું અધ્યયન.
२. अणीयस	*श्र.*	*अनीयस*	અનીયસ	તે અનીયયશ નામે પણ ઓળખાતો. તે વસુદેવ અને દેવકીનો પુત્ર હતો પણ તેને ભદ્રીલપુરના નાગ(૫) અને સુલસા(૧)એ ઉછેર્યો હતો. તે સંસાર ત્યાગી તીર્થંકર અરિષ્ટનેમિનો શિષ્ય બન્યો અને શત્રુંજય પર્વત ઉપર મોક્ષ પામ્યો.
अणुओग	*आ.*	*अनुयोग*	અનુયોગ	દૃષ્ટિવાદના એક મહત્વના વિભાગનું નામ અણુઓગ હોવાથી દૃષ્ટિવાદનું બીજું નામ અણુઓગ કહેવાતું.
अणुओगदार	*आ.*	*अनुयोगद्वार*	અનુયોગદ્વાર	એક ઉત્કાલિક આગમગ્રન્થ. તેનો ક્રમ યાદીમાં બારમો છે. તે નય, નિક્ષેપ, પ્રમાણ, વગેરેનું નિરૂપણ કરે છે. તેના વિષયો વિપુલ છે. નીતિ–શાસ્ત્ર, જ્ઞાનોત્પત્તિશાસ્ત્ર, તર્કશાસ્ત્ર અને બીજા અનેક વિષયોના અગત્યના પાસાઓનો વિચાર કરતો સર્વસંગ્રહરૂપ ગ્રન્થ તે છે. તેથી કંઈક કઠિન છે. તેનો અણિયોગદાર નામે પણ ઉલ્લેખ થયો છે.
अणुओगदारचुण्णि	*आ.*	*अनुयोगद्वारचूर्णि*	અનુયોગદ્વાર ચૂર્ણિ	જિનદાસગણિમહત્તરે રચેલ અનુયોગદ્વારની ચૂર્ણિ
अणुओगद्दार	*आ.*	*अनुयोगद्वार*	અનુયોગદ્વાર	આ અને અનુયોગદ્વાર એક છે.

अणुज्जा	*ती.श्र*	*अनवद्या*	અનવદ્યા	તીર્થંકર મહાવીરની પુત્રી પ્રિયદર્શનાનું બીજું નામ. તે જમાલિ(૨)ની પત્ની અને યશસ્વતી(૨)ની માતા હતી. આ યશસ્વતી, સેસવતી(૧) અને અણોઙ્ગા નામે પણ ઓળખાતી હતી.
अणुत्तर	*दे.*	*अनुत्तर*	અનુત્તર	જુઓ અનુત્તરવિમાન.
अणुत्तरमहाणिरय	*न.भौ*	*अनुत्तर-महानरक*	અનુત્તર-મહાનરક	અધોલોકમાં છેલ્લા પાંચ નારકોનાં વાસસ્થાનો. તે પાંચે બહુ જ ભયંકર છે, સાતમી નરકભૂમિ તમ-તમસ્પ્રભામાં આવેલા છે. તેના નામ -કાલ(૯), મહાકાલ(૬), રૌરવ, મહારૌરવ, અપ્રતિષ્ઠાન.
अणुत्तरविमाण	*दे.भौ*	*अनुत्तरविमान*	અનુત્તરવિમાન	અનુત્તર શબ્દાર્થ છે શ્રેષ્ઠતમ, ઉચ્ચતમ. આ સ્વર્ગીય વાસસ્થાનો (વિમાનો)નાં નામ-વિજય, વેજયંત, જયંત, અપરાજિય અને સર્વાર્થસિદ્ધ. આ વિમાનો ગ્રૈવેયક વિમાનો ઉપર, ઇષત્ પ્રાગ્ભારા ની નીચે આવેલા છે. તેની ઊંચાઈ ૧૧૦૦ યોજન છે. ત્યાના દેવોનું આયુષ્ય ૩૧ થી ૩૩ સાગરોપમ હોય. અહીં વસતા દેવોમાં જેમનું આયુષ્ય ઉત્કૃષ્ટ હોય છે તેઓ પછીના જન્મમાં મનુષ્ય તરીકે જન્મ લઈ તે જ ભવમાં મોક્ષ પામે છે.
अणुत्तरोववाइय	*दे.*	*अनुत्तरौपपातिक*	અનુત્તરૌપપાતિક	પાંચ અનુત્તરવિમાણમાં જન્મેલા દેવોનો વર્ગ. તે દેવોમાં ઉચ્ચનીચપણુ હોતું નથી. બધાની સમાન પ્રતિષ્ઠા હોય છે. તેમના ઇંદ્ર હોતા નથી. તેઓ શ્રેષ્ઠતમ રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરેનો ભોગ કરે છે. તેમને કામસુખ માટે શારીરિક સંભોગની આવશ્યકતા નથી.
अणुत्तरोववाइय दसा	*आ.*	*अनुत्तरौपपातिक दशा*	અનુત્તરૌપપાતિક-દશા	નવમું અંગ-સૂત્ર. તે ત્રણ વર્ગોમાં વિભક્ત છે. પ્રથમ વર્ગમાં દસ, બીજામાં તેર અને ત્રીજામાં દસ અધ્યયનો છે. આમ આ અંગ ગ્રન્થમાં કુલ તેત્રીશ અધ્યયનો છે. જે વ્યક્તિઓએ મૃત્યુ પછી અનુત્તર વિમાનોમાં જન્મ (ઉપપાત) લીધો છે તેમની દશાઓનું (અવસ્થાઓનું) નિરૂપણ તે કરે છે. સ્થાન સૂત્રાનુસાર આ અંગસૂત્રમાં દસઅધ્યયનો છે- (૧) ઋષિદાસ, (૨) ધન્ન, (૩) સુનક્ષત્ર, (૪) કાતિય, (૫) સટ્ઠાણ, (૬) શાલિભદ્ર, (૭) આનંદ, (૮) તેતલિ, (૯) દશાર્ણભદ્ર, (૧૦) અતિમુક્ત.
अणुद्धरी	*अ.*	*अनुद्धरी*	અનુદ્ધરી	આ અને અણુધરી એક જ છે.
अणुधरी	*अ.*	*अनुधरी*	અનુધરી	બારાવતીના અર્હમિત્ર(૨)ની પત્ની અને જિનદેવ (૨)ની માતા.

अणुप्पवाद	*आ.*	*अनुप्रवाद*	અનુપ્રવાદ	ચૌદમાંથીદ દસમો પૂર્વગ્રન્થ. તે અને વિદ્યાણુ–પ્પવાય એક જ છે.
अणुमतिया	*अ.*	*अनुमतिका*	અનુમતિકા	ઉજ્જૈનીના રાજા દેવલાસૂત્રની દાસી. રાજાની સાથે તે પણ આશ્રમવાસી બની ગતિ.
अणुयोगदार	*आ.*	*अनुयोगद्वार*	અનુયોગદ્વાર	આ અને અનુયોગદ્વાર એક છે.
अणुरत्तलोयणा	*श्र.*	*अनुरक्तलोचना*	અનુરક્તલોચના	ઉજ્જૈનીના રાજા દેવલાસૂત્રની રાણી. અર્ધસંકાસા તેની દીકરી હતી.
अणुराधा/ अणुराहा	*दे.ज.*	*अनुराधा*	અનુરાધા	એક નક્ષત્રનું નામ. ગોલવ્વાયણ તેનું ગોત્રનામ છે. મિત્ર(૨) તેનો અધિષ્ઠાતા દેવ છે.
अणुवालअ	*अ.गो*	*अनुपालक*	અનુપાલક	ગોસાલકના બાર મુખ્ય ઉપાસકોમાંનો એક.
अणुवेलंधर	*दे.*	*अनुवेलन्धर*	અનુવેલન્ધર	જંબુદ્વીપને ઘેરીને આવેલા લવણસમુદ્રના ચાર ઉપદિશાઓ સામે આવેલા કિનારાનું રક્ષણ કરતા નાગકુમાર દેવોનો એક પ્રકાર.
अणुवेलंधरणागराय	*दे.*	*अनुवेलन्धरनागराजन्*	અનુવેલન્ધરનાગરન્	આ અને અણુવેલંધરરાય એક જ છે.
अणुवेलंधरराय	*दे.*	*अनुवेलन्धरराजन्*	અનુવેલન્ધર-રાજન્	અણુવેલંધર દેવોનો ઇંદ્ર. આવા ચાર ઇંદ્ર છે – કર્કોટક, કર્દમઅ, કૈલાશઅને અરુણપ્રભ. તેઓ લવણસમુદ્રમાં પોતાના પર્વતો ઉપર વાસ કરે છે.
अणोज्जगा	*ती.श्र*	*अनवद्यका*	અનવદ્યકા	આ અને 'અણુઙ્કા' એક જ છે.
अणोज्जा	*ती.श्र*	*अनवद्या*	અનવદ્યા	આ 'અણુઙ્કા'થી અભિન્ન છે.
अण्णउत्थि	*आ.*	*अन्ययूथिक*	અન્યયૂથિક	ભગવતીસૂત્રના છઠ્ઠા શતકનો દસમો ઉદ્દેશક તેમજ સાતમા શતકનો દસમો ઉદ્દેશક.
अण्णउत्थिय	*आ.*	*अन्ययूथिक*	અન્યયૂથિક	આ અને 'અણઉત્થિ' એક જ છે.
अण्णजंभग	*दे.*	*अन्नजृम्भक*	અન્નજૃમ્ભક	જૃમ્ભક દેવોના દસ પ્રકારોમાંનો એક પ્રકાર.
अण्णवालअ	*अ.*	*अन्यपालक*	અન્યપાલક	પાખંડી મત ધરાવનાર એક વ્યક્તિ, જે પછીથી તીર્થંકર મહાવીરની શિષ્ય બન્યા.
अण्णिआउत्त	*श्र.*	*अर्णिकापुत्र*	અર્ણિકાપુત્ર	જુઓ 'અર્ણિકાપુત્ર'.
अण्णिका	*श्र.*	*अर्णिका*	અર્ણિકા	આ અને 'અર્ણિકા' એક જ છે.
अण्णिकापुत्त	*श्र.*	*अर्णिकापुत्र*	અર્ણિકાપુત્ર	આ અને 'અર્ણિકાપુત્ર' એક જ છે.
अण्णियपुत्त	*श्र.*	*अर्णिकपुत्र*	અર્ણિકપુત્ર	આ અને 'અર્ણિકાપુત્ર' એક જ છે.
अण्णिया	*श्र.*	*अर्णिका*	અર્ણિકા	અર્ણિકાપુત્રની માતા અને દક્ષિણ મથુરા(૨)ના વેપારીની પુત્રી.
अण्णियापुत्त	*श्र.*	*अर्णिकापुत्र*	અર્ણિકાપુત્ર	દક્ષિણ મથુરાના વેપારીની દીકરી અર્ણિકાનો પુત્ર. તેણે નાની ઉંમરમાં સંસાર છોડેલો. પુષ્પભદ્રના રાજા પુષ્પકેતુનો પુત્ર પુષ્પચૂલ તેનો શિષ્ય હતો. હોડી દ્વારા ગંગા નદી પાર કરતા અર્ણિકાપુત્રને કેવળ જ્ઞાન થયું.

अतिकाय	*दे.*	*अतिकाय*	અતિકાય	જુઓ 'અઈકાય'.
अतिपास	*ती.*	*अतिपास*	અતિપાર્શ્વ	જુઓ અતિપાર્શ્વ.
अतिबल	*च.*	*अतिबल*	અતિબલ	જુઓ અતિબલ
अतिमुत्त	*श्र.*	*अतिमुक्त*	અતિમુક્ત	જુઓ અતિમુત્ત
अतिवालगवायग	*अ.*	*अजापालकवाचक*	અજાપાલકવાચક	જુઓ અયાવાલગવાયગ
अत्तेय	*अ.*	*आत्रेय*	આત્રેય	જ્યાં સુધી પહેલા ખાધેલો ખોરાક પચ્યો ન હોય ત્યાં સુધી નવો ખોરાક ખાવો ન જોઈએ એ સિદ્ધાંતનું પ્રતિપાદન કરનાર ઋષિ.
अत्थ	*ऐ..*	*अर्थ*	અર્થ	'અચ્છ'નું પાઠાન્તર.
अत्थसिद्ध	*स.*	*अर्थसिद्ध*	અર્થસિદ્ધ	પખવાડિયાનો દસમો દિવસ અર્થાત્ શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષની દસમ.
अत्थिणत्थिप्पवाद अत्थिणत्थिप्पवाय	*आ.*	*अस्तिनास्तिप्रवाद*	અસ્તિનાસ્તિ-પ્રવાદ	ચોથો પૂર્વ ગ્રન્થ. તેમાં અઢાર અધ્યયનો અને દસ પેટા અધ્યયનો હતા. તે અત્યારે ઉપલબ્ધ નથી, તેનો વિચ્છેદ થઈ ગયો છે.
अथव्वण	*अ.*	*अथर्वन्*	અથર્વન્	ચાર વેદોમાંનો છેલ્લો વેદ. તે અથર્વવેદ નામે પ્રસિદ્ધ છે.
अथव्वणवेय	*अ.*	*अथर्ववेद*	અથર્વવેદ	આ અને અથવ્વણ એક જ છે.
अदत्त	*आ.*	*अदत्त*	અદત્ત	ભગવતીસૂત્રના આઠમા શતકનો સાતમો ઉદ્દેશક.
अदिति	*दे.*	*अदिति*	અદિતિ	જુઓ 'અઈઈ'
१. अदीणसत्तु	*श्र.*	*अदीनशत्रु*	અદીનશત્રુ	હસ્તિનાપુરનો રાજા. મિથિલાના રાજા કુંભ(૪)ની પુત્રી મલ્લિ (૧) તરફ આકર્ષાયેલા રાજકુમારોમાંનો એક. તે મલ્લિની સાથે લગ્ન કરવા માંગતો હતો. રાજા કુંભે તેનો લગ્ન માટેનો પ્રસ્તાવ સ્વીકાર્યો નહિ. તેથી અદીનશત્રુએ મિથિલા ઉપર લશ્કરી આક્રમણ કર્યું. મલ્લિ રાજકુમારીએ તેને સાચો માર્ગ દર્શાવ્યો. મલ્લિ અને બીજાઓ સાથે તેણે પણ સંસાર નો ત્યાગ કર્યો અને તે મોક્ષે ગયો.
२. अदीणसत्तु	*अ.*	*अदीनशत्रु*	અદીનશત્રુ	ધારિણી(૧૪)નો પતિ અને હસ્તિશીર્ષ નગરના રાજકુમાર સુબાહુ(૧)નો પિતા.
३. अदीणसत्तु	*अ.*	*अदीनशत्रु*	અદીનશત્રુ	ચંપાના રાજા જિતશત્રુ(૧)નો પુત્ર.
४. अदीणसत्तु	*ती.*	*अदीनशत्रु*	અદીનશત્રુ	એકવીસમા તીર્થંકર નમિ(૧)નો પૂર્વભવ.
अद्द	*अ.*	*आर्द्र*	આર્દ્ર	આર્દ્રપુરનો રાજા. તે આર્દ્રઅ(૨)નો પિતા હતો.
१. अद्दअ	*अ.*	*आर्द्रक*	આર્દ્રક	આ અને આર્દ્ર એક જ છે.

२. अद्दअ	*श्र.प्र.*	*आर्द्रक*	આર્દ્રક	આર્દ્રપુરના રાજા આર્દ્રનો પુત્ર. અભયે મોકલેલી તીર્થંકર ઋષભની પ્રતિમાને જોતા જ તેને પોતાની પત્ની સાથે રહેતા વસંતપુરના રહેવાસી 'સામા-યિક' તરીકેના પોતાના પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન થયું. સામાયિક અને તેની પત્નીએ સંસાર ત્યાગ કર્યો. પછી બન્ને જુદા જુદા વિચરતા હતા. એક વાર સામાયિક ભિક્ષાભ્રમણ કરતા હતા ત્યારે તેણીને જોઈ. તેણી તરફ પુનઃ આસક્તિ થઈ પણ તેની પત્ની ચલિત ન થઈ. મૃત્યુ પછી સામાયિક દેવ અને તેની પત્ની દેવી તરીકે જન્મ પામ્યા. દેવ-દેવી રૂપે આયુ પૂરું થતાં સામાયિક, આર્દ્રક રૂપે જન્મ્યો, તેની પત્ની વસંતપુરના એક ગૃહસ્થ ની પુત્રી તરીકે જન્મી. આર્દ્રકે પોતાના પૂર્વભવને જાતિસ્મરણથી જાણ્યા પછી સંસારથી વૈરાગ્ય પામી સંસાર ત્યાગ્યો. કોઈ વખત વસંતપુરમાં એકાન્તમાં ધ્યાન કરતા આર્દ્રકને પેલી કન્યાએ જોયો, તેણીએ આર્દ્રકને પરણવાનો નિશ્ચય કર્યો. આર્દ્રક તેની માંગણી સ્વીકારી. થોડા વર્ષો ગૃહસ્થ જીવન ભોગવી પુનઃ સંસાર ત્યાગી તીર્થંકર મહા-વીરનો શિષ્ય બન્યો, મોક્ષ પામ્યો. આર્દ્રકે રાજ-ગૃહીમા. ગોસાલક અને બીજા પંથોના અનુયાયી સાથે ચર્ચાઓ કરી. બુદ્ધ(૧) તેમજ હસ્તિતાપસ સાથે તેણે ચર્ચાઓ કરી. તે આર્દ્રકુમાર નામે પણ પ્રસિદ્ધ થયો હતો.
३. अद्दअ	*श्र.प्र.*	*आर्द्रक*	આર્દ્રક	અજૈન ઋષિ, જે તીર્થંકર પાર્શ્વના તીર્થમાં પ્રત્યેક બુદ્ધ તરીકે સ્વીકારાયા છે.
अद्दइज्ज	*आ.*	*आर्द्रकीय*	આર્દ્રકીય	સૂત્રકૃત્ નું બાવીસમું અધ્યયન.
अद्दकुमार	*श्र.*	*आर्द्रकुमार*	આર્દ્રકુમાર	તે અને આર્દ્રઅ(૨)એક જ છે.
अद्दग	*श्र.*	*आर्द्रक*	આર્દ્રક	આ અને આર્દ્ર તેમજ આર્દ્રક(૨) એક જ છે.
अद्दगवंस	*अ.*	*आर्द्रकवंश*	આર્દ્રકવંશ	આર્દ્રનો વંશ.
अद्दपुर	*ऐ.*	*आर्द्रपुर*	આર્દ્રપુર	જ્યાં આર્દ્રક(૨) જન્મ્યા હતા તે નગર.
अद्दय	*श्र.प्र.*	*आर्द्रक*	આર્દ્રક	જુઓ આર્દ્રક.
अद्दरायपुत्त	*श्र.*	*आर्द्रराजपुत्र*	આર્દ્રરાજપુત્ર	જુઓ આર્દ્રઅ(૨).
अद्दा	*दे.ज.*	*आर्द्रा*	આર્દ્રા	અઠ્ઠાવીસ નક્ષત્રમાંનું એક નક્ષત્ર. તેનું ગોત્રનામ લોહિત્યાયન છે. તેનો અધિષ્ઠાતા દેવ રુદ્ર છે.
अद्दाकुमार	*श्र.प्र.*	*आर्द्रकुमार*	આર્દ્રકુમાર	આ આર્દ્રક(૨)નું બીજું નામ છે.
अद्दागपसिण	*आ.*	*आर्द्रकप्रश्न*	આર્દ્રકપ્રશ્ન	પ્રશ્નવ્યાકરણદશાનું આઠમું અધ્યયન. તે ઉપલબ્ધ નથી, વિચ્છેદ ગયું છે.

अद्दालय	*श्र.प्र.*	*अद्दालक*	અદ્દાલક	પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારાયેલા અજૈન ઋષિ. તીર્થંકર પાર્શ્વના તીર્થમાં તે હતા.
अद्धमागह	*अ.*	*अर्धमागध*	અર્ધમાગધ	આ અને 'અર્ધમાગહી' એક જ છે.
अद्धमागहा	*अ.*	*अर्धमागधी*	અર્ધમાગધી	આ અને 'અર્ધમાગહી' એક જ છે.
अद्धमागही	*अ.*	*अर्धमागधी*	અર્ધમાગધી	અંશતઃ માગધ ભાષાઅને અંશતઃ પ્રાકૃત ભાષાના લક્ષણો ધરાવતી ભાષા. તે દેવોની ભાષા છે. ભ૦ મહાવીર અને બીજા તીર્થંકરોએ તેમાં ઉપદેશ આપ્યો. આગમ સૂત્રો આ ભાષામાં રચાયા છે.
अद्धसंकासा	*श्र.*	*अर्धसङ्काशा*	અર્ધસંકાશા	ઉજ્જૈનીના રાજા દેવલાસુત અને તેની રાણી અનુ–રક્તલોચનાની પુત્રી જેનો જન્મ માતાપિતાએ સંસારનો ત્યાગ કર્યો ત્યાર પછી થયેલો. પુત્રીને જન્મ આપીને માતા તરત જ મૃત્યુ પામી એટલે બીજી સાધ્વીઓએ તેને ઉછેરી. એકવાર સાધુ દેવલાસુત અર્ધસંકાશાને તેની ભરયુવાનીમાં જુએ છે અને તેના રૂપથી આકર્ષાય છે. પરંતુ તેને તેની ભૂલ સમજાય છે અને છેવટે મોક્ષ પામે છે. અર્ધ–સંકાશા પણ સંસારનો ત્યાગ કરે છે મોક્ષ પામે છે.
अपइट्ठाण	*भौ.न*	*अप्रतिष्ठान*	અપ્રતિષ્ઠાન	આ અને 'અપ્રતિષ્ઠાન' એક જ છે.
अपच्चक्खाण-किरिआ	*आ.*	*अप्रत्याख्यानक्रिया*	અપ્રત્યાખ્યાન-ક્રિયા	સૂત્રકૃત્ સૂત્રનું વીસમું અધ્યયન.
अपराइअ	*भौ.*	*अपराजित*	અપરાજિત	જુઓ 'અપરાજિત'.
१. अपराइय	*भौ.*	*अपराजित*	અપરાજિત	જંબૂદ્વીપના કે લવણસમુદ્રના, ચાર પ્રવેશદ્વારોનું એક. તે મંદર પર્વતની ઉત્તરે ૪૫૦૦૦ યોજન દૂર, લવણસમુદ્રના ઉત્તરાર્ધમાં દક્ષિણ કિનારે આવેલું છે. તે ચાર યોજન પહોળું, ચાર યોજન જાડું અને આઠ યોજન ઊંચું છે. જંબૂદ્વીપના બે સૌથી નજીકના પ્રવેશ દ્વારો વચ્ચેનું અંતર ૭૯,૦૦૦ યોજન છે. તેના અધિષ્ઠાતા અપરાજિત(૫) છે.
२. अपराइय	*भौ.*	*अपराजित*	અપરાજિત	રુચક(૧) પર્વતના ઉત્તર ભાગમાં આવેલું શિખર. તેની અધિષ્ઠાત્રી દેવી હ્રી(૧) છે.
३. अपराइय	*ती.*	*अपराजित*	અપરાજિત	અઢારમાં તીર્થંકર અરને સૌપ્રથમ ભિક્ષા આપનાર.
४. अपराइय	*दे.*	*अपराजित*	અપરાજિત	અપરાજિત(૧) પ્રવેશદ્વારના અધિષ્ઠાતા દેવ જેમની રાજધાની અપરાજિતા(૧) છે.
५. अपराइय	*दे.*	*अपराजित*	અપરાજિત	પાંચ અનુત્તર વિમાનોમાંનું એક. તેમના પૂર્વભવ માં પાંડવો અહીં જન્મ્યા હતા. ત્યાં વસતા દેવોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે એકત્રીસ અને તેંત્રીસ સાગરોપમ વર્ષ છે.

६. अपराइय	*दे.ज.*	*अपराजित*	અપરાજિત	અઠ્યાસી ગહોમાંનો એક ગ્રહ. સૂર્યપ્રજ્ઞપ્તિ અને જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં તેનો ઉલ્લેખ નથી.
७. अपराइय	*श्र.*	*अपराजित*	અપરાજિત	આઠમા બલદેવ પદ્મ(૬)નો પૂર્વભવ. તેમણે સમુદ્ર (૨) પાસે દીક્ષા ગ્રહણ કરી હતી.
८. अपराइय	*च.*	*अपराजित*	અપરાજિત	ભરત ક્ષેત્રમાં ભાવિ ઉત્સર્પિણીના છઠ્ઠા પ્રતિશત્રુ
९. अपराइय	*श्र.*	*अपराजित*	અપરાજિત	અચલપુરના રાજા જિતશત્રુ(૩૯)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી રાધા–આર્યનો શિષ્ય બન્યો. શ્રમણવિરોધી ઉજ્જૈનીના રાજકુમારને તેણે પાઠ ભણાવ્યો હતો.
१. अपराइआ	*ऐ.*	*अपराजिता*	અપરાજિતા	અપરાજિત(૫)ની રાજધાની. તે અસંખ્ય દ્વીપ–સમુદ્રોની પેલે પાર આવેલા અન્ય જંબૂદ્વીપમાં આવેલી છે. તેનો કિલ્લો ૩૭ યોજન ઊંચો છે.
२. अपराइया	*ऐ.*	*अपराजिता*	અપરાજિતા	મહાવિદેહમાં શંખ(૧૫) પ્રદેશની રાજધાની.
३. अपराइया	*ऐ.*	*अपराजिता*	અપરાજિતા	મહાવિદેહમાં વપ્રાવતી(૧) પ્રદેશની રાજધાની.
४. अपराइया	*ऐ.*	*अपराजिता*	અપરાજિતા	મહાવિદેહમાં મહાવત્સ પ્રદેશની રાજધાની.
५. अपराइया	*भौ.*	*अपराजिता*	અપરાજિતા	નંદીશ્વરવર દ્વીપમાં આવેલા અંજનક(૧) પર્વતના ઉત્તરે આવેલી પુષ્કરિણી.
६. अपराइया	*दे.*	*अपराजिता*	અપરાજિતા	રુચક(૧) પર્વતના પૂર્વ ભાગના અંજનપુલક(૨) શિખર ઉપર વસતી મુખ્ય દિસાકુમારી.
७. अपराइया	*दे.*	*अपराजिता*	અપરાજિતા	રુચકપર્વતના મધ્ય પ્રદેશની ઉપદિશામાં વસતી મુખ્ય દિસાકુમારી. બાકીની ત્રણ ઉપદિશાઓમાં વસતી ત્રણ દિસાકુમારીઓ છે–વિજયા, વૈજયંતી, જયંતી. તાજા જન્મેલા તીર્થંકરની નાળ કાપવાનું કામ તેઓ કરે છે. અન્ય ગ્રન્થોમાં આ કામ રુઆ, રુઆસિઆ વગેરેને સોંપવામાં આવ્યું છે. વધુ વિગતો માટે જુઓ દિસાકુમારી.
८. अपराइया	*दे.*	*अपराजिता*	અપરાજિતા	ઇંગાલગ ગ્રહની ચાર મુખ્ય પત્નીઓમાંની એક. દરેક ગ્રહ, નક્ષત્ર અને તારાને ચાર ચાર મુખ્ય પત્નીઓ હોય છે. તેમનાં નામો એકસરખાં છે.
९. अपराइया	*आ.*	*अपराजिता*	અપરાજિતા	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનુ અઠ્યાવીસમું અધ્યયન.
१०. अपराइया	*स.*	*अपराजिता*	અપરાજિતા	પખવાડિયાના દસમા દિવસની રાત્રિ.
११. अपराइया	*श्र.*	*अपराजिता*	અપરાજિતા	નાગપુરના ગૃહસ્થની દીકરી. તેણે સંસારનો ત્યાગ કર્યો અને તે તીર્થંકર પાર્શ્વની શિષ્યા બની. મરીને તે વ્યંતર દેવોના ઇંદ્ર અતિકાયની પટ્ટરાણી તરીકે જન્મી. તે કુડા નામે પણ જાણીતી છે.

१२. अपराइया	*ती.*	*अपराजिता*	અપરાજિતા	સંસારનો ત્યાગ કરતી વખતે આઠમા તીર્થંકર ચંદ્રપ્રભસ્વામી એ ઉપયોગમાં લીધેલી પાલખીનું નામ.
१३. अपराइया	*च.*	*अपराजिता*	અપરાજિતા	દશરથ(૧)ની મુખ્ય પત્ની અને આઠમા બલદેવ પદ્મ(૬)ની માતા. ટીકાકારો નોંધે છે કે તેનું બીજું નામ કૌશલ્યા હતું.
अपराजिअ	*भौ.*	*अपराजित*	અપરાજિત	આ અને અપરાજિત(૧) એક જ છે.
अपराजिआ	*ऐ.*	*अपराजिता*	અપરાજિતા	જુઓ અપરાજિતા(૨)
अपराजित	*दे.ज.*	*अपराजित*	અપરાજિત	જુઓ અપરાજિત(૭)
अपराजिय	*ती.*	*अपराजित*	અપરાજિત	જુઓ 'અપરાજિત'
अपराजिया	*दे.*	*अपराजिता*	અપરાજિતા	આ અને 'અપરાજિતા' એક જ છે.
अप्पइट्ठाण	*भौ.न*	*अप्रतिष्ठान*	અપ્રતિષ્ઠાન	તમસ્તમા નરકભૂમિમાં પાંચ વિશાલ નરકાવાસો માંનો એક. તે સૌથી વિશાલ છે. તેનો વિસ્તાર એક લાખ યોજન છે.
अप्पडिहअ	*अ.*	*अप्रतिहत*	અપ્રતિહત	સૌગંધિકા નગરીનો રાજા. સુકર્ણા તેની પત્ની હતી. તેનો પૌત્ર જિનદાસ તીર્થંકર મહાવીરનો શિષ્ય હતો.
अप्पतिट्ठाण	*भौ.न*	*अप्रतिष्ठान*	અપ્રતિષ્ઠાન	જુઓ અપ્રતિષ્ઠાન.
अप्पमाय	*आ.*	*अप्रमाद*	અપ્રમાદ	ઉત્તરાધ્યયનનું ઓગણત્રીસમું અધ્યયન.
अप्पराजिय	*श्र.*	*अपराजित*	અપરાજિત	જુઓ અપરાજિત(૬).
अबद्धिगदिट्ठि	*अ.*	*अबद्धिकदृष्टि*	અબદ્ધિકદૃષ્ટિ	આ અને 'અબદ્ધિય' એક જ છે.
अबद्धिय	*अ.*	*अबद्धिक*	અબદ્ધિક	'કર્મ આત્માને કેવળ સ્પર્શ જ કરે છે' એવો મત ધરાવનાર ગોષ્ઠામાહિલે વીર નિર્વાણ સંવત ૫૮૪માં ઉપદેશેલો સિદ્ધાંત. તેના સિદ્ધાંત પ્રમાણે 'કર્મ આત્મા સાથે બંધાય છે' એમ માનવુ ખોટું છે.
अब्बुय	*ऐ.*	*अर्बुद*	અર્બુદ	એક પર્વત, જ્યાં યાત્રાળુઓ સંખડિ (જમણવારી) કરતા હતા.
अब्भ	*आ.*	*अभ्र*	અભ્ર	ભગવતીસૂત્રના એકવીસમાં શતકનો સાતમો ઉદ્દેશક. તે દસ અધ્યયનોમાં વિભક્ત છે.
अब्भिंतर-पुक्खरद्ध	*भौ.*	*अभ्यन्तर-पुष्करार्ध*	અભ્યન્તર-પુષ્કરાર્ધ	પુષ્કરવર દ્વીપનો અંદરનો અડધો ભાગ. વિગતો માટે જુઓ પુષ્કરવર.

अभअ	*श्र.*	*अभय*	અભય	રાજગૃહીના રાજા શ્રેણિક(૧)નો નંદા(૧)થી બેન્નાતટ માં જન્મેલો પુત્ર. સર્વસામાન્યપણે બુદ્ધિના અને વિશેષણપણે તર્કશક્તિના દ્રષ્ટાંત તરીકે વારંવાર તેનો ઉલ્લેખ આવે છે. જ્યારે પહેલી વખત તે પોતાની માતા સાથે રાજગૃહી ગયો ત્યારે તેણે પોતાની બુદ્ધિશક્તિને દેખાડી. શ્રેણિક તેની મૌલિક બુદ્ધિથી એટલો તો પ્રભાવિત થઈ ગયો કે તેણે તેને પોતાનો પ્રધાનમંત્રી બનાવ્યો. તેની ઔત્પત્તિકિ બુદ્ધિના ઘણા ઉદાહરણો આગમોમાં જોવા મળે છે. શ્રેણકે અભયને રાજમુકુટ સ્વીકારવા કહ્યું પરંતુ અભયે તેનો સ્વીકાર ન કર્યો તે તીર્થંકર મહાવીરનો શિષ્ય બની ગયો. તે અનુત્તરવિમાન વિજયમાં દેવ તરીકે જન્મ લેશે અને મહાવિદેહમાં મોક્ષ પામશે.
अभग्ग	*आ.*	*अभग्न*	અભગ્ન	વિપાકશ્રુતના પ્રથમ શ્રુતસ્કન્ધનું ત્રીજું અધ્યયન. તેમાં અભગ્નસેન(૨)ની કથા છે.
१. अभग्गसेण	*क.*	*अभग्नसेन*	અભગ્નસેન	વારત્તપુરનો રાજા. તેનો મંત્રી વારત્તગ હતો. આ અભગ્નસેન અભયસેન નામે પણ જાણીતો હતો.
२. अभग्गसेण	*क.*	*अभग्नसेन*	અભગ્નસેન	મહાબલ દ્વારા શાસિત પુરિમતાલ નગરની પાસે આવેલા એક સ્થાનમાં વસતો પાંચસો ચોરોનો જે સરદાર વિજય હતો, તેનો પુત્ર. કોઈ વખતે ઉત્સવ પ્રસંગે છળકપટ કરીને રાજાએ તેને ગિરફ્તાર કર્યો. તેના ઉપર વિવિધ ત્રાસ ગુજાર્યા. તેના પોતાનાજ સ્વજનોનું માંસ, લોહી વગેરે તેને બળજબરીથી ખવડાવવામાં આવ્યા. તીર્થંકર મહાવીરે સમજાવ્યું કે આ બધો ત્રાસ તેને સહન કરવો પડ્યો કારણ કે ઈંડાના સમૃદ્ધ વેપારી નિન્નય(૧) તરીકે તેણે પોતાના પૂર્વભવમાં જે પાપો કરેલા તેનું તે પરિણામ હતું.
१. अभय	*श्र.*	*अभय*	અભય	જુઓ અભય.
२. अभय	*आ.*	*अभय*	અભય	અનુત્તરોપપાતિકદશાના વર્ગ૧ નું ૧૦મું અધ્યયન
अभयकरा	*ती.*	*अभयङ्करा*	અભયંકરા	સંસારનો ત્યાગ કરતી વખતે સત્તરમા તીર્થંકર કુંથુ એ ઉપયોગમાં લીધેલી પાલખીનું નામ.
अभयकुमार	*श्र.*	*अभयकुमार*	અભયકુમાર	આ અને અભય(૧) એક જ છે.
अभयघोष	*अ.*	*अभयघोष*	અભયઘોષ	પ્રભંકર નગરીના શ્રેષ્ઠીનો પુત્ર, જે તેના પૂર્વ ભવમાં શ્રેયાંસ(૩) હતો.
अभयसेण	*क.*	*अभयसेन*	અભયસેન	અભગ્નસેન(૧) નું બીજું નામ.
अभया	*अ.*	*अभया*	અભયા	ચંપાની રાણી. દધિવાહન રાજાની પત્ની

अभिइ	*दे.ज.*	*अभिजित्*	અભિજિત્	૨૮ નક્ષત્રમાંનું એક. બ્રહ્મદેવતા. તેની અધિષ્ઠાત્રી દેવતા છે. આ નક્ષત્રનું ગોત્રનામ મુદ્ગલાયન છે.
१. अभिचंद	*अ.*	*अभिचन्द्र*	અભિચંદ્ર	ભરતક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણીમાં થયેલા સાત કુલકરમાંના ચોથા કુલકર. તેમની ઊંચાઈ ૬૦૦ ધનુષ હતી. તેમની પત્ની પ્રતિરુપા હતી. તે ચંદ્રાભ નામે પણ જાણીતા છે.
२. अभिचंद	*आ.*	*अभिचन्द्र*	અભિચંદ્ર	અંતકૃદ્દશાના બીજા વર્ગનું આઠમું અધ્યયન.
३. अभिचंद	*श्र.*	*अभिचन्द्र*	અભિચંદ્ર	રાજા વૃષ્ણિ(૧) અને રાણી ધારિણી(૫)નો પુત્ર. તે સંસાર ત્યાગીને તીર્થંકર અરિષ્ટનેમિનો શિષ્ય બન્યો. સોળ વર્ષ સુધી શ્રમણના વ્રતોનું પાલન કરીને પછી શત્રુંજય પર્વત ઉપર તે મોક્ષે ગયો.
४. अभिचंद	*श्र.*	*अभिचन्द्र*	અભિચંદ્ર	વીતસોગાના રાજા મહાબલ(૨)નો ઘનિષ્ઠ મિત્ર.
५. अभिचंद	*स.ज*	*अभिचन्द्र*	અભિચંદ્ર	દિન–રાતના ત્રીસ મુહૂર્ત્તમાંનું એક.
अभिजाअ	*स.*	*अभिजात*	અભિજાત	પખવાડિયાનો અગિયારમો દિવસ અર્થાત્ શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષની અગિયારસ.
अभिणंद	*स.*	*अभिनन्द*	અભિનંદ	આ અને 'અભિનંદિઅ' એક જ છે.
अभिणंदण	*ती.*	*अभिनन्दन*	અભિનંદન	વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં થયેલા ચોથા તીર્થંકર. વિનીતા નગરીના રાજા સંવર અને તેની રાણી સિદ્ધાર્થાનો પુત્ર. ત્રીજા તીર્થંકર સંભવના મૃત્યુ પછી દસ લાખ કરોડ સાગરોપમ વર્ષો પૂરા થતા તેમનો જન્મ થયો હતો. તેમની ઊંચાઈ ૩૫૦ ધનુષ હતી. તપ્તસુવર્ણ જેવો તેમનો વર્ણ હતો. તેમણે ૧૦૦૦ પુરુષો સાથે સંસાર ત્યાગ કર્યો હતો. તે પ્રસંગે તેમણે સુપ્રસિદ્ધા પાલખીનો ઉપયોગ કર્યો હતો. તેમને સાધુઓના ૧૧૬ ગણો હતા અને ૧૧૬ ગણધર હતા. તે ૫૦ લાખ પૂર્વ વર્ષો જીવ્યા (સાડાબાર રાજકુમાર રૂપે, સાડી છત્રીસ રાજા રૂપે અને એક લાખ પૂર્વ શ્રમણ રૂપે અને પછી સમ્મેત પર્વત ઉપર મોક્ષ પામ્યા. તેમના પ્રમુખ શિષ્ય વજ્રનાભ હતા અને પ્રમુખ શિષ્યા અજિતા હતા. તેમને સૌ પ્રથમ ભિક્ષા આપનાર ઇંદ્રદત્ત હતા. તેમના શિષ્યો ત્રણ લાખ હતા અને શિષ્યાઓ છ લાખ ત્રીસ હજાર હતી. તેમનો પૂર્વભવ ધર્મસીહ તરીકેનો હતો.
अभिणंदिअ	*स.*	*अभिनन्दित*	અભિનંદીત	શ્રાવણ મહિનાનું અસામાન્ય નામ.
अभिवद्धि	*दे.*	*अभिवृद्धि*	અભિવૃદ્ધિ	આ અને 'અહિવદ્ધિ' એક જ છે.
अभीइ	*दे.ज.*	*अभिजित्*	અભિજિત્	જુઓ અભિઈ.

अभीजि	*दे.ज.*	*अभिजित्*	અભિજિત્	આ અને અભિઈ એક જ છે.
अभीति	*श्र.*	*अभीति*	અભીતિ	સિંધુસોવીર દેશમાં આવેલા વીતિભય નગરના રાજા ઉદાયનઅને તેની રાણી પ્રભાવતીનો પુત્ર. સંસારનો ત્યાગ કરતી વખતે ઉદાયને રાજગાદી પોતાના પુત્રને ન સોંપતા પોતાની બહેનના દીકરા કેસિને સોંપી. પોતાના પિતાના પોતાને પ્રતિકૂળ કાર્ય અને નિર્ણયથી અભીતિ દુઃખી થઈને ચંપા જતો રહ્યો અને રાજા કૂણિઅ સાથે રહ્યો.
अभीयि	*दे.ज.*	*अभीति*	અભીતિ	આ અને અભીતિ તથા અભિઈ એક છે.
अभीयिकुमार	*श्र.*	*अभीतिकुमार*	અભીતિકુમાર	આ અને 'અભીતિ' એક જ છે.
१. अमम	*स.*	*अमम*	અમમ	રાત-દિનના ત્રીસ મુહૂર્ત્તમાંનું એક. સમવાયમાં તેનો 'આવત્ત'(૫) નામે નિર્દેશ છે.
२. अमम	*ती.*	*अमम*	અમમ	ભરત(૨)માં ભાવિ ઉત્સર્પિણીમાં થનારા બારમા ભાવિ તીર્થંકર. વાસુદેવ કૃષ્ણનો આત્મા જે અત્યારે નરકમાં છે તે જ ભરતમાં શતદ્વાર નગરમાં આ અમમ તરીકે જન્મ લેશે. સમવાય અનુસાર તે બારમા નહિ પણ તેરમા ભાવિ તીર્થંકર છે.
अमयघोस	*श्र.*	*अमृतघोष*	અમૃતઘોષ	કાલિન્દ્રી નગરીનો રાજા. તેણે સંસારત્યાગ કર્યો. ચંડવેગે ત્રાસ આપી મારી નાખ્યા. તે મોક્ષે ગયા.
अमरकंका	*ऐ.*	*अमरकङ्का*	અમરકંકા	આ અને અવરકંકા(૧) એક જ છે.
अमरवइ	*श्र.*	*अमरपति*	અમરપતિ	જ્ઞાતવંશનો રાજકુમાર જે સંસાર ત્યાગી તીર્થંકર મલ્લિનો શિષ્ય બન્યો હતો.
अमरसेण	*श्र.*	*अमरसेन*	અમરસેન	જ્ઞાતવંશનો રાજકુમાર જે સંસાર ત્યાગી અમર-વઈની જેમ જ તીર્થંકર મલ્લિનો શિષ્ય બન્યો હતો.
१. अमला	*ती.श्र*	*अमला*	અમલા	એકવીસમા તીર્થંકર નમિની પ્રમુખ શિષ્યા. તેનો અનિલા નામે પણ ઉલ્લેખ થયો છે. અમિલા એ અમલાનું પાઠાન્તર લાગે છે.
२. अमला	*दे.*	*अमला*	અમલા	શક્ર(૩)ની આઠ પટ્ટરાણીઓમાંની એક. તે અચલા (૨) નામે પણ જાણીતી હતી.
अमितसेण	*अ.*	*अमृतसेन*	અમૃતસેન	જુઓ અજિતસેન(૫).
अमियगइ	*दे.*	*अमितगति*	અમિતગતિ	દક્ષિણના દિસાકુમાર દેવોનો ઇંદ્ર. તેને છ પટ્ટરાણી છે. જેમના નામો ધરણની પટ્ટરાણીઓના નામોઅનુસાર જ છે. તેના ચાર લોકપાલ છે-ત્વરિતગતિ, ક્ષિપ્રગતિ, સીહગતિ અને સીહવિક્રમગતિ.
अमियतेय	*श्र.*	*अमिततेजस्*	અમિતતેજસ્	એક ચરણ સાધુ.

अमियवाहण	*दे.*	*अमितवाहन*	અમિતવાહન	ઉત્તરના દિસાકુમાર દેવોનો ઇંદ્ર. તેને છ પટ્ટ–રાણીઓ છે જેમના નામો ભૂતાનંદ(૧)ની પટ્ટરાણીઓના નામોને મળતા છે. તેને ચાર લોકપાલ અમિયગતિ અનુસાર છે.
अमिला	*ती.श्र*	*अमिला*	અમિલા	જુઓ અમલા(૧).
१. अमोह	*भौ.दे*	*अमोघ*	અમોઘ	સાતમું ગ્રૈવેયક વિમાન.
२. अमोह	*भौ.*	*अमोघ*	અમોઘ	રુચક(૧) પર્વતના પશ્ચિમ ભાગમાં આવેલું શિખર. તેની અધિષ્ઠાત્રી દેવી સુરદેવી(૨) છે.
३. अमोह	*दे.*	*अमोघ*	અમોઘ	શક્રના લોકપાલ વૈશ્રમણના હાથ નીચેનો દેવ.
४. अमोह	*दे.*	*अमोघ*	અમોઘ	એક યક્ષ જેનું ચૈત્ય સાહંજણી નગરીના દેવરમણ ઉદ્યાનમાં આવેલું છે.
अमोहदंसण	*ऐ.*	*अमोघदर्शन*	અમોઘદર્શન	પુરિમતાલની ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન. તેમાં યક્ષ અમોઘદર્શીનું ચૈત્ય આવેલું હતું.
अमोहदंसि	*दे.*	*अमोघदर्शिन्*	અમોઘદર્શિન્	એક યક્ષ દેવ જેનું ચૈત્ય પુરિમતાલ પાસેના અમોઘદર્શન ઉદ્યાનમાં આવેલું હતું.
अमोहरह	*अ.*	*अमोघरथ*	અમોઘરથ	ઉજ્જૈનીના રાજા જિતશત્રુ(૩૬)નો સારથિ. યશો–મતી તેની પત્ની હતી, અડગદત્ત તેનો પુત્ર હતો.
१. अमोहा	*भौ.*	*अमोघा*	અમોઘા	નંદીશ્વર દ્વીપમાં આવેલા અંજનગ પર્વતના પશ્ચિમ ભાગમાં આવેલી પુષ્કરિણી.
२. अमोहा	*भौ.*	*अमोघा*	અમોઘા	જંબુસુદર્શનાનું બીજું નામ.
१. अम्मड	*क.ता*	*अम्बड*	અંબડ	તીર્થંકર મહાવીરનો સમકાલીન એક બ્રાહ્મણ પરિવ્રાજક. તેને ૭૦૦ શિષ્યો હતા. મહાવીરના ઉપદેશોમાં પૂર્ણ શ્રદ્ધા હતી. જ્યારે તે અને તેના શિષ્યો કંપિલ્લપુરથી પુરિમતાલ જઈ રહ્યા હતા ત્યારે તે બધા મૃત્યુ પામ્યા કારણ કે તેમણે લીધેલા વ્રત મુજબ તેમને પાણી દેનાર કોઈ હતું નહિ. મરીને તે બધાએ બ્રહ્મલોકમાં જન્મ ધારણ કર્યો. ભવિષ્યમાં મહાવિદેહમાં તેઓ મોક્ષ પામશે.
२. अम्मड	*श्रा.*	*अम्बड*	અંબડ	તીર્થંકર મહાવીરનો ઉપાસક શ્રાવક. તે સુલસાને મળ્યો, ભ૰ મહાવીર વતી ખબર પૂછ્યા.સુલસાની શ્રદ્ધાની દ્રઢતા જાણવા તેની અનેક પરીક્ષા કરી અને તેની શ્રદ્ધાની દ્રઢતા જાણીને તેની પ્રશંસા કરી. આ અંબડ આવતા ઉત્સર્પિણી કાલમાં ભરત ક્ષેત્રમાં તેવીસમાં તીર્થંકર તરીકે જન્મ લેશે.
३. अम्मड	*श्र.प्र.*	*अम्बड*	અંબડ	તીર્થંકર પાર્શ્વના તીર્થમાં થયેલો એક પરિવ્રાજક જેનો પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકાર થયો છે. તેને યોગંધરાયન(૨) સાથે ચર્ચા થઈ હતી.

अम्मया	*च.*	*अमृता*	અમૃતા	પાંચમા વાસુદેવ પુરિસસીહની માતા.
अय	*दे.*	*अज*	અજ	પૂર્વાભાદ્રપદ નક્ષત્રના અધિષ્ઠાતા દેવ.
१. अयंपुल	*दे.*	*अयम्पुल*	અયંપુલ	શક્રના લોકપાલ વરુણ(૧)ના કુટુંબનો સભ્ય.
२. अयंपुल	*क.गो*	*अयम्पुल*	અયંપુલ	ગોસાલકનો ઉપાસક. તે શ્રાવસ્તીનો હતો. એક વાર હલ્લા (એક જાતનું જંતુ)ના આકાર અંગે પૂછવા તે કુતૂહલવશ ગોસાલક પાસે ગયો. તેણે ગોસાલકને વિચિત્ર સ્થિતિમાં–નાચતા, ગાતા અને મદ્યપાન કરતા જોયા. તેથી તે શરમીંદો બની પાછો ફરવા માગતો હતો. ગોસાલકના શિષ્યોને આનો ખ્યાલ આવી જતા તેમણે તેને નિર્વાણ (મોક્ષ) પામવાની પૂર્વ સંધ્યાએ આચરવામાં આવતી આઠ બાબતો (ચરમો) સમજાવી. આ સમજૂતીથી સંતુષ્ટ થયેલો તે ગોસાલક પાસે ગયો અને પોતાની શંકાનું સમાધાન પામ્યો.
अयकर	*दे.ज.*	*अजकर*	અજકર	આ અને 'અયકરઅ' એક જ છે.
अयकरअ	*दे.ज.*	*अजकरक*	અજકરક	અઠ્યાસી ગ્રહમાંનો એક ગ્રહ.
अयकरग	*दे.ज.*	*अजकरक*	અજકરક	આ અને 'અયકરઅ' એક જ છે.
अयल	*ती.ग*	*अयल*	અયલ	આ અને અચલ તથા અયલભાયા એક છે.
अयलग्गाम	*ऐ.*	*अचलग्राम*	અચલગ્રામ	એક ગામ. અહીં સુભદ્ર આદિ ચારે એક તાપસ સાથે યશોધર પાસે દીક્ષા લીધી હતી. આ ગામ મગધમાં આવેલુ હતુ.
अयलपुर	*ऐ.*	*अचलपुर*	અચલપુર	આભીર દેશમાં કૃષ્ણાઅને બેન્નાનદીઓના સંગમ પાસે આવેલું નગર. તે રાજા જિતશત્રુ(૩૯) ની રાજધાની હતું. રેવતીનક્ષત્ર નામના આચાર્યના શિષ્ય સીહ(૩) એ અહીં દીક્ષા લીધી હતી.
अयलभद्दा	*अ.*	*अचलभद्रा*	અચલભદ્રા	જુઓ વૈશ્રમણપભ.
अयलभाया	*ती.ग*	*अचलभ्रातृ*	અચલભ્રાતૃ	તીર્થંકર મહાવીરના નવમા ગણધર. કોસલાના વસુ અને નંદાનો પુત્ર. તે શુભ અને અશુભ કર્મમાં શ્રદ્ધા ધરાવતા ન હતા. મહાવીરે આ જાણ્યુ અને તેમની શંકા દૂર કરી. મહાવીરની દલીલો તેમના ગળે ઊતરી ગઈ અને તેમના ૩૦૦ શિષ્યો સાથે મહાવીરના શિષ્ય બન્યા. બોંતેર વર્ષની ઉંમરે તે મોક્ષ પામ્યા. તે અચલ નામે પણ પ્રસિદ્ધ હતા. તે અને અકંપિત બન્ને એક જ ગણ સંભાળતા હતા. તે ગૃહસ્થ તરીકે ૪૬ વર્ષ, શ્રમણ સાધુ તરીકે ૧૨ વર્ષ અને કેવલી તરીકે ૧૪ વર્ષ જીવ્યા.

अयसी	*अ.*	*अतसी*	અતસી	ભગવતીસૂત્રના એકવીસમાં શતકનો ત્રીજો ઉદ્દેશક.
अयावालगवायग	*क.*	*अजापालकवाचक*	અજાપાલકવાચક	એક વૃદ્ધ શ્રમણ જે પોતે લીધેલા વ્રતોમાંથી પતન પામ્યો. પછી તે બકરીઓનો પાલક બન્યો.
अयोज्झा	*ऐ.*	*अयोध्या*	અયોધ્યા	જુઓ અયોધ્યા(૨).
अयोमुह	*भौ.*	*अयोमुख*	અયોમુખ	એક અંતરદ્વીપ.
अर	*ती.च*	*अर*	અર	ભરતક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણીમાં થયેલા ૧૮ માં તીર્થંકર. તે સાતમા ચક્રવર્તી પણ હતા. તે ગજપુરના રાજા સુદર્શન અને તેમની રાણી દેવીના પુત્ર હતા. સુરશ્રી તેમની પટ્ટરાણી હતી. તેમની ઊંચાઈ ત્રીસ ધનુષ હતી. તેમનો વર્ણ તપ્ત સુવર્ણ જેવો હતો. ૪૨૦૦૦ વર્ષની ઉંમરે ચક્રવર્તી બન્યા અને ૬૩૦૦૦ વર્ષની ઉંમરે તેમણે ૧૦૦૦ પુરુષો સાથે સંસાર ત્યાગ કર્યો. આ પ્રસંગે તેમણે નિવૃત્તિકરા પાલખી ઉપયોગમાં લીધી. અપરાજિત (૩) તેમને સૌ પ્રથમ ભિક્ષા આપનાર હતા. ત્રણ વર્ષ પછી તે કેવળજ્ઞાન પામ્યા. તેમનું પવિત્ર વૃક્ષ આમ્રવૃક્ષ હતું. તેમની આજ્ઞામાં સાધુઓના તેંત્રીસ ગણ હતા, ૩૩ ગણધર હતા. તેમના ૫૦૦૦૦ શિષ્યો હતા, શિષ્યાઓ ૬૦૦૦૦ હતી. ૮૪૦૦૦ વર્ષની ઉંમરે સમ્મેત પર્વત ઉપર તે મોક્ષ પામ્યા. તેમનો પ્રથમ શિષ્ય કુંભ હતો અને પ્રથમ શિષ્યા રક્ષિતા હતી. ઐરાવત માં તેમના સમકાલીન તીર્થંકર અતિપાર્શ્વ હતા. પોતાના પૂર્વભવમાં અર સુદર્શન(૬) નામે હતા.
१. अरअ	*दे.ज.*	*अरजस्*	અરજસ્	અઠ્યાસી ગ્રહમાંનો એક ગ્રહ.
२. अरअ	*भौ.दे*	*अरजस्*	અરજસ્	બ્રહ્મલોકના છ થરોમાંનું એક થર.
अरक्खुरिता	*ऐ.*	*अरक्षुरिका*	અરક્ષુરિકા	જુઓ અરક્ખુરી.
अरक्खुरी	*ऐ.*	*अरक्षुरी*	અરક્ષુરી	ચંડધ્વજ રાજાની રાજધાની. સૂર્યની મુખ્ય પત્ની સૂર્યપ્રભા પોતાના પૂર્વભવમાં અહીં જન્મી હતી. તીર્થંકર પાર્શ્વ અહીં આવ્યા હતા.
अरखुरी	*ऐ.*	*अरक्षुरी*	અરક્ષુરી	જુઓ 'અરક્ખુરી'.
अरजा	*ऐ.*	*अरजा*	અરજા	મહાવિદેહના કુમુદપ્રદેશની રાજધાની. તે મંદર પર્વતની દક્ષિણ–પશ્ચિમે આવેલી છે. સ્થાનમાં અરજાના બદલે અશોકાનો ઉલ્લેખ છે.
अरण्णवडिंसग	*दे.*	*अरण्यावतंसक*	અરણ્યાવતંસક	આરણ કલ્પમાં આવેલું એક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એકવીસ સાગરોપમ વર્ષ છે.

अरय	*दे.ज.*	*अरजस्*	અરજસ્	આ અને 'અરઅ'(૧) એક જ છે.
अरहण्ण	*श्र.*	*अर्हन्न*	અર્હન્ન	આ અને 'અરહણ્ણઅ'(૨) એક જ છે.
१. अरहण्णअ	*क.*	*अर्हन्नक*	અર્હન્નક	ચંપાનો સાગરખેડૂ. તે ધર્મશ્રદ્ધામાં દ્રઢ હતો. એક વાર લવણસમુદ્રમાં એક દેવે તેને ખૂબ ત્રાસ આપ્યો. તે દેવે તેને તેના વ્રતો છોડી દેવા ધમકી આપી કે જો તેમ નહિ કરે તો તેનું વહાણ ડૂબાડી દેશે. તે જરાપણ વિચલિત ન થયો. તે તેના વ્રત–પાલનમાં અડગ રહ્યો. તેથી દેવે પ્રસન્ન થયો, તેને કુંડળોની જોડ ભેટ આપી. તે વેપારીએ તે જોડ મિથિલાની રાજકુમારી મલ્લિને ભેટ આપી.
२. अरहण्णअ	*श्र.*	*अर्हन्नक*	અર્હન્નક	તગરાના દત્ત અને ભદ્રાનો પુત્ર. તે પોતાના માતા પિતા સાથે સંસાર ત્યાગી ગુરુ અર્હમિત્ર(૩) નો શિષ્ય બન્યો. પોતાના પિતાના અવસાન પછી તેને ભિક્ષા માટે જવુ પડતુ. સૂર્યનો તાપ તેનાથી સહન થતો ન હોવાથી તેણે શ્રમણોના વ્રતો ત્યાગી દીધા અને એક સ્ત્રી સાથે તે રહેવા લાગ્યો. આનાથી ખૂબ જ દુ:ખી થયેલી તેની માતા ગાંડી બની ગઈ. તેને માતાની દયા આવી અને તેથી તે પુનઃ શ્રમણ બન્યો અને સૂર્યતાપ વગેરેથી થતી પીડા તેણે સહન કરી.
३. अरहण्णअ	*क.*	*अर्हन्नक*	અર્હન્નક	ક્ષિતિપ્રતિષ્ઠિતના અર્હમિત્ર(૧)નો મોટો ભાઈ. પોતાના નાના ભાઈમાં આસક્ત પોતાની પત્નીએ જ તેને મારી નાખ્યો. જુઓ અર્હમિત્ર(૧).
अरहण्णग	*क.*	*अर्हन्नक*	અર્હન્નક	આ અને અરહણ્ણઅ(૧) એક છે.
अरहदत्ता	*अ.*	*अर्हद्दत्ता*	અર્હદ્દત્તા	સૌગંધિકાના અપ્પડિહય અને સુકણ્હાના પુત્ર મહચંદ્ર(૧)ની પત્ની.
१. अरहमित्त	*श्र.*	*अर्हन्मित्र*	અર્હન્મિત્ર	ક્ષિતિપ્રતિષ્ઠિતના 'અરહણ્ણઅ'(૩)નો નાનો ભાઈ, તેનામાં અર્હન્નકની પત્ની આસક્ત હતી. તેથી તેણે અર્હમિત્રને વશ કરવા પ્રયત્ન કર્યા પણ અર્હમિત્ર તેની ઇચ્છાને તાબે ન થયો. અર્હમિત્રને ખુશ કરવા તે એટલી હદે ગઈ કે તેણે પોતાના પતિને મારી નાખ્યો. આ દુ:ખદ ઘટનાથી ખિન્ન બની ગયેલા અર્હમિત્ર એ સંસાર ત્યાગ્યો અને તે શ્રમણ બન્યો. અને અર્હન્નકની પત્ની મરીને કૂતરી થઈ અને અર્હમિત્રને ત્રાસ આપવા લાગી. ત્યાર પછી મરીને તે મધમાખી બની, ઇત્યાદિ.
२. अरहमित्त	*अ.*	*अर्हन्मित्र*	અર્હન્મિત્ર	બારમતીનો વેપારી. અણુધરી તેની પત્ની હતી અને જિનદેવ(૨) તેમનો પુત્ર હતો.

३. अरहमित्त	*श्र.*	*अर्हन्मित्र*	અર્હન્મિત્ર	શ્રમણ ગુરુ જેમણે અર્હન્નક (૨)ને તગરામાં દીક્ષા આપી હતી.
१. अरिट्ठ	*अ.*	*अरिष्ट*	અરિષ્ટ	મંડવ ગોત્રની સાત શાખાઓમાંની એક શાખા.
२. अरिट्ठ	*ती.श्र*	*अरिष्ट*	અરિષ્ટ	પંદરમાં તીર્થંકર ધર્મ(૩)નો સૌપ્રથમ શિષ્ય.
अरिट्ठणेमि	*ती.*	*अरिष्टनेमि*	અરિષ્ટનેમિ	વર્તમાન અવસર્પિણીમાં થયેલા બાવીસમાં તીર્થંકર જે નેમિ નામે પણ પ્રસિદ્ધ હતા. તે હરિવંસના હતા. તે સોરિયપુરના રાજા સમુદ્રવિજય(૧) અને તેમની રાણી શીવા(૨)ના પુત્ર હતા. રથનેમિ વગેરે તેમના ભાઈઓ હતા. તેમની ઊંચાઈ દસ ધનુષ અનેવર્ણ શ્યામ હતો. ઉગ્રસેન રાજાની કુંવરી રાજીમતિ સાથે તેમનું સગપણ નક્કી થયું હતું. પણ અરીષ્ટનેમિએ પોતાનો બધો પરિગ્રહ ત્યાગીને સંસાર છોડી દીધો. ઉત્તરકુરા નામની પાલખીમાં બેસીને નીકળ્યા, સાથે એક હજાર પુરુષોએ પણ સંસાર ત્યાગ કર્યો હતો. તેમને સૌપ્રથમ ભિક્ષા આપનાર વરદત્ત(૪) હતા. ૫૪ દિવસ પછી તેમને કેવળજ્ઞાન થયું. તેમના સંઘમાં સાધુઓના અઢાર ગણો અને અઢાર ગણધરો હતા. ૧૮૦૦૦ સાધુઓ અને ૪૦૦૦૦ સાધ્વીઓ હતા, ૧૬૯ હજાર શ્રાવકો હતા અને ૩૩૬ હજાર શ્રાવિકાઓ હતી. ૧૦૦૦ વર્ષનું આયુષ્ય (જેમાં રાજકુમાર તરીકેના ૩૦૦ વર્ષ સમાવિષ્ટ છે.) ભોગવી તે ઉર્જિત શૈલના શિખર ઉપર મોક્ષ પામ્યા. યક્ષીણી તેમના પ્રધાન શિષ્યા હતા. વરદત્ત(૪) તેમના પ્રથમ શિષ્ય હતા, નંદ(૧૦) તેમના પ્રધાન શ્રાવક હતા અને મહાસુવ્રતા તેમના પ્રથમ શ્રાવિકા હતા. ઐરાવતમાં અગ્નિસેન તેમના સમકાલીન તીર્થંકર હતા. અરિષ્ટનેમિએ વાસુદેવકૃષ્ણની પદ્માવતી આદિ આઠ રાણીઓને દીક્ષા આપી હતી. તે તેમના પૂર્વભવમાં સંખ(૫) નામે હતા.
अरिट्ठपुरा	*ऐ.*	*अरिष्टपुरी*	અરિષ્ટપુરી	મહાવિદેહમાં આવેલા કચ્છગાવતી(૨) પ્રદેશની રાજધાની.
अरिट्ठा	*ऐ.*	*अरिष्टा*	અરિષ્ટા	મહાવિદેહમાં આવેલા મહાકચ્છ(૨) પ્રદેશની રાજધાની. આ અને રિષ્ટા(૨) એક જ છે.
अरिट्ठावइ	*ऐ.*	*अरिष्टावती*	અરિષ્ટાવતી	આ અને અરિષ્ટપુરા એક જ છે.
अरिहमित्त	*श्र.*	*अर्हन्मित्र*	અર્હન્મિત્ર	આ અને અર્હમિત્ર(૩) એક જ છે.
१. अरुण	*दे.ज.*	*अरुण*	અરુણ	અઠ્યાસી ગ્રહમાંનો એક ગ્રહ.

२. अरुण	*दे.*	*अरुण*	અરુણ	વિકટાવતી પર્વતનો અધિષ્ઠાતા દેવ.
३. अरुण	*दे.*	*अरुण*	અરુણ	ગંધાવતી પર્વતનો અધિષ્ઠાતા દેવ.
४. अरुण	*भौ.*	*अरुण*	અરુણ	નંદીસરોદ સમુદ્રની ચારે બાજુ આવેલો વલયાકાર દ્વીપ જે ખુદ અરુણોદ(૨) સમુદ્ર વડે ચારેબાજુથી ઘેરાયેલો છે. અશોક અને વીતશોક અધિષ્ઠાતા દેવો છે. અરુણને અરુણોદ પણ કહે છે.
५. अरुण	*श्र.*	*अरुण*	અરુણ	મહાસાલ(૨)ના પુત્ર અને તીર્થંકર પાર્શ્વ(૧)ના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવેલ છે.
अरुणकंत	*दे.*	*अरुणकान्त*	અરુણકાન્ત	સુધર્મકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન.
अरुणकील	*दे.भौ*	*अरुणकील*	અરુણકીલ	સુધર્મ(૧) કલ્પમાં (દેવલોકમાં) આવેલું સ્વર્ગીય વાસસ્થાન.
अरुणगव	*दे.भौ*	*अरुणगव*	અરુણગવ	સુધર્મ(૧) કલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન.
अरुणज्झअ	*दे.भौ*	*अरुणध्वज*	અરુણધ્વજ	સુધર્મ(૧) કલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન.
१. अरुणप्पभ	*दे.भौ*	*अरुणप्रभ*	અરુણપ્રભ	લવણ સમુદ્રમાં આવેલો પર્વત. તે અનુવેલંધર દેવોના અરુણપ્રભ રાજાનું વાસસ્થાન છે. તેમની રાજધાનીનું નામ પણ અરુણપ્રભ છે. જુઓ અનુવેલંધરનાગરાજ.
२. अरुणप्पभ	*दे.भौ*	*अरुणप्रभ*	અરુણપ્રભ	સુધર્મ(૧) કલ્પમાં (દેવલોકમાં) આવેલું સ્વર્ગીય વાસસ્થાન.
अरुणप्पभा	*ती.*	*अरुणप्रभा*	અરુણપ્રભા	પોતાના સંસારત્યાગના પ્રસંગે નવમા તીર્થંકર સુવિધિ એ ઉપયોગમાં લીધેલી પાલખી.
अरुणभूअ	*दे.भौ*	*अरुणभूत*	અરુણભૂત	સુધર્મ(૧) કલ્પમાં (દેવલોકમાં) આવેલું સ્વર્ગીય વાસસ્થાન.
अरुणमहावर	*भौ.*	*अरुणमहावर*	અરુણમહાવર	જુઓ 'અરુણવરોદ'
१. अरुणवर	*भौ.*	*अरुणवर*	અરુણવર	અરુણોદ અથવા અરુણોદગ સમુદ્રની ચારે બાજુ આવેલો વલયાકાર દ્વીપ, અરુણવરભદ્ર અને અરુણવરમહાભદ્ર તેના અધિષ્ઠાતા દેવો છે. આ દ્વીપ ચારે બાજુ અરુણવરોદ સમુદ્રથી ઘેરાયેલ છે.
२. अरुणवर	*भौ.*	*अरुणवर*	અરુણવર	આ અને અરુણવરોદ એક જ છે.
३. अरुणवर	*दे.*	*अरुणवर*	અરુણવર	એક દેવ. જુઓ અરુણવરોદ.
अरुणवरभद्द	*दे.*	*अरुणवरभद्र*	અરુણવરભદ્ર	અરુણવર(૧) દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક દેવ.
अरुणवरमहाभद्द	*दे.*	*अरुणवरमहाभद्र*	અરુણવરમહાભદ્ર	અરુણવર(૧) દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક દેવ.

१. अरुणवरावभास	*भौ.*	*अरुणवरावभास*	અરુણવરાવભાસ	અરુણવરોદ સમુદ્રને ઘેરીને આવેલો વલયાકાર દ્વીપ અરુણવરાવભાસભદ્ર અને અરુણવરાવ–ભાસમહાભદ્ર તેના અધિષ્ઠાતા દેવો છે. આ દ્વીપ ની ચારે બાજુ અરુણવરાવભાસ સમુદ્ર આવ્યો છે.
२. अरुणवरावभास	*भौ.*	*अरुणवरावभास*	અરુણવરાવભાસ	અરુણવરાવભાસ(૧) દ્વીપને ચારે બાજુ ઘેરીને આવેલો સમુદ્ર. અરુણવરાવભાસવર અને અરુણવરાવભાસ–મહાવર તેના અધિષ્ઠાતા દેવો છે. આ સમુદ્રની ચારે બાજુ વલયાકાર કુંડલ(૧) દ્વીપ આવેલો છે.
अरुणवराव-भासभद्द	*दे.*	*अरुणवरावभासभद्र*	અરુણવરાવ-ભાસભદ્ર	અરુણવરાવભાસ(૧) દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.
अरुणवरावभास-महाभद्द	*दे.*	*अरुणवरावभास–महाभद्र*	અરુણવરાવભાસ-મહાભદ્ર	અરુણવરાવભાસ(૧) દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.
अरुणवरावभास-महावर	*भौ.*	*अरुणवरावभास–महावर*	અરુણવરાવભાસ-મહાવર	જુઓ અરુણવરાવભાસ(૨).
अरुणवराव-भासवर	*भौ.*	*अरुणवराव-भासवर*	અરુણવરાવ-ભાસવર	જુઓ અરુણવરાવભાસ(૨).
अरुणवरोद	*भौ.*	*अरुणवरोद*	અરુણવરોદ	અરુણવરદ્વીપને ચારે તરફથી ઘેરીને રહેલો સમુદ્ર. અરુણવર અને અરુણમહાવર તેના અધિષ્ઠાતા દેવો છે. આ સમુદ્રની ચારે બાજુ અરુણવરાવ–ભાસ દ્વીપ આવેલો છે. અરુણવરોદ અરુણવર નામે પણ જાણીતો છે.
अरुणवरोभास	*भौ.*	*अरुणवरावभास*	અરુણવરાવભાસ	આ અને 'અરુણવરાવભાસ' એક જ છે.
अरुणविमाण	*दे.भौ*	*अरुणविमान*	અરુણવિમાન	સુધર્મકલ્પ(દેવલોક)માં આવેલું સ્વર્ગીય વાસ–સ્થાન.
अरुणसिट्ठ	*दे.भौ*	*अरुणशिष्ट*	અરુણશિષ્ટ	સુધર્મકલ્પ(દેવલોક)માં આવેલ સ્વર્ગીય વાસ–સ્થાન.
१. अरुणाभ	*दे.भौ*	*अरुणाभ*	અરુણાભ	સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૮ સાગરોપમ છે. આ સ્થાન 'અર્ચી' સમાન છે.
२. अरुणाभ	*दे.भौ*	*अरुणाभ*	અરુણાભ	સુધર્મકલ્પમાં (દેવલોકમાં) આવેલું સ્વર્ગીય વાસસ્થાન.
अरुणुत्तरवडिंसग	*दे.*	*अरुणोत्तरावतंसक*	અરુણોત્તરવતંસક	અરુણાભ(૧) જેવું સ્વર્ગીય વાસસ્થાન. આ સ્થાન બરાબર 'અર્ચી' સમાન છે.
१. अरुणोद	*भौ.*	*अरुणोद*	અરુણોદ	નંદીશ્વર(૩) સમુદ્રની ચારે બાજુ આવેલો વલયાકાર દ્વીપ. આ દ્વીપ પોતે ચારે બાજુથી અરુણોદ(૨) સમુદ્રથી ઘેરાયેલો છે. આ દ્વીપ અને 'અરુણ'(૪) એક જ છે.

२. अरुणोद	*भौ.*	*अरुणोद*	અરુણોદ	અરુણ(૪)ને બધી બાજુથી ઘેરી વળેલો સમુદ્ર. આ સમુદ્ર પોતે બધી બાજુથી અરુણવર(૧) દ્વીપથી ઘેરાયેલો છે. સુભદ્ર(૫) અને સુમણભદ્ર(૪) દેવો તેના અધિષ્ઠાતા દેવો છે.
अरुणोदग	*भौ.*	*अरुणोदक*	અરુણોદક	આ અને અરુણોદ(૨) એક જ છે.
१. अरुणोववाय	*आ.*	*अरुणोपपात*	અરુણોપપાત	અરુણદેવના જન્મ આદિના વર્ણન યુક્ત કાલિક આગમગ્રન્થ જે વિચ્છેદ છે.૧૨વર્ષ નો સાધુપર્યાય પૂરો કરનાર સાધુને તે ભણવાની અનુજ્ઞા છે.
२. अरुणोववाय	*आ.*	*अरुणोपपात*	અરુણોપપાત	સંક્ષેપિતદશાનું એક અધ્યયન. આ અને અરુણોવવાય(૧) સમાન જણાય છે.
अरुणोवाअ	*भौ.*	*अरुणावपात*	અરુણાવપાત	અરુણ(૪) પછી આવેલો વલયાકાર દ્વીપ. તે અને અરુણવર(૧) દ્વીપ એક જ લાગે છે.
अरोस	*ऐ.*	*अरोष*	અરોષ	એક અનાર્ય દેશ અને જેની પ્રજા. જેમને 'હારોસ' પણ કહેવામાં આવે છે.
अलंबुसा	*दे.*	*अलम्बुषा*	અલમ્બુષા	રુચક(૧) પર્વતના ઉત્તરભાગમાં આવેલા રત્ન(૨) શિખર ઉપર રહેતી પ્રધાન દિસાકુમારી.
१. अलक्ख	*आ.*	*अलक्ष*	અલક્ષ	અંતકૃદ્દશાના છઠ્ઠા વર્ગનું સોળમું અધ્યયન.
२. अलक्ख	*श्र.*	*अलक्ष*	અલક્ષ	વારાણસીનો એક રાજા, જે સંસાર ત્યાગી તીર્થંકર મહાવીરનો શિષ્ય બની ગયો હતો અને જે વિપુલ (૧) પર્વત ઉપર મોક્ષ પામ્યો હતો.
अलयापुरी	*ऐ.*	*अलकापुरी*	અલકાપુરી	વૈશ્રમણની રાજધાની. બારાવતી, વિનીતા વગેરે નગરોના વર્ણનમાં ઉપનામ રૂપે તે ઉલ્લેખાય છે.
अलसंड	*ऐ.*	*अलसन्द*	અલસંદ	સિંધુનદીની પેલે પાર આવેલું એક અનાર્ય નગર. ચક્રવર્તી ભરતના સેનાપતિ સુસેણ વડે તે જીતાયુ
अवइण्णग	*श्र.प्र.*	*अवकीर्णक*	અવકીર્ણક	આ અને 'અવકિર્ણપુત્ર' એક જ છે.
अवंझ	*आ.*	*अवन्ध्य*	અવન્ધ્ય	જુઓ 'અવંઝપ્પવાય'.
अवंझप्पवाय	*आ.*	*अवन्ध्यप्रवाद*	અવન્ધ્યપ્રવાદ	શુભાશુભ કર્મોના ફળને નિરૂપતું અગિયારમું પૂર્વ.
१. अवंति	*ऐ.*	*अवन्ति*	અવંતિ	ભરતક્ષેત્રનું એક જનપદ. તેનું મુખ્ય નગર ઉજ્જેની હતું. પ્રદ્યોત અને સંપ્રતિ રાજાઓએ ત્યાં રાજ્ય કર્યું હતું. સાધુઓને વિહાર કરવા માટે જે દેશોની ભલામણ કરવામાં આવી છે તેમાંનો એક દેશ. અવંતિવર્ધન અને પાલક(૨) પણ તેના રાજાઓ હતા. મલ્લ અઙ્કન આ દેશનો હતો. તુંબવન વસાહત યા વસતિ આ દેશમાં હતી.
२. अवंति	*ऐ.*	*अवन्ति*	અવંતિ	ઉજ્જેનીનું બીજું નામ. ચંડરુદ્ર આચાર્ય અહીં આવ્યા હતા. તેની ઉત્તરે જિર્નોદ્યાણ ઉદ્યાન આવેલું હતું.

अवंतिवद्धण	*अ.*	*अवन्तिवर्द्धन*	અવંતિવર્દ્ધન	ઉજ્જૈનીના રાજા પાલક(૨)નો પુત્ર. વધુ વિગત માટે જુઓ અજિતસેન(૨).
अवंतिसुकुमाल	*श्र.*	*अवन्तिसुकुमार*	અવંતિસુકુમાર	ઉજ્જૈનીના ભદ્રા(૩૫) સાર્થવાહીનો પુત્ર. તેને ૩૨ પત્નીઓ હતી. તે સંસાર ત્યાગી સુહસ્તિ(૧)નો શિષ્ય બન્યો, તરત જ તેણે (પાણી સહિત) બધી જ જાતના આહારનો ત્યાગ કર્યો અને ચિન્તન તથા ધ્યાન કરવાનું શરૂ કર્યું. તેમના સાથળનુ માંસ શિયાળવી ખાઈ ગઈ છતાં તે ધ્યાનમાં સ્થિર રહ્યા અને શાંત ચિત્તે મરણ પામ્યા. જ્યાં તે મરણ પામ્યા ત્યાં તેમની સ્મૃતિમાં મહાકાલ નામે ઓળખાતુ મંદિર બાંધવામાં આવ્યું.
अवंतिसेण	*श्र.*	*अवन्तिसेन*	અવંતિસેન	ઉજ્જૈનીના રાજ્યવર્ધનનો પુત્ર. જુઓ અજિતસેન
अवंतिसोमाल	*श्र.*	*अवन्तिसुकुमार*	અવંતિસુકુમાર	આ અને અવંતિસુકુમાલ એક જ છે.
अवंती	*ऐ.*	*अवन्ती*	અવંતી	આ અને 'અવંતિ' એક જ છે.
अवकिण्णपुत्त	*श्र.प्र.*	*अवकीर्णपुत्र*	અવકીર્ણપુત્ર	'કરકંડુ'નું બીજું નામ.
अवज्झा	*ऐ.*	*अवध्या*	અવધ્યા	મહાવિદેહના ગંધિલ(૧) પ્રદેશની રાજધાની.
अवतंस	*भौ.*	*अवतंस*	અવતંસ	મંદર પર્વતના સોળ નામોમાંનું એક નામ. વડિંસ (૨) અને વડેંસ આ બે તેનાં જ રૂપો છે.
अवय	*आ.*	*अवक*	અવક	ભગવતીસૂત્રના તેવીસમાં શતકનો ત્રીજો ઉદ્દેશક.
१. अवरकंका	*ऐ.*	*अपरकङ्का*	અપરકંકા	પૂર્વીય ધાતકીખંડમાં આવેલા ભરતક્ષેત્રના દક્ષિણ અર્ધની રાજધાની. તેના રાજા પદ્મનાભે દ્રૌપદીનું અપહરણ કર્યું હતું. વાસુદેવકૃષ્ણ તેને પાછી લઈ આવેલા. તે નગરી અમરકંકા પણ કહેવાતી હતી.
२. अवरकंका	*आ.*	*अपरकङ्का*	અપરકંકા	જ્ઞાતાધર્મકથાના પ્રથમ શ્રુતસ્કન્ધનું સોળમું અધ્યયન
१. अवरविदेह	*भौ.*	*अपरविदेह*	અપરવિદેહ	જંબૂદ્વીપમાં મહાવિદેહના ચાર ઉપક્ષેત્રોમાંનું એક જે મંદરપર્વતની પશ્ચિમે આવેલુ છે. અવરવિદેહની વચ્ચે થઈને સીતોદા નદી પશ્ચિમ તરફ વહે છે તે અવરવિદેહના બે સરખા ભાગ કરે છે. અવરવિદેહ ને આઠ પ્રદેશો છે– વપ્પ(૧), પમ્હ(૧) વગેરે. કેટલાક તિર્થંકરો અને કુલક રો પોતાના પૂર્વ ભવોમાં અહીં જન્મ્યા હતા. જુઓ મહાવિદેહ(૧).
२. अवरविदेह	*भौ.*	*अपरविदेह*	અપરવિદેહ	નિસધ(૨) પર્વતનું શિખર.
३. अवरविदेह	*भौ.*	*अपरविदेह*	અપરવિદેહ	નીલવંત(૧) પર્વતનું શિખર.
अवरा	*ऐ.*	*अपरा*	અપરા	મહાવિદેહના નલિન(૪) પ્રદેશની રાજધાની. જુઓ નલિન(૪).

अवराइआ	*ऐ.*	*अपराजिता*	અપરાજિતા	જુઓ અપરાજિતા(૧)
अवविह	*अ.गो*	*अवविध*	અવવિધ	ગોસાલકના બાર મુખ્ય ઉપાસકોમાંનો એક.
अवाह	*ऐ.*	*अबाध*	અબાધ	તીર્થંકરમહાવીરના સમયના ૧૬
अवियत्त-जंभग	*दे.*	*अव्यक्त–जृम्भक*	અવ્યક્ત-જૃમ્ભક	જૃમ્ભક દેવોના દસ પ્રકારોમાંનો એક પ્રકાર.
अव्वत्त	*अ.*	*अव्यक्त*	અવ્યક્ત	કંઈ પણ નિશ્ચિતપણે જાણી શકાતું નથી એવો સિદ્ધાન્ત. આસાઢઆચાર્યના મૃત્યુ પછી તેમના શિષ્યોએ આ સિદ્ધાન્ત રજૂ કરેલો. જુઓ આસાઢ
अव्वत्तिय	*अ.*	*अव्यक्तिक*	અવ્યક્તિક	અવ્વત્ત સિદ્ધાન્તને અનુસરનાર.
अव्वाबाह	*दे.*	*अव्याबाध*	અવ્યાબાધ	લોકાંતિક દેવોનો એક વર્ગ.
असंखय	*आ.*	*असङ्ख्य*	અસંખ્ય	ઉત્તરાધ્યયનનું ચોથું અધ્યયન.
असंग	*दे.*	*असङ्ग*	અસંગ	શક્રના લોકપાલ વૈશ્રમણ(૯)ના તાબામાં રહેલો એક દેવ.
असंजल	*ती.*	*असञ्जल*	અસંજલ	જંબૂદ્વીપના ઐરાવત ક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં થયેલા તેરમા તીર્થંકર.
असंवुड	*आ.*	*असंवृत*	અસંવૃત	ભગવતીસૂત્રના સાતમા શતકનો નવમો ઉદ્દેશક.
असगडा	*क.*	*अशकटा*	અશકટા	રૂપાળી આભીર ગ્રામકન્યાને લોકોએ આપેલું નામ. એક વાર આ કન્યા બળદગાડુ હાંકતી હતી. કેટલાક યુવાનો તેના રૂપથી અંજાઈ ગયા. તે કન્યાના ગાડાની સમાંતર તેઓ પણ પોતાના ગાડાં દોડાવવા લાગ્યા. આ સ્પર્ધાના કારણે દોડ એટલી તો જલદ અને ઉત્તેજક બની ગઈ કે બધા યુવાનોના ગાડાં ભાંગી ગયા, તે બધાં ગાડાં વિનાના(અસગડ) થઈ ગયા. પેલી કન્યા તેમને ગાડાં વિનાના બનવામાં કારણભૂત હતી એટલે બધા તેને અસગડા કહેવા લાગ્યા.
असणी	*दे.*	*अशनी*	અશની	બલિ(૪)ના લોકપાલ સોમ(૪)ની મુખ્ય પત્ની. જુઓ સોમ(૪).
असाडभूइ/ असाढभूति	*श्र.*	*आषाढभूति*	આષાઢભૂતિ	જુઓ આષાઢભૂતિ.
असि	*दे.न.*	*असि*	અસિ	પરમાધાર્મિક દેવોના પંદર વર્ગોમાંનો એક વર્ગ. આ વર્ગનો દેવ પોતાની તલવારથી નરકના જીવોને જખમો કરે છે. તે દેવ અને 'અસિપત્ર' એક જ છે. ભગવતીસૂત્રમાં 'ધનુ'(૨)ના સ્થાને તેનો ઉલ્લેખ છે.
असिअ देवल	*श्र.प्र.*	*असित देवल*	અસિત દેવલ	આ અને 'અસિત દવિલ' એક જ છે.
असितिगिरि	*भौ.*	*असितिगिरि*	અસિતગિરિ	જુઓ અસિયગિરિ

असिपत्त	दे.	*असिपत्र*	અસિપત્ર	પરમાધાર્મિક દેવોના પંદર વર્ગોમાંનો એક વર્ગ. આ વર્ગના દેવો નરકના જીવોના પોતાની તલવારથી ટુકડે ટુકડા કરી નાખે છે.
असित दविल	श्र.प्र.	*असित दविल*	અસિત દવિલ	અરિષ્ટનેમિના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. પાઠાન્તર 'અસિઅ દેવલ' મળે છે.
असियगिरि	ऐ.	*असितगिरि*	અસિતગિરિ	એક પર્વત. ઉજ્જૈનીના દેવલાસૂત્ર રાજા આ પર્વત ઉપર આવેલા આશ્રમે આવ્યા હતા.
असिलेसा	दे.ज.	*अश्लेषा*	અશ્લેષા	અઠ્યાવીસ નક્ષત્રમાંનું એક. તેનું ગોત્રનામ મંડવ્યાયન છે. સર્પ તેનો અધિષ્ઠાતા દેવ છે.
असिवुवसमणी	च.	*अशिवोपशमनी*	અશિવોપશમની	જુઓ 'અસિવોવસમણી'.
असिवोवदुय	ऐ.	*अशिवोपद्रुत*	અશિવોપદ્રુત	ત્રણ ભૂતાદિકોના દ્રષ્ટાંતમાં ઉલ્લેખાયેલું નગર.
असिवोवसमणी/ असिवोवसमी	च.	*अशिवोपशमनी*	અશિવોપશમની	વાસુદેવકૃષ્ણ(૧)ની ભેરી. તે ગોશીર્ષની બનેલી હતી. જે કોઈ ધ્વનિ સાંભળતો તે છ મહિનામાં જ રોગમુક્ત થઈ જતો. આથી દેવે અત્યંત પ્રસન્ન થઈને કૃષ્ણને અશિવોપશમની ભેરી ભેટ આપી.
असुगुज्जाण १. असुर	भौ.	*असुर*	અસુર	અંજનગ પર્વત ઉપર આવેલા સિદ્ધાયતનનું પ્રવેશ–દ્વાર.
२. असुर	आ.	*असुर*	અસુર	ભગવતીસૂત્રના અઢારમા શતકનું પાંચમું ઉદ્દેશક.
३. असुर	दे.	*असुर*	અસુર	આ અને અસુરકુમાર એક જ છે.
असुरकुमार		*असुरकुमार*	અસુરકુમાર	ભવનપતિ દેવોનો એક વર્ગ. તેમના ચોંસઠ લાખ વાસસ્થાનો છે. ચમર(૧) અને બલિ(૪) તેમના ઇન્દ્રો છે. અસુરકુમારો જમ(૨)ની આજ્ઞાઓ પાળે છે. તેમનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે એક હજાર વર્ષ અને એક સાગરોપમ વર્ષ છે. વધુ વિગતો માટે અન્ય ગ્રંથો જોવા ભલામણ છે.
असुरकुमारी	दे.	*असुरकुमारी*	અસુરકુમારી	આ દેવીઓ યમ(૨)ની આજ્ઞામાં છે.
असोअ	दे.	*अशोक*	અશોક	જુઓ અસોક (૪).
१. असोग	अ.	*अशोक*	અશોક	ચંદ્રગુપ્તનો પૌત્ર, બિંદુસાર(૨)નો પુત્ર અને કુણાલ (૧)નો પિતા તે પાડલિપુત્રનો રાજા હતો.
२. असोग	दे.ज.	*अशोक*	અશોક	અઠ્યાસી ગ્રહમાંનો એક.
३. असोग	दे.	*अशोक*	અશોક	અરુણ(૪) દ્વીપનો અધિષ્ઠાતા દેવ.
४. असोग	दे.	*अशोक*	અશોક	વિજય(૯) રાજધાનીની ચારે બાજુ આવેલા વનમાં વસતો દેવ.
५. असोग	दे.	*अशोक*	અશોક	જુઓ અસોગયક્ષ.

६. असोग	च.	*अशोक*	અશોક	જુઓ 'असोगललिअ'. અને તેનું ટિપ્પણ.
असोगचंद	श्रा.	*अशोकचन्द्र*	અશોકચંદ્ર	સેણિય(૧)ના પુત્ર કુણિયનું બીજું નામ.
असोगचंदअ	श्रा.	*अशोकचन्द्रक*	અશોકચંદ્રક	જુઓ 'असोगचंद्र'.
असोगजक्ख	दे.	*अशोकयक्ष*	અશોકયક્ષ	વિજયપુર નગરના નંદનવન(૩) નામના ઉદ્યાનમાં વસતો યક્ષ.
असोगदत्त	अ.	*अशोकदत्त*	અશોકદત્ત	સાકેતનો વેપારી. સમુદ્રદત્ત(૩) અને સાગરદત્ત(૩) તેના પુત્રો હતા.
असोगललिअ	च.	*अशोकललित*	અશોકલલિત	ચોથા બલદેવ સુપ્રભ(૧)નો પૂર્વભવ. શ્રેયાંસ (૪) પાસે તેમણે દીક્ષા ગ્રહણ કરી હતી. જુઓ અસોગ (૬) અને લલિય.
असोगवडिंसअ	दे.भौ	*अशोकावतंसक*	અશોકાવતંસક	સુધર્મની પૂર્વમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન.
असोगवडेंसअ	दे.	*अशोकावतंसक*	અશોકાવતંસક	જુઓ 'असोगवडिंसअ'.
असोगवण	ऐ.	*अशोकवन*	અશોકવન	१–અશોક વૃક્ષોથી ભરપૂર વન. તે 'जभिग'(१)ની પૂર્વમાં આવેલું છે. २– આ નામનું વનસુસમારપુરની પાસે પણ હતું.
१. असोगवणिया	ऐ.	*अशोकवनिका*	અશોકવનિકા	મિથિલાનું ઉદ્યાન. પોતાના ઉપર મોહ પામીને પરણવાને એકબીજાની સ્પર્ધા કરતા રાજકુમારો ને સમ્યક્ માર્ગ શીખવવા માટે રાજકુમારી મલ્લિ (૧) એ તેમાં મોહનઘરનું નિર્માણ કરાવ્યું હતું.
२. असोगवणिया	ऐ.	*अशोकवनिका*	અશોકવનિકા	રાજગૃહીનું ઉદ્યાન. રાણી ચેલ્લણાએ પોતાના નવજાત પુત્ર કૂણિકને અહી ત્યજી દીધો હતો.
असोगसिरि	अ.	*अशोकश्री*	અશોકશ્રી	અસોગ(૧)થી અભિન્ન છે.
१. असोगा	ऐ.	*अशोका*	અશોકા	મહાવિદેહમાં આવેલા નલિન(૪) પ્રદેશની રાજધાની. કુમુદ(૧) પ્રદેશની રાજધાની તરીકે પણ અશોકાનો ઉલ્લેખ થયો છે. જુઓ નલિન.
२. असोगा	ऐ.	*अशोका*	અશોકા	ધાતાકીખંડના પૂર્વાર્ધ તેમજ પશ્ચિમાર્ધમાં નલિન પ્રદેશની રાજધાની.
३. असोगा	दे.	*अशोका*	અશોકા	ધરણના લોકપાલ કાલવાલ(૧)ની મુખ્ય પત્ની.
असोच्चा	आ.	*अश्रुत्वा*	અશ્રુત્વા	ભગવતીસૂત્રના નવમા શતકનો ૩૧મો ઉદ્દેશક.
असोयवडिंसय	दे.	*अशोकावतंसक*	અશોકાવતંસક	જુઓ 'असोगवडिंसअ'.
असोया	दे.	*अशोका*	અશોકા	રક્ષક દેવી.
अस्स	दे.	*अश्व*	અશ્વ	અશ્વિનીનક્ષત્રનો અધિષ્ઠાતા દેવ.
अस्सग्गीव	च.	*अश्वग्रीव*	અશ્વગ્રીવ	જુઓ 'आसग्गीव'.
अस्सपुर	ऐ.	*अश्वपुर*	અશ્વપુર	પાંચમાં વાસુદેવ(૧) પુરિસસીહ જે નગરના હતા તે નગર.
अस्सपुरा	भौ.	*अश्वपुरा*	અશ્વપુરા	આ અને 'आसपुरा' એક જ છે.

अस्ससेण	*ती.*	*अश्वसेन*	અશ્વસેન	આ અને 'आससेण'(२) એક જ છે.
अस्सायण	*दे.ज.*	*अश्वायन*	અશ્વાયન	અશ્વિની નક્ષત્રનું ગોત્રનામ.
अस्सादण	*दे.ज.*	*अश्वादन*	અશ્વાદન	જુઓ 'अस्सायण'.
अस्सासण	*दे.*	*अश्वासन*	અશ્વાસન	અઠ્યાસી ગ્રહમાંનો એક. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં પાઠાંતર 'आसणेय' છે.
१. अस्सिणी	*दे.ज.*	*अश्विनी*	અશ્વિની	અઠ્યાવીસ નક્ષત્રમાંનું એક. તેનો અધિષ્ઠાતા દેવ અસ્સ છે. તેનું ગોત્રનામ अस्सायण છે.
२. अस्सिणी	*श्रा.*	*अश्विनी*	અશ્વિની	નંદિનીપ્રિય(१) જે તીર્થંકર મહાવીરનો ઉપાસક હતો તેની પત્ની.
अस्सेसा	*दे.ज.*	*अश्लेषा*	અશ્લેષા	આ અને 'असिलेसा' એક જ છે.
अस्सोइ	*स.*	*अश्वयुजी*	અશ્વયુજી	અશ્વિન માસનો પૂર્ણિમા તેમજ પડવાનો દિવસ.
अहरदत्त	*श्र.*	*अहर्दत्त*	અહર્દત્ત	વંતરીએ સાથળ ફાડી ખાવાના કારણ થયેલ આત્મ વિરાધનાના દ્રષ્ટાંત તરીકે જેમનું નામ ઉલ્લેખાયું છે તે સાધુ. ટીકાકાર તેમનો ઉલ્લેખ अर्हन्नक નામે કરે છે.
अहव्वण	*अ.*	*अथर्वन्*	અથર્વન્	ચાર વેદોમાંનો એક વેદ (અથર્વવેદ).
अहिगरणी	*आ.*	*अधिकरणी*	અધિકરણી	ભગવતીસૂત્રના સોળમાં શતકનો પહેલો ઉદ્દેશક.
अहिच्छत्ता	*ऐ.*	*अहिच्छत्रा*	અહિચ્છત્રા	જંગલ દેશની રાજધાની. તે ચંપાની ઉત્તર–પૂર્વમાં આવેલી હતી. કનકકેતુ(१) રાજા ત્યાં રાજ કરતો હતો. ચંપાના ધન્ન(८) વેપારીએ તેની મુલાકાત લીધી હતી. જિનદેવ(३) અહિચ્છત્રા જતા હતા ત્યારે માર્ગમાં પુલિંદોએ તેમને લૂંટી લીધા હતા. ચક્રવર્તી બ્રહ્મદત્તે પણ તેની મુલાકાત લીધી હતી. ધરણેન્દ્રે તીર્થંકર પાર્શ્વની અહીં પૂજા કરી હતી.
अहिछत्ता	*ऐ.*	*अहिच्छत्रा*	અહિચ્છત્રા	જુઓ અહિચ્છત્તા.
अहिल्लिया	*अ.*	*अहिन्निका*	અહિન્નિકા	એક સ્ત્રી જેના માટે યુદ્ધ ખેલાયુ હતુ. આથી વિશેષ માહિતી તેના અંગે નથી. ટીકાકારો તેનો ઉલ્લેખ अहिन्निका નામે કરે છે.
अहिवइ	*आ.*	*अधिपति*	અધિપતિ	ભગવતીસૂત્રના ત્રીજા શતકનો આઠમો ઉદ્દેશક.
अहिवड्ढि	*दे.ज.*	*अभिवृद्धि*	અભિવૃદ્ધિ	ઉત્તરાભાદ્રપદા નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ. આ અને 'विविड्ढि' તથા 'वुड्ढि' એક જ છે.
अहोकंडूयग	*अ.ता*	*अधःकण्डूयक*	અધઃકણ્ડૂયક	વાનપ્રસ્થ વૈરાગીઓનો એક વર્ગ, જેના અનુયાયીઓ નાભિ નીચેના શરીરને વલૂરે છે.
आइच्च	*दे.*	*आदित्य*	આદિત્ય	અર્ચીમાલિમાં વસતા લોકાંતિક દેવોનો એક વર્ગ.
१. आइच्चजस	*श्र.*	*आदित्ययशस्*	આદિત્યયશસ્	વર્તમાન અવસર્પિણીના પ્રથમ ચક્રવર્તી ભરતનો પુત્ર. ભરત પછી જે આઠ મહાપુરુષો મોક્ષ પામ્યા તેમાંનો પ્રથમ. महाजस(१) તેનો પુત્ર હતો.

२. आइच्चजस	*श्र.*	*आदित्ययशस्*	આદિત્યયશસ્	એક ચારણ સાધુ.
१. आइण्ण	*आ.*	*आकीर्ण*	આકીર્ણ	જ્ઞાતાધર્મકથાના પ્રથમ શ્રુતસ્કન્ધનું સત્તરમું અધ્યયન
२. आइण्ण	*आ.*	*आकीर्ण*	આચીર્ણ	'આચાર'નું બીજું નામ. આચીર્ણ એટલે આસેવન આચારના દ્રવ્ય આદિ ચાર ભેદમાં ભાવ આચીર્ણ એટલે જ્ઞાનાદિ પંચાચાર અર્થ કર્યો છે, આ પંચા–ચારનો પ્રતિપાદક ગ્રંથ એટલે 'આચાર'
१. आउ	*दे.ज.*	*अप्*	અપ્	પૂર્વાષાઢા નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ.
२. आउ	*आ.*	*आयुष्*	આયુષ્	ભગવતીસૂત્રના સાતમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક.
आउरपच्चक्खाण	*आ.*	*आतुरप्रत्याख्यान*	આતુરપ્રત્યાખ્યાન	અંગબાહ્ય ઉત્કાલિક આગમગ્રન્થ. વિશેષે કરીને તે ગાથાબદ્ધ છે. તેમાં વિવિધ પ્રકારના મરણનું વર્ણન છે, તે મરણના પ્રકારો દ્વારા પ્રાપ્ત દશાઓ નું વર્ણન છે. જુઓ પ્રકીર્ણક.
आगर	*आ.*	*आकर*	આકર	આચારનું બીજું નામ.
आगाल	*आ.*	*आगाल*	આગાલ	આચારનું બીજું નામ.
आगास	*आ.*	*आकाश*	આકાશ	ભગવતીસૂત્રના વીસમા શતકનો બીજો ઉદ્દેશક.
आचाल	*आ.*	*आचार*	આચાર	આચારનું બીજું નામ.
आजाइ	*आ.*	*आजाति*	આજાતિ	આચારનું બીજું નામ.
आजाइट्ठाण	*आ.*	*आजातिस्थान*	આજાતિસ્થાન	આચારદશાનું દસમું અધ્યયન.
१. आजीव	*आ.*	*आजीव*	આજીવ	ભગવતીસૂત્રના આઠમા શતકનો પાંચમો ઉદ્દેશક.
२. आजीव	*अ.गो*	*आजीव*	આજીવ	આ અને આજીવિય એક જ છે.
आजीवग	*अ.गो*	*आजीवक*	આજીવક	આ અને આજીવિય એક જ છે.
आजीविक	*अ.गो*	*आजीविक*	આજીવિક	જુઓ આજીવિય.
आजीविग	*अ.गो*	*आजीविक*	આજીવિક	જુઓ આજીવિય.
आजीविय	*अ.गो*	*आजीविक*	આજીવિક	પાંચ સમણ સંપ્રદાયોમાંનો એક. તેની સ્થાપના ગોસાલકે કરી હતી. આજીવિકા ખાતર જે શ્રમણ–જીવનને અનુસરે છે તે આજીવિય આ સંપ્રદાયના અનુયાયીઓ દુન્યવી કીર્તિ, માનસન્માન, અલૌકીક શક્તિઓ મેળવવા તપ કરતા અને તે બધા દ્વારા તેઓ પોતાની આજીવિકા ચલાવતા. ભવિષ્ય ભાખવા માટે તેઓ અષ્ટાંગ મહાનિમિત્તની વિદ્યાનો ઉપયોગ કરતા. આજીવિયને તેરાસિય પણ કહેવામાં આવે છે કારણ કે તે જીવોની બદ્ધ અને મુક્ત બે અવસ્થાઓ ઉપરાંત ત્રીજી મુક્ત થઈ પુનઃબદ્ધ થવાની અવસ્થાને સ્વીકારે છે. આજીવિયને પંડરભિક્ખુ તરીકે પણ ઓળખવામાં આવે છે.

आजीवियसुत्त	*अ.गो*	*आजीविकश्रुत*	આજીવિકશ્રુત	આજીવિય સંપ્રદાયનો ઉપદેશ અને મૂળ ધર્મગ્રન્થ
आडंबर	*दे.*	*आडम्बर*	આડંબર	માતંગ કોમ વડે પૂજાતો યક્ષ દેવ. તે હિરિમ તરીકે પણ જાણીતો છે.
१. आणंद	*च.*	*आनन्द*	આનંદ	ભરતક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણીમાં થયેલા નવ બલદેવમાંના છઠ્ઠા. ચક્રપુરના રાજા મહાશિવ અને રાણી વૈજયંતીનો પુત્ર તે વાસુદેવ પુરિસપુંડરીઅ ના ભાઈ હતા. પોતાના પૂર્વ ભવમાં વરાહ હતા. २९ ધનુષ ઊંચા હતા.८५ હજાર વર્ષ આયુ, મોક્ષ
२. आणंद	*च.*	*आनन्द*	આનંદ	ભરત ક્ષેત્રના ભાવિ ઉત્સર્પિણીમાં થનારા છઠ્ઠા બલદેવ(२).
३. आणंद	*ती.*	*आनन्द*	આનંદ	જેના ઘરે તીર્થંકર મહાવીરે બીજા માસખમણના પારણા કર્યા હતા તે રાજગૃહીનો ગૃહસ્થ.
४. आणंद	*आ.*	*आनन्द*	આનંદ	ઉપાશકદશાનું પહેલું અધ્યયન.
५. आणंद	*आ.*	*आनन्द*	આનંદ	કલ્પવતંસિકા સૂત્રનું નવમું અધ્યયન.
६. आणंद	*अ.*	*आनन्द*	આનંદ	શ્રેણિક(१) રાજાનો પૌત્ર.
७. आणंद	*ती.ग.*	*आनन्द*	આનંદ	વર્તમાન અવસર્પિણીના દસમા તીર્થંકર શીતલના પ્રથમ ગણધર. તે નંદ નામે પણ જાણીતા હતા.
८. आणंद	*श्र.*	*आनन्द*	આનંદ	તીર્થંકર મહાવીરના શિષ્ય જેણે ભ૦ મહાવીરને ગોસાલક ની અસામાન્ય શક્તિ વિશે જણાવેલુ. ગોસાલકે પોતાની અસામાન્ય શક્તિનો આનંદને ખ્યાલ આપવા જંગલમાં રહેતા ઝેરી સાપનું દ્રષ્ટાંત આપેલું. જેણે કેટલાંક લોભીવેપારીઓને બાળીને ભસ્મ કરી દીધા હતા.
९. आणंद	*दे.*	*आनन्द*	આનંદ	ધરણ(१)ના પાંચ સેનાપતિઓમાંનો એક. તે રથદળ નો નાયક હતો.
१०. आणंद	*आ.*	*आनन्द*	આનંદ	અનુત્તરોપપાતિકદશાનું સાતમું અધ્યયન. તે હાલ નષ્ટ થઈ ગયું છે.
११. आणंद	*श्रा.ती*	*आनन्द*	આનંદ	વાણિજ્યગામનો ધનાઢ્ય ગૃહસ્થ. શિવાનંદા તેની પત્ની હતી. તે દસ હજાર ગાયોવાળી એક એવી ચાર મોટી ગોશાળાનો માલિક હતો. તેણે ઉપા–સકના બાર વ્રતો લીધેલા. તે તીર્થંકર મહાવીરના દસ મુખ્ય ઉપાસકોમાંનો સૌપ્રથમ ઉપાસક હતો. ઇંદ્રભૂતીએ ભ૦ મહાવીરને પૂછ્યુ કે શું આનંદ વર્તમાન જન્મમાં શ્રમણ બનશે? મહાવીરે નકારમાં ઉત્તર આપ્યો અને કહ્યું કે આનંદ વીસ વર્ષ ઉપાસકનું જીવન જીવશે, મરીને સુધર્મ દેવલોક માં જન્મ લેશે. ત્યારબાદ તે મહાવિદેહમાં જન્મ લેશે અને ત્યાં મોક્ષ પામશે.

१२. आणंद	*श्रा.*	*आनन्द*	આનંદ	વાણિજ્યગ્રામનો શ્રમણોપાસક. મહાવીર કેવલ–જ્ઞાન પામ્યા તે પહેલા આણંદને અવધિજ્ઞાન પ્રાપ્ત થયેલું. તેણે ભવિષ્ય ભાખેલું કે મહાવીર થોડા સમયમાં કેવળ પ્રાપ્ત કરશે. આ આનંદ આનંદ ૧૧થી ભિન્ન છે કારણ કે આનંદ૧૧ મહાવીરની કેવળજ્ઞાન પ્રાપ્તિ પછી અવધિજ્ઞાન પામેલા
१३. आणंद	*अ.*	*आनन्द*	આનંદ	'સાણુલટ્ઠિ' ગામનો વેપારી. બહુલિકા તેની નોકરાણી હતી.
१४. आणंद	*दे.*	*आनन्द*	આનંદ	આનંદકૂડ ઉપર વસતો દેવ.
१५. आणंद	*स.*	*आनन्द*	આનંદ	રાત–દિનના ત્રીસ મુહૂર્ત્તમાંનું એક.
१६. आणंद	*अ.*	*आनन्द*	આનંદ	બે હજાર બૌદ્ધ સાધુઓને માંસ, ગોળ અને દાડમની ભિક્ષા આપનારી વ્યક્તિ.
आणंदकूड	*भौ.*	*आनन्दकूट*	આનંદકૂટ	ગંધમાદણ પર્વતનું સાતમું શિખર. તે લોહિતાક્ષ ની ઉત્તરે આવેલું છે. આ શિખરનો અધિષ્ઠાતા દેવ આનંદ(૪) છે. આ અને આનંદણકૂડ એક જ છે.
आणंदणकूड	*भौ.*	*आनन्दनकुट*	આનંદનકૂટ	જુઓ આનંદકૂડ.
आणंदपुर	*ऐ.*	*आनन्दपुर*	આનંદપુર	એક નગર અને તેના વેપારી સાર્થવાહો દ્વારા જ્યાં માલ લવાતો તથા લઈ જવાતો હોય તેવું સ્થળ. માર્ગ ઉપરનું વેપારનું કેન્દ્ર. તેનો દુર્ગ ઈંટોનો બનેલો હતો. સાધુઓ અહીં આવતા અને મુકામ કરતા. ધ્રુવસેન રાજાના પુત્રના મરણના દુઃખદ પ્રસંગે ધ્રુવસેન રાજાને સાંત્વના આપવા માટે રાજસભામાં જાહેરમાં પર્યુષણાકલ્પનું પઠન કરવામાં આવ્યું હતું.
आणंदरक्खिय	*श्र.*	*आनन्दरक्षित*	આનંદરક્ષિત	તીર્થંકર પાર્શ્વની પરંપરાના શ્રમણ. કોઈ પણ કેવી રીતે દેવ રુપે જન્મ લઈ શકે છે એ તે સમજાવે છે.
१. आणंदा	*भौ.*	*आनन्दा*	આનંદા	નંદીશ્વર દ્વીપમાં આવેલા અંજનગ પર્વતના પૂર્વ ભાગ ઉપર આવેલી પુષ્કરિણી.
२. आणंदा	*दे.*	*आनन्दा*	આનંદા	રુચક(૧) પર્વતના પૂર્વ ભાગના કંચન શિખર ઉપર વસતી એક મુખ્ય દિસાકુમારી.
आणत	*दे.*	*आनत*	આનત	આનતકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ઓગણીસ સાગરોપમ વર્ષનું હોય છે. જુઓ આનત.
आणय	*दे.*	*आनत*	આનત	નવમું સ્વર્ગીય ક્ષેત્ર. તેમાં નવસો યોજન ઊંચાઈ વાળા ચારસો વાસસ્થાનો ત્યાં વાસ કરતા દેવોનું જઘન્ય આયુ અઢાર સાગરોપમ અને ઉત્કૃષ્ટ આયુ ઓગણીસ સાગરોપમ વર્ષનું છે.

आणयकप्प	*दे.*	*आनतकल्प*	આનતકલ્પ	આ અને આનત એક જ છે.
आतंसमुह	*भौ.*	*आदर्शमुख*	આદર્શમુખ	જુઓ 'आयंसमुह'
आतव	*स.*	*आतप*	આતપ	દિવસ અને રાતના ત્રીસ મુહૂર્ત્તમાંનું એક.
आतवा	*दे.*	*आतपा*	આતપા	જુઓ 'आयवा'
आदंसलिवि	*अ.*	*आदर्शलिपि*	આદર્શલિપિ	આ અને 'आयंसलिवि' એક જ છે.
आदिच्चजस	*श्र.*	*आदित्ययशस्*	આદિત્યયશસ્	જુઓ 'आदित्यजस'.
आदी	*भौ.*	*आदी*	આદી	પાંચ મોટી નદીઓમાંની એક અને ગંગાને મળતી નદી. તેને 'आवी' પણ કહેવામાં આવે છે.
१. आभंकर	*दे.ज.*	*आभङ्कर*	આભંકર	અઠ્યાસી ગ્રહમાંનો એક.
२. आभंकर	*दे.*	*आभङ्कर*	આભંકર	જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે એવું સનત્કુમાર(૧) અને માહેંદ્ર(૩)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન.
आभंकरपभंकर	*दे.*	*आभङ्करप्रभङ्कर*	આભંકરપ્રભંકર	જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે એવું સનત્કુમારઅને માહેંદ્ર દેવલોકમાં બંનેમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન.
आभरण	*भौ.*	*आभरण*	આભરણ	સમકેન્દ્ર વલયાકાર દ્વીપ.
आभासिय	*भौ.*	*आभासिक*	આભાસિક	(૧) એક અંતરદ્વીપ તેમજ (૨) એક અનાર્ય દેશ અને તેના લોકો.
अभिओग	*दे.*	*आभियोग*	આભિયોગ	શક્ર(૩)ના લોકપાલ યમ(૨)ના તાબામાં રહેલા દેવોનો એક પ્રકાર.
आभिओगसेढि	*भौ.*	*आभियोगश्रेणि*	આભિયોગશ્રેણિ	વૈતાઢ્ય(૨)ની બે પર્વતમાળા જ્યાં આભિઓગ દેવો વસે છે.
आभिओगिय	*अ.ता*	*आभियोगिक*	આભિયોગિક	પરિવ્રાજકોનો એક વર્ગ જેઓ મંત્ર, તંત્ર, જ્યોતિષ, કથાવાર્તાદિ વડે પોતાની આજીવિકા રળતા હતા.
१. आभीर	*ऐ.*	*आभीर*	આભીર	એક દેશ. તેમાં કૃષ્ણા અને બેન્ના નદી વહેતી હતી. બ્રહ્મદ્વીપ આ બે નદીઓની વચ્ચે આવેલો હતો.
२. आभीर	*अ.*	*आभीर*	આભીર	'આભીર' નામે જાણીતી એક જાતિ.
आभीरगविसय	*ऐ.*	*आभीरकविषय*	આભીરકવિષય	જુઓ આભીર(૧).
आमलकप्पा	*ऐ.*	*आमलकल्पा*	આમલકલ્પા	ભારહવાસનું નગર. રાજપ્રશ્નીયમાં તેનું વિસ્તૃત વર્ણન છે. તે નગરની ઉત્તરપૂર્વમાં અંબસાલવન નામનું વન હતું. જિતશત્રુ(૪) રાજાનું રાજ હતું ત્યારે તીર્થંકર પાર્શ્વ આ નગરમાં આવ્યા હતા અને તે જ સમયે કાલી(૩) એ સંસારત્યાગ કર્યો હતો. શ્વેત (૧) રાજા રાજ કરતા હતા ત્યારે મહાવીર આ નગરમાં આવ્યા હતા.
आमोक्ख	*आ.*	*आमोक्ष*	આમોક્ષ	આચારનું બીજું નામ.

आयंसमुह	*भौ.*	*आदर्शमुख*	આદર્શમુખ	એક અંતરદ્વીપ. આ અને આતંસમુહ એક જ છે.
आयंसलिवि	*अ.*	*आदर्शलिपि*	આદર્શલિપિ	અઢાર બ્રાહ્મી(૨) લિપિઓમાંની એક.
आयतिट्ठाण	*आ.*	*आयतिस्थान*	આયતિસ્થાન	દશાસૂત્રસ્કંધના અધ્યયન–૧૦નો ઉદ્દેશક–૯
आयड्ढि	*आ.*	*आत्मर्द्धि*	આત્મર્દ્ધિ	ભગવતીસૂત્રના દસમા શતકનો ત્રીજો ઉદ્દેશક.
आयप्पवाय	*आ.*	*आत्मप्रवाद*	આત્મપ્રવાદ	સાતમું પૂર્વ. તેમાં જીવોના ભેદો વગેરેનું પ્રતિપાદન કરતા સોળ અધ્યયનો હતા.
आयरियभासिय	*आ.*	*आचार्यभाषित*	આચાર્યભાષિત	પ્રશ્નવ્યાકરણદશાનું ચોથું અધ્યયન. તે નાશ પામ્યું છે.
आयरिय विप्पडिवत्ति	*आ.*	*आचार्यविप्रतिपत्ति*	આચાર્ય વિપ્રતિપત્તિ	બંધદશાનું પાંચમું અધ્યયન.
आयरियायण	*श्र.प्र.*	*आचार्यायन*	આચાર્યાયન	જુઓ 'આરિયાયણ'.
आयरिस	*आ.*	*आदर्श*	આદર્શ	આચારનું બીજું નામ.
आयव	*स.*	*आतप*	આતપ	જુઓ 'આતવ'.
१. आयवा	*आ.*	*आतपा*	આતપા	જ્ઞાતાધર્મકથાના દ્વિતીય શ્રુતસ્કન્ધના સાતમા વર્ગનું બીજું અધ્યયન.
२. आयवा	*दे.*	*आतपा*	આતપા	સૂર્યની ચાર પટ્ટરાણીઓમાંની એક. પોતાના પૂર્વ ભવમાં તે અરક્ષુરીના ગૃહસ્થની દીકરી હતી. તે સંસારનો ત્યાગ કરી તીર્થંકર પાર્શ્વની શિષ્યા બની સ્થાનમાં તેનો ઉલ્લેખ દોસિણાભા નામે થયો છે.
आयवाभा	*दे.*	*आतपाभा*	આતપાભા	આ અને 'આયવા' (૨) એક છે.
आयविसोहि	*आ.*	*आत्मविशोधि*	આત્મવિશોધિ	એક ઉત્કાલિક આગમગ્રન્થ. તે નાશ પામ્યો છે.
आया	*आ.*	*आत्मन्*	આત્મન્	ભગવતીસૂત્રના બારમા શતકનો દસમો ઉદ્દેશક.
आयाणिज्ज	*आ.*	*आदानीय*	આદાનીય	સૂત્રકૃત્ નું પંદરમું અધ્યયન. જમઈયનું બીજું
आयार		*आचार*	આચાર	બાર અંગ આગમસૂત્રોમાંનું પ્રથમ. તેના બે શ્રુત–સ્કન્ધ છે. પ્રથમમાં વર્તમાનમાં આઠ અધ્યયનો છે. (પહેલાં નવ અધ્યયનો હતા) અને બીજામાં સોળ અધ્યયનો છે. આચારના અન્ય નામો નીચે મુજબ છે — આઇણ્ણ, આગર, આગાલ, આચાલ, આજાઈ, આમોક્ખ, આયરિસ, આચારકલ્પ, આચારસૂત્રજ્ઝયણ અને આસાસ.
आयारंग	*आ.*	*आचारांग*	આચારાંગ	આ અને આચાર એક છે. તેને વેદ કહ્યો છે.
१. आयारकप्प	*आ.*	*आचारकल्प*	આચારકલ્પ	આચારનું બીજું નામ.
२. आयारकप्प	*आ.*	*आचारकल्प*	આચારકલ્પ	નિસીહનું બીજું નામ.
आयारग्ग	*आ.*	*आचाराग्र*	આચારાગ્ર	જુઓ 'આચાર'.
आयारणिज्जुत्ति	*आ.*	*आचारनिर्युक्ति*	આચારનિર્યુક્તિ	આચાર ઉપર ગાથાબદ્ધ વિવેચન.

आयारदसा	*आ.*	*आचारदशा*	આયારદશા	આ અને દશાસૂત્રસ્કંધ એક જ છે, કારણ કે આચાર–દશાના જે દસ અધ્યયનો કહેવામાં આવે છે તે જ દશાસૂત્રસ્કંધનો વિષયાનુક્રમ છે.
आयारपकप्प	*आ.*	*आचारप्रकल्प*	આયારપ્રકલ્પ	નિસીહનું બીજું નામ. તે 'આચાર'ના બીજા શ્રુતસ્કન્ધ ની પાંચમી ચૂલા છે. ત્રણ વર્ષનું સાધુજીવન પૂરું કર્યું હોય તેવા સાધુ તેનું અધ્યયન કરવા માટે અધિકારી છે. તેને નવમાં પૂર્વમાંથી અલગ કરી સારરૂપે લેવામાં આવેલ છે.
आयारपगप्प	*आ.*	*आचारप्रकल्प*	આયારપ્રકલ્પ	આ અને આચારપ્રકલ્પ એક છે.
आयारप्पणिहि	*आ.*	*आचारप्रणिधि*	આયારપ્પણિધિ	દશવૈકાલિકનું આઠમું અધ્યયન.
आयारवत्थु	*आ.*	*आचारवस्तु*	આયારવત્થુ	નવમા પૂર્વનું ત્રીજું અધ્યયન.
आयारसुयज्झयण	*आ.*	*आचारश्रुताध्ययन*	આયારશ્રુતાધ્યયન	આ અને 'આચાર' એક છે.
आयु	*आ.*	*आयुष्*	આયુષ્	ભગવતીસૂત્રના પાંચમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક.
आर	*भौ.न*	*आर*	આર	ચોથી નરકભૂમિ પંકપ્રભાના છ મહાનરક(ભયંકર વિકરાળ) વાસસ્થાનોમાંનું એક.
आरण	*भौ.दे.*	*आरण*	આરણ	અગિયારમું કલ્પ (સ્વર્ગ). તેમાં ૯૦૦ યોજન ઊંચાઈ વાળા ૧૫૦ વિમાનો (સ્વર્ગીય વાસસ્થાનો) આવેલાં છે. તેમાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એકવીસ સાગરોપમ વર્ષનું છે જ્યારે જઘન્ય આયુષ્ય વીસ સાગરોપમ વર્ષનું છે.
आरब	*अ.ऐ.*	*आरब*	આરબ	એક અનાર્ય જાતિ અને તે જાતિનો પ્રદેશ, જે ચક્રવર્તી ભરતે જીત્યો હતો. તે પ્રદેશ સિંધુનદીની પેલે પાર પશ્ચિમ તરફ આવેલો હતો. તે પ્રદેશની કન્યાઓ અન્ત:પુરમાં દાસીઓ તરીકે કામ કરતી.
आरबक	*अ.*	*आरबक*	આરબક	આ અને 'આરબ' એક છે.
आरबी	*अ.*	*आरबी*	આરબી	આરબ મૂળની દાસી.
आराहणपइण्ण	*आ.*	*आराधनाप्रकीर्णक*	આરાધનાપ્રકીર્ણક	આઠ પ્રકીર્ણકોના વર્ગનો એક આગમિક ગ્રન્થ જેનો આધાર 'મરણસમાહિ' છે.
आराहणा	*आ.*	*आराधना*	આરાધના	ભગવતીસૂત્રના આઠમા શતકનો દસમો ઉદ્દેશક.
१. आरिय	*अ.*	*आर्य*	આર્ય	આર્યન્ અને અનાર્યન્ લોકોના બે પ્રકારોમાંનો એક પ્રકાર. મિલિક્ખુઓ અર્થાત્ અનાર્ય હતા. ક્ષેત્ર, જાતિ, કુલ, ભાષા વગેરેના આધારે આર્યોના અનેક વર્ગો પાડવામાં આવ્યા હતા. ક્ષેત્રાર્ય દેશો ની સંખ્યા સાડી પચ્ચીસ કહેવાય છે.
२. आरिय	*श्र.प्र.*	*आर्य*	આર્ય	આ અને આરિયાયણ એક છે.

आरियवेद	*अ.*	*आर्यवेद*	આર્યવેદ	ભરત અને બીજાઓએ રચેલો ખરો વેદ. તેમાં તીર્થંકરોની સ્તુતિઓ, શ્રમણાચારના તથા શ્રાવકાચારના નિયમો અને શાંતિકર્મ) હતા.
आरियायण	*श्र.प्र.*	*आर्यायण*	આર્યાયણ	અરિષ્ટનેમિના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે.
आलंभिय	*आ.*	*आलम्भिक*	આલંભિક	ભગવતીસૂત્રના શતક ૧૧નો બારમો ઉદ્દેશક.
आलंभिया	*ऐ.*	*आलम्भिका*	આલંભિકા	આ અને આલભિયા એક જ છે.
आलंभी	*ऐ.*	*आलम्भि*	આલંભી	આ અને આલભિયા એક જ છે.
आलभिया	*ऐ.*	*आलभिका*	આલભિકા	જ્યાં જિતશત્રુ(૮) રાજા રાજ કરતો હતો તે નગર. તીર્થંકર મહાવીરે તેમનો સાતમો વર્ષાવાસ અહીં કર્યો હતો. હરિ(૪) તેમને અહીં વંદન કરવા આવ્યા હતા અને તેમની સુખસાતા પૂછી હતી. આ નગરની પાસે આવેલા શંખવન ઉદ્યાનમાં એક ચૈત્ય હતું. અહીં પુદ્ગલ મહાવીરનો શિષ્ય બન્યો અને લધુશતક(૨) તેમનો ઉપાસક બન્યો.
१. आला	*दे.*	*आला*	આલા	ધરણેદ્રની છ મુખ્ય પત્નીઓમાંની એક. તે ઈલા નામે પણ જાણીતી છે.
२. आला	*दे.*	*आला*	આલા	એક વિદ્યુત્ કુમારિ મહત્તરિકા દેવી.
आलुय	*आ.*	*आलुक*	આલુક	ભગવતીસૂત્રના તેવીસમા શતકનો પહેલો ઉદ્દેશક. તેના દસ પેટાવિભાગો છે.
आवंति	*आ.*	*आवन्ति*	આવન્તિ	આયારંગના પ્રથમ શ્રુતસ્કન્ધનું પાંચમું અધ્યયન. આ અને લોકસાર એક જ છે.
१. आवत्त	*भौ.*	*आवर्त्त*	આવર્ત્ત	જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રનો સીતા નદીની ઉત્તર બાજુ આવેલો પ્રદેશ. તે નીલવંત પર્વતની દક્ષિણે, નલિનકૂડ ડુંગરની પશ્ચિમે અને દ્રહાવતી નદીની પૂર્વે આવેલો છે. આ પ્રદેશની રાજધાની ખડ્ગી છે. આ જ નામ ધરાવતા બે પ્રદેશો ધાતાકીખંડમાં છે.
२. आवत्त	*भौ.*	*आवर्त्त*	આવર્ત્ત	આવર્ત પ્રદેશમાં આવેલા દીર્ઘવૈતાઢ્ય પર્વતનું શિખર.
३. आवत्त	*भौ.*	*आवर्त्त*	આવર્ત્ત	મહાવિદેહમાં આવેલા નલિનકૂડ ડુંગરનું શિખર. તે પાંચસો યોજન ઊંચું છે.
४. आवत्त	*ऐ.*	*आवर्त्त*	આવર્ત્ત	બલદેવધર(૧)માં જ્યાં મહાવીર રોકાયા હતા તે ગામ. ત્યાં ગોશાલકની અનુચિત વર્તણૂકના કારણે મહાવીરને ત્રાસ (ઉપસર્ગ) સહન કરવો પડ્યો હતો. શ્રાવસ્તીથી લાઢ દેશ જતા માર્ગ ઉપર તે આવેલું હતું. તેને 'કોસલ' દેશનું ગામ ગણવામાં આવે છે.

५. आवत्त	*स.*	*आवर्त्त*	આવર્ત્ત	ત્રીસ મુહૂર્ત્તમાંનું એક. અમમ નામથી સૂર્યપ્રજ્ઞપ્તિ અને જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં તેનો નિર્દેશ છે.
६. आवत्त	*दे.*	*आवर्त्त*	આવર્ત્ત	મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. જ્યાં દેવો નું ઉત્કૃષ્ટ આયુ સોળ સાગરોપમ વર્ષનું હોય છે.
७. आवत्त	*दे.*	*आवर्त्त*	આવર્ત્ત	ઘોસ(८) અને મહાઘોસ(४)ના જે ચાર ચાર લોકપાલ છે તેમાંનો એક. આ ઘોસ અને મહાઘોસ સ્તનિતકુમાર દેવોના ઇન્દ્રો છે.
आवस्स/आवस्सग	*आ.*	*आवश्यक*	આવશ્યક	જુઓ આવશ્યક.
आवस्सग्गचुण्णि	*आ.*	*आवश्यकचूर्णि*	આવશ્યકચૂર્ણિ	આવશ્યક (નિર્યુક્તિ સાથે) ઉપરની એક પ્રકારનું વિવેચન. તેના કર્તા જિનદાસગણિને ગણાય છે.
आवस्सय	*आ.*	*आवश्यक*	આવશ્યક	અંગબાહ્ય ગ્રન્થોના બે પ્રકારોમાંનો એક પ્રકાર. શ્રમણોએ અને શ્રાવકોએ દરરોજ બે વાર (સવારે અને સાંજે) ચૂક્યા વિના કરવાની ધાર્મિક ક્રિયાઓ આવશ્યક છે. આવશ્યક ગ્રન્થમાં છ અધ્યયનો છે —(१) સામાઇય, (२) ચઉવીસત્થય, (३) વંદણ, (४) પડિક્કમણ, (५) કાઉસ્સગ્ગ અને (६) પચ્ચક્ખાણ.
आवस्सयचुण्णि	*आ.*	*आवश्यकचूर्णि*	આવશ્યકચૂર્ણિ	જુઓ 'આવસ્સગચુણ્ણિ'.
आवस्सय णिज्जुत्ति	*आ.*	*आवश्यकनिर्युक्ति*	આવશ્યકનિર્યુક્તિ	આવશ્યક સૂત્ર ઉપર ભદ્રબાહુએ લખેલ ગાથાબદ્ધ વિવેચન. આવશ્યકનિર્યુક્તિ ઉપર આવસ્સય ભાસ, આવશ્યકચુણ્ણિ અને હરિભદ્ર, મલયગિરિ તથા માણિક્યશેખરે રચેલી સંસ્કૃત વૃત્તિઓ છે.
आवस्सयभास	*आ.*	*आवश्यकभाष्य*	આવશ્યકભાષ્ય	આવશ્યકનિર્યુક્તિ ઉપર એક પ્રકારે ગાથાબદ્ધ વિવેચન. આવશ્યક ઉપર ત્રણ ભાષ્ય છે. તેમાંનું એક મૂલભાષ્ય તરીકે જાણીતું અને બાકીના બે ભાષ્ય અને વિશેષાવશ્યકભાષ્ય તરીકે જાણીતા છે. વિશેષાવશ્યકભાષ્ય આવશ્યકના કેવળ પ્રથમ અધ્યાય સામાઈક ઉપરની નિર્યુક્તિ ઉપર છે. આ વિશેષાવશ્યકભાષ્યના કર્તા જિનભદ્ર છે. જિન–ભદ્રે પોતે જ તેના ઉપર સ્વોપજ્ઞ ટીકા રચી છે. બીજી બે ટીકાઓ કોટ્યાચાર્ય અને મલધારી હેમચન્દ્રે લખી છે.
आवस्सयवइरित्त	*आ.*	*आवश्यकव्यतिरिक्त*	આવશ્યક વ્યતિરિક્ત	અંગબાહ્યના બે ભેદોમાંનો એક ભેદ. તેના વળી પેટા ભેદો કાલિક અને ઉત્કાલિક છે.
आवाड	*अ.*	*आपात*	આપાત	સિંધુની પૂર્વે ઉત્તર ભરતમાં વસતી ચિલાત જાતિ. ચક્રવર્તી ભરતની સેનાને આ જાતિ સાથે યુદ્ધ કરવુ પડ્યુ હતુ.

आवी	*भौ.*	*आवी*	આવી	જુઓ આદી.
आस	*दे.*	*अश्व*	અશ્વ	જુઓ 'अस्स'.
आसकण्ण	*भौ.*	*अश्वकर्ण*	અશ્વકર્ણ	એક અંતરદ્વીપ.
आसग्गीव	*च.*	*अश्वग्रीव*	અશ્વગ્રીવ	ભરતક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં થયેલા પ્રથમ પ્રતિશત્રુ. તે 'घोडगगीव' નામે પણ જાણીતા છે. તે જ કાલચક્રમાં થયેલા પ્રથમ વાસુદેવ ત્રિપૃષ્ઠ(૧) વડે તે હણાયા હતા.
आसणेय	*दे.ज.*	*अश्वनेय*	અશ્વનેય	અઠ્યાસી ગ્રહમાંનો એક. આ અને 'अस्सासण' એક છે.
आसत्थाम	*अ.*	*अश्वस्थामन्*	અશ્વસ્થામન્	જેણે દ્રૌપદીના સ્વયંવરમાં ભાગ લીધો હતો તે હસ્તિનાપુરનો રાજકુમાર.
आसपुरा	*ऐ.*	*अश्वपुरा*	અશ્વપુરા	જંબૂદ્વીપ અને ધાતકીખંડ એ બેમાંથી દરેકના મહાવિદેહમાં વહેતી સીતોદા નદીની દક્ષિણે આવેલા પક્ષ્મ નામના વિજયની રાજધાની.
आसमित्त	*श्र.नि*	*अश्वमित्र*	અશ્વમિત્ર	સાત નિહ્નવમાંનો એક. તેણે સમુચ્છેદનો સિદ્ધાન્ત સ્થાપ્યો હતો. આ સિદ્ધાન્ત મુજબ દરેક વસ્તુ ક્ષણિક છે, અર્થાત્ દરેક વસ્તુ પ્રતિક્ષણે નાશ પામે છે. અશ્વમિત્ર કોડિન્ય(૧)નો શિષ્ય અને મહાગિરિનો પ્રશિષ્ય હતો. એક વાર અનુપ્રવાદ પૂર્વનું અધ્યયન કરતા તે વિચારવા પ્રેરાયો– દરેક વસ્તુ ક્ષણિક છે અર્થાત્ દરેક વસ્તુ પ્રતિક્ષણે નાશ પામે છે. તીર્થંકર મહાવીર ના નિર્વાણ પછી ૨૨૦ વર્ષે આ ઘટના બની. પછી છેવટે અશ્વમિત્રને પોતા નો સિદ્ધાંત મિથ્યા હોવાનું ભાન થતા તેણે તે સિદ્ધાંત છોડી દીધો.
आसमुह	*भौ.*	*अश्वमुख*	અશ્વમુખ	એક અંતરદ્વીપ.
१. आससेण	*च.*	*अश्वसेन*	અશ્વસેન	ચક્રવર્તી સનત્કુમારના પિતા.
२. आससेण	*ती.*	*अश्वसेन*	અશ્વસેન	વાણારસીના રાજા. તેવીસમાં તીર્થંકર પાર્શ્વના તે પિતા હતા. વામા(૧) તેમની રાણી હતી. તે 'अस्ससेण' તરીકે પણ જાણીતા હતા.
आसा	*दे.*	*आशा*	આશા	ઉત્તર રુચકપર્વતના વિજયશિખર ઉપર વસતી મુખ્ય દિસાકુમારી.
आसागर	*श्र.*	*आशाकर*	આશાકર	નંદન(૧)ના ધર્મગુરુ. તેમના પૂર્વભવમાં તે બન્ને અનુક્રમે સાતમા બલદેવ અને સાતમા વાસુદેવ દત્ત(૨) હતા. જુઓ લલિયમિત્ત અને સાગર (૩) પણ.

१. आसाढ	*श्र.नि*	*आषाढ*	આષાઢ	એક આચાર્ય અને ત્રીજા નિહ્નવ. તેમના શિષ્યોએ મહાવીરના નિર્વાણના ૨૧૪ વર્ષ પછી રાજગૃહીમાં બલભદ્ર રાજાના સમયમાં અવ્યક્તનો સિદ્ધાંત સ્થાપ્યો. સેયવિયા શહેરના પોલાસ ઉદ્યાનમાં હતા ત્યારે ગુરુ આસાઢનું એકાએક મૃત્યુ થયું તે નલીનીગુલ્મમાં દેવ તરીકે જન્મ્યા. શિષ્યો પ્રત્યેની કરુણાથી પ્રેરાઈને ગુરુ આસાઢે પોતાના શબમાં પુનઃપ્રવેશ કર્યો પોતાના શિષ્યોને પૂર્વવત્ યોગોદ્વહન કરાવ્યા. તે હકીકત જાણતા તેમના શિષ્યોએ એવો સિદ્ધાન્ત સ્થાપ્યો કે કંઈ પણ નિશ્ચિતપણે જાણી શકાતુ નથી. બલભદ્ર રાજાએ અવ્યક્ત સિદ્ધાંતમાં રહેલા દોષોની પ્રતીતિ કરાવી
२. आसाढ	*श्र.*	*आषाढ*	આષાઢ	સ્વર્ગમાં ગયા પછી પોતાની પાસે પાછા આવવાનું વચન પોતાના દરેક મરતા શિષ્ય પાસેથી લેનાર આચાર્ય. તેમના ઘણા શિષ્યો મ્રત્યુ પામ્યા, પણ તેમાનો કોઈ પાછો આવ્યો નહિ. આ વસ્તુએ તેમના મનમાં સ્વર્ગ અને નરકના અસ્તિત્વ અંગે શંકા પેદા કરી. પરિણામે તે એકલા રહેવા લાગ્યા. છેલ્લે આસાઢ પાછા સાધુસમૂહમાં જોડાઈ ગયા અને પોતાના ધર્મમાં પુનઃ શ્રદ્ધાને પામ્યા.
आसाढभूइ	*श्र.*	*आषाढभूति*	આષાઢભૂતિ	ધર્મરુચિના શિષ્ય. એકવાર તે રાજનટ વિશ્વ–કર્મન્‌ના ઘરે ભિક્ષા માટે ગયા. ત્યાંથી ભિક્ષા માં એક લાડુ મળ્યો. વિશ્વકર્મન્‌ના ઘરમાંથી નીકળતા તેમને વિચાર આવ્યો કે લાડુ તો ગુરુ લઈ લેશે. એટલે તે રૂપ બદલી વળી પાછા વિશ્વકર્મન્‌ના ઘરે ગયા. વળી પાછો એક લાડુ તેમને મળ્યો. તેમને વારંવાર જુદાજુદા રૂપમાં આવતા જોઈ વિશ્વકર્માએ પોતાની બે રૂપવતી દીકરીઓને કહ્યું કે જો આ માણસને મોહમાં પાડી પોતાનો કરી લેવામાં આવે તો તે આપણને ખૂબ જ ઉપયોગી થશે. દીકરીઓ તેને મોહમાં પાડવામાં સફળ થઈ. આષાઢભૂતિએ સાધુપણું છોડી દીધું. કોઈ વખતે રાજસભામાંથી આષાઢભૂતિ ઘરે આવ્યો. દારૂના નશામાં પડેલી પોતાની પત્નીઓ જોઈ. તેનો સંસારનો મોહ ઊતરી ગયો, સંસારનો ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. રાજગૃહીના રાજા સિંહરથ આગળ આષાઢ ભૂતિએ ૫૦૦ રાજકુમારો સાથે નાટક ભજવ્યું. પોતે ચક્રવર્તી ભરત બન્યા. છેવટે અરીસાભવન માં ૫૦૦ રાજકુમારો સાથે સંસારનો ત્યાગ કર્યો.

आसास	*आ.*	*आश्वास*	આશ્વાસ	આચારનું બીજું નામ.
आसासण	*दे.ज.*	*आश्वासन*	આશ્વાસન	૮૮ ગ્રહમાંનો એક. આ અને અસ્સાસણ એક છે.
आसिल	*श्र.*	*आसिल*	આસિલ	એક સાધુ, જે બાહ્ય રીતે જૈન જણાતા ન હતા. તે ઉકાળ્યા વિનાનું પાણી, બીજ અને લીલાં શાક–ભાજી ખાવાપીવામાં ઉપયોગમાં લેતા હતા. પરંતુ તેને ઇન્દ્રિયો વશમાં હતી અને તે મોક્ષ પામ્યો.
१. आसीविस	*आ.*	*आशीविष*	આશીવિષ	ભગવતીસૂત્રના આઠમા શતકનો બીજો ઉદ્દેશક.
२. आसीविस	*भौ.*	*आशीविष*	આશીવિષ	મહાવિદેહમાં સંખ(૧૫) નામના વિજય(૨૩)માં શીતોદા નદીની દક્ષિણે અને મંદર(૩) પર્વતની પશ્ચિમે આવેલો વક્ષસ્કાર પર્વત.
आसीविसभावणा	*आ.*	*आशीविषभावना*	આશીવિષભાવના	નાશ પામી ગયેલો અંગબાહ્ય કાલિક ગ્રન્થ.
आसुरी	*अ.*	*आसुरी*	આસુરી	કપીલ(૩)નો શિષ્ય. ષષ્ટિતન્ત્ર કપીલે પોતે દેવ તરીકે જન્મ લીધા પછી આસુરીને ઉપદેશ્યુ હતુ
आसुरुक्क	*अ.*	*आसुरोक्त*	આસુરોક્ત	આ અને ભીમાસુરુક્ક એક છે.
आहत्तहिअ	*आ.*	*याथातथ्य*	યાથાતથ્ય	સૂત્રકૃત્ ના પ્રથમ શ્રુતસ્કન્ધનું તેરમું અધ્યયન.
आहयधिय	*आ.*	*याथातथ्य*	યાથાતથ્ય	આ અને 'आहत्तहिअ' એક છે.
आहातहिअ	*आ.*	*याथातथ्य*	યાથાતથ્ય	આ અને આહત્તહિઅ એક છે.
१. आहार	*आ.*	*आहार*	આહાર	ભગવતીસૂત્રમાં આ નામના ત્રણ ઉદ્દેશકો છે — છઠ્ઠા શતકનો બીજો ઉદ્દેશક, સાતમા શતકનો પહેલો ઉદ્દેશક, તેરમા શતકનો પાંચમો ઉદ્દેશક.
२. आहार	*आ.*	*आहार*	આહાર	પ્રજ્ઞાપનાનું અઠ્યાવીસમું પદ (પ્રકરણ)
आहारपरिण्णा	*आ.*	*आहारपरिज्ञा*	આહારપરિજ્ઞા	સૂત્રકૃત્ નું ઓગણીસમું અધ્યયન અર્થાત્ બીજા શ્રુતસ્કન્ધનું ત્રીજું અધ્યયન.
आहासिय	*भौ.*	*आभासिक*	આભાસિક	જુઓ 'आभासिय'.
आहीर	*ऐ.*	*आभीर*	આભીર	જુઓ આભીર(૧).
आहुणिअ	*दे.ज.*	*आघूर्णिक*	આઘૂર્ણિક	અઠ્યાસી ગ્રહમાંનો એક.
आहुणिय	*दे.ज.*	*आघूर्णिक*	આઘૂર્ણિક	આ અને 'आहुणिआ' એક છે.
इंगाल	*दे.ज.*	*अङ्गार*	અંગાર	આ અને 'इंगालअ' એક છે.
इंगालअ	*दे.ज.*	*अङ्गारक*	અંગારક	અઠ્યાસી ગ્રહમાંનો એક. તે શક્ર(૩)ના સોમ(૧) નામના લોકપાલના કુટુંબનો સભ્ય છે. એ અને અંગારક એક જ છે. તેને ચાર મુખ્ય પત્નીઓ છે. અપરાજિતા, વિજયા, વેજયંતી અને જયંતી, અંગારાવતંસક इंगालगનું મુખ્ય વાસસ્થાન છે.
इंगालग	*दे.ज.*	*अङ्गारक*	અંગારક	આ અને 'इंगालग' એક છે.
इंगालमद्दग	*श्र.*	*अङ्गारमर्दक*	અંગારમર્દક	મોક્ષ પામવા અસમર્થ ગુરુ.
इंगालवडिंसअ	*ऐ.*	*अङ्गारावतंसक*	અંગારાવતંસક	અંગારકની રાજધાની અથવા મુખ્ય વાસસ્થાન.

१. इंद	*दे.*	*इन्द्र*	ઇંદ્ર	દેવોના અધિપતિ. તેઓ તિત્થંકરોના જન્મ આદિ ઊજવે છે. દેવોના આવા ૩૨ [૬૪]ઇંદ્ર હોય છે.
२. इंद	*दे.*	*इन्द्र*	ઇંદ્ર	આનતકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. જ્યાં રહેતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૯ સાગરોપમ છે.
३. इंद	*श्र.ती.*	*इन्द्र*	ઇંદ્ર	ઓગણીસમા તીર્થંકર મલ્લિના પ્રથમ શિષ્ય.
४. इंद	*दे.ज.*	*इन्द्र*	ઇંદ્ર	જેટ્ઠા નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ.
५. इंद	*दे.*	*इन्द्र*	ઇંદ્ર	સામાન્ય જનતાનો પ્રિય દેવ અર્થાત્ લોકદેવ. તેના માનમાં ઇંદ્રમહનો ઉત્સવ ઊજવવામાં આવતો હતો.
इंदकंत	*दे.*	*इन्द्रकान्त*	ઇંદ્રકાન્ત	આનતકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૧૯ સાગરોપમનું છે.
इंदकुंभ	*ऐ.*	*इन्द्रकुम्भ*	ઇંદ્રકુંભ	વીતસોગાના ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન.
इंदकेउ	*अ.*	*इन्द्रकेतु*	ઇંદ્રકેતુ	ઇંદ્ર(૫)નો ઉત્સવ ઊજવવાના પ્રસંગે ધ્વજ સાથે રોપવામાં આવતો દંડ.
१. इंदग्गि	*दे.ज.*	*इन्द्राग्नि*	ઇન્દ્રાગ્નિ	વિશાખા(૧) નક્ષત્રના અધિષ્ઠાતા દેવ.
२. इंदग्गि	*दे.ज.*	*इन्द्राग्नि*	ઇન્દ્રાગ્નિ	અઠ્યાસી ગ્રહમાંનો એક.
इंदजसा	*च.*	*इन्द्रयशा*	ઇંદ્રયશા	બ્રહ્મ(૧)ની પત્ની.
इंदज्झय	*अ.*	*इन्द्रध्वज*	ઇંદ્રધ્વજ	આ અને 'ઇંદ્રકેઉ' એક છે.
इंदणाग	*श्र.प्र.*	*इन्द्रनाग*	ઇંદ્રનાગ	જિર્ણપુરનો રહેવાસી. બાલતપસ્વી તરીકે તે પ્રસિદ્ધ હતો. તીર્થંકર મહાવીરના પ્રથમ ગણધર ગૌતમ તેને મળ્યા હતા. સંભવતઃ આ તે જ છે જેને મહાવીરના તીર્થમાં પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા હતા.
१. इंददत्त	*ती.*	*इन्द्रदत्त*	ઇંદ્રદત્ત	ચોથા તીર્થંકર અભિનંદનને સૌપ્રથમ ભિક્ષા આપનાર અયોધ્યા(૨)નો રાજા.
२. इंददत्त	*श्र.*	*इन्द्रदत्त*	ઇંદ્રદત્ત	મણિપુરના નાગદત્ત(૪) પાસેથી ભિક્ષા મેળવનાર સાધુ.
३. इंददत्त	*अ.*	*इन्द्रदत्त*	ઇંદ્રદત્ત	ઇંદ્રપુરનો રાજા. કદાચ આ અને ઇંદ્રદત્ત(૯) એક છે.
४. इंददत्त	*अ.*	*इन्द्रदत्त*	ઇંદ્રદત્ત	બ્રાહ્મણ અધ્યાપક, કપીલ(૪)ના પિતાનો મિત્ર.
५. इंददत्त	*ती.*	*इन्द्रदत्त*	ઇંદ્રદત્ત	બારમા તીર્થંકર વાસુપુજયનો પૂર્વભવ.
६. इंददत्त	*अ.*	*इन्द्रदत्त*	ઇંદ્રદત્ત	'ગિરકુલ્વિગા' નગરીનો શેઠ.
७. इंददत्त	*अ.*	*इन्द्रदत्त*	ઇંદ્રદત્ત	રાજકુમારી સાથે લગ્ન કરનાર ધનિક વેપારીનો પુત્ર
८. इंददत्त	*क.*	*इन्द्रदत्त*	ઇંદ્રદત્ત	જેનો પગ એક વેપારીએ કાપી નાખ્યો હતો તે મથુરા (૧)નો પુરોહિત.

९. इंददत्त	*क.*	*इन्द्रदत्त*	ઇંદ્રદત્ત	ઇંદ્રપુરનો રાજા. તેને પોતાની અનેક પત્નીઓ દ્વારા બાવીસ પુત્રો થયા હતા. તે પોતાના મંત્રીની દીકરીને પરણ્યો હતો જેનાથી તેને સુરિંદદત્ત(૨) નામનો પુત્ર થયો હતો. મથુરા(૧)ના રાજા જિતશત્રુ(૩૦)ની દીકરી નિર્વૃત્તી સાથે સુરિંદદત્ત નું લગ્ન થયું હતું. આ ઇંદ્રદત્ત અને ઇંદ્રદત્ત(૩) એક લાગે છે.
इंददिण्ण	*श्र.*	*इन्द्रदत्त*	ઇંદ્રદત્ત	સુસ્થિત–સુપ્રતિબુદ્ધના પાંચ શિષ્યોમાંનો એક.
इंदपद/इंदपय	*भौ.*	*इन्द्रपद*	ઇંદ્રપદ	ગજાગ્રપદ અને આ એક જ પર્વત છે. તે તેની બધી બાજુઓ પર ગામોથી ભરપૂર છે.
इंदपुर	*ऐ.*	*इन्द्रपुर*	ઇંદ્રપુર	ભારહવાસનું નગર. ચક્રવર્તી બ્રહ્મદત્ત, બ્રાહ્મણ શીવદત્તની દીકરીને આ નગરમાં પરણ્યો હતો.
इंदभूइ/इंदभूति	*ती.ग.*	*इन्द्रभूति*	ઇંદ્રભૂતિ	ગોબ્બરગામ(૧)ના વસુભૂઈ(૧) અને પુહવી(૩)નો પુત્ર. અગ્નિભૂતિ(૧) અને વાઉભૂતિ તેના ભાઈ હતા. તે ગૌતમ(૨) ગોત્રના હતા, તેથી તે ગૌતમતરીકે જાણીતા હતા. તે મહાન પંડિત હતા. તેમને તીર્થંકર મહાવીરના પ્રથમ ગણધર બનવાનું ગૌરવ પ્રાપ્ત થયું હતું. મહાવીર મોક્ષે ગયા પછી તરત જ ગૌતમને કેવલજ્ઞાન થયું. કુલ ૯૨ વર્ષનું આયુષ્ય ભોગવી તે રાજગૃહીમાં મોક્ષ પામ્યા.
इंदमह	*अ.*	*इन्द्रमह*	ઇંદ્રમહ	લોકોના પ્રિય દેવ અર્થાત્ લોકદેવ ઇંદ્ર(૫)ના માનમાં ઊજવાતો ઉત્સવ.
इंदमुद्धाभिसित्त	*स.*	*इन्द्रमूर्धाभिषिक्त*	ઇંદ્રમૂર્ધાભિષિક્ત	પખવાડિયાનો સાતમો દિવસ (સાતમ).
इंदवागरण	*अ.*	*इन्द्रव्याकरण*	ઇંદ્રવ્યાકરણ	પોતાની શાળાના શિક્ષકને શક્રેપૂછેલા પ્રશ્નોના ઉત્તર આપતી વખતે ભ૰ મહાવીરે અનુસરેલી વ્યાકરણ ની શાખા.
१. इंदसम्म	*अ.*	*इन्द्रशर्मन्*	ઇંદ્રશર્મન્	અસ્થિકગામનો બ્રાહ્મણ. તે જ ગામના યક્ષ શૂલપાણિ (૨)નો તે ઉપાસક અને ભક્ત હતો.
२. इंदसम्म	*अ.*	*इन्द्रशर्मन्*	ઇંદ્રશર્મન્	મોરાગ સન્નિવેશનો ગૃહસ્થ.
इंदसिरी	*च.*	*इन्द्रश्री*	ઇંદ્રશ્રી	બ્રહ્મ(૧)ની પત્ની.
इंदसेणा	*भौ.*	*इन्द्रसेना*	ઇંદ્રસેના	ઐરાવત(૧) ક્ષેત્રમાં વહેતી રક્તવતી(૧) નદીને મળતી પાંચ નદીઓમાંની એક.
१. इंदा	*आ.*	*इन्द्रा*	ઇન્દ્રા	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના ત્રીજા વર્ગનું ચોથું અધ્યયન.
२. इंदा	*दे.*	*इन्द्रा*	ઇન્દ્રા	ધરણેન્દ્રની છ મુખ્ય પત્નીઓમાંની એક. તેના પૂર્વ ભવમાં તે વાણારસીના વેપારીની પુત્રી હતી.

३. इंदा	भौ.	इन्द्रा	ઇન્દ્રા	જંબૂદ્વીપમાં વહેતી રક્તવતી(૧) નદીને મળતી પાંચ નદીઓમાંની એક.
४. इंदा	दे.	इन्द्रा	ઇન્દ્રા	વિદ્યુત્કુમારિમહત્તરિકા દેવી.
१. इंदिय	आ.	इन्द्रिय	ઇન્દ્રિય	ભગવતીસૂત્રમાં આ જ નામના બે ઉદ્દેશકો છે — ત્રીજા શતકનો નવમો ઉદ્દેશક અને બીજા શતકનો ચોથો ઉદ્દેશક.
२. इंदिय	आ.	इन्द्रिय	ઇન્દ્રિય	પ્રજ્ઞાપનાનું પંદરમું પદ (પ્રકરણ)
इंदुत्तरवडिंसग	दे.	इन्द्रोत्तरावतंसक	ઇન્દ્રોત્તરાવતંસક	આનતકલ્પમાં આવેલું દેવોનું વાસસ્થાન જ્યાં વસતા દેવો ઓગણીસ પખવાડિયામાં એક જ વાર શ્વાસ લે છે, ઓગણીસ હજાર વર્ષોમાં એક જ વાર તેમને ભૂખ લાગે છે અને તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય ઓગણીસ સાગરોપમ વર્ષનું છે.
इंदुवसु	च.	इन्दुवसु	ઇન્દુવસુ	બ્રહ્મ(૧)ની પત્ની.
इंदुकंत	दे.	इन्द्रकान्त	ઇંદ્રકાન્ત	આ અને ઇંદ્રકંત એક જ છે.
इक्काइ	क.	एकादि	એકાદિ	મિયાપુત્ર(૨)નો પૂર્વભવ. તે શતદ્વાર નગર પાસે આવેલા સ્થાન વિજયવર્ધમાનનો વહીવટદાર હતો. તે બહુ ક્રૂર હતો. મૃત્યુ પછી તેને નરકમાં જન્મ લેવો પડ્યો અને ત્યારપછી તે કંગાળ મિયાપુત્ર તરીકે જન્મ્યો.
इक्काइरट्ठकूड	क.	एकादिराष्ट्रकूट	એકાદિરાષ્ટ્રકૂટ	આ અને વહીવટદાર ઇક્કાઈ એક જ છે.
१. इक्खाग	ऐ.	इक्ष्वाकु	ઇક્ષ્વાકુ	એક જનપદ, જે કોસલ(૧)થી ભિન્ન નથી. ત્યાં રાજા પ્રતિબુદ્ધિ રાજ કરતો હતો. તીર્થંકર ઋષભ(૧) ઇક્ષ્વાકુ ભૂમિમાં અર્થાત્ કોસલા અથવા અયોધ્યા(૨)માં જન્મ્યા હતા.
२. इक्खाग	अ.	इक्ष्वाकु	ઇક્ષ્વાકુ	એક આર્યન્ વંશ. તીર્થંકર ઋષભ(૧)ના વંશજો આ વંશના હતા. ઋષભના પ્રથમ પારણા વખતે શક્ર (૩) ઇક્ષુ સાથે ઉપસ્થિત થયા અને ઋષભે ઇક્ષુ સ્વીકારી એટલે ઋષભનો વંશ ઇક્ષ્વાકુ વંશ તરીકે ઓળખાયો.
इक्खागकुल	अ.	इक्ष्वाकुकुल	ઇક્ષ્વાકુકુલ	જુઓ 'ઇક્ખાગ'(૨).
इक्खागभूमि	ऐ.	इक्ष्वाकुभूमि	ઇક્ષ્વાકુભૂમિ	આ અને અયોધ્યા(૨) એક છે.
इक्खागवंश	अ.	इक्ष्वाकुवंश	ઇક્ષ્વાકુવંશ	જુઓ 'ઇક્ખાગ'(૨).
इक्खागुवंश	अ.	इक्ष्वाकुवंश	ઇક્ષ્વાકુવંશ	જુઓ 'ઇક્ખાગવંશ'.
इक्खु	आ.	इक्षु	ઇક્ષુ	ભગવતીસૂત્રના એકવીસમા શતકનો પાંચમો ઉદ્દેશક.

इक्खुवरदीव	***भौ.***	*इक्षुवरद्वीप*	ઇક્ષુવરદ્વીપ	ઈક્ષુવરસમુદ્રથી બધી બાજુએથી ઘેરાયેલો વલયાકાર દ્વીપ જે પોતે ઘૃતોદસમુદ્રને ચારે બાજુ થી ઘેરી રહ્યો છે. આ અને ક્ષોદવરદ્વીપ એક જ છે.
इक्खुवरसमुद्द	***भौ.***	*इक्षुवरसमुद्र*	ઇક્ષુવરસમુદ્ર	નંદીશ્વર દ્વીપથી ઘેરાયેલો સમુદ્ર જે પોતે ઇક્ષુવર દ્વીપને ચારે બાજુથી ઘેરી રહ્યો છે. આ અને ક્ષોદોદ સમુદ્ર એક છે.
इच्छा	***स.***	*इच्छा*	ઇચ્છા	પખવાડિયાની અગિયારમી રાત અર્થાત્ અગિયારસ ની રાત.
इत्थी	***आ.***	*स्त्री*	સ્ત્રી	ભગવતીસૂત્રના ત્રીજા શતકનો પાંચમો ઉદ્દેશક.
इत्थीपरिण्णा	***आ.***	*स्त्रीपरिज्ञा*	સ્ત્રીપરિજ્ઞા	સૂત્રકૃત્ ના (શ્રુતસ્કન્ધ ૧ ના) સોળ અધ્યયનો માંનું એક. આ અને સ્ત્રીપરિજ્ઞા એક છે.
इल	***अ.***	*इल*	ઇલ	વારાણસીનો ગૃહસ્થ. ઇલસિરી તેની પત્ની હતી અને ઇલા(૧) તેની દીકરી.
इलसिरी	***अ.***	*इलश्री*	ઇલશ્રી	વાણારસીના ગૃહસ્થ ઇલની પત્ની.
१. इला	***ऐ.***	*इला*	ઇલા	વાણારસીના ઇલ પિતા અને ઇલસિરી માતાની દીકરી. તે સંસાર ત્યાગ કરી તીર્થંકર પાર્શ્વ(૧) ની શિષ્યા બની. મૃત્યુ પછીના ભવમાં તે ધરણેન્દ્રની મુખ્ય પત્ની બની. એક વાર તે પોતાના ઇલા–વતંસક ભવનમાંથી નીચે આવી, તેણે તીર્થંકર મહાવીર આગળ નાટક ભજવ્યું. તે ઇલાદેવી(૨) તરીકે પણ પ્રસિદ્ધ હતી. જુઓ આલા(૧).
२. इला	***आ.***	*इला*	ઇલા	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના ત્રીજા વર્ગનું પહેલું અધ્યયન.
इलाइपुत्त	***श्र.***	*इलाचिपुत्र*	ઇલાચિપુત્ર	આ અને ઇલાપુત્ર એક છે.
१. इलादेवी	***दे.***	*इलादेवी*	ઇલાદેવી	રુચક(૧) પર્વતના પશ્ચિમ ભાગના શિખર 'સોત્થિય' ઉપર વસતી મુખ્ય દિસાકુમારી.
२. इलादेवी	***श्र.दे.***	*इलादेवी*	ઇલાદેવી	આ અને ઇલા(૧) એક છે.
३. इलादेवी	***आ.***	*इलादेवी*	ઇલાદેવી	પુષ્પચૂલિકાનું સાતમું અધ્યયન.
४. इलादेवी	***भौ.***	*इलादेवी*	ઇલાદેવી	શીખરી પર્વતનું શિખર.
५. इलादेवी	***भौ.***	*इलादेवी*	ઇલાદેવી	લઘુ–હિમવંત પર્વતનું શિખર. તે જ નામની ત્યાં વસતી દેવીના નામ ઉપરથી તેનું નામ રખાયું છે.
इलापुत्त	***श्र.***	*इलापुत्र*	ઇલાપુત્ર	ઇલાવર્ધનગરના વેપારીનો પુત્ર. તે એક નટીના પ્રેમમાં પડ્યો અને લાંબા સમય સુધી તેની સાથે રહ્યો. ત્યારબાદ તે બેન્નાતટ નગરમાં એક મુનિથી બહુ પ્રભાવિત થયો. તેને વાંસ ઉપર નાચતા નાચતા કેવળજ્ઞાન થયું અને છેવટે તે મોક્ષ પામ્યો. તે ઇલાઈપુત્ર તરીકે પણ પ્રસિદ્ધ છે.

इलावडंसग	*दे.*	*इलावतंसक*	ઇલાવતંસક	જ્યાં ઇલાદેવી(૨)નો વાસ છે તે સ્વર્ગીય સ્થાન.
इलावद्धणगर	*ऐ.*	*इलावर्धनगर*	ઇલાવર્ધનગર	જ્યાં ઇલાપુત્ર જન્મ્યો હતો તે નગર. તે બેન્ના(૧) ના તટ ઉપર આવેલું હતું.
इल्ला	*ऐ.*	*इल्ला*	ઇલ્લા	તીર્થંકર ઋષભ જે દેશ ગયા હતા તે દેશ. તેનો ઉલ્લેખ બહલી, અડંબ અને જોગણ સાથે થયો છે.
इसि	*दे.*	*ऋषि*	ઋષિ	દક્ષિણના 'ઇસિવાઇય' વ્યંતર દેવોનો ઇંદ્ર.
इसिगिण	*ऐ.*	*इसिकिण*	ઇસિકિણ	આ અને 'ઇસિણ' એક છે.
इसिगिरि	*श्र.प्र.*	*ऋषिगिरि*	ઋષિગિરિ	તીર્થંકર પાર્શ્વના તીર્થમાં થયેલ બ્રાહ્મણ પરિવ્રાજક જેને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવેલ છે.
इसिण	*ऐ.*	*इसिण*	ઇસિણ	એક અનાર્ય દેશ જ્યાંની કન્યાઓને રાજાના અન્ત:પુરોમાં લાવવામાં આવતી અને દાસીઓ તરીકે રાખવામાં આવતી. ઇસિણ, ઇસિગણ અને ઇસિગિણ નામોથી પણ તેનો ઉલ્લેખ થયો છે.
इसितलाग	*ऐ.*	*ऋषितडाग*	ઋષિતડાગ	તોસલિમાં ઋષિવાલ(૧) દ્વારા નિર્માણ કરાયેલું તળાવ. લોકો અહીં દર વર્ષે અટ્ઠાહિયામહિમા (આઠ દિવસનો ધાર્મિક વિધિ) કરતા.
१. इसिदास	*आ.*	*ऋषिदास*	ઋષિદાસ	અનુત્તરોપપાતિકદશાનું પહેલું અધ્યયન. વર્તમાનમાં તો તે તેના ત્રીજા વર્ગનું ત્રીજું અધ્યયન છે.
२. इसिदास	*श्र.*	*ऋषिदास*	ઋષિદાસ	રાજગૃહીની સન્નારી ભદ્રા(૭)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરીને ભ૦ મહાવીરનો શિષ્ય બન્યો હતો.
इसिदिण्ण	*ती.*	*ऋषिदत्त*	ઋષિદત્ત	જંબૂદ્વીપના ઐરાવત(૧) ક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણી માં થયેલા પાંચમાં તીર્થંકર.
इसिभद्दपुत्त	*श्रा.*	*ऋषिभद्रपुत्र*	ઋષિભદ્રપુત્ર	આલભિયા નગરનો મહાવીરનો ઉપાસક. મૃત્યુ પછી તે સુધર્મકલ્પના અરુણાભ નામના સ્વર્ગીય વાસસ્થાનમાં દેવ તરીકે જન્મ્યા. દેવાયુષ્ય પૂર્ણ થતા તે મહાવિદેહમાં જન્મશે, ત્યાં જ મોક્ષ પામશે
१. इसिभासिय	*आ.*	*ऋषिभाषित*	ઋષિભાષિત	અંગબાહ્ય કાલિક ગ્રન્થ. દેવ તરીકેનું પોતાનું આયુ પૂર્ણ કરી અહીં જન્મેલા ૪૪ ઋષિઓ વડે લખાયેલા ચુમ્માળીસ અધ્યયનો આ ગ્રન્થમાં છે. તેના ઉપર ભદ્રબાહુ(૨)એ નિર્યુક્તિ લખી હતી એમ કહેવાય છે. વર્તમાનમાં ઇસિભાસિયમાં પિસ્તાળીસ અધ્યયનો છે. જે ઋષિઓએ આ અધ્યયનો લખ્યા છે તે અજૈન પંથોના હતા છતાં તેઓ પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારાયા હતા. આ અધ્યયનોમાં જે ઉપદેશ સંગૃહીત છે તે સર્વ સામાન્ય આધ્યાત્મિકતા ઉપર છે.

२. इसिभासिय	*आ.*	*ऋषिभाषित*	ઋષિભાષિત	પ્રશ્નવ્યાકરણનું ત્રીજું અધ્યયન, પરંતુ વર્તમાનમાં ઉપલબ્ધ આ સૂત્રમાં આ અધ્યયન મળતું નથી.
इसिमंडलत्थउ	*अ.*	*ऋषिमण्डलस्तव*	ઋષિમણ્ડલસ્તવ	ઋષિઓની સ્તુતિ કરતો ગ્રન્થ.
इसिवाअ	*दे.*	*ऋषिवाद*	ઋષિવાદ	આ અને 'ઇસિવાઇય' એક છે.
इसिवाइय	*दे.*	*ऋषिवादिक*	ઋષિવાદિક	વ્યંતર દેવોનો પેટાભેદ. ઇસિ અને ઇસિવાલ(૧). તેમના બે ઇન્દ્રો છે.
इसिवादिय	*दे.*	*ऋषिवादिक*	ઋષિવાદિક	આ અને 'ઇસિવાઇય' એક છે.
१. इसिवाल	*दे.*	*ऋषिपाल*	ઋષિપાલ	ઉત્તરના ઇસિવાઇય વ્યંતર દેવોનો ઇંદ્ર.
२. इसिवाल	*च.*	*ऋषिपाल*	ઋષિપાલ	પાંચમાં વાસુદેવ પુરિસસીહનો પૂર્વભવ. કૃષ્ણ તેમના ગુરુ હતા. તેમણે રાજગૃહીમાં નિદાન કર્યું, તેનું કારણ તેમનો પરાજય હતો.
इसिवालिय	*दे.*	*ऋषिपालित*	ઋષિપાલિત	આ અને 'ઇસિવાઇય' એક છે.
इसिवुड्ढि	*च.*	*ऋषिवृद्धि*	ઋષિવૃદ્ધિ	ચક્રવર્તી બ્રહ્મદત્તની આઠ મુખ્ય પત્નીમાંની એક.
इसुयार	*श्र.*	*इषुकार*	ઇષુકાર	જુઓ 'ઇષુકાર' (૩).
१. ईसर	*भौ.*	*ईश्वर*	ઈશ્વર	ઉત્તરદિશામાં લવણસમુદ્રના કેન્દ્રમાં આવેલ મહાપાતાલકલશ (ભૂમિતળની નીચે ખૂબ ઊંડે આવેલ કલશના આકારની રચના).
२. ईसर	*दे.*	*ईश्वर*	ઈશ્વર	ભૂતવાદિત વ્યંતર દેવોનો ઇંદ્ર.
ईसरमत	*अ.*	*ईश्वरमत*	ઈશ્વરમત	ઈશ્વરને સૃષ્ટિકર્તા માનતો પાખંડી મત.
ईसा	*दे.*	*ईशा*	ઈશા	કેટલાક ઇન્દ્રો, તેમના લોકપાલો અને પત્નીઓ વગેરેની અભ્યન્તર સભા (અભ્યન્તર, મધ્યમ અને બાહ્ય ત્રણ સભાઓમાંની એક.)
१. ईसाण	*दे.भौ.*	*ईशान*	ઈશાન	મંદરપર્વતની ઉત્તરે આવેલું બીજું સ્વર્ગ (કલ્પ). તેમાં ૨૮ લાખ સ્વર્ગીય વાસસ્થાનો છે. દરેક વાસસ્થાન ૫૦૦ યોજન ઊંચું અને ૨૭૦૦ યોજન વિસ્તરેલું છે. આ વાસસ્થાનોમાં રહેતા દેવો શારીરિક સંભોગનો આનંદ મેળવે છે.
२. ईसाण	*दे.*	*ईशान*	ઈશાન	આ જ નામના બીજા સ્વર્ગ(કલ્પ)નો ઇંદ્ર. તેને ૮૦૦૦૦ સામાનિકો, ૩૩ ત્રાયસ્ત્રિંશ દેવો, ચાર લોકપાલો, ૮ મુખ્ય પત્નીઓ, ૩ પરીષદો, ૭ સેનાનાયકો, ૩૨૦૦૦૦ આત્મરક્ષકો હોય છે. તે લોકના ઉત્તરાર્ધનો અધિપતિ છે. અંકવતંસક તેનો મુખ્ય મહેલ છે. તેની મુખ્ય આઠ પત્નીઓ છે.
३. ईसाण	*दे.*	*ईशान*	ઈશાન	આ જ નામના સ્વર્ગમાં રહેતો કોઈ પણ દેવ. તેની ઉત્કૃષ્ટ ઊંચાઈ ૭ રત્ની છે. તેનું ઉત્કૃષ્ટ આયુ બે સાગરોપમ વર્ષથી કંઈક વધારે છે, જઘન્ય આયુષ્ય એક પલ્યોપમ વર્ષથી કંઈક વધારે છે.

४. ईसाण	आ.	ईशान	ઈશાન	ભગવતીસૂત્રના સત્તરમા શતકનો પાંચમો ઉદ્દેશક.
५. ईसाण	स.	ईशान	ઈશાન	દિવસ અને રાતના ત્રીસ મુહૂર્ત્તમાંનુ એક.
ईसाणकप्प	दे.भौ.	ईशानकल्प	ઈશાનકલ્પ	આ અને 'ઈસાન'(૧) એક છે.
ईसाणदेविंद	दे.	ईशानदेवेन्द्र	ઈશાનદેવેન્દ્ર	આ અને 'ઈસાન'(૨) એક છે.
ईसाणवडिंसग(य)	दे.	ईशानावतंसक	ઈશાનાવતંસક	ઈસાન(૧) નામના સ્વર્ગ (કલ્પ)નું સૌથી મોટું વાસ–સ્થાન. તે કેન્દ્રમાં આવેલું છે. તેની લંબાઈ અને પહોળાઈ બારસો પચાસ હજાર યોજન છે.
ईसाणवडेंसअ	दे.	ईशानावतंसक	ઈશાનાવતંસક	જુઓ 'ઈસાનવડિંસગ'.
ईसाणस्स	आ.	ईशानस्य	ઈશાનસ્ય	જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ ૨ નું અધ્યયન ૧૦.
ईसाणिंदसी	दे.	ईशानेन्द्र	ઈશાનેન્દ્ર	આ અને ઈસાન(૨) એક છે.
ईसि	भौ.	ईषत्	ઈષત્	ઈસિપબ્ભારાનું બીજું નામ.
ईसिगण	ऐ.	ईसत्गण	ઈસત્ગણ	જુઓ ઈસિણ.
ईसिपब्भारा	भौ.	ईषत्प्राग्भारा	ઈષત્પ્રાગ્ભારા	સિદ્ધોનું (મુક્ત આત્માઓનું) વાસસ્થાન. સર્વાર્થસિદ્ધ (૧) વિમાન ની ઉપર બાર યોજન દૂર તે આવેલું છે. તે ઉઘાડેલી છત્રીના આકારનું છે. તે પિસ્તાળીસ લાખ યોજન લાંબુ તેમજ પહોળું છે અને તેનો પરિઘ તેનાથી ત્રણ ગણા કરતા કંઈક વધારે છે. તેની જાડાઈ આઠ યોજન છે. વચ્ચે જાડાઈ સૌથી વધારે છે અને કિનાર તરફ જતાં ઘટતી જાય છે તે એટલે સુધી કે સાવ છેડે માંખીની પાંખ જેટલી જાડાઈ થઈ જાય છે. તેના બાર નામો પ્રાકૃતમાં આ પ્રમાણે છે—'ઈસિ, ઈસિપબ્ભારા, તણૂઈ, તણુતણૂઈ કે તણૂયતરી, સિદ્ધિ, સિદ્ધાલય, મુત્તિ, મુત્તાલય, બ્રહ્મ, બ્રહ્મવડિંસય, લોકપડિપૂરણા, લોગગ્ગચૂલિઆ'.
ईसीपब्भारा	भौ.	ईषत्प्राग्भारा	ઈષત્પ્રાગ્ભારા	જુઓ 'ઈસિપબ્ભારા'.
उदओद	क.	उदितोद	ઉદિતોદ	જુઓ 'ઉદિઓદઅ'.
उंजायण	अ.	उञ्जायन	ઉઞ્જાયન	વાસિટ્ઠ ગોત્રની એક શાખા.
उंबर	आ.	उदुम्बर	ઉદુમ્બર	વિપાકશ્રુતના પ્રથમ શ્રુતસ્કન્ધનું સાતમું પ્રકરણ.
१. उंबरदत्त	क.	उदुम्बरदत्त	ઉદુમ્બરદત્ત	પાડલસંડના સાગરદત્ત(૫) અને ગંગદત્તાનો પુત્ર. પાપકર્મના ઉદયના કારણે તે સોળ રોગોથી પીડાતો હતો. તેના પૂર્વભવમાં તે વિજયપુરના રાજા કનકરથ (૨)નો રાજવૈદ્ય હતો.
२. उंबरदत्त	दे.	उदुम्बरदत्त	ઉદુમ્બરદત્ત	પાડલસંડ નગરની બહાર આવેલા ઉદ્યાનનો યક્ષ
उक्करड	अ.	उत्करट	ઉત્કરટ	જુઓ 'ઉક્કુરુડ'.
उक्कलवाडि	श्र.प्र.	उत्कलवादिन्	ઉત્કલવાદિન્	અરિષ્ટનેમિના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમનો સ્વીકાર પ્રત્યેકબુદ્ધ તરીકે થયો છે.
उक्कामुह	भौ.	उल्कामुख	ઉલ્કામુખ	એક અંતરદ્વીપ.

उक्कालिअ/ उक्कालिय	*आ.*	*उत्कालिक*	ઉત્કાલિક	અંગબાહ્ય સૂત્રોના બે પ્રકારોમાંનો એક પ્રકાર. આ પ્રકારના ગ્રન્થો કોઈપણ યોગ્ય સમયે વાંચી શકાય, અર્થાત્ તેમના અધ્યયન માટે કોઈ નિયત સમય નથી. આવા ગ્રન્થોની સૂચિ આ પ્રમાણે– (૧) દશવૈકાલિક, (૨) કલ્પિતાકલ્પિત, (૩) લઘુ–કલ્પસૂત્ર, (૪) મહાકલ્પસૂત્ર, (૫) ઔપ–પાતિક, (૬) રાજપ્રશ્નીય, (૭) જીવાભિગમ, (૮) પ્રજ્ઞાપના, (૯) મહાપ્રજ્ઞાપના, (૧૦) પ્રમાદા પ્રમાદ, (૧૧) નંદી, (૧૨) અનુયોગદ્વાર, (૧૩) દેવેન્દ્રસ્તવ, (૧૪) તંદુલવૈચારિક, (૧૫) ચંદ્ર વેધ્યક, (૧૬) *સૂર્યપ્રજ્ઞપ્તિ, (૧૭) પોરિસી મંડલ, (૧૮) મંડલપવેસ, (૧૯) વિદ્યાચરણ વિનિશ્ચય, (૨૦) ગણિવિદ્યા, (૨૧)ધ્યાન વિભક્તિ, (૨૨) મરણવિભક્તિ, (૨૩) આત્મ વિસુદ્ધિ, (૨૪) વીતરાગશ્રુત, (૨૫) સંલેખના શ્રુત, (૨૬) વિહારકલ્પ, (૨૭) ચરણવિધિ, (૨૮) આતુરપ્રત્યાખ્યાન,(૨૯) મહાપ્રત્યાખ્યાન. ***અનુયોગદ્વાર હેમચન્દ્રીયા–વૃત્તિ પૃષ્ઠ ૬ મુજબ ...*** આવશ્યક પણ ઉત્કાલિક ગ્રન્થ છે. **** પક્ખીસૂત્ર મુજબ 'સૂર્યપ્રજ્ઞપ્તિ' એ કાલિકસૂત્ર છે.***
उक्कुरुड	*अ.*	*उत्कुरुट*	ઉત્કુરુટ	કુણાલાનગરીના અને સાકેતમાં મૃત્યુ પામેલા બે ગુરુઓમાંના એક. આ શબ્દના બીજા રૂપાંતરો પણ મળે છે — ઉક્કરડ, ઓકુરુડ અને કુરુડ.
उक्खित्तणाअ	*आ.*	*उत्क्षिप्तज्ञात*	ઉત્ક્ષિપ્તજ્ઞાત	જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ ૧ નું અધ્યયન ૫
उग्ग	*अ.*	*उग्र*	ઉગ્ર	લોકોના રક્ષણ માટે પ્રથમ તીર્થંકર ઋષભે રક્ષક તરીકે નિયુક્ત કરેલુ ક્ષત્રિય કુળ. તે એક આર્ય કુળ તરીકે જાણીતુ છે.
उग्गवई	*स.*	*उग्रवती*	ઉગ્રવતી	પખવાડિયાના પહેલાં, છઠ્ઠા અને અગિયારમા દિવસોની રાત્રિઓ.
उग्गसेन	*क.*	*उग्रसेन*	ઉગ્રસેન	મથુરાનો રાજા. કંસ તેનો પુત્ર હતો અને નભસેન તેનો પૌત્ર હતો. રાજીમતિ અને સત્યભામા તેની પુત્રીઓ હતી. વાસુદેવ કૃષ્ણના આધિપત્યમાં રહેલા ૧૬૦૦૦ રાજાઓમાં તે અગ્રેસર હતા. નભસેન અને તે ઉપરનું ટિપ્પણ પણ જુઓ.
उच्च	*च.*	*उच्च*	ઉચ્ચ	ચક્રવર્તી બ્રહ્મદત્તના પાંચ મહેલોમાંનો એક.
उच्चतरिआ	*अ.*	*उच्चतरिका*	ઉચ્ચતરિકા	અઢાર પ્રકારની બ્રાહ્મી લિપિઓમાંની એક. આ અને 'અંતક્ખરિયા' એક હોવાનો સંભવ છે.

उच्छुघर	*ऐ.*	*इक्षुगृह*	ઇક્ષુગૃહ	જ્યાં આચાર્ય રક્ષિત(૧) વર્ષાવાસના ચાર મહિના રહ્યા હતા તે દસપુરનું ઉદ્યાન.
उजुवालिया	*भौ.ती*	*ऋजुपालिका*	ઋજુપાલિકા	જૃંભિકગામ પાસે વહેતી નદી. તીર્થંકર મહાવીરને આ નદીના ઉત્તર કાંઠે કેવળજ્ઞાન થયું હતું.
उज्जंत	*भौ.ती*	*उज्जयन्त*	ઉજ્જયન્ત	જુઓ 'ઉર્જિત'.
उज्जलिअ	*भौ.ती*	*उज्ज्वलित*	ઉજ્જ્વલિત	વાલુકાપ્રભા નરકભૂમિમાં આવેલું નારકીઓનું એક વાસસ્થાન.
उज्जिंत	*भौ.ती*	*उज्जयन्त*	ઉજ્જયન્ત	આ નામનો પર્વત. બાવીસમા તીર્થંકર અરિષ્ટ–નેમિને આ પર્વતના શિખર ઉપર કેવળજ્ઞાન થયું હતું. ત્યાં જ તેઓ ૫૩૬ શ્રમણો સાથે મોક્ષ પામ્યા હતા. તેમના સંસારત્યાગનું સ્થળ પણ આ જ હતું. આ પર્વત અને રેવતક એક છે.
उज्जुवालिया	*भौ.ती*	*ऋजुपालिका*	ઋજુપાલિકા	આ અને 'ઉજુવાલિયા' એક છે.
उज्जेंत	*भौ.ती*	*उज्जयन्त*	ઉજ્જયન્ત	જુઓ 'ઉર્જિત'.
उज्जेणी	*ऐ.*	*उज्जयिनी*	ઉજ્જયિની	અવંતિ(૧) દેશનું પાટનગર. તે સિંધુસોવીરના પાટનગર વીતિભયથી એંશી યોજનના અંતરે આવેલું હતું. આ નગરમાં ૫૦૦ ઉપાશ્રયો હતા. તેમાં મહાકાલ(૩) નામે પ્રસિદ્ધ મોટું મંદિર હતું. શ્રમણ અવંતિસુકુમાલ પણ આ નગરના હતા.
उज्जोततरा	*ऐ.*	*उद्योततरा*	ઉદ્યોતતરા	તે નગર જ્યાં પોતાના હાથે બારાવતીનો નાશ થવાની ભવિષ્યવાણી દ્વૈપાયને સાંભળી હતી.
उज्झा	*ऐ.*	*अयोध्या*	અયોધ્યા	જુઓ અયોધ્યા.
१. उज्झियअ	*आ.*	*उज्झितक*	ઉજ્ઝિતક	વિપાકશ્રુતના પ્રથમ શ્રુતસ્કન્ધનું બીજું પ્રકરણ.
२. उज्झियअ	*क.*	*उज्झितक*	ઉજ્ઝિતક	વાણિયગામના વિજયમિત્ર અને સુભદ્રાનો પુત્ર. તે તે જ ગામની ગણિકા કામધ્વજાના પ્રેમમાં પડ્યો અને તેની સાથે રહેવા લાગ્યો. રાજા મિત્રે કામધ્વજાને પોતાની સાથે રાજમહેલમાં રહેવા આવી જવા કહ્યું. કામધ્વજા ઉજ્ઝિતકને છોડી રાજમહેલ માં રાજા સાથે રહેવા લાગી. ઉજ્ઝિતક આ વિયોગ સહન કરી શક્યો નહિ. એકવાર તે રાજમહેલમાં પ્રવેશ્યો અને કામધ્વજા સાથે સંભોગમાં લીન થઈ ગયો. રાજાએ તેને સંભોગ કરતો પકડ્યો અને સખત શિક્ષા કરી. ઉજ્ઝિતક તેના પૂર્વભવમાં ગોત્રાસ નામે હતો.
उज्झिया	*अ.*	*उज्झिता*	ઉજ્ઝિતા	ધનપાલ(૩)ની પત્ની.
उट्ट	*ऐ.*	*उट्ट*	ઉટ્ટ	આ અને 'ઉષ્ટ્ર' એક છે.
उट्ठाणसुअ	*आ.*	*उत्थानश्रुत*	ઉત્થાનશ્રુત	એક અંગબાહ્ય કાલિક ગ્રન્થ. તે નષ્ટ થઈ ગયો છે

उडंक	*अ.*	*उडंक*	ઉડંક	એક ઋષિ, જેની રૂપવતી પત્ની ઉપર લોકપ્રિય દેવ ઇન્દ્રે બળાત્કાર કર્યો હતો.
उडुविमाण	*दे.*	*उडुविमान*	ઉડુવિમાન	સુધર્મ સ્વર્ગના પ્રથમ સ્તરમાં આવેલું એક વાસ–સ્થાન. તેની લંબાઈ પહોળાઈ ૪૫ લાખ યોજન છે
उड्ड	*ऐ.*	*ओड्र*	ઓડ્ર	તેના રૂપાંતરો 'ઉદ્ર' અને 'ઉદુ' છે. તે અનાર્ય દેશ અને તેના લોકોનો વાચક શબ્દ છે.
उड्डुवाडियगण	*अ.*	*उड्डुवाटिकगण*	ઉડ્ડુવાટિકગણ	આ અને ઉડુવાડિયગણ એક છે.
उण्णाअ/उण्णाग	*ऐ.*	*उणाक*	ઉણાક	તીર્થંકર મહાવીર આ સ્થળે આવ્યા હતા.
उण्णात	*ऐ.*	*उन्नात*	ઉન્નાત	જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં આવેલું નગર.
उत्तम	*भौ.*	*उत्तम*	ઉત્તમ	મંદરપર્વતનું બીજું નામ. સમવાય અનુસાર તેનું પાઠાન્તર 'ઉત્તર' છે.
१. उत्तमा	*स.*	*उत्तमा*	ઉત્તમા	પખવાડિયાની પંદર રાત્રિઓમાંની પ્રથમ રાત્રિ.
२. उत्तमा	*दे.*	*उत्तमा*	ઉત્તમા	યક્ષ દેવોના ઇંદ્ર પૂર્ણભદ્રની મુખ્ય પત્ની. તેના પૂર્વભવમાં તે એક વેપારીની પુત્રી હતી. માણિભદ્ર ની મુખ્ય પત્નીનું નામ પણ ઉત્તમા જ છે.
३. उत्तमा	*आ.*	*उत्तमा*	ઉત્તમા	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું અગિયારમું અધ્યયન.
१. उत्तर	*ती.*	*उत्तर*	ઉત્તર	જંબૂદ્વીપના ઐરાવત ક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણી માં થનારા બાવીસમા તીર્થંકર.
२. उत्तर	*भौ.*	*उत्तर*	ઉત્તર	મંદરપર્વતનું બીજું નામ. તેનું પાઠાન્તર ઉત્તમ છે.
उत्तरअंतरदीव	*आ.*	*उत्तरअन्तर्द्वीप*	ઉત્તરઅંતર્દ્વીપ	ભગવતીસૂત્રના શતક ૧૦ ના ૭ થી ૩૪ ઉદ્દેશકો.
१. उत्तरकुरा	*ऐ.*	*उत्तरकुरु*	ઉત્તરકુરુ	રતિકર પર્વતની ઈશાને આવેલુ સ્થાન. ઈશાનેન્દ્ર ની ૮ પટ્ટરાણીમાંની એક રામાનું તે પાટનગર છે.
२. उत्तरकुरा	*ती.*	*उत्तरकुरु*	ઉત્તરકુરુ	સંસારત્યાગના પ્રસંગે તીર્થંકર અરિષ્ટનેમિએ ઉપયોગમાં લીધેલી પાલખી.
३. उत्तरकुरा	*भौ.*	*उत्तरकुरु*	ઉત્તરકુરુ	આ અને 'ઉત્તરકુરુ'(१) એક છે.
१. उत्तरकुरु	*भौ.*	*उत्तरकुरु*	ઉત्तरકુરુ	મંદર(३) પર્વતની ઉત્તરે આવેલા પ્રદેશનો એક ભાગ. તે જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં આવેલો છે. તેનો આકાર બીજના ચંદ્ર જેવો છે. તે પૂર્વથી પશ્ચિમ તરફ ફેલાયેલો છે. તેની ઉત્તરથી દક્ષિણ પહોળાઈ ૧૧૮૪૨ –૨/૧૯ યોજન છે. તેની ઉત્તર તરફની જીવા પૂર્વથી પશ્ચિમ તરફ ૫૩૦૦૦ યોજનના માપની છે. તેની ધણુપિટ્ઠ દક્ષિણમાં ૬૦૪૧૮–૧૨/૧૯ યોજન છે. તેમાં વસતા લોકો ૪૯ દિવસમાં જ પુખ્ત બની જાય છે અને સુસમસુસમા નામનો ઉત્તમોત્તમ કાળ ભોગવે છે.

२. उत्तर	दे.	उत्तरकुरु	ઉત્તરકુરુ	ઉત્તરકુરુ(૧) પ્રદેશનો અધિષ્ઠાતા દેવ.
३. उत्तरकुरु	भौ.	उत्तरकुरु	ઉત્તરકુરુ	ઉત્તરકુરુ(૧) પ્રદેશમાં આવેલું સરોવર.
४. उत्तरकुरु	भौ.	उत्तरकुरु	ઉત્તરકુરુ	ગંધમાદનપર્વતનું શિખર, માલવંતપર્વતનું શિખર
५. उत्तरकुरु	ऐ.	उत्तरकुरु	ઉત્તરકુરુ	સાકેત નગરની બહાર આવેલું ઉદ્યાન. તેમાં યક્ષ પાર્શ્વમિત્રનું ચૈત્ય હતું.
उत्तरकुरुदह	भौ.	उत्तरकुरुद्रह	ઉત્તરકુરુદ્રહ	આ અને 'ઉત્તરકુરુ'(૩) એક છે.
उत्तरकूलग	अ.ती	उत्तरकूलक	ઉત્તરકૂલક	ગંગાના ઉત્તરતટમાં જ જેમણે પોતાનું આવવું-જવું મર્યાદિત કરી દીધું છે. તે વાનપ્રસ્થ તાપસોનો વર્ગ.
उत्तरखत्तियकुंडपुर	ऐ.	उत्तरक्षत्रियकुण्डपुर	ઉત્તરક્ષત્રિયકુંડપુર	જુઓ 'खत्तियकुंडपुर'.
उत्तरचूलिया	आ.	उत्तरचूलिका	ઉત્તરચૂલિકા	આગમગ્રંથ જે નાશ પામ્યો છે.
उत्तरज्झयण	आ.	उत्तराध्ययन	ઉત્તરાધ્યયન	એક અંગબાહ્ય કાલિક સૂત્ર. તેના કર્તા અનેક છે. તેમાં ૩૬ અધ્યયનો છે. 'ઉત્તરાધ્યયન' નામમાં રહેલો 'ઉત્તર' શબ્દ ત્રણ અર્થમાં છે— અંતિમ, ઉત્તમ, પછી. કેટલાક માને છે ઉત્તરાધ્યયનગત ઉપદેશ મોક્ષ પ્રાપ્ત કરતા પહેલા મહાવીરે આપેલો અંતિમ ઉપદેશ છે. કેટલાક 'ઉત્તર' શબ્દનો અર્થ ઉત્તમ કરે છે, કહે છે કે ઉત્તરાધ્યયનના અધ્યયનો (અર્થાત્ તદ્ગત ઉપદેશ) છે. બીજા કેટલાક કહે છે કે 'ઉત્તરાધ્યયન' નામમાં 'ઉત્તર' શબ્દ પ્રયોગ એવું જણાવે છે કે દશવૈકાલિક રચના પૂર્વેના કાળ માં ઉત્તરાધ્યયનનું પઠન આચારના પઠન પછી થતું હતું અને ઉત્તર કાળે દશવૈકાલિકની રચના થયા પછીના કાળમાં ઉત્તરાધ્યયનનું પઠન દશવૈકાલિકના પઠન પછી કરવામાં આવે છે.
उत्तरज्झयण चुण्णि	आ.	उत्तराध्ययनचूर्णि	ઉત્તરાધ્યયનચૂર્ણિ	ગોપાલિક-મહત્તરના શિષ્ય દ્વારા ઉત્તરાધ્યયન ઉપર રચવામાં આવેલી ચૂર્ણિ પ્રકારનું વિવેચન. તે શિષ્ય જિનદાસગણિમહત્તરનું છે.
उत्तरज्झयण णिज्जुत्ति	आ.	उत्तराध्ययन निर्युक्ति	ઉત્તરાધ્યયન-નિર્યુક્તિ	ભદ્રબાહુસ્વામીદ્વારા ઉત્તરાધ્યયન ઉપર રચવામાં આવેલી ગાથાબદ્ધ નિર્યુક્તિ પ્રકારનું વિવેચન.
उत्तरड्ढभरह	भौ.	उत्तरार्धभरत	ઉત્તરાર્ધભરત	જંબૂદ્વીપમાં આવેલા ભરત ક્ષેત્રનો ઉત્તરાર્ધ, તે વૈતાઢ્યપર્વતની ઉત્તરે, લઘુહિમવંત પર્વતની દક્ષિણે, પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે અને પૂર્વ લવણ સમુદ્રની પશ્ચિમે આવેલો છે. તેની લંબાઈ પૂર્વ-પશ્ચિમ છે, તેની પહોળાઈ ઉત્તર-દક્ષિણ છે. તે આપાત કોમનું પણ વસવાટનું સ્થાન રહ્યું છે. તેમાં ગંગા અને સિંધુ નદીઓ વહે છે.

उत्तरड्ढभरहकूड	*भौ.*	*उत्तरार्धभरतकूट*	ઉત્તરાર્ધભરતકૂટ	જંબૂદ્વીપમાં આવેલા ભરત(૨) ક્ષેત્રગત વૈતાઢ્ય(૨) પર્વતનું શિખર.
उत्तरड्ढमाणुस्स खेत्त	*भौ.*	*उत्तरार्धमनुष्यक्षेत्र*	ઉત્તરાર્ધમનુષ્યક્ષેત્ર	મનુષ્યક્ષેત્રનો (જ્યાં મનુષ્યો વસે છે) ઉત્તરાર્ધ. ૬૬ સૂર્યો અને ૬૬ ચન્દ્રો તેમાં ઊગે છે.
उत्तरद्धकच्छ	*भौ.*	*उत्तरार्धकच्छ*	ઉત્તરાર્ધકચ્છ	મહાવિદેહમાં આવેલા કચ્છ પ્રદેશનો ઉત્તરાર્ધ. કચ્છના વૈતાઢ્યપર્વતની ઉત્તરે, નીલવંત પર્વતની દક્ષિણે, માલ્યવંત પર્વતની પૂર્વે અને ચિત્તકૂડ પર્વતની પશ્ચિમે આવેલો છે. તેમાં સિંધુકુંડ છે.
उत्तरद्धभरह	*भौ.*	*उत्तरार्धभरत*	ઉત્તરાર્ધભરત	જુઓ 'ઉત્તરડ્ઢભરત'.
उत्तरपोट्ठवया	*दे.न.*	*उत्तरप्रौष्ठपदा*	ઉત્તરપ્રૌષ્ઠપદા	એક નક્ષત્ર. આ અને ઉત્તરભાદ્રપદા એક છે.
उत्तरबलिस्सहगण	*अ.*	उत्तरबलिस्सहगण	ઉત્તરબલિસ્સહગ	તીર્થંકર મહાવીરના નવ શ્રમણગણોમાંનો એક.
उत्तरभद्दवदा/या	*दे.ज.*	*उत्तरभाद्रपदा*	ઉત્તરભાદ્રપદા	જુઓ 'ઉત્તરાભાદ્રપદા'.
उत्तरमधुरा/महुरा	*ऐ.*	*उत्तरमथुरा*	ઉત્તરમથુરા	ઉત્તર મથુરા. જુઓ 'મથુરા'(૧).
उत्तरवाचाल	*ऐ.*	*उत्तरवाचाल*	ઉત્તરવાચાલ	સેયવિયા પાસેનો પ્રદેશ. તેના જંગલમાં તીર્થંકર મહાવીરને ચંડકૌશિક નાગ ડસ્યો હતો. નાગસેન વેપારી અહીંનો હતો. જુઓ 'વાચાલ'.
उत्तरवेयड्ढ	*भौ.*	*उत्तरवैताढ्य*	ઉત્તરવૈતાઢ્ય	વૈતાઢ્ય(૨) પર્વતનો ઉત્તરાર્ધ.
उत्तरा	*क.*	*उत्तरा*	ઉત્તરા	આચાર્ય શિવભૂતિની બેન. પોતાના ભાઈને અનુસરી તેણે પોતાના સઘળા વસ્ત્રો તજી દીધા અને નગ્ન સાધ્વી બની ગતિ. પછીથી શરીર ઢાંકવા એક વસ્ત્ર રાખવા તેને સમજાવી લેવાઈ.
उत्तरापह	*भौ.*	*उत्तरापथ*	ઉત્તરાપથ	જુઓ 'ઉત્તરાવહ'.
उत्तरापोट्ठवया	*दे.ज.*	*उत्तराप्रौष्ठपदा*	ઉત્તરાપ્રૌષ્ઠપદા	ઉત્તરાભાદ્રપદા નક્ષત્રનું બીજું નામ. તેનું ગોત્રનામ ધનંજય(૪) છે.
उत्तराफग्गुणी	*दे.ज.*	*उत्तराफाल्गुनी*	ઉત્તરાફાલ્ગુની	એક નક્ષત્ર. અર્યમન્ તેનો અધિષ્ઠાતા દેવ છે. ઉત્તરાફાલ્ગુનીનું ગોત્રનામ કાસવ(૭) છે.
उत्तराभद्दवदा/या	*दे.ज.*	*उत्तराभाद्रपदा*	ઉત્તરાભાદ્રપદા	એક નક્ષત્ર. જેનો અધિષ્ઠાતા દેવ 'અહિવદ્ધિ' છે.
उत्तरावह	*भौ.*	*उत्तरापथ*	ઉત્તરાપથ	ભરતક્ષેત્રના ઉત્તર ભાગમાં આવેલો દેશ કે પ્રદેશ. બારાવતીના નાશની ભવિષ્યવાણી સાંભળીને દ્વૈપાયને ઉત્તરાપથ તરફ પ્રયાણ કર્યું. વજ્રસ્વામી પણ ઉત્તરાપથ ગયા હતા.
उत्तरासाढा	*दे.ज.*	*उत्तराषाढा*	ઉત્તરાષાઢા	એક નક્ષત્ર જેનું ગોત્રનામ 'વગ્ઘાવચ્ચ' છે અને જેનો અધિષ્ઠાતા દેવ વિશ્વ (૨) છે.
उद	*ऐ.*	*उद*	ઉદ	આ અને 'ઉડ્ડ' એક છે.
१. उदअ	*अ.गो*	*उदक*	ઉદક	ગોસાળાનો મુખ્ય ઉપાસક
२. उदअ	*आ.*	*उदक*	ઉદક	જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ ૧ નું અધ્યયન ૧૨

३. उदअ	*श्र.ती.*	*उदक*	ઉદક	પાર્શ્વની પરંપરાના શ્રમણ. તેમણે ઇંદ્રભૂતી સાથે લાંબી ચર્ચા કરી પછી તે ભ૦ મહાવીરને મળ્યા અને તેમનો દર્શાવેલો માર્ગ સ્વીકારી લીધો. તે પેઢાલપુત્ર (૨) નામે પણ પ્રસિદ્ધ છે. ભવિષ્યમાં તે તીર્થંકર થશે.
४. उदअ	*श्रा.*	*उदक*	ઉદક	પાખંડી મત ધરાવનાર રાજગૃહીનો ગૃહસ્થ. પછીથી તે મહાવીરનો અનુયાયી બની ગયો.
५. उदअ	*ती.*	*उदक*	ઉદક	ભરત ક્ષેત્રમાં ભવિષ્યમાં થનારા ત્રીજા તીર્થંકરનો પૂર્વભવ. આ અને ઉદઅ(૩) એક જણાય છે.
६. उदअ	*ती.*	*उदक*	ઉદક	ભરતક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણીમાં થનાર સાતમા તીર્થંકર અને શંખ(૧૦)નો ભાવિ જન્મ.
उदगणाअ	*आ.*	*उदकज्ञात*	ઉદકજ્ઞાત	આ અને ઉદઅ(૨) એક છે.
उदगभास	*दे.भौ.*	*उदकभास*	ઉદકભાસ	લવણસમુદ્રમાં જંબૂદ્વીપની દક્ષિણે ૪૨૦૦૦ યોજનના અંતરે આવેલું વેલંધરનાગરાય દેવોનું પર્વતીય વાસસ્થાન. 'સિવઅ' દેવ ત્યાં વસે છે.
उदगसीमअ	*दे.भौ.*	*उदकसीमक*	ઉદકસીમક	લવણસમુદ્રમાં જંબૂદ્વીપની ઉત્તરે ૪૨૦૦૦ યોજનના અંતરે આવેલો પર્વત. તે પણ વેલંધર દેવોનું વાસસ્થાન છે. 'મણોસિલય' દેવ તેના ઉપર વસે છે. જુઓ 'દગસીમ'.
उदद्ध	*भौ.न*	*उद्गध*	ઉદ્ગધ	રત્નપ્રભા(૨)માં આવેલું મહાનિરય. આ અને ઉદ્ધદ્ધ એક છે.
उदत्ताभ	*अ.*	*उदात्ताभ*	ઉદાત્તાભ	ગૌતમ(૨) ગોત્રની શાખા.
उदय	*श्र.ती.*	*उदय*	ઉદય	જુઓ 'ઉદઅ'(૩).
उदयण	*श्र.*	*उदयन*	ઉદયન	જુઓ ઉદાયન(૧).
उदय पेढालपुत्त	*श्र.ती.*	*उदक पेढालपुत्र*	ઉદક પેઢાલપુત્ર	જુઓ 'ઉદઅ'(૩).
उदयभास	*दे.भौ.*	*उदकभास*	ઉદકભાસ	જુઓ 'ઉદગભાસ'.
उदहि	*आ.*	*उदधि*	ઉદધિ	ભગવતીસૂત્રના સોળમા શતકનો બારમો ઉદ્દેશક.
उदहिकुमार	*दे.*	*उदधिकुमार*	ઉદધિકુમાર	ભવનપતિ દેવોનો એક વર્ગ. તેમના વાસસ્થાનો ૭૬ લાખ છે. જલકંત અને જલપ્પભ તેમના ઇન્દ્રો છે. શક્રના લોકપાલ વરુણના ઉપરીપણા હેઠળ બધા ઉદધિકુમાર દેવો છે.
१. उदाइ	*अ.गो*	*उदायिन्*	ઉદાયિન્	જેનો આત્મા ગોશાલકના મૃત શરીરમાં પ્રવેશ્યો હતો તે કુંડિયાયન વંશની વ્યક્તિ. આ તેનો સાતમો પ્રવૃત-પરિહાર (પરશરીરપ્રવેશ) હતો.

२. उदाइ	*श्वे.*	*उदायिन्*	ઉદાયિન્	પદ્માવતી(૯)નો પુત્ર. પિતાના મૃત્યુ પછી ચંપા નગર છોડી દીધું અને પાડલિપુત્રને મગધનું પાટનગર બનાવ્યું. જ્યારે તે પૌષધવ્રતની આરાધના કરતા હતા ત્યારે કટાર ભોંકી ઉદાઈમારગે તેમનું ખૂન કર્યું.
३. उदाइ	*अ.*	*उदायिन्*	ઉદાયિન્	કૂણિય રાજાના બે મુખ્ય હાથીમાંનો એક. તે તેના પૂર્વભવમાં અસુરકુમાર દેવ હતો.
४. उदाइ	*श्वे.ती.*	*उदायिन्*	ઉદાયિન્	આ અને ઉદઅ(૫) એક હોવાનો સંભવ છે. તેણે તીર્થંકરનામગોત્ર કર્મ બાંધ્યુ હતુ.
उदाइण	*श्वे.*	*उदायन*	ઉદાયન	જુઓ 'ઉદાયન'.
उदाइमारग	*अ.*	*उदायिमारक*	ઉદાયિમારક	રાજા કૂણિકના પુત્ર 'ઉદાઈ'(૨)નો હત્યારો.
१. उदायण	*श्वे.*	*उदायन*	ઉદાયન	સિંધુસોવીરના વીતીભય નગરનો રાજા. રાજા મહસેણ વગેરે તેના તાબામાં હતા. ચેડગની પુત્રી પ્રભાવતીને તે પરણ્યો હતો. અભીતિ તેનો પુત્ર હતો. તે પોતાનું રાજ પોતાના પુત્રના બદલે કેસિ નામના પોતાના ભાણેજને આપીને સંસાર છોડી તીર્થંકર મહાવીરનો શિષ્ય બની ગયો. એક વાર મુનિ ઉદાયન વીતીભય નગરમાં આવ્યા. કેસિએ વિચાર્યું કે તે તેની પાસેથી રાજ પડાવી લેવા આવ્યા છે. આવા ભ્રમથી અંધ બનેલા તેણે મુનિ ઉદાયનને ઝેર આપી મારી નાખ્યા. ઉદાયન અંતિમ રાજા હતો જે સંસાર ત્યાગી મુનિ બન્યો.
२. उदायण	*क.*	*उदायन*	ઉદાયન	કોસંબીનો રાજા. તે શતાનિકનો પુત્ર અને સહસ્રાનીકનો પૌત્ર હતો. મૃગાવતી(૧) તેની માતા હતી અને પદ્માવતી(૬) તેની પત્ની હતી. તે પ્રસિદ્ધ વીણાવાદક હતો અને પોતાની વીણા–વાદનની કળાથી હાથીઓને વશ કરી શકતો હતો. ઉજ્જૈનીના રાજા પ્રદ્યોતે યુક્તિથી તેને બંદી બનાવ્યો અને પોતાની પુત્રી વાસવદત્તા(૧)ને વીણાવાદનની કલા શીખવવા ફરજ પાડી. ઉદાયન કેદમાંથી છટકી ગયો, વાસવદત્તાને લઈ ભાગી ગયો અને તેની સાથે લગ્ન કરી લીધા.
उदायि	*श्वे.*	*उदायिन्*	ઉદાયિન્	જુઓ 'ઉદાઈ'(૨).
उदिओदअ	*क.*	*उदितोदय*	ઉદિતોદય	પુરિમતાલ નગરનો રાજા. શ્રીકંતા(૧) તેની પત્ની હતી. વાણારસીના રાજા ધર્મરુચિ(૧)એ તેની રાણીને પકડી પોતાના કબજામાં લેવા તેના ઉપર આક્રમણ કર્યું હતુ.

उदिओदिअ	*क.*	*उदितोदित*	ઉદિતોદિત	આ અને 'ઉદિઓદઅ' એક જ છે.
उदितोदय	*क.*	*उदितोदय*	ઉદિતોદય	જુઓ 'ઉદિઓદઅ'.
उदितोदित	*क.*	*उदितोदित*	ઉદિતોદિત	જુઓ 'ઉદિઓદઅ'.
उदु	*ऐ.*	*उदु*	ઉદુ	આ અને 'ઉડુ' એક છે.
उदुंबर	*आ.*	*उदुम्बर*	ઉદુમ્બર	કર્મવિવાગદશાનું આઠમું અધ્યયન. જુઓ 'ઉંબર'
उद्दंड	*अ.ता*	*उद्दण्ड*	ઉદ્દણ્ડ	દંડને ઊંચો રાખી ચાલતા વાનપ્રસ્થ તાપસોનો એક વર્ગ.
उद्दंडपुर	*ऐ.गो.*	*उद्दण्डपुर*	ઉદ્દણ્ડપુર	એક નગર જ્યાં ગોસાલક 'ચંદોતરણ'(૨)ના ચૈત્યમાં પોતાનો બીજો પ્રવૃતપરિહાર (પરશરીર-પ્રવેશ) કર્યો હતો
उद्दड्ढ	*भौ.न*	*उद्दग्ध*	ઉદ્દગ્ધ	પ્રથમ નરકભૂમિ રત્નપ્રભા(૨)માં આવેલાં છ નારકીઓના વાસસ્થાનોમાંનું એક. આ અને 'ઉદ્ધડ્ઢ' એક છે.
उद्दाइण/उद्दायण	*श्र.*	*उदायन*	ઉદાયન	જુઓ 'ઉદાયન'(૧).
उद्दिट्ठा	*स.*	*उद्दिष्टा*	ઉદ્દિષ્ટા	મહિનાનો કૃષ્ણપક્ષનો પંદરમો દિવસ.
उद्देहगण	*अ.ती*	*उद्देहगण*	ઉદ્દેહગણ	તીર્થંકર મહાવીરની આજ્ઞામાં શ્રમણોના જે નવ ગણો હતા તેમાંનો એક.
उद्धकंडूयग	*अ.ती*	*ऊर्ध्वकण्डूयक*	ઊર્ધ્વકણ્ડૂયક	નાભિના ઉપરના ભાગનું શરીર વલૂરતા વાનપ્રસ્થ તાપસોનો એક વર્ગ.
उपरिमगेविज्ज	*भौ.दे.*	*उपरिमग्रैवेयक*	ઉપરિમગ્રૈવેયક	સૌથી ઉપરનું ગ્રૈવેયક સ્તર. તેના ત્રણ ભાગ છે — ઉવરિમહિટ્ઠિમ, ઉવરિમમજ્ઝિમ, ઉવરિમઉવરિમ
१. उप्पल	*आ.*	*उत्पल*	ઉત્પલ	ભગવતીસૂત્રના અગિયારમા ૧૧ નો ઉદ્દેશક ૧.
२. उप्पल	*श्र.ती.*	*उत्पल*	ઉત્પલ	એક જ્યોતિષી જે થોડા સમય માટે તીર્થંકર પાર્શ્વ ની પરંપરાનો શ્રમણ હતો. અસ્થિકગામમાં તીર્થંકર મહાવીરે જોયેલા દસ સ્વપ્નોનો અર્થ તેમણે મહાવીરને સમજાવ્યો હતો. વળી, લોહાર્ગલ(૨)ના રાજા જિતશત્રુ(૩૩)એ બંધનમા નાખેલા મહાવીરને મુક્ત થવામાં મદદ પણ તેણે કરી હતી. તેને જયંતી (૯) અને સોમા(૪) નામની બે બહેનો હતી.
३. उप्पल	*अ.*	*उत्पल*	ઉત્પલ	નાગપુરનો એક ગૃહસ્થ. ઉત્પલશ્રી તેની પત્ની હતી અને ઉત્પલા(૪) તેની પુત્રી હતી.
४. उप्पल	*दे.*	*उत्पल*	ઉત્પલ	પ્રાણતસ્વર્ગ(કલ્પ)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન(વિમાન). તેમાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય વીસ સાગરોપમ વર્ષ હોય છે. તેઓ વીસ પખવાડિયામાં એક જ વાર શ્વાસ લે છે અને વીસ હજાર વર્ષોમાં એક જ વાર તેમને ભૂખ લાગે છે.

उप्पलगुम्मा	*भौ.*	*उत्पलगुल्मा*	ઉત્પલગુલ્મા	મંદરપર્વત ઉપર આવેલા જંબુસુદર્શના વૃક્ષની દક્ષિણપૂર્વમાં આવેલા વનમાં આવેલી પુષ્કરિણી.
उप्पलसिरी	*अ.*	*उत्पलश्री*	ઉત્પલશ્રી	નાગપુરના ગૃહસ્થ ઉત્પલ(૩)ની પત્ની.
१. उप्पला	*क.*	*उत्पला*	ઉત્પલા	હસ્તિનાપુરના કસાઈ ભીમ(૨)ની પત્ની. એક વાર જ્યારે તે ગર્ભિણી હતી ત્યારે તેને ગોમાંસ ખાવાનો દોહદ થયો. તેના પતિએ તેનો દોહદ પૂરો કર્યો. વખત જતા ઉત્પલાએ પુત્રને જન્મ આપ્યો જેનું નામ ગોત્રાસ(૨) પાડવામાં આવ્યું.
२. उप्पला	*श्रा.*	*उत्पला*	ઉત્પલા	શ્રાવસ્તીના શ્રાવક શંખ(૯)ની પત્ની.
३. उप्पला	*आ.*	*उत्पला*	ઉત્પલા	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું ત્રીજું અધ્યયન.
४. उप्पला	*दे.*	*उत्पला*	ઉત્પલા	પિશાચદેવોના ઇંદ્ર કાલની મુખ્ય પત્ની. તેના પૂર્વ ભવમાં તે નાગપુરના ગૃહસ્થ ઉત્પલની પુત્રી હતી. મહાકાલ(૯)ની મુખ્ય પત્નીનું નામ પણ ઉત્પલા જ છે.
५. उप्पला	*भौ.*	*उत्पला*	ઉત્પલા	મંદર(૩) પર્વત ઉપર આવેલા જંબુસુદર્શના વૃક્ષની દક્ષિણપૂર્વમાં આવેલા વનમાં આવેલી પુષ્કરિણી.
उप्पलुज्जला	*भौ.*	*उत्पलोज्ज्वला*	ઉત્પલોજ્જ્વલા	મંદર(૪) પર્વત તેમજ જંબુસુદર્શના વૃક્ષની દક્ષિણ–પૂર્વમાં આવેલા વનમાં આવેલી પુષ્કરિણી.
उप्पायपव्वय	*भौ.*	*उत्पातपर्वत*	ઉત્પાતપર્વત	જે પર્વતો ઉપર તિર્યગ્લોકમાં જવા માટે દેવોના ઇન્દ્રો ઊતરી આવે છે તેમને ઉત્પાતપર્વત કહેવામાં આવે છે. તે પર્વતોના નામ છે— તિગિચ્છિકૂડ, રુચકેન્દ્ર વગેરે.
उप्पायपुव्व	*आ.*	*उत्पादपूर्व*	ઉત્પાદપૂર્વ	ચૌદ પૂર્વ ગ્રન્થોમાંનો પ્રથમ. તે દ્રવ્યોના પર્યાયોના ઉત્પાદનું નિરૂપણ કરે છે. તેમાં દસ અધ્યયનો અને ચાર ચૂલિકાઓ) હતા. તે લુપ્ત થઈ ગયો છે.
उमज्जायण	*अ.ज.*	*अवमज्जायण*	અવમજ્જાયણ	આ અને 'ઓમઙ્કાયણ' એક છે.
१. उमा	*च.*	*उमा*	ઉમા	બીજા વાસુદેવ દ્વિપૃષ્ઠની માતા.
२. उमा	*क.*	*उमा*	ઉમા	ઉજ્જૈનીની ગણિકા. તેની સાથે મહેશ્વર જ્યારે કામ ક્રીડા કરતો હતો ત્યારે પ્રદ્યોતના સેવકોએ તે મહેશ્વરની હત્યા કરી હતી.
३. उमा	*अ.*	*उमा*	ઉમા	પ્રસિદ્ધ હિંદુ દેવ મહેશની પત્ની. જેના છેડે બ્રહ્મા અને વિષ્ણુ(૮) પણ પહોંચી શક્યા ન હતા તેવું મહેશનું લિંગ ઉમાના શરીરમાં સમાઈ શક્યું.

१. उम्मग्गजला	*भौ.*	*उन्मग्नजला*	ઉન્મગ્નજલા	તિમિસ્રાગુફામાં વહેતી નાની નદી. જે કંઈ તેમાં પડે તેને તેનું પાણી બહાર ફેંકી દે છે.
२. उम्मग्गजला	*भौ.*	*उन्मग्नजला*	ઉન્મગ્નજલા	ખંડપ્રપાતગુફા નામની ગુફામાં વહેતી નાની નદી.
उम्मज्जग/ उम्मज्जय	*अ.ता*	*उन्मज्जक*	ઉન્મજ્જક	પાણીમાં એક જ ડૂબકી મારીને સ્નાન કરતા વાનપ્રસ્થ તાપસોનો એક વર્ગ.
उम्मत्तजला	*भौ.*	*उन्मत्तजला*	ઉન્મત્તજલા	મહાવિદેહમાં વહેતી સીતાનદીની દક્ષિણે અને મંદરપર્વતની પૂર્વે, રમ્યગની પશ્ચિમ સીમા ઉપર આવેલી નદી.
उम्माद	*आ.*	*उन्माद*	ઉન્માદ	ભગવતીસૂત્રના ચૌદમા શતકનો બીજો ઉદ્દેશક.
उम्मिमालिणी	*भौ.*	*ऊर्मिमालिनी*	ઊર્મિમાલિની	મહાવિદેહમાં વહેતી સીતોદા નદીની ઉત્તરે અને મેરુ પર્વતની પશ્ચિમે વહેતી અંતરનદી.
उम्मुय	*अ.*	*उन्मुच*	ઉન્મુચ	એક 'જાયવ' રાજકુમાર.
उरब्भिज्ज	*आ.*	*उरभ्रीय*	ઉરભ્રીય	ઉત્તરાધ્યયનનું અધ્યયન ૭. જુઓ 'ओरब्भ'.
उलुगच्छि	*अ.*	*उलूकाक्षि*	ઉલૂકાક્ષિ	સૂર્યાસ્ત થયા પછી પણ કપડાં સાંધતા સાધુનું ઉપનામ.
उल्लुगतीर	*ऐ.*	*उल्लुकतीर*	ઉલ્લુકતીર	ઉલ્લુગાના તીરે આવેલું નગર. મહાવીર ત્યાં ગયા હતા. આ જ નગરમાં નિહ્નવ ગંગે ક્રિક્રિયાનો પોતાનો સિદ્ધાન્ત સ્થાપ્યો હતો.
उल्लुगा	*भौ.*	*उल्लुका*	ઉલ્લુકા	એક નદી. તેના તીરે ઉલ્લુગતીર નગર હતું.
उल्लुगातीर	*ऐ.*	*उल्लुकातीर*	ઉલ્લુકાતીર	આ અને ઉલ્લુગતીર એક છે.
१. उवओग	*आ.*	*उपयोग*	ઉપયોગ	ભગવતીસૂત્રના સોળમા શતકનો સાતમો ઉદ્દેશક.
२. उवओग	*आ.*	*उपयोग*	ઉપયોગ	પ્રજ્ઞાપનાનું ઓગણત્રીસમું પદ (પ્રકરણ).
उवंग	*आ.*	*उपांग*	ઉપાંગ	પાંચ આગમગ્રન્થોનો એક વર્ગ. આ પાંચ છે– નિરયાવાલિકા, કલ્પવતંસિકા, (૩) પુષ્પિકા, પુષ્પચૂલિકા અને વૃષ્ણિદશા. બાર ઉપાંગની સંખ્યા ૧૨ ગણાવાય છે. જેમ કે– ઔપપાતિક, રાજપ્રશ્નીય, જીવાભિગમ વગેરે
उवकोशा	*क.*	*उपकोशा*	ઉપકોશા	પાડલિપુત્રની ગણિકા. કોસાની નાની બહેન.
उवचअ	*आ.*	*उपचय*	ઉપચય	ભગવતીસૂત્રના વીસમા શતકનો ચોથો ઉદ્દેશક.
उवज्झाय विप्पडिवत्ति	*आ.*	*उपाध्याय विप्रतिपत्ति*	ઉપાધ્યાય વિપ્રતિપત્તિ	બ્રહ્મદશાનું છઠ્ઠું અધ્યયન.
उवणंद	*क.गो*	*उपनन्द*	ઉપનંદ	બ્રહ્મણગામનો રહેવાસી. નંદ તેનો ભાઈ હતો. ઉપનંદે ગોસાલકને ભિક્ષામાં આપેલ અન્ન ગોસા– લકને પસંદ ન પડ્યું. તેથી ગોસાલક ઉપનંદને શાપ આપ્યો. પરિણામે ઉવણંદનું ઘર બળી ગયું.

उवदंसण	भौ.	उपदर्शन	ઉપદર્શન	નીલવંત પર્વતનું શિખર.
उवमा	आ.	उपमा	ઉપમા	પ્રશ્નવ્યાકરણનું અધ્યયન ૧. તે નષ્ટ થઈ ગયું છે.
१. उवयालि	आ.	उपजालि	ઉપજ્ઞાલિ	અનુત્તરોપપાતિકદશા.ના વર્ગ ૧નું અધ્યયન ૩
२. उवयालि	आ.	उपजालि	ઉપજ્ઞાલિ	અંતકૃદ્દશા.ના ચોથા વર્ગનું ત્રીજું અધ્યયન.
३. उवयालि	श्र.	उपजालि	ઉપજ્ઞાલિ	શ્રેણિકરાજા અને તેમની રાણી ધારિણીનો પુત્ર. તે સંસાર ત્યાગ કરી મહાવીરનો શિષ્ય બની ગયો. સોળ વર્ષ સાધુજીવનની સાધના તેણે કરી. પછી મૃત્યુ પામી અનુત્તર વિમાનમાં દેવ તરીકે જન્મ લીધો. વધુ એક જન્મ લઈ તે મોક્ષે જશે.
४. उवयालि	श्र.	उपजालि	ઉપજ્ઞાલિ	રાજા વસુદેવ અને તેમની રાણી ધારિણીનો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી તીર્થંકર અરિષ્ટનેમિનો શિષ્ય બન્યો. તે સોળ વર્ષનું શ્રમણજીવન પૂરું કરી શત્રુંજય પર્વત ઉપર મુક્તિ પામ્યો.
उवरिमउवरिम-गेविज्जग	भौ.दे.	उपरिमउपरिम–ग्रैवेयक	ઉપરિમઉપરિમ-ગ્રૈવેયક	આ સ્વર્ગીય વાસસ્થાનમાં વસતા દેવોનું જઘન્ય આયુષ્ય ૩૦ સાગરોપમ વર્ષનું અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૦ સાગરોપમ વર્ષનું છે. જુઓ ગ્રૈવેયક.
उवरिममज्झिम-गेविज्जग	भौ.दे.	उपरिममध्यम–ग्रैवेयक	ઉપરિમમધ્યમ-ગ્રૈવેયક	આ સ્વર્ગીય વાસસ્થાનમાં વસતા દેવોનું જઘન્ય આયુષ્ય ૨૯ સાગરોપમ વર્ષનું અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૦ સાગરોપમ વર્ષનું છે. જુઓ ગ્રૈવેયક.
उवरिमहिट्ठिम-गेविज्जग	भौ.दे.	उपरिमाधस्तन–ग्रैवेयक	ઉપરિમાધસ્તન-ગ્રૈવેયક	આ સ્વર્ગીય વાસસ્થાનમાં વસતા દેવોનું જઘન્ય આયુષ્ય ૨૮ સાગરોપમ વર્ષનું અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૯ સાગરોપમ વર્ષનું છે. જુઓ ગ્રૈવેયક.
उवरिमहेट्ठिम-गेविज्जग	भौ.दे.	उपरिमाधस्तन–ग्रैवेयक	ઉપરિમાધસ્તન-ગ્રૈવેયક	આ અને 'ઉપરિમહિટ્ઠિમગ્રૈવેયક' એક છે.
उवरुद्द	दे.न.	उपरुद्र	ઉપરુદ્ર	શક્રના લોકપાલ યમનો પારિવારિક સભ્ય. તે પરમાધાર્મિક દેવોમાં આવે, નારકીને ત્રાસ આપે .
उववाअ	आ.	उपपात	ઉપપાત	ભગવતીસૂત્રના અગિયારમાં શતકનો પહેલો ઉદ્દેશક અને તેરમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક.
उववाइअ/ उववाइय	आ.	औपपातिक	ઔપપાતિક	અંગબાહ્ય ઉત્કાલિક આગમગ્રન્થ. તેને પ્રથમ ઉપાંગ ગણેલ છે અને તે અંગસૂત્ર 'આચાર' ઉપર આધારિત છે. તે ચંપાનગરી, પૂર્ણભદ્ર ચૈત્ય અને તેની આસપાસનું ઉદ્યાન, રાજા કૂણિક તેની રાણી ધારિણી, ભ૦ મહાવીર વગેરેના પૂરેપૂરા વર્ણનો કરે છે. બીજા આગમસૂત્રોમાં આ વર્ણનોને ઉદ્ધૃત કરાયા છે. 'ઔપપાતિક' શબ્દનો અર્થ છે—'દેવો અને નારકીઓના જન્મનું તથા મોક્ષની પ્રાપ્તિનું નિરૂપણ કરતુ સૂત્ર.'

उववाय	आ.	उपपात	ઉપપાત	દોગ્ધુદ્ધિ દશાનું ત્રીજું અધ્યયન.
उवसंत	ती.	उपशान्त	ઉપશાન્ત	જંબૂદ્વીપના ઐરાવત(૧)ના પંદરમાં તીર્થંકર
उवसग्गपरिण्णा	आ.	उपसर्गपरिज्ञा	ઉપસર્ગપરિજ્ઞા	સૂત્રકૃત્ નું ત્રીજું અધ્યયન.
१. उवसम	स.	उपशम	ઉપશમ	દિવસ અને રાતના ત્રીસ મુહૂર્ત્તમાંનુ એક.
२. उवसम	स.	उपशम	ઉપશમ	પખવાડિયાનો પંદરમો દિવસ.
उवहाणसुय	आ.	उपधानश्रुत	ઉપધાનશ્રુત	'આચાર'સૂત્રના શ્રુતસ્કન્ધ ૧ નું અધ્યયન ૯.
उव्विह	अ.गो	उद्विध	ઉદ્વિધ	ગોસાલકના બાર મુખ્ય ઉપાર્શ્વકોમાંનો એક.
उवासगदसा	आ.	उपासकदशा	ઉપાસકદશા	ઉપાસકદશા એ સાતમું અંગસૂત્ર છે. તેમાં દશ અધ્યયન છે, જેમાં ભ૦ મહાવીરના દસ મુખ્ય ઉપાસકોના જીવનનું નિરૂપણ કરે છે. અધ્યયન પહેલામાં ઉપાસકે પાળવાના વ્રતોનું વિગતવાર નિરૂપણ કરેલ છે.
१. उसभ	ती.	ऋषभ	ઋષભ	કોસલા અથવા ઇક્ષ્વાકુભૂમિના રાજા નાભિ અને રાણી મરુદેવીના પુત્ર. વર્તમાન અવસર્પિણી ના પ્રથમ તીર્થંકર. તે કાશ્યપ ગોત્રના હતા, તેમના પાંચ નામો હતા. ઋષભ, આદિરાજ, આદિ ભિક્ષુ, આદિ કેવલી અને આદિ તીર્થંકર. તેમની ઊંચાઈ ૫૦૦ ધનુષ હતી. તેમનો વર્ણ તપ્ત સુવર્ણ જેવો હતો. તેમને બે પત્નીઓ હતી. સુનંદા, સુમંગલા. ભરત, બાહુબલિ વગેરે તેમના ૧૦૦ પુત્રો હતા. બ્રાહ્મી, સુંદરી તેમની પુત્રી હતી. તે ૨૦ લાખ પૂર્વ વર્ષ રાજકુમાર તરીકે અને ૬૩ લાખ પૂર્વ વર્ષ રાજા તરીકે જીવ્યા. તેમણે ૪૦૦૦ રાજપુરુષો સાથે સંસાર ત્યાગ કર્યો અને શ્રમણત્વ સ્વીકાર્યું. આ પ્રસંગે તેમણે સુદર્શના પાલખીનો ઉપયોગ કર્યો. શ્રેયાંસ તેમને પ્રથમ ભિક્ષાદાતા હતા. પુરિમતાલ નગર બહાર આવેલા શકટમુખ ઉદ્યાનમાં તેમને કેવળજ્ઞાન થયું હતું.
२. उसभ	अ.	ऋषभ	ઋષભ	કાત્યાયન વંશની શીલાનો પિતા.
३. उसभ	दे.	ऋषभ	ઋષભ	ઋષભકૂડ પર્વતનો અધિષ્ઠાતા દેવ.
१. उसभकूड	भौ.	ऋषभकूट	ઋષભકૂટ	કચ્છ પ્રદેશના ઉત્તરાર્ધમાં આવેલ પર્વત, તે નીલવંત પર્વતની દક્ષિણે, ગંગાકુંડની પશ્ચિમે અને સિંધુકુંડની પૂર્વે આવેલો છે.
२. उसभकूड	भौ.	ऋषभकूट	ઋષભકૂટ	ભરતક્ષેત્રમાં લઘુહિમવંત પર્વતની દક્ષિણે આવેલો પર્વત. ઋષભ(૩) તેનો અધિષ્ઠાતા દેવ છે.
१. उसभदत्त	श्र.ती.	ऋषभदत्त	ઋષભદત્ત	બ્રાહ્મણકુંડગ્રામનો બ્રાહ્મણ. દેવાનંદાતેની પત્ની હતી. જેના ગર્ભમાં મહાવીર આવેલા. ઋષભદત્તે ભ૦ મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી શિષ્ય બન્યા.

२. उसभदत्त	*क.*	*ऋषभदत्त*	ઋષભદત્ત	ઈષુકારપુર નગરનો વેપારી. મૃત્યુ પછી તે વીરપુર ના વીરકૃષ્ણ(૨) અને તેની પત્ની શ્રીદેવી(૩)ના પુત્ર તરીકે જન્મ્યો.
१. उसभपुर	*ऐ.*	*ऋषभपुर*	ઋષભપુર	ચણગપુરના સ્થાન ઉપર વસાવવામાં આવેલું નગર જ્યાં સુધી રાજગૃહી નગરની સ્થાપના થઈ ન હતી ત્યાં સુધી ઋષભપુર મગધની રાજધાની હતું. ઋષભ પુરમાં નિહ્નવ તિસગુપ્તે પોતાનો જીવપ્રદેશનો સિદ્ધાન્ત પ્રવર્તાવ્યો.
२. उसभपुर	*ऐ.*	*ऋषभपुर*	ઋષભપુર	જ્યાં ધણાવહ(૨) રાજા રાજ કરતો હતો તે નગર. તે નગરમાં થૂભકરંડ નામનું ઉદ્યાન હતું. તીર્થંકર મહાવીર આ નગરમાં આવેલા. આ નગર ઋષભપુર (૧)થી જુદું છે.
उसभसामि	*ती.*	*ऋषभस्वामिन्*	ઋષભસ્વામિન્	આ અને ઋષભ(૧) એક છે.
१. उसभसेण	*ती.ग.*	*ऋषभसेन*	ઋષભસેન	તીર્થંકર ઋષભ(૧)ના ગણધર અને ચોરાશી હજાર શ્રમણોના નાયક. તે ભરત(૧)ના પ્રથમ પુત્ર હતા.
२. उसभसेण	*ती.*	*ऋषभसेन*	ઋષભસેન	વીસમા તીર્થંકર મુણિસુવ્વયને સૌપ્રથમ ભિક્ષા આપનાર ગૃહસ્થ. તેનો ઉલ્લેખ બ્રહ્મદત્ત(૩) નામે પણ થયો છે.
उसभा	*ऐ.*	*ऋषभा*	ઋષભા	ઋષભકૂડ(૨)ના અધિષ્ઠાતા દેવ ઋષભ(૩)ની રાજધાની.
उसह	*ती.*	*ऋषभ*	ઋષભ	જુઓ ઋષભ(૧).
उसहकूड	*भौ.*	*ऋषभकूट*	ઋષભકૂટ	જુઓ ઋષભકૂડ(૨).
उसहपुर	*ऐ.*	*ऋषभपुर*	ઋષભપુર	જુઓ ઋષભપુર.
उसहसेण	*श्र.*	*ऋषभसेन*	ઋષભસેન	જેમના શિષ્ય સીહસેણ(૭) હતા તે આચાર્ય.
उसुआर	*क.*	*इषुकार*	ઇષુકાર	જુઓ ઈષુકાર.
उसुआरपुर	*ऐ.*	*इषुकारपुर*	ઇષુકારપુર	જુઓ ઈષુકાર(૩).
उसुआरिज्ज	*आ.*	*इषुकारीया*	ઇષુકારીયા	જુઓ ઉસુયારિજ્જ.
उसुकार	*क.*	*इषुकार*	ઇષુકાર	જુઓ ઈષુકાર(૨).
उसुगार	*क.*	*इषुकार*	ઇષુકાર	જુઓ ઈષુકાર(૨).
१. उसुयार	*क.*	*इषुकार*	ઇષુકાર	ઈષુકાર(૩) નગરો રાજા. કમલાવઈ(૧) તેની પત્ની હતી. તેનું મૂળ નામ સીમંધર(૬) હતું.
२. उसुयार	*भौ.*	*इषुकार*	ઇષુકાર	ધાતકીખંડના દક્ષિણમાં અને ઉત્તરમાં આવેલા આ નામના બે પર્વતો. તે બે પર્વતો ખંડને પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ એમ બે ભાગમાં વહેંચી દે છે. આ બે પર્વતો જેવા જ બે પર્વતો પુષ્કરવરદ્વીપમાં આવેલા છે. સમયક્ષેત્રમાં ચાર ઈષુકાર પર્વતો છે.

३. उसुयार	ऐ.	इषुकार	ઇષુકાર	કુરુ(૨) દેશમાં આવેલું નગર. ઋષભદત્ત(૨) વેપારી અહીંનો હતો. આ નગરનો રાજા ઈષુકાર(૧) હતો.
उसुयारपुर	ऐ.	इषुकारपुर	ઇષુકારપુર	આ અને ઈષુકાર(૩) એક છે.
उसुयारिज्ज	आ.	इषुकारीय	ઇષુકારીય	ઉત્તરાધ્યયનનું ચૌદમું અધ્યયન.
उस्सप्पिणी	स.	उत्सर्पिणी	ઉત્સર્પિણી	ચડતું યા ઊર્ધ્વગામી કાલચક્ર. કાળના બે જાતના ચક્રો છેઃ ઉત્સર્પિણી અને અવસર્પિણી અર્થાત્ ઊર્ધ્વ ગામી અને અધોગામી. જ્ઞાન આદિનો વિકાસ જેનું લક્ષણ છે તે ઊર્ધ્વગામી અર્થાત્ ઉત્સર્પિણી કાલચક્ર છે તેના છ ભાગો (આરા) છે. (૧) દુસ્સમદુસ્સમા, (૨) દુસ્સમા, (૩) દુસ્સમસુસમા, (૪) સુસમદુસ્સમા, (૫) સુસમા અને (૬) સુસમસુસમા. અર્થાત્ તે દસ કોટા કોટિ સાગરોપમ વર્ષ હોય છે. કેવળ ભરત અને ઐરાવત ક્ષેત્રમાં જ જ્ઞાન, આયુ, શરીરની ઊંચાઈ, બળ, શક્તિ આદિનો વિકાસ ઉત્સર્પિણી કાલચક્રોના છ છ આરા દરમિયાન થાય છે. મહાવિદેહમાં બે કાલચક્રો હોતા નથી. અનુભવાતા પણ નથી.
उस्सारवायअ	क.श्र.	उत्सारवाचक	ઉત્સારવાચક	એક પ્રભાવશાળી આચાર્ય જેમણે એક વાર વાદમાં પાખંડીઓને હરાવ્યા હતા. આના કારણે તેમનામાં અભિમાન આવી ગયું. બીજા પ્રસંગે તે જ પ્રકારનો વાદ બીજા પાખંડીઓ સાથે કર્યો. તેમણે પ્રશ્નોના ઉત્તરો એટલી બધી બેદરકારીથી આપ્યા કે તેમને નામોશીભરી હાર ખાવી પડી.
१. ऊसास	आ.	ऊच्छ्वास	ઊચ્છ્વાસ	પ્રજ્ઞાપનાનું સાતમું પદ (પ્રકરણ).
२. ऊसास	आ.	ऊच्छ्वास	ઊચ્છ્વાસ	ભગવતીસૂત્રના બીજા શતકનો પ્રથમ ઉદ્દેશક.
ऊसासणीसास	आ.	ऊच्छ्वासनि:श्वास	ઊચ્છ્વાસનિઃશ્વાસ	દીર્ઘદશાનું દસમું અધ્યયન.
एक	अ.	एक	એક	જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં સુસમા આરામાં જે ચાર પ્રકારના લોકો હોય છે તેમાંનો એક પ્રકાર. આ પ્રકારના લોકો શ્રેષ્ઠ કહેવાય છે.
एक्कोरुय	भौ.	एक्कोरुक	એક્કોરુક	આ અને 'એગોરુય' એક છે.
एगजंबू	ऐ.	एकजम्बू	એકજંબૂ	ઉલ્લુગતીર નગરની બહાર આવેલું ચૈત્ય. તીર્થંકર મહાવીર ત્યાં ગયા હતા.
एगजडि	दे.ज.	एकजटिन्	એકજટિન્	અઠ્યાસી ગ્રહમાંનો એક.
एगट्ठिय	आ.	एकास्थिक	એકાસ્થિક	ભગવતીસૂત્રના બાવીસમા શતકનો બીજો ઉદ્દેશક
एगणासा	दे.	एकनासा	એકનાસા	રુચક(૧) પર્વતના પશ્ચિમ ભાગમાં આવેલા

एगवीससबला	*आ.*	*एकविंशतिशबला*	એકવિંશતિશબલા	આચારદશાનું બીજું અધ્યયન.
१. एगसेल	*दे.*	*एकशैल*	એકશૈલ	'એગસેલ'(૨) પર્વત ઉપર વસતો દેવ.
२. एगसेल	*भौ.*	*एकशैल*	એકશૈલ	મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતીની પશ્ચિમે, પુષ્ક-લાવર્તની પૂર્વે આવેલો સિદ્ધાયતન વગેરે ચાર શિખરોયુક્ત વક્ષસ્કાર પર્વત છે.
एगसेलकूड	*भौ.*	*एकशैलकूट*	એકશૈલકૂટ	એગસેલ પર્વતના ચાર શિખરોમાંનું એક.
एगादसउवासग-पडिमा	*आ.*	*एकादशउपासक-प्रतिमा*	એકાદશઉપાસક-પ્રતિમા	આચારદશાનું છઠ્ઠું અધ્યયન.
एगिंदिय	*आ.*	*एकेन्द्रिय*	એકેન્દ્રિય	ભગવતીસૂત્રના સત્તરમા શતકનો બારમો ઉદ્દેશક.
एगुरुय	*भौ.*	*एकोरुक*	એકોરુક	આ અને 'એગોરુય' એક છે.
एगुरूय	*भौ.*	*एकोरुक*	એકોરુક	આ અને 'એગોરુય' એક છે.
एगूरुय	*भौ.*	*एकोरुक*	એકોરુક	આ અને 'એગોરુય' એક છે.
एगोरुय	*भौ.*	*एकोरुक*	એકોરુક	એક અંતરદ્વીપ.
एगोरूय	*भौ.*	*एकोरुक*	એકોરુક	આ અને એગોરુય એક છે.
एणिज्जय	*अ.गो*	*एणेयक*	એણેયક	જુઓ 'એણેઙ્ગ'(૨).
१. एणेज्जग	*अ.गो*	*एणेयक*	એણેયક	ગોસાલકે કરેલ પ્રથમ પ્રવૃતપરિહાર-પરકાયપ્રવેશ
२. एणेज्जग	*श्र.*	*एणेयक*	એણેયક	સેયવિયાના રાજા પ્રદેશીનો સંભવતઃ ખંડિયો રાજા. સંસાર ત્યાગીને મહાવીરના શિષ્ય બન્યા
-एयण	*आ.*	*एजन*	એજન	ભગવતીસૂત્રના પાંચમા શતકનો સાતમો ઉદ્દેશક.
एरण्णवय	*भौ.*	*एरण्यवत*	ઐરણ્યવત	આ અને 'હેરણ્ણવય' એક છે.
१. एरवइ	*भौ.*	*ऐरवती*	ઐરવતી	ગંગા નદી સાથે સંબંધ ધરાવતી પાંચ મોટી નદી ઓમાંની એક. તે દુર્લંઘ્ય છે.
२. एरवइ	*भौ.*	*ऐरवती*	એરવતી	સિંધુ નદીને મળતી પાંચ નદીઓમાંની એક.
१. एरवय	*भौ.*	*ऐरवत*	ઐરવત	જંબૂદ્વીપમાં આવેલું ક્ષેત્ર, જેનું ક્ષેત્રફળ ભરતક્ષેત્ર ના ક્ષેત્રફળ બરાબર છે. તે શિખરી પર્વતની ઉત્તરે, ઉત્તર લવણસમુદ્રની દક્ષિણે, પશ્ચિમ લવણ સમુદ્રની પૂર્વે અને પૂર્વ લવણસમુદ્રની પશ્ચિમે આવેલ છે. તેના લોકો ઉત્સર્પિણી-અવસર્પિણી કાલચક્રોના છ છ આરામાં જ્ઞાન, આયુ, ઊંચાઈ, બળ આદિનો વિકાસ અને હ્રાસ અનુભવે છે.
२. एरवय	*च.*	*ऐरवत*	ઐરવત	ઐરાવતક્ષેત્રના પ્રથમ ચક્રવર્તી.
३. एरवय	*दे.*	*ऐरवत*	ઐરવત	ઐરાવત ક્ષેત્રના અધિષ્ઠાતા દેવ.
४. एरवय	*भौ.*	*ऐरवत*	ઐરવત	શિખરી પર્વતના અગિયાર શિખરોમાંનું એક.
एरावइ/एरावती	*भौ.*	*ऐरावती*	ઐરાવતી	આ અને એરવઈ એક છે.
१. एरावण	*दे.*	*ऐरावण/ऐरावत*	ઐરાવણ/ઐરાવત	શક્રનો મુખ્ય હાથી, શક્રના ગજદળનો સેનાપતિ.
२. एरावण	*भौ.*	*ऐरावण/ऐरावत*	ઐરાવણ/ઐરાવત	ઉત્તરકુરુ ઉપક્ષેત્રમાં આવેલું સરોવર. તેની બન્ને બાજુ વીસ કંચનગ પર્વતો આવેલા છે.

एरावय	*च.*	*ऐरावत*	ઐરાવત	આ અને ઐરાવત(૧) એક છે.
एलकच्छ	*ऐ.*	*एडकाक्ष*	એડકાક્ષ	દશાર્ણપુરનું બીજું નામ. અહી રહેતા ઘેટા જેવી આંખવાળા એક માણસના ઉપનામ એલકચ્છ ઉપરથી આ પુરનું નામ એલકચ્છ પડી ગયું.
एलगच्छ	*ऐ.*	*एलगच्छ*	એલગચ્છ	જુઓ 'એલકચ્છ'.
एलावच्च	*अ.*	*ऐलापत्य*	ઐલાપત્ય	મંડવ ગોત્રની સાત શાખાઓમાંની એક. આચાર્ય મહાગિરિ આ શાખાના હતા.
एलावच्चा	*स.*	*ऐलापत्या*	ઐલાપત્યા	પખવાડિયાના ત્રીજા દિવસની રાત.
एलासाढ	*क.*	*ऐलाषाढ*	ઐલાષાઢ	ધુર્તાખ્યાનના ચાર ઠગમાંનો એક ઠગ. તેણે બાકીના ત્રણ ઠગ આગળ પોતાના અનુભવની કથા આ પ્રમાણે કહી—"એક વાર હું મારી ગાયો લઈને જંગલમાં ગયો. એકાએક લૂંટારાઓ ત્યાં દેખાયા. મેં બધી ગાયોને કામળામાં સંતાડી અને કપડામાં બાંધી દીધી. પોટલું માથે મૂકી હું ગામ તરફ દોડી ગયો. થોડીવારમાં લૂંટારા પણ ગામમાં પ્રવેશ્યા. ભયભીત ગામના લોકો વાલુંક ફળમાં પેસી ગયા. તે ફળને બકરી ખાઈ ગઈ. તે બકરીને અજગર ગળી ગયો. તે અજગરને એક પક્ષી ખાઈ ગયું. પંખી ઊડીને વડવૃક્ષ ઉપર બેઠું. તેનો એક પગ નીચે લટકતો હતો. તે લટકતા પગમાં રાજા ની સેનાનો હાથી ફસાઈ ગયો. એટલે તે પક્ષીને તીર મારી મારી નાંખવામાં આવ્યું. જ્યારે તે પક્ષીનું પેટ ચીરવામાં આવ્યું ત્યારે તેમાંથી અજગર બહાર નીકળી આવ્યો. જ્યારે અજગરનું પેટ ચીરવામાં આવ્યું ત્યારે તેમાંથી બકરી નીકળી, વગેરે વગેરે
ओकुरुड	*अ.*	*उत्कुरुट*	ઉત્કુરુટ	જુઓ 'ઉક્કુરુડ'.
ओगाहणसंठाण	*आ.*	*अवगाहनसंस्थान*	અવગાહનસંસ્થાન	પ્રજ્ઞાપનાનું એકવીસમું પદ (પ્રકરણ).
ओघस्सरा	*अ.*	*ओघस्वरा*	ઓઘસ્વરા	ચમરચંચા નગરીમાં આવેલો ઘંટ.
ओदिओदअ	*क.*	*उदितोदय*	ઉદિતોદય	જુઓ 'ઉદિઓદઅ'.
ओभास	*दे.ज.*	*अवभास*	અવભાસ	અઠ્યાસી ગ્રહમાંનો એક ગ્રહ.
ओमज्जायण	*दे.ज.*	*अवमज्जायन*	અવમજ્જાયન	પુષ્ય નક્ષત્રનું ગોત્રનામ.
ओरब्भ	*आ.*	*उरभ्र*	ઉરભ્ર	આ અને 'ઉરબ્ભિઙ્ક' એક છે.
ओवकोसा	*क.*	*उपकोशा*	ઉપકોશા	આ અને 'ઉવકોસા' એક છે.
ओवणगर	*ऐ.*	*उपनगर*	ઉપનગર	આચાર્ય રક્ષિત ૧)ના પિતાના મિત્ર જે ગામના હતા તે ગામ.
ओवाइय	*आ.*	*औपपातिक*	ઔપપાતિક	આ અને 'ઔપપાતિક' એક છે.
ओवादिय	*आ.*	*औपपातिक*	ઔપપાતિક	આ અને 'ઔપપાતિક' એક છે.

ओसप्पिणी	*स.*	*अवसर्पिणी*	અવસર્પિણી	અધોગામી યા હ્રાસોન્મુખ કાલચક્ર. જ્ઞાન, આયુ, ઊંચાઈ, બળ વગેરેનો હ્રાસ તેનું લક્ષણ છે. તેના છ આરા છે– સુસમસુસમા, સુસમા, સુસમ–દુસ્સમા, દુસ્સમસુસમા, દુસ્સમા, દુસ્સમદુસ્સમા. આ છ ભાગોનો સમયગાળો ઉત્સર્પિણીના છ ભાગો અર્થાત્ આરા જે વિપરીત ક્રમમાં છે તેમના સમયગાળા જેટલો જ છે. જુઓ ઉત્સર્પિણી.
ओसहि	*ऐ.*	*औषधि*	ઔષધિ	મહાવિદેહના પુષ્કલાવર્ત પ્રદેશની રાજધાની.
ओसाण	*ऐ.*	*अवस्थानक*	અવસ્થાનક	ચક્રવર્તી બ્રહ્મદત્તજે સ્થાને ગયા હતા તે સ્થાન
ओहणिज्जुत्ति	*आ.*	*ओघनिर्युक्ति*	ઓઘનિર્યુક્તિ	ભદ્રબાહુએ રચેલો આગમગ્રન્થ. શરૂઆતમાં તો તે આવશ્યકની એક પ્રકારનું ગાથાબદ્ધ વિવેચન હતું –આવશ્યકનિર્યુક્તિનો એક ભાગ હતો. શ્રમણ જીવન ના કેટલાક મૂલભૂત અને ગૌણ નિયમોનું તે નિરૂપણ કરે છે.
ओहणिज्जुत्ति चुण्णि	*आ.*	*ओघनिर्युक्तिचूर्णि*	ઓઘનિર્યુક્તિચૂર્ણિ	ઓઘનિર્યુક્તિ ઉપરની એક પ્રકારની ટીકા.
ओहसामायारी	*आ.*	*ओघसामाचारी*	ઓઘસામાચારી	શ્રમણજીવનના સર્વસામાન્ય નિયમો નિરૂપતો આગમગ્રન્થ. તે ઓઘનિર્યુક્તિનો એક ભાગ છે.
ओहाणसुय	*आ.*	*उपधानश्रुत*	ઉપધાનશ્રુત	આ અને 'ઉવધાનસૂત્ર' એક છે.
ओहि	*आ.*	*अवधि*	અવધિ	ભગવતીસૂત્રના સોળમા શતકનો દસમો ઉદ્દેશક અને પ્રજ્ઞાપનાનું તેંત્રીસમું પદ (પ્રકરણ).
१. कइलास	*दे.*	*कैलास*	કૈલાસ	અનુવેલંધર દેવોના ચાર ઇન્દ્રોમાંનો એક. તેનો વાસ કૈલાશ પર્વત ઉપર છે. જુઓ 'અણુવેલંધર–નાગરાય'.
२. कइलास	*दे.*	*कैलास*	કૈલાસ	નંદીશ્વર દ્વીપના પૂર્વાર્ધનો અધિષ્ઠાતા દેવ.
३. कइलास	*भौ.*	*कैलास*	કૈલાસ	લવણસમુદ્રમાં દક્ષિણપશ્ચિમ દિશામાં ૪૨૦૦૦ યોજન દૂર આવેલો પર્વત. તેની ઊંચાઈ ૧૭૨૧ યોજન છે. તે અણુવેલંધર દેવોનું વાસસ્થાન છે. તેના ઇંદ્રનું અને તે ઇંદ્રની રાજધાનીનું નામ પણ કૈલાશ છે.
४. कइलास	*आ.*	*कैलास*	કૈલાસ	અંતકૃદ્દશાના છઠ્ઠા વર્ગનું સાતમું અધ્યયન.
५. कइलास	*श्र.*	*कैलास*	કૈલાસ	સાકેતનગરનો વેપારી. સંસાર ત્યાગી મહાવીરનો શિષ્ય બન્યો. બાર વર્ષ શ્રમણજીવનની સાધના પછી તે વિપુલ પર્વત ઉપર મોક્ષ પામ્યો.
६. कइलास	*भौ.*	*कैलास*	કૈલાસ	એક પર્વત. તેની એકતા હિમાલયમાં આવેલા કૈલાસ પર્વત સાથે સ્થાપી શકાય.
कउरव्व	*अ.*	*कौरव्य*	કૌરવ્ય	જુઓ 'કોરવ્વ'.

कंकपओस	*आ.*	*काङ्क्षाप्रदोष*	કાङ્ક્ષાપ્રદોષ	ભગવતીસૂત્રના પ્રથમ શતકનો ત્રીજો ઉદ્દેશક.
१. कंचण	*भौ.*	*काञ्चन*	કાંચન	સોમણસ(૫) પર્વતનું શિખર. તેની ઊંચાઈ પાંચસો યોજન છે.
२. कंचण	*भौ.*	*काञ्चन*	કાંચન	રુચક(૧) પર્વતના પૂર્વ ભાગનું શિખર તેમજ પશ્ચિમ ભાગનું શિખર.
कंचणकूड	*भौ.दे.*	*काञ्चनकूट*	કાંચનકૂટ	સ્વર્ગીય વાસસ્થાન, જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત સાગરોપમ વર્ષ છે, દેવો સાત પખવાડિયે એકવાર શ્વાસ લે છે અને સાત હજાર વર્ષોમાં એક વાર જ તેમને ભૂખ લાગે છે. તે સમ જેવું જ છે.
कंचणग	*भौ.*	*काञ्चनक*	કાંચનક	જુઓ કંચનક પર્વત.
कंचणगपव्वय	*भौ.*	*काञ्चनकपर्वत*	કાંચનકપર્વત	૧૦૦ યોજન ઊંચાઈવાળો પર્વત. જંબૂદ્વીપમાં આવા૨૦૦ પર્વતો છે. તેમાંથી ૧૦૦ ઉત્તરકુરુમાં છે અને ૧૦૦ દેવકુરુમાં છે. તે દસ દસ યોજનના અંતરે નીલવંત આદિ દસ સરોવરોની પૂર્વ અને પશ્ચિમ બાજુ પર આવેલા છે. આ દસ સરોવરો–માંથી પાંચ ઉત્તરકુરુમાં છે અને પાંચ દેવકુરુમાં છે. આ પર્વતો ઉપર જૃમ્ભક દેવો વસે છે.
कंचणपव्वय	*भौ.*	*काञ्चनपर्वत*	કાંચનપર્વત	આ અને કંચણગપર્વત એક છે.
कंचणपुर	*ऐ.*	*काञ्चनपुर*	કાંચનપુર	કલિંગદેશની રાજધાનીનું નગર. જિનધર્મ વેપારી આ શહેરનો હતો. કરકંડુ અહીં રાજ કરતા હતા.
कंचणपुरी	*ऐ.*	*काञ्चनपुरी*	કાંચનપુરી	આ એક સ્થળનું નામ છે. સંભવતઃ આ અને 'કાંચનપુર' એક જણાય છે.
कंचणमाला	*अ.*	*काञ्चनमाला*	કાંચનમાલા	રાજા પ્રદ્યોતની દાસી. તેણે ઉદાયન(૨) સાથે ભાગી જવામાં વાસવદત્તા(૧) ને મદદ કરી હતી.
कंचणा	*अ.*	*काञ्चना*	કાંચના	જેના માટે યુદ્ધ ખેલાયું હતું તે સ્ત્રી. તેના વિશે બીજી કોઈ જાણકારી નથી.
कंडग	*ऐ.*	*कण्डक*	કણ્ડક	આ અને કુંડાગ એક છે.
कंडच्छारिअ	*ऐ.*	*कण्डक्षारिक*	કણ્ડક્ષારિક	એક ગામ.
कंडरिअ	*क.*	*कण्डरीक*	કણ્ડરીક	જુઓ કંડરીય.
कंडरीअ	*क.*	*कण्डरीक*	કણ્ડરીક	જુઓ કંડરીય.
१. कंडरीय	*क.*	*कण्डरीक*	કણ્ડરીક	પુંડરીકિણીનગરીના રાજા મહાપદ્મ(૭) અને તેની રાણી પદ્માવતી(૩)નો પુત્ર. તે પુંડરીક(૪)નો નાનો ભાઈ હતો. સંસારનો ત્યાગ કરી ફરી સંસાર માં આવ્યો. પુંડરીકે તેને રાજ આપી દીધું, પોતે સંસાર ત્યાગી શ્રમણ બન્યા. મૃત્યુ પછી કંડરીક નરકે ગયો અને પુંડરીક સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ તરીકે જન્મ્યા.

२. कंडरीय	*क.*	*कण्डरीक*	કણ્ડરીક	સાકેત નગરના રાજા પુંડરીક(૨)નો નાનો ભાઈ. પુંડરીકે તેની રૂપાળી પત્ની યશોભદ્રાને વશ કરવા તેની હત્યા કરી હતી.
कंडिल्ल	*अ.*	*काण्डिल्य*	કાણ્ડિલ્ય	મંડવ ગોત્રની સાત શાખાઓમાંની એક.
कंडू	*अ.ता*	*कण्डू*	કણ્ડૂ	એક બ્રાહ્મણ પરિવ્રાજક.
कंत	*दे.*	*कान्त*	કાન્ત	ઘૃતોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.
कंद	*दे.*	*क्रन्द*	ક્રન્દ	આ અને 'કંદિય' એક છે.
कंदप्प	*दे.*	*कन्दर्प*	કન્દર્પ	મોટેથી ખડખડાટ હસતો દેવ. તે શક્રના લોકપાલ 'જમ્મ'(૨)ની આજ્ઞામાં છે.
कंदप्पिय	*अ.ता*	*कान्दर्पिक*	કાન્દર્પિક	સમણ(૧) ભિક્ષુઓનો એક વર્ગ. તે લોકોને હસાવીને પોતાની આજીવિકા રળતા હતા.
कंदाहार	*अ.ता*	*कन्दाहार*	કન્દાહાર	કંદમૂળ ખાઈને જીવતા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ.
कंदिय	*दे.*	*क्रन्दित*	ક્રન્દિત	વ્યંતર દેવોનો એક વર્ગ. તેના બે ઇન્દ્રો છે — સુવત્સ(૨) અને વિસાલ(૨).
१. कंपिल्ल	*आ.*	*काम्पिल्य*	કાંપિલ્ય	અંતકૃદ્દશાના પ્રથમ વર્ગનું સાતમું અધ્યયન.
२. कंपिल्ल	*श्र.*	*काम्पिल्य*	કાંપિલ્ય	બારાવતી નગરીના અંધકવૃષ્ણિ અને ધારિણીનો પુત્ર. તેણે તીર્થંકર અરિષ્ટનેમિની આજ્ઞામાં રહી બાર વર્ષ સુધી શ્રમણ જીવનની આરાધના કરી અને પછી શત્રુંજય પર્વત ઉપર મોક્ષ પ્રાપ્ત કર્યો.
३. कंपिल्ल	*च.*	*काम्पिल्य*	કાંપિલ્ય	ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની મલયવતીના પિતા
४. कंपिल्ल	*ऐ.ती.*	*काम्पिल्य*	કાંપિલ્ય	પંચાલની ગંગા નદીના તીરે આવેલી રાજધાની. દ્રૌપદીનો સ્વયંવર આ નગરમાં થયેલો. તીર્થંકર પાર્શ્વ અને મહાવીર આ નગરમાં આવેલા. તેરમા તીર્થંકર વિમલે આ નગરમાં જન્મ લીધેલો તેમજ દીક્ષા પણ ગ્રહણ કરી હતી. પરિવ્રાજક અંબડ (૧) અને નિહ્નવ અશ્વમિત્ર આ નગરમાં આવેલા. જ્યારે શ્રાવક કુંડકોલિય તો આ નગરના જ હતા.
कंपिल्लपुर	*ऐ.ती.*	*काम्पिल्यपुर*	કાંપિલ્યપુર	આ અને કંપિલ્લ(૪) એક છે.
कंपेल्लपुर	*ऐ.ती.*	*काम्पिल्यपुर*	કાંપિલ્યપુર	આ અને કંપિલ્લ(૪) એક છે.
कंबल	*दे.*	*कम्बल*	કંબલ	નાગકુમાર દેવ. તે અને બીજો નાગકુમાર દેવ સંબલ તેમના પૂર્વભવમાં બળદો હતા. તે બન્નેએ તેમના માલિકની જેમ જ વ્રતોનું પાલન કર્યું જેના પરિણામે તેઓ મૃત્યુ પછી નાગ કુમાર દેવો તરીકે જન્મ્યા હતા. ગંગા પાર કરતા મહાવીરના માર્ગમાં આવેલા વિઘ્નોને તેમણે દૂર કર્યા હતા.

कंबु	*भौ.दे.*	*कम्बु*	કંબુ	લાંતક સ્વર્ગ (કલ્પ)માં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાર સાગરોપમ વર્ષનું છે, જ્યાં બાર પખવાડિયે દેવો એક જ વાર શ્વાસ લે છે અને જ્યાં દેવોને બાર હજાર વર્ષે એક વાર જ ભૂખ લાગે છે.
कंबुग्गीव	*भौ.*	*कम्बुग्रीव*	કંબુગ્રીવ	કંબુ જેવુ જ સ્વર્ગીય આવાસસ્થાન
कंबोय	*भौ.*	*कम्बोज*	કમ્બોજ	અનાર્ય દેશ. તે તેના અશ્વો માટે પ્રખ્યાત છે.
कंमारगाम	*ऐ.*	*कर्मकारग्राम*	કર્મકારગ્રામ	પોતાની દીક્ષા પછી તરત જ ભ૰ મહાવીર જે સન્નિવેશમાં ગયા હતા તે સન્નિવેશ. ત્યાં ગોવાળે તેમને ત્રાસ આપ્યો હતો. કંમારગામ એ શ્રમજીવીઓ અથવા લુહારોની વસાહત કહેવાતી હતી જે ખત્તિય–કુંડગ્ગામ અને કોલ્લાગની વચ્ચે આવેલી હતી. તેના અન્ય નામો આ હતા— 'કુમારગામ, કુમ્મારગામ(૧) અને કંમારગ્ગામ'.
कंमारग्गाम	*ऐ.*	*कर्मकारग्राम*	કર્મકારગ્રામ	જુઓ 'કંમારગામ'.
१. कंस	*दे.ज.*	*कंस*	કંસ	અઠ્યાસી ગ્રહમાંનો એક.
२. कंस	*क.*	*कंस*	કંસ	મથુરાના ઉગ્રસેન રાજાનો પુત્ર. તે જરાસંધની પુત્રીને પરણ્યો હતો. પોતાના પિતાને કેદમાં પૂરી પોતે જ મથુરાનો રાજા બની બેઠો. તે પોતાના પૂર્વ ભવમાં તાપસ હતો. તેને તેમજ તેના સસરા જરાસંધને વાસુદેવ(૨) કૃષ્ણ(૧)એ હણ્યા હતા. અઈમુત્ત (૨) કંસનો નાનો ભાઈ હતો.
कंसणाभ	*दे.ज.*	*कंसनाभ*	કંસનાભ	૮૮ ગ્રહમાંનો એક, જે કંસવર્ણ નામે જાણીતો છે.
कंसवण्ण	*दे.ज.*	*कंसवर्ण*	કંસવર્ણ	આ અને કંસનાભ એક છે.
कंसवण्णाभ	*दे.ज.*	*कंसवर्णाभ*	કંસવર્ણાભ	અઠ્યાસી ગ્રહમાંનો એક.
कक्क	*च.*	*कर्क*	કર્ક	ચક્રવર્તી બ્રહ્મદત્તના પાંચ મહેલોમાંનો એક.
कक्कंध	*दे.ज.*	*कर्कन्ध*	કર્કન્ધ	જુઓ 'વંધ'.
कक्केय	*भौ.*	*कक्केय*	કક્કેય	આ અને 'કેકય' એક છે.
कक्कि	*अ.*	*कल्किन्*	કલ્કિન્	પાડલિપુત્રનો ભાવિ રાજા, જે શ્રમણસંઘનું અપમાન કરશે.
१. कक्कोडअ	*भौ.*	*कर्कोटक*	કર્કોટક	અનુવેલંધર દેવો જ્યાં રહે છે તે પર્વત. તે લવણ સમુદ્રમાં ઉત્તરપૂર્વમાં ૪૨,૦૦૦ યોજનના અંતરે આવેલો છે. તેની ઊંચાઈ ૧૭૨૧ યોજન છે. તેના રાજાનું પણ આ જ નામ છે. તે રાજા અનુવેલંધર–નાગરાજના નામે પણ જાણીતો છે. તેના પાટનગરનું પણ આ જ નામ છે.

२. कक्कोडअ	*दे.*	*कर्कोटक*	કર્કોટક	શક્રના લોકપાલ વરુણ(૧)ના કુટુંબનો સભ્ય. સંભવતઃ આ જ કર્કોટક(૧)નો રાજા છે.
१. कच्चायण	*अ.*	*कात्यायन*	કાત્યાયન	કૌશિક(૫) ગોત્રની શાખા. આચાર્ય પ્રભવ અને શ્રમણ સ્કંદક(૨) આ શાખાના હતા.
२. कच्चायण	*अ.ज.*	*कात्यायन*	કાત્યાયન	મૂલ નક્ષત્રનું ગોત્રનામ.
१. कच्छ	*भौ.*	*कच्छ*	કચ્છ	જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં આવેલો વિજય નામક પ્રદેશ. તે સીતાનદીની ઉત્તરે, નીલવંત પર્વતની દક્ષિણે, માલવંત પર્વતની પૂર્વે અને ચિત્તકૂડ પર્વતની પશ્ચિમે આવેલ છે. તેની ઉત્તરથી દક્ષિણ લંબાઈ ૧૬૫૯૨-૨/૧૯ યોજન છે અને પૂર્વથી પશ્ચિમ પહોળાઈ ૨૨૧૩ યોજનમાં કંઈક ન્યૂન છે. વૈતાઢ્ય(૧) પર્વત તેના બરાબર કેન્દ્રમાં છે. ક્ષેમા તેનું પાટનગર છે.
२. कच्छ	*अ.ता*	*कच्छ*	કચ્છ	તીર્થંકર ઋષભ(૧)નો પુત્ર. તેણે તેના ભાઈ મહાકચ્છ સાથે સંસારનો ત્યાગ કરી કેટલાક વખત સુધી ઋષભની આજ્ઞામાં શ્રમણત્વ પાળ્યું. પછી તે બન્ને પરિવ્રાજકો બની ગયા. નમિ(૩) અને વિનમિ અનુક્રમે કચ્છ અને મહાકચ્છના પુત્રો હતા.
३. कच्छ	*भौ.दे.*	*कच्छ*	કચ્છ	કચ્છ(૧)માં આવેલા વૈતાઢ્ય(૧) પર્વતના બે શિખરો. તે બન્ને શિખરોના અધિષ્ઠાતા દેવોના નામ પણ કચ્છ જ છે.
४. कच्छ	*भौ.*	*कच्छ*	કચ્છ	માલવંત(૧) પર્વતના નવ શિખરોમાંનું એક.
५. कच्छ	*भौ.*	*कच्छ*	કચ્છ	ચિત્તકૂડ(૧) પર્વતના ચાર શિખરોમાંનું એક.
६. कच्छ	*ऐ.*	*कच्छ*	કચ્છ	ચક્રવર્તી ભરતે જીતેલો એક દેશ. ત્યાં આભીર ઉપાસકો (શ્રાવકો) રહેતા હતા. આનંદપુર નગરનો એક બ્રાહ્મણ અહીં આવ્યો હતો. શ્રમણો વારંવાર આ દેશમાં આવતા.
१. कच्छगावइ	*दे.*	*कच्छगावती*	કચ્છગાવતી	આ જ નામના પ્રદેશમાં રહેતો દેવ.
२. कच्छगावइ	*भौ.*	*कच्छगावती*	કચ્છગાવતી	જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં આવેલો વિજય નામે જાણીતો પ્રદેશ. તે સીતા નદીની ઉત્તરે, નીલવંત પર્વતની દક્ષિણે, પક્ષ્મકૂડ પર્વતની પૂર્વે અને દ્રહાવતીનદીની પશ્ચિમે આવેલ છે. તેની લંબાઈ, પહોળાઈ વગેરે કચ્છ(૧) સમાન છે. અરિષ્ટપુરા તેનું પાટનગર છે.

३. कच्छगावइ	भौ.	कच्छगावती	કચ્છગાવતી	પક્ષ્મકૂડ પર્વતના ચાર શિખરોમાંનું એક.
कच्छगावती	भौ.	कच्छकावती	કચ્છકાવતી	જુઓ 'કચ્છગાવઈ'.
कच्छभ	दे.ज.	कच्छप	કચ્છપ	રાહુનું બીજું નામ.
कच्छावइ	भौ.	कच्छावती	કચ્છાવતી	આ અને કચ્છગાવઈ એક છે.
कच्छुल्लणारय	क.	कच्छुल्लनारद	કચ્છુલ્લનારદ	સૌર્યપુરના યજ્ઞદત્ત અને સોમજસાનો પુત્ર. બીજાઓને લડાવવા–ઝઘડાવવા અને તે પ્રસંગને માણવા માટે જાણીતો પરિવ્રાજક તે હતો. એક વાર તે હસ્તિનાપુર ગયો જ્યાં દ્રૌપદીએ તેનો યોગ્ય આદર ન કર્યો. તેથી તે અકળાયો અને તેને માઠુ લાગ્યુ. આવી કેટલીય ઘટનાઓ કચ્છુલ્લ–નારદ સાથે જોડાયેલી છે.
कज्जलप्पभा	भौ.	कज्जलप्रभा	કજ્જલપ્રભા	જંબુસુદર્શના વૃક્ષની દક્ષિણપશ્ચિમે આવેલ પુષ્કરિણી
कज्जसेण	अ.	कार्यसेन	કાર્યસેન	ભરત(૨) ક્ષેત્રમાં અતીત અવસર્પિણી કાલચક્રમાં થયેલા દસ કુલકરમાંના એક. તેમનું બીજું નામ તક્કસેણ છે અને તેમને અતીત ઉત્સર્પિણી કાલચક્ર ના તરીકે પણ ઉલ્લેખવામાં આવે છે.
कज्जोयअ	दे.ज.	कार्योपग	કાર્યોપગ	આ અને કાર્યોપગ એક છે.
कज्जोवअ	दे.ज.	कार्योपग	કાર્યોપગ	અઠ્યાસી ગ્રહમાંનો એક.
कज्जोवग	दे.ज.	कार्योपग	કાર્યોપગ	આ અને કજ્જોવઅ એક છે.
कट्ठ	श्र.	काष्ठ	કાષ્ઠ	એક વેપારી જેની પત્ની વજ્ર બ્રાહ્મણ દેવશર્મ ના પ્રેમમાં પડી હતી. પત્નીની બેવફાઈથી દુઃખી થયેલા તેણે સંસાર ત્યાગી શ્રમણત્વ સ્વીકાર્યુ.
कट्ठपाउयार	अ.	काष्ठपादुकाकार	કાષ્ઠપાદુકાકાર	એક આર્ય ઉદ્યોગમંડળ જે લાકડાની ચાખડીઓ બનાવતુ.
कट्ठहारअ	श्र.	काष्ठहारक	કાષ્ઠહારક	એક કઠિયારો જે સંસારનો ત્યાગ કરી સુધર્મનો શિષ્ય બન્યો હતો.
कडअ	च.	कटक	કટક	વાણારસીનો રાજા. તેણે પોતાની પુત્રી ચક્રવર્તી બ્રહ્મદત્તને પરણાવી હતી.
कडपूअणा / कडपूयणा	ती.दे.	कटपूतना	કટપૂતના	સાલિશીર્ષ ગામમાં તીર્થંકર મહાવીરને રંજાડનાર વ્યંતર દેવી. તે પૂર્વભવમાં ત્રિપૃષ્ઠની રાણી હતી.
कण	दे.ज.	कण	કણ	અઠ્યાસી ગ્રહમાંનો એક.
कणअ	दे.ज.	कनक	કનક	આ અને કનગ(૧) એક છે.
कणक	दे.ज.	कनक	કનક	આ વર્ગના પાંચ ગ્રહો છે — કણ, કણઅ,
कणकणअ	दे.ज.	कणकनक	કણકનક	આ અને કણકણગ એક છે.
कणकणग	दे.ज.	कणकनक	કણકનક	અઠ્યાસી ગ્રહમાંનો એક.

१. कणग	*दे.ज.*	*कनक*	કનક	અઠ્યાસી ગ્રહમાંનો એક.
२. कणग	*दे.*	*कनक*	કનક	ઘૃતવર દ્વીપનો અધિષ્ઠાતા દેવ.
३. कणग	*भौ.*	*कनक*	કનક	રુચક પર્વતના નવ શિખરોમાંનું એક.
४. कणग	*भौ.*	*कनक*	કનક	વિદ્યુત્પ્રભ પર્વતના નવ શિખરોમાંનું એક.
५. कणग	*दे.ज.*	*कनक*	કનક	આ અને કણક એક છે.
१. कणगकेउ	*अ.*	*कनककेतु*	કનકકેતુ	અહિચ્છત્રા નગરીનો રાજા. ચંપાના વેપારી ધન્ન (८)એ અહિચ્છત્રામાં પોતાનો ધંધો શરૂ કરતા પહેલા તેની પરવાનગી લીધી.
२. कणगकेउ	*अ.*	*कनककेतु*	કનકકેતુ	હસ્તિશીર્ષ નગરનો રાજા.
कणगखल	*ऐ.*	*कनकखल*	કનકખલ	સોયવિયા અને વાચાલાની પાસે આવેલો આશ્રમ. મહાવીર આ આશ્રમમાં આવ્યા હતા. આશ્રમના નાયક તાપસ કોસિઅ(२) હતા.
कणगकिरि	*भौ.*	*कनकगिरि*	કનકગિરિ	મેરુ પર્વતનું બીજું નામ.
कणगज्झय	*श्रा.*	*कनकध्वज*	કનકધ્વજ	તેયલિપુરના રાજા કનકરથ(१) અને તેની રાણી પદ્માવતી(२)નો પુત્ર. તેને કનકરથના મંત્રી તેયલિ પુત્તે છૂપી રીતે ઉછેર્યો હતો કારણ કે રાજા પોતાના પુત્રોને જન્મતાવેંત મારી નાખતો હતો, રખેને તેમાંનો કોઈ તેનું સિંહાસન છીનવી પોતે જ તેયલિપુરનો રાજા બની બેસે.
कणगणाभ	*च.*	*कनकनाभ*	કનકનાભ	ચક્રવર્તી ભરત(१)નો પૂર્વભવ.
कणगपुर	*ऐ.*	*कनकपुर*	કનકપુર	જે નગરમાં રાજા પિયચંદ્ર રાજ કરતો હતો તે નગર. આ નગરમાં મહાવીર આવ્યા હતા. આ નગરમાં સેયાસોય ઉદ્યાન હતું. અને તે ઉદ્યાનમાં યક્ષ વીરભદ્રનું ચૈત્ય હતું.
कणगप्पभ	*दे.*	*कनकप्रभ*	કનકપ્રભ	ઘયવર દ્વીપનો અધિષ્ઠાતા દેવ.
१. कणगप्पभा	*आ.*	*कनकप्रभा*	કનકપ્રભા	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમા વર્ગનું સોળમું અધ્યયન.
२. कणगप्पभा	*दे.*	*कनकप्रभा*	કનકપ્રભા	રાક્ષસ દેવોના બે ઇન્દ્રો ભીમ અને મહાભીમને ચાર ચાર મુખ્ય પત્નીઓ છે, તે ચારમાંથી દરેકની એક એક મુખ્ય પત્નીનું નામ કનકપ્રભા છે. તે બેને રત્નપ્રભા(१) નામે પણ ઓળખવામાં આવે છે. તેમના પૂર્વભવમાં તે બે નાગપુરના વેપારીની પુત્રીઓ હતી. તે બન્ને સંસારનો ત્યાગ કરી તીર્થંકર પાર્શ્વ(१)ની શિષ્યાઓ બની ગતિ હતી.

१. कणगरह	***क.***	*कनकरथ*	કનકરથ	તેયલિપુરનો રાજા. પદ્માવતી(૨) તેની રાણી હતી, તેયલિપુત્ર તેનો મંત્રી હતો અને કનગધ્વજ તેનો પુત્ર હતો. તે એટલો તો ક્રૂર અને લોભી હતો કે રાજસત્તા ખોવાના ભયથી પ્રેરાઈ તે તેના પુત્રોને જન્મતાવેત મારી નાખતો. ગમે તેમ કરીને રાણીએ કણગજઝયને બચાવી લીધો અને મંત્રીએ તેને છૂપી રીતે ઉછેર્યો.
२. कणगरह	***अ.***	*कनकरथ*	કનકરથ	વિજયપુરનો રાજા. ધન્વંતરી(૧) તેનો વૈદ્ય હતો.
३. कणगरह	***अ.***	*कनकरथ*	કનકરથ	ભરત ક્ષેત્રમાં પ્રથમ ભાવિ તીર્થંકર મહાપદ્મ વડે દીક્ષિત થવાના તે આઠ રાજાઓમાંનો એક.
कणगलता	***दे.***	*कनकलता*	કનકલતા	લોકપાલ સોમની મુખ્ય પત્ની. જુઓ સોમ(૩).
कणगवत्थु	***ऐ.***	*कनकवस्तु*	કનકવસ્તુ	વાસુદેવ બનવાની ઇચ્છાથી 'પર્વતઅ' દ્વારા જ્યાં તપની આરાધના કરવામાં આવી હતી તે નગર.
कणगविताणग	***दे.ज.***	*कनकवितानक*	કનકવિતાનક	આ અને 'કણગવિયાણગ' એક છે.
कणगवियाणग	***दे.ज.***	*कनकवितानक*	કનકવિતાનક	અઠ્યાસી ગ્રહમાંનો એક.
कणगसंताण	***दे.ज.***	*कनकसन्तान*	કનકસન્તાન	આ અને કણગસંતાણગ એક છે.
कणगसंताणग	***दे.ज.***	*कनकसन्तानक*	કનકસન્તાનક	અઠ્યાસી ગ્રહમાંનો એક.
कणगसत्तरि	***अ.***	*कनकसप्तति*	કનકસપ્તતિ	એક પાખંડી શાસ્ત્ર.
१. कणगा	***दे.***	*कनका*	કનકા	લોકપાલ સોમની મુખ્ય પત્ની. જુઓ સોમ(૩).
२. कणगा	***आ.***	*कनका*	કનકા	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું પંદરમું અધ્યયન.
३. कणगा	***श्र.दे.***	*कनका*	કનકા	રાક્ષસદેવોના બે ઇન્દ્રો ભીમ અને મહાભીમ બંને ની મુખ્ય પત્નીઓ. પૂર્વભવમાં નાગપુરના વેપારીની બે પુત્રીઓ તરીકે તે જન્મી હતી અને પછી તીર્થંકર પાર્શ્વની શિષ્યાઓ બની હતી.
कणय	***दे.***	*कनक*	કનક	જુઓ 'કણગ'.
कणयप्पभ	***दे.***	*कनकप्रभ*	કનકપ્રભ	જુઓ 'કણગપ્પભ'.
कणविताणअ	***दे.ज.***	*कणवितानक*	કણવિતાનક	આ અને 'કણવિયાણગ' એક છે.
कणवियाणअ	***दे.ज.***	*कणवितानक*	કણવિતાનક	આ અને 'કણવિયાણગ' એક છે.
कणवियाणग	***दे.ज.***	*कणवितानक*	કણવિતાનક	આ અને કણવિયાણગ એક છે.
कणवीर	***भौ.अ***	*कणवीर*	કણવીર	અનાર્ય દેશ અને તેના લોકો.
कणसंताणअ	***दे.ज.***	*कणसन्तानक*	કણસન્તાનક	આ અને કણગસંતાણગ એક છે.
कणाद	***अ.***	*कणाद*	કણાદ	એક દાર્શનિક જેનો એ સિદ્ધાન્ત છે કે સામાન્ય અને વિશેષ એ બે એકબીજાથી આત્યંતિકપણે ભિન્ન બે સ્વતંત્ર પદાર્થો છે.
कणियार	***अ.गो***	*कर्णिकार*	કર્ણિકાર	ગોસાલક પાસે આવનાર છ પરિવ્રાજકોમાંનો (દિશાચરોમાંનો એક).

कणेरुदत्त	*अ.*	*कणेरुदत्त*	કણેરુદત્ત	હસ્તિનાપુરનો રાજા. તેણે પોતાની પુત્રી કણેરુ–દત્તાને ચક્રવર્તી બ્રહ્મદત્ત સાથે પરણાવી હતી.
कणेरुदत्ता	*च.*	*कणेरुदत्ता*	કણેરુદત્તા	ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની. તે રાજા કણેરુદત્તની પુત્રી હતી.
कणेरुपइगा	*च.*	*कणेरुपदिका*	કણેરુપદિકા	ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની.
कणेरुसेणा	*च.*	*कणेरुसेना*	કણેરુસેના	ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની.
कण्ण	*अ.*	*कर्ण*	કર્ણ	અંગ(૧)ના પાટનગર ચંપાનો રાજા. તેણે દ્રૌપદીના સ્વયંવરમાં ભાગ લીધો હતો.
कण्णपाउरण	*भौ.*	*कर्णप्रावरण*	કર્ણપ્રાવરણ	એક અંતરદ્વીપ.
कण्णपाल	*अ.*	*कर्णपाल*	કર્ણપાલ	જુઓ કણવાલ.
कण्णलोयण	*अ.ज.*	*कर्णलोचन*	કર્ણલોચન	શતભિસજ નક્ષત્રનું ગોત્રનામ.
कण्णवाल	*अ.*	*कर्णपाल*	કર્ણપાલ	સાકેતના રાજા પુંડરીકના હાથીનો મહાવત.
कण्णसप्प	*दे.ज.*	*कृष्णसर्प*	કૃષ્ણસર્પ	રાહુનું બીજું નામ. જુઓ 'કૃષ્ણસર્પ.
कण्णसिरी	*अ.*	*कृष्णश्री*	કૃષ્ણશ્રી	આ અને 'કણિસરી' એક છે.
कण्णिल्ल	*अ.ज.*	*कर्णिल्य*	કર્ણિલ્ય	શતભિસજ નક્ષત્રનું ગોત્રનામ. આ અને 'કણણલોયણ' એક જ છે.
कण्णी	*आ.*	*कर्णी*	કર્ણી	ભગવતીસૂત્રના શતક ૧૧ નો સાતમો ઉદ્દેશક.
१. कण्ह	*ती.च.*	*कृष्ण*	કૃષ્ણ	વસુદેવ અને રાણી દેવકીનો પુત્ર અને રામ(૧) નો ભાઈ. તે જંબૂદ્વીપના ભરતક્ષેત્રના દક્ષિણાર્ધ ના વાસુદેવ હતા. જો કે તે મથુરામાં જન્મ્યા હતા છતાં તેમની રાજધાની બારાવતી હતી. આવતી ઉત્સર્પિણીમાં પુંડ્રની રાજધાની શતદ્વારમાં બારમા તીર્થંકર અમમ તરીકે જન્મ લેશે. કૃષ્ણ ૧૦૦૦ વર્ષ જીવ્યા હતા. તેમની ઊંચાઈ દસ ધનુષ્ હતી. તે પોતાના પૂર્વભવમાં ગંગદત્ત(૪) હતા. તે વાસુદેવ(૨) નામથી પણ પ્રસિદ્ધ છે.
२. कण्ह	*श्र.*	*कृष्ण*	કૃષ્ણ	શિવભૂતિના ગુરુ, તેમણે બોટિક પંથ સ્થાપેલો
३. कण्ह	*अ.ता*	*कृष्ण*	કૃષ્ણ	એક બ્રાહ્મણ પરિવ્રાજક.
४. कण्ह	*श्र.*	*कृष्ण*	કૃષ્ણ	વરાહ(૩) અને 'ઇસિવાલ' બન્નેના ગુરુ. વરાહ, પાંચમા બલદેવનો પૂર્વભવ હતો અને 'ઇસિવાલ' પાંચમાં વાસુદેવનો પૂર્વભવ હતો.
५. कण्ह	*आ.*	*कृष्ण*	કૃષ્ણ	નિરયાવાલિકા(૧)નું ચોથું અધ્યયન.
६. कण्ह	*अ.*	*कृष्ण*	કૃષ્ણ	રાજગૃહીના રાજા 'સેણિય'નો પુત્ર. તેની માતાનું નામ કૃષ્ણા હતું. તે ચેડગ વડે યુદ્ધમાં મરાયેલો
७. कण्ह	*ती.*	*कृष्ण*	કૃષ્ણ	ભરત ક્ષેત્રમાં થનારા એકવીસમાં ભાવિ તીર્થંકર વિજય(૮)નો પૂર્વભવ.

८. कण्ह	*च.*	*कृष्ण*	કૃષ્ણ	ભરત ક્ષેત્રના પ્રથમ ભાવિ બલદેવ. જુઓ બલદેવ (૨).
कण्हगुलिया	*क.*	*कृष्णगुलिका*	કૃષ્ણગુલિકા	રાણી પદ્માવતી(૩) ની દાસી. તેની નિમણૂક મહાવીર ની મૂર્તિની સેવા માટે કરવામાં આવી હતી. તે અને દેવદત્તા(૪) એક છે.
कण्हपरिव्वायग	*अ.ता*	*कृष्णपरिव्राजक*	કૃષ્ણપરિવ્રાજક	પરિવ્રાજકોનો એક વર્ગ.
१. कण्हराइ	*भौ.*	*कृष्णराजि*	કૃષ્ણરાજી	પાંચમાં સ્વર્ગમાં લોકાંતિક દેવોના વાસસ્થાનો ફરતે આવેલી કાળી રેખાઓ.
२. कण्हराइ	*आ.*	*कृष्णराजि*	કૃષ્ણરાજી	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના દસમા વર્ગનું બીજું અધ્યયન.
३. कण्हराइ	*ऐ.*	*कृष्णराजि*	કૃષ્ણરાજી	વાણારસીના રામ અને ધર્માની પુત્રી. તે સંસાર છોડી તીર્થંકર પાર્શ્વની શિષ્યા બની. મૃત્યુ પછી તે ઈશાન(૨)ની મુખ્ય પત્ની બની.
कण्हवडेंसअ	*भौ.दे.*	*कृष्णावतंसक*	કૃષ્ણાવતંસક	ઈશાન સ્વર્ગ(કલ્પ)માં એક સ્વર્ગીય વાસસ્થાન.
कण्हवासुदेव	*ती.च.*	*कृष्णवासुदेव*	કૃષ્ણવાસુદેવ	જુઓ કૃષ્ણ(૧).
कण्हवेण्णा	*भौ.*	*कृष्णवेन्ना*	કૃષ્ણવેન્ના	એક નદી. તેની એકતા કૃષ્ણા અને વેણા નદીઓના સંયુક્ત પ્રવાહ સાથે સ્થાપવામાં આવી છે. તે બંગાળના ઉપસાગરને મળે છે.
कण्हसप्प	*दे.ज.*	*कृष्णसर्प*	કૃષ્ણસર્પ	રાહુનું બીજું નામ.
कण्हसिरी	*अ.*	*कृष्णश्री*	કૃષ્ણશ્રી	રોહીતકના ગૃહસ્થ દત્ત(૧)ની પત્ની. તેમને દેવદત્તા (૨) નામની દીકરી હતી.
१. कण्हा	*आ.*	*कृष्णा*	કૃષ્ણા	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના દસમા વર્ગનું પહેલું અધ્યયન.
२. कण्हा	*श्र.दे.*	*कृष्णा*	કૃષ્ણા	ઈશાનની આઠ મુખ્ય પત્નીઓમાંની એક. તેના પૂર્વભવમાં તે વાણારસીના રામઅને 'ધમ્મા'ની પુત્રી હતી અને તીર્થંકર પાર્શ્વની શિષ્યા બની હતી.
३. कण्हा	*आ.*	*कृष्णा*	કૃષ્ણા	અંતકૃદ્દશાના આઠમાં વર્ગનું ચોથું અધ્યયન.
४. कण्हा	*श्र.*	*कृष्णा*	કૃષ્ણા	રાજા શ્રેણિક(૧)ની પત્ની. તે સંસારનો ત્યાગ કરી ચંપા નગરમાં મહાવીરની શિષ્યા બની. ૧૧ વર્ષના શ્રમણજીવન પછી તે મોક્ષ પામી.
५. कण्हा	*अ.*	*कृष्णा*	કૃષ્ણા	વિજયપુરના રાજા વાસવદત્તની પત્ની અને 'સુવાસવ' (૨)ની માતા.
६. कण्हा	*भौ.*	*कृष्णा*	કૃષ્ણા	આભીર(૧)ના પ્રદેશમાં વહેતી નદી. કૃષ્ણા અને વેણા (૨) એ બે નદીઓની વચ્ચે બ્રહ્મદ્વીપ આવેલો છે. કૃષ્ણાની એકતા વર્તમાન કૃષ્ણા સાથે સ્થાપવામાં આવી છે.

कतपुण्ण	*श्र.*	*कृतपुण्य*	કૃતપુણ્ય	રાજગૃહીના વેપારી ધનાવહ(૩)નો પુત્ર. તે બાર વર્ષ ગણિકા સાથે રહ્યો અને તેણે પોતાની સઘળી સંપત્તિ ગુમાવી. પછી એક વૃદ્ધાએ તેને દત્તક પુત્ર તરીકે સ્વીકાર્યો. છેવટે સંસાર ત્યાગ કરી તીર્થંકર મહાવીરનો શિષ્ય બની ગયો હતો. કૃતપુણ્ય પોતાના પૂર્વભવમાં ગરીબ ગોવાળનો પુત્ર હતો તેણે અત્યંત ભક્તિપૂર્વક સાધુને ભિક્ષા આપેલી
कतमालअ	*दे.*	*कृतमालक*	કૃતમાલક	જુઓ 'કયમાલઅ'.
१. कत्तवीरिय	*क.*	*कार्तवीर्य*	કાર્તવીર્ય	હસ્તિનાપુરના રાજા અનંતવીર્યનો પુત્ર. તારા(૨) તેની પત્ની હતી. સુભૂમ(૧) તેનો પુત્ર હતો. તેણે રામ(૩)ના (અર્થાત્ પરસુરામના) પિતા જમદગ્નિને હણ્યા હતા. રામે પિતાની હત્યાનું વેર વાળવા કૃતવીર્યને હણ્યો હતો.
२. कत्तवीरिय	*श्र.*	*कार्तवीर्य*	કાર્તવીર્ય	ચક્રવર્તી ભરત(૧) પછી મોક્ષ પ્રાપ્ત કરનાર આઠ મહાપુરુષોમાંનો એક. તે બલવીરિયનો પુત્ર હતો.
१. कत्तिअ	*स.*	*कार्तिक*	કાર્તિક	મહિનાનું નામ.
२. कत्तिअ	*श्र.*	*कार्तिक*	કાર્તિક	હસ્તિનાપુર નગરનો વેપારી. એક વાર જિતશત્રુ (૧૬) રાજાએ તેને બોલાવ્યો અને તાપસ(૪)ને ભોજન આપવા આજ્ઞા કરી. પરંતુ તેને તાપસમાં શ્રદ્ધા ન હતી તેમજ તાપસ માટે આદર ન હતો, તેથી તેને રાજાની આજ્ઞાથી ત્રાસ થયો. પરિણામે તેણે સંસારનો ત્યાગ કર્યો, તે ૧૦૦૮ વેપારીઓ સાથે તીર્થંકર મુણિસુવ્વયનો શિષ્ય બની ગયો. બાર વર્ષની શ્રમણજીવનની સાધના પછી તેણે મરીને સુધર્મ(૧) સ્વર્ગમાં(કલ્પમાં) શક્ર(૩) તરીકે જન્મ લીધો.
३. कत्तिअ	*आ.*	*कार्तिक*	કાર્તિક	અનુત્તરોપપાતિકદશાના એક અધ્યયન. તે નાશ પામ્યું છે.
४. कत्तिअ	*ती.*	*कार्तिक*	કાર્તિક	ભરતક્ષેત્રના છઠ્ઠા ભાવિ તીર્થંકર દેવશ્રુતનો પૂર્વભવ.
५. कत्तिअ	*श्र.*	*कार्तिक*	કાર્તિક	એક આચાર્ય. રોહીડગ નગરમાં ક્રોધે ભરાયેલા એક ક્ષત્રિયે તેમનો વધ કર્યો હતો.
कत्तिआ	*दे.ज.*	*कृतिका*	કૃતિકા	જુઓ 'કૃતિકા'.
कत्तिइ	*स.*	*कार्तिकी*	કાર્તિકી	કાર્તિક મહિનાનો પૂર્ણિમાનો દિવસ.
कत्तिय	*श्र.*	*कार्तिक*	કાર્તિક	જુઓ 'કત્તિઅ'.
कत्तिया	*दे.ज.*	*कृत्तिका*	કૃત્તિકા	અઠ્યાવીસ નક્ષત્રમાંનુ એક. તેનો અધિષ્ઠાતા દેવ અગ્નિ(૧) છે. તેનું ગોત્રનામ અગ્નિવેસ(૩) છે.

कदलिसमागम	*ऐ.*	*कदलिसमागम*	કદલિસમાગમ	જુઓ 'કયલિસમાગમ'.
कद्दमअ	*दे.*	*कर्दमक*	કર્દમક	અનુવેલંધર દેવોનો ઇંદ્ર. તે વરુણ(૧)ના કુટુંબનો સભ્ય છે. તેનો વાસ વિદ્યુત્પ્રભ(૨) પર્વત ઉપર છે. જુઓ અનુવેલંધરનાગરાય.
१. कप्प	*भौ.*	*कल्प*	કલ્પ	સ્વર્ગીય ક્ષેત્રોનો વર્ગ. વિગતો માટે જુઓ 'કપ્પોવગ'.
२. कप्प	*आ.*	*कल्प*	કલ્પ	અંગબાહ્ય કાલિક આગમગ્રન્થ. લોકોમાં તે બૃહત્કલ્પસૂત્ર તરીકે પ્રસિદ્ધ છે. છ અધ્યયનોમાં વિભક્ત છે. આ અધ્યયનો શ્રમણ–શ્રમણીઓના આચારના વિધિ–નિષેધરૂપ નિયમોનું નિરૂપણ કરે છે. તેમનાં ભક્ષ્ય, ઉપકરણ, રોકાવાના સ્થાનો વગેરે અંગેના વિધિનિષેધોનું વિવરણ આ ગ્રન્થમાં છે. વ્રતપાલનમાં થતા અતિચારો યા નાનામોટા દોષો સંબંધી પ્રાયશ્ચિત્તોનું પણ વિધાન તેમાં છે.
३. कप्प	*क.*	*कल्प*	કલ્પ	પાડલિપુત્રના બ્રાહ્મણ 'કપિલ'(૬)નો પુત્ર. તે બહુ બુદ્ધિમાન હતો. તે એક 'મરુય'ની દીકરીને પરણેલો. તે જ નગરના રાજા નંદનો મંત્રી હતો. રાજાને ઘણો ઉપયોગી અને મદદગાર સાબિત થયો હતો. જો કે રાજાએ તેને ઘણો પરેશાન કર્યો અને ત્રાસ આપ્યો છતા તે સદા રાજાને વફાદાર રહ્યો. તેને 'કલ્પક' કે 'કલ્પગ' પણ કહે છે.
कप्पणिज्जुत्ति	*आ.*	*कल्पनिर्युक्ति*	કલ્પનિર્યુક્તિ	કલ્પ(૨) ઉપર ભદ્રબાહુએ રચેલી એક પ્રકારનું ગાથાબદ્ધ વિવેચન. ભાષ્યની ગાથાઓથી નિર્યુક્તિની ગાથાઓને અલગ કરવી કઠિન છે.
कप्पपेढा	*आ.*	*कल्पपीठिका*	કલ્પપીઠિકા	કલ્પ(૨)નો પ્રાસ્તાવિક ભાગ.
कप्पपेढिया	*आ.*	*कल्पपीठिका*	કલ્પપીઠિકા	કલ્પ(૨)નો પ્રાસ્તાવિક ભાગ.
कप्पभास	*आ.*	*कल्पभाष्य*	કલ્પભાષ્ય	કલ્પનિર્યુક્તિ ઉપર એક પ્રકારે ગાથાબદ્ધ વિવેચન તે બે રૂપમાં મળે છે — બૃહત્કલ્પલઘુભાષ્ય અને બૃહત્કલ્પબૃહદ્ભાષ્ય .
कप्पवडंसिया	*आ.*	*कल्पावतंसिका*	કલ્પાવતંસિકા	અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. તે ઉપાંગ અંતર્ગત્ છે. તેમાં દસ અધ્યયનો છે.
कप्पवडिंसिया	*आ.*	*कल्पावतंसिका*	કલ્પાવતંસિકા	જુઓ ઉપર.
कप्पातीत	*दे.*	*कल्पातीत*	કલ્પાતીત	બાર કલ્પો (સ્વર્ગીય ક્ષેત્રો યા સ્વર્ગો)થી પણ ઉપર વસતા ગ્રૈવેયક અને અનુત્તરોપપાતિક અથવા અનુત્તર દેવોનું બીજું નામ.
१. कप्पासिअ	*अ.*	*कार्पासिक*	કાર્પાસિક	એક લૌકિક શાસ્ત્ર.
२. कप्पासिअ	*अ.*	*कार्पासिक*	કાર્પાસિક	કપાસીયાનો વેપાર કરનારાઓની આર્ય મંડળી.

१. कप्पिआ	*आ.*	*कल्पिका*	કલ્પિકા	એક અંગબાહ્ય કાલિક આગમગ્રન્થ. નિરયાવાલિકા (૧)થી તદ્ધન અલગ ગ્રન્થ તરીકે તેનો ઉલ્લેખ થયો છે. સંભવતઃ નિરયાવાલિકા(૨) અને આ કપ્પિઆ એક જ છે.
२. कप्पिआ	*आ.*	*कल्पिका*	કલ્પિકા	તે નિરયાવાલિકા(૨)ના પાંચ વિભાગોમાંનો એક વિભાગ છે. નિરયાવાલિકા(૧) અને આ કપ્પિયા એક જણાય છે.
कप्पियाकप्पिय	*आ.*	*कल्पिकाकल्पिक*	કલ્પિકાકલ્પિક	એક અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર જે નષ્ટ થઈ ગયો છે.
कप्पोवग	*दे.भौ.*	*कल्पोपग*	કલ્પોપગ	બાર સ્વર્ગો (કલ્પો) અને તેમાં વસતા દેવોને કપ્પોવગ કહે છે– (૧) સુધર્મ, (૨)ઈસાન, (૩) સનત્કુમાર, (૪) માહેંદ્ર, (૫) બ્રહ્મલોક, (૬) લંતગ, (૭) મહાશુક્ર, (૮) સહસ્સાર, (૯) આનત, (૧૦) પ્રાણત, (૧૧) આરણ (૧૨) અચ્યુત.
कब्बडअ	*दे.ज.*	*कर्बटक*	કર્બટક	આ અને 'કબ્બડગ' એક છે.
कब्बडग	*दे.ज.*	*कर्बटक*	કર્બટક	અઠ્યાસી ગ્રહમાંનો એક. તે 'કબ્બુરઅ' અને 'કવ્વરઅ' નામોથી પણ પ્રસિદ્ધ છે.
कब्बुरअ	*दे.ज.*	*कर्बुरक*	કર્બુરક	આ અને 'કબ્બડગ' એક છે.
कमल	*अ.*	*कमल*	કમલ	નાગપુરનો વેપારી. કમલશ્રી(૨) તેની પત્ની હતી અને કમલા તેની દીકરી હતી.
कमलदल	*दे.*	*कमलदल*	કમલદલ	એક યક્ષ દેવ જે તેના પૂર્વભવમાં મહાવત હતો.
कमलप्पभ	*अ.*	*कमलप्रभ*	કમલપ્રભ	નાગપુરનો વેપારી. કમલપ્પભા તેની પુત્રી હતી.
१. कमलप्पभा	*ऐ.*	*कमलप्रभा*	કમલપ્રભા	નાગપુરના વેપારી કમલપ્રભની પુત્રી. સંસાર ત્યાગી તીર્થંકર પાર્શ્વની શિષ્યા બની . મૃત્યુ પછી પિશાચ દેવોના ઇંદ્ર કાલ(૪)ની પત્ની રૂપે જન્મી મહાકાલ(૯)ની મુખ્યપત્ની પણ કમલપ્પભા છે.
२. कमलप्पभा	*आ.*	*कमलप्रभा*	કમલપ્રભા	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું બીજું અધ્યયન.
१. कमलसिरी	*अ.*	*कमलश्री*	કમલશ્રી	વીતસોગાના રાજા મહાબલ(૨)ની પત્ની. તેમને બલભદ્ર(૩) નામનો પુત્ર હતો.
२. कमलसिरी	*अ.*	*कमलश्री*	કમલશ્રી	નાગપુરના વેપારી કમલની પત્ની.
१. कमला	*श्र.दे.*	*कमला*	કમલા	નાગપુરના કમલ અને કમલશ્રી (૨)ની દીકરી. તે સંસારનો ત્યાગ કરી તીર્થંકર પાર્શ્વ(૧)ની શિષ્યા બની. મૃત્યુ પછી તેણે ઇંદ્ર કાલ(૪)ની એક મુખ્ય પત્ની તરીકે જન્મ લીધો. મહાકાલ(૯)ની એક મુખ્ય પત્નીનું નામ પણ કમલા છે.

२. कमला	*आ.*	*कमला*	કમલા	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું પહેલું અધ્યયન.
कमलामेल	*च.*	*कमलामेल*	કમલામેલ	ચક્રવર્તી ભરત(૧)નો એક અશ્વ.
कमलामेला	*श्र.*	*कमलामेला*	કમલામેલા	બારાવતીની રાજકુમારી. ઉગ્રસેનના પૌત્ર ધનદેવ (૫) સાથે તેનું સગપણ થયું હતું. 'સંબ'(૨)ની મદદથી તેનું અપહરણ કરવામાં આવ્યું અને નિશઢ અને પ્રભાવતીના પુત્ર સાગરચંદ્ર સાથે તેને પરણાવવામાં આવી. પછીથી કમલામેલા સંસાર છોડી તીર્થંકર અરિષ્ટનેમિની શિષ્યા બની.
१. कमलावइ	*श्र.*	*कमलावती*	કમલાવતી	ઈષુકાર(૧) રાજાની રાણી. તેણે રાજાને સમ્યગ્દર્શન કરાવ્યું અને તેની સાથે સંસારનો ત્યાગ કરી પૂર્ણતાને યા મોક્ષને પામી.
२. कमलावइ	*क.*	*कमलावती*	કમલાવતી	મણિચૂડ રાજાની રાણી અને રત્નાવહના રાજકુમાર મણિપ્રભ(૨)ની માતા.
कमलुज्जलपुरी	*ऐ.*	*कमलोज्ज्वलपुरी*	કમલોજ્જ્વલપુરી	જે નગરમાં ઐરાવત ક્ષેત્રના ચોવીસમા તીર્થંકર વારિસેણ નિર્વાણ પામ્યા તે નગર.
कमारगाम	*ऐ.*	*कर्मारग्राम*	કર્મારગ્રામ	જુઓ 'કંમારગામ'.
१. कम्म	*आ.*	*कर्म*	કર્મ	ભગવતીસૂત્રના શતક ૧૩નો ઉદ્દેશક ૮, છઠ્ઠા શતકનો ઉદ્દેશક ૯ અને શતક ૧૬ નો ઉદ્દેશક ૩
२. कम्म	*आ.*	*कर्म*	કર્મ	પ્રજ્ઞાપનાનું તેવીસમું પદ (પ્રકરણ).
३. कम्म	*आ.*	*कर्म*	કર્મ	બ્રહ્મદશાનું દસમું અધ્યયન.
कम्मपगडि	*अ.*	*कर्मप्रकृति*	કર્મપ્રકૃતિ	જુઓ 'કમ્મપ્પયડિ'.
कम्मपयडि	*आ.*	*कर्मप्रकृति*	કર્મપ્રકૃતિ	જુઓ 'કમ્મપ્પયડિ – ૨'.
१. कम्मप्पयडि	*अ.*	*कर्मप्रकृति*	કર્મપ્રકૃતિ	કર્મ અને તત્સંબંધી વિષયોનું નિરૂપણ કરતો ગ્રન્થ આચાર્ય નાગહસ્તિ આ ગ્રન્થના જ્ઞાતા હતા.
२. कम्मप्पयडि	*आ.*	*कर्मप्रकृति*	કર્મપ્રકૃતિ	ઉત્તરાધ્યયનનું તેંત્રીસમું અધ્યયન.
कम्मप्पवाय	*आ.*	*कर्मप्रवाद*	કર્મપ્રવાદ	કર્મપ્રકૃતિ વગેરેનું નિરૂપણ કરતો આઠમું પૂર્વ.
कम्मबंधअ	*आ.*	*कर्मबन्धक*	કર્મબન્ધક	પ્રજ્ઞાપનાનું ચોવીસમું પદ (પ્રકરણ). જુઓ બંધ.
कम्मभूमि	*भौ.*	*कर्मभूमि*	કર્મભૂમિ	એવો પ્રદેશ જ્યાં માણસ યુદ્ધકળા (અસિ), લેખન યા સાહિત્યકળા (મસી), કૃષિ (ખેતી) એ ત્રણમાંથી કોઈ એક દ્વારા પોતાની આજીવિકા મેળવે છે. આવા ક્ષેત્રો પંદર છે– પાંચ ભરતક્ષેત્રો, પાંચ ઐરાવતક્ષેત્રો, પાંચ મહાવિદેહક્ષેત્રો. તેમાં ત્રણ ક્ષેત્રો (દરેક વર્ગમાંથી એક–એક)જંબૂદ્વીપમાં છે, છ ક્ષેત્રો (દરેક વર્ગમાંથી બબ્બે)ધાતકીખંડમાં છ ક્ષેત્રો પુષ્કરવરદ્વીપમાં છે. જુઓ અકર્મભૂમિ.

कम्मविवाग	*आ.*	*कर्मविपाक*	કર્મવિપાક	શુભ અને અશુભ કર્મોના ફળોને ૪૩ અધ્યયનો માં સમજાવતું આગમ સૂત્ર.
कम्मविवागदसा	*आ.*	*कर्मविपाकदशा*	કર્મવિપાકદશા	વિપાકશ્રુતના શ્રુતસ્કન્ધ–૧ દુ:ખવિપાકનું બીજું નામ. તેમાં દસ અધ્યયનો છે– (૧) મિયાપુત્ર, (૨) ગોત્તાસ, (૩) અંડ, (૪) સગડ, (૫) માહણ, (૬) નંદિસેણ, (૭) સોરિય, (૮) ઉદુંબર, (૯) સહસુદ્ધાહ–આમલય અને (૧૦) કુમારલેચ્છઈ. ***(વિપાકશ્રુતની વર્તમાન પ્રતિ માં આ ૪ શીર્ષકો નીચે આ અધ્યયનો ઉપલબ્ધ નથી).***
कम्मवेदअ	*आ.*	*कर्मवेदक*	કર્મવેદક	પ્રજ્ઞાપનાનું પચીસમું પદ (પ્રકરણ).
कम्मारग्गाम	*ऐ.*	*कर्मारग्राम*	કર્મારગ્રામ	જુઓ 'કંમારગામ'.
कयंगला	*ऐ.*	*कृताङ्गला*	કૃતાઙ્ગલા	એક નગર, જ્યાં મહાવીર ગયા હતા. આ નગરના પરિસરમાં છત્તપલાસ નામનું ઉદ્યાન તેમજ ચૈત્ય હતું. પાખંડી દરિદ્વેઅહીં ગોસાલકને માર મારેલો.
कयमाल	*दे.*	*कृतमाल*	કૃતમાલ	જુઓ 'કયમાલઅ'.
कयमालअ	*दे.*	*कृतमालक*	કૃતમાલક	તમિસ્રા ગુફાનો અધિષ્ઠાતા દેવ. ચંપાના રાજા કોણીકે તેને હણ્યો હતો.
कयमालग	*दे.*	*कृतमालक*	કૃતમાલક	જુઓ 'કયમાલઅ'.
कयमालिअ	*दे.*	*कृतमालक*	કૃતમાલક	જુઓ 'કયમાલઅ'.
कयलिसमागम	*ऐ.*	*कदलिसमागम*	કદલિસમાગમ	જે નગરમાં મહાવીર ગયા હતા તે નગર.
कयवणमालपिय	*दे.*	*कृतवनमालप्रिय*	કૃતવનમાલપ્રિય	હસ્તિશીર્ષ નગરના પુષ્પકરંડઅ(૧) ઉદ્યાનમાં વસતો એક યક્ષ દેવ.
कयवम्म	*ती.*	*कृतवर्मन्*	કૃતવર્મન્	તેરમાં તીર્થંકર વિમલના પિતા, તેમની રાણી સામા હતી.
कर	*दे.ज.*	*कर*	કર	અઠ્યાસી ગ્રહમાંનો એક. જુઓ 'કરકરિગ'.
करकंड	*अ.ता*	*करकण्ड*	કરકણ્ડ	એક બ્રાહ્મણ પરિવ્રાજક અને તેના અનુયાયીઓ.
करकंडु	*श्र.प्र.*	*करकण्डु*	કરકણ્ડુ	ચંપાના રાજા દધિવાહન, રાણી પદ્માવતી (૮)નો પુત્ર. તેના જન્મ વખતે પદ્માવતી શ્રમણી હતી કેમ કે તેણે સગર્ભાવસ્થામાં સંસારનો ત્યાગ કર્યો હતો. જન્મ પછી તરત જ કરકંડુને મસાણમાં ત્યજી દીધેલો. તેથી તે અવકિર્ણપુત્ર (ત્યજાયેલ પુત્ર) નામે પણ ઓળખાતો હતો. એક બળદની દશામાં થયેલા પરિવર્તનને જોઈ તેને સંસારની અસારતા સમજાઈ અને પરિણામે તેણે સંસારનો ત્યાગ કર્યો. તેને પ્રત્યેકબુદ્ધ ગણવામાં આવે છે.
करकरअ	*दे.ज.*	*करकरक*	કરકરક	આ અને કરકરિગ એક છે.
करकरिअ	*दे.ज.*	*करकरिक*	કરકરિક	આ અને કરકરિગ એક છે.

करकरिग	*दे.ज.*	*करकरिक*	કરકરિક	અઠ્યાસી ગ્રહમાંનો એક. 'કર' અને 'કરિઅ'નો બે જુદા ગ્રહો તરીકે પણ ઉલ્લેખ મળે છે.
करड	*अ.*	*करट*	કરટ	કુણાલા(૧)ના વતની અને સાકેતમાં મૃત્યુ પામેલા બે ગુરુઓમાંના એક ગુરુ.
१. करण	*अ.ज.*	*करण*	કરણ	જ્યોતિષશાસ્ત્રે કરેલ દિવસનો ભાગ. અગિયાર કરણો છે. તેમાંથી પ્રથમ સાત ગતિશીલ છે અને બાકીના સ્થિર છે. તે અગિયાર કરણો આ પ્રમાણે છે — બવ, બાલવ, કોલવ, થીવિલોઅણ, ગરાઈ, વણિઞ્જ, વિટ્ઠિ, સઉણિ, ચઉપ્પય, નાગ, કિંથુગ્ઘ
२. करण	*आ.*	*करण*	કરણ	ભગવતીસૂત્રના શતક ૧૯ નો નવમો ઉદ્દેશક.
करिअ	*दे.ज.*	*करिक*	કરિક	અઠ્યાસી ગ્રહમાનો એક. જુઓ કરકરિગ.
१. कलंद	*अ.गो*	*कलन्द*	કલંદ	જે છ પરિવ્રાજકો (દિશાચરો) ગોસાલક પાસે આવ્યા હતા તેમાંનો એક.
२. कलंद	*अ.*	*कलन्द*	કલંદ	એક આર્ય જાતિ. આ અને કલિંદ એક છે.
कलंबवालुया	*भौ.न*	*कदंबवालुका*	કદંબવાલુકા	(નરકભૂમિમાં આવેલી) એક નદી. તેની રેતી વજ્ર જેવી સખત છે.
कलंबुया	*ऐ.*	*कलम्बुका*	કલંબુકા	જે સ્થળે મહાવીર આવ્યા હતા તે સ્થળ. અંગ નામક પ્રાચીન દેશના પૂર્વ ભાગમાં આવેલું છે.
कलाद	*अ.*	*कलाद*	કલાદ	તેતલિપુરમાં રહેતો સોની. ભદ્રા(૧૮) તેની પત્ની હતી. તેમને એક પોટ્ટિલા નામે પુત્રી હતી.
कलाय	*आ.*	*कलात*	કલાત	ભગવતીસૂત્રના શતક ૨૧, વર્ગ ૨ નું પ્રકરણ ૧.
कलावइ	*श्रा.*	*कलावती*	કલાવતી	એક ઉમદા સ્ત્રી.
कलिंग	*ऐ.*	*कलिङ्ग*	કલિઙ્ગ	એક આર્ય દેશ અને તેના લોકો. કંચનપુર તેનું પાટનગર હતું. એક દેવે પૂર દ્વારા તેના વિનાશનું ભવિષ્ય ભાખેલું. સોપારગનો સુથાર કોક્કાસ વિમાનમાં કલિંગ ગયેલો. કરકંડુ ત્યાં રાજા હતો.
कलिंद	*अ.*	*कलिन्द*	કલિન્દ	એક આર્ય જાતિ. આ અને કલંદ એક છે.
१. कविल	*च.*	*कपिल*	કપિલ	ધાતકીખંડના ભરતક્ષેત્રના પૂર્વાર્ધના વાસુદેવ, તેમની રાજધાની ચંપા હતી. તેણે અને જંબૂદ્વીપ ના ભરતક્ષેત્રના દક્ષિણાર્ધના વાસુદેવ કૃષ્ણ એ એકબીજા સામે શંખ ફૂંક્યા હતા. કપિલે અવર–કંકાના રાજા પદ્મનાભને રાજગાદી પરથી ઉઠાડી તેના પુત્રને રાજગાદી સોંપી હતી.

२. कविल	*अ.ता*	*कपिल*	કપિલ	સાંખ્ય તરીકે પ્રસિદ્ધ એક પાખંડી દર્શનના સ્થાપક. તે એક રાજકુમાર હતા જે સંસારનો ત્યાગ કરી ભરતના પુત્ર મરીચીના શિષ્ય બન્યા હતા. તેમનો શિષ્ય આસુરી હતો. તેમણે આસુરીને ષષ્ઠીતંત્રનો ઉપદેશ આપ્યો. આ ષષ્ઠીતંત્ર ૨૪ તત્ત્વોનું નિરૂપણ કરે છે
३. कविल	*श्र.*	*कपिल*	કપિલ	કોસંબીના 'કાસવ'(૪) અને 'જસા'(૧)નો પુત્ર. કાસવ રાજા જિતશત્રુ(૨૫)નો રાજપુરોહિત હતો. જ્યારે કાસવ મરણ પામ્યો ત્યારે તેની જગ્યાએ બીજા કોઈ પુરુષની નિમણૂક કરવામાં આવી. પછી કાસવના મિત્ર ઇંદ્રદત્ત(૪) પાસે ભણવા માટે જસાએ કપિલને શ્રાવસ્તી મોકલ્યો. તેણે કપિલને ધન શેઠ પાસે જવા કહ્યું, ધન સવારમાં સૌપ્રથમ આવી પોતાને નમસ્કાર કરનારને બે ગીની આપે છે. એટલે કપિલ રાત્રિના સમયે ધનશેઠના ઘરે જવા નીકળી પડ્યો પરંતુ ચોકીદારોએ ચોર સમજી તેને પકડી રાજા આગળ રજૂ કર્યો. કપિલે રાજાને સાચી હકીકત જણાવી. રાજા તે સાંભળી તેના ઉપર પ્રસન્ન થયા, તેને જે માંગે તે આપવાનું વચન આપ્યું. શું માંગવું તેનો જેમ જેમ વિચાર કરતો ગયો તેમ તેમ તે માંગવાની ધનરાશિ વધારતો જ ગયો. આ વાતે મનમાં પરિવર્તન આણ્યું. પરિણામે સંસાર ત્યજી દીધો. તપ આદર્યું, છેવટે કેવલજ્ઞાન પામ્યો. આ કથા વડે ઉત્તરાધ્યયનનું આઠમું અધ્યયન બન્યું છે.
४. कविल	*क.*	*कपिल*	કપિલ	આચાર્ય સુસ્થિતનો શિષ્ય. તે જેમના મકાનમાં રોકાયેલો,તે મકાનમાલિકની પુત્રી ઉપર તેણે બળાત્કાર કરેલો. તે પાપકૃત્યથી ક્રોધે ભરાયેલા મકાનમાલિકે કુહાડીથી તેનું લિંગ કાપી નાંખ્યુ.
५. कविल	*अ.*	*कपिल*	કપિલ	પાડલિપુત્રના કલ્પકના પિતા.
६. कविल	*अ.ता*	*कपिल*	કપિલ	પરિવ્રાજકોનો એક વર્ગ.
कविलबडुअ	*क.*	*कपिलबटुक*	કપિલબટુક	રાજગૃહીના બ્રાહ્મણનો શિષ્ય. પોતાના પૂર્વભવ માં સિંહ હતો અને ત્રિપૃષ્ઠએ તેને મારી નાંખ્યો. આ ત્રિપૃષ્ઠ મહાવીરનો પૂર્વભવ હતો. પૂર્વભવના ભયના કારણે 'કપિલબડુઅ' ને મહાવીરનો ભય લાગતો હતો. મહાવીરના પ્રથમ ગણધર ગૌતમે પોતાના શિષ્ય તરીકે તેનો સ્વીકાર કર્યો હતો.

कविला	*अ.*	*कपिला*	કપિલા	રાજા શ્રેણિકની આજ્ઞા છતાં મુનિને હૃદયપૂર્વક ભિક્ષા આપવા તૈયાર ન થનારી બ્રાહ્મણ દાસી.
कव्वरअ	*दे.ज.*	*कर्बरक*	કર્બરક	આ અને 'કબ્બડગ' એક છે.
कसाय	*आ.*	*कषाय*	કષાય	પ્રજ્ઞાપનાનું ચૌદમું પદ (પ્રકરણ).
काइंदी	*ऐ.*	*काकन्दी*	કાકન્દી	જુઓ 'કાગંદી'.
काअ	*दे.ज.*	*काय*	કાય	આ અને 'કાય'(૧) એક છે.
कांतिमती	*क.*	*कान्तिमती*	કાન્તિમતી	કોસલાઉરના વેપારી નંદ(૨)ની દીકરી. તેને સાકેતના અસોકદત્તના પુત્ર સાગરદત્ત(૩) સાથે પરણાવવામાં આવી હતી. શ્રીમતી(૧) તેની મોટી બહેન હતી.
काउस्सग्ग	*आ.*	*कायोत्सर्ग*	કાયોત્સર્ગ	આવશ્યકનું પાંચમું અધ્યયન.
काक	*दे.ज.*	*काक*	કાક	આ અને ગ્રહ કાય(૧) એક છે.
काकंदी	*ऐ.*	*काकन्दी*	કાકન્દી	જુઓ કાગંદી.
काकंध	*दे.ज.*	*कर्कन्ध*	કર્કન્ધ	આ અને કક્કંધ એક જ છે.
काकवण्ण	*क.*	*काकवर्ण*	કાકવર્ણ	પાડલિપુત્રના રાજા જિતશત્રુ(૨૮)નું બીજું નામ. તેણે ઉજ્જૈનીના રાજા ઉપર આક્રમણ કર્યું, તેને બંદી બનાવ્યો અને તેનું રાજ્ય પડાવી લીધું. ત્યાં તેલ માલિશના કારણે તે કાગડા જેવો કાળો થઈ ગયો. તેથી કાકવર્ણ નામે તે ઓળખાવા લાગ્યો.
कागंदी	*ऐ.*	*काकन्दी*	કાકન્દી	ભરતક્ષેત્રનું પ્રાચીન નગર. તીર્થંકર સુવિધિ નો જન્મ અહીં થયો હતો. મહાવીર અહીં આવેલા. જિતશત્રુ(૧૧) અને અમૃતઘોષ અહીં રાજ કરતા હતા. ધૃતિધર, ક્ષેમક(૨), ચંડવેગ અને ધન્ન(૫) આ નગરના હતા. છઠ્ઠા વાસુદેવે પોતાના પૂર્વ–ભવમાં અહીં તપ કર્યું હતું.
कातिय	*श्र.*	*कार्तिक*	કાર્તિક	જુઓ 'કત્તિઅ'.
कापिलिज्ज	*आ.*	*कापिलीय*	કાપિલીય	ઉત્તરાધ્યયનનું આઠમું અધ્યયન.
कामकम	*दे.*	*कामकर्म*	કામકર્મ	આ અને કામગમ એક છે.
कामगम	*दे.*	*कामकर्म*	કામકર્મ	લાંતક સ્વર્ગ(કલ્પ)ના ઇંદ્રના કામગમ નામના વિમાનનો વ્યવસ્થાપક દેવ.
कामज्झया	*अ.*	*कामध्वजा*	કામધ્વજા	વાણિજ્યગામની ગણિકા. જુઓ ઉજ્જિતક(૨).
कामफास	*दे.ज.*	*कामस्पर्श*	કામસ્પર્શ	અઠ્યાસી ગ્રહમાંનો એક. તેનો ઉલ્લેખ બે જુદા ગ્રહો કાસ અને ફાસ તરીકે પણ થયો છે.
१. कामदेव	*आ.*	*कामदेव*	કામદેવ	ઉપાસકદશાનુ બીજું અધ્યયન.

२. कामदेव	*श्रा.*	*कामदेव*	કામદેવ	મહાવીરના મુખ્ય દસ ઉપાસકોમાંનો બીજો. તે ચંપાનગરીનો વેપારી હતો. તેની પત્નીનું નામ ભદ્રા (૩૬) હતું. તેની પાસે ૧૮ કરોડ સોના–મહોર હતી. એક દેવ ધર્મશ્રદ્ધામાં તેની દ્રઢતાની પરીક્ષા કરવા આવ્યો, ભયંકર પરિણામોની તેને ધમકી આપી. તેના શરીરને અસહ્ય ત્રાસ આપ્યો છતાં તે પોતાની ધર્મશ્રદ્ધામાંથી ચલિત ન થયો. ભ૦ મહાવીર તેમના શ્રમણો અને શ્રમણીઓને આ કથાનો નિષ્કર્ષ જણાવતા કહે છે– ગૃહસ્થ હોવા છતાં તેણે વિઘ્નો અને યાતનાઓનો જે મક્કમતાથી સામનો કર્યો, તે રીતે બાર અંગના સ્વાધ્યાયને અનુલક્ષી મહાવીરે તેમને સઘળા પ્રલોભનો સામે દ્રઢપણે ટકી રહેવા, પ્રલોભનોને જરાપણ વશ ન થવા સલાહ આપી હતી.
काममहावण	*ऐ.गो.*	*काममहावन*	કામમહાવન	મહાવીર જ્યાં આવ્યા હતા તે વાણારસીનું એક ચૈત્ય. અહીં જ ગોસાલકે પોતાનો ચોથો પ્રવૃતપરિહાર (પરકાયપ્રવેશ) કર્યો હતો.
कामिड्ढियगण	*अ.ती*	*कामर्धिकगण*	કામર્ધિકગણ	મહાવીરની આજ્ઞામાં રહેલા નવ ગણોમાંનો એક
१. काय	*दे.ज.*	*काक*	કાક	અઠ્યાસી ગ્રહમાંનો એક.
२. काय	*ऐ.*	*काक*	કાક	અનાર્ય જાતિ અને તેમનો દેશ.
कायंदग	*अ.*	*काकन्दिक*	કાકંદિક	કાકંદીનો રહેવાસી.
कायंदी	*ऐ.*	*काकन्दी*	કાકંદી	જુઓ કાગંદી.
कायट्ठिइ	*आ.*	*कायस्थिति*	કાયસ્થિતિ	પ્રજ્ઞાપનાનું અઢારમું પદ (પ્રકરણ).
कायरअ	*अ.गो*	*कातरक*	કાતરક	ગોસાલકના બાર મુખ્ય ઉપાસકોમાંનો એક.
कायरिअ	*दे.*	*कातरिक*	કાતરિક	લોકપાલ વરુણ(૧)ના કુટુંબનો સભ્ય.
१. काल	*क.*	*काल*	કાલ	રાજા શ્રેણિક(૧) અને તેની રાણી કાલી(૫)નો પુત્ર. કૂણિકના પક્ષે વૈશાલીના રાજા ચેડગ સાથે યુદ્ધમાં લડતા તે ચેડગ દ્વારા હણાયો હતો.
२. काल	*दे.ज.*	*काल*	કાલ	અઠ્યાસી ગ્રહમાંનો એક.
३. काल	*दे.*	*काल*	કાલ	વાયુકુમાર દેવોનો લોકપાલ. તેની મુખ્ય પત્ની ની સંખ્યા અને તેમના નામો કાલવાલ(૧)ની મુખ્ય પત્નીની સંખ્યા અને તેમના નામો સમાન જ છે.
४. काल	*दे.*	*काल*	કાલ	પિશાચ દેવોના બે ઇન્દ્રોમાંનો એક. તેની મુખ્ય પત્નીઓ — કમલા(૧), કમલપ્પભા, ઉત્પલા અને સુદર્શના છે.

५. काल	*अ.*	*काल*	કાલ	આમલકપ્પાનો વેપારી. તે કાલશ્રીનો પતિ અને કાલી(૩)નો પિતા હતો.
६. काल	*आ.*	*काल*	કાલ	ભગવતીસૂત્રના અગિયારમા શતકનો અગિયારમો ઉદ્દેશક.
७. काल	*दे.*	*काल*	કાલ	વેલંબ(૧)નો લોકપાલ તેમજ પ્રભંજન(૩)નો લોકપાલ. તે અને કાલ(૩) એક છે.
८. काल	*दे.न.*	*काल*	કાલ	નારકીઓને ત્રાસ દેવામાં રત પંદર પરમાધાર્મિક દેવોમાંનો એક. તે જમ(૨)ના કુટુંબનો સભ્ય છે.
९. काल	*भौ.न*	*काल*	કાલ	સાતમી નરકભૂમિ તમસ્તમપ્રભાના છેલ્લા પાંચ સૌથી ભયંકર મહાનરક વાસસ્થાનોમાંનું એક.
१०. काल	*भौ.दे.*	*काल*	કાલ	સહસ્રારકલ્પનું એક સ્વર્ગીય વાસસ્થાન–વિમાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઢાર સાગરોપમ વર્ષનું છે, જ્યાં વસતા દેવો અઢાર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને અઢાર હજાર વર્ષે તેમને એક વાર જ ભૂખ લાગે છે.
११. काल	*दे.*	*काल*	કાલ	લવણસમુદ્રમાં આવેલા વલયામુહ કલશનો અધિષ્ઠાતા દેવ.
१२. काल	*दे.*	*काल*	કાલ	કાલોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.
१३. काल	*आ.*	*काल*	કાલ	નિરયાવાલિકાનું પ્રથમ અધ્યયન.
१४. काल	*क.*	*काल*	કાલ	આ અને 'કાલશૌકરિક' એક છે.
कालअ	*श्र.*	*कालक*	કાલક	જુઓ કાલગ.
कालंजर	*भौ.*	*कालञ्जर*	કાલંજર	આ અને 'કલિંજર' એક છે.
कालखमण	*श्र.*	*कालक्षमण*	કાલક્ષમણ	જુઓ 'કાલગ'(૩).
१. कालग	*श्र.*	*कालक*	કાલક	ધારાવાસના રાજા વજ્રસિંહ અને તેની રાણી સુર–સુંદરીનો પુત્ર. તે સંસાર ત્યજી ગુણાકરના શિષ્ય બન્યા. કાલગની બેન સરસ્વતી પણ સંસારનો ત્યાગ કરી શ્રમણી બની. એક વાર તેના રૂપથી મોહાંધ બની ઉજ્જૈનીનો રાજા ગર્દભિલ્લ તેને બળજબરીથી પોતાના મહેલે લઈ ગયો અને તેને ત્યાં પૂરી રાખી. આચાર્ય કાલકે ગર્દભિલ્લને હરાવ્યો, સરસ્વતીને મુક્ત કરાવી અને શ્રમણી તરીકે પુનઃ પ્રતિષ્ઠિત કરી.

२. कालग	*श्र.*	*कालक*	કાલક	ઉજ્જૈનીના બલમિત્ર અને ભાનુમિત્રના મામા. ભાનુશ્રીના પુત્ર બલભાનુએ તેમની પાસે દીક્ષા લીધી . એક વાર આચાર્ય કાલગ સાતવાહનની રાજધાની પ્રતિષ્ઠાન ગયા હતા. રાજાએ તેમને પર્યુષણાની ઉજવણીના દિવસે સ્થાનિક ઉત્સવ હોવાથી પર્યુષણા ઉજવણી તિથિમાં ફેરફાર કરવા સૂચવ્યું તેમણે રાજાના સૂચનને સ્વીકારી લીધું. સંભવતઃ આ કાલગ અને કાલગ (૧) એક જ વ્યક્તિ છે.
३. कालग	*श्र.*	*कालक*	કાલક	સુવર્ણભૂમિમાં થોડો સમય રોકાયેલા સાગર ના દાદાગુરુ. સાગરને જ્ઞાનનું બહુ અભિમાન હતું. કાલગ સુવર્ણભૂમિ ગયા, તેને સન્માર્ગે વાળ્યો. આ કાલગ પણ કાલગ(૧)સમાન હોઈ શકે
४. कालग	*श्र.*	*कालक*	કાલક	તુરુવિણીના રાજા જિતશત્રુ(૩)ને પોતાની બ્રાહ્મણ પત્નીથી થયેલા પુત્ર દત્ત(૧)ના મામા. જ્યારે આચાર્ય કાલગે દત્તને કહ્યું કે યજ્ઞનું ફળ નરક છે ત્યારે દત્તને માઠુ લાગ્યુ.
कालणदीव	*भौ.*	*काननद्वीप*	કાનનદ્વીપ	જ્યાં અનાજ મેળવવા કે લાવવા વહાણોનો ઉપયોગ થતો તે દ્વીપ.
कालपाल	*दे.*	*कालपाल*	કાલપાલ	જુઓ 'કાલવાલ'.
कालमुह	*अ.*	*कालमुख*	કાલમુખ	ચક્રવર્તી ભરતના સેનાપતિ સુસેણ(૧)એ જીતેલી એક અનાર્ય(અનાર્ય) જાતિ.
कालवडिंसयभवण	*भौ.*	*कालावतंसकभवन*	કાલાવતંસકભવન	ચમરચંચામાં આવેલું એક વાસસ્થાન.
१. कालवाल	*दे.*	*कालपाल*	કાલપાલ	નાગકુમાર દેવોના ઇંદ્ર ધરણના ચાર લોકપાલો માંનો એક. તેને ચાર મુખ્ય પત્નીઓ છે — અસોગા, વિમલા, સુપ્રભા અને સુદર્શના
२. कालवाल	*दे.*	*कालपाल*	કાલપાલ	ભૂતાનંદ(૧)ના ચાર લોકપાલોમાંનો એક. તેની પત્નીઓની સંખ્યા અને તેમના નામો કોલવાલ(૧) ની પત્નીઓની સંખ્યા અને તેમના નામો સમાન જ છે. જુઓ 'નાગવિત્ત'.
कालवेसिय	*श्र.*	*कालवैशिक*	કાલવૈશિક	મથુરા(૧)ના જિતશત્રુ(૧૯) રાજાના પુત્ર. રાજાએ પોતાના મહેલમાં રખાત તરીકે રાખેલી ગણિકા કાલા(૨)ના પેટે તે જન્મ્યા હતા. તે સંસાર છોડી શ્રમણ બન્યા. તે પોતાના શરીર પ્રત્યે એટલા બધા અનાસક્ત હતા કે મુદ્ગસેલ ડુંગર ઉપર શિયાળ તેમના શરીરને ખાઈ ગયું.
कालसंदीव	*अ.*	*कालसन्द्वीप*	કાલસન્દ્વીપ	એક વિદ્યાધર જેને સુજયેષ્ઠાના પુત્ર સત્યકી(૧) એ હણ્યો હતો.

कालसिरी	अ.	*कालश्री*	કાલશ્રી	આમલકપ્પાના વેપારી કાલ(૫)ની પત્ની.
कालसूरिय	क.	*कालशौकरिक*	કાલશૌકરિક	આ અને 'કાલશૌકરિક' એક છે.
कालसोअरिअपुत्त	क.	*कालशौकरिकपुत्र*	કાલશૌકરિકપુત્ર	આ અને કાલશૌકરિકનો પુત્ર સુલસ એક જ છે.
कालसोयरिय	क.	*कालशौकरिक*	કાલશૌકરિક	રોજ ૫૦૦ પાડાને કાપતો રાજગૃહીનો કસાઈ. સુલસ તેનો પુત્ર હતો. મહાવીરે રાજા શ્રેણિકને કહ્યું હતું કે જોશ્રેણિક કાલશૌકરિકને પશુઓની કતલ કરતો બંધ કરશે તો કાલશૌકરિક નરકમાં નહીં જાય. તેથી શ્રેણીકે કાલશૌકરિક કસાઈનો ધંધો બંધ કરી દે તે માટે ઘણા પ્રયત્ન કર્યા. પરંતુ રાજા સફળ થયો નહિ. અને કાલશૌકરિક મૃત્યુ પછી સાતમી નરકે ગયો.
कालसोरिय	क.	*कालशौकरिक*	કાલશૌકરિક	જુઓ કાલશૌકરિક.
कालसोवरिअ	क.	*कालशौकरिक*	કાલશૌકરિક	જુઓ કાલશૌકરિક.
कालहत्थि	अ.	*कालहस्तिन्*	કાલહસ્તિન્	કલંબુયા ગામનો રહેવાસી. તેણે મહાવીર અને ગોસાલકને બાંધી પોતાના મોટા ભાઈ મેઘ(૭)ને હવાલે કર્યા. પરંતુ મેઘે તેમને છોડી મૂક્યા.
१. काला	ऐ.	*काला*	કાલા	પિશાચ દેવોના ઇંદ્ર કાલ(૪)ની રાજધાની.
२. काला	अ.	*काला*	કાલા	મથુરા(૧)ની ગણિકા. તેને રાજા જિતશત્રુ(૧૯) એ પોતાની રખાત તરીકે પોતાના મહેલમાં રાખી. તેને પોતાના પેટે જન્મેલો પુત્ર કાલવેસિય હતો.
कालाय	ऐ.	*कालाक*	કાલાક	તીર્થંકર મહાવીર ગોસાલક સાથે ગયેલા તે સ્થળ
कालायवेसिय	श्र.	*कालादवैशिक*	કાલાદવૈશિક	જુઓ 'કાલવેસિય'.
कालासवेसिकपुत्त	श्र.	*कालास्यवैशिकपुत्र*	કાલાસ્યવૈશિકપુત્ર	જુઓ 'કાલાયવેસિય'.
कालासवेसियपुत्त	श्र.	*कालास्यवैशिकपुत्र*	કાલાસ્યવૈશિકપુત્ર	તીર્થંકર પાર્શ્વ(૧)ની પરંપરાનો શ્રમણ. તેણે મહાવીરના શિષ્યોને કેટલાક પ્રશ્નો પૂછ્યા અને પછી મહાવીરની પરંપરા સ્વીકારી.
कालिअ	आ.	*कालिक*	કાલિક	જુઓ કાલિક.
कालिंजर	भौ.	*कालिञ्जर*	કાલિંજર	જ્યાં પોતાના પૂર્વભવમાં ચિત્ત અને સંભૂતિ હરણ રૂપે જન્મ્યા હતા તે પર્વત.
कालिकेय	ऐ.भौ.	*कालिकेय*	કાલિકેય	જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં વૈતાઢ્ય(૨) પર્વતની બંને પર્વતમાળાઓ ઉપર નમિ(૩) અને વિનમિએ સ્થાપેલા સોળ જનપદો (દેશો)માંનો એક. તે કાલિકેય નામના વિદ્યાધર લોકોના વસવાટવાળો હતો. તેઓ જે વિદ્યામાં નિષ્ણાત હતા તે વિદ્યાનો અધિષ્ઠાતા દેવ પણ કાલિકેય નામનો હતો.

कालिय	*आ.*	*कालिक*	કાલિક	અંગબાહ્ય આવશ્યકવ્યતિરિક્ત આગમગ્રન્થોના બે પ્રકારોમાંનો એક. આ પ્રકારના આગમગ્રન્થો દિવસ તેમજ રાત્રિના ચાર ચાર પ્રહરોમાંથી પહેલા અને છેલ્લા પ્રહરોમાં વાંચી શકાય. નંદીમાં અંગ સૂત્રો ઉપરાંત ૩૧ કાલિક સૂત્રોની યાદી છે. પક્ખીમાં આવા ૩૮ સૂત્રોના નામોનો ઉલ્લેખ છે.
कालियदीव	*भौ.*	*कालिकद्वीप*	કાલિકદ્વીપ	હીરા વગેરેથી ભરપૂર દ્વીપ. હસ્તિશીર્ષના કેટલાક વેપારીઓ ત્યાં ગયા હતા.
कालियपुत्त	*श्र.*	*कालिकपुत्र*	કાલિકપુત્ર	તીર્થંકર પાર્શ્વ(૧)ની પરંપરાનો શ્રમણ.
१. काली	*दे.*	*काली*	કાલી	અસુરકુમાર દેવોના ઇંદ્ર ચમર(૧)ની પાંચ મુખ્ય પત્નીઓમાંની એક.
२. काली	*आ.*	*काली*	કાલી	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પહેલા વર્ગનું પહેલું અધ્યયન.
३. काली	*ऐ.*	*काली*	કાલી	આમલકપ્પાના કાલ અને કાલશ્રીની પુત્રી. તે સંસારનો ત્યાગ કરી તીર્થંકર પાર્શ્વની શિષ્યા બની હતી. મૃત્યુ પછી તે ચમરચંચામાં ઇંદ્ર ચમરની મુખ્ય પત્ની કાલી તરીકે જન્મ પામી. ભવિષ્યમાં તે મહાવિદેહમાં મોક્ષ પામશે.
४. काली	*आ.*	*काली*	કાલી	અંતકૃદ્દશાના આઠમાં વર્ગનું પહેલું અધ્યયન.
५. काली	*श्र.*	*काली*	કાલી	શ્રેણિકરાજાની પત્ની. સંસાર ત્યાગી મહાવીરની શિષ્યા બની હતી. ૮ વર્ષના શ્રમણી જીવન પછી તે મોક્ષ પામી. તપ અનુષ્ઠાન માટે તે પ્રસિદ્ધ હતી
कालीय	*ऐ.भौ.*	*कालिक*	કાલિક	આ અને કાલિકેય એક છે.
कालोअ	*भौ.*	*कालोद*	કાલોદ	ધાતકીખંડને બધી બાજુથી ઘેરતો વર્તુળાકાર સમુદ્ર. તેનો વિસ્તાર ૮ લાખ યોજન છે. પરિધ ૯૧૭૦૬૦૫ યોજનથી થોડો વધારે છે. કાલ અને મહાકાલ તેના અધિષ્ઠાતા દેવો છે. ૭૨ ચન્દ્રો અને ૭૨ સૂર્યો તેના ઉપર પ્રકાશે છે. તે પુષ્કરવર વલયાકાર દ્વીપથી ઘેરાયેલો છે.
कालोद	*भौ.*	*कालोद*	કાલોદ	જુઓ 'કાલોઅ'.
कालोदहि	*भौ.*	*कालोदधि*	કાલોદધિ	આ અને 'કાલોઅ' એક છે.
कालोदाइ	*श्र.*	*कालोदायिन्*	કાલોદાયિન્	રાત્રિ ભોજનના દોષોના સંદર્ભમાં જેનું દ્રષ્ટાન્ત આપવામાં આવ્યું છે તે ભિક્ષુ.
कालोदायि	*श्रा.*	*कालोदायिन्*	કાલોદાયિન્	પાખંડી મત ધરાવતો એક ગૃહસ્થ. ધર્માસ્તિ–કાયના અસ્તિત્વ અને કર્મોના ફળ ઉપર તેને મદ્દુઅ અને તીર્થંકર મહાવીર સાથે ચર્ચા થઈ હતી. પછી તે મહાવીરનો અનુયાયી બની ગયો.

कालोय	भौ.	कालोद	કાલોદ	આ અને 'કાલોઅ' એક છે.
कालोयण	भौ.	कालोदन	કાલોદન	આ અને 'કાલોઅ' એક છે.
कालोयसमुद्द	भौ.	कालोदसमुद्र	કાલોદસમુદ્ર	આ અને 'કાલોઅ' એક છે.
काविट्ठ	भौ.दे.	कापिष्ठ	કાપિષ્ઠ	લાંતક કલ્પ(સ્વર્ગ)માં આવેલું વાસસ્થાન (વિમાન). જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ચૌદ સાગરોપમ વર્ષ હોય છે.
काविल	अ.	कापिल	કાપિલ	જુઓ 'કાવિલિઅ'.
काविलिअ	अ.	कापिलिक	કાપિલિક	સાંખ્ય દર્શનના સિદ્ધાંતોનું વિવરણ કરતો એક પાખંડી શાસ્ત્રગ્રન્થ.
काविलिय	आ.	कापिलिक	કાપિલિક	જુઓ 'કાપિલિઙ્ક'.
काविलिज्ज	आ.	कापिलीय	કાપિલીય	જુઓ 'કાપિલિઙ્ક'.
कास	दे.ज.	काश	કાશ	૮૮ ગ્રહમાંનો એક ગ્રહ. જુઓ 'કામફાસ'.
१. कासव	अ.	काश्यप	કાશ્યપ	આ બધાઓના ગોત્રનું નામ કાશ્યપ– મહાવીર, તેમના પિતા સિદ્ધાર્થ(૧), ઋષભ, આર્ય જંબૂ, મૌર્ય(૨) અને જ્યેષ્ઠભૂતિ.
२. कासव	श्र.	काश्यप	કાશ્યપ	તીર્થંકર પાર્શ્વ(૧)ની પરંપરાના વિદ્વાન શ્રમણ.
३. कासव	अ.	काश्यप	કાશ્યપ	કોસંબીનો વિદ્વાન બ્રાહ્મણ. તેની પત્ની યશા હતી. તેમને કપિલ(૪) નામનો પુત્ર હતો.
४. कासव	आ.	काश्यप	કાશ્યપ	અંતકૃદ્દશાના છઠ્ઠા વર્ગનું ચોથું અધ્યયન.
५. कासव	श्र.	काश्यप	કાશ્યપ	રાજગૃહીનો વેપારી. તે સંસાર ત્યાગી, મહાવીરનો શિષ્ય બન્યો, ૧૬ વર્ષનું શ્રામણ્ય પાળી મૃત્યુ પછી તે વિપુલ પર્વત ઉપર મોક્ષ પામ્યો.
६. कासव	अ.ज.	काश्यप	કાશ્યપ	ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનું ગોત્રનામ.
७. कासव	ती.	काश्यप	કાશ્યપ	તીર્થંકર મહાવીરનું બીજું નામ.
८. कासव	श्र.प्र.	काश्यप	કાશ્યપ	જુઓ મહાકાસવ.
कासवी	ती.श्र.	काश्यपी	કાશ્યપી	પાંચમાં તીર્થંકર સુમતિની પ્રમુખ શિષ્યા.
कासिभूमि	ऐ.	काशिभूमि	કાશિભૂમિ	આ અને કાસી એક છે.
कासी	ऐ.	काशी	કાશી	એક આર્ય દેશ જેનું પાટનગર વાણારસી હતું. એક સમયે શંખ(૭) તેનો રાજા હતો. કાસી અને કોસલના ૧૮ ગણરાજાઓ હતા.
१. किंकम्म	आ.	किङ्कर्मन्	કિઙ્કર્મન્	અંતકૃદ્દશાનું આઠમું અધ્યયન. તે અને કિંકર્મ (૩) એક છે.
२. किंकम्म	श्र.	किङ्कर्मन्	કિઙ્કર્મન્	રાજગૃહીનો વેપારી, સંસારનો ત્યાગી મહાવીરના શિષ્ય બન્યા, જેણે ૧૧ અંગસૂત્રોનું અધ્યયન કર્યું હતું, ગુણરત્ન તપ કર્યું હતું, ૧૬ વર્ષ શ્રામણ્ય પાળ્યું પછી વિપુલ પર્વત ઉપર મોક્ષે ગયા હતા.

३. किंकम्म	*आ.*	*किङ्कर्मन्*	કિઙ્કર્મન્	અંતકૃદ્દશા।ના છઠ્ઠા વર્ગનું બીજું અધ્યયન. સ્થા।નાંગમાં તેનો ઉલ્લેખ અંતકૃદ્દશા।ના આઠમા અધ્યયન તરીકે કરે છે.
१. किंणर	*दे.*	*किन्नर*	કિન્નર	કિંનર નામ ધરાવતો વ્યંતર દેવોના બે ઇન્દ્રોમાંનો એક. તેને ચાર મુખ્ય પત્ની છે – વડેંસા, કેઉમતી, રઈસેણા અને રઈપ્પભા.
२. किंणर	*दे.*	*किन्नर*	કિન્નર	વ્યંતર દેવોનો એક વર્ગ. તે વર્ગના દેવોના બે ઇન્દ્રો છે. — કિંનર અને કિંપુરિસ. જુઓ વ્યંતર.
३. किंणर	*दे.*	*किन्नर*	કિન્નર	ચમર ઇંદ્રના રથદળના સેનાપતિ.
किंत्थुग्घ/किंथुग्घ	*अ.ज.*	*किंस्तुघ्न*	કિંસ્તુઘ્ન	અગિયાર કરણ(१)માંનું છેલ્લું.
१. किंपुरिस	*दे.*	*किंपुरुष*	કિંપુરુષ	કિંનર વર્ગના દેવોના બે ઇન્દ્રોમાંનો એક. તેને કિંનર (१)ની ચાર મુખ્ય પત્નીઓ જેવી જ સમાન નામો ધરાવતી ચાર મુખ્ય પત્નીઓ છે.
२. किंपुरिस	*दे.*	*किंपुरुष*	કિંપુરુષ	બલિના રથદળનો સેનાપતિ.
३. किंपुरिस	*दे.*	*किंपुरुष*	કિંપુરુષ	વ્યંતર દેવોનો એક વર્ગ. તે વર્ગના દેવોના બે ઇન્દ્રો છે. — સપ્પુરિસ અને મહાપુરિસ.
किंसुग्घ	*अ.ज.*	*किंस्तुघ्न*	કિંસ્તુઘ્ન	આ અને 'કિંથુગ્ઘ' એક છે.
किट्ठ	*दे.भौ.*	*कृष्ट*	કૃષ્ટ	આરણમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૧ સાગરોપમનું હોય છે.
किट्ठि	*दे.भौ.*	*कृष्टि*	કૃષ્ટિ	સનત્ કુમાર અને માહેંદ્રમાં આવેલું સ્વર્ગીય વાસ સ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ચાર સાગરોપમ વર્ષનું હોય છે.
किट्ठिकूड	*भौ.*	*कृष्टिकूट*	કૃષ્ટિકૂટ	'કિટ્ઠિ' જેવું સ્વર્ગીય વાસસ્થાન.
किट्ठिघोस	*दे.भौ.*	*कृष्टिघोष*	કૃષ્ટિઘોષ	સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ સાગરોપમનું હોય છે, તે દેવો છ પખવાડિયે એકવાર શ્વાસ લે છે અને ૬૦૦૦ વર્ષ માં એક વાર જ તેમને ભૂખ લાગે છે. આ વાસ–સ્થાન સયંભૂ(૪) જેવું જ છે.
किट्ठिजुत्त	*दे.भौ.*	*कृष्टियुक्त*	કૃષ્ટિયુક્ત	કિટ્ઠિ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.
किट्ठिज्झय	*दे.भौ.*	*कृष्टिध्वज*	કૃષ્ટિધ્વજ	કિટ્ઠિ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.
किट्ठिप्पभ	*दे.भौ.*	*कृष्टिप्रभ*	કૃષ્ટિપ્રભ	કિટ્ઠિ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.
किट्ठियावट्ट	*दे.भौ.*	*कृष्टिकावर्त*	કૃષ્ટિકાવર્ત	કિટ્ઠિ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.
किट्ठिलेस	*दे.भौ.*	*कृष्टिलेश्य*	કૃષ્ટિલેશ્ય	કિટ્ઠિ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.
किट्ठिवण्ण	*दे.भौ.*	*कृष्टिवर्ण*	કૃષ્ટિવર્ણ	કિટ્ઠિ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.
किट्ठिसिंग	*दे.भौ.*	*कृष्टिशृङ्ग*	કૃષ્ટિશૃંગ	કિટ્ઠિ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.
किट्ठिसिट्ठ	*दे.भौ.*	*कृष्टिशिष्ट*	કૃષ્ટિશિષ્ટ	કિટ્ઠિ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.

किट्ठुत्तरवडिंसग	*दे.भौ.*	*कृष्ट्युत्तरावतंसक*	કૃષ્ટ્યુત્તરાવતંસક	કિટ્ઠિ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.
किणिय	*अ.*	*किणिक*	કિણિક	વાઘો બનાવવા અને વગાડવાનું કામ કરતી નીચી જાતિની કોમ.
किण्णर	*दे.*	*किन्नर*	કિન્નર	જુઓ કિંનર.
किण्हगुलिया	*क.*	*कृष्णगुलिका*	કૃષ્ણગુલિકા	જુઓ 'કિણ્હગુલિગા'.
किण्हसिरी	*ती.च*	*कृष्णश्री*	કૃષ્ણશ્રી	કુંથુ(૧)ની મુખ્ય પત્ની.
किण्हा	*भौ.*	*कृष्णा*	કૃષ્ણા	મંદર પર્વતની ઉત્તરે વહેતી નદી. તે રત્તા નદી ને મળે છે.
१. कित्ति	*दे.*	*कीर्ति*	કીર્તિ	રાજગૃહીમાં મહાવીર સમક્ષ નાટક ભજવનાર દેવી.
२. कित्ति	*दे.*	*कीर्ति*	કીર્તિ	જંબૂદ્વીપના કેસરી સરોવરની અધિષ્ઠાત્રિ દેવી.
३. कित्ति	*भौ.*	*कीर्ति*	કીર્તિ	નીલવંત પર્વતના નવ શિખરોમાંનું એક.
४. कित्ति	*आ.*	*कीर्ति*	કીર્તિ	પુષ્પચૂલિકાનું ચોથું અધ્યયન.
१. कित्तिमइ	*श्र.*	*कीर्तिमती*	કીર્તિમતી	જેમની નીચે સાકેતના કંડરીકની પત્ની યશોભદ્રા એ શ્રમણીપણાની સાધના કરી તે પ્રધાનશ્રમણી
२. कित्तिमइ	*च.*	*कीर्तिमती*	કીર્તિમતી	કિર્તિસેનની દીકરી. તેને ચક્રવર્તી બ્રહ્મદત્ત સાથે પરણાવવામાં આવી હતી.
कित्तिसेण	*अ.*	*कीर्तिसेन*	કીર્તિસેન	'કિત્તિમઈ'(૨)ના પિતા.
किमाहार	*आ.*	*किमाहार*	કિમાહાર	ભગવતીસૂત્રના ચૌદમાં શતકનો છઠ્ઠો ઉદ્દેશક.
कियग	*अ.*	*कीचक*	કીચક	જુઓ 'કીયગ'.
किराय	*ऐ.*	*किरात*	કિરાત	આ અને 'ચિલાય'(૧) એક છે.
१. किरिया	*आ.*	*क्रिया*	કિરિયા	પ્રજ્ઞાપનાનું બાવીસમું પદ (પ્રકરણ).
२. किरिया	*आ.*	*क्रिया*	કિરિયા	ભગવતીસૂત્રના (૧) ત્રીજા શતકનો ત્રીજો ઉદ્દેશક, (૨) આઠમા શતકનો ચોથો ઉદ્દેશક અને (૩) સત્તર મા શતકનો ચોથો ઉદ્દેશક.
किरियाठाण	*आ.*	*क्रियास्थान*	કિરિયાસ્થાન	સૂત્રકૃત્ નું અઢારમું અધ્યયન.
किरियाविसाल	*आ.*	*क्रियाविशाल*	કિરિયાવિશાલ	તેરમું પૂર્વ.
किव्विस	*दे.*	*किल्विष*	કલ્વિષ	નીચલા વર્ગના દેવોનો એક પ્રકાર.
किव्विसिय	*अ.ता*	*किल्बिषिक*	કિલ્બિષિક	કપટી સાધુઓનો એક વર્ગ. તેઓ જ્ઞાન અને સાધુ–ચરિત વ્યક્તિઓને ભાંડતા હતા.
किसिपारासर	*क.*	*कृषिपाराशर*	કૃષિપારાશર	શરીરસંપત્તિમાં નબળો હોવા છતાં કૃષિમાં નિષ્ણાત એવો ધાન્યપૂરણ ગામનો બ્રાહ્મણ.
कीयग	*अ.*	*कीचक*	કીચક	વિરાડનગરનો રાજા. રાજકુંવરી દ્રૌપદીના સ્વયંવર માં ભાગ લેવા તેને નિમંત્રણ પાઠવવામાં આવેલું
कीव	*अ.*	*क्लीव/क्लीब*	ક્લીવ/ક્લીબ	હસ્તિનાપુરનો રાજકુમાર. જેને દ્રૌપદીના સ્વયં–વરમાં ભાગ લેવા નિમંત્રણ પાઠવવામાં આવેલું

कुइयण्ण	*अ.*	*कुविकर्ण*	કુવિકર્ણ	ઘણી ગાયોનો માલિક એક ગૃહસ્થ. રંગના આધારે તેણે ગાયોના જુદા જુદા વર્ગો પાડ્યા હતા.
कुंकण	*ऐ.*	*कौङ्कण*	કોંકણ	જુઓ કોંકણ.
कुंकणअ	*क.*	*कौङ्कणक*	કોંકણક	કોંકણ(૧)નો માણસ. અહીં તે એક વૃદ્ધ માણસનો પુત્ર હતો. તેણે પિતા સાથે સંસારનો ત્યાગ કર્યો. તે નાનો બાળક હોવાથી શરૂઆતમાં તેને સુખસગવડનાં બધાં સાધનો પૂરા પાડવામાં આવતા. એકવાર તેણે પિતાને કહ્યું કે તે સ્ત્રી વિના નથી રહી શકતો. તેથી પિતાને દુ:ખ થયું. પરિણામે કુંકણઅ ને સંઘમાંથી બહિષ્કૃત કર્યો.
कुंकणगदारअ	*अ.*	*कौङ्कणकदारक*	કોંકણકદારક	એક વિધુર જેણે બીજી સ્ત્રીને પરણવા માટે પોતાના પુત્રને મારી નાખ્યો. જુઓ કોંકણ(૨).
कुंकणअ	*क.*	*कौङ्कणक*	કોંકણક	જુઓ 'કુંકણઅ'.
कुंचवर	*भौ.*	*क्रौञ्चवर*	ક્રૌંચવર	એક વલયાકાર દ્વીપ. તે અને કોંચવર એક છે.
कुंचिअ	*क.*	*कुञ्चिक*	કુંચિક	એક વેપારી. તેના પુત્રે ચોરી કરી હતી પરંતુ તેની સાથે રહેતા નિર્દોષ સાધુને ચોરીની શિક્ષા થયેલ .
कुंचित	*क.ता.*	*कुञ्चित*	કુંચિત	એક તાપસ(૪) જેણે મરેલી માછલી ખાધી અને પછી જે બીમાર પડ્યો. જ્યારે તેણે વૈદ્યને સાચી વાત જણાવી ત્યારે વૈદ્યે તેનો રોગ મટાડ્યો.
कुंजर	*आ.*	*कुञ्जर*	કુંજર	ભગવતીસૂત્રના સત્તરમાં શતકનો પ્રથમ ઉદ્દેશક.
कुंजरसेणा	*च.*	*कुञ्जरसेना*	કુંજરસેના	ચક્રવર્તી બ્રહ્મદત્ત(૧)ની પત્ની.
कुंजरावत्त	*भौ.*	*कुञ्जरावर्त*	કુંજરાવર્ત	રથાવર્ત પાસે આવેલો પર્વત.
१. कुंडकोलिअ	*श्रा.*	*कुण्डकोलिक*	કુંડકોલિક	કંપિલ્લપુરનો ગૃહસ્થ. પૂષા તેની પત્ની હતી. ભ૦ મહાવીરના મુખ્ય દસ ઉપાસકોમાંનો એક. ગોસાલક દ્વારા પ્રતિપાદિત નિયતિવાદ અંગે તેને એક દેવ સાથે રસપ્રદ ચર્ચા થઈ હતી. ગોસાલકના સિદ્ધાંતના પ્રશંસક તે દેવને તેણે પૂછ્યું હતું કે કોઈ પણ પ્રયત્ન કર્યા વિના તમે તમારું દેવપદ પામ્યા તો પછી બીજા જીવો પણ પ્રયત્ન કર્યા વિના ઉચ્ચ પદો કેમ પામતા નથી? કેટલાક જીવો દેવ છે, કેટલાક મનુષ્યો છે, કેટલાક પશુઓ છે અને કેટલાક નારકીઓ છે એ હકીકત જ દર્શાવે છે કે જીવોમાં ગતિ આદિ જે ભેદો છે તે તેમનાં કર્મોના કારણે છે. ગોસાલકનો સિદ્ધાંત ટકી ન શકે તેમ. આ સાંભળી દેવ મૂંઝાયો, તે સ્થળે થી જતો રહ્યો
२. कुंडकोलिअ	*आ.*	*कुण्डकोलिक*	કુંડકોલિક	ઉપાસકદશાનું છઠ્ઠું અધ્યયન.
कुंडकोलिय	*श्रा.*	*कुण्डकोलिक*	કુંડકોલિક	આ અને 'કુંડકોલિઅ' એક છે.

१. कुंडग्गाम	*ऐ.ती.*	*कुण्डग्राम*	કુંડગ્રામ	તીર્થંકર મહાવીરનું જન્મસ્થાન. તેની એકતા કુંડપુર સાથે છે. તે બે ભાગમાં વિભક્ત હતું. ખત્તિયકુંડપુર અને માહણકુંડપુર. ત્રીસ વર્ષની ઉંમરે મહાવીરનો સંસારત્યાગનો વિધિ આ ગામમાં
२. कुंडग्गाम	*आ.*	*कुण्डग्राम*	કુંડગ્રામ	ભગવતીસૂત્રના નવમા શતકનો તેત્રીસમો ઉદ્દેશક
३. कुंडग्गाम	*ए.ती.*	*कुण्डग्राम*	કુંડગ્રામ	આ અને 'કુમ્મગામ'. એક છે.
कुंडपुर	*ए.ती.*	*कुण्डपुर*	કુંડપુર	કુંડગ્ગામ(૧)નું બીજું નામ. તીર્થંકર મહાવીરનું જન્મ સ્થાન ખત્તિયકુંડપુર હતું જે કુંડપુરના બે ભાગોમાંનો એક ભાગ હતો. જુઓ કુંડગ્ગામ(૧).
१. कुंडल	*भौ.*	*कुण्डल*	કુંડલ	અરુણવરાવભાસ સમુદ્રની ફરતે આવેલો વલયા-કાર દ્વીપ. કુંડલભદ્ર અને કુંડલમહાભદ્ર આ બે તેના અધિષ્ઠાતા દેવો છે. કુંડલવર નામનો પર્વત તેમાં આવેલો છે.
२. कुंडल	*भौ.*	*कुण्डल*	કુંડલ	કુંડલદ્વીપની ફરતે આવેલો વલયાકાર સમુદ્ર. આ સમુદ્રની ફરતે કુંડલવર આવેલ છે. 'ચક્ખુકંત' અને 'ચક્ખુસુભ' તેના અધિષ્ઠાતા દેવો છે.
३. कुंडल	*भौ.*	*कुण्डल*	કુંડલ	એક પર્વત. આ અને કુંડલવર(૩) એક છે.
कुण्डलभद्द	*दे.*	*कुण्डलभद्र*	કુંડલભદ્ર	કુંડલદ્વીપનો અધિષ્ઠાતા દેવ.
कुंडलमहाभद्द	*दे.*	*कुण्डलमहाभद्र*	કુંડલમહાભદ્ર	કુંડલદ્વીપનો અધિષ્ઠાતા દેવ.
१. कुंडलवर	*भौ.*	*कुण्डलवर*	કુંડલવર	એ જ નામના સમુદ્રથી ઘેરાયેલો વલયાકાર દ્વીપ. તે દ્વીપ કુંડલસમુદ્રને વર્તુળાકારે ઘેરે છે. કુંડલવર-ભદ્ર, કુંડલવરમહાભદ્ર તેના અધિષ્ઠાતા દેવો છે.
२. कुंडलवर	*भौ.*	*कुण्डलवर*	કુંડલવર	એ જ નામના દ્વીપને ઘેરતો વલયાકાર સમુદ્ર. તે સમુદ્ર ખુદ કુંડલવરાવભાસ દ્વીપથી ઘેરાયેલો છે.
३. कुंडलवर	*भौ.*	*कुण्डलवर*	કુંડલવર	કુંડલમાં આવેલો સમકેન્દ્રિય પર્વત. રુચકવર, માનુષોત્તર અને બીજા સમકેન્દ્રિય પર્વતો જેવો છે.
कुंडलवरभद्द	*दे.*	*कुण्डलवरभद्र*	કુંડલવરભદ્ર	કુંડલવરદ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.
कुंडलवरमहाभद्द	*दे.*	*कुण्डलवरमहाभद्र*	કુંડલવરમહાભદ્ર	કુંડલવરદ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.
१. कुंडलवरावभास	*भौ.*	*कुण्डलवरावभास*	કુંડલવરાવભાસ	કુંડલવર(૨) સમુદ્રને ઘેરતો વલયાકાર દ્વીપ. તે દ્વીપ પોતાના જ નામના સમુદ્ર વડે ઘેરાયેલો છે. કુંડલવરોભાસભદ્ર અને કુંડલવરોભાસમહાભદ્ર તેના અધિષ્ઠાતા દેવો છે.
२. कुंडलवरावभास	*भौ.*	*कुण्डलवरावभास*	કુંડલવરાવભાસ	કુંડલવરાવભાસદ્વીપને ઘેરતો સમુદ્ર. કુંડલવરો-ભાસવર અને કુંડલવરોભાસમહાવર તેના અધિષ્ઠાતા દેવો છે.
कुंडलवरावभासोद	*भौ.*	*कुण्डलवरावभासोद*	કુંડલવરાવભાસોદ	આ અને કુંડલવરાવભાસ(૨) એક જ છે.
कुंडलवरोद	*भौ.*	*कुण्डलवरोद*	કુંડલવરોદ	આ અને કુંડલવર(૨) એક છે.

कुंडलवरोभास	*भौ.*	*कुण्डलवरावभास*	કુંડલવરાવભાસ	જુઓ કુંડલવરાવભાસ.
कुंडलवरोभासभद्द	*दे.*	*कुण्डलवराव भासभद्र*	કુંડલવરાવ-ભાસભદ્ર	કુંડલવરોભાસ દ્વીપના અધિષ્ઠાતા દેવ.
कुंडलवरोभास-महाभद्द	*दे.*	*कुण्डलवरावभास–महाभद्द*	કુંડલવરાવભાસ-મહાભદ્ર	કુંડલવરોભાસ દ્વીપના અધિષ્ઠાતા દેવ.
कुंडलवरोभास-महावर	*दे.*	*कुण्डलवरावभास–महावर*	કુંડલવરાવભાસ-મહાવર	કુંડલવરોભાસ સમુદ્રના અધિષ્ઠાતા દેવ.
कुंडलवरोभासवर	*दे.*	*कुण्डलवराव भासवर*	કુંડલવરાવ ભાસવર	કુંડલવરાવભાસ સમુદ્રના અધિષ્ઠાતા દેવ.
कुंडला	*भौ.*	*कुण्डला*	કુંડલા	મહાવિદેહમાં આવેલા સુવત્સ વિજય નું પાટનગર.
कुंडलोद	*भौ.*	*कुण्डलोद*	કુંડલોદ	આ અને કુંડલ(૨) એક છે.
कुंडाग	*ऐ.*	*कुण्डाक*	કુંડાક	તીર્થંકર મહાવીર જ્યાં ગયા હતા તે સન્નિવેશ. ત્યાં તેમણે વાસુદેવના ચૈત્યમાં ધ્યાન કર્યુ હતું. તે કંડગ નામે પણ જાણીતુ હતુ.
कुंडियायण	*अ.*	*कुण्डिकायन*	કુંડીકાયન	'ઉદાઈ'(૧)નું ગોત્ર.
कुंती	*च.*	*कुन्ती*	કુંતી	વાસુદેવ કૃષ્ણના પિતા રાજા વસુદેવની બેન, પંડુ રાજાની પત્ની અને પાંડવોની માતા. તે સદ્ગુણી સ્ત્રી હતી.
१. कुंथु	*ती.च.*	*कुन्थु*	કુંથુ	વર્તમાન અવસર્પિણીના સત્તરમાં તીર્થંકર તેમજ છઠ્ઠા ચક્રવર્તી. તે ગજપુરના રાજા સૂર્ય અને તેમની રાણી શ્રીના પુત્ર હતા. કૃષ્ણાશ્રીતેમની મુખ્ય પત્ની હતી. તે તેમના પૂર્વભવમાં 'રુપ્પિ'(૨) હતા. કુંથુની ઊંચાઈ ૩૫ ધનુષ હતી. તે તપ્ત સુવર્ણના વર્ણના હતા. જ્યારે તેમણે સંસારનો ત્યાગ કર્યો ત્યારે તેમને અભયકરા પાલખીમાં લઈ જવામાં આવ્યા હતા. તેમણે એક હજાર પુરુષો સાથે શ્રમણત્વ સ્વીકાર્યું. ચક્રપુરના રાજા વર્ગસીહ તેમને સૌપ્રથમ ભિક્ષા આપનાર હતા. તેમને ગજપુરના સહસ્રામ્રવન ઉદ્યાનમાં કેવલજ્ઞાન થયું. તેમનું પવિત્ર વૃક્ષ તિલક હતું. તેમના પ્રથમ શિષ્ય સ્વયંભૂ હતા. તેમની પ્રથમ શિષ્યા અંજુયા હતી. તેમની આજ્ઞામાં શ્રમણોના ૩૭ ગણ હતા. ૩૭ ગણધર હતા. ૬૦૦૦૦ શ્રમણો હતા, ૬૦૬૦૦ શ્રમણીઓ હતી. (રાજકુમાર તરીકે, સૂબા તરીકે, રાજા તરીકે, કેવલી તરીકે જીવી કુલ) ૯૫૦૦૦ વર્ષની ઉંમરે સમ્મેત પર્વત ઉપર મોક્ષ પામ્યા.
२. कुंथु	*दे.*	*कुन्थु*	કુંથુ	ચમરઇંદ્રના ગજદળનો સેનાપતિ.

१. कुंभ	*दे.न.*	*कुम्भ*	કુંભ	નારકીઓને ત્રાસ આપનાર જમના કુટુંબનો સભ્ય. તે પંદર પરમાધાર્મિક દેવોમાંનો એક છે.
२. कुंभ	*आ.*	*कुम्भ*	કુંભ	જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ ૧ નું ચોથું અધ્યયન.
३. कुंभ	*ती.श्र.*	*कुम्भ*	કુંભ	(૧) અઢારમા તીર્થંકર અરનો પ્રથમ શિષ્ય. (૨) વીસમા તીર્થંકર મુણિસુવ્વયના પ્રથમ શિષ્યનું પણ આ જ નામ છે.
४. कुंभ	*ती.*	*कुम्भ*	કુંભ	તીર્થંકર મલ્લિના પિતા કુંભગ અને આ એક જ છે.
कुंभकार	*ऐ.*	*कुम्भकार*	કુંભકાર	આ અને કુંભકારકડ એક છે.
कुंभकारकड	*ऐ.*	*कुम्भकारकृत*	કુંભકારકૃત	જુઓ કુંભકારકડગ.
कुंभकारकडग	*ऐ.*	*कुम्भकारकृतक*	કુંભકારકૃતક	ઉત્તરાવહની સીમા ઉપર આવેલું નગર. તેના રાજા ડંડગિએ સ્કંદક(૧) અને તેમના પાંચસો શિષ્યોને ઘાણીએ ઘાલી પીલી નાખ્યા હતા.
कुंभकारुक्खेव	*ऐ.*	*कुम्भकारोत्क्षेप*	કુંભકારોત્ક્ષેપ	જુઓ 'કુંભારપક્ખેવ'.
कुंभग	*ती.*	*कुम्भक*	કુંભક	મિથિલાના રાજા. તે તીર્થંકર મલ્લિના પિતા હતા. પ્રભાવતી(૪) તેમના પત્ની હતા.
कुंभसेण	*ती.ग.*	*कुम्भसेन*	કુંભસેન	આગામી ઉત્સર્પિણીના પ્રથમ ભાવિ તીર્થંકર મહાપદ્મ(૧૦)ના પ્રથમ ગણધર.
कुंभाकारकड	*ऐ.*	*कुम्भाकारकट*	કુંભાકારકટ	જુઓ કુંભકારકડગ.
कुंभारकड	*ऐ.*	*कुम्भारकृत*	કુંભારકૃત	આ અને 'કુંભકારકડગ' એક છે.
कुंभारपक्खेव	*ऐ.*	*कुम्भकारप्रक्षेप*	કુંભારપ્રક્ષેપ	વીતભયના કુંભારની પાછળ 'સિણપ્પલ્લિ' પાસે વસાવાયેલું નગર. જ્યારે શ્રમણ ઉદાયન(૧) વીતભયમાં આવ્યા ત્યારે તે કુંભારે તેમને આશ્રય આપેલો. વીતભયના તે વખતના રાજા કેસિ(૨) એમ સમજ્યા કે ઉદાયન તેની પાસેથી રાજ પાછું લેવા આવ્યા છે એટલે તેણે તેમને ઝેર આપી મારી નાખ્યા. આથી એક દેવે પેલા કુંભારને સલામતિ ખાતર 'સિણપલ્લિ' મોકલી આપી વીતભય ઉપર ધૂળનો ખૂબ વરસાદ વરસાવ્યો અને વીતભયનો નાશ કરી નાખ્યો. જુઓ કેસિ(૨).
कुंभी	*आ.*	*कुम्भी*	કુંભી	ભગવતીસૂત્રના શતક ૧૧ નો ચોથો ઉદ્દેશક.
कुंमग्गाम	*ऐ.*	*कूर्मग्राम*	કૂર્મગ્રામ	જુઓ 'કુમ્મગ્ગામ'.
कुंमा	*श्र.प्र.*	*कूर्मा*	કૂર્મા	જુઓ 'કુમ્માપુત્ર'(૨).
कुक्कुइय	*अ.ता*	*कौकुचिक*	કૌકુચિક	ચાળા–ચેષ્ટાઓ કરી પોતાની આજીવિકા મેળવતા સમણ(૧) સાધુઓનો એક પ્રકાર.
कुडंगीसरट्ठाण	*ऐ.*	*कुटङ्गेश्वरस्थान*	કુટઙ્ગેશ્વરસ્થાન	ઉજ્જૈનીમાં આવેલું તે સ્થાન જ્યાં શિયાળો અવંતી સુકુમાલને ભરખી ગયા હતા.
कुडक्क	*ऐ.*	*कुडक्क*	કુડક્ક	જુઓ 'કુડુક્ક'.

कुडिव्वय	*अ.ता*	*कुटीव्रत*	કુટીવ્રત	કુટીરોમાં રહેતા અને ક્રોધ–લોભ–મિથ્યાત્વ–માનને જીતનારા પરિવ્રાજકોનો વર્ગ.
कुडुक	*ऐ.*	*कुडुक*	કુડુક	જુઓ 'કુડુક્ક'.
कुडुक्क	*ऐ.*	*कुडुक्क*	કુડુક્ક	એક અનાર્ય દેશ જેને રાજા સંપ્રતિએ સાધુઓના વિહાર માટે મુક્ત યા ખુલ્લો જાહેર કર્યો હતો.
१. कुणाल	*क.*	*कुणाल*	કુણાલ	ચંદ્રગુપ્તનો પ્રપૌત્ર, બિંદુસારનો પૌત્ર અને અસોગ નો પુત્ર. તે ઉજ્જૈનીનો રાજા હતો. પાડલિપુત્રથી આવેલો પિતાનો પત્ર તેણે વાંચ્યો. તેમાં લખ્યુ હતું કે 'अंधीयताम्' અર્થાત્ તારી જાતને અંધ કરી નાખ. તેને પિતાની આજ્ઞા સમજી તેણે પોતાને અંધ કરી નાખ્યો. તે સંગીતકળામાં નિષ્ણાત હતો. તેણે આંખો ગુમાવી એ અંગે જુઓ પાડલિપુત્ર.
२. कुणाल	*श्र.*	*कुणाल*	કુણાલ	ભરુચનો બૌદ્ધ ભિક્ષુ જે પાછળથી આચાર્ય જિનદેવ(४)નો શિષ્ય બની ગયો.
३. कुणाल	*ऐ.*	*कुणाल*	કુણાલ	ઉત્તરમાં આવેલો એક આર્ય દેશ જેનું પાટનગર શ્રાવસ્તી હતું. તે કુણાલા પણ કહેવાતો. આ દેશમાં ઐરાવતી નદી વહેતી હતી.
१. कुणाला	*ऐ.*	*कुणाला*	કુણાલા	કુણાલ દેશમાં આવેલું નગર. તેની પાસે ઐરાવતી નદી વહે છે. તેના નાશ પછી બાર વર્ષે મહાવીરને કેવળજ્ઞાન થયું હતું. 'उक्कुरुड' કુણાલાનો હતો..
२. कुणाला	*ऐ.*	*कुणाला*	કુણાલા	આ અને કુણાલ(३) એક છે.
कुबेर	*दे.*	*कुबेर*	કુબેર	પોતાના ધન માટે પ્રસિદ્ધ દેવ. જુઓ ધનવઈ(१).
कुबेरदत्त	*क.*	*कुबेरदत्त*	કુબેરદત્ત	એક વેપારી, જે પોતાની પુત્રી સાથે સંભોગ કરવા તૈયાર થઈ ગયો.
कुबेरा	*ऐ.*	*कुबेरा*	કુબેરા	જુઓ વૈશ્રમણપભ.
कुभंड	*दे.*	*कुष्माण्ड*	કુષ્માણ્ડ	આ અને 'કુહંડ' એક છે.
कुमारअ	*ऐ.*	*कुमारक*	કુમારક	ગોસાલકની સાથે મહાવીર જ્યાં ગયેલા તે સન્નિવેશ ત્યાં ચંપરમણિય નામનું ઉદ્યાન હતું. તીર્થંકર પાર્શ્વ ની પરંપરાના આચાર્ય મુનિચંદ્ર(३) સાથે ગોસાલકને અહીં ચર્ચા થઈ હતી.
कुमारगाम	*ऐ.*	*कुमारग्राम*	કુમારગ્રામ	જુઓ 'કુંમારગામ'.
कुमारणंदी	*क.*	*कुमारनन्दी*	કુમારનંદી	'અનંગસેન'નું બીજું નામ.
कुमारपुत्तिय	*श्र.*	*कुमारपुत्रक*	કુમારપુત્રક	મહાવીરની આજ્ઞામાં રહેલો એક શ્રમણગણ.
कुमारमहरिसि	*श्र.*	*कुमारमहर्षि*	કુમારમહર્ષિ	કુમારવરનું બીજું નામ.
कुमारलेच्छइ	*आ.*	*कुमारलेच्छकि*	કુમારલેચ્છકિ	વિપાકશ્રુતના પ્રથમ શ્રુતસ્કન્ધરૂપ કર્મવિવાગ–દશાનું દસમું અધ્યયન. વર્તમાનમાં તે અંજૂ(१) શીર્ષક હેઠળ મળે છે.

कुमारवर	*श्र.*	*कुमारवर*	કુમારવર	એક ઋષિ જે કુમારમહરિસિ નામે પણ પ્રસિદ્ધ છે.
कुमारसमण	*श्र.*	*कुमारश्रमण*	કુમારશ્રમણ	(૧) અઈમુત્તનું તેમજ (૨) કેસિનું બીજું નામ.
१. कुमुद	*भौ.*	*कुमुद*	કુમુદ	મહાવિદેહમાં સીતોદા નદીની દક્ષિણે અને મંદર પર્વતની પશ્ચિમે આવેલો વિજય(૨૩) (પ્રદેશ). અરજા તેનું પાટનગર છે. જુઓ 'અસોગા'(૧).
२. कुमुद	*भौ.*	*कुमुद*	કુમુદ	ભદ્રશાલવનમાં આવેલો દિશાહસ્તિકૂડ.
३. कुमुद	*भौ.दे.*	*कुमुद*	કુમુદ	સહસ્રારકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. તેમાં વસતા દેવોનું પણ તે જ નામ છે. તે દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અઢાર સાગરોપમ વર્ષનું છે.
४. कुमुद	*भौ.दे.*	*कुमुद*	કુમુદ	મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. તેમાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૧૭ સાગરોપમનું છે.
कुमुदगुम्म	*भौ.दे.*	*कुमुदगुल्म*	કુમુદગુલ્મ	સહસ્રારકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. તેમાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ અઢાર સાગરોપમ છે.
कुमुदप्पभा	*भौ.*	*कुमुदप्रभा*	કુમુદપ્રભા	મહાવિદેહમાં જંબુસુદર્શન વૃક્ષની ઉત્તરપૂર્વમાં આવેલી પુષ્કરિણી.
१. कुमुदा	*भौ.*	*कुमुदा*	કુમુદા	ભદ્રશાલવનની નજીક જંબુસુદર્શન વૃક્ષની ઉત્તર–પૂર્વમાં આવેલી પુષ્કરિણી.
२. कुमुदा	*भौ.*	*कुमुदा*	કુમુદા	નંદીશ્વરદ્વીપમાં અંજનગ(૧) પર્વતના દક્ષિણ ભાગ ઉપર આવેલી પુષ્કરિણી.
कुमुय	*भौ.*	*कुमुद*	કુમુદ	જુઓ કુમુદ(૨).
कुम्म	*आ.*	*कूर्म*	કૂર્મ	જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ ૧ નું ચોથું અધ્યયન
कुम्मग्गाम	*ऐ.*	*कूर्मग्राम*	કૂર્મગ્રામ	ગોસાલક સાથે મહાવીર જ્યાં ગયા હતા તે સ્થાન. અહીં ગોસાલકને તાપસ વૈશ્યાયનના ક્રોધના ભયંકર પરિણામોનો સામનો કરવો પડેલો. આ સ્થાનના બીજા નામો કુમ્મારગામ, કુંડગ્ગામ છે.
१. कुम्मारगाम	*ऐ.*	*कूर्मारग्राम*	કૂર્મારગ્રામ	જુઓ 'કુંમારગામ'.
२. कुम्मारगाम	*ऐ.*	*कूर्मारग्राम*	કૂર્મારગ્રામ	જુઓ 'કુમ્મગ્ગામ'.
कुम्मापुत्त	*श्र.प्र.*	*कूर्मापुत्र*	કૂર્માપુત્ર	અરિષ્ટનેમિના તીર્થમાં થયેલા ઋષિ જેમને
कुरड	*अ.*	*कुरट*	કુરટ	જુઓ 'ઉક્કરુડ'.
कुरा	*भौ.*	*कुर*	કુર	જુઓ કુરુ(૧).
१. कुरु	*भौ.*	*कुरु*	કુરુ	જંબૂદ્વીપના મહાવિદેહમાં આવેલા આ જ નામ–વાળા બે ઉપક્ષેત્રો. ઉત્તરકુરુ, દેવકુરુ જે અનુક્રમે મંદરપર્વતની ઉત્તરે અને દક્ષિણે આવેલ છે.
२. कुरु	*ऐ.*	*कुरु*	કુરુ	જેનું પાટનગર ગજપુર છે તે આર્યદેશ. તે દેશમાં અદીનશત્રુ રાજ કરતો હતો. ઈષુકારનામનું પ્રાચીન નગર તે દેશમાં હતું. તે દેશ કુરુક્ષેત્ર તરીકે પણ જાણીતો હતો.

कुरुखेत्त	*भौ.*	*कुरुक्षेत्र*	કુરુક્ષેત્ર	આ અને 'કુરુ'(૨) દેશ એક છે.
कुरुचंद	*अ.*	*कुरुचन्द्र*	કુરુચંદ્ર	એક ક્રૂર રાજા જે સ્વર્ગ, નરક વગેરેના અસ્તિત્વમાં માનતો ન હતો. કુરુમતી(૨) તેની પત્ની હતી અને હરિચંદ્ર તેનો પુત્ર હતો.
कुरुड	*अ.*	*कुरुट*	કુરુટ	જુઓ 'ઉક્કરુડ'.
कुरुदत्त	*क.*	*कुरुदत्त*	કુરુદત્ત	કુરુદત્તસૂત્રના પિતા.
कुरुदत्तपुत्त	*श्र.*	*कुरुदत्तपुत्र*	કુરુદત્તપુત્ર	મહાવીરના એક શિષ્ય. તેણે ઉગ્ર તપ કર્યા અને મૃત્યુ પછી તે ઈશાન સ્વર્ગના ઇંદ્ર તરીકે જન્મ્યા.
कुरुदत्तसुय	*श्र.*	*कुरुदत्तसूत*	કુરુદત્તસુત	હસ્તિનાપુર (ગજપુર)ના સમૃદ્ધ વેપારી કુરુદત્તનો પુત્ર. તેણે સંસારનો ત્યાગ કરી શ્રમણત્વ સ્વીકાર્યું. ગજસુકુમાલની જેમ જ તેમણે પણ કેટલાકે આપેલા ત્રાસને (પરીષહોને) શાંત ચિત્તે સહન કર્યા અને પરિણામે તે મોક્ષ પામ્યા.
१. कुरुमइ	*च.*	*कुरुमती*	કુરુમતી	બારમા ચક્રવર્તી બ્રહ્મદત્તની મુખ્ય પત્ની.
२. कुरुमइ	*अ.*	*कुरुमती*	કુરુમતી	રાજા કુરુચંદ્રની પત્ની.
कुरुयंद	*अ.*	*कुरुचन्द्र*	કુરુચંદ્ર	જુઓ 'કુરુચંદ્ર'.
कुलकर	*अ.*	*कुलकर*	કુલકર	જુઓ કુલકર.
कुलक्ख	*ऐ.*	*कुलाक्ष*	કુલાક્ષ	એક અનાર્ય દેશ.
कुलगर	*अ.*	*कुलकर*	કુલકર	કાયદો–વ્યવયસ્થાના સંસ્થાપક. અવસર્પિણી અને ઉત્સર્પિણી કાલચક્રના સુસમદૂષમા આરામાં ગંગા અને સિંધુ નદીઓ વચ્ચે આવેલા, ભરત ક્ષેત્રના દક્ષિણાર્ધના મધ્યભાગમાં, જુદી જુદી પરંપરા મુજબ ૭, ૧૦ કે ૧૫ કુલકરો જન્મ લે છે.
कुलगरगंडिया	*आ.*	*कुलकरगण्डिका*	કુલકરગંડિકા	વિમલવાહનઆદિ કુલકરોના જીવન ઉપરનું સૂત્ર.
कुलपुत्त/ कुलपुत्तय	*अ.*	*कुलपुत्र/कुलपुत्रक*	કુલપુત્ર/કુલપુત્રક	પોતાની માતાના કહેવાથી પોતાના ભાઈના ખૂનીને ક્ષમા આપનાર વ્યક્તિ.
कुलाण	*ऐ.*	*कुलाण*	કુલાણ	જ્યાં રાજા વૈશ્રમણદત્ત રાજ કરતા હતા તે નગર. કુણાલદેશનું નગર કુણાલા અને આ એક લાગે છે
कुल्लइर	*ऐ.*	*कुल्लकिर*	કુલ્લકિર	સંગમથેર જીવન જીવ્યા તે નગર. જુઓ કોલ્લઈર.
कुल्लउर	*ऐ.*	*कोल्लपुर*	કોલ્લપુર	જ્યાં પાડલિપુત્રના ધર્મસીહ(૪)એ પોતાની પત્નીને ત્યજી દીધી હતી તે નગર.
कुल्लाग	*भौ.*	*कोल्लाक*	કોલ્લાક	આ અને કોલ્લાઅ એક છે.
कुवलयप्पह	*श्र.*	*कुवलयप्रभ*	કુવલયપ્રભ	એક આચાર્ય જે સાવદ્યાચાર્ય નામે જાણીતા હતા. એકવાર શિથિલાચારી સાધુઓને તે મળ્યા, તે સાધુઓએ તેમને પોતાની સાથે વર્ષાવાસમાં રહેવા વિનંતી કરી પણ તેમેણે ન સ્વીકારી.

कुस	*भौ.*	*कुश*	કુશ	એક વલયાકાર દ્વીપ.
कुसकुंडी	*च.*	*कुशकुण्डी*	કુશકુણ્ડી	ચક્રવર્તી બ્રહ્મદત્ત(૧)ની પત્ની.
कुसग्ग(पुर)	*ऐ.*	*कुशाग्र(पुर)*	કુશાગ્ર(પુર)	ઋષભપુરના સ્થાને સ્થાપવામાં આવેલું નગર. ત્યાં રાજા પ્રસેનજિત રાજ કરતા હતા. કુસત્થલ તેનું બીજું નામ હતું. જુઓ 'ચણગપુર.
कुसट्ट	*ऐ.*	*कुशावर्त*	કુશાવર્ત	એક આર્ય દેશ જેનું પાટનગર 'સોરિય'(૧) હતું.
कुसत्थल	*ऐ.*	*कुशस्थल*	કુશસ્થલ	મગધનું નગર, રાજા પ્રસેનજિત રાજ કરતા હતા.
कुसल	*ती.*	*कुशल*	કુશલ	તીર્થંકર મહાવીરનું બીજું નામ.
कुसवर	*भौ.*	*कुशवर*	કુશવર	એક વલયાકાર દ્વીપ.
कुसीलपरिभासिय	*आ.*	*कुशीलपरिभाषित*	કુશીલપરિભાષિત	સૂત્રકૃત્ નું સાતમું અધ્યયન.
कुसुम	*अ.*	*कुसुम*	કુસુમ	સુસમા આરામાં જે ચાર પ્રકારના લોકો અસ્તિત્વ ધરાવતા હતા તે ચારમાંનો એક પ્રકાર.
कुसुमणगर	*ऐ.*	*कुसुमनगर*	કુસુમનગર	પાડલિપુત્રનું બીજું નામ. તે કુસુમપુર પણ કહેવાતું
कुसुमपुर	*ऐ.*	*कुसुमपुर*	કુસુમપુર	પાડલિપુત્રનું બીજું નામ. અહીં વઈર આવ્યા હતા.
कुसुमसंभव	*स.*	*कुसुमसम्भव*	કુસુમસમ્ભવ	વૈશાખ મહિનાનું બીજું નામ.
कुहंड	*दे.*	*कुष्माण्ड*	કુષ્માણ્ડ	વ્યંતર દેવોનો એક પ્રકાર. તે દેવોના બે ઇન્દ્રો છે– સેય,મહાસેય.આ શબ્દ કુભંડ નામે પણ પ્રસિદ્ધ છે
कुहण	*ऐ.*	*कुहन*	કુહન	એક અનાર્ય (અનાર્ય) દેશ.
कूडसामलि	*भौ.*	*कूटशाल्मलि*	કૂટશાલ્મલિ	મહાવિદેહના ઉપક્ષેત્ર દેવકુરુમાં આવેલું વૃક્ષ. તે ૮ યોજન ઊંચું છે. ગરુલ વેણુદેવનું વાસસ્થાન છે.
कूडसामलिपेढ	*भौ.*	*कूटशाल्मलिपीठ*	કૂટશાલ્મલિપીઠ	કૂડસામલિ વૃક્ષની પીઠ જે દેવકુરુના પશ્ચિમાર્ધના કેન્દ્રમાં આવેલી છે.
कूणिअ	*श्रा.*	*कूणिक*	કૂણિક	રાજગૃહીના રાજા શ્રેણિક અને રાણી ચેલ્લણાનો પુત્ર. જન્મતા તરત જ તેને અસોકવાટીકામાં ત્યજી દીધેલ. તેથી તે અસોગચંદ્ર નામે ઓળખાતો. તેની આંગળીએ કુણિયા નામક રોગનો દૂઝતો ઘા થયો, પરિણામે તે હાથનો વિકાસ કુંઠિત થયેલ. તેથી તેનું નામ 'કૂણિઅ (ટૂંકા હાથવાળો') પડી ગયું. પદ્માવતી, ધારિણી વગેરે આઠ પત્નીઓ તેને હતી. કાલ, સુકાલ, મહાકાલ વગેરે તેના ભાઈ હતા. તેણે ભાઈઓની મદદથી પોતાના પિતાને કેદ કરી રાજ પડાવી લીધું. તેને ઉદાઈ નામનો એક પુત્ર હતો. કૂણિઅ રાજધાની રાજગૃહીથી ચંપા લઈ ગયો. પોતાના ભાઈ હલ્લ અને વિહલ્લના હાથી અને હારને માટે તે રાજા ચેડગ સામે યુદ્ધ લડ્યો. તે ચક્રવર્તી બનવા ઇચ્છતો હતો પરંતુ તમિસ્રગુફામાં કૃતમાલ દેવ વડે હણાયો. મૃત્યુ પછી તે છઠ્ઠા નરકમાં ગયો,

कूणिक	*श्वा.*	*कूणिक*	કૂણિક	જુઓ 'કૂણિઅ'.
कूबर	*दे.*	*कूबर*	કૂબર	એક દેવ.
कूरगडुअ	*श्र.*	*कूरगडुक*	કૂરગડુક	એક શ્રમણ, એક આદરણીય વ્યક્તિ.
कूलधम	*अ.ता*	*कूलधम*	કૂલધમ	જુઓ 'કૂલધમગ'.
कूलधमग	*अ.ता*	*कूलधमक*	કૂલધમક	વાનપ્રસ્થ તાપસોનો એક વર્ગ. આ તાપસો ભોજન કરતા પહેલાં નદીતટ પરથી બૂમો પાડતા.
कूलवाल	*श्र.*	*कूलवालक*	કૂલવાલક	એક સાધુ જે ગણિકાના પ્રેમમાં પડ્યો હતો.
कूलवालग	*श्र.*	*कूलवालक*	કૂલવાલક	જુઓ 'કૂલવાલ'.
कूवअ	*आ.*	*कूपक*	કૂપક	અંતકૃદ્દશાના ત્રીજા વર્ગનું અગિયારમું અધ્યયન.
कूवणअ	*श्र.*	*कूपनक*	કૂપનક	તીર્થંકર પાર્શ્વની પરંપરાના શ્રમણ મુનિચંદ્ર(૩) નું ખૂન કરનારો કુમારઅ સન્નિવેશનો કુંભાર.
कूवदारअ	*क.*	*कूपदारक*	કૂપદારક	બારાવતીના બલદેવ, તેની પત્ની ધારિણીનો પુત્ર સંસાર ત્યાગી તીર્થંકર અરિષ્ટનેમિના શિષ્ય બન્યા ૨૦ વર્ષનું શ્રમણજીવન જીવી શત્રુંજયે મોક્ષપામ્યો
कूविय	*ऐ.*	*कूपिक*	કૂપિક	એક સન્નિવેશ જ્યાં તીર્થંકર મહાવીર અને ગોસાલક ને ચોર હોવાની શંકાને કારણે પકડવામાં આવ્યા.
कूहंड	*दे.*	*कुष्माण्ड*	કુષ્માણ્ડ	આ અને 'કુહંડ' એક છે.
केइयअद्ध	*ऐ.*	*केकयार्द्ध*	કેકયાર્દ્ધ	જુઓ 'કેકયદ્ધ'.
केउ	*दे.ज.*	*केतु*	કેતુ	અઠ્યાસી ગ્રહમાંનો એક. જુઓ 'ભાવકેઉ'.
केउअ / केउग	*भौ.*	*केतुक / केयूप*	કેતુક / કેયૂપ	દક્ષિણમાં લવણસમુદ્રની મધ્યમાં આવેલો મહા–પાતાલ કલશ.
१. केउमती	*आ.*	*केतुमती*	કેતુમતી	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું અઢારમું અધ્યયન.
२. केउमती	*दे.*	*केतुमती*	કેતુમતી	કિંનર ઇંદ્રની બીજી મુખ્ય પત્ની. તે પૂર્વભવમાં વેપારીની પુત્રી હતી.
केऊअ	*भौ.*	*केयूप*	કેયૂપ	આ અને 'કેઉઅ' એક છે.
१. केकइ	*च.*	*कैकयी*	કૈકયી	વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ભરતક્ષેત્રમાં થયેલ આઠમા વાસુદેવ નારાયણની માતા. તે દશરથની પત્ની હતી. તે 'કેગમઈ' નામે જાણીતી હતી. ટીકાકાર તેનું બીજું નામ સુમિત્રા નોંધે છે.
२. केकइ	*च.*	*कैकयी*	કૈકયી	વિદેહ ક્ષેત્રમાં થયેલા વાસુદેવ બિભીસણની માતા. તે વીતસોગાના રાજા જિતશત્રુની પત્ની હતી.
केकय	*ऐ.*	*कैकय*	કૈકય	એક અનાર્ય દેશ, તેનો અડધો ભાગ આર્યક્ષેત્રમાં સમાવિષ્ટ હતો. તે કક્કેય તરીકે પણ પ્રસિદ્ધ હતો. તેની એકતા આરિય દેશોમાં સમાવિષ્ટ અને કેકયદ્ધ તરીકે ઓળખાતા દક્ષિણ કેકયથી અલગ ઉત્તરના પર્વતાળ ક્ષેત્ર સાથે સ્થાપી શકાય.

केकयद्ध	*ऐ.*	*केकयार्ध*	કેકયાર્ધ	કેકય દેશનો અડધો ભાગ જેનું પાટનગર સેયવિયા હતું. તે કેકયના દક્ષિણ ભાગમાં આવેલું આર્યક્ષેત્ર હતું. તેમાં ૭૦૦૦ ગામ હતા.
केकयी	*च.*	*कैकयी*	કૈકયી	જુઓ 'કેકઈ'(૨).
केगमइ	*च.*	*केकमती*	કેકમતી	આ અને 'કેકઈ'(૧) એક છે.
केतलिपुत्त	*श्र.प्र.*	*केतलिपुत्र*	કેતલિપુત્ર	આ અને તેતલિપુત્ર એક છે.
केतु	*दे.ज.*	*केतु*	કેતુ	જુઓ 'કેઉ'.
केतुमती	*दे.*	*केतुमती*	કેતુમતી	જુઓ 'કેઉમતી'.
केयइअद्ध	*ऐ.भौ.*	*केकयार्ध*	કેકયાર્ધ	જુઓ 'કેકયદ્ધ'.
केययअद्ध	*ऐ.भौ.*	*केकयार्ध*	કેકયાર્ધ	જુઓ 'કેકયદ્ધ'.
केयलि	*श्र.प्र.*	*केतलि*	કેતલિ	આ અને તેતલિપુત્ર એક છે.
केरिसविउव्वणा	*आ.*	*कीदृग्विकुर्वणा*	કીદૃગ્ વિકુર્વણા	ભગવતીસૂત્રના ત્રીજા શતકનો પહેલો ઉદ્દેશક.
केलास	*भौ.*	*कैलाश*	કૈલાશ	જુઓ 'કઈલાસ'.
केवलि	*आ.*	*केवलिन्*	કેવલિન્	ભગવતીસૂત્રના ચૌદમા શતકનો દસમો ઉદ્દેશક અને અઢારમા શતકનો સાતમો ઉદ્દેશક.
केसर	*ऐ.*	*केसर*	કેસર	કંપિલ્લપુર નગરની બહાર આવેલું ઉદ્યાન.
१. केसरि	*च.*	*केसरिन्*	કેસરિન્	આવતી ઉત્સર્પિણીમાં ભરત ક્ષેત્રમાં થનારા ચોથા પ્રતિશત્રુ.
२. केसरि	*भौ.*	*केसरिन्*	કેસરિન્	નીલવંત પર્વત ઉપર આવેલું સરોવર. સીતા નદી તેમાંથી નીકળે છે.
१. केसव	*च.*	*केशव*	કેશવ	કૃષ્ણનું બીજું નામ.
२. केसव	*ती.*	*केशव*	કેશવ	પ્રભંકરા નગરીના વૈદ્ય સુવિધિનો પુત્ર. આ કેસવ, ઋષભનો પૂર્વભવ હતો.
३. केसव	*च.*	*केशव*	કેશવ	આ અને વાસુદેવ એક છે.
१. केसि	*श्र.*	*केशिन्*	કેશિન્	તીર્થંકર પાર્શ્વની પરંપરાના આચાર્ય. તે કુમાર–સમણ નામથી પણ જાણીતા હતા.
२. केसि	*क.*	*केशिन्*	કેશિન્	વીતીભયના રાજા ઉદાયનનો ભાણેજ. ઉદાયને પોતાનું રાજ પુત્રના બદલે કેસીને આપીને સંસાર ત્યાગી શ્રમણ બની ગયા. એકવાર શ્રમણ ઉદાયન વીતીભય આવ્યા. કેસીએ માની લીધું કે ઉદાયન રાજ પાછું લેવા આવ્યા છે, તેથી તેણે ઉદાયનને ઝેર આપી મારી નાખ્યા. જુઓ 'કુંભારપક્ખેવ'.
३. केसि	*अ.*	*केशिन्*	કેશિન્	શ્રમણીનો પુત્ર જેનો ગર્ભ શ્રમણીએ સંભોગ વિના ધારણ કર્યો હતો.
४. केसि	*अ.*	*केशिन्*	કેશિન્	કંસ(૨)નો ઘોડો. વાસુદેવ કૃષ્ણ દ્વારા તે ઘોડો હણાયો હતો.

५. केसि	*च.*	*केशिन्*	કેશિન્	આ અને કેસવ(૩) એક છે.
केसिकपुव्विक	*भौ.*	*केशिकपूर्विक*	કેશિકપૂર્વિક	કાલિકેય સમાન દેશ.
केसिगोयमिज्ज	*आ.*	*केशिगौतमीय*	કેશિગૌતમીય	ઉત્તરાધ્યયનનું તેવીસમું અધ્યયન. તેના વિષય વસ્તુ માટે જુઓ કેસિ(૧).
कोअगड	*ऐ.*	*कूपकट*	કૂપકટ	૨૩ માં તીર્થંકર પાર્શ્વએ જ્યાં પારણુ કરેલું તે સ્થળ
१. कोंकण	*ऐ.*	*कोङ्कण*	કોઙ્કણ	એક અનાર્ય દેશ.
२. कोंकण	*क.*	*कोङ्कण*	કોઙ્કણ	કોંકણ(૧)નો વતની. જુઓ કોંકણઅ.
१. कोंकणअ	*क.*	*कौङ्कणक*	કોઙ્કણક	ગુન્હો કરવાના કારણે જેને રાજા દ્વારા દેશ નિકાલ કરવામાં આવેલ છે તે વ્યક્તિ.
२. कोंकणअ	*क.*	*कौङ्कणक*	કોઙ્કણક	જેણે ઘોડાને હણેલો પણ સાચું બોલવાના લીધે રાજાએ જેને માફી આપેલી તે ઉપાસક બાળક.
३. कोंकणअ	*क.*	*कौङ्कणक*	કોઙ્કણક	જુઓ 'કોંકણગસાહુ'.
१. कोंकणग	*क.*	*कौङ्कणक*	કોઙ્કણક	જુઓ કોંકણઅ(૧) અને કોંકણગસાહુ.
२. कोंकणग	*श्र.*	*कौङ्कणक*	કોઙ્કણક	ધ્યાનાવસ્થામાં પણ દુન્યવી બાબતોનો જ વિચાર કરવાની ટેવ વાળા શ્રમણ.
कोंकणगदारअ	*अ.*	*कौङ्कणकदारक*	કોઙ્કણકદારક	જુઓ 'કુંકણગદારઅ'.
कोंकणगदारग	*अ.*	*कौङ्कणकदारक*	કોઙ્કણકદારક	જુઓ 'કુંકણગદારઅ'.
कोंकणगसाहु	*क.*	*कौङ्कणकसाधु*	કોઙ્કણકસાધુ	એક વાર એક સાધુ પોતાના આચાર્ય ગુરુ અને સાથી સાધુઓ સાથે રાતે જંગલમાં રોકાયો. જંગલમાં જંગલી જાનવરોનો ભય હોવાથી ચોકી કરવાનું કામ તેને સોંપવામાં આવ્યું. તેણે એક પછી એક ત્રણ સિંહોને મારી નાખ્યા અને બધાના જીવ બચાવ્યા. પોતે કરેલી હિંસા બદલ તેણે અનુરૂપ પ્રાયશ્ચિત્ત કર્યું.
कोंच	*ऐ.अ.*	*क्रौञ्च*	ક્રૌંચ	એક અનાર્ય દેશ અને તેના લોકો.
कोंचवर	*भौ.*	*क्रौञ्चवर*	ક્રૌંચવર	એક વલયાકાર દ્વીપ.
कोंचस्सरा	*दे.*	*क्रौञ्चस्वरा*	ક્રૌંચસ્વરા	વિદ્યુતકુમાર દેવોનો ઘંટ.
कोंडलमेंढ	*दे.*	*कुण्डलमेण्ठ*	કુંડલમેણ્ઠ	ભરુચનો વ્યંતર દેવ.
कोंडरीक	*क.*	*कण्डरीक*	કણ્ડરીક	જુઓ 'કંડરીય'.
कोंडियायण	*ऐ.गो.*	*कुण्डिकायन*	કુણ્ડિકાયન	વૈશાલીમાં આવેલું ચૈત્ય જ્યાં ગોસાલકે પોતાનો છઠ્ઠો પ્રવૃતપરિહાર (પરશરીરપ્રવેશ) કર્યો હતો.
कोंती	*च.*	*कुन्ती*	કુન્તી	જુઓ 'કુંતી'.
कोंबोय	*ऐ.*	*कम्बोज*	કમ્બોજ	જુઓ 'કંબોય'.
कोकास	*क.*	*कोकास*	કોકાસ	સોપારગનો સુથાર. તેણે વિમાન જેવું યન્ત્ર બનાવેલુ જેના વડે માણસ આકાશમાં મુસાફરી કરી શકે
१. कोच्छ	*अ.*	*कौत्स*	કૌત્સ	એક ગોત્ર, જેની સાત શાખા હતી– કોચ્છ, સોમય મુદ્ગલાયન, પિંગલાયણ, કોડીણ, મોંડલિ, હારિય.

२. कोच्छ	भौ.	कुत्स / कोत्स	કુત્સ / કોત્સ	મહાવીરના સમયમાં ૧૬ રાજ્યો હતા તેમાંનું એક.
कोट्टकिरिया	दे.	कोट्टक्रिया	કોટ્ટક્રિયા	મહિષાસુર પર ચડી તેને કાપતી દુર્ગાનું બીજું નામ.
कोट्टवीर	श्र.	कोट्टवीर	કોટ્ટવીર	શિવભૂતિ(૧)ના બે શિષ્યોમાંનો એક.
कोट्ठ	ऐ.	कोष्ठ	કોષ્ઠ	જુઓ 'કોટ્ઠઅ'.
१. कोट्ठअ	ऐ.	कोष्ठक	કોષ્ઠક	શ્રાવસ્તીની ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન કે ચૈત્ય, ત્યાં તીર્થંકર મહાવીર તેમજ જમાલિ ગયા હતા.
२. कोट्ठअ	ऐ.	कोष्ठक	કોષ્ઠક	વાણારસી પાસે આવેલું ઉદ્યાન તેમજ ચૈત્ય.
कोट्ठग	ऐ.	कोष्ठक	કોષ્ઠક	જુઓ 'કોટ્ઠઅ'.
कोडाल	अ.	कोडाल	કોડાલ	દેવાનંદાના પતિ ઋષભદત્ત અને આચાર્ય કામર્દ્ધી જે ગોત્રના હતા તે ગોત્ર.
कोडिगार	अ.	कोटिकार	કોટિકાર	ઉદ્યોગ ધંધો કરનારાઓનું એક આરિય મંડળ.
१. कोडिण्ण	श्र.नि	कौण्डिन्य	કૌણ્ડિન્ય	મહાગિરિ આચાર્યના આઠ શિષ્યોમાંનો એક. ચોથો નિહ્નવ અશ્વમિત્ર તેનો શિષ્ય હતો.
२. कोडिण्ण	श्र.	कौण्डिन्य	કૌણ્ડિન્ય	શિવભૂતીના બે શિષ્યોમાંનો એક.
३. कोडिण्ण	अ.	कौण्डिन्य	કૌણ્ડિન્ય	વાસિટ્ઠ ગોત્રની એક શાખા. મહાવીરના દસમા અને અગિયારમા ગણધર આ શાખાના હતા. મહાવીરના પત્ની જસોયા પણ આ શાખાના હતા.
४. कोडिण्ण	अ.	कौटिल्य	કૌટિલ્ય	ન્યાયવહીવટના નિષ્ણાત. જુઓ 'કોડિલ્લય'.
५. कोडिण्ण	श्र.ता	कौण्डिन्य	કૌણ્ડિન્ય	એક તાપસ (પોતાના ૫૦૦ શિષ્યો સાથે)અષ્ટા–પદ પર્વતથી પાછા ફરતા ઇંદ્રભૂતીના શિષ્ય બન્યા
६. कोडिण्ण	ऐ.	कौण्डिन्य	કૌણ્ડિન્ય	જ્યાં રાજા રુપ્પિ(૧) રાજ કરતા હતા તે નગર.
कोडियगण	ती.अ	कोटिकगण	કોટિકગણ	મહાવીરની આજ્ઞામાં શ્રમણોના જે નવ ગણો હતા તેમાંનો એક.
कोडिल्लग	अ.	कौटिल्यक	કૌટિલ્યક	કૌટિલ્યનો અર્થશાસ્ત્ર ઉપરનો ગ્રન્થ. આ કૌટિલ્ય અને 'કોડિણ્ણ'(૪) એક છે.
कोडिवरिस	ऐ.	कोटिवर्ष	કોટિવર્ષ	લાઢ દેશનું પાટનગર. તેનો રાજા ચિલાત જાતિનો હતો.
कोडीण	अ.	कोटीन	કોટીન	કોચ્છ ગોત્રની સાત શાખાઓમાંની એક.
कोडीसर	अ.	कोटीश्वर	કોટીશ્વર	ગિરિનગરનો ધનિક વેપારી. દરેક વર્ષે ઝવેરાત થી ભરેલા ઘરને આગ લગાડતો. આ રીતે તે અગ્નિની પૂજા કરતો હતો માટે લોકો તેની પ્રશંસા કરતા હતા.
कोणिअ/कोणिक	श्रा.	कोणिक/कौणिक	કોણિક / કૌણિક	આ અને 'કૂણિઅ' એક છે.
कोत्तिय	अ.ता	कोत्रिक	કોત્રિક	જમીન ઉપર સૂનારા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ.
कोत्थ	भौ.	कौत्स	કૌત્સ	આ અને 'કોચ્છ'(૨) એક છે.
कोमलपसिण	आ.	कोमलप्रश्न	કોમલપ્રશ્ન	પ્રશ્નવ્યાકરણદશાનું અધ્યયન ૭, નાશ પામ્યું છે.
कोमुइया	च.	कौमुदिका	કૌમુદિકા	વાસુદેવ(૨) કૃષ્ણ(૧)ની ભેરી.

कोरंटग	*ऐ.*	*कोरण्टक*	કોરણ્ટક	ભરુઅચ્છનું ઉદ્યાન.
कोरव	*अ.*	*कौरव/कौरव्य*	કૌરવ / કૌરવ્ય	આ જ નામના આર્ય વંશમાં જન્મેલો.
कोलपाल	*दे.*	*कोलपाल*	કોલપાલ	જુઓ કોલવાલ.
कोलव	*अ.ज.*	*कौलव*	કૌલવ	અગિયાર કરણમાંનું ત્રીજું કરણ.
१. कोलवाल	*दे.*	*कोलपाल*	કોલપાલ	ભૂયાણંદ(૧)ના ચાર લોકપાલમાંનો એક. તેને ચાર મુખ્ય પત્નીઓ છે — સુજાતા(૩), સુણંદા(૪), સુભદ્રા (૧૪) અને સુમણા(૪).
२. कोलवाल	*दे.*	*कोलपाल*	કોલપાલ	ધરણ(૧)ના ચાર લોકપાલમાંનો એક. તેને ચાર મુખ્ય પત્ની છે. તેમના નામો કોલવાલ(૧)ની ચાર મુખ્ય પત્નીઓના નામો જેવા જ છે.
कोलालिय	*अ.*	*कौलालिक*	કૌલાલિક	માટીના વાસણો બનાવવામાં કે વેચવામાં રોકાયેલા માણસોનો એક ધંધાદારી આર્ય વર્ગ.
कोलिगिणी	*क.*	*कोलिकिनी*	કોલિકિની	જ્યારે ધાડપાડુઓ તેનું ઘર ફોડી અંદર ઘુસ્યા ત્યારે જે છોકરી સ્વગત બડબડતી હતી તે. તે બોલતી હતી, "મને મારા મામાના દીકરા સાથે પરણાવવામાં આવશે. પછી અમને એક ચંડ નામનો દીકરો થશે. પછી હું તેને આમ મોટેથી બોલાવીશ — 'ચંડ અહીં આવ, ચંડ અહીં આવ.'' આ બોલાવવાની બૂમ સાંભળી ધાડપાડુઓ ઝટપટ ભાગી ગયા.
कोल्लइर	*ऐ.*	*कोल्लकिर*	કોલ્લકિર	પોતાના જીવનના ઉત્તરભાગમાં સંગમથેર જે નગર માં રહ્યા હતા તે નગર. આ અને કુલ્લઈર એક છે.
कोल्लयग्गाम	*ऐ.*	*कोल्लकग्राम*	કોલ્લકગ્રામ	આ અને કોલ્લાઅ એક છે.
कोल्लयर	*ऐ.*	*कोल्लकर*	કોલ્લકર	આ અને કોલ્લઈર એક છે.
१. कोल्लाअ	*ऐ.*	*कोल्लाक*	કોલ્લાક	વાણિયગામની ઉત્તરપૂર્વમાં આવેલો સન્નિવેશ. ઉપાસક આનંદ(૧૧) પોસહસાલામાં તપ કરવા માટે વાણિયગામથી ત્યાં ગયો હતો. તીર્થંકર મહાવીરે પોતાનું સૌપ્રથમ પારણુ અહીં બ્રાહ્મણ બહુલ(૨)ના ઘરે કર્યું હતું.
२. कोल्लाअ	*ऐ.*	*कोल्लाक*	કોલ્લાક	સન્નિવેશ જે નાલંદાથી બહુ દૂર ન હતો. મહાવીરે નાલંદામાં પોતાના બીજા વર્ષાવાસ દરમિયાન ચોથા માસખમણના પારણાના પ્રસંગે બ્રાહ્મણ બહુલ(૪) પાસેથી અહીં ભિક્ષા ગ્રહણ કરી હતી. ગોસાલકે પોતે એકતરફી (પોતાના તરફથી) મહાવીરને ગુરુ તરીકે અહીં સ્વીકાર્યા હતા.
कोल्लाग	*ऐ.*	*कोल्लाक*	કોલ્લાક	આ અને 'કોલ્લાઅ' એક છે.
कोवकड	*ऐ.*	*कूपकट*	કૂપકટ	જુઓ 'કોઅગડ'.

कोसंबवण	*ऐ.भौ.*	*कौशाम्बवन*	કૌશામ્બવન	તે જંગલ, જ્યાં જરાકુમાર વડે વાસુદેવ કૃષ્ણ મરાયા. તે હસ્તિકલ્પની દક્ષિણે આવેલ હતું.
कोसंबी	*ऐ.*	*कौशम्बी*	કૌશમ્બી	આર્ય દેશ વત્સ(૧)નું પાટનગર. તે આર્ય પ્રદેશની દક્ષિણ સીમા ગણાતુ હતું. તેમાં ચંદોતરણ નામનું ઉદ્યાન હતું. શતાનિક, અજિતસેન વગેરે રાજા અહીં રાજ કરતા હતા. પ્રદ્યોત અને અવંતિસેન રાજાએ તેના ઉપર આક્રમણ કર્યું હતું. મહાવીરે લીધેલો અભિગ્રહ ચંદના દ્વારા આ નગરમાં પૂર્ણ થયો હતો.
कोसल	*ऐ.*	*कोशल*	કોશલ	એક આર્ય દેશ, જેનું પાટનગર સાકેત અર્થાત્ અયોધ્યાહતું. તેનું નામ કોસલ એટલા માટે પડ્યું કારણ કે તેના લોકો કુશલ હતા. કાસી અને કોસલના અઢાર મિત્ર રાજાઓ હતા. મહાવીરના શિષ્ય સુનક્ષત્ર આ દેશનો હતો.
कोसला	*ऐ.*	*कोशला*	કોશલા	અયોધ્યાનું બીજું નામ. તીર્થંકર મહાવીરના નવમા ગણધર અચલ(૭) આ નગરના હતા. જીવંત સ્વામિની મૂર્તિ આ નગરમાં હતી.
कोसलाउर	*ऐ.*	*कोशलापुर*	કોશલાપુર	આ અને કોસલા એક છે.
१. कोसलिअ	*अ.*	*कौशलिक*	કૌશલિક	વાણારસી નગરો રાજા. ભદ્રા તેની પુત્રી હતી.
२. कोसलिअ	*ती.*	*कौशलिक*	કૌશલિક	તીર્થંકર ઋષભનું બીજું નામ. તે કોસલ દેશમાં જન્મ્યા હોવાથી તેમનું આ નામ પડી ગયુ હતુ.
कोसा	*क.*	*कोशा*	કોશા	પાડલિપુત્ર નગરની ગણિકા. કોઈપણ જાતના વ્રત દોષ કે અતિચાર વિના થૂલભદ્ર તેની સાથે લાંબો વખત રહ્યા હતા. થૂલભદ્રની નકલ કરી તેની સાથે રહેનાર અન્ય મુનિને તેણે સન્માર્ગે વાળ્યા,. ઉવકોસા તેની નાની બહેન હતી.
१. कोसिअ	*ती.*	*कौशिक*	કૌશિક	કોલ્લાઅ(૨) સન્નિવેશનો બ્રાહ્મણ જે મરીચીનો ઉત્તર ભવ અને તીર્થંકર મહાવીરનો પૂર્વભવ હતો.
२. कोसिअ	*क.ता*	*कौशिक*	કૌશિક	કનકખલ નામના આશ્રમના મુખ્ય તાપસ. અતિ ક્રોધી હોવાથી તે ચંડકૌશિકના નામથી પણ ઓળખાતા. મૃત્યુ પછી તે જ નામ ધરાવતા ઝેરી સાપ તરીકે તે જન્મ્યા.
३. कोसिअ	*ती.अ.*	*कौशिक*	કૌશિક	સિદ્ધત્થપુરનો ઘોડાઓનો વેપારી. મહાવીરને ચોર માની તેમને તેણે પકડ્યા હતા. પણ પછીથી તેણે તેમને છોડી દીધા હતા. બીજી પરંપરા પ્રમાણે તે વેપારીએ મુસાફરી કરતી વખતે મહાવીર સામે મળવાથી અપશુકન થયા એમ માની મહાવીર ઉપર હુમલો કરવા પ્રયત્ન કર્યો હતો.

४. कोसिअ	*श्र.*	*कौशिक*	કૌશિક	ચંપાના આચાર્ય. તેમને બે શિષ્યો હતા — 'અંગરિસિ અને રુદ્રઅ'.
५. कोसिअ	*अ.*	*कौशिक*	કૌશિક	'સંડિલિઅ'(૧) વગેરે જે ગોત્રના હતા તે ગોત્ર. તેની સાત શાખાઓ છે — કોસિઅ, કચ્ચાયણ, સાલંકાયણ, ગોલિકાયણ, પક્ખીકાયણ, અગ્નિચ્ચ અને લોહિય. જમાલિ કોસિઅ ગોત્રનો હતો.
६. कोसिअ	*अ.ज.*	*कौशिक*	કૌશિક	હસ્તનક્ષત્રનું ગોત્રનામ.
कोसिअज्ज	*श्र.*	*कौशिकार्य*	કૌશિકાર્ય	આ અને 'કોસિઅ' એક છે.
कोसितज्ज	*ती.*	*कौशिकार्य*	કૌશિકાર્ય	આ અને 'કોસિઅ' એક છે.
कोसिय	*अ.ज.*	*कौशिक*	કૌશિક	જુઓ કોસિઅ.
कोसियज्ज	*श्र.*	*कौशिकार्य*	કૌશિકાર્ય	આ અને કૌશિક એક છે.
कोसिया	*भौ.*	*कोशिका*	કોશિકા	આ અને 'કોસિ' એક છે.
कोसियासम	*क.*	*कौशिकाश्रम*	કૌશિકાશ્રમ	તે આશ્રમ, જ્યાં બે સર્પોએ પોતાના શરીરને કીડીઓને ખાઈ જવા દીધું.
कोसि	*भौ.*	*कोशी*	કોશી	આ અને 'કોસિયા' એક છે. ગંગાને મળતી પાંચ મુખ્ય નદીઓમાંની એક.
कोहंड	*दे.*	*कुष्माण्ड*	કુષ્માણ્ડ	આ અને કુહંડ એક છે.
खउड	*श्र.*	*खपुट*	ખપુટ	ગુડસત્થ નગરના યક્ષ દેવને કાબૂમાં કરનાર આચાર્ય. ભરુચમાં આવેલા સ્તૂપ બાબતે બૌદ્ધો એ ઊભી કરેલી મુશ્કેલીને શાંત કરવા તે ભરુચ ગયા હતા.
खंडकण्ण	*अ.*	*खण्डकर्ण*	ખણ્ડકર્ણ	ઉજ્જૈનીના રાજા પ્રદ્યોતનો મંત્રી.
खंडग	*भौ.*	*खण्डक*	ખણ્ડક	મહાવિદેહના કચ્છ પ્રદેશમાં આવેલા વૈતાઢ્ય(૧) પર્વત ના નવ શિખરોમાંનું એક. બીજા પ્રદેશોમાં પણ આવા શિખરો છે.
खंडपाणा	*क.*	*खण्डपाणा*	ખણ્ડપાણા	ઉજ્જૈનીના પુરાણા ઉદ્યાનમાં રહેતા ચાર ધૂતારામાં ની એક ધૂતારી. આ અને 'ખંડા' એક છે. જુઓ ધુર્તાખ્યાન.
खंडप्पवायगुहा	*भौ.*	*खण्डप्रपातगुहा*	ખણ્ડપ્રપાતગુફા	વૈતાઢ્ય પર્વતની ગુફા. તે ૫૦ યોજન પહોળી અને આઠ યોજન ઊંચી છે. નૃત્યમાલક દેવ તેમાં રહે છે ચક્રવર્તીની સેનાને માટે ઉત્તર ભારતથી દક્ષિણ ભારત(૨) પાછા ફરવાનો માર્ગ આ ગુફા છે.
खंडप्पवायगुहा कूड	*भौ.*	*खण्डप्रपातगुहा कूट*	ખણ્ડપ્રપાતગુફા-કૂટ	વૈતાઢ્ય(૨) પર્વતના નવ શિખરોમાંનું એક. તેનો અધિષ્ઠાતા દેવ ણટ્ટમાલઅ છે.
खंडा	*अ.*	*खण्डा*	ખણ્ડા	આ અને ખંડપાણા એક છે.

खंडोट्ठि	*क.*	*खण्डौष्ठि*	ખણ્ડૌષ્ઠિ	ઐરાવત ક્ષેત્રના રાજા જંબૂદાડિમ અને તેની રાણી શ્રીયાની દીકરી 'લક્ખણા'(૪)નો ઉત્તરભવ.
१. खंद	*क.गो*	*स्कन्द*	સ્કન્દ	પત્તકાલય ગામના મુખીનો દીકરો. એકવાર તેણે ગોસાલકને માર માર્યો હતો કારણ કે ગોસાલકે તેને અને તેની નોકરડીને સંભોગ કરતા જોઈ તેમની મશ્કરી કરી હતી.
२. खंद	*अ.*	*स्कन्द*	સ્કન્દ	કાર્તિકેયનું બીજું નામ.
३. खंद	*श्र.*	*स्कन्द*	સ્કન્દ	જુઓ સ્કંદક(૧).
१. खंदअ	*श्र.*	*स्कन्दक*	સ્કન્દક	શ્રાવસ્તીના રાજા જિતશત્રુ(૨૨) અને તેની રાણી ધારિણી(૨૨)નો પુત્ર. કુંભકારકડના રાજા દંડગિની પત્ની પુરંદરજસા તેની બહેન હતી. આ સ્કંદક સંસારનો ત્યાગ કરી વીસમા તીર્થંકર મુનિસુવ્રત ના શિષ્ય બન્યા હતા. પાલગે તેમને તેમના પાંચસો શિષ્યો સાથે ઘાણીએ પીલી નાખ્યા. સ્કંદક નિદાન (તીવ્ર ઇચ્છા) સાથે મરણ પામ્યા. તે દેવ તરીકે પુનર્જન્મ પામ્યા.
२. खंदअ	*श्र.ती.*	*स्कन्दक*	સ્કન્દક	માગ્રહ દેશના પરિવ્રાજક. તે કચ્ચાયણ ગોત્રના હતા. તે મહા વિદ્વાન હતા. પહેલાં તે ગદ્દભાલિના શિષ્ય હતા પરંતુ પછીથી પિંગલ(૧)એ પોતાને પૂછેલા જે પ્રશ્નોના ઉત્તરો પોતે આપી શક્યા ન હતા તે પ્રશ્નોના ઉત્તરો પોતાને મહાવીરે આપ્યા. એટલે તે મહાવીરના શિષ્ય બની ગયા. મૃત્યુ પછી અચ્યુત સ્વર્ગમાં તે દેવ થયા. ત્યાંથી તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે અને ત્યાં મોક્ષ પામશે.
खंदग	*श्र.*	*स्कन्दक*	સ્કન્દક	જુઓ સ્કંદક(૧).
१. खंदसिरी	*अ.*	*स्कन्दश्री*	સ્કન્દશ્રી	૫૦૦ ચોરની ટોળીના સરદાર વિજય(૧૬)ની પત્ની.
२. खंदसिरी	*अ.*	*स्कन्दश्री*	સ્કન્દશ્રી	રાજગૃહીના માળી અર્જુનની પત્ની. આ અને બંધુમતી એક જણાય છે. જુઓ અર્જુન(૧).
१. खंदिल	*श्र.*	*स्कन्दिल*	સ્કન્દિલ	બ્રહ્મદ્વીપ શાખાના સીહ(૩) આચાર્યનો શિષ્ય. બીજા દુકાળના અંતે વીરનિર્વાણ સંવત ૯૯૩માં આગમ વાચના માટે આ ખંદિલની અધ્યક્ષતામાં મથુરા(૧) માં શ્રમણસંઘ ભેગો થયો.
२. खंदिल	*श्र.*	*स्कन्दिल*	સ્કન્દિલ	તગરા નગરમાં રહેતા આચાર્યનો શિષ્ય.
खंभअ	*दे.ज.*	*स्तम्भक*	સ્તમ્ભક	રાહુ(૧)નું બીજું નામ.
खंभगणिधि	*क.*	*स्तम्भकनिधि*	સ્તમ્ભકનિધિ	અસગડાના પિતા.
खग्गपुरा	*ऐ.*	*खड्गपुरी*	ખડ્ગપુરી	મહાવિદેહના સુવગ્ગુ(૨) પ્રદેશનું પાટનગર.

खग्गी	*ऐ.*	*खड्गी*	ખડ્ગી	મહાવિદેહના આવત્ત(૧) પ્રદેશનું પાટનગર.
खत्तअ	*दे.ज.*	*क्षत्रक*	ક્ષત્રક	રાહુ(૧)નું બીજું નામ.
खत्तिअ/खत्तिय		*क्षत्रिय*	ક્ષત્રિય	એક આરિય (આર્ય) જાતિ.
खत्तियकुंडग्गाम	*ऐ.ती.*	*क्षत्रियकुण्डग्राम*	ક્ષત્રિયકુંડગ્રામ	કુંડગ્ગામના બે ભાગોમાંનો એક ભાગ જ્યાં તીર્થંકર મહાવીર જન્મ્યા હતા. તેને કુંડપુર પણ કહેવામાં આવે છે. તે માહણકુંડગ્ગામની પશ્ચિમે આવેલ હતો. જુઓ 'ખત્તિયકુંડપુર'.
खत्तियकुंडपुर	*ऐ.ती.*	*क्षत्रियकुण्डपुर*	ક્ષત્રિયકુંડપુર	જેને 'કુંડગ્ગામ' અને 'ઉત્તરખત્તિયકુંડપુર' પણ કહેવામાં આવે છે તે કુંડપુર અને આ ખત્તિયકુંડપુર એક છે.
खत्तियकुंडपुर-संनिवेश	*ऐ.*	*क्षत्रियकुण्डपुर–सन्निवेश*	ક્ષત્રિયકુંડપુર-સન્નિવેશ	જુઓ 'ખત્તિયકુંડપુર'.
खमअ	*क.ता*	*क्षमक*	ક્ષમક	કોસિઅ(૨)નો પૂર્વભવ.
१. खरअ	*अ.ता*	*खरक*	ખરક	મહાવીરના બે કાનમાં ગોવાળે ખોસેલા વાંસના ખીલાઓ ખેંચી કાઢનાર વૈદ્ય. તે મજ્ઝિમાપાવાનો રહેવાસી હતો.
२. खरअ	*दे.ज.*	*खरक*	ખરક	રાહુ(૧)નું બીજું નામ.
३. खरअ	*अ.*	*खरक*	ખરક	શાતવાહન રાજાનો મંત્રી.
खरग	*अ.ता*	*खरक*	ખરક	જુઓ 'ખરઅ'.
खरमुह	*ऐ.*	*खरमुख*	ખરમુખ	એક અનાર્ય. દેશ અને તેના લોકો.
खरसाविया	*अ.*	*खरसाविया*	ખરસાવિયા	જુઓ 'પુષ્કરસારિયા'.
खरस्सर	*दे.न.*	*खरस्वर*	ખરસ્વર	લોકપાલ જમ(૨)ના કુટુંબનો સભ્ય. તે નારકીઓને ત્રાસ આપે છે અને દેવોના પરમાધાર્મિક વર્ગનો છે
खरोट्टिआ	*अ.*	*खरोष्ट्रिका*	ખરોષ્ટ્રિકા	આ અને 'ખરોટ્ટી' એક છે.
खरोट्टी	*अ.*	*खरोष्ट्री*	ખરોષ્ટ્રી	અઢાર બ્રાહ્મી(૨) લિપિઓમાંની એક.
खलुंकिज्ज	*आ.*	*खलुंकीय*	ખલુંકીય	ઉત્તરાધ્યયનનું સત્તાવીસમું અધ્યયન.
खस	*ऐ.*	*खस*	ખસ	એક અનાર્ય દેશ અને તેના લોકો.
खहणागिरि	*ऐ.*			ગુફાવાળો ડુંગર.
खाडखड	*भौ.न*	*खाडखड*	ખાડખડ	પંકપ્રભા નામના ચોથા નરકમાં આવેલા છ મહાનરક વાસસ્થાનોમાંનું એક.
खातरस	*भौ.*	*खादरस*	ખાદરસ	આ અને 'ખોદોદ' એક છે.
खातवर	*भौ.*	*खादवर*	ખાદવર	આ અને 'ખોદવર' એક છે.
खातोदअ/खातोदग	*भौ.*	*खातोदक*	ખાતોદક	આ અને 'ખોદોદ' એક છે.
खारायण	*अ.*	*क्षारायण*	ક્ષારાયણ	મંડવ ગોત્રની સાત શાખાઓમાંની એક.

खासिय	*अ.*	*खासिक*	ખાસિક	એક અનાર્ય જાતિ અને તેના લોકો.
१. खिइपइट्ठिय	*ऐ.भौ.*	*क्षितिप्रतिष्ठित*	ક્ષિતિપ્રતિષ્ઠિત	અવરવિદેહ ક્ષેત્રનું નગર. વેપારી ધન(૪), જે ઋષભ (૧)નો પૂર્વભવ હતો તે આ નગરનો હતો.
२. खिइपइट्ठिय	*ऐ.भौ.*	*क्षितिप्रतिष्ठित*	ક્ષિતિપ્રતિષ્ઠિત	જે નગરમાં જિતશત્રુ(૨૦), પ્રસન્નચંદ્ર વગેરે રાજા રાજ કરતા હતા તે, ભરત ક્ષેત્રમાં આવેલા મગધનું નગર. અર્હન્નક, અર્હમિત્ર અને ધન તેના રહેવાસી હતા. કરકંડુ આ નગરમાં આવ્યા હતા. ઉત્તરકાળે તેની જગ્યાએ ચણગપુરની સ્થાપના થઈ.
खिति	*ऐ.भौ.*	*क्षिति*	ક્ષિતિ	આ અને 'खिइपइट्ठिय'(२) એક છે.
खितिपतिट्ठ	*ऐ.भौ.*	*क्षितिप्रतिष्ठ*	ક્ષિતિપ્રતિષ્ઠ	આ અને 'खिइपइट्ठिय'(२) એક છે.
खितिपतिट्ठिय	*ऐ.भौ.*	*क्षितिप्रतिष्ठित*	ક્ષિતિપ્રતિષ્ઠિત	જુઓ 'खिइपइट्ठिय'(२).
खिप्पगइ	*दे.*	*क्षिप्रगति*	ક્ષિપ્રગતિ	દિસાકુમાર દેવોના બે ઇન્દ્રોમાંથી પ્રત્યેકનો એક એક લોકપાલ. એ બે લોકપાલોમાંથી પ્રત્યેકને ધરણ અને ભૂતાનંદના લોકપાલો જેવી જ ચાર ચાર મુખ્ય પત્નીઓ છે.
खीरदीव	*भौ.*	*क्षीरद्वीप*	ક્ષીરદ્વીપ	આ અને 'खीरवर द्वीप' એક છે.
१. खीरवर	*भौ.*	*क्षीरवर*	ક્ષીરવર	એક વલયાકાર દ્વીપ જે ખીરોદ સમુદ્રથી ઘેરાયેલો છે. પુંડરીક(૮) અને પુષ્કરદંત તેના અધિષ્ઠાતા દેવો છે.
२. खीरवर	*भौ.*	*क्षीरवर*	ક્ષીરવર	આ સમુદ્ર અને 'खीरोद' બંને સમાન છે..
खीरसमुद्द	*भौ.*	*क्षीरसमुद्र*	ક્ષીરસમુદ્ર	આ અને 'खीरोद' એક છે.
खीरोद	*भौ.*	*क्षीरोद*	ક્ષીરોદ	खीरवर द्वीपને ઘેરી વળેલો સમુદ્ર. વિમલ(૧૨) અને વિમલપ્પભ તેના અધિષ્ઠાતા દેવો છે.
खीरोदग	*भौ.*	*क्षीरोदक*	ક્ષીરોદક	આ અને खीरोद એક છે.
खीरोदा	*भौ.*	*क्षीरोदा*	ક્ષીરોદા	જંબૂદ્વીપમાં સીતોદા નદીની દક્ષિણે અને મેરુ પર્વતની પશ્ચિમે વહેતી નાની નદી (અંતરનદી).
खीरोय	*भौ.*	*क्षीरोद*	ક્ષીરોદ	આ અને खीरोद એક છે.
खुड्डगकुमार	*श्र.*	*क्षुल्लककुमार*	ક્ષુલ્લકકુમાર	જસભદ્રા અને તેના પતિ खंडरीय(२)નો પુત્ર. તેની માતા સંસાર ત્યાગી શ્રમણી બન્યા પછી તેનો જન્મ થયો હતો. તે પણ માતાને અનુસરી સંસાર ત્યાગી अङ्गसेण(१)નો શિષ્ય બન્યો. એકવાર તેણે શ્રમણત્વ છોડી દીધું પણ साकेतની गणिकाના સાથી દ્વારા ગવાયેલા ગીતથી પ્રેરાઇને તેણે પાછું શ્રમણત્વ સ્વીકારી લીધું.
खुड्डगगणि	*श्र.*	*क्षुल्लकगणिन्*	ક્ષુલ્લકગણિન્	પ્રશ્નોના ઉત્તરો આપવામાં ખૂબ કુશળ ગણી શ્રમણ. તેમણે मरुंड(२) સાથે ચર્ચા કરી હતી.

खुड्डगणियंठिज्ज	*आ.*	*क्षुल्लकनिर्ग्रन्थीय*	ક્ષુલ્લકનિર્ગ્રન્થીય	ઉત્તરાધ્યયનનું છઠ્ઠું અધ્યયન. આ અને 'णियंठि' અથવા 'पुरिसविज्जा' એક છે.
खुड्डियायारकहा	*आ.*	*क्षुल्लिकाचारकथा*	ક્ષુલ્લિકાચારકથા	દશવૈકાલિકનું ત્રીજું અધ્યયન.
खुड्डियायारग	*आ.*	*क्षुल्लिकाचारक*	ક્ષુલ્લિકાચારક	આ અને 'खुड्डियायारकहा' એક છે.
१. खुड्डियाविमा-णपविभत्ति	*आ.*	*क्षुल्लिकाविमान-प्रविभक्ति*	ક્ષુલ્લિકાવિમાન-પ્રવિભક્તિ	એક કાલિક આગમગ્રન્થ જે ૧૧ વર્ષ શ્રમણ-જીવનના પૂરા કર્યા હોય તેવા સાધુને ભણાવાય.
२. खुड्डियाविमा-णपविभत्ति	*आ.*	*क्षुल्लिकाविमान-प्रविभक्ति*	ક્ષુલ્લિકાવિમાન-પ્રવિભક્તિ	સંક્ષેપિતદશાનું એક અધ્યયન. આ અને खुड्डिया-विमाणपविभत्ति(१) એક જણાય છે.
खेत्तअ	*दे.ज.*	*क्षेत्रक*	ક્ષેત્રક	રાહુ(१)નું બીજું નામ.
खेम	*क.*	*क्षेम*	ક્ષેમ	પાડલિપુત્રના રાજા જિતશત્રુ(४१)નો મંત્રી. એક વાર મગરોથી ભરપૂર સરોવરમાંથી કમળ તોડી લાવવા માટે રાજાએ તેને આજ્ઞા કરી હતી.
१. खेमअ	*आ.*	*क्षेमक*	ક્ષેમક	અંતકૃદ્દશાના છઠ્ઠા વર્ગનું પાંચમું અધ્યયન.
२. खेमअ	*श्र.*	*क्षेमक*	ક્ષેમક	કાગંદી નગરીનો વેપારી. તે સંસારનો ત્યાગ કરી મહાવીરનો શિષ્ય બન્યો. १६ વર્ષ શ્રમણજીવનની સાધના પછી વિપુલ પર્વત ઉપર તે મોક્ષ પામ્યા.
१. खेमंकर	*अ.*	*क्षेमङ्कर*	ક્ષેમઙ્કર	ઐરાવતક્ષેત્રના ચોથા ભાવિ કુલકર. જુઓ કુલકર.
२. खेमंकर	*दे.ज.*	*क्षेमङ्कर*	ક્ષેમઙ્કર	અઠ્યાસી ગ્રહમાંનો એક.
३. खेमंकर	*अ.*	*क्षेमङ्कर*	ક્ષેમઙ્કર	ભરત ક્ષેત્રના ત્રીજા ભાવિ કુલકર. જુઓ કુલકર.
४. खेमंकर	*अ.*	*क्षेमङ्कर*	ક્ષેમઙ્કર	વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ભરત ક્ષેત્રમાં થયેલા પંદર કુલકરમાંથી પાંચમાં કુલકર.
१. खेमंधर	*अ.*	*क्षेमन्धर*	ક્ષેમન્ધર	વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ભરતક્ષેત્રમાં થયેલા પંદર કુલકરમાંથી છઠ્ઠા કુલકર.
२. खेमंधर	*अ.*	*क्षेमन्धर*	ક્ષેમન્ધર	ભરત ક્ષેત્રના ચોથા ભાવિ કુલકર. જુઓ કુલકર.
३. खेमंधर	*अ.*	*क्षेमन्धर*	ક્ષેમન્ધર	ઐરાવતક્ષેત્રના પાંચમાં ભાવિ કુલકર.
खेमपुरा	*भौ.*	*क्षेमपुरा*	ક્ષેમપુરા	મહાવિદેહના સુકચ્છ પ્રદેશનું પાટનગર.
खेमा	*ऐ.*	*क्षेमा*	ક્ષેમા	મહાવિદેહના કચ્છ(१) પ્રદેશનું પાટનગર.
खोडमुह	*अ.*	*खोटमुख*	ખોટમુખ	આ અને घोडगमुह એક છે.
खोतरस	*भौ.*	*क्षोदरस*	ક્ષોદરસ	આ અને खोदवर એક છે.
खोतवर	*भौ.*	*क्षोदवर*	ક્ષોદવર	આ અને खोदोद એક છે.
खोदवर	*भौ.*	*क्षोदवर*	ક્ષોદવર	ઘૃતોદસમુદ્રને ઘેરતો વલયાકાર દ્વીપ. સુપ્રભ અને મહાપ્રભ તેના અધિષ્ઠાતા દેવો છે. તે અને 'इक्खुवरदीव' એક છે.
खोदोद	*भौ.*	*क्षोदोद*	ક્ષોદોદ	ખોદવર દ્વીપને ઘેરતો સમુદ્ર. પૂર્ણભદ્ર(११) અને માણિભદ્ર(८) તેના અધિષ્ઠાતા દેવો છે. તે અને इक्खुवरसमुद्द એક છે.

खोमगपसिण	*आ.*	*क्षौमकप्रश्न*	ક્ષૌમકપ્રશ્ન	પ્રશ્નવ્યાકરણદશા અધ્યયન ૬. તે નાશ પામેલ છે.
खोयोद	*भौ.*	*क्षोदोद*	ક્ષોદોદ	આ અને 'ખોદોદ' એક છે.
गअ	*आ.*	*गज*	ગજ	અંતકૃદ્દશાના ત્રીજા વર્ગનું આઠમું અધ્યયન જેમાં ગયસુકુમાલ(૧)ની કથા છે.
गइप्पवाय	*आ.*	*गतिप्रपात*	ગતિપ્રપાત	ભગવતીસૂત્રનો તે ઉદ્દેશક જેમાં જીવોની પાંચ પ્રકારની ગતિનું નિરૂપણ છે.
गंग	*श्र.नि*	*गङ्ग*	ગઙ્ગ	ધનગુપ્તનો શિષ્ય અને મહાગિરિનો પ્રશિષ્ય. તેને પાંચમાં નિહ્નવ (સત્યને છૂપાવી ખોટો સિદ્ધાંત રજૂ કરનાર) ગણવામાં આવે છે. તે વીર નિર્વાણ સંવત ૨૨૮માં હયાત હતા. ઉલ્લુગા નદીને પાર કરતી વખતે ઉલ્લુગતીરમાં ગંગે દોકિરિયનો સિદ્ધાંત પ્રવર્તાવ્યો. તે ગંગેય(૪) તરીકે પણ જાણીતા છે.
१. गंगदत्त	*श्र.*	*गङ्गदत्त*	ગઙ્ગદત્ત	છઠ્ઠા બલદેવ આનંદ(૧)ના અને છઠ્ઠા વાસુદેવપુરિસપુંડરીઅના પૂર્વભવોના ધર્મગુરુ.
२. गंगदत्त	*श्र.*	*गङ्गदत्त*	ગઙ્ગદત્ત	અતિ આસક્તિના કારણે સન્માર્ગથી ફંટાયા હતા તે મુનિ. આ મુનિ અને ગંગદત્ત(૪) સમાન છે.
३. गंगदत्त	*श्र.*	*गङ्गदत्त*	ગઙ્ગદત્ત	રાજગૃહીનો વેપારી. તે સંસાર ત્યાગી મહાવીરનો શિષ્ય બન્યો અને સોળ વર્ષના શ્રમણજીવનની સાધના પછી વિપુલ પર્વત ઉપર મોક્ષે ગયો.
४. गंगदत्त	*श्र.च.*	*गङ्गदत्त*	ગઙ્ગદત્ત	નવમા વાસુદેવ કૃષ્ણનો પૂર્વભવ. તે હસ્તિનાપુર ના વેપારીનો પુત્ર હતો. તેની માતાને તે બિલકુલ ગમતો ન હતો. તે માતૃપ્રેમથી સાવ વંચિત હતો. તેથી તે સંસાર છોડી સાધુ બની ગયો. તેની માતાના કારણે તેને હસ્તિનાપુરમાં તીવ્ર ઈચ્છા (નિદાન) જન્મી હતી. તેને પરિણામે તે મરીને દેવ થયો. પછી તેણે કૃષ્ણ તરીકે જન્મ લીધો. આ ગંગદત્ત અને ગંગદત્ત(૨) એક જણાય છે.
५. गंगदत्त	*आ.*	*गङ्गदत्त*	ગઙ્ગદત્ત	ભગવતીસૂત્રના સોળમાં શતકનો પાંચમો ઉદ્દેશક
६. गंगदत्त	*श्र.*	*गङ्गदत्त*	ગઙ્ગદત્ત	હસ્તિનાપુરનો વેપારી. સંસારનો ત્યાગી, વીસમાં તીર્થંકર મુનિસુવ્રતના શિષ્ય બન્યા. મૃત્યુ પછી તે મહાશુક્ર સ્વર્ગે દેવ બન્યા. એકવાર તે સ્વર્ગમાંથી મહાવીર પાસે આવ્યો અને મહાવીર પ્રત્યે ભક્તિ દર્શાવવા તેમની આગળ તેણે નાટક ભજવ્યું.
गंगदत्ता	*अ.*	*गङ्गदत्ता*	ગઙ્ગદત્તા	પાડલસંડના સાગરદત્ત(૫)ની પત્ની. તેમને ઉંબરદત્ત(૧) નામનો પુત્ર હતો.
गंगदेव	*श्र.*	*गङ्गदेव*	ગઙ્ગદેવ	આ અને ગંગ એક છે.
गंग-पासावच्चिज्ज	*श्र.*	*गङ्गपार्श्वापत्यीय*	ગઙ્ગપાર્શ્વાપત્યીય	આ અને ગંગેય(૩) એક છે.

गंगपुर	*ऐ.*	*गङ्गपुर*	ગઙ્ગપુર	દેવદત્તના પુનર્જન્મ અંગેના ભવિષ્યકથન સાથે જોડાયેલું નગર.
गंगप्पवायकुंड	*भौ.*	*गङ्गाप्रपातकुण्ड*	ગઙ્ગાપ્રપાતકુંડ	લઘુહિમવંતમાંથી નીકળતી ગંગાનો ધસમસતો જોરદાર પ્રવાહ જ્યાં પડે છે તે સરોવર. આ સરોવર ઉત્તર ભરત(૨) ક્ષેત્રમાં આવેલું છે. તે ગંગાકુંડથી જુદું છે અને ગંગપ્રપાતદ્રહ સમાન છે.
गंगप्पवायदह	*भौ.*	*गङ्गाप्रपातद्रह*	ગઙ્ગાપ્રપાતદ્રહ	આ અને ગંગપ્પવાયકુંડ એક છે.
गंगा	*भौ.*	*गङ्गा*	ગઙ્ગા	ભરતક્ષેત્રમાં આવેલી પાંચ મોટી નદીમાંની એક. તે લઘુહિમવંત પર્વત ઉપર આવેલા પદ્મદ્રહ નામના સરોવરમાંથી નીકળે છે. ગંગાવર્તનકૂડ આગળ વળાંક લઈ ગંગપ્રપાતકુંડમાં પડે છે. પછી ઉત્તર ભરત તરફ જાય છે, વૈતાઢ્ય પર્વતને પાર કરે છે અને તેને મળતી ૧૪૦૦૦ નદી સાથે લવણ સમુદ્ર ને મળે છે. અષ્ટાપદ પર્વત પાસે ખાઈ ખોદીને ચક્રવર્તી સગરના સાઠ હજાર પુત્રોએ તે ખાઈને ગંગા નદી સાથે જોડી દીધી. ગંગાને પાંચ મુખ્ય નદી મળે છે– જમુના, સરયુ, આદી, કોસી, મહી.
गंगाकुंड	*भौ.*	*गङ्गाकुण्ड*	ગઙ્ગાકુંડ	મહાવિદેહના કચ્છ પ્રદેશના ઉત્તરાર્ધમાં આવેલું સરોવર. તે નીલવંત પર્વતની દક્ષિણ સીમા ઉપર આવેલું છે. તે ઋષભકૂડની પૂર્વમાં અને ચિત્તકૂડ ની પશ્ચિમમાં છે.
गंगादीव	*भौ.*	*गङ्गाद्वीप*	ગઙ્ગાદ્વીપ	ગંગપ્રપાતકુંડની મધ્યમાં આવેલો દ્વીપ.
गंगादेवी	*दे.*	*गङ्गादेवी*	ગઙ્ગાદેવી	ગંગા નદીની અધિષ્ઠાત્રી દેવી.
गंगादेवीकूड	*भौ.*	*गङ्गादेवीकूट*	ગઙ્ગાદેવીકૂટ	લઘુહિમવંત પર્વતના અગિયાર શિખરોમાંનું એક.
गंगादेवीभवण	*ऐ.*	*गङ्गादेवीभवन*	ગઙ્ગાદેવીભવન	ગંગાદ્વીપની મધ્યમાં આવેલો ગંગાદેવી નામની દેવીનો મહેલ.
गंगावत्तणकूड	*भौ.*	*गङ्गावर्तनकूट*	ગઙ્ગાવર્તનકૂટ	પદ્મદ્રહની પૂર્વમાં પાંચસો યોજન દૂર આવેલું પર્વત શિખર. ગંગા નદી અહીં વળાંક લે છે.
१. गंगेय	*आ.*	*गाङ्गेय*	ગાઙ્ગેય	ભગવતીસૂત્રના નવમા શતકનો બત્રીસમો ઉદ્દેશક.
२. गंगेय	*अ.*	*गाङ्गेय*	ગાઙ્ગેય	રાજકુમારી દ્રૌપદીના સ્વયંવરમાં ભાગ લેવા જેને નિમંત્રણ મોકલાયેલ તે હસ્તિનાપુરનો રાજકુમાર.
३. गंगेय	*श्र.*	*गाङ्गेय*	ગાઙ્ગેય	તીર્થંકર પાર્શ્વની પરંપરાના શ્રમણ. એક વાર તે વાણિજ્યગામમાં મહાવીરને મળ્યા, તેમને કેટલાક પ્રશ્નો પૂછ્યા, મહાવીરના ઉત્તરોથી તેમના મનનું સમાધાન થયું એટલે તે મહાવીરના શિષ્ય બન્યા. તે ગંગ–પાર્શ્વાપત્ય નામે પણ જાણીતા છે.

४. गंगेय	*श्र.*	*गाङ्गेय*	ગાઙ્ગેય	આ અને ગંગ એક છે.
गंठिय	*आ.*	*ग्रथित*	ગ્રથિત	ભગવતીસૂત્રના પાંચમાં શતકનો ત્રીજો ઉદ્દેશક.
गंडइआ	*भौ.*	*गण्डकिका*	ગંડકિકા	વૈશાલીથી વાણિજ્યગામ જતી વખતે ભ૰મહાવીરે જે નદીને નાવ દ્વારા પાર કરી હતી તે નદી.
गंडीतेदुंग	*दे.*	*गण्डीतेन्दुक*	ગંડીતેન્દુક	ભિક્ષા માટે જતા હરિકેશબલ મુનિને રંજાડતા બ્રાહ્મણોને પાઠ ભણાવનાર યક્ષ.
गंथ	*आ.*	*ग्रन्थ*	ગ્રન્થ	સૂત્રકૃત્(ના પ્રથમ શ્રુતસ્કન્ધ)નું ચૌદમું અધ્યયન.
गंधण	*अ.प्रा*	*गन्धन*	ગંધન	પોતે વમન કરેલું ઝેર પાછું ચૂસી લેનાર સર્પોની એક જાતિ.
१. गंधदेवी	*आ.*	*गन्धदेवी*	ગંધદેવી	પુષ્પચૂલા(૪)નું દસમું અધ્યયન.
२. गंधदेवी	*दे.*	*गन्धदेवी*	ગંધદેવી	મહાવીર આગળ ઉપસ્થિત થઈ નાટક ભજવનાર એક દેવી.
गंधप्पिय	*क.*	*गन्धप्रिय*	ગંધપ્રિય	સુગંધપ્રિય એક રાજકુમાર. તેની આ આસક્તિના કારણે તે મરણ પામ્યો (કારણ કે ઝેરી દ્રવ્ય સૂંઘવાથી તે મૃત્યુ પામ્યો હતો).
गंधमादण	*भौ.*	*गन्धमादन*	ગંધમાદન	જુઓ 'ગંધમાયણ'.
गंधमायण	*भौ.*	*गन्धमादन*	ગંધમાદન	જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં આવેલો એક વક્ષસ્કાર પર્વત. તે નીલવંતની દક્ષિણે, મંદરની ઉત્તર પશ્ચિમે, ગંધિલાવતીની પૂર્વે, ઉત્તરકુરુની પશ્ચિમે આવેલ છે. તેને ૭ શિખર છે—ગંધમાયણ કૂડ, આનંદકૂડ, લોહિતાક્ષ, ઉત્તરકુરુ, સિદ્ધ, ગંધિલાવતી અને ફલિહકૂડ.
गंधमायणकूड	*भौ.*	*गन्धमादनकूट*	ગંધમાદનકૂટ	ગંધમાયણ પર્વતના સાત શિખરમાંનું એક.
गंधमायणदेव	*दे.*	*गन्धमादनदेव*	ગંધમાદનદેવ	ગંધમાયણ પર્વતનો અધિષ્ઠાતા દેવ.
१. गंधव्व	*दे.*	*गन्धर्व*	ગંધર્વ	વ્યંતર દેવોના આઠ વર્ગોમાંનો એક વર્ગ. ગંધર્વોના બે ઇન્દ્રો છે—ગીતરતી અને ગીતયશ.
२. गंधव्व	*स.*	*गन्धर्व*	ગંધર્વ	રાત અને દિવસના ત્રીસ મુહૂર્ત્તમાંનું એક.
गंधव्वलिवि	*अ.*	*गन्धर्वलिपि*	ગંધર્વલિપિ	અઢાર બ્રાહ્મીલિપિઓમાંની એક. તે ભૂતલિપિ નામથી પણ જાણીતી છે.
गंधव्व-णागदत्त	*श्रा.*	*गन्धर्व–नागदत्त*	ગંધર્વ-નાગદત્ત	આ અને નાગદત્ત(૫) એક છે.
गंधसमिद्ध	*ऐ.*	*गन्धसमृद्ध*	ગંધસમૃદ્ધ	અવરવિદેહમાં આવેલા ગંધારનું પાટનગર. રાજા મહાબલ રાજ કરતો હતો અને સયંબુદ્ધ મંત્રી હતો
गंधहत्थि	*श्र.*	*गन्धहस्तिन्*	ગંધહસ્તિન્	શાસ્ત્રોનું વિશાલ જ્ઞાન ધરાવનાર આચાર્ય. તેમણે આયારંગ ના પ્રથમ શ્રુતસ્કન્ધના પ્રથમ અધ્યયન સત્થપરિણા ઉપર, કઠિન ટીકા રચી હતી.

गंधहार	*ऐ.*	*गन्धहार*	ગંધહાર	એક અનાર્ય દેશ. આ અને ગંધાર(૧) સમાન છે.
१. गंधार	*भौ.*	*गन्धार*	ગંધાર	ગંધહાર નામથી પણ જાણીતું રાજ્ય, જ્યાં રાજા નગ્ગતિ રાજ કરતો હતો. તેની રાજધાની પુરિસપુર હતી. આ દેશનો એક શ્રાવક મહાવીરની ચંદનની મૂર્તિને વંદન કરવા વીતિભય ગયો હતો.
२. गंधार	*भौ.*	*गन्धार*	ગંધાર	અવરવિદેહની એક વિજય. તેનું પાટનગર ગંધ–સમૃદ્ધ હતું. રાજા મહાબલત્યાં રાજ કરતો હતો.
३. गंधार	*भौ.*	*गन्धार*	ગંધાર	કાલિકેય જેવો જ દેશ.
१. गंधारी	*क.*	*गन्धारी*	ગંધારી	(હરિકેશ) બલકોટ્ટની પત્ની અને મુનિ હરિકેશ–બલ ની અપર મા.
२. गंधारी	*दे.*	*गन्धारी*	ગંધારી	એક દેવી.
३. गंधारी	*आ.*	*गन्धारी*	ગંધારી	અંતકૃદ્દશાના પાંચમાં વર્ગનું ત્રીજું અધ્યયન.
४. गंधारी	*श्र.*	*गन्धारी*	ગંધારી	વાસુદેવ કૃષ્ણની આઠ પટ્ટરાણીઓમાંની એક. તે સંસારનો ત્યાગ કરી તીર્થંકર અરિષ્ટનેમિ પાસે દીક્ષા લઈ શ્રમણી બની અને વીસ વર્ષ શ્રામણ્યની સાધના કરી મોક્ષ પામી.
गंधावइ	*भौ.*	*गन्धापातिन्*	ગંધાપાતિન્	જંબૂદ્વીપના રમ્યગ ક્ષેત્રમાં આવેલો વૃત્ત–વૈતાઢ્ય પર્વત. તે નારીકંતા નદીની પૂર્વમાં અને નરકંતા નદીની પશ્ચિમમાં આવેલો છે. પદ્મા(૧૬) તેનો અધિષ્ઠાતા દેવ છે. અન્ય સ્થાને જણાવાયું છે કે ગંધાવઈ હરિવાસ(૧)માં આવેલ છે અને અરુણ(૩) તેનો અધિષ્ઠાતા દેવ છે.
१. गंधिल	*भौ.*	*गन्धिल*	ગંધિલ	પશ્ચિમ મહાવિદેહના ઉત્તરમાં આવેલા આઠ પ્રદેશો માંનો સાતમો. 'અવજ્ઝા' તેનું પાટનગર છે.
२. गंधिल	*भौ.*	*गन्धिल*	ગંધિલ	દેવ પર્વતનું શિખર.
१. गंधिलावइ	*भौ.*	*गन्धिलावती*	ગંધિલાવતી	પશ્ચિમ મહાવિદેહના ઉત્તરમાં આવેલા આઠ પ્રદેશો માંનો છેલ્લો. અવજ્ઝા(૧) તેનું પાટનગર છે.
२. गंधिलावइ	*भौ.*	*गन्धिलावती*	ગંધિલાવતી	ગંધમાદન પર્વતનું તેમજ દેવપર્વત વગેરેનું શિખર. તે શિખર ઉપર રહેતા દેવનું નામ પણ તે જ છે.
१. गंभीर	*आ.*	*गम्भीर*	ગંભીર	અંતકૃદ્દશાના પ્રથમ વર્ગનું ચોથું અધ્યયન.
२. गंभीर	*श्र.*	*गम्भीर*	ગંભીર	બારાવતીના રાજા વૃષ્ણિ અને તેની રાણી ધારિણી નો પુત્ર. તે સંસાર ત્યાગ કરી તીર્થંકર અરિષ્ટનેમિ નો શિષ્ય બન્યો. બાર વર્ષના શ્રમણજીવનની સાધના પછી તે શત્રુંજય પર્વત ઉપર મોક્ષ પામ્યો.
गंभीरमालिणी	*भौ.*	*गम्भीरमालिनी*	ગંભીરમાલિની	સીતોદા નદીની ઉત્તરે અને મંદર પર્વતની પશ્ચિમે આવેલા સુવલ્ગુ અને ગંધિલ પ્રદેશોની વચ્ચે વહેતી નાની નદી.

गगणवल्लभ	*ऐ.*	*गगनवल्लभ*	ગગનવલ્લભ	ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતના દક્ષિણ ભાગમાં ઋષભના પૌત્ર અને મહાકચ્છના પુત્ર વિનમિએ વસાવેલું નગર.
१. गग्ग	*अ.*	*गार्ग्य*	ગાર્ગ્ય	ગૌતમ(૨) ગોત્રની સાત શાખાઓમાંની એક.
२. गग्ग	*श्र.*	*गार्ग्य*	ગાર્ગ્ય	'ગગ્ગ'(૧) ગોત્રના આચાર્ય. પોતાના ઉદ્ધત શિષ્યોથી તે કંટાળી ગયા હતા. તેથી તે એકાન્તમાં ધ્યાન કરવા લાગ્યા.
गच्छायार	*आ.*	*गच्छाचार*	ગચ્છાચાર	૧૩૭ ગાથાઓનો બનેલો એક પ્રકીર્ણક ગ્રન્થ. તે મહાનિસીહકલ્પ અને વ્યવહાર ઉપર આધારિત છે. ગચ્છમાં રહેવાથી થતા લાભનું પ્રધાનપણે નિરૂપણ કરે છે. જુઓ 'પ્રકીર્ણક'.
गजकण्ण	*भौ.*	*गजकर्ण*	ગજકર્ણ	જુઓ 'ગયકણ્ણ'.
गणधर	*श्र.ग. ती.*	*गणधर*	ગણધર	તીર્થંકરનો પ્રધાન શિષ્ય અને શ્રમણોના ગણનો નાયક. તીર્થંકર મહાવીરને અગિયાર ગણધર હતા જ્યારે પાર્શ્વને ૮ અને ઋષભને ૮૪ હતા. તીર્થંકર જે ઉપદેશે છે તેના આધારે ગણધરો સુત્રની રચના કરે છે (**अत्थं भासइ अरहा सुत्तं गंथंति गणहरा**) ગણધરો દ્વાદસંગના, ચૌદ પૂર્વના કે ગણિપિડગ ના જ્ઞાનના ધારક છે.
गणहर	*श्र.ग.*	*गणधर*	ગણધર	જુઓ 'ગણધર'.
गणिपिडग	*आ.*	*गणिपिटक*	ગણિપિટક	દ્વાદસંગનું બીજું નામ.
गणियलिवि	*अ.*	*गणितलिपि*	ગણિતલિપિ	અઢાર બ્રાહ્મી લિપિઓમાંની એક. આ ગાણિતિક અંકોની લિપિ છે.
गणिविज्जा	*आ.*	*गणिविद्या*	ગણિવિદ્યા	આ એક અંગબાહ્ય ઉત્કાલિક આગમગ્રન્થ છે. તે ૮૨ ગાથાનો બનેલો છે. તે મોટે ભાગે શુભ અને અશુભ દિવસો, નક્ષત્રો, ગ્રહો, શુકનો વગેરેને નિરૂપતો જ્યોતિષ વિષેનો ગ્રન્થ છે. જુઓ પ્રકીર્ણક.
गद्दतोय	*दे.*	*गर्दतोय*	ગર્દતોય	પાંચમાં સ્વર્ગ બ્રહ્મકલ્પને ઘેરતી આઠ કૃષ્ણ રેખા ઓની મધ્યમાં આવેલા સ્વર્ગીય વાસસ્થાનોમાં વસતા લોકાંતિક દેવોના નવ વર્ગોમાંનો એક વર્ગ.
१. गद्दभ	*क.*	*गर्दभ*	ગર્દભ	આ અને ગર્દભિલ્લ એક છે.
२. गद्दभ	*श्र.प्र.*	*गर्दभ*	ગર્દભ	આ અને 'દગભાલગર્દભ' એક છે.
१. गद्दभालि	*श्र.*	*गर्दभालि*	ગર્દભાલિ	કંપિલ્લપુરના રાજા સંજયને પ્રતિબોધ કરનાર સાધુ
२. गद्दभालि	*अ.ता*	*गर्दभालि*	ગર્દભાલિ	જે સ્કંદક(૨)ના ગુરુ હતા તે શ્રાવસ્તીના એક પરિવ્રાજક.

गद्दभिल्ल	क.	*गर्दभिल्ल*	ગર્દભિલ્લ	તે ઉજ્જૈનીના રાજા હતા. તે જવ(૧)ના પુત્ર હતા અને અડોલિયાના ભાઈ હતા. પોતાની બેન અડોલિયાને ભૂગર્ભના ઓરડામાં પૂરી દઈ તેની સાથે અવૈધ જાતીય સંબંધ સ્થાપવામાં ગર્દભિલ્લને મદદ કરનારો દીર્ઘપૃષ્ઠ તેનો મંત્રી હતો. પછી શ્રમણ તરીકે જવે ચતુરાઈથી દીર્ઘપૃષ્ઠને ગર્દભિલ્લ વડે મરાવ્યો કારણ કે દીર્ઘપૃષ્ઠ જવનો જીવ લેવા ઇચ્છતો હતો. ગર્દભિલ્લે આચાર્ય કાલગની બેનનું અપહરણ કર્યું હતું. વિગત માટે જુઓ કાલગ(૧).
गब्भ	आ.	*गर्भ*	ગર્ભ	ભગવતીસૂત્રના શતક ૧૯ નો બીજો ઉદ્દેશક.
गयउर	औ.	*गजपुर*	ગજપુર	જુઓ ગજપુર.
गयकण्ण	औ.	*गजकर्ण*	ગજકર્ણ	એક અંતરદ્વીપ, એક અનાર્ય જાતિ અને તેનો દેશ.
गयग्ग/गयग्गपय		*गजाग्र/गजाग्रपद*	ગજાગ્ર/ગજાગ્રપદ	દશાર્ણપુર પાસે આવેલો પર્વત. તે અને ઇંદ્રપદ એક જ છે.
गयपुर	ऐ.	*गजपुर*	ગજપુર	હસ્તિનાપુરનું બીજું નામ. તે કુરુ દેશનું પાટનગર હતું. તીર્થંકર શાંતિ, કુંથુ અને અર આ નગરમાં જન્મ્યા હતા.
गयमुह	ऐ.	*गजमुख*	ગજમુખ	એક અનાર્ય જાતિ અને તેમનો દેશ.
१. गयसुकुमाल	श्र.	*गजसुकुमार*	ગજસુકુમાર	સોરિયપુરના વસુદેવ અને તેમની પત્ની દેવકીનો પુત્ર. વાસુદેવ કૃષ્ણ તેના મોટા ભાઈ હતા. તેના વિવાહ સોમિલ(૧)ની પુત્રી સોમા(૧) સાથે નક્કી થયા હતા પરંતુ લગ્ન થાય તે પહેલાં જ તે સંસાર ત્યાગી તીર્થંકર અરિષ્ટનેમિના શિષ્ય બની ગયા. દિવસે સંસાર ત્યાગ્યો તે દિવસે જ સ્મશાન ભૂમિમાં સાધના આરંભી. સોમિલે ધ્યાનસ્થ ગજ–સુકુમાલના માથા ઉપર માટીની પાળી બાંધી તેમાં બળબળતા અંગારા ભર્યા. ગજસુકુમાલે વેદના શાંત ચિત્તે સહન કરી અને તે જ રાતે મોક્ષ પામ્યા.
२. गयसुकुमाल	श्र.	*गजसुकुमार*	ગજસુકુમાર	વેપારીનો પુત્ર. તે સંસાર છોડી શ્રમણ બન્યો. એક વાર જ્યારે તે ધ્યાન કરતા હતા ત્યારે એક મુસાફરે માર્ગ વિશે પૂછ્યું. ઉત્તર ન મળવાથી તે વટેમાર્ગુએ તેમને જમીન પર પછાડ્યા અને પછી તેમના આખા શરીર ઉપર હથોડા વડે ખીલા મારી શરીરને ચાળણી જેવું કરી નાખ્યુ. તેમણે પીડા શાન્ત ચિત્તે સહન કરી અને મોક્ષ પ્રાપ્ત કર્યો.
गयसूमाल	श्र.	*गजसुकुमार*	ગજસુકુમાર	જુઓ 'ગયસુકુમાલ'.
गराइ/गरादि		*गरादि*	ગરાદિ	અગિયાર કરણમાંનું એક કરણ.

गरुड	*दे.*	*गरुड*	ગરુડ	દેવકુરુ ક્ષેત્રમાં આવેલા કૂડશાલ્મલિ વૃક્ષ ઉપર વસતો દેવ.
गरुल	*दे.*	*गरुड*	ગરુડ	જુઓ ગરુડ.
गरुल वेणुदेव	*दे.*	*गरुड वेणुदेव*	ગરુડ વેણુદેવ	આ અને ગરુલ એક છે.
१. गरुलोववाय	*आ.*	*गरुडोपपात*	ગરુડોપપાત	એક અંગબાહ્ય કાલિક આગમગ્રન્થ. તે બાર વર્ષના દીક્ષાપર્યાય વાળા સાધુને ભણાવવા માટે છે. હાલ તે અસ્તિત્વમાં નથી, નષ્ટ થઈ ગયો છે.
२. गरुलोववाय	*आ.*	*गरुडोपपात*	ગરુડોપપાત	સંક્ષેપિતદશાનું એક અધ્યયન.
गवेधुआ	*अ.*	*गवेधुका*	ગવેધુકા	ચારણગણ(૨)ની ચાર શાખાઓમાંની એક.
गह	*दे.ज.*	*ग्रह*	ગ્રહ	જ્યોતિષ્ક દેવોના પાંચ વર્ગોમાંનો એક વર્ગ. કુલ ८८ ગ્રહો છે. જંબૂદ્વીપ ઉપર આમાંનો દરેક ગ્રહ બમણી સંખ્યામાં મળે છે. પ્રત્યેક ગ્રહદેવને ચાર મુખ્ય પત્નીઓ છે—વિજયા (૧૩), વૈજયંતી(૮), જયંતી(૫) અને અપરાજિતા(૮). આ ८८ ગ્રહો ચંદ્ર(૧) અને સૂર્ય(૧)ના કુટુંબના સભ્યો છે. પ્રત્યેક ગ્રહનું માપ અડધા યોજનનું છે.
गागलि	*श्र.*	*गागलि*	ગાગલિ	કંપિલ્લપુરના રાજા પિઢર અને તેની રાણી જસવઈ (૧)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી ઇંદ્રભૂતીના શિષ્ય બન્યા. જ્યારે તે મહાવીરને મળવા જઈ રહ્યા હતા ત્યારે તેને કેવળજ્ઞાન થયું.
गाथा	*आ.*	*गाथा*	ગાથા	સૂત્રકૃત્ નું સોળમું અધ્યયન. આ અને 'गाहा–सोलसम' એક છે.
गामाग / गामाय	*ऐ.*	*ग्रामाक*	ગ્રામાક	એક સન્નિવેશ, જેની મુલાકાત ભ૰ મહાવીરે લીધી હતી. ત્યાં એક યક્ષ વડે મહાવીરની પૂજા કરવામાં આવી હતી.
गाय	*ऐ.*	*गाय*	ગાય	એક અનાર્ય દેશ. આ અને કાયએક જણાય છે.
गाहावइ	*भौ.*	*ग्राहवती*	ગ્રાહવતી	નીલવંત પર્વતમાંથી નીકળતી નાની નદી. તે સુકચ્છ અને મહાકચ્છપ્રદેશોને એકબીજાથી અલગ કરે છે અને પોતાને મળનારી અઠ્યાવીસ હજાર નદીઓ સાથે સીતા નદીમાં ભળી જાય છે. તે મંદર પર્વતની ઉત્તરપૂર્વમાં વહે છે.
गाहावइकुंड	*भौ.*	*ग्राहवतीकुण्ड*	ગ્રાહવતીકુંડ	નીલવંત પર્વતની દક્ષિણ સીમા ઉપર આવેલું સરોવર. ગાહાવતી નદીનો પ્રવાહ તેમાં પડે છે.
गाहावइदीव	*भौ.*	*ग्राहवतीद्वीप*	ગ્રાહવતીદ્વીપ	ગાહાવઇકુંડની મધ્યમાં આવેલો દ્વીપ.
गाहासोलसअ	*आ.*	*गाथाषोडशक*	ગાથાષોડશક	જેના પ્રથમ શ્રુતસ્કન્ધમાં સોળમું અધ્યયન ગાથા છે તે, એટલે કે સૂત્રકૃત્ નામક બીજું અંગસૂત્ર.

गिरफुल्लिगा	ऐ.	गिरिपुष्पिता	ગિરિપુષ્પિતા	આ અને 'ગિરિકુલ્લિગામ' એક છે.
गिरि	श्र.	गिरि	ગિરિ	એક આચાર્ય. આ અને આચાર્ય મહાગિરિ એક જણાય છે.
गिरिकुमार	दे.	गिरिकुमार	ગિરિકુમાર	લઘુહિમવંત પર્વતના એક શિખરના અધિષ્ઠાતા દેવ. આ અને લઘુહિમવંતગિરિકુમાર એક છે.
गिरिजण्ण	अ.	गिरियज्ञ	ગિરિયજ્ઞ	કોંકણમાં ઊજવાતો ઉત્સવ.
गिरिणगर	ऐ.भौ.	गिरिनगर	ગિરિનગર	સૌરાષ્ટ્ર દેશમાં આવેલા ઉજ્જૈંત પર્વત પાસેનું નગર. કોડીસર નામનો વેપારી આ નગરનો હતો.
गिरितडग	ऐ.	गिरितटक	ગિરિતટક	ચક્રવર્તી બ્રહ્મદત્ત જેની મુલાકાત લીધેલી તે સ્થળ.
गिरिफुल्लिगाम	ऐ.भौ.	गिरिपुष्पितग्राम	ગિરિપુષ્પિતગ્રામ	કોસલ દેશનું નગર. પોતાના શિષ્યો સાથે આચાર્ય સીહ(૬) આ નગરમાં આવ્યા હતા.
गिरिफुल्लिय	ऐ.भौ.	गिरिपुष्पित	ગિરિપુષ્પિત	આ અને 'ગિરિકુલ્લિગામ' એક છે.
गिरिराय	भौ.	गिरिराजन्	ગિરિરાજન્	મંદર પર્વતનું બીજું નામ.
गीयजस	दे.	गीतयशस्	ગીતયશસ્	વ્યંતર દેવોના ગંધવ્વ વર્ગના દેવોના બે ઇન્દ્રોમાં નો એક. તેની ચાર મુખ્ય પત્નીઓ આ છે– સુઘોસા , વિમલા, સુસ્સરા, સરસ્સઈ. આ જ નામો ગીયરઈ(૧)ની મુખ્ય પત્નીઓના છે.
१. गीयरइ	दे.	गीतरति	ગીતરતિ	ગંધર્વ દેવોના બે ઇન્દ્રોમાંનો એક. જુઓ ગીયજસ.
२. गीयरइ	दे.	गीतरति	ગીતરતિ	ચમરની આજ્ઞામાં રહેલા ગાયકોના વૃંદનો નાયક.
गीयरइप्पिय	अ.ता	गीतरतिप्रिय	ગીતરતિપ્રિય	ગાન દ્વારા આજીવિકા મેળવતા એક પ્રકારના સમણ (૧) પરિવ્રાજકો.
गुच्छ	आ.	गुत्थ	ગુત્થ	ભગવતીસૂત્રના શતક ૨૧ના ચોથા વર્ગના દસ અધ્યયનોમાંનું એક અધ્યયન.
गुज्झग	दे.	गुह्यक	ગુહ્યક	ભવનપતિ દેવોનું બીજું નામ.
गुट्ठमाहिल	श्र.	गोष्ठामाहिल	ગોષ્ઠામાહિલ	જુઓ 'ગોષ્ઠામાહિલ'.
गुडसत्थ	ऐ.	गुडसार्थ	ગુડસાર્થ	એક યક્ષે મચાવેલ ઉત્પાતને શાંત કરવા જ્યાં આચાર્ય 'ખઉડ' ગયા હતા તે નગર.
१. गुणंधर	श्र.	गुणन्धर	ગુણન્ધર	એક આચાર્ય જેમનો શિષ્ય ગોવિંદ બ્રાહ્મણ હતો.
२. गुणंधर	श्र.	गुणन्धर	ગુણન્ધર	એક આચાર્ય, રાજકુમાર શંખ જેમના શિષ્ય બન્યા
गुणचंद	श्र.	गुणचन्द्र	ગુણચંદ્ર	સાકેતના રાજા ચંદ્રાવતંસકનો પુત્ર, મુનિચંદ્રનો ભાઈ. પોતાના પિતાના મૃત્યુ પછી તેણે તે નગર ના રાજા તરીકે કાર્યભાર સંભાળી લીધો. તેની સાવકી માને ન ગમ્યું. તેથી તે સાવકી માએ તેને ઝેર આપી મારી નાખવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. આ ઘટનાએ તેનામાં એટલી બધી ધૃણા જન્માવી કે તે સાવકા ભાઇને રાજ આપી, સંસાર છોડી, સાગરચંદ્રના શિષ્ય બની ગયો.

गुणवती	*च.*	*गुणवती*	ગુણવતી	મહાવિદેહના પુષ્કલાવતીપ્રદેશના પુંડરીગિણિ (૧) નગરના ચક્રવર્તી 'વઇરસેણ'ની પત્ની.
गुणसिल	*ऐ.*	*गुणशील*	ગુણશીલ	જુઓ 'ગુણસિલઅ'.
गुणसिलअ	*ऐ.*	*गुणशीलक*	ગુણશીલક	રાજગૃહીની ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન તેમજ ચૈત્ય. અહીં ભ૦ મહાવીર આવ્યા હતા.
गुणसील	*ऐ.*	*गुणशील*	ગુણશીલ	જુઓ 'ગુણસિલઅ'.
गुत्त	*आ.*	*गुप्त*	ગુપ્ત	દોગિદ્ધિદશાનું દસમું અધ્યયન.
गुत्तिसेण	*ती.*	*गुप्तिसेन*	ગુપ્તિસેન	જંબૂદ્વીપના ઐરાવતક્ષેત્રના સોળમાં તીર્થંકર. તેમના બદલે 'દીહસેણ'નો પણ ઉલ્લેખ મળે છે.
गुम्म	*आ.*	*गुल्म*	ગુલ્મ	ભગવતીસૂત્રના બાવીસમા શતકના પાંચમાં વર્ગના દસ અધ્યયનોમાંનું એક.
गुरुअ	*आ.*	*गुरुक*	ગુરુક	ભગવતીસૂત્રના પ્રથમ શતકનો નવમો ઉદ્દેશક.
गुल	*आ.*	*गुड*	ગુડ	ભગવતીસૂત્રના અઢારમાં શતકનો છઠ્ઠો ઉદ્દેશક.
१. गूढदंत	*आ.*	*गूढदन्त*	ગૂઢદન્ત	અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૨ નું અધ્યયન ૪.
२. गूढदंत	*श्र.*	*गूढदन्त*	ગૂઢદન્ત	રાજા શ્રેણિક અને તેની રાણી ધારિણીનો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી મહાવીરનો શિષ્ય બન્યો અને સોળ વર્ષ શ્રમણજીવનનો સંયમ પાળ્યા પછી મરીને અનુત્તર સ્વર્ગીય વાસસ્થાનોમાંના (વિમાનોમાના) એકમાં દેવ તરીકે જન્મ્યો. વધુ એક ભવ કરીને તે મોક્ષે જશે.
३. गूढदंत	*च.*	*गूढदन्त*	ગૂઢદન્ત	જંબૂદ્વીપના ભરત ક્ષેત્રના ત્રીજા ભાવિ ચક્રવર્તી.
४. गूढदंत	*भौ.*	*गूढदन्त*	ગૂઢદન્ત	એક અંતરદ્વીપ.
गेरुअ	*अ.ता*	*गैरिक*	ગૈરિક	જુઓ 'ગેરુય'.
गेरुय	*अ.ता*	*गैरिक*	ગૈરિક	પાંચ સમણ(૧) સંપ્રદાયોમાંનો એક. ગેરુય સમણો પરિવ્રાજકો હતા અને તેઓ ગેરુથી રંગેલા વસ્ત્રો પહેરતા હોવાથી ગેરુય નામે જાણીતા હતા.
गेविज्ज	*दे.भौ.*	*ग्रैवेय*	ગ્રૈવેય	આ અને 'ગ્રૈવેયક' એક છે.
गेविज्जग	*दे.भौ.*	*ग्रैवेयक*	ગ્રૈવેયક	જેમનું સમૂહવાચક નામ ગ્રૈવેયક છે તે નવ સ્વર્ગીય વાસસ્થાનોમાં (વિમાનોમાં) વસતા દેવોનો વર્ગ.
गेवेज्ज	*दे.भौ.*	*ग्रैवेय*	ગ્રૈવેય	જુઓ ગ્રૈવેયક.
गेवेज्जअ	*दे.भौ.*	*ग्रैवेयक*	ગ્રૈવેયક	જુઓ ગ્રૈવેયક.
गेवेज्जग	*दे.भौ.*	*ग्रैवेयक*	ગ્રૈવેયક	જુઓ ગ્રૈવેયક.
गेवेज्जय	*दे.भौ.*	*ग्रैवेयक*	ગ્રૈવેયક	જુઓ ગ્રૈવેયક.
गोअम	*अ.ता*	*गोतम*	ગોતમ	જુઓ ગૌતમ(૭).
गोउल	*ऐ.*	*गोकुल*	ગોકુલ	વ્રજગામનો એક લત્તો. ભ૦ મહાવીરે તેની મુલાકાત લીધી હતી.

गोंड	*अ.भौ*	*गोण्ड*	ગોંડ	અનાર્ય જાતિ અને તેમનો દેશ.
गोकण्ण	*भौ.*	*गोकर्ण*	ગોકર્ણ	એક અંતરદ્વીપ.
गोच्छुभ	*ती.ग.*	*गोस्तुभ*	ગોસ્તુભ	અગિયારમા તીર્થંકર શ્રેયાંસ(૧)ના પ્રથમ ગણધર
गोट्ठमाहिल	*श्र.*	*गोष्ठामाहिल*	ગોષ્ઠામાહિલ	જુઓ ગોષ્ઠામાહિલ.
गोट्ठामाहिल	*श्र.*	*गोष्ठामाहिल*	ગોષ્ઠામાહિલ	આચાર્ય રક્ષિતના શિષ્ય. તે સાતમા નિહ્નવ હતા. તે વીરનિર્વાણ સંવત ૫૮૪માં વિદ્યમાન હતા. તે મથુરા ગયા હતા અને ત્યાં (વાદમાં) તેમણે એક પાખંડીને હરાવ્યો હતો. રક્ષિતના ઉત્તરવર્તી દુર્બલિક પૂષ્યમિત્રના સમયમાં દસપુર નગરમાં તેમણે 'અબદ્ધિય' તરીકે પ્રસિદ્ધ સ્વતંત્ર સિદ્ધાંત સ્થાપ્યો. આ સિદ્ધાંત જણાવે છે કે કર્મ આત્મા સાથે બંધાતા નથી, તે આત્માને કેવળ સ્પર્શે છે.
गोट्ठामाहिल्ल	*श्र.*	*गोष्ठामाहिल*	ગોષ્ઠામાહિલ	જુઓ ગોષ્ઠામાહિલ.
गोड	*अ.भौ*	*गोण्ड*	ગોણ્ડ	આ અને ગોંડ એક છે.
गोण	*अ.भौ*	*गोण्ड*	ગોણ્ડ	આ અને ગોંડ એક છે.
गोतम	*अ.ज.*	*गौतम*	ગૌતમ	જુઓ ગૌતમ(૬).
१. गोत्तास	*आ.*	*गोत्रास*	ગોત્રાસ	કર્મવિવાગદશાનું બીજું અધ્યયન. આ અને 'ઉજ્ઝિયઅ'(૧) એક છે.
२. गोत्तास	*क.*	*गोत्रास*	ગોત્રાસ	ઉજ્ઝિતક(૨)નો પૂર્વભવ. તે ભીમ(૨) અને ઉત્પલા (૧)નો પુત્ર હતો.
गोत्थुभ	*ती.ग.*	*गोस्तूप*	ગોસ્તૂપ	જુઓ ગોથૂભ.
गोथुभ	*ती.ग.*	*गोस्तुभ*	ગોસ્તુભ	જુઓ ગોચ્છુભ.
गोथूभ	*भौ.*	*गोस्तूप*	ગોસ્તૂપ	લવણ સમુદ્રમાં જંબૂદ્વીપની પૂર્વે ૪૨૦૦૦ યોજન ના અંતરે આવેલું વેલંધરનાગરાય દેવોનું પર્વતીય વાસસ્થાન. ગોથૂભદેવ તેનો અધિષ્ઠાતા દેવ છે. આ વાસસ્થાનના પશ્ચિમી છેડા અને મેરુ પર્વતના પશ્ચિમી છેડા વચ્ચેનું અંતર ૯૭૦૦૦ યોજન છે.
१. गोथूभा	*भौ.*	*गोस्तूपा*	ગોસ્તૂપા	રતિકર પર્વતના દક્ષિણપશ્ચિમ ભાગ ઉપર આવેલું સ્થાન, શક્ર(૩)ની રાણી નવમિકા(૩)ની તે રાજધાની છે.
२. गोथूभा	*भौ.*	*गोस्तूपा*	ગોસ્તૂપા	નંદીશ્વરદ્વીપમાં અંજનગ(૧) પર્વતના પશ્ચિમ ભાગ ઉપર આવેલી પુષ્કરિણી.
गोदत्ता	*च.*	*गोदत्ता*	ગોદત્તા	ચક્રવર્તી બ્રહ્મદત્ત(૧)ની પત્ની.
गोदासगण	*ती.श्र.*	*गोदासगण*	ગોદાસગણ	મહાવીરની આજ્ઞામાં રહેલા શ્રમણોના નવ ગણમાંનો એક ગણ.
गोध	*ऐ.*	*गोध*	ગોધ	એક અનાર્ય (અનાર્ય) દેશ તેમજ તેના વાસીઓ.

गोपालअ	*श्र.*	*गोपालक*	ગોપાલક	ઉજ્જૈનીના રાજા પ્રદ્યોતનો પુત્ર. તે સંસાર ત્યાગી શ્રમણ બન્યો હતો.
गोबहुल	*अ.गो*	*गोबहुल*	ગોબહુલ	સરવણ સન્નિવેશનો બ્રાહ્મણ. તેની ગૌશાળામાં ગોસાલકનો જન્મ થયો હતો.
१. गोब्बरगाम	*ऐ.*	*गोर्बग्राम*	ગોર્બરગ્રામ	મગધમાં આવેલું ગામ. તે ચંપા અને રાજગૃહીની વચ્ચે આવેલું હતું. વસુભૂતિના પુત્રો 'ઇંદ્રભૂઈ, અગ્નિભૂઈ અને વાઉભૂઈ' જે ભ૦ મહાવીરના ગણધરો હતા તે આ ગામના હતા.
२. गोब्बरगाम	*ऐ.*	*गोर्बग्राम*	ગોર્બરગ્રામ	'વઈદિસ'ની પાસે આવેલું ગામ.
गोमायुपुत्त	*श्र.गो*	*गोमायुपुत्र*	ગોમાયુપુત્ર	આ અને અર્જુન ગોમાયપુત્ર(૫) એક છે.
१. गोमुह	*दे.*	*गोमुख*	ગોમુખ	એક દેવ.
२. गोमुह	*भौ.*	*गोमुख*	ગોમુખ	એક અંતરદ્વીપ.
गोमेह	*दे.*	*गोमेध*	ગોમેધ	એક દેવ.
१. गोयम	*ती.ग.*	*गौतम*	ગૌતમ	તીર્થંકર મહાવીરના પ્રથમ ગણધર ઇંદ્રભૂતીનું ગોત્ર. તે ગોત્રનામે પ્રસિદ્ધ થયા.
२. गोयम	*ती.ग.*	*गौतम*	ગૌતમ	'ઇંદ્રભૂતી, અગ્નિભૂઈ અને વાઉભૂઈ', તથા અકંપિત, થૂલભદ્ર, સંજય અને ફલ્ગુમિત્રનું ગોત્ર. મહાવીર સિવાય બધા તિત્થંકરો ઇક્ખાગ વંશના ગૌતમ ગોત્રમાં જન્મ્યા હતા. ગૌતમ ગોત્રની સાત શાખાઓ કહેવાય છે– (૧) 'ગૌતમ, (૨) ગગ્ગ (૩) ભારદ્વાય, (૪) અંગિરસ, (૫) શક્કરાભ, (૬) ભક્ખરાભ અને (૭) ઉદત્તાભ'.
३. गोयम	*आ.*	*गौतम*	ગૌતમ	અંતકૃદ્દશાના પ્રથમ વર્ગનું પ્રથમ અધ્યયન.
४. गोयम	*श्र.*	*गौतम*	ગૌતમ	રાજા અંધગવણ્હી અને તેની રાણી ધારિણીનો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી તીર્થંકર અરિષ્ટનેમિ નો શિષ્ય બન્યો અને બાર વર્ષ શ્રમણ જીવનનો સંયમ પાળી શત્રુંજય પર્વત ઉપર મોક્ષ પામ્યો.
५. गोयम	*भौ.*	*गौतम*	ગૌતમ	જંબૂદ્વીપની પશ્ચિમ સીમાથી બાર હજાર યોજનના અંતરે લવણ સમુદ્રમાં આવેલો દ્વીપ. તે સમુદ્રનો અધિષ્ઠાતા દેવ સુસ્થિત ત્યાં વસે છે.
६. गोयम	*अ.ज.*	*गौतम*	ગૌતમ	રોહિણીનક્ષત્રનું ગોત્રનામ.
७. गोयम	*अ.ता.*	*गौतम*	ગૌતમ	યુવાન બળદોને શણગારી અને ચિત્રિત કરીને પ્રદર્શિત કરી તેમજ કરામતો દેખાડી આજીવિકા મેળવતા પરિવ્રાજકોનો વર્ગ.
गोयमकेसिज्ज	*आ.*	*गौतमकेशीय*	ગૌતમકેશીય	આ અને કેસિગોયમિજ્જ એક છે.
गोयमपुत्त	*अ.गो*	*गौतमपुत्र*	ગૌતમપુત્ર	આ અને અર્જુન(૬) એક છે.

गोयावरी	*भौ.*	*गोदावरी*	ગોદાવરી	જે નદીના કિનારા ઉપર પ્રતિષ્ઠાન નગર આવેલું છે તે નદી.
गोरगिरि	*भौ.*	*गौरगिरि*	ગૌરગિરિ	જેના ઝરણાની નીચે શીવની મૂર્તિ છે તે પર્વત.
गोरिग	*भौ.*	*गौरिक*	ગૌરિક	કાલિકેય સમાન દેશ.
१. गोरी	*दे.*	*गौरी*	ગૌરી	એક દેવી.
२. गोरी	*श्र.*	*गौरी*	ગૌરી	વાસુદેવ કૃષ્ણ૦.ની બીજા ક્રમની પટ્ટરાણી. તે સંસારનો ત્યાગ કરી તીર્થંકર અરિષ્ટનેમિની પ્રધાન શ્રમણી જક્ખિણીની શિષ્યા બની. વીસ વર્ષના શ્રમણ જીવનનો સંયમ પાળી તે મોક્ષે ગતિ.
३. गोरी	*क.*	*गौरी*	ગૌરી	શ્રમણ હરિકેશ–બલની માતા.
४. गोरी	*आ.*	*गौरी*	ગૌરી	અંતકૃદ્દશાના પાંચમાં વર્ગનું બીજું અધ્યયન.
गोलव्वायण	*अ.ज.*	*गोलव्यायन*	ગોલવ્યાયન	અણુરાહા નક્ષત્રનું ગોત્રનામ.
गोलिकायण	*अ.*	*गोलिकायन*	ગોલિકાયન	કૌશિક(૫) ગોત્રની એક શાખા.
१. गोल्ल	*ऐ.*	*गोल्य*	ગોલ્ય	બે હાથ ઊંચા ચોરસ કઠેળાવાળી એક પ્રકારની પાલખી માટે પ્રસિદ્ધ દેશ. આ દેશમાં બેન સાથે લગ્ન નિષિદ્ધ નથી.
२. गोल्ल	*अ.*	*गौड*	ગૌડ	કાસવ ગોત્રની સાત શાખાઓમાંની એક.
गोवल्लायण	*अ.ज.*	*गोवल्लायन*	ગોવલ્લાયન	પુવ્વાફગ્ગુણી નક્ષત્રનું ગોત્રનામ.
गोवालिय-महत्तर	*श्र.*	*गोपालिक–महत्तर*	ગોપાલિક-મહત્તર	ઉત્તરાધ્યયન ચુર્ણીના કર્તા, જિનદાસગણિ મહત્તરના ગુરુ.
गोवालिया	*श्र.*	*गोपालिका*	ગોપાલિકા	જેની શિષ્યા સુકુમાલિકા હતી તે શ્રમણી. આ કુસુમાલિકા દેવકીનો પૂર્વભવ હતો.
गोवाली	*ती.श्र*	*गोपाली*	ગોપાલી	તીર્થંકર પાર્શ્વની શિષ્યા.
गोविंद	*श्र.*	*गोविन्द*	ગોવિન્દ	અવંતી રાજ્યના ગામ સંબુક્ક(૨)નો રહેવાસી. તે આચાર્ય ગુણંધર(૧)નો શિષ્ય બન્યો હતો.
गोविंदणिज्जुत्ति	*आ.*	*गोविन्दनिर्युक्ति*	ગોવિન્દનિર્યુક્તિ	ગોવિંદવાયગ (ગોવિન્દવાચક) દ્વારા રચાયેલી નિર્યુક્તિ પ્રકારની ટીકા. તે નષ્ટ થઈ ગઈ છે.
गोविंददत्त	*श्र.*	*गोविन्ददत्त*	ગોવિન્દદત્ત	તગરામાં વસતા આચાર્યનો શિષ્ય.
गोविंदवायग	*श्र.*	*गोविन्दवाचक*	ગોવિન્દવાયક	એક બૌદ્ધ ભિક્ષુ જેમણે ઉત્તરકાળે જૈન ધર્મ સ્વીકાર્યો. તે ગોવિંદનિર્યુક્તિના કર્તા છે.
गोव्वतिअ	*अ.ता*	*गोवर्तिक*	ગોવર્તિક	જીવવામાં બધી રીતે ગાયને અનુસરનારા અને ઘાસ, પાંદડાં, ફૂલ વગેરે લેનારા (ખાનારા) પરિવ્રાજકોનો એક વર્ગ.
गोसंखि	*अ.*	*गोसङ्खिन्*	ગોસઙ્ખિન્	ગોબ્બરગામ (૧)નો ખેડૂત. બંધુમતી(૩) તેની પત્ની હતી અને વેસિયાયણ તેણે દત્તક લીધેલો પુત્ર હતો.

गोसाल	*क.गो*	*गोशाल*	ગોશાળા	મંખલિ અને તેની પત્ની ભદ્રાનો પુત્ર. તેનો જન્મ સરવણ સન્નિવેશમાં થયો હતો. મંખલિ મંખ એટલે હાથમાં ચિત્રપટ લઈ લોકોને ઉપદેશ આપી આજીવિકા મેળવનાર ભિક્ષુક હતો. મંખલિના આ પુત્રનું નામ ગોસાલક પાડવામાં આવ્યું કારણ કે તેનો જન્મ ગોબહુલ બ્રાહ્મણની ગૌશાળામાં થયો હતો. તેને બધા મંખલિપુત્ર કહેતા. તે આજીવિયના સિદ્ધાંત નિયતિવાદનો પ્રવર્તક હતો. તેણે પોતાને જિન અને તીર્થંકર જાહેર કર્યો. ત્યાર પછી તેણે મહાવીર સાથે કલહ કર્યો અને મહાવીરને હણવા તેમના ઉપર તેજોલેશ્યા છોડી પરંતુ તે તેજોલેશ્યા મહાવીરને અસર કર્યા વિના પાછી ફરી ગોસાલક ઉપર જ વિરોધી હુમલો કરવા લાગી અને પરિણામે ગોસાલક સાત દિવસ પછી મૃત્યુ પામ્યો.
घंटिय	*दे.*	*घण्टिक*	ઘણ્ટિક	ડોંબ કોમ દ્વારા પૂજાતો યક્ષ દેવ.
१. घण	*दे.भौ.*	*घन*	ઘન	આનતકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૯ સાગરોપમ છે.
२. घण	*अ.*	*घन*	ઘન	વાણારસીનો વેપારી.
घणदंत	*भौ.*	*घनदन्त*	ઘનદન્ત	એક અંતરદ્વીપ.
१. घणविज्जुया	*दे.*	*घनविद्युता*	ઘનવિદ્યુતા	ધરણની છ મુખ્ય પત્નીઓમાંની એક. જ્ઞાતાધર્મ કહામાં ઘના(૨) અને વિદ્યુતા(૧) એમ બે અલગ રાણીઓ ધરણની જણાવવામાં આવી છે.
२. घणविज्जुया	*दे.*	*घनविद्युता*	ઘનવિદ્યુતા	વિદ્યુત્કુમારીમહત્તરિયા દેવી.
घणसिरि	*अ.*	*घनश्री*	ઘનશ્રી	ઘણ(૨) વેપારીની પત્ની.
१. घणा	*आ.*	*घना*	ઘના	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના ત્રીજા વર્ગનું ચોથું અધ્યયન.
२. घणा	*श्र.*	*घना*	ઘના	વાણારસીના ઘન(૨) વેપારી અને તેની પત્ની ઘનશ્રીની પુત્રી. તે સંસારનો ત્યાગ કરી તીર્થંકર પાર્શ્વની શિષ્યા બની હતી. મૃત્યુ પછી તેનો જન્મ ધરણ(૧)ની એક મુખ્ય પત્ની તરીકે થયો હતો. જુઓ 'घणविज्जुया'(૧).
घतवरदीव	*भौ.*	*घृतवरद्वीप*	ઘૃતવરદ્વીપ	જુઓ 'घयवरदीव'.
घतोद	*भौ.*	*घृतोद*	ઘૃતોદ	આ અને 'घतोदसमुद्र' એક છે.
घतोदसमुद्द	*भौ.*	*घृतोदसमुद्र*	ઘૃતોદસમુદ્ર	ઘૃતવરદ્વીપને ફરતે આવેલો સમુદ્ર. તેના અધિષ્ઠાતા દેવો કંત(૧) અને સુકંત છે.
घम्मा	*भौ.न*	*घर्मा*	ઘર્મા	રત્નપ્રભા નરકભૂમિનું બીજું નામ.
घयदीव	*भौ.*	*घृतद्वीप*	ઘૃતદ્વીપ	આ અને 'घयवरदीव' એક જ છે.

घयपूसमित्त	*श्र.*	*घृतपुष्यमित्र*	ઘૃતપુષ્યમિત્ર	આચાર્ય રક્ષિતનો શિષ્ય. તે પોતાની અલૌકિક શક્તિથી ઇચ્છે ત્યારે ઘી પેદા કરી શકતા.
घयवर	*भौ.*	*घृतवर*	ઘૃતવર	ખીરોદ સમુદ્રની ફરતે આવેલો વલયાકાર દ્વીપ. 'કણય, કણગપ્પભ' તેના અધિષ્ઠાતા દેવો છે.
घयवरदीव	*भौ.*	*घृतवरद्वीप*	ઘૃતવરદ્વીપ	આ અને 'ઘયવર' એક છે.
घयसमुद्द	*भौ.*	*घृतसमुद्र*	ઘૃતસમુદ્ર	આ અને 'ઘતોદ'સમુદ્ર એક છે.
घयोदसमुद्द	*भौ.*	*घृतोदसमुद्र*	ઘૃતોદસમુદ્ર	જુઓ 'ઘતોદસમુદ્ર'.
घोडगवीव	*च.*	*घोटकग्रीव*	ઘોટકગ્રીવ	આ અને આસગ્ગીવ એક છે.
घोडगमुह	*अ.*	*घोटकमुख*	ઘોટકમુખ	અન્યમતવાદીનો ગ્રન્થ.
१. घोस	*दे.*	*घोष*	ઘોષ	દક્ષિણના સ્તનીતકુમાર દેવોનો ઇંદ્ર. તેને છ મુખ્ય પત્નીઓ છે, તેમનાં નામો ધરણ(૧)ની મુખ્ય પત્નીઓના નામો સમાન છે. તેને અને મહાઘોસ(૪) બન્નેએ ચાર ચાર લોકપાલ છે.
२. घोस	*दे.भौ.*	*घोष*	ઘોષ	'સયંભૂ'(૪)ના જેવું સ્વર્ગીય વાસસ્થાન, જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ છ સાગરોપમ વર્ષ છે.
३. घोस	*दे.भौ.*	*घोष*	ઘોષ	બ્રહ્મલોકનું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય દસ સાગરોપમ વર્ષનું છે.
४. घोस	*ती.ग.*	*घोष*	ઘોષ	તીર્થંકર પાર્શ્વના આઠ ગણધરોમાંનો એક. તેમનું બીજું નામ શુભઘોષ છે.
चउद्दसपुव्व	*आ.*	*चतुर्दशपूर्व*	ચતુર્દશપૂર્વ	ચૌદ પૂર્વગત સૂત્રો.
चउप्पय	*अ.ज.*	*चतुष्पद*	ચતુષ્પદ	અગિયાર કરણમાંનું એક.
चउरंगिज्ज	*आ.*	*चतुरङ्गीय*	ચતુરઙ્ગીય	જુઓ 'ચતુરંગિજ્જ'.
चउवीसत्थअ	*आ.*	*चतुर्विंशतिस्तव*	ચતુર્વિંશતિસ્તવ	આવશ્યકનું બીજું અધ્યયન.
चउसरण	*आ.*	*चतुःशरण*	ચતુઃશરણ	ત્રેસઠ ગાથાઓનો બનેલો આગમગ્રન્થ. તેમાં ચાર શરણનું અર્થાત્ અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મરૂપ ચાર શરણનું નિરૂપણ છે. તે વીરભદ્ર(૨)ની રચના છે. જુઓ પ્રકીર્ણક.
चंचुय	*ऐ.*	*चञ्चुक*	ચંચુક	એક અનાર્ય જાતિ અને તેમનો દેશ. આ અને 'ચુંચુય' એક છે.
चंडकोसिअ / चंडकोसिय	*क.ती*	*चण्डकौशिक*	ચંડકૌશિક	વાચાલના જંગલમાં રહેતો એક ઝેરી સાપ. કનગખલ નામના આશ્રમ પાસે તે મહાવીરને ડસ્યો હતો. જુઓ કોસિઅ(૨).
चंडज्झय	*अ.*	*चण्डध्वज*	ચંડધ્વજ	અરક્ખુરીનો રાજા. ધનમિત્ર(૧) ના પુત્ર સુજાત(૨) સાથે તેણે તેની બેન ચંદ્રયશા(૨) પરણાવી હતી.
चंडपज्जोअ	*श्रा.*	*चण्डप्रद्योत*	ચંડપ્રદ્યોત	જુઓ પ્રદ્યોત.

चंडपिंगल	*क.*	*चण्डपिङ्गल*	ચંડપિઙ્ગલ	વસંતપુરની ગણિકા સાથે રહેતો તે જ નગરનો ચોર. એક વાર તે જ નગરની રાણીનો હાર ચોરી તેણે ગણિકાને આપ્યો. આ ગુન્હા માટે રાજાએ તેને ફાંસીની સજા કરી.
चंडमेह	*अ.*	*चण्डमेघ*	ચંડમેઘ	ભરતમાં વર્તમાન અવસર્પિણીમાં થયેલા પ્રથમ પ્રતિશત્રુ અશ્વગ્રીવનો દૂત.
चंडरुद्द	*श्र.*	*चण्डरुद्र*	ચંડરુદ્ર	ભારે ગુસ્સાવાળા આચાર્ય, જેમણે દંડો ફટકારી શિષ્યનું માથું ફોડી નાખ્યુ હતુ.
१. चंडवडंसअ	*श्र.*	*चन्द्रावतंसक*	ચંદ્રાવતંસક	સાકેતના રાજા. ધારિણી(૩૨) તેની રાણી હતી અને મુનિચંદ્ર(૪) તેમનો પુત્ર હતો. ચંડવડંસઅ પુત્રને રાજા તરીકે સ્થાપી સંસાર છોડી શ્રમણ બની ગયા અને મોક્ષે ગયા.
२. चंडवडंसअ	*श्रा.*	*चन्द्रावतंसक*	ચંદ્રાવતંસક	આ અને 'ચંદવડેંસઅ' એક છે.
चंडवडिंसअ	*श्र.*	*चन्द्रावतंसक*	ચંદ્રાવતંસક	જુઓ 'ચંડવડંસઅ'.
चंडवेग	*अ.*	*चण्डवेग*	ચંડવેગ	કાકંદી નગરીનો રહેવાસી. તેણે અમૃતઘોષની હત્યા કરી હતી.
१. चंडा	*दे.*	*चण्डा*	ચણ્ડા	એક દેવી.
२. चंडा	*दे.*	*चण्डा*	ચણ્ડા	ચમર, બલિ, ધરણ વગેરે જેવા ઇંદ્ર(૧)ની ત્રણ સભામાંની એક.
चंडिया	*दे.*	*चण्डिका*	ચણ્ડિકા	એક દેવી.
१. चंद	*दे.ज.*	*चन्द्र*	ચંદ્ર	જ્યોતિષ્ક દેવોનો ઇંદ્ર. પૃથ્વીની ઉપરની દિશામાં ૮૮૦ યોજનના અંતરે તેનો પ્રદેશ શરૂ થાય છે. તે ચંદ્રવતંસક નામના સ્વર્ગીય વાસસ્થાનમાં વસે છે. તેને ચાર મુખ્ય પત્ની છે– (૧) ચંદ્રપ્પભા, (૨) જ્યોત્સ્ના, (૩) અર્ચીમાલિ, (૪) પ્રભંકરા. તેનું આયુષ્ય એક પલ્યોપમ અને એક લાખ વર્ષનું છે. મહાવીરના દર્શન કરવા તે રાજગૃહી નગરે આવેલ. જંબૂદ્વીપ ઉપર બે ચંદ્ર છે, લવણસમુદ્ર ઉપર ચાર છે, ધાતકીખંડ ઉપર બાર છે, કાલોદધિ ઉપર બેતાલીસ છે અને પુષ્કરવરદ્વીપના પ્રથમ અડધા ભાગ ઉપર બોંતેર ચંદ્રો છે.
२. चंद	*आ.*	*चन्द्र*	ચંદ્ર	દીર્ઘદશાનું પહેલું અધ્યયન. વર્તમાનમાં તે પુષ્પિકા ના પહેલા અધ્યયન તરીકે મળે છે.
३. चंद	*दे.भौ.*	*चन्द्र*	ચંદ્ર	સનત્ કુમાર અને માહેંદ્રનું સ્વર્ગીય વાસસ્થાન. અહીં જન્મેલા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે.
४. चंद	*अ.*	*चन्द्र*	ચંદ્ર	ચંદ્ર(૧)નું સિંહાસન.

५. चंद	*भौ.*	*चन्द्र*	ચંદ્ર	સીતોદા નદીની ઉત્તરે અને મહાવિદેહના વપ્રની પૂર્વ સીમા ઉપર આવેલો પર્વત. તે પર્વતના ચાર શિખરોમાંના એક શિખરનું પણ આ જ નામ છે.
६. चंद	*भौ.*	*चन्द्र*	ચંદ્ર	રુચક પર્વતના પશ્ચિમ ભાગમાં આવેલું શિખર.
चंदउत्त	*क.*	*चन्द्रगुप्त*	ચંદ્રગુપ્ત	પાડલિપુત્રનો રાજા. નંદના રાજ્યના એક ગામમાં વસતા મયૂરપાલકનો તે પુત્ર હતો. ચાણક્ય એ યોજેલા આક્રમણમાં નંદ રાજાને હરાવીને ચાણક્ય ની મદદથી તે પાડલિપુત્રનો રાજા બન્યો હતો. પછી નંદની પુત્રી ચંદ્રગુપ્તને પરણી હતી. તેનો પુત્ર બિંદુસારતેના મૃત્યુ પછી પાડલિપુત્ર નો રાજા બન્યો. અસોગનો પુત્ર અને બિંદુસારનો પૌત્ર કુણાલતેનો પ્રપૌત્ર હતો.
चंदओत्त	*क.*	*चन्द्रगुप्त*	ચંદ્રગુપ્ત	જુઓ 'चंदउत्त'.
चंदकंत	*भौ.*	*चन्द्रकान्त*	ચંદ્રકાન્ત	સનત્ કુમાર અને માહેંદ્રમાં આવેલું સ્વર્ગીય વાસ–સ્થાન. અહીં જન્મેલા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમ વર્ષનું છે.
चंदकंता	*अ.*	*चन्द्रकान्ता*	ચંદ્રકાન્તા	વર્તમાન અવસર્પિણીના કુલકર ચક્ષુમની પત્ની.
चंदकूड	*भौ.दे.*	*चन्द्रकूट*	ચંદ્રકૂટ	સનત્ કુમાર અને માહેંદ્રમાં આવેલું સ્વર્ગીય વાસ–સ્થાન. જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ સાગરોપમ વર્ષનું છે.
चंदगविज्झय	*आ.*	*चन्द्रकवेध्यक*	ચંદ્રકવેધ્યક	આ અને 'चंदगवेज्झग' એક છે.
चंदगवेज्झग	*आ.*	*चन्द्रकवेध्यक*	ચંદ્રકવેધ્યક	અંગબાહ્ય ઉત્કાલિક આગમગ્રન્થ. તે કુલ ૧૭૫ ગાથાનો બનેલો છે.
चंदगुत्त	*क.*	*चन्द्रगुप्त*	ચંદ્રગુપ્ત	જુઓ 'चंदउत्त'.
चंदघोस	*अ.*	*चन्द्रघोष*	ચંદ્રઘોષ	અરક્ખુરીનો રાજા.
चंदच्छाय	*श्र.*	*चन्द्रच्छाय*	ચંદ્રચ્છાય	અંગ(૧)ની રાજધાની ચંપાનો રાજા. રાજા કુંભની પુત્રી મલ્લિના રૂપથી અંજાઈ ગયેલા તેણે મલ્લિને પરણવા માટે મિથિલા ઉપર આક્રમણ કર્યું હતું. માનવશરીર જેવી ધૃણાસ્પદ વસ્તુઓ પાછળ ન પડવા મલ્લિએ તેને સમજાવ્યો. મલ્લિએ કરેલી દલીલોથી તે પ્રભાવિત થયો, તે સંસારનો ત્યાગ કરી શ્રમણ બની ગયો. વખત જતાં તેને કેવલજ્ઞાન થયું અને તે મોક્ષ પામ્યો. જુઓ મલ્લિ(૧).
१. चंदजसा	*अ.*	*चन्द्रयशा*	ચંદ્રયશા	વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં થયેલા પ્રથમ કુલકર વિમલવાહણ(૬)ની પત્ની.
२. चंदजसा	*अ.*	*चन्द्रयशा*	ચંદ્રયશા	અરક્ખુરીના રાજા 'चंडज्झय'ની બેન અને ચંપાના ધનમિત્રના પુત્ર સુજાત(૨)ની પત્ની.

चंदज्झअ	*भौ.दे.*	*चन्द्रध्वज*	ચંદ્રધ્વજ	જુઓ 'ચંદજ્ઝય'.
चंदज्झय	*भौ.दे.*	*चन्द्रध्वज*	ચંદ્રધ્વજ	સનત્કુમાર અને માહેંદ્રમાં આવેલું સ્વર્ગીય વાસ–સ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ સાગરોપમ વર્ષનું છે.
चंदणपायव	*ऐ.*	*चन्दनपादप*	ચન્દનપાદપ	મિયગામનું ઉદ્યાન.
चंदणबाला	*ती.श्र*	*चन्दनबाला*	ચન્દનબાલા	આ અને ચંદણા(૧) એક છે.
१. चंदणा	*श्र.ती.*	*चन्दना*	ચન્દના	મહાવીરના મુખ્ય શિષ્યા. ૩૬૦૦૦ શ્રમણીઓના નાયિકા હતા. ચંપાનગરીનો રાજા દધિવાહન તેનો પિતા હતો. તેનું મૂળ નામ વસુમતી હતું. ચંદનાએ મહાવીરને રાંધેલા બાકુળા વહોરાવી તેમનો છ મહિના (પાંચ દિવસ ઓછા)નો અભિગ્રહ પૂરો કર્યો હતો. ચંદનાને મૃગાવતી એક શિષ્યા હતા. પોતે મૃગાવતીને ખોટી રીતે ઠપકો આપ્યો તેથી તેને ખૂબ પશ્ચાત્તાપ થયો, આ પશ્ચાત્તાપને કારણે તેને કેવળજ્ઞાન થયું.
२. चंदणा	*ऐ.*	*चन्दना*	ચન્દના	દત્ત(૧૨) વેપારી જે નગરનો હતો તે નગર.
चंददह	*भौ.*	*चन्द्रद्रह*	ચંદ્રદ્રહ	જુઓ 'ચંદદ્દહ'.
चंददीव	*भौ.*	*चन्द्रद्वीप*	ચંદ્રદ્વીપ	લવણ સમુદ્રમાં મંદર પર્વતથી ૧૨૦૦૦ યોજન દૂર પૂર્વમાં આવેલો દ્વીપ. આવા જ દ્વીપો કાલોદધિ વગેરે સમુદ્રોમાં પણ આવેલા છે.
चंददह	*भौ.*	*चन्द्रद्रह*	ચંદ્રદ્રહ	ઉત્તરકુરુમાં આવેલું સરોવર.
चंदपण्णत्ति	*आ.*	*चन्द्रप्रज्ञप्ति*	ચંદ્રપ્રજ્ઞપ્તિ	અંગબાહ્ય કાલિક આગમગ્રન્થ. તે છટ્ઠુ ઉપાંગ ગણાય છે. ***(જો કે ટીકાકારે તેવું કોઈ ઠોસ પ્રમાણ આપેલ નથી)*** તેના નામ મુજબ તેમાં ચંદ્રનું વર્ણન છે. આજે ઉપલબ્ધ ચંદ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિ બંને સમાન છે. તેમાં સૂર્ય અને ચંદ્ર બંનેનું નિરૂપણ છે.
चंदपव्वय	*भौ.*	*चन्द्रपर्वत*	ચંદ્રપર્વત	જુઓ ચંદ (૫).
चंदपुर	*ती.ऐ.*	*चन्द्रपुर*	ચંદ્રપુર	આઠમાં તીર્થંકર ચંદ્રપ્રભનું જન્મસ્થાન. તે ચંદ્રાનના તરીકે પણ પ્રસિદ્ધ છે.
चंदप्पभ	*ती.*	*चन्द्रप्रभ*	ચંદ્રપ્રભ	જુઓ ચંદ્રપ્રભ.
१. चंदप्पभा	*आ.*	*चन्द्रप्रभा*	ચંદ્રપ્રભા	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના આઠમા વર્ગનું પ્રથમ અધ્યયન.
२. चंदप्पभा	*ऐ.*	*चन्द्रप्रभा*	ચંદ્રપ્રભા	મથુરાના ચંદ્રપ્રભ(૩) અને ચંદ્રશ્રી(૧)ની પુત્રી. તેને તીર્થંકર પાર્શ્વ એ દીક્ષા આપી હતી. મૃત્યુ પછી તેનો જન્મ ચંદ્રની મુખ્ય પત્ની તરીકે થયો હતો.
३. चंदप्पभा	*दे.*	*चन्द्रप्रभा*	ચંદ્રપ્રભા	ચંદ્રની ચાર મુખ્ય પત્નીમાંની એક. આ અને ચંદ્રપ્રભા બંને એક છે.

४. चंदप्पभा	*ती.*	*चन्द्रप्रभा*	ચંદ્રપ્રભા	સંસારત્યાગના પ્રસંગે ભ૦ મહાવીર દ્વારા ઉપ–યોગમાં લેવાયેલી પાલખી. દસમા તીર્થંકર શીતલે પણ દિક્ષામાં વાપરેલ પાલખીનું આ જ નામ છે.
५. चंदप्पभा	*ती.*	*चन्द्रप्रभा*	ચંદ્રપ્રભા	જ્યાં ઋષભ મોક્ષ પામ્યા હતા તે અષ્ટાપદ પર્વત ઉપર ચક્રવર્તી ભરતદ્વારા સ્થાપવામાં આવેલી ચાર જિનપ્રતિમાઓમાંની એક. *('ઋષભ' આદિ ચારમાંની એક શાશ્વત પ્રતિમા)*
१. चंदप्पह	*ती.*	*चन्द्रप्रभ*	ચંદ્રપ્રભ	વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં થયેલા આઠમાં તીર્થંકર. તે શશી નામે પણ જાણીતા છે. તે ચંદ્રપુરના રાજા મહાસેન(૪) અને તેમની રાણી લક્ષ્મણા (૩)ના પુત્ર હતા. તેમની ઊંચાઈ ૧૫૦ ધનુષ હતી. તેમનો વર્ણ ચંદ્ર જેવો ધવલ હતો. તેમણે ૧૦૦૦ પુરુષો સાથે સંસારનો ત્યાગ કર્યો. તે પ્રસંગે તેમણે અપરાજિતા પાલખીનો ઉપયોગ કર્યો હતો. તેમણે પ્રથમ ભિક્ષા પદ્મખંડમાં સોમદત્ત(૩) પાસેથી ગ્રહણ કરી હતી. તેમનો પ્રથમ શિષ્ય 'દિણ્ણ'(૨) હતો. તેમની પ્રથમ શિષ્યા સુમના(૩) હતી. તેમની આજ્ઞામાં શ્રમણોના ૯૩ ગણો હતા, ૯૩ ગણધરો હતા, બે લાખ પચાસ હજાર શ્રમણો હતા અને ત્રણ લાખ એંશી હજાર શ્રમણીઓ હતી. તે દસ લાખ પૂર્વ વર્ષની ઉંમરે સમ્મેત પર્વત ઉપર મોક્ષ પામ્યા. તે પોતાના પૂર્વભવમાં 'દીહબાહુ'(૧) હતા.
२. चंदप्पह	*भौ.दे.*	*चन्द्रप्रभ*	ચંદ્રપ્રભ	સનત્કુમાર અને માહેંદ્રમાં આવેલું સ્વર્ગીય વાસ–સ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ સાગરોપમ વર્ષનું છે.
३. चंदप्पह	*अ.*	*चन्द्रप्रभ*	ચંદ્રપ્રભ	મથુરાનો ગૃહસ્થ. તેને પોતાની પત્ની ચંદ્રશ્રી થી ચંદ્રપ્રભા નામની પુત્રી હતી.
चंदप्पहा	*ती.*	*चन्द्रप्रभा*	ચંદ્રપ્રભા	જુઓ 'ચંદપ્પભા'.
चंदभागा	*भौ.*	*चन्द्रभागा*	ચંદ્રભાગા	સિંધુ(૧) નદીને મળતી એક નદી.
चंदलेस्स	*भौ.दे.*	*चन्द्रलेश्य*	ચંદ્રલેશ્ય	સનત્કુમાર અને માહેંદ્રમાં આવેલું સ્વર્ગીય વાસ–સ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ સાગરોપમ વર્ષનું છે.
१. चंदवडिंसअ	*भौ.दे.*	*चन्द्रावतंसक*	ચંદ્રાવતંસક	ચંદ્રના રહેવા માટેનું સ્વર્ગીય વાસસ્થાન.
२. चंदवडिंसअ	*श्रा.*	*चन्द्रावतंसक*	ચંદ્રાવતંસક	જુઓ 'ચંદ્રવડેંસઅ'.

चंदवडेंसअ	*श्वा.*	*चन्द्रावतंसक*	ચંદ્રાવતંસક	સાકેતનો રાજા. તેને બે પત્નીઓ હતી—ધારિણી અને એક બીજી. તેને ધારિણીથી ગુણચંદ્ર અને મુનિચંદ્ર એમ બે પુત્રો હતા. તથા બીજી પત્નીથી પણ બે પુત્રો હતા. ગુણચંદ્ર રાજનો વારસદાર હતો અને મુનિચંદ્રને ઉજ્જૈનીનો સૂબો નીમવામાં આવ્યો હતો. ચંદ્રવડેંસઅ રાજાએ એકવાર નિશ્ચય કરી આખી રાત ધ્યાન કર્યું. ત્યાર પછી મૃત્યુ થયુ.
चंदवण्ण	*भौ.दे.*	*चन्द्रवर्ण*	ચંદ્રવર્ણ	સનત્ કુમાર અને માહેંદ્રમાં આવેલું સ્વર્ગીય વાસ–સ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૩ સાગરોપમ છે.
चंदविमाण	*दे.ज.*	*चन्द्रविमान*	ચંદ્રવિમાન	સ્વર્ગીય વાસસ્થાન જ્યાં જ્યોતિષ્ક દેવો વસે છે. તે પૃથ્વીથી ૮૮૦ યોજનના અંતરે આવેલું છે. તે સતત ગોળ ગોળ પરિભ્રમણ કર્યા કરે છે.
चंदसिंग	*भौ.दे.*	*चन्द्रशृङ्ग*	ચંદ્રશૃઙ્ગ	સનત્ કુમાર અને માહેંદ્રમાં આવેલું સ્વર્ગીય વાસ–સ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૩સાગરોપમ છે.
चंदसिट्ठ	*भौ.दे.*	*चन्द्रसृष्ट*	ચંદ્રસૃષ્ટ	ચંદ્રવર્ણ જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.
१. चंदसिरी	*अ.*	*चन्द्रश्री*	ચન્દશ્રી	મથુરાના વેપારી ચંદ્રપ્રભની પત્ની.
२. चंदसिरी	*अ.*	*चन्द्रश्री*	ચન્દશ્રી	પાડલિપુત્રના વેપારી ધર્મસીહ(४)ની પત્ની.
चंदस्स अग्गमहिसी	*आ.*	*चन्द्रस्य अग्रमहिषी*	ચંદ્રસ્ય અગ્રમહિષી	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધનો સાતમો વર્ગ.
चंदा	*भौ.*	*चन्द्रा*	ચંદ્રા	ચંદ્ર(१)ની રાજધાની.
चंदाणण	*ती.*	*चन्द्रानन*	ચંદ્રાનન	જંબૂદ્વીપના ઐરાવત ક્ષેત્રમાં થયેલા ૨૪ તીર્થંકરમાં પ્રથમ. તે ભ૰ ઋષભના સમકાલીન હતા, મેઘકૂડ પર્વત ઉપર મોક્ષ પામ્યા હતા. તે 'બાલચંદાણણ' નામે પણ પ્રસિદ્ધ છે.
१. चंदाणणा	*ती.*	*चन्द्राननना*	ચંદ્રાનના	જિનની ચાર શાશ્વત પ્રતિમાઓમાંની એક.
२. चंदाणणा	*ती.ऐ.*	*चन्द्राननना*	ચંદ્રાનના	તીર્થંકર ચંદ્રપ્પભનું જન્મસ્થાન. જુઓ ચંદ્રપુર.
१. चंदाभ	*भौ.दे.*	*चन्द्राभ*	ચંદ્રાભ	એક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુ આઠ સાગરોપમ વર્ષનું છે. તે લોકાંતિક વાસસ્થાન છે. ગર્દતોય દેવો ત્યાં વસે છે. તે અર્ચી જેવું જ છે.
२. चंदाभ	*अ.*	*चन्द्राभ*	ચંદ્રાભ	વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ભરતમાં થયેલા ચૌદ કુલકરમાંના અગિયારમાં કુલકર. જુઓ અભિચંદ્ર(१).
३. चंदाभ	*ती.*	*चन्द्राभ*	ચંદ્રાભ	આ અને ચંદ્રપ્રભ એક છે.
चंदावत्त	*भौ.दे.*	*चन्द्रावर्त*	ચંદ્રાવર્ત	સનત્ કુમાર અને માહેંદ્રમાં આવેલું સ્વર્ગીય વાસ–સ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૩ સાગરોપમ છે.
चंदाविज्झय	*आ.*	*चन्द्रवेध्यक*	ચંદ્રવેધ્યક	જુઓ 'चंदगवेज्झग'.
चंदावेज्झय	*आ.*	*चन्द्रवेध्यक*	ચંદ્રવેધ્યક	આ અને ચંદ્રગવેજ્ઝગ એક છે.

१. चंदिमा	*आ.*	*चन्द्रिका*	ચન્દ્રિકા	અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૩ નું અધ્યયન ૬.
२. चंदिमा	*श्र.*	*चन्द्रिका*	ચન્દ્રિકા	સાકેતની સાર્થવાહી ભદ્રા(૮)નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી મહાવીરનો શિષ્ય બન્યો. મૃત્યુ પછી તે સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ તરીકે જન્મ્યો. ત્યાર પછી એક ભવ કરી તે મોક્ષે જશે.
४. चंदिमा	*आ.*	*चन्द्रिका*	ચન્દ્રિકા	ભગવતીસૂત્રના પાંચમાં શતકનો દસમો ઉદ્દેશક.
चंदुत्तरावडिंसग	*भौ.दे.*	*चन्द्रोत्तरावतंसक*	ચન્દ્રોત્તરાવતંસક	સનત્ કુમાર અને માહેંદ્રમાં આવેલું સ્વર્ગીય વાસ–સ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૩ સાગરોપમ છે.
१. चंदोतरण	*ऐ.*	*चन्द्रावतरण*	ચંદ્રાવતરણ	કોસંબી નગરીની બહાર આવેલું ઉદ્યાન. અહીં ભ૦ મહાવીર આવ્યા હતા. મહાવીરને વંદન કરવા દેવ ચંદ્ર અહીં આવ્યો હતો, એના કારણે તેનું નામ આવું પાડવામાં આવ્યું હશે.
२. चंदोतरण	*ऐ.*	*चन्द्रावतरण*	ચંદ્રાવતરણ	ઉદ્દંડપુર નગરની બહાર આવેલું ચૈત્ય. ગોસાલક નો બીજો પ્રવૃતપરિહાર (પરશરીરપ્રવેશ) અહીં થયો હતો. મહાવીરને વંદન કરવા દેવ ચંદ્ર આવ્યો હોવાના કારણે તેનું આ નામ પડ્યું હશે.
चंदोदय	*ऐ.*	*चन्द्रोदय*	ચન્દ્રોદય	ચંદ્રાનના નગરીની બહાર આવેલું ઉદ્યાન.
चंदोयरण	*ऐ.*	*चन्द्रावतरण*	ચંદ્રાવતરણ	જુઓ 'चंदोतरण'.
चंदोवतरण	*ऐ.*	*चन्द्रावतरण*	ચંદ્રાવતરણ	આ અને 'चंदोतरण' એક છે.
चंपअ	*दे.*	*चम्पक*	ચમ્પક	ચંપકવન નામના વનનો રક્ષક દેવ.
चंपगवण	*भौ.*	*चम्पकवन*	ચમ્પકવન	વપ્પ(૧)ની રાજધાની વિજયા(૮)થી પાંચસો યોજનના અંતરે આવેલું વન.
चंपयवडिंसअ	*भौ.दे.*	*चम्पकावतंसक*	ચમ્પકાવતંસક	શક્ર(૩)ના પાંચ વિમાનોમાંનું (સ્વર્ગીય વાસ–સ્થાનોમાંનું) એક.
चंपरमणिज्ज	*ऐ.*	*चम्परमणीय*	ચમ્પરમણીય	કુમારઅ સન્નિવેશમાં આવેલું ઉદ્યાન. ગોસાલક સાથે મહાવીર અહીં આવ્યા હતા.
१. चंपा	*ऐ.*	*चम्पा*	ચમ્પા	ભરતના એક આર્ય દેશ અંગની રાજધાની. આ નગર બારમાં તીર્થંકર વાસુપુજ્યનું જન્મસ્થાન, દીક્ષાસ્થાન અને નિર્વાણસ્થાન છે.
२. चंपा	*भौ.*	*चम्पा*	ચમ્પા	જુઓ ચંપા(૧). ધાતકીખંડમાં બીજી ચંપા નગરી છે. તે વાસુદેવ કૃષ્ણના સમકાલીન વાસુદેવ(૧) કપિલ(૧)ની રાજધાની હતી.
चंपिज्जिया	*अ.*	*चंपीया*	ચંપીયા	ઉડુવાડિકગણની ચાર શાખાઓમાંની એક.
चक्क	*दे.*	*चक्र*	ચક્ર	વૈશ્રમણ(૯)ના તાબામાં રહેલો એક દેવ.
चक्कपुर	*ऐ.ती.*	*चक्रपुर*	ચક્રપુર	જ્યાં સત્તરમાં તીર્થંકર કુંથુએ પ્રથમ પારણું કર્યું હતું તે નગર. છઠ્ઠા વાસુદેવ પુરિસપુંડરીક અને છઠ્ઠા બલદેવ આનંદ આ નગરના હતા.

चक्कपुरा	*भौ.*	*चक्रपुरी*	ચક્રપુરી	મહાવિદેહમાં સીતોદા નદીની ઉત્તરે આવેલા વલ્ગુ પ્રદેશની રાજધાની.
चक्कवट्टि	*च.*	*चक्रवर्तिन्*	ચક્રવર્તિન્	પૃથ્વીના ચારે છેડા સુધી રાજ કરનાર સાર્વભૌમ રાજાધિરાજ અને ચૌદ રત્નોનો માલિક. તે મનુષ્યોમાં દેવ છે. ચક્ર (એક પ્રકારનું શસ્ત્ર) તેનું મુખ્ય રત્ન છે. વધારામાં તે નવનિધિ નો માલિક છે અને ૩૨૦૦૦ રાજાઓનો અધિપતિ છે. તેના રાજ્યની ભૂમિની સીમા સમુદ્રકિનારો છે. તેને ૬૪૦૦૦ પત્નીઓ છે. તીર્થંકરની માતાની જેમ ચક્રવર્તીની માતાને પણ ગર્ભધારણ કરતી વખતે ચૌદ સ્વપ્ન આવે છે. ચક્રવર્તી કદી નીચકુળમાં જન્મ લેતા નથી. તે વાસુદેવથી બમણા બળવાન છે.તે ૧૦૦૮શુભ લક્ષણો ધરાવે છે.
चक्कवट्टिविजय	*च.ऐ.*	*चक्रवर्तिविजय*	ચક્રવર્તિવિજય	ચક્રવર્તી જે પ્રદેશ જીતી લે છે તે. બધા મળીને આવા પ્રદેશો કુલ ૩૪ છે– જંબૂદ્વીપમાં મહાવિદેહ માં ૩૨ અને ભરતમાં ૧ અને ઐરાવતમાં ૧. મહાવિદેહની પ્રત્યેક ચક્રવર્તીવિજય ૧૬૫૯૨–૨/૧૯ યોજન લાંબો અને ૨૨૧૩ યોજનમાં કંઈક ન્યૂન પહોળો છે. તે વિજય(૨૩) બરાબર છે. મહાવિદેહના ૩૨ પ્રદેશોનાં નામ માટે જુઓ 'મહાવિદેહ'.
चक्कहर	*च.*	*चक्रधर*	ચક્રધર	આ અને ચક્રવર્તી એક છે.
चक्काउह	*ती.*	*चक्रायुध*	ચક્રાયુધ	સોળમાં તીર્થંકર શાંતિના પ્રથમ ગણધર.
चक्काह	*ती.ग.*	*चक्राध*	ચક્રાધ	આ અને 'चक्काउह' એક છે.
चक्कि	*च.*	*चक्रिन्*	ચક્રિન્	આ અને ચક્રવર્તી એક છે.
चक्केसरी	*दे.*	*चक्रेश्वरी*	ચક્રેશ્વરી	એક દેવી.
चक्खुकंत	*दे.*	*चक्षुष्कान्त*	ચક્ષુષ્કાન્ત	કુંડલોદ સમુદ્રનો અધિષ્ઠાતા દેવ.
चक्खुकंता	*अ.*	*चक्षुकान्ता*	ચક્ષુકાન્તા	વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ભરતમાં થયેલા પાંચમાં કુલકર પ્રસેનજીતની પત્ની.
चक्खुम	*अ.*	*चक्षुष्मत्*	ચક્ષુષ્મત્	જુદી જુદી બે પરંપરા મુજબ વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ભરતમાં થયેલ બીજા કે આઠમા કુલકર ચંદ્રકંતા તેની પત્ની છે. જુઓ વિમલવાહન.
चक्खुसुभ	*दे.*	*चक्षुश्शुभ*	ચક્ષુશ્શુભ	કુંડલોદ સમુદ્રનો અધિષ્ઠાતા દેવ.
चणगपुर	*ऐ.*	*चणकपुर*	ચણકપુર	ક્ષિતિપ્રતિષ્ઠિતના સ્થાને સ્થપાયેલ નગર. ચણગપુરના સ્થાને ઋષભપુરસ્થાપવામાં આવ્યું. ઋષભપુરના સ્થાને કુસગ્ગપુર સ્થાપવામાં આવ્યું કુસગ્ગપુરના સ્થાને રાજગૃહી સ્થાપવામાં આવ્યું.

चणिअ	अ.	चणक	ચણક	ચાણક્યના પિતા.
चणियग्गाम	ऐ.	चणकग्राम	ચણકગ્રામ	ગોલ્લદેશનું ગામ. તે ચાણક્કનું જન્મસ્થાન હતું.
चतुरंगिज्ज	आ.	चतुरंगीय	ચતુરંગીય	ઉત્તરાધ્યયનનું ત્રીજું અધ્યયન.
१. चमर	दे.	चमर	ચમર	દક્ષિણના અસુરકુમાર દેવોનો ઇંદ્ર. તેની રાજધાનીનું નામ ચમરચંચા છે. તેને ચોંત્રીસ લાખ સ્વર્ગીય મહેલો છે. તેને પાંચ મુખ્ય પત્નીઓ છે — કાલી(૧), રાઈ(૪), રયણી(૨), વિદ્યુ(૨) મેહા.
२. चमर	आ.	चमर	ચમર	ભગવતીસૂત્રના ત્રીજા શતકનો બીજો ઉદ્દેશક.
३. चमर	ती.ग.	चमर	ચમર	પાંચમાં તીર્થંકર સુમઈ(૭)ના પ્રથમ ગણધર.
चमरचंचा	ऐ.	चमरचञ्चा	ચમરચંચા	દક્ષિણના અસુરકુમાર દેવોનો ઇંદ્ર. ચમર(૧)ની રાજધાની. રત્નપ્રભા(૨) નરકભૂમિની નીચે ચાલીસ હજાર યોજનના અંતરે તે આવેલ છે.
चमरस्स-अग्गमहिसी	आ.	चमरस्य-अग्रमहिषी	ચમરસ્ય-અગ્રમહિષી	જ્ઞાતાધર્મકથાના (બીજા શ્રુતસ્કન્ધનો) પ્રથમ વર્ગ.
चम्मखंडिअ	अ.ता	चर्मखण्डिक	ચર્મખણ્ડિક	ચામડું પહેરનાર પરિવ્રાજકોનો વર્ગ.
चर	आ.	चर	ચર	ચૌદમા શતકનો પહેલો ઉદ્દેશક.
चरग	अ.ता.	चरक	ચરક	હિંસક સાધનો દ્વારા ભોજન મેળવતા ત્રિદંડી પરિવ્રાજકોનો વર્ગ.
चरण	आ.	चरण	ચરણ	આ અને ચરણવિહિ(૨) એક છે.
१. चरणविहि	आ.	चरणविधि	ચરણવિધિ	ઓગણત્રીસ ઉત્કાલિક આગમગ્રન્થોમાંનો એક. તે શ્રમણાચારનું નિરૂપણ કરે છે. તે વર્તમાનમાં અસ્તિત્વમાં નથી. તે નષ્ટ થઈ ગયો છે.
२. चरणविहि	आ.	चरणविधि	ચરણવિધિ	ઉત્તરાધ્યયનનું એકત્રીસમું અધ્યયન.
१. चरम	आ.	चरम	ચરમ	ભગવતીસૂત્રના ઓગણીસમા શતકનો પાંચમો ઉદ્દેશક.
२. चरम	आ.	चरम	ચરમ	પ્રજ્ઞાપનાનું દસમું પદ (પ્રકરણ).
चरिम	आ.	चरम	ચરમ	આ અને ચરમ(૨) એક છે.
१. चलण	आ.	चलन	ચલન	ભગવતીસૂત્રના પ્રથમ શતકનો પહેલો ઉદ્દેશક.
२. चलण	आ.	चलन	ચલન	ભગવતીસૂત્રના પ્રથમ શતકનો દસમો ઉદ્દેશક.
चाउरंगिज्ज	आ.	चतुरङ्गीय	ચતુરઙ્ગીય	આ અને ચતુરંગિજ્જ એક છે.

चाणक्क	*क.श्र.*	*चाणक्य*	ચાણક્ય	ગોલ્લ(૧) દેશના ચણિયગ્ગામ નામના ગામમાં બ્રાહ્મણ ચણિકનો પુત્ર. એક વાર તે ધનપ્રાપ્તિની આશા રાખી પાડલિપુત્રના રાજા નંદપાસે ગયો. રાજાના માણસોએ તેનું અપમાન કર્યું. તે કારણે ક્રોધે ભરાયેલા તેણે ચંદ્રગુપ્તની મદદથી નંદવંશનો નાશ કર્યો, ચંદ્રગુપ્તને પાડલિપુત્રનો રાજા બનાવ્યો પોતે મંત્રી બન્યો. ચંદ્રગુપ્તના મરણ પછી બિંદુસાર રાજા થયો અને સુબંધુ તેનો મંત્રી બન્યો. આ બાજુ ચાણક્ય બધી દુન્યવી પ્રવૃત્તિઓ છોડી અને અન્ન નો ત્યાગ કરી ધ્યાનસાધનામાં લાગી ગયા અને ઈર્ષાથી સુબંધુને જણાવેલી પોતાની ઝૂંપડીમાં શાંત ચિત્તે સમાધિપૂર્વક મૃત્યુ પામ્યા.
चाणूर	*अ.*	*चाणूर*	ચાણૂર	કંસ(૨)ની રાજસભામાં વાસુદેવ કૃષ્ણદ્વારા હણવામાં આવેલો મલ્લ.
चातुरंगिज्ज	*आ.*	*चतुरङ्गीय*	ચતુરઙ્ગીય	જુઓ 'ચતુરંગિજ્જ'.
चातुरंगेज्ज	*आ.*	*चतुरङ्गीय*	ચતુરઙ્ગીય	જુઓ 'ચતુરંગિજ્જ'.
चामरच्छाय	*आ.*	*चामरच्छाय*	ચામરચ્છાય	સ્વાતી નક્ષત્રનું ગોત્રનામ.
चारण	*आ.*	*चारण*	ચારણ	ભગવતીસૂત્રના વીસમા શતકનો નવમો ઉદ્દેશક.
चारणगण	*ती.श्र*	*चारणगण*	ચારણગણ	મહાવીરની આજ્ઞામાં રહેલા શ્રમણોના નવ ગણમાંનો એક ગણ.
चारणभावणा	*आ.*	*चारणभावना*	ચારણભાવના	એક અંગબાહ્ય કાલિક આગમગ્રન્થ. તે ચારણ–લબ્ધિ પામેલા શ્રમણોનું નિરૂપણ કરે છે. પંદર વર્ષનું શ્રમણજીવન જેણે પૂર્ણ કર્યું હોય તે શ્રમણને આ ગ્રન્થ ભણવાનો અધિકાર છે. આ ગ્રન્થ હાલ અસ્તિત્વમાં નથી, તે નષ્ટ થઈ ગયો છે.
चारु	*ती.श्र*	*चारु*	ચારુ	ત્રીજા તીર્થંકર સંભવનો પ્રથમ શિષ્ય.
चारुगण	*भौ.*	*चारुगण*	ચારુગણ	આ અને 'થારુગિણ' એક સંભવે છે.
१. चारुदत्त	*अ.*	*चारुदत्त*	ચારુદત્ત	શ્રેષ્ઠીનો પુત્ર. તેણે ગણિકા પાછળ પોતાનું બધું ધન વેફડી નાંખ્યુ અને પોતાના મામા સાથે આજીવિકા માટે અહીંતહીં ભટકવા માંડ્યુ. તે સુવર્ણભૂમિ પણ ગયો હતો.
२. चारुदत्त	*अ.*	*चारुदत्त*	ચારુદત્ત	ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની વચ્છીના પિતા.
चारुपव्वय	*भौ.*	*चारुपर्वत*	ચારુપર્વત	મહાવિદેહ ક્ષેત્રમાં આવેલા સલિલાવતી પ્રદેશમાં આવેલો પર્વત.
चावोण्णत	*भौ.दे.*	*चापोन्नत*	ચાપોન્નત	આરણ કલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન, જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૧ સાગરોપમ વર્ષનું છે.

१. चित्त	*श्र.*	*चित्त*	ચિત્ત	વાણારસીના ચાંડાલનો પુત્ર અને સંભૂતનો ભાઈ. તે સંસારનો ત્યાગ કરી શ્રમણ થયો હતો. કેટલાય પુનર્જન્મોમાં ચક્રવર્તી બ્રહ્મદત્તની સાથે તેના ભાઈ તરીકે તેણે જન્મો ધારણ કર્યા હતા. સુખશીલ બ્રહ્મદત્તને પ્રબુદ્ધ કરવા તેણે નિષ્ફળ પ્રયત્નો કર્યા
२. चित्त	*के.*	*चित्त*	ચિત્ત	સેયવિયાના રાજા 'પએસિ'નો સારથિ. તેણે કેસિ(૧) દ્વારા રાજાને ધર્મમાં પ્રવેશ કરાવ્યો.
३. चित्त	*दे.*	*चित्त*	ચિત્ત	સુવણ્ણકુમાર દેવોના બે ઇન્દ્રો વેણુદેવ અને વેણુદાલિમાંથી પ્રત્યેકનો લોકપાલ.
४. चित्त	*अ.च.*	*चित्त*	ચિત્ત	'વિઙ્કુમઈ અને વિઙ્કુમાલા'ના પિતા અને ચક્રવર્તી બ્રહ્મદત્તના સસરા.
५. चित्त	*अ.*	*चित्त*	ચિત્ત	મથુરાના રાજા શ્રીદામનો હજામ સેવક.
चित्तउत्त	*ती.*	*चित्रगुप्त*	ચિત્રગુપ્ત	જુઓ 'ચિત્તગુત્ત'.
१. चित्तकणगा	*दे.*	*चित्रकनका*	ચિત્રકનકા	રુચકપર્વતની એક વિદિશાની મુખ્ય દિસાકુમારી.
२. चित्तकणगा	*दे.*	*चित्रकनका*	ચિત્રકનકા	એક વિદ્યુતકુમારિમહત્તરિકા દેવી. તે અને 'ચિત્ત–કણગા'(૧) સમાન છે.
१. चित्तकूड	*भौ.*	*चित्रकूट*	ચિત્રકૂટ	મહાવિદેહમાં આવેલો એક વક્ષસ્કાર પર્વત. તે સીતાનદીની ઉત્તરે, નીલવંતપર્વતની દક્ષિણે, કચ્છની પૂર્વે અને સુકચ્છની પશ્ચિમે આવેલો છે.
२. चित्तकूड	*दे.*	*चित्रकूट*	ચિત્રકૂટ	'ચિત્તકૂડ'(૧) પર વસતો દેવ.
३. चित्तकूड	*भौ.*	*चित्रकूट*	ચિત્રકૂટ	'ચિત્તકૂડ'(૧)નું શિખર.
४. चित्तकूड	*भौ.*	*चित्रकूट*	ચિત્રકૂટ	દેવકુરુમાં આવેલો પર્વત. તે સિતોદા નદીના એક કિનારા ઉપર આવેલો છે અને વિચિત્રકૂડ નદીના સામે કિનારે ઊભો છે. તેની ઊંચાઈ એક હજાર યોજન છે. તે જૃમ્ભક દેવોનું વાસસ્થાન છે. તે ચિત્રપર્વત નામે પણ જાણીતો છે.
चित्तखुड्डअ	*श्र.*	*चित्रक्षुद्रक*	ચિત્રક્ષુદ્રક	એક શ્રમણ.
चित्तगुत्त	*ती.*	*चित्रगुप्त*	ચિત્રગુપ્ત	ભરતક્ષેત્રના ચોવીસ ભાવિ તીર્થંકરમાંના સત્તરમાં તીર્થંકર. તે રેવતી(૧)નો ભાવિ જન્મ છે.
१. चित्तगुत्ता	*दे.*	*चित्रगुप्ता*	ચિત્રગુપ્તા	રુચક(૧) પર્વતના દક્ષિણ ભાગના શિખર વૈશ્રમણ (૮) ઉપર વસતી મુખ્ય દિસાકુમારી.
२. चित्तगुत्ता	*दे.*	*चित्रगुप्ता*	ચિત્રગુપ્તા	ચમરના ચાર લોકપાલમાંથી દરેકની એક એક મુખ્ય પત્ની. જુઓ સોમ(૩).
चित्तपक्ख	*दे.*	*चित्रपक्ष*	ચિત્રપક્ષ	સુવર્ણકુમાર દેવોના બે ઇન્દ્રો વેણુદેવ અને વેણુ–દાલિમાંથી દરેકનો એક એક લોકપાલ.
चित्तपव्वय	*भौ.*	*चित्रपर्वत*	ચિત્રપર્વત	જુઓ ચિત્તકૂડ(૪).
चित्तसंभूइज्ज	*आ.*	*चित्तसम्भूतीय*	ચિત્તસમ્ભૂતીય	ઉત્તરાધ્યયનનું તેરમું અધ્યયન.

चित्तसंभूय	*आ.*	*चित्तसम्भूत*	ચિત્તસમ્ભૂત	જુઓ 'ચિત્તસંભૂઇજ્જ'.
चित्तसेणअ	*अ.च.*	*चित्रसेनक*	ચિત્રસેનક	ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની ભદ્રા(૨૨)ના પિતા.
१. चित्ता	*दे.ज.*	*चित्रा*	ચિત્રા	૨૮ નક્ષત્રમાંનું એક. ત્રષ્ટા તેનો અધિષ્ઠાતા દેવ છે અને દુબ્ભાયણ તેનું ગોત્રનામ છે.
२. चित्ता	*दे.*	*चित्रा*	ચિત્રા	શક્રના લોકપાલ સોમની મુખ્ય પત્ની. શક્રના બીજા ત્રણ લોકપાલ જમ, વરુણ, વૈશ્રમણમાંના દરેકની એક મુખ્ય પત્નીનું નામ પણ આ જ છે.
३. चित्ता	*दे.*	*चित्रा*	ચિત્રા	રુચકપર્વતની એક વિદિશામાં વસતી મુખ્ય દિસાકુમારી દેવી.
४. चित्ता	*दे.*	*चित्रा*	ચિત્રા	વિદ્યુતકુમારિમહત્તરિકા દેવી. તે અને 'ચિત્તા'(૩) સમાન છે.
चित्तार	*अ.*	*चित्रकार*	ચિત્રકાર	એક આર્ય ધંધાદારી (ઔદ્યોગિક) મંડળ.
चिरा	*ती.श्र*	*चिरा*	ચિરા	પંદરમાં તીર્થંકર ધર્મના પ્રથમ શિષ્યા. 'સમવાય' અનુસાર તેનું નામ શિવા(૩) છે.
चिलाइपुत्त	*श्र.क.*	*चिलातिपुत्र / किरातिपुत्र*	ચિલાતિપુત્ર / કિરાતિપુત્ર	ચિલાતિકાનો પુત્ર અને રાજગૃહીના શ્રેષ્ઠી ધન્યનો સેવક. પછીથી તે લુંટારો થયો, તેણે ખૂનો કર્યા. છેવટે તેને સત્ય સમજાયું અને તે શ્રમણ બન્યો. તેણે બધા દુ:ખો શાંત ચિત્તે સહન કર્યા અને મૃત્યુ પછી સહસ્રાર દેવલોકમાં તે દેવ થયો. ***(જ્ઞાતાધર્મકથા મુજબ ચિલાતીપુત્ર ભૂખ તરસથી પીડાઇને દુર્ગતિમાં ગયો.)***
चिलात	*श्र.*	*किरात*	કિરાત	જુઓ 'ચિલાય'(૨).
चिलातिया	*अ.*	*किरातिका*	કિરાતિકા	રાજગૃહીના શેઠ ધન્યની દાસી. તે ચિલાતીપુત્રની માતા હતી.
१. चिलाय	*ऐ.*	*किरात*	કિરાત	એક અનાર્ય દેશ. તેમાં વસનાર પણ ચિલાત રૂપે ઓળખાય છે.
२. चिलाय	*श्र.*	*किरात*	કિરાત	અનાર્ય નગર કોડિવરિસનો રાજા. તે સાકેત નગર ગયો, મહાવીરનો ઉપદેશ સાંભળ્યો અને સંસાર ત્યાગી શ્રમણ બન્યો.
३. चिलाय	*श्र.क.*	*किरात*	કિરાત	આ અને ચિલાતીપુત્ર એક છે.
चिलायग	*श्र.क.*	*किरातक*	કિરાતક	આ અને ચિલાતીપુત્ર એક છે.
चिलायपुत्त	*श्र.क.*	*किरातपुत्र*	કિરાતપુત્ર	જુઓ 'ચિલાઇપુત્ત'.
चिल्लणा	*श्रा.*	*चेल्लना*	ચેલ્લના	જુઓ 'ચેલ્લણા'.
चिल्लल	*ऐ.*	*चिल्लल*	ચિલ્લલ	જુઓ 'બિલ્લલ'.
चीण	*ऐ.*	*चीन*	ચીન	એક અનાર્ય દેશ. તે રેશમ માટે પ્રસિદ્ધ હતો.
चीरिग	*अ.ता*	*चीरिक*	ચીરિક	રસ્તા ઉપર પડેલા ચીથરા વીણીને પહેરનારા પરિવ્રાજકોનો વર્ગ.
चुंचुण		*चुञ्चुन*	ચુંચુન	એક અનાર્ય (અનાર્ય) કોમ.

चुंचुय	ऐ.	चुञ्चुक	ચુંચુક	એક અનાર્યજાતિ, દેશ અને તે દેશવાસી. તે ચંચુય તરીકે પણ જાણીતા છે.
१. चुलणी	अ.	चुलनी	ચુલની	કંપિલ્લપુરના રાજા દ્રુપદની પત્ની. તે દ્રૌપદીની માતા હતી.
२. चुलणी	च.	चुलनी	ચુલની	કંપિલ્લપુરના રાજા બ્રહ્મની પત્ની અને ચક્રવર્તી બ્રહ્મદત્તની માતા.
१. चुलणीपिय	आ.	चुलनीपितृ	ચુલનીપિતૃ	ઉપાસકદશાનું ત્રીજું અધ્યયન.
२. चुलणीपिय	श्रा.	चुलनीपितृ	ચુલનીપિતૃ	વાણારસીનો ગૃહસ્થ. ભ૦ મહાવીરના મુખ્ય દસ ઉપાસકોમાંનો એક. એકવાર જ્યારે તે પૌષધવ્રતનું પાલન કરતા હતા ત્યારે તેમની શ્રદ્ધાની દ્રઢતાની પરીક્ષા કરવા તેમની તરફ એક દેવ હાથમાં તલવાર લઈ ધસી આવ્યો. તે દેવે તેના દેખતા તેના પુત્રોને મારી નાખ્યા પરંતુ ચુલણીપિયા વ્રતમાંથી ચલિત ન થયા અને પોતાની શ્રદ્ધા છોડી નહિ. પછી દેવ તેમની માતાને મારી નાખવા તૈયાર થયો. ત્યારે ચુલણીપિતાથી સહન ન થયું. તે એકદમ દેવને પકડવા ઊભા થઈ ગયા. પરંતુ દેવ તો ત્યાં હતા નહિ. આ દોષ માટે તેમણે પ્રાયશ્ચિત્ત કર્યું. મૃત્યુ પછી તે સુધર્મ દેવલોકમાં દેવ થયા.
चुल्लकप्पसुअ / चुल्लकप्पसुय	आ.	क्षुल्लकल्पश्रुत	ક્ષુલ્લકલ્પશ્રુત	અંગબાહ્ય ઉત્કાલિક આગમગ્રન્થ. વર્તમાનમાં તે અસ્તિત્વમાં નથી, નષ્ટ થઈ ગયો છે.
चुल्लणी	च.	चुल्लनी	ચુલ્લણી	જુઓ 'ચુલણી'(૨).
१. चुल्लसयअ	आ.	चुल्लशतक	ચુલ્લશતક	ઉપાર્શ્વસકદશાનું પાંચમું અધ્યયન.
२. चुल्लसयअ	श्रा.	चुल्लशतक	ચુલ્લશતક	આલભિયા નગરનો શેઠ. તે મહાવીરના મુખ્ય દસ ઉપાસકોમાંનો એક હતો. એક વાર એક દેવ તેની આગળ ઉપસ્થિત થયો અને પૌષધવ્રત કરી રહેલા ચુલ્લશતકને તેણે વ્રત છોડી દેવા કહ્યું. પરંતુ શેઠે તેમ કર્યું નહિ. એટલે દેવે તેની સમક્ષ તેના પુત્રોને મારી નાખ્યા. તો પણ શેઠ વ્રત છોડવા તૈયાર ન થયા. તેથી દેવે તેની બધી સમૃદ્ધિ છીનવી લેવાની ધમકી આપી. દેવના મૂર્ખાઈભર્યા પગલાથી ક્રોધે ભરાયેલા શેઠ દેવને પકડવા એકદમ ઉભા થઈ ગયા. પરંતુ દેવ તો ત્યાં હતો નહિ. શેઠે વ્રતભંગના દોષનું પ્રાયશ્ચિત્ત કર્યું. મૃત્યુ પછી તે પ્રથમ સ્વર્ગલોકમાં દેવ થયા.
चुल्लसुय	आ.	क्षुल्लश्रुत	ચુલ્લશ્રુત	આ અને 'ચુલ્લકલ્પસુઅ' એક છે.

चुल्लहिमवंत	*भौ.*	*क्षुल्लहिमवत्*	ક્ષુલ્લહિમવત્	જંબૂદ્વીપમાં આવેલો પર્વત. તે હેમવય ક્ષેત્રની દક્ષિણે, ભરત ક્ષેત્રની ઉત્તરે, પૂર્વી લવણસમુદ્રની પશ્ચિમે અને પશ્ચિમી લવણસમુદ્રની પૂર્વે આવેલો છે. તે ૧૦૦ યોજન ઊંચો, ૨૫ યોજન ઊંડો અને ૧૦૫૨–૧૨/૧૯ યોજન પહોળો છે. તેને ૧૧ શિખરો છે– સિદ્ધાયતનકૂડ, લઘુહિમવંતકૂડ, ઈલાદેવી, ગંગાદેવીકૂડ, ભરત, શ્રીકૂડ, રોહિયંસકૂડ, સિંધુદેવીકૂડ, સુરદેવીકૂડ, હેમવય કૂડ, વૈશ્રમણ. ચુલ્લહિમવંતગિરિકુમાર તેનો અધિષ્ઠાતા દેવ છે.
चुल्लहिमवंतकूड	*भौ.*	*क्षुल्लहिमवत्कूट*	ક્ષુલ્લહિમવત્કૂટ	લઘુહિમવંત પર્વતના ૧૧ શિખરોમાંનું એક. મંદર પર્વતના દક્ષિણી શિખરનું પણ આ જ નામ છે.
चुल्लहिमवंत गिरिकुमार	*दे.*	*क्षुल्लहिमवत्–गिरिकुमार*	ક્ષુલ્લહિમવત્-ગિરિકુમાર	લઘુહિમવંત પર્વતનો અધિષ્ઠાતા દેવ. જુઓ ગિરિકુમાર.
चुल्लहिमवंता	*ऐ.*	*क्षुल्लहिमवती*	ક્ષુલ્લહિમવતી	લઘુહિમવંત પર્વતના અધિષ્ઠાતા દેવ લઘુહિમવંત ગિરિકુમારની રાજધાની.
चूअ	*दे.*	*चूत*	ચૂત	ચૂઅવણ નામના વનનો રક્ષક દેવ.
चूअवण	*ऐ.*	*चूतवन*	ચૂતવન	વિજયની રાજધાની વિજયાની ઉત્તરે ૫૦૦ યોજન ના અંતરે આવેલું આમ્રવન. તે ૧૨૦૦૦ યોજનો થી વધારે લાંબુ અને ૫૦૦ યોજન પહોળું છે.
चूयवडिंसय	*भौ.दे.*	*चूतावतंसक*	ચૂતાવતંસક	જ્યોતિષ્ક વર્ગના દેવોનું સ્વર્ગીય વાસસ્થાન.
चूलणी		*चूलणी*	ચૂલણી	જુઓ 'चुलणी'(२).
चूलिय	*ऐ.*	*चूलिक*	ચૂલિક	એક અનાર્ય દેશ અને તે દેશના વાસીઓ.
चूलिया	*आ.*	*चूलिका*	ચૂલિકા	તેનો અર્થ પરિશિષ્ટ છે. દૃષ્ટિવાદના પાંચમાં વિભાગ ને ચૂલિકા કહે છે. એ રીતે જ અંગચૂલિકા, વર્ગચૂલિકા, વિવાહચૂલિકા સૂત્ર છે. મહાનિસીહના છેલ્લા બે પ્રકરણો ચૂલિકા રૂપે છે. આચારના અને દશવૈકાલિકના અંતે પણ ચૂલિકા છે.
चेइय	*ऐ.*	*चैत्य*	ચૈત્ય	જ્યાં અગ્નિહોત્ર બ્રાહ્મણ તરીકે જન્મ્યા હતા તે સન્નિવેશ.
चेडअ / चेडग	*श्रा.ती*	*चेटक*	ચેટક	વૈશાલી નગરનો રાજા. તે મહાવીરનો મહાન ભક્ત હતો. તેને સાત પુત્રીઓ હતી – (૧) પભાવઈ, (૨) પદ્માવતી, (૩) મિગાવઈ, (૪) સિવા, (૫) જેટ્ઠા, (૬) સુજેટ્ઠા, (૭) ચેલ્લણા. તિસલા તેની બેન હતી. હાર અને હાથી માટે તેને હલ્લ(૩) અને વિહલ્લ(૧) ના પક્ષે પોતાની જ પુત્રી ચેલ્લણાના પુત્ર કૂણિઅ સામે યુદ્ધ કરવું પડ્યું હતું.

चेदि	*ऐ.*	*चेदि*	ચેદિ	એક આર્યદેશ. તેની રાજધાની 'સોત્તિયવઈ' હતી.
चेलणा	*श्रा.*	*चेल्लना*	ચેલ્લણા	જુઓ 'ચેલ્લણા'.
चेलवासि	*अ.ता*	*चेलवासिन्*	ચેલવાસિન્	'વેલવાસિ'નો આ ખોટો પાઠ છે.
चेल्लणा	*श्रा.*	*चेल्लना*	ચેલ્લના	વૈશાલીના રાજા ચેડગની પુત્રી અને રાજગૃહીના રાજા શ્રેણિકની પત્ની. તે શ્રેણિક સાથે ભાગી ગઈ હતી અને તેમાં તેને અભયે મદદ કરેલી. પોતાના પતિના જ હૃદયનું માંસ ખાવાનો તેનો દોહદ અભયએ ચતુરાઈથી પૂરો કર્યો હતો. તેને ત્રણ પુત્રો હતા — હલ્લ(૩), વિહલ્લ(૧) અને કૂણિઅ. તે મહાવીરની મહાન ભક્ત હતી.
चोक्खा	*अ.ता.*	*चोक्षा*	ચોક્ષા	મિથિલાની પરિવ્રાજિકા. એક વાર તેને રાજકુમારી મલ્લિ સાથે ધર્મના સ્વરૂપ અંગે વાદ થયો, તેમાં તે હારી ગઈ. પછી તે કંપિલ્લપુર ગઈ, ત્યાં રાજા જિત શત્રુ આગળ તેણે મલ્લિના રૂપનું મનોહર વર્ણન કર્યું અને મલ્લિ સાથે લગ્ન કરવા તેને ચડાવ્યો.
चोद्दसपुव्व	*आ.*	*चतुर्दशपूर्व*	ચતુર્દશપૂર્વ	'ચૌદ પૂર્વો' નામથી પ્રસિદ્ધ આગમસૂત્રોનો વર્ગ. જે હાલ દૃષ્ટિવાદ ના ભાગરૂપ છે. જુઓ પૂર્વગત.
चोर	*ऐ.*	*चौर*	ચૌર	આ અને 'ચોરાય' એક છે.
चोराग	*ऐ.*	*चौराक*	ચૌરાક	જુઓ 'ચોરાય'.
चोराय	*ऐ.*	*चौराक*	ચૌરાક	ગોસાલક સાથે મહાવીર જ્યાં ગયા હતા તેવો એક સન્નિવેશ. મહાવીરને અહીં જયંતી(૯) અને તેની બેન સોમા(૪)એ મદદ કરી હતી.
छउम	*आ.*	*छद्मन्*	છદ્મન્	ભગવતીસૂત્રના પાંચમાં શતકનો પાંચમો ઉદ્દેશક.
छउमत्थ	*आ.*	*छद्मस्थ*	છદ્મસ્થ	ભગવતીસૂત્રના સાતમા શતકનો આઠમો ઉદ્દેશક.
छउलुअ	*श्र.*	*षड्लूक*	ષડ્લૂક	જુઓ 'છલુઅ'.
छक्किरीयभत्त	*अ.*	*षट्क्रियाभक्त*	ષટ્ક્રિયાભક્ત	એક ધાર્મિક પંથ.
छगलपुर	*ऐ.*	*छगलपुर*	છગલપુર	સીહગિરિ(૧) રાજ કરતો હતો તે નગર. ખાટકી છણિય અહીંનો હતો.
छज्जीवणिया	*आ.*	*षड्जीवनिका*	ષડ્જીવનિકા	દશવૈકાલિકનું ચોથું અધ્યયન.
छणिय / छणीय	*क.*	*छन्निक*	છન્નિક	છગલપુરનો ખાટકી. મૃત્યુ પછી ચોથી નરકે ગયો ત્યાંથી મરી તે સગડ(૨) તરીકે પુનર્જન્મ પામ્યો.
छण्णीय	*क.*	*छन्निक*	છન્નિક	જુઓ છણિય.
छत्तग्गा	*ऐ.*	*छत्रग्रा*	છત્રગ્રા	ભરત ક્ષેત્રમાં આવેલું નગર. તે નંદન(૬)નું જન્મ સ્થાન હતું. આ નંદન, મહાવીરનો પૂર્વભવ હતો.
छत्तपलास	*ऐ.*	*छत्रपलाश*	છત્રપલાશ	'કયંગલા' નગર બહાર આવેલું ઉદ્યાન તેમજ ચૈત્ય. ભ૦ મહાવીર અહીં આવ્યા હતા.
छत्तार	*अ.*	*छत्रकार*	છત્રકાર	એક આર્ય ધંધાદારી (ઔદ્યોગિક) મંડળ.

छम्माणि	*ऐ.ती.*	*षण्मानि*	ષણ્માનિ	જે ગામમાં મહાવીર ગયા હતા અને જ્યાં તેમને અનેક પરીષહો સહેવા પડ્યા હતા તે ગામ. અહીં એક ગોવાળે મહાવીર ધ્યાનસ્થ હતા ત્યારે તેમના કાનમાં લાકડાના ખીલા માર્યા હતા.
छलुअ / छलुग	*श्र.नि*	*षड्लूक*	ષડ્લૂક	શ્રીગુપ્તના શિષ્ય રોહગુપ્ત(૧)નું બીજું નામ.
छव्विय	*अ.*	*छर्विक*	છર્વિક	એક આર્ય ધંધાદારી મંડળ. જેના સભ્યો સૂકા ઘાસ ની સળીમાંથી ઉપયોગી ચીજો બનાવતા હતા.
छुत्ता	*दे.*	*क्षुप्ता*	ક્ષુપ્તા	એક દેવી.
छेदसुत्त	*आ.*	*छेदश्रुत*	છેદશ્રુત	જુઓ 'छेयसुत्त'.
छेदसुय	*आ.*	*छेदश्रुत*	છેદશ્રુત	આ અને 'छेयसुत्त' એક છે.
छेयसुत्त	*आ.*	*छेदसूत्र*	છેદસૂત્ર	આગમસૂત્રોનો એક વર્ગ. તેનું નામ છેદ નામના પ્રાયશ્ચિત્તમાંથી નિષ્પન્ન થયું છે. છેદ પ્રાયશ્ચિત્ત એટલે શ્રમણપર્યાયમાં કાપ. જો કે 'छेयसुत्त' શબ્દ આવશ્યકનિર્યુક્તિ જેટલો પ્રાચીન છે તેમ છતાં પ્રાચીન ગ્રન્થોમાં આ છેદસૂત્ર વર્ગના આગમસૂત્રો ની સંખ્યાનો કોઈ ઉલ્લેખ નથી. આર્ય રક્ષિતના સમય સુધી છેદસુત્રો શ્રમણીઓને ભણાવવાની છૂટ હતી પણ પછી શ્રમણીઓને ભણાવવા ઉપર પ્રતિબંધ હતો. બુદ્ધિ વગેરેમાં પુખ્ત અને પાકટ થયેલા શ્રમણોને જ છેદસૂત્રો ભણાવવા જોઈએ.
छेयसुय	*आ.*	*छेदसूत्र*	છેદસૂત્ર	જુઓ 'छेयसुत्त'.
जइण	*अ.*	*जैन*	જૈન	આ શબ્દનો અર્થ છે જૈન સંઘ.
जउण	*श्र.*	*यमुन*	યમુન	દંડ શ્રમણને હણનાર મથુરા(૧)નો રાજા. પછી તે સંસારનો ત્યાગ કરી શ્રમણ બની ગયા હતા.
जउणा	*भौ.*	*यमुना*	યમુના	ભારતની પાંચ મોટી નદીઓમાંની એક. તેના કિનારા ઉપર સોરિયપુર નગર આવેલું હતું. તે ગંગા નદીમાં ભળી જાય છે.
जउणावंक	*ऐ.*	*यमुनावक्र*	યમુનાવક્ર	આવશ્યકચુર્ણિ અનુસાર જ્યાં મથુરા(૧)ના રાજા યમુને દંડશ્રમણને મારી નાખેલ તે ઉદ્યાન. સંસ્તારક અનુસાર આ નગરનું નામ છે.
जउव्वेय	*अ.*	*यजुर्वेद*	યજુર્વેદ	ચાર વેદોમાંનો એક.
जंगल	*ऐ.भौ.*	*जङ्गल*	જંગલ	જેની રાજધાની અહિચ્છત્તા હતી તે આર્ય દેશ.
जंघापरिजिय	*श्र.*	*जंघापरिजित*	જંઘાપરિજિત	કામ–મૈથુનની અક્ષમતાવાળી શેઠની પુત્રીની ખામી દૂર કરનાર શ્રમણ.
१. जंबवइ	*श्र.*	*जाम्बवती*	જાંબવતી	વાસુદેવ કૃષ્ણની છઠ્ઠી મુખ્ય પત્ની અને શાંબની માતા. સંસારનો ત્યાગી, તીર્થંકર અરિષ્ટનેમિના શિષ્યા બની. ૨૦ વર્ષનું શ્રામણ્ય પાળી મોક્ષે ગઈ

२. जंबवइ	*आ.*	*जाम्बवती*	જંબવતી	અંતકૃદ્દશા.ના પાંચમાં વર્ગનું છઠ્ઠું અધ્યયન.
जंबवती	*श्र.*	*जाम्बवती*	જંબવતી	જુઓ 'જંબવઈ'.
जंबु	*श्र.*	*जम्बू*	જંબૂ	જુઓ 'જંબૂ'.
१. जंबुद्दीव	*भौ.*	*जम्बूद्वीप*	જંબૂદ્વીપ	મધ્યલોકમાં સૌથી મધ્યમાં એટલે કે બધા દ્વીપ–સમુદ્રોની મધ્યે આવેલો એક દ્વીપ. તે વર્તુળાકાર છે અને વિસ્તારમાં બધા દ્વીપોમાં સૌથી નાનો છે. બીજા દ્વીપો વલયાકાર છે. લવણસમુદ્ર અને બીજા દ્વીપ–સમુદ્રો તેને સમાન કેન્દ્રવાળા વલયોના રૂપમાં ઘેરી રહેલા છે. જંબૂદ્વીપનો વ્યાસ ૧ લાખ યોજન છે. અને તેનો પરિધ ૩૧૬૨૨૭ યોજન ૩ કોશ ૧૨૮ ધનુષ ૧૩–૧/૨ અંગુલથી કંઈક વધારે છે. તેના કેન્દ્રમાં મંદર પર્વત છે. તેમાં બીજા છ વર્ષધર પર્વતો છે. તેની દક્ષિણે ભરત, હૈમવંત, હરિવર્ષ ક્ષેત્રો આવેલા છે, તેની ઉત્તરે ઐરાવત, હિરણ્યવંત, રમ્યક ક્ષેત્રો આવેલા છે. જંબૂદ્વીપના કેન્દ્રમાં અને મંદર પર્વતની ફરતે મહાવિદેહ ક્ષેત્ર આવેલું છે. જંબૂદ્વીપના કેન્દ્રમાં આવેલા જંબુસુદર્શના નામથી જાણીતા જંબુવૃક્ષ ઉપરથી આ દ્વીપનું નામ જંબૂદ્વીપ પડ્યું છે. આ દ્વીપનું વિગતવાર વિસ્તૃત વર્ણન જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ આપે છે. મધ્યલોકમાં આ જ નામવાળા અસંખ્ય દ્વીપો છે. આ જંબૂદ્વીપનો અધિષ્ઠાતા દેવ અનાદત(૨) છે.
२. जंबुद्दीव	*आ.*	*जम्बूद्वीप*	જંબૂદ્વીપ	ભગવતીસૂત્રના નવમા શતકનો પહેલો ઉદ્દેશક.
जंबुद्दीवपण्णत्ति	*आ.*	*जम्बूद्वीपप्रज्ञप्ति*	જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ	એક અંગબાહ્ય કાલિક આગમસૂત્ર, તે ઉપાંગ તરીકે સાતમો ક્રમ ધરાવે છે, ***(જો કે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ ટીકા માં તેના ક્રમ વિશે બે મત જોવા મળે છે)*** તેમાં જંબૂદ્વીપનું નિરૂપણ કરે છે. તે સાત વક્ષસ્કારો(વિભાગો)માં વિભક્ત છે. તે જંબૂદ્વીપમાં આવેલ ભરત ક્ષેત્રની વિગતવાર માહિતી આપે છે. કુલકર વર્ણન અને ભ૦ ઋષભનું ચરિત્ર વિસ્તારથી છે, ચક્રવર્તી ભરતની વિજય યાત્રા, જંબૂદ્વીપના પર્વતો, ક્ષેત્રો, વગેરે બાબતોનું વર્ણન કરે છે. સૂર્ય–ચંદ્ર વગેરેનું વર્ણન તથા તેની ગતિ વગેરેનું ગણિત આપેલ છે. તેનું કદ ૪૧૪૬ શ્લોકપ્રમાણ છે.
जंबुपेढ	*भौ.*	*जम्बूपीठ*	જંબૂપીઠ	જુઓ 'જંબૂપેઢ'.
जंबुवइ	*श्र.*	*जम्बूवती*	જંબૂવતી	આ અને 'જંબવઈ' એક છે.

जंबुसुदंसणा	*भौ.*	*जम्बूसुदर्शना*	જંબૂસુદર્શના	જંબુવૃક્ષ જેના ઉપરથી જંબૂદ્વીપ નામ પાડવામાં આવ્યું છે. તે જંબુવૃક્ષ બાર નામોથી ઓળખાય છે — અમોહા, સુદર્શના, સુપ્પબુદ્ધા, જસોહરા, વિદેહ જંબુ, ણિઅયા, સોમણસ, નિચ્ચમંડિઆ, સુભદ્રા, વિસાલા, સુજાયા અને સુમણા. તે જંબૂપેઢની મધ્યમાં છે, આઠ યોજન ઊંચું છે. ત્યાં જંબૂદ્વીપ નો અધિષ્ઠાતા દેવ અનાદત(૨) વસે છે.
१. जंबू	*ती.ग.*	*जम्बू*	જંબૂ	ભ૦ મહાવીરના પાંચમાં ગણધર સુધર્મના શિષ્ય. તે કાશ્યપ ગોત્રના હતા. વર્તમાન અવસર્પિણી કાલચક્રના તે અંતિમ કેવલી હતા. આર્ય પ્રભવ તેમના ઉત્તરાધિકારી હતા. આગમસૂત્રોમાં જંબૂનો સુધર્મને પ્રશ્ન પૂછનાર તરીકે નિર્દેશ છે.
२. जंबू	*भौ.*	*जम्बू*	જંબૂ	આ અને જંબુસુદર્શના એક છે.
जंबूदाडिम	*श्र.*	*जम्बूदाडिम*	જંબૂદાડિમ	એક રાજા, જે શ્રીયાના પતિ અને લક્ખણ(૪)ના પિતા હતા. તે સંસારનો ત્યાગી શ્રમણ બનેલા.
जंबूदीव	*भौ.*	*जम्बूद्वीप*	જંબૂદીવ	જુઓ જંબુદ્વીવ.
जंबूद्दीव	*भौ.*	*जम्बूद्वीप*	જંબૂદ્વીપ	જુઓ જંબુદ્વીવ (૧).
जंबूपेढ	*भौ.*	*जम्बूपीठ*	જંબૂપીઠ	ઉત્તરકુરુમાં આવેલી પીઠિકા. તે નીલવંતપર્વતની દક્ષિણે, મંદરપર્વતની ઉત્તરે, માલ્યવંત પર્વત ની પશ્ચિમે અને સીતા નદીની પૂર્વે આવેલી છે. તેનો વ્યાસ ૫૦૦ યોજન છે. પરિધ સાધિક ૧૫૮૧ યોજન છે. જંબૂસુદર્શના વૃક્ષ તેની મધ્યમાં છે.
जंबूमंदर	*भौ.*	*जम्बूमन्दर*	જંબૂમંદર	મંદર પર્વતનું બીજું નામ.
जंबूवती	*श्र.*	*जम्बूवती*	જંબૂવતી	જુઓ 'જંબવઈ'(૧).
जंबूसंड	*ऐ.*	*जम्बूखण्ड*	જંબૂખણ્ડ	એક ગામ,ગોસાલક સાથે મહાવીર ત્યાં ગયા હતા
जंबूसुदंसणा	*भौ.*	*जम्बूसुदर्शना*	જંબૂસુદર્શના	જુઓ જંબુસુદર્શના.
जंभअ	*दे.*	*जृम्भक*	જૃમ્ભક	જુઓ જૃમ્ભક.
जंभक	*दे.*	*जृम्भक*	જૃમ્ભક	જુઓ જૃમ્ભક.
जंभग	*दे.*	*जृम्भक*	જૃમ્ભક	વ્યંતર દેવોનો એક વર્ગ. આ વર્ગના દેવો શક્રના લોકપાલ વૈશ્રમણ ની આજ્ઞામાં છે. તે દેવો દીર્ઘવૈતાઢ્ય, ચિત્રકૂટ, વિચિત્રકૂટ, જમગ અને કંચનગ પર્વતો ઉપર વસે છે. તેમનું ઉત્કૃષ્ટ આયુ એક પલ્યોપમ વર્ષનું છે.
जंभिय	*ऐ.*	*जृम्भिक*	જૃમ્ભિક	આ અને જંભિયગામ એક છે.
जंभियगाम	*ऐ.*	*जृम्भिकग्राम*	જૃમ્ભિકગ્રામ	જ્યાં મહાવીરને કેવલજ્ઞાન થયું હતું તે ઉજુવાલિયા નદીના કિનારે આવેલું ગામ. તે ચંપા અને મજ્ઝિમપાવાની વચ્ચે આવેલ જણાય છે.

जक्ख	*दे.*	*यक्ष*	યક્ષ	વ્યંતરદેવોનો એક પેટાવિભાગ. પૂર્ણભદ્ર(૫) અને માણિભદ્ર(૧) તેના બે ઇન્દ્રો છે.
१. जक्खदिण्णा	*श्र.*	*यक्षदत्ता*	યક્ષદત્તા	શકટાલની પુત્રી, સ્થૂલભદ્રની બેન અને સંભૂતી–વિજય ના શિષ્યા.
२. जक्खदिण्णा	*श्र.ती.*	*यक्षदत्ता*	યક્ષદત્તા	અરિષ્ટનેમિના મુખ્ય શિષ્યા યક્ષીણીનું બીજું નામ.
जक्खदीव	*भौ.*	*यक्षद्वीप*	યક્ષદ્વીપ	નાગોદ સમુદ્રને ઘેરીને રહેલ સમકેન્દ્રી વલયાકાર દ્વીપ. તે જકુખોદ સમુદ્રથી ચોતરફથી ઘેરાયેલો છે.
जक्खमह	*अ.दे.*	*यक्षमह*	યક્ષમહ	લોકપ્રિય યક્ષ દેવોના માનમાં ઉજવાતો ઉત્સવ.
जक्खसिरी	*अ.*	*यक्षश्री*	યક્ષશ્રી	ચંપાના સોમભૂઈ બ્રાહ્મણની પત્ની.
जक्खसेण	*श्र.*	*यक्षसेन*	યક્ષસેન	જેને મહાનિસીહ માટે અત્યન્ત આદર હતો તેવા એક વિદ્વાન આચાર્ય.
जक्खहरिल	*अ.च.*	*यक्षहरिल*	યક્ષહરિલ	ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્નીઓ નાગદત્તા, જસવઈ અને રયણવઈના પિતા.
१. जक्खा	*श्र.*	*यक्षा*	યક્ષા	શકટાલની પુત્રી, સ્થૂલભદ્રની બેન અને સંભૂતી–વિજયના શિષ્યા.
२. जक्खा	*दे.*	*यक्षा*	યક્ષા	એક દેવી.
जक्खिणी	*श्र.ती.*	*यक्षिणी*	યક્ષિણી	તીર્થંકર અરિષ્ટનેમિના મુખ્ય શિષ્યા. તેનું બીજું નામ યક્ષદિન્ના(૨) હતું.
जक्खोद	*भौ.*	*यक्षोद*	યક્ષોદ	યક્ષદ્વીપને ઘેરીને રહેલો સમુદ્ર.
जगइपव्वयग	*भौ.*	*जगतीपर्वतक*	જગતીપર્વતક	સૂર્યાભ સ્વર્ગભૂમિમાં આવેલ પર્વતોનો એક પ્રકાર.
जजुव्वेद	*अ.*	*यजुर्वेद*	યજુર્વેદ	જુઓ 'જઉવ્વેય'.
जडियालअ	*दे.ज.*	*जटितालक*	જટિતાલક	૮૮ ગ્રહમાંનો એક. 'જડિયાઈલઅ, જડિયાઈલય' અથવા 'જડિયાઈલ્વઅ અને જડિયાલઅ' એક છે.
जडिलअ	*दे.ज.*	*जटिलक*	જટિલક	રાહુ(૧)નું બીજું નામ.
जणअ	*श्रा.*	*जनक*	જનક	ભગવંત મહાવીરના કુશળ સમાચાર પૂછનાર મિથિલાના રાજા
जण्णवक्क	*श्र.प्र.*	*याज्ञवल्क्य*	યાજ્ઞવલ્ક્ય	અરિષ્ટનેમિની તીર્થમાં થયેલા અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા હતા.
जण्णइ	*अ.ता*	*यज्ञिन्*	યજ્ઞિન્	યજ્ઞ કરનારા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ.
जण्णइज्ज	*आ.*	*यज्ञिय*	યજ્ઞિય	ઉત્તરાધ્યયનનું પચ્ચીસમું અધ્યયન.
जण्णजस	*अ.ता*	*यज्ञयशस्*	યજ્ઞયશસ્	તાપસ યજ્ઞદત્તના પિતા, નારદના દાદા. તેમની પત્નીનું નામ સોમમિત્રા હતુ. તે શૌર્યપુરના હતા.
१. जण्णदत्त	*अ.ता*	*यज्ञदत्त*	યજ્ઞદત્ત	તાપસ યજ્ઞયશનો પુત્ર અને નારદનો પિતા. તે શૌર્યપુરનો હતો. તે આંતરે દિવસે ભોજન કરતો.
२. जण्णदत्त	*अ.*	*यज्ञदत्त*	યજ્ઞદત્ત	કોસંબીના સોમદત્ત અને સોમદેવના પિતા.
जण्हवी	*भौ.*	*जाह्नवी*	જાહ્નવી	ગંગા નદીનું બીજું નામ.
१. जम	*अ.ता*	*यम*	યમ	તાપસ જમદગ્નિના પિતા.

२. जम	*दे.*	*यम*	યમ	શક્રના તાબાના લોકપાલમાંનો એક. ચમર આદિના લોકપાલો પણ આ જ નામથી ઓળખાય છે. જમ દક્ષિણ દિશાનો રક્ષક દેવ છે. તેમની મુખ્ય પત્નીઓનાં નામ માટે જુઓ સોમ(૧ થી ૪).
३. जम	*दे.ज.*	*यम*	યમ	ભરણી નક્ષત્રનો અધિષ્ઠાતા દેવ.
४. जम	*श्र.प्र.*	*यम*	યમ	મહાવીરના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા.
जमइय	*आ.*	*यदतीत*	યદતીત	સૂત્રકૃત્ નું અધ્યયન ૧૫,આયાણિજ્જનું બીજું નામ
जमकाइय	*भौ.*	*यमकायिक*	યમકાયિક	આ અને જમગ(૨) એક છે.
१. जमग	*भौ.*	*यमक*	યમક	ઉત્તરકુરુ(૧)માં સીતા નદીની દરેક બાજુએ એક એક એમ જે બે પર્વતો આવેલા છે તે. તેની ઊંચાઈ ૧૦૦૦ યોજન છે. જૃમ્ભક દેવો ત્યાં વસે છે.
२. जमग	*दे.*	*यमक*	યમક	જમગપર્વતો ઉપર વસતા દેવો. તે દેવો જમના તાબામા છે, તેઓ જમકાઇય નામે જાણીતા છે. તેમની રાજધાની જમગા છે.
जमगपव्वय	*भौ.*	*यमकपर्वत*	યમકપર્વત	જુઓ જમગ(૧).
जमगा	*दे.*	*यमका*	યમકા	જમગ(૨) દેવોની રાજધાની.
जमदग्गि	*क.*	*जमदग्नि*	જમદગ્નિ	જમના પુત્ર અને પરસુરામના પિતા. તે તેમના ક્રોધ માટે પ્રસિદ્ધ છે. મૃગકોષ્ઠકના રાજા જિત–શત્રુની પુત્રી રેણુકા તેમની પત્ની હતી. અનંતવીર્યના પુત્ર કૃતવીર્યએ તેમને હણ્યા હતા.
जमदेवकाइय	*दे.*	*यमदेवकायिक*	યમદેવકાયિક	આ અને જમગ(૨) એક છે.
जमप्पभ	*भौ.*	*यमप्रभ*	યમપ્રભ	સોમપ્રભ(૨) જેવા જ બે પર્વતો. જેઓ જમ (૨) નામના બે લોકપાલના બે પાટનગરોના રૂપમાં છે.
१. जमालि	*श्र.नि*	*जमालि*	જમાલિ	ક્ષત્રીયકુંડગામનો નિવાસી ક્ષત્રિયકુમાર. તે કૌશિક ગોત્રનો હતો. સુદર્શનાનો પુત્ર અને પ્રિયદર્શનાનો પતિ હતો. સંસાર ત્યાગી મહાવીરનો શિષ્ય બન્યો તેણે શ્રાવસ્તીમાં નવો સિદ્ધાંત પ્રવર્તાવ્યો. તે સિદ્ધાંત અનુસાર કરાતું હોય તેને કરેલું ન માનવું, જે પૂરેપૂરું પૂર્ણ કરવામાં આવ્યું હોય તેને જ કરેલું માનવું જોઈએ. ભ૦ મહાવીર માનતા કે જે કરાતું હોય તેને એક અપેક્ષાએ કર્યું માનવું. આ વિષયમાં જમાલિને ભ૦મહાવીર સાથે મતભેદ હતો. તેણે સ્પષ્ટપણે પ્રતિપાદન કર્યું કે કાર્ય નિશ્ચિતપણે થઈ ગયું હોય ત્યારે જ તેને થઈ ગયેલું સ્વીકારાય. આમ જમાલિ ઐકાન્તિક હતો. તેને પ્રથમ નિહ્નવ માનવામાં આવે છે. મરીને તે લાંતક–કલ્પમાં દેવ થયો. 'બહુરય' પણ જોવું.

२. जमालि	आ.	जमालि	જમાલિ	અંતકૃદ્દશા.ના છઠ્ઠું અધ્યયન. હાલ ઉપલબ્ધ નથી,
जमिगा	दे.	यमिका	યમિકા	આ અને જમગા એક છે.
१. जय	च.	जय	જય	વર્તમાન અવસર્પિણી કાલચક્રના અગિયારમાં ચક્રવર્તી. તે રાજગૃહીના રાજા વિજયઅને રાણી વપ્રાનો પુત્ર હતો. તેનો સમય ભ૦ અરિષ્ટનેમિની પહેલાનો અને નમિની પછીનો છે. તેની ઊંચાઈ ૧૨ ધનુષ, તેનું આયુષ્ય ૩૦૦૦ વર્ષનું હતું. તેની મુખ્ય પત્ની લચ્છિમઈ હતી. તે મોક્ષ પામ્યો હતો.
२. जय	ती.	जय	જય	'ધન્યકૃત'નગરમાં તેરમા તીર્થંકર વિમલને સૌ પ્રથમ ભિક્ષા આપનાર ગૃહસ્થ.
३. जय	स.	जय	જય	દરેક પખવાડિયાની ત્રીજ, આઠમ અને તેરસ.
१. जयंत	भौ.	जयन्त	જયંત	જંબૂદ્વીપનું પશ્ચિમમાં આવેલું પ્રવેશદ્વાર. તે સીતોદા નદી પાસે આવેલું છે. જયંત(૨) તેનો અધિષ્ઠાતા દેવ છે.
२. जयंत	दे.	जयन्त	જયંત	જયંત(૧)નો અધિષ્ઠાતા દેવ.
३. जयंत	दे.भौ.	जयन्त	જયંત	પાંચ અનુત્તર વિમાનોમાંનું (સ્વર્ગીય વાસસ્થાનો નું) ત્રીજું. ત્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બત્રીસ સાગરોપમ વર્ષોનું છે.
४. जयंत	भौ.	जयन्त	જયંત	રુચકપર્વતના ઉત્તર ભાગના ૮ શિખરોમાંનુ એક.
५. जयंत	च.	जयन्त	જયંત	આવતા ઉત્સર્પિણી કાલચક્રમાં ભરતક્ષેત્રમાં થનારા પ્રથમ બલદેવ.
जयंता	ऐ.	जयन्ता	જયંતા	જયંત(૨)ની રાજધાની.
१. जयंती	श्र.श्रा	जयन्ती	જયંતી	વંદનીય સ્ત્રી. કોસંબીના સહસ્રાનિક રાજાની પુત્રી. મહાવીરના શ્રમણોને સૌપ્રથમ આશ્રયસ્થાન આપનાર સ્ત્રી. તેણે મહાવીરને ઘણા પ્રશ્નો પૂછ્યા, પછી સંસારનો ત્યાગ કર્યો અને મોક્ષ પ્રાપ્ત કર્યો.
२. जयंती	आ.	जयन्ती	જયંતી	ભગવતીસૂત્રના બારમા શતકનો બીજો ઉદ્દેશક.
३. जयंती	ऐ.	जयन्ती	જયંતી	મહાવિદેહના મહાવપ્ર નામના વિજય(૨૩)નું ૦.....પાટનગર.
४. जयंती	च.	जयन्ती	જયંતી	બલદેવ(૨) નંદન(૧)ની માતા.
५. जयंती	दे.ज.	जयन्ती	જયંતી	દરેક ગ્રહ, નક્ષત્ર(૧) અને તારા(૩)ની ચાર મુખ્ય પત્નીઓમાંથી એક.
६. जयंती	दे.	जयन्ती	જયંતી	રુચક(૧) પર્વતના પૂર્વ ભાગમાં આવેલા અંજન(૬) શિખર ઉપર વસતી મુખ્ય દિસાકુમારી દેવી.
७. जयंती	स.	जयन्ती	જયંતી	પખવાડિયાની પંદર રાત્રિઓમાંથી નવમી રાત્રિ.

८. जयंती	*श्र.क.*	*जयन्ती*	જયંતી	ઉત્પલ(૨) પરિવ્રાજકની બેન. તેણે અને તેની બેન સોમા(૪)એ ચોરાગ સન્નિવેશમાં મહાવીર અને ગોસાલકને કેદમાંથી મુક્ત કરાવ્યા હતા.
९. जयंती	*ती.*	*जयन्ती*	જયંતી	મહાવીરના આઠમાં ગણધર અકંપિતની માતા. દેવ(૧) તેનો પતિ હતો.
१०. जयंती	*ती.*	*जयन्ती*	જયંતી	સંસાર ત્યાગ કરતી વખતે સાતમા તીર્થંકર સુપાર્શ્વએ ઉપયોગમાં લીધેલી પાલખી.
११. जयंती	*भौ.*	*जयन्ती*	જયંતી	નંદીશ્વર દ્વીપમાં અંજનગપર્વતના ઉત્તર ભાગ ઉપર આવેલી પુષ્કરિણી.
१२. जयंती	*दे.*	*जयन्ती*	જયંતી	રુચકપર્વતના મધ્યક્ષેત્રની વિદિશામાં રહેતી એક મુખ્ય દિસાકુમારી.
जयघोस	*श्र.*	*जयघोष*	જયઘોષ	વાણારસીનો બ્રાહ્મણ. તે વેદપારંગત હતો. એકવાર તેણે ગંગા નદીમાં એક પ્રાણીને બીજા પ્રાણી વડે ગળી જવાતુ જોયું. તેથી તેને સંસાર ઉપર વૈરાગ્ય થયો અને તે શ્રમણ બની ગયો. પછી તો તેનો ભાઈ વિજયઘોસ પણ સંસારનો ત્યાગ કરી શ્રમણ બની ગયો.
जयद्दह	*अ.*	*जयद्रथ*	જયદ્રથ	હસ્તિનાપુરનો રાજકુમાર. રાજકુમારી દ્રૌપદીના સ્વયંવરમાં ભાગ લેવા તેને નિમંત્રણ આપવામાં આવ્યું હતું.
जयसंध	*अ.*	*जयसन्ध*	જયસન્ધ	સાકેતના રાજા પુંડરીય(૨)નો મંત્રી.
जयसंधि	*अ.*	*जयसन्धि*	જયસન્ધિ	આ અને જયસંધ એક છે.
१. जया	*ती.*	*जया*	જયા	બારમા તીર્થંકર વાસુપુજ્જની માતા.
२. जया	*च.*	*जया*	જયા	ચોથા ચક્રવર્તી સનત્ કુમાર(૩)ની મુખ્ય પત્ની.
जरकुमार	*क.च.*	*जरकुमार*	જરકુમાર	જુઓ જરાકુમાર.
जरय	*भौ.*	*जरक*	જરક	રત્નપ્રભા નરકભૂમિમાં આવેલું એક મહાનિરય.
जरा	*आ.*	*जरा*	જરા	ભગવતીસૂત્રના સોળમા શતકનો બીજો ઉદ્દેશક.
जराकुमार	*क.च.*	*जराकुमार*	જરાકુમાર	કૃષ્ણના મોટાભાઈ જેમના હાથે કોસંબવનમાં કૃષ્ણનું મૃત્યુ થયું. તે વાણારસીના રાજા, જિતશત્રુ (૧૭)ના પિતા, તથા ભસઅ, સસઅ(૨) અને સુકુમાલિયા(૨)ના પિતામહ હતા.
जरासंध	*च.*	*जरासन्ध*	જરાસન્ધ	રાજગૃહીના રાજા અને કંસના સસરા. તે નવમા પ્રતિશત્રુ હતા અને કૃષ્ણ વડે હણાયા હતા.
जरासिंध	*च.*	*जरासन्ध*	જરાસન્ધ	આ અને જરાસંધ એક છે.
जरासिंधु	*च.*	*जरासन्ध*	જરાસન્ધ	આ અને જરાસંધ એક છે.
जल	*दे.*	*जल*	જલ	જલકંત(૧) અને જલપ્પભ(૧)ના ચાર લોકપાલો માંનો એક.

१. जलकंत	*दे.*	*जलकन्त*	જલકન્ત	દક્ષિણના ઉદહિકુમાર દેવોનો ઇંદ્ર. તેને ધરણની છ મુખ્ય પત્નીઓ જેવી જ છ મુખ્ય પત્નીઓ છે. જલોકપાલ છે –જલ, જલરય, જલકંત, જલપ્પભ.
२. जलकंत	*दे.*	*जलकन्त*	જલકન્ત	જલકંત અને જલપ્પભના ૪ લોકપાલો માંનો એક.
जलण	*अ.*	*ज्वलन*	જ્વલન	પાડલિપુત્રના હુતાસણ અને જલણ સિહાનો પુત્ર.
जलणसिहा	*श्र.*	*ज्वलनशिखा*	જ્વલનશિખા	પાડલિપુત્રના બ્રાહ્મણ હુતાસણ(૧)ની પત્ની. તે શ્રમણી બની ગઈ હતી.
१. जलप्पभ	*दे.*	*जलप्रभ*	જલપ્રભ	ઉત્તરના ઉદહિકુમાર દેવોનો ઇંદ્ર. તેને ભૂતાનંદ ની છ મુખ્ય પત્નીઓ જેવી જ છ મુખ્ય પત્નીઓ છે. તેને જલકંતને લોકપાલ જેવા જ ચાર લોકપાલ છે.
२. जलप्पभ	*दे.*	*जलप्रभ*	જલપ્રભ	જલકંત અને જલપ્પભના ૪ લોકપાલો માંનો એક.
जलरय	*दे.*	*जलरत*	જલરત	જલકંત અને જલપ્પભના ૪ લોકપાલો માંનો એક.
जलरुय	*दे.*	*जलरुप*	જલરૂપ	આ અને જલરય એક છે.
जलवासि	*अ.ता*	*जलवासिन्*	જલવાસિન્	પાણીમાં જ રહેનાર વાનપ્રસ્થ તાપસોનો વર્ગ.
जलवीरिय	*श्र.*	*जलवीर्य*	જલવીર્ય	ઋષભના વંશમાં જન્મ લેનાર રાજા. આવશ્યક–નિર્યુક્તિ અનુસાર ચક્રવર્તી ભરત પછી તે સાતમા ક્રમે થયા, જ્યારે સ્થાન અનુસાર આઠમા ક્રમે થયા
जलाभिसेय-कढिणगायभूय	*अ.ता*	*जलाभिषेक-कठिनगात्रभूत*	જલાભિષેક-કઠિનગાત્રભૂત	આ અને જલાભિસેયકિઢિણગાય એક છે.
जलाभिसेय किढिणगाय	*अ.ता*	*जलाभिषेक कठिनगात्र*	જલાભિષેક-કઠિનગાત્ર	વારંવાર સ્નાન કરવાથી જકડાઈ ગયેલા ગાત્રોવાળા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ. તેઓ સ્નાન કર્યા પછી જ ભોજન કરતા.
जल्ल	*अ.भौ*	*जल्ल*	જલ્લ	એક અનાર્ય દેશ અને તે દેશના વાસીઓ. તેનો 'અજ્ઝલ' તરીકે પણ ઉલ્લેખ છે.
१. जव	*श्र.*	*यव*	યવ	ઉજ્જૈનીનો રાજા. તે અનિલનો પુત્ર હતો અને ગર્દભ અને અડોલિયાનો પિતા હતો. તેનો મંત્રી દીર્ઘપૃષ્ઠ હતો. પોતાના પુત્રનો અડોલિયા સાથે કામવાસના પૂર્ણ વ્યવહાર જાણી તેને સંસાર ઉપર વૈરાગ્ય થયો તેણે સંસારનો ત્યાગ કર્યો. પછી જવે દીર્ઘપૃષ્ઠ ની ગર્દભના હાથે હત્યા કરાવી કેમકે બધી દુષ્ટતાનું મૂળ હતો અને તે જવના પ્રાણ હરવા ચાહતો હતો.
२. जव	*अ.*	*यव*	યવ	દુમ્મુહ(૩)નું મૂળ નામ.
जवण	*भौ.*	*यवन*	યવન	એક અનાર્ય દેશ અને તે દેશના વાસીઓ.
जवणदीव / जवणद्दीव	*भौ.*	*यवनद्वीप*	યવનદ્વીપ	ચક્રવર્તી ભરતે જીતેલો એક અનાર્ય દેશ. તે અને જવણ એક જણાય છે. પણ તે જોઅણથી જુદો છે.
जवणाणिया	*अ.*	*यवनानिका*	યવનાનિકા	અઢાર બ્રાહ્મી લિપિઓમાંની એક. તેને યવન લોકો દ્વારા ઉપયોગમાં લેવાતી લિપિ ગણી શકાય.
जवणालिया	*अ.*	*यवनालिका*	યવનાલિકા	આ અને જવણાણિયા એક છે.

जवुण	*श्र.*	*यमुन*	યમુન	જુઓ 'જઉણ'.
जवुणावंक	*ऐ.*	*यमुनावक्र*	યમુનાવક્ર	જુઓ 'જઉણાવંક'.
१. जस	*ती.ग.*	*यशस्*	યશસ્	ચૌદમા તીર્થંકર અનંતના પ્રથમ ગણધર.
२. जस	*ती.ग.*	*यशस्*	યશસ્	તેવીસમાં તીર્થંકર પાર્શ્વના આઠમા ગણધર. તે અને ભદ્રજસ(૧) એક જ છે.
जसंस	*ती.*	*यशस्विन्*	યશસ્વિન્	મહાવીરના પિતા સિદ્ધાર્થનું બીજું નામ.
जसधर	*स.*	*यशोधर*	યશોધર	પખવાડિયાનો પાંચમો દિવસ અર્થાત્ પાંચમ.
१. जसभद्द	*स.*	*यशोभद्र*	યશોભદ્ર	પખવાડિયાનો ચોથો દિવસ અર્થાત્ ચોથ.
२. जसभद्द	*श्र.*	*यशोभद्र*	યશોભદ્ર	શયંભવના મુખ્ય શિષ્ય. તેમને પણ બે મુખ્ય શિષ્યો હતા — સંભૂતિવિજય અને ભદ્રબાહુ. તે તુંગિયાયન કુળના હતા.
जसभद्दा	*श्र.*	*यशभद्रा*	યશભદ્રા	કંડરીયની પત્ની, ખુડ્ડગકુમારની માતા. કંડરીયના મોટાભાઈ પુંડરીકે કંડરીકની પત્નીને પોતાની કરી લેવા માટે કંડરીકને મારી નાંખ્યો. કંડરીકની પત્ની શ્રાવસ્તી ભાગી ગઈ અને શ્રમણી બની. થોડાક જ મહિના પછી તેણે ખુડ્ડગકુમારને જન્મ આપ્યો.
जसम	*अ.*	*यशोमत्*	યશોમત્	વર્તમાન અવસર્પિણીમાં ભરતમાં થયેલા સાત કુલકરમાંના ત્રીજા. સુરૂપા(૬) તેમની પત્ની હતી. યશોમત ની ઊંચાઈ ૭૦૦ ધનુષ હતી.
जसमती	*अ.*	*यशोमती*	યશોમતી	અભોઘરથની પત્ની અને અડગદત્તની માતા.
१. जसवइ	*क.*	*यशस्वती*	યશસ્વતી	પૃષ્ઠચંપાના સાલ અને મહાસાલની બેન.જે કંપિલ્લ પુરના રાજા પીઢર સાથે પરણાવવામાં આવી હતી.
२. जसवइ	*अ.ता*	*यशस्वती*	યશસ્વતી	પ્રિયદર્શના અને જમાલિની પુત્રી. તે 'સેસવઈ' નામે પણ જાણીતી હતી.
३. जसवइ	*च.*	*यशस्वती*	યશસ્વતી	યક્ષરિલની પુત્રી અને ચક્રવર્તી બ્રહ્મદત્તની પત્ની.
४. जसवइ	*च.*	*यशस्वती*	યશસ્વતી	વર્તમાન અવસર્પિણી કાલચક્રના બીજા ચક્રવર્તી સગરની માતા.
५. जसवइ	*स.*	*यशस्वती*	યશસ્વતી	પખવાડિયાની ત્રીજી, આઠમી અને તેરમી રાત્રિ
जसवती	*अ.ता*	*यशस्वती*	યશસ્વતી	જુઓ જસવઈ.
जसवद्धण	*श्र.*	*यशोवर्द्धन*	યશોવર્ધન	વિદ્વાન આચાર્ય. તેમના ઉત્તરાધિકારી તેમના શિષ્ય રવિગુપ્ત બન્યા.
जसहर	*श्र.*	*यशोधर*	યશોધર	જુઓ જસોહર.
१. जसा	*क.*	*यशा*	યશા	કોસંબીના કાસવની પત્ની અને કપિલની માતા.
२. जसा	*क.*	*यशा*	યશા	ઈષુકાર નગરના પુરોહિત ભિગુની પત્ની.
३. जसा	*ती.श्र.*	*यशा*	યશા	સાતમા તીર્થંકર સુપાર્શ્વના પ્રથમ શ્રમણી શિષ્યા. સમવાય અનુસાર તેનું નામ સોમા(૫) છે.
जसोआ	*ती.*	*यशोदा*	યશોદા	જુઓ 'જસોયા'.

जसोधर	*दे.*	*यशोधर*	યશોધર	જુઓ જસોહર.
जसोया	*ती.*	*यशोदा*	યશોદા	મહાવીરની પત્ની. તે કૌડિન્ય ગોત્રની હતી. તેમને પ્રિયદર્શના નામની એક પુત્રી હતી.
१. जसोहर	*श्र.*	*यशोधर*	યશોધર	જે આચાર્યે પંડવોને તેમના પૂર્વભવમાં અચલ–ગ્રામમાં દીક્ષા આપી હતી.
२. जसोहर	*दे.*	*यशोधर*	યશોધર	પાંચ સેનાપતિઓમાંનો એક. તે ધરણના અશ્વદળનો નાયક હતો.
३. जसोहर	*दे.भौ.*	*यशोधर*	યશોધર	નવ ગ્રૈવેયક સ્વર્ગીય વાસસ્થાનો માંનું છેલ્લું.
१. जसोहरा	*स.*	*यशोधरा*	યશોધરા	પખવાડિયાના ચોથા દિવસની રાત્રિ –ચોથની
२. जसोहरा	*दे.*	*यशोधरा*	યશોધરા	રુચક પર્વતના દક્ષિણ ભાગમાં આવેલા નલિન શિખર ઉપર વસતી ૮ દિસાકુમારીઓ માંની એક.
३. जसोहरा	*भौ.*	*यशोधरा*	યશોધરા	જંબુસુદર્શનાનું બીજું નામ.
जाउकण्ण	*अ.ज.*	*जातुकर्ण*	જાતુકર્ણ	પૂર્વાપ્રોષ્ઠપદા નક્ષત્રનું ગોત્રનામ.
जाण	*आ.*	*यान*	યાન	ભગવતીસૂત્રના ત્રીજા શતકનો ચોથો ઉદ્દેશક.
जातरुव	*भौ.*	*जातरुप*	જાતરૂપ	રત્નપ્રભાના પ્રથમ કાંડનો તેરમો ભાગ.
जायरुववडिंसअ	*दे.*	*जातरुपावतंसक*	જાતરૂપાવતંસક	ઈસાન કલ્પ માં આવેલું એક વાસસ્થાન.
जायव	*अ.*	*यादव*	યાદવ	રાજકુમાર પ્રદ્યુમ્ન, પ્રદીપ, શાંબ, અનિરુદ્ધ વગેરે જે વંશના હતા તે વંશ.
जाया	*दे.*	*जाता*	જાતા	ચમર વગેરેની ત્રણ સભાઓમાંની એક.
जारेकण्ह	*अ.*	*जारेकृष्ण*	જારેકૃષ્ણ	વાસિટ્ઠ ગોત્રની એક શાખા.
जालंधर	*अ.*	*जालन्धर*	જાલન્ધર	ઋષભદત્તની પત્ની દેવાનંદાનું ગોત્ર.
जाला	*च.*	*ज्वाला*	જ્વાલા	વર્તમાન અવસર્પિણી કાલચક્રના નવમા ચક્રવર્તી મહાપદ્મની માતા.
१. जालि	*आ.*	*जालि*	જાલિ	અંતકૃદ્દશાના ચોથા વર્ગનું પહેલું અધ્યયન.
२. जालि	*श्र.*	*जालि*	જાલિ	રાજા વાસુદેવ અને તેની રાણી ધારિણીનો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી તીર્થંકર અરિષ્ટનેમિનો શિષ્ય બન્યા. સોળ વર્ષની શ્રમણજીવનની સાધના પછી તે શત્રુંજય પર્વત ઉપર મોક્ષે ગયા.
३. जालि	*आ.*	*जालि*	જાલિ	અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૧ નું અધ્યયન ૧.
४. जालि	*श्र.*	*जालि*	જાલિ	રાજગૃહીના રાજા શ્રેણિક અને રાણી ધારિણી નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી મહાવીરનો શિષ્ય બન્યા. સોળ વર્ષ શ્રામણ્યનું પાલન કર્યું, પછી મરીને અનુત્તર વિમાનમાં દેવ થયા.
जावतिय	*आ.*	*यावत्*	યાવત્	ભગવતીસૂત્રના સોળમા શતકનો ચોથો ઉદ્દેશક.
जावोग्गहपडिमा	*आ.*	*यावदवग्रहप्रतिमा*	યાવદવગ્રહપ્રતિમા	આચારના બીજા શ્રુતસ્કન્ધની પહેલી ચૂલા.
जिअसत्तु	*अ.*	*जितशत्रु*	જિતશત્રુ	જુઓ 'જિયશત્તુ'.

जिज्झगार	*अ.*	*जिज्झगार*	જિજ્ઝગાર	એક આર્ય ધંધાદારી (ઔદ્યોગિક) મંડળ.
१. जिणदत्त	*अ.*	*जिनदत्त*	જિનદત્ત	ચંપા નગરીનો શેઠ. તેને તે જ નગરીનો સાગરદત્ત નામનો ઘનિષ્ઠ મિત્ર હતો.
२. जिणदत्त	*अ.*	*जिनदत्त*	જિનદત્ત	ચંપા નગરીનો શેઠ. તે ભદ્રાનો પતિ અને સાગર નો પિતા હતો.
३. जिणदत्त	*अ.*	*जिनदत्त*	જિનદત્ત	ચંપા નગરીનો શેઠ. તે સુભદ્રાનો પિતા હતો.
४. जिणदत्त	*श्रा.*	*जिनदत्त*	જિનદત્ત	વસંતપુરનો શ્રાવક. તે હારપ્પભાનો પતિ હતો.
१. जिणदास	*श्रा.*	*जिनदास*	જિનદાસ	સંયમનું પાલન કરી મોક્ષ પામનાર શ્રાવક.
२. जिणदास	*श्रा.*	*जिनदास*	જિનદાસ	સ્વાર્થરહિત ઉપાસક.
३. जिणदास	*श्रा.*	*जिनदास*	જિનદાસ	મથુરાના શેઠ. તેમની પત્ની સાધુદાસી હતી. તેમની પાસે બે બળદ હતા—કંબલ અને સંબલ. તે બે પણ જિનદાસની જેમ વ્રતપાલન કરતા.
४. जिणदास	*क.*	*जिनदास*	જિનદાસ	રાયપુરનો રહેવાસી, તેણે માંસ વગેરેનો ત્યાગ કર્યો હતો. મૃત્યુ પછી તે રાજગૃહી નગરમાં દામન્નગ તરીકે જન્મ્યો.
५. जिणदास	*श्रा.*	*जिनदास*	જિનદાસ	પાડલિપુત્રનો શ્રાવક.
६. जिणदास	*आ.*	*जिनदास*	જિનદાસ	વિપાકશ્રુતના બીજા શ્રુતસ્કન્ધનું પાંચમું પ્રકરણ.
७. जिणदास	*श्र.*	*जिनदास*	જિનદાસ	સૌગંધિકાના મહચંદ્ર અને તેની પત્ની અર્હદત્તા નો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી મહાવીરનો શિષ્ય બન્યો. તે પોતાના પૂર્વભવમાં મધ્યમિકા નગરનો રાજા મેઘરથ હતો.
जिणदासगणि महत्तर	*श्र.*	*जिनदासगणि महत्तर*	જિનદાસગણિ-મહત્તર	એક વિદ્વાન આચાર્ય, જેમણે– આવશ્યકચુર્ણિ, નંદિચુર્ણિ, નિસીહવિસેસચુર્ણિ, અણુઓગ–દારચુર્ણિ, દશવૈકાલિકચુર્ણિ, ઉત્તરાજ્ઝયણ–ચુર્ણિ વગેરે રચનાઓ કરી .
जिणदासगणि खामग	*श्र.*	*जिनदासगणि क्षमक*	જિનદાસગણિ-ક્ષમક	તેમને મહાનિસીહ માટે ઘણો આદર હતો. તે અને જિનદાસગણિમહત્તર એક જણાય છે.
१. जिणदेव	*श्रा.*	*जिनदेव*	જિનદેવ	ભ૦ મહાવીરનો અનુયાયી. તે સાકેતનો રહેવાસી હતો. તેણે કોડિવરસના રાજા ચિલાતની મહાવીર સાથે મુલાકાત ગોઠવી હતી.
२. जिणदेव	*श्रा.*	*जिनदेव*	જિનદેવ	બારાવતીના અર્હમિત્ર અને અણુદ્ધરી નો પુત્ર. એકવાર તેને એવો રોગ થયો જે માંસ ખાવાથી જ મટી શકે. જિનદેવ આવી સારવાર લેવા તૈયાર ન થયો અને શાંત ચિત્તે મૃત્યુ પામી મોક્ષે ગયો.
३. जिणदेव	*श्रा.*	*जिनदेव*	જિનદેવ	ચંપા નગરીનો શ્રાવક. જ્યારે તે અહિચ્છત્રા જઈ રહ્યો હતો ત્યારે માર્ગમાં તેને હિંસક શિકારી પ્રાણીએ ફાડી ખાધો.

४. जिणदेव	*श्र.*	*जिनदेव*	જિનદેવ	જે આચાર્યે ભરુચમાં બૌદ્ધ ભિક્ષુઓ 'ભયંતમિત્ત અને કુણાલ' વાદમાં હરાવ્યા હતા તે આચાર્ય. પછીથી તે બન્ને તે આચાર્યના શિષ્ય બની ગયા.
जिणधम्म	*क.*	*जिनधर्म*	જિનધર્મ	કંચનપુરના શેઠ. તેણે બધી વિપત્તિઓ શાંત ચિત્તે સહન કરી અને મોક્ષ પ્રાપ્ત કર્યો.
जिणपालिय	*श्र.*	*जिनपालित*	જિનપાલિત	ચંપાનગરીના માગંદી અને ભદ્રા નો પુત્ર. તે અને તેનો ભાઈ જિનરક્ષિત પોતાની બારમી દરિયાઈ મુસાફરીમાં દરિયાઈ તોફાનમાં ફસાયા. તેમના વહાણો ભાંગી ગયા, તે બન્ને રયણદ્વીપની દેવીની જાળમાં સપડાયા. યક્ષ સેલગની મદદથી મુક્ત થયા. જિનરક્ષિત ફરી તે દેવીની જાળમાં ફસાયો. જ્યારે જિનપાલિત સહીસલામત પોતાના સ્થાને પહોંચી ગયો, તેણે સંસારનો ત્યાગ કર્યો, મરીને દેવ થયો. તે મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષ પામશે.
जिणरक्खिय	*क.*	*जिनरक्षित*	જિનરક્ષિત	તે ચંપાનગરીના માગંદીનો પુત્ર હતો. જિનપાલિત નો ભાઈ હતો. તે રયણદ્વીપની દેવીની જાળમાં બે વાર ફસાયો, દેવી વડે હણાયો. જુઓ જિનપાલિય
जिणवीर	*ती.*	*जिनवीर*	જિનવીર	મહાવીરનું બીજું નામ. જુઓ મહાવીર.
जिण्णपुर	*ऐ.*	*जीर्णपुर*	જીર્ણપુર	રાજગૃહી પાસે આવેલું નગર જ્યાં શ્રમણ ઇંદ્રનાગ રહ્યા હતા.
जिण्णुज्जाण	*ऐ.*	*जीर्णोद्यान*	જીર્ણોદ્યાન	અવંતિ(૨)ની સમીપ આવેલું ઉદ્યાન.
जितसत्तु	*अ.*	*जितशत्रु*	જિતશત્રુ	જુઓ જિતશત્રુ.
१. जितारि	*अ.*	*जितारि*	જિતારિ	આનંદપુરનો રાજા. તે વિશ્રસાનો પતિ અને અનંગ નો પિતા હતો.
२. जितारि	*ती.*	*जितारि*	જિતારિ	તીર્થંકર ૩ સંભવના પિતા, શ્રાવસ્તીના રાજા હતા
जिम्ह	*अ.*	*जिह्म*	જિહ્મ	એવું વાદળ કે જે એક વાર વરસે તો આખું એક વર્ષ જમીનને ભીની ભેજવાળી રાખે.
जिय	*च.*	*जित*	જિત	જુઓ બલદેવ(૨).
जियंतपडिमा	*ती.*	*जीवत्प्रतिमा*	જીવત્પ્રતિમા	જીવતા તીર્થંકરની પ્રતિમા. તીર્થંકરનું નામ આપ્યું નથી. જુઓ 'જીવંતસામિ'.
जियवत्ति	*अ.*	*जितवर्तिन्*	જિતવર્તિન્	વસંતપુરના શેઠ. તેમને ધનાવહ નામે ભાઈ હતો.
१. जियसत्तु	*श्र.*	*जितशत्रु*	જિતશત્રુ	ચંપા નગરીનો રાજા. ધારિણી તેની પત્ની હતી, અદીનશત્રુ તેનો પુત્ર હતો અને સુબુદ્ધિ મંત્રી હતો.
२. जियसत्तु	*श्र.*	*जितशत्रु*	જિતશત્રુ	કંપિલ્લપુરનો રાજા. કુંભ રાજાની પુત્રી મલ્લિ ને લગ્ન માટે મેળવવા તેણે મિથિલા ઉપર આક્રમણ કર્યું. પરંતુ મલ્લિએ તેને અશુચિ મનુષ્ય શરીર પાછળ ન પડવા સમજાવ્યો. તેનો મોહ દૂર થયો, તેણે સંસાર ત્યાગી દીધો, તે કેવળજ્ઞાન પામ્યા, મોક્ષે ગયા.

३. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	શ્રાવસ્તી નગરીનો રાજા.
४. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	આમલકપ્પા નગરનો રાજા.
५. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	સર્વતોભદ્રનગરનો રાજા. તેને મહેસરદત્ત નામનો પુરોહિત હતો.
६. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	વાણિજ્યગ્રામનો રાજા.
७. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	વાણારસી નગરનો રાજા.
८. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	આલભિયા નગરનો રાજા.
९. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	પોલાસપુરનો રાજા.
१०. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	ભદ્દીલપુરનો રાજા.
११. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	કાગંદી નગરનો રાજા.
१२. जियसत्तु	क.	जितशत्रु	જિતશત્રુ	તિગિંચી નગરનો રાજા. મૃત્યુ પછી તે ચંપાના રાજા દત્ત(૧)ના મહચંદ્ર(૪) પુત્ર તરીકે જન્મ્યો.
१३. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	પ્રદેશીનો આજ્ઞાવર્તી શ્રાવસ્તીનો રાજા.
१४. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	મિથિલા નગરીનો રાજા.
१५. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	રાજગૃહીનો રાજા.
१६. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	હસ્તિનાપુરનો રાજા.
१७. जियसत्तु	क.	जितशत्रु	જિતશત્રુ	જરાકુમારનો પુત્ર. તેને બે પુત્રો અને એક પુત્રી હતી. તે વારાણસી ઉપર રાજ કરતો હતો.
१८. जियसत्तु	ती.	जितशत्रु	જિતશત્રુ	બીજા તીર્થંકર અજિતના પિતા. તે અયોધ્યાના રાજા હતા.
१९. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	મથુરા(૧)ના રાજા. તેમને કાલવેસિય નામનો પુત્ર હતો.
२०. जियसत्तु	क.	जितशत्रु	જિતશત્રુ	ક્ષિતિપ્રતિષ્ઠિતનો રાજા. તેણે ક્ષિતિપ્રતિષ્ઠિતના સ્થાને ચણગપુરની સ્થાપના કરી. ધારિણી તેની રાણી હતી.
२१. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	દત્ત(૯) રાજાનો પુત્ર અને મેઘઘોસનો પિતા.
२२. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	'કંદઅ'નો પિતા. તે શ્રાવસ્તીનો રાજા હતો. ભદ્ર પણ તેનો પુત્ર હતો.
२३. जियसत्तु	क.	जितशत्रु	જિતશત્રુ	ઉજ્જૈની નગરીનો રાજા. તેને બે પુત્રો હતા, તે બન્ને સંસાર ત્યાગી શ્રમણ બની ગયા હતા.
२४. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	પાડલિપુત્રનો રાજા. રોહગુપ્ત તેનો મંત્રી હતો.
२५. जियसत्तु	अ.	जितशत्रु	જિતશત્રુ	કોસંબીનો રાજા, કાસવ(૪) તેનો પુરોહિત હતો.
२६. जियसत्तु	श्र.	जितशत्रु	જિતશત્રુ	વસંતપુરનો રાજા. ધારિણી તેની પત્ની હતી. તેમને ધર્મરુચિ નામનો પુત્ર હતો. રાજા પુત્ર સાથે સંસાર ત્યાગી શ્રમણ બન્યા.
२७. जियसत्तु	क.	जितशत्रु	જિતશત્રુ	સુમંગલના પિતા. તેના મંત્રીને શ્રેણિક નામે પુત્ર હતો.

२८. जियसत्तु	*क.*	*जितशत्रु*	જિતશત્રુ	જેણે ઉજ્જૈની જીત્યુ હતુ તે પાડલિપુત્રનો રાજા. તેનું બીજું નામ કાકવર્ણ હતું.
२९. जियसत्तु	*क.*	*जितशत्रु*	જિતશત્રુ	મૃગકોષ્ઠકનો રાજા જેણે પોતાની પુત્રી રેણુકા જમદગ્નીને પરણાવી હતી. જુઓ અનંતવીર્ય.
३०. जियसत्तु	*अ.*	*जितशत्रु*	જિતશત્રુ	રાજકુમારી સિદ્ધિના પિતા. તે મથુરાના રાજા હતા.
३१. जियसत्तु	*क.*	*जितशत्रु*	જિતશત્રુ	તુરુવિણી નગરના રાજા. તેની બ્રાહ્મણ પત્નીથી તેને દત્ત નામનો પુત્ર હતો.
३२. जियसत्तु	*श्र.*	*जितशत्रु*	જિતશત્રુ	એક રાજા જે સંસારનો ત્યાગ કરી મોક્ષ પામ્યો. તેના મૃત્યુના દુઃખદ સમાચાર સાંભળી તેનો ભાઈ, જે શ્રમણ હતો તે, ગાંડો થઈ ગયો.
३३. जियसत्तु	*अ.*	*जितशत्रु*	જિતશત્રુ	જેણે જાસૂસ હોવાની શંકાથી ગોસાલક સાથે મહાવીરને કેદ કર્યા હતા તે લોહાર્ગલના રાજા.
३४. जियसत्तु	*अ.*	*जितशत्रु*	જિતશત્રુ	છત્રગ્ગા નગરના રાજા. તેની પત્નીનું નામ ભદ્રા હતું. તેમને નંદન નામનો પુત્ર હતો જે મહાવીર નો પૂર્વભવ હતો.
३५. जियसत्तु	*च.*	*जितशत्रु*	જિતશત્રુ	વીતિસોગાના રાજા. તે વિદેહ ક્ષેત્રના પ્રથમ બલદેવ અચલના પિતા હતા.
३६. जियसत्तु	*अ.*	*जितशत्रु*	જિતશત્રુ	ઉજ્જૈનીના રાજા, જેમનો સારથિ અમોઘરથ હતો.
३७. जियसत्तु	*अ.*	*जितशत्रु*	જિતશત્રુ	ચંપાના રાજા અને સુમનભદ્ર(૩)ના પિતા.
३८. जियसत्तु	*श्रा.*	*जितशत्रु*	જિતશત્રુ	જેના ધર્મગુરુ ધર્મઘોસ હતા તે રાજા. સંભવતઃ આ અને જિતશત્રુ એક જ વ્યક્તિ છે.
३९. जियसत्तु	*अ.*	*जितशत्रु*	જિતશત્રુ	અચલપુરના રાજા. તેના પુત્ર અપરાય(૧૦)એ રાધા–આર્ય પાસે દીક્ષા લીધી.
४०. जियसत्तु	*अ.*	*जितशत्रु*	જિતશત્રુ	વસંતપુરના રાજા. સુમાલિયા(૩) તેની પત્ની હતી. આ જિતશત્રુ, જિતશત્રુ(૨૬)થી ભિન્ન છે.
४१. जियसत्तु	*अ.*	*जितशत्रु*	જિતશત્રુ	પાડલિપુત્રના રાજા. ખેમ તેનો મંત્રી હતો.
४२. जियसत्तु	*अ.*	*जितशत्रु*	જિતશત્રુ	કંપિલ્લપુરના રાજા જે જિતશત્રુ(૨)થી ભિન્ન છે.
जियारि	*ती.*	*जितारि*	જિતારિ	જુઓ જિતારિ(૨).
जीमूत	*अ.*	*जीमूत*	જીમૂત	એવું વાદળ કે જે એક વાર વરસે તો દસ વર્ષ સુધી જમીનને ભેજવાળી રાખે.
जीयकप्प	*आ.*	*जीतकल्प*	જીતકલ્પ	૧૦૩ ગાથા યુક્ત આગમસૂત્ર. તે જિનભદ્રગણિની રચના છે. શ્રમણ–શ્રમણીઓના નિયમોના ભંગ માટે તે પ્રાયશ્ચિત્ત નિયત કરી આપે છે. તેમાં આ દસ પ્રાયશ્ચિત્તોનું નિરૂપણ છે—(૧) આલોયણ, (૨) પડિક્કમણ, (૩) ઉભય, (૪) વિવેગ, (૫) વોસગ્ગ, (૬) તવ, (૭) છેદ, (૮) મૂલ, (૯) અણવટ્ઠય અને (૧૦) પારાંચિય.

जीयधर	*श्र.*	*जीतधर*	જીતધર	આચાર્ય શાંડિલ્યના શિષ્ય.
जीव	*आ.*	*जीव*	જીવ	ભગવતીસૂત્રના સાતમા શતકનો ચોથો ઉદ્દેશક.
जीवंतसामि	*ती.*	*जीवत्स्वामिन्*	જીવત્સ્વામિન્	મહાવીરની પ્રતિમા. તે પ્રતિમા વીતિભયના રાજા ઉદાયન પાસે હતી. ઉદાયને તેની પૂજા માટે કૃષ્ણા ગૂલિકાની નિમણૂક કરી હતી. ચોરીથી પ્રતિમાને ઉજ્જૈની લઈ જનાર પ્રદ્યોત સાથે ઉદાયને યુદ્ધ કરેલું
जीवपअेसिय	*अ.नि*	*जीवप्रादेशिक*	જીવપ્રાદેશિક	આચાર્ય તિષ્યગુપ્તનો સિદ્ધાંત. તે માનતા હતા કે જીવના અસંખ્યાત પ્રદેશોમાંથી કેવળ છેલ્લા પ્રદેશમાં જ ચેતના હોય છે.
जीवाजीवविभत्ति	*आ.*	*जीवाजीवविभक्ति*	જીવાજીવવિભક્તિ	ઉત્તરાધ્યયનનું છત્રીસમું અધ્યયન.
जीवाजीवाभिगम	*आ.*	*जीवाजीवाभिगम*	જીવાજીવાભિગમ	અંગબાહ્ય ઉત્કાલિક આગમગ્રન્થ. ત્રીજા અંગસૂત્ર 'સ્થાન'નું ત્રીજું ઉપાંગ કહેવાય છે. તે પ્રતીપત્તિ નામના નવ વિભાગોમાં વિભક્ત છે. તેમાં જડ–ચેતન પદાર્થોનું નિરૂપણ છે. તેના પર મલયગિરિની વૃત્તિ ઉપરાંત જીવાભિગમચૂર્ણિ રચાઈ છે.
जीवाभिगम	*आ.*	*जीवाभिगम*	જીવાભિગમ	આ અને 'જીવાજીવાભિગમ' એક છે.
१. जुगंधर	*श्र.*	*युगन्धर*	યુગંધર	જેમની પાસેથી નિર્નામિકાએ શ્રાવકના વ્રતો લીધા હતા તે આચાર્ય.
२. जुगंधर	*ती.*	*युगन्धर*	યુગંધર	અપરવિદેહ ક્ષેત્રના એક તીર્થંકર.
१. जुगबाहु	*च.*	*युगबाहु*	યુગબાહુ	પૂર્વવિદેહ ક્ષેત્રના એક વાસુદેવ.
२. जुगबाहु	*ती.*	*युगबाहु*	યુગબાહુ	મહાવિદેહ ક્ષેત્રના એક તીર્થંકર.
३. जुगबाहु	*ती.*	*युगबाहु*	યુગબાહુ	નવમા તીર્થંકર પુષ્પદંતનો પૂર્વભવ.
४. जुगबाहु	*क.*	*युगबाहु*	યુગબાહુ	મદનરેખાનો પતિ.
जुण्णसेट्ठि	*अ.*	*जीर्णश्रेष्ठिन्*	જિર્ણશ્રેષ્ઠિન્	ભદ્રસેનનું બીજું નામ.
जुत्ति	*आ.*	*युक्ति*	યુક્તિ	વૃષ્ણિદશાનું છઠ્ઠું અધ્યયન.
जुत्तिसेण	*ती.*	*युक्तिसेन*	યુક્તિસેન	વર્તમાન અવસર્પિણીમાં ઐરાવત ક્ષેત્રમાં થયેલા ૨૪ તીર્થંકરમાના આઠમા તીર્થંકર. ભરતક્ષેત્ર માં થયેલા ૧૧ તીર્થંકર શ્રેયાંસના તે સમકા
जुधिट्ठिल	*श्र.*	*युधिष्ठिर*	યુધિષ્ઠિર	જુઓ 'જુહિટ્ઠિલ્લ'.
जुहिट्ठिल्ल	*श्र.*	*युधिष्ठिर*	યુધિષ્ઠિર	હસ્તિનાપુરના પાંડુરાયના સૌથી મોટા પુત્ર.
जूयअ/जूयग/जूव/जूवअ	*दे.*	*यूपक*	યૂપક	પશ્ચિમ દિશામાં લવણ સમુદ્રનો મહાપાતાલકલશ. વેલંબ તેનો અધિષ્ઠાતા દેવ છે.
१. जेट्ठा	*अ.ती*	*ज्येष्ठा*	જ્યેષ્ઠા	ચેડગ રાજાની પુત્રી. તેને મહાવીરના મોટા ભાઈ નંદિવર્ધન સાથે પરણાવવામાં આવી હતી.
२. जेट्ठा	*दे.ज.*	*ज्येष्ठा*	જ્યેષ્ઠા	એક નક્ષત્ર. તેનો અધિષ્ઠાતા દેવ ઇંદ્ર(૪) છે.
जो.	*अ.ता*	*योगिन्*	યોગિન્	પરિવ્રાજકોનો એક વર્ગ.

जोइजसा	*क.*	*ज्योतिर्यशा*	જ્યોતિર્યશા	ચંપા નગરના ગોવાળની પત્ની. કૌશિકના શિષ્ય રુદ્રઅ દ્વારા તેનું ખૂન થયુ હતુ.
१. जोइस	*दे.ज.*	*ज्योतिष*	જ્યોતિષ	દેવોના ૪ વર્ગોમાંનો એક વર્ગ. આ વર્ગના દેવોના પાંચ ભેદ છે — (૧) સૂર્ય, (૨) ચંદ્ર, (૩) ગ્રહ, (૪) નક્ષત્ર અને (૫) તારા. પૃથ્વીની સપાટીથી ૭૯૦ યોજનના અંતરે તેમનું ક્ષેત્ર શરૂ થાય છે.
२. जोइस	*आ.*	*ज्योतिष*	જ્યોતિષ	ભગવતીસૂત્રના નવમા શતકનો બીજો ઉદ્દેશક.
जोइसिय	*दे.ज.*	*ज्योतिष्क*	જ્યોતિષ્ક	આ અને 'જોઈસિ' એક છે.
१. जोगंधरायण	*अ.*	*यौगन्धरायण*	યૌગંધરાયણ	રાજા ઉદાયનનો મંત્રી.
२. जोगंधरायण	*श्र.प्र.*	*यौगन्धरायण*	યૌગંધરાયણ	અંબડ સાથે સંબંધ ધરાવતી વ્યક્તિ.
जोगजसा	*क.*	*योगयशा*	યોગયશા	આ અને જોઈજિસા એક છે.
जोगसंगह	*आ.*	*योगसङ्ग्रह*	યોગસંગ્રહ	આગમિક ગ્રન્થ.
जोण	*अ.भौ*	*योन*	યોન	આ અને 'જોણઅ' એક છે.
जोणअ/जोणग	*अ.भौ*	*योनक*	યોનક	એક અનાર્ય જાતિ અને તેનો દેશ. તેમને ચક્રવર્તી ભરતે જીત્યા હતા. ત્યાં ઋષભ ગયેલા. રાજા ના અન્ત:પુરોમાં આ દેશની કન્યાને દાસીઓ તરીકે રખાતી. આ દેશ/જાતિ જવણથી ભિન્ન છે.
जोणि	*आ.*	*योनि*	યોનિ	પ્રજ્ઞાપનાનું નવમું પદ (પ્રકરણ).
जोणिअ	*अ.भौ*	*योनिक*	યોનિક	આ અને જોણઅ એક છે.
जोणिपाहुड	*आ.*	*योनिप्राभृत*	યોનિપ્રાભૃત	ચેતન પદાર્થોના સર્જન અંગે નિરૂપણ કરતો ગ્રન્થ તેના આધારે સિદ્ધસેને અશ્વોનું સર્જન કરેલું જ્યારે બીજાઓએ ભેંસોનું સર્જન કર્યું હતું. વર્તમાનમાં તેનું અસ્તિત્વ નથી, તે નાશ પામ્યો છે.
जोणिसंगह	*आ.*	*योनिसङ्ग्रह*	યોનિસંગ્રહ	એક આગમિક ગ્રન્થ.
जोण्ह	*अ.भौ*	*योण्ह*	યોહ્ન	સંભવત: આ અને 'જોણઅ' એક છે.
जोतिरस	*भौ.*	*ज्योतिरस*	જ્યોતિરસ	રત્નપ્રભાના પ્રથમ કાંડનો નવમો ભાગ.
जोतिसिय	*दे.ज.*	*ज्योतिष्क*	જ્યોતિષ્ક	આ અને જોઈસ એક છે.
जोहिट्ठिल्ल	*श्र.*	*युधिष्ठिर*	યુધિષ્ઠિર	જુઓ જુહિટ્ઠિલ્લ.
झाणविभत्ति	*आ.*	*ध्यानविभक्ति*	ધ્યાનવિભક્તિ	એક અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર. જે નાશ પામેલ છે
टंकण	*अ.भौ*	*टंकन*	ટંકન	અનાર્ય જાતિ તેમજ તેમના વસવાટનો પ્રદેશ. આ જાતિ ઉત્તરાપથમાં વસતી હતી, દક્ષિણાપથના લોકોને સુવર્ણ અને હાથીદાંત વેચતી હતી.
ठाण	*आ.*	*स्थान*	સ્થાન	બાર અંગસૂત્રોમાનું ત્રીજુ સૂત્ર. તે દસ પ્રકરણોમાં વિભક્ત છે. તેનો મોટો ભાગ ગદ્યમાં છે. પદાર્થોની સંખ્યા અનુસાર નિરૂપણ કરે છે અર્થાત્ એક થી દસસંખ્યક પદાર્થો સુધીનું નિરૂપણ તેમાં છે.

ठाणपद	*आ.*	*स्थानपद*	સ્થાનપદ	પ્રજ્ઞાપનાનું બીજું પદ (પ્રકરણ).
ठिइ	*आ.*	*स्थिति*	સ્થિતિ	પ્રજ્ઞાપનાનું ચોથું પદ (પ્રકરણ).
ठितिपद	*आ.*	*स्थितिपद*	સ્થિતિપદ	આ અને 'ઠિઈ' એક છે.
डंडगारण्ण	*ऐ.*	*दण्डकारण्य*	દણ્ડકારણ્ય	રાજા ડંડગિના નામ ઉપરથી જેનું નામ પડ્યું છે તે જંગલ. તે રાજાની રાજધાની કુંભકારકડ હતી. તે રાજધાની અને તેની આસપાસનો પ્રદેશ સ્કંદકે બાળી ભસ્મ કરી નાખેલો. તે પ્રદેશમાં જંગલ ઊગ્યું
डंडगि	*क.*	*दण्डकिन्*	દણ્ડકિન્	કુંભકારકડ નગરનો રાજા. સ્કંદકની બેન પુરંદર–જસા તેની પત્ની હતી. જેણે સ્કંદક અને તેના ૫૦૦ શિષ્યોને ઘાણીએ પીલી નાખ્યા તે પાલગ તેનો પુરોહિત હતો. પછી દેવ તરીકે જન્મેલા ખંદકે ડંડગિની રાજધાનીને અને તેની આસપાસના પ્રદેશને બાળી ભસ્મ કરી નાખ્યો. પછી ત્યાં જંગલ થયું જે ડંડગારણ્ય નામે પ્રસિદ્ધ થયું.
डंबर	*दे.*	*डम्बर*	ડમ્બર	જુઓ 'અડંબર'.
डहण	*श्र.*	*दहन*	દહન	પાડલિપુત્રના બ્રાહ્મણનો પુત્ર. જ્વલનશિખા તેની માતા હતી. દહન સંસાર ત્યાગી શ્રમણ બન્યો, મરીને દેવ થયો. તે હુતાસન નામે પણ જાણીતો છે
डोंब	*अ.*	*डोम्ब*	ડોમ્બ	એક અનાર્ય હલકી કોમ. તે યક્ષ ઘંટિય ને પૂજે છે.
डोंबिल	*अ.भौ*	*डोम्बिल*	ડોમ્બિલ	એક અનાર્ય દેશ અને તેના દેશવાસીઓ.
डोब	*अ.भौ*	*डोब*	ડોમ્બ	એક અનાર્ય જાતિ અને તેનો દેશ. આ અને 'ડોંબ' એક છે.
डोबिल	*अ.भौ*	*डोबिल*	ડોબિલ	આ અને ડોંબિલ એક છે.
ढंक	*श्रा.*	*ढण्क*	ઢંક	શ્રાવસ્તીનો કુંભાર. એક હજાર શ્રમણીઓ સાથે પ્રિયદર્શના તેના ઘરમાં રહી હતી.
ढंढ	*श्र.*	*ढण्ढ*	ઢંઢ	કૃષ્ણનો પુત્ર. તે સંસારનો ત્યાગ કરી તીર્થંકર અરિષ્ટનેમિનો શિષ્ય બન્યો. અંતરાય કર્મના ઉદયના કારણે તે ભિક્ષા મેળવી શક્યો નહિ.
ढंढण	*श्र.*	*ढण्ढण*	ઢંઢણ	આ અને ઢંઢ એક છે. તે એક વંદનીય વ્યક્તિ છે.
१. ढड्डर	*श्रा.*			દસપુરનો શ્રાવક.
२. ढड्डर	*दे.ज.*			રાહુનું બીજું નામ.
तंतुवाय	*अ.*	*तन्तुवाय*	તન્તુવાય	વણકરોનું એક આર્ય ધંધાદારી મંડળ
तंदुलवेआलिअ	*आ.*	*तन्दुलवैचारिक*	તન્દુલવૈચારિક	અંગબાહ્ય ઉત્કાલિક આગમગ્રન્થ. તે મહદંશે પદ્ય રચના છે. તે દશવૈકાલિકચૂર્ણિ, આવશ્યકચૂર્ણિ અને નિશીથચૂર્ણિમાં ઉદ્ધૃત છે. મલધારી હેમચન્દ્રે પોતાની અણુઓગદ્વાર ની ટીકામાં તેનો ઉલ્લેખ 'તણ્ડુલવિચારણા' નામે કર્યો છે. જુઓ પ્રકીર્ણક.

तंदुलवेयालिय	*आ.*	*तन्दुलवैचारिक*	તન્દુલવૈચારિક	જુઓ 'तंदुलवेआलिअ'.
तंबाअ/तंबाय	*ऐ.*	*तंबाक/तंबाल/ तम्राक*	તંબાક /તંબાલ / તમ્રાક	એક ગામ જેની મુલાકાત મહાવીરે ગોસાલક સાથે લીધી હતી. આ ગામમાં નંદિસેણને ભાલો મારી મારી નાખવામાં આવેલા.
तक्कसेण	*अ.*	*तर्कसेन*	તર્કસેન	ગત ઉત્સર્પિણીમાં ભરત ક્ષેત્રમાં થયેલા દસ કુલકરમાંના એક. જુઓ 'कङ्कसेण'.
तक्खसिला	*ऐ.*	*तक्षशिला*	તક્ષશિલા	જ્યાં બાહુબલિ રાજ કરતા હતા તે બહલી દેશની રાજધાની. भ० ऋषभે તેની મુલાકાત લીધી હતી. ત્યાં ऋषभે જે પગલા પાડ્યા હતા તેમના ઉપર હીરાઓનું ધર્મચક્ર બાહુબલિએ સ્થાપ્યુ હતુ.
तक्खसिलायल	*ऐ.*	*तक्षशिलातल*	તક્ષશિલાતલ	આ અને 'तक्खसिला' એક છે.
तगरा	*ऐ.*	*तगरा*	તગરા	અયલપુર નગરના પોતાના શિષ્ય સાથે રાધાર્યએ જે નગરની મુલાકાત લીધી હતી તે નગર. આ જ નગરમાં અર્હમિત્રએ દત્ત શેઠ, તેમની પત્ની ભદ્રાઅને તેમના પુત્ર અર્હન્નગને દીક્ષા આપી હતી.
तगरायड	*ऐ.*	*तगरातट*	તગરાતટ	આ અને તગરા એક છે.
तगरी	*ऐ.*	*तगरी*	તગરી	આ અને તગરા એક છે.
तच्चावाय	*आ.*	*तथ्यावाद*	તથ્યાવાદ	દૃષ્ટિવાદનું બીજું નામ.
तट्ठ	*स.*	*त्रस्त*	ત્રસ્ત	ત્રીસ મુહૂર્તમાંનું એક.
तट्ठव	*स.*	*त्रस्तप*	ત્રસ્તપ	અણાવ મુહુર્તનું બીજું નામ.
तत्था	*दे.ज.*	*त्वष्ट्र*	ત્વષ્ટ્ર	ચિત્રાનક્ષત્રનો અધિષ્ઠાતા દેવ.
तणुतणूइ	*भौ.*	*तनुतन्वी*	તનુતન્વી	આ અને 'तणूयतरी' એક છે.
तणूइ	*भौ.*	*तन्वी*	તન્વી	'ईसिपब्भारा'નું બીજું નામ.
तणूयतरी	*भौ.*	*तनुकतरी*	તનુકતરી	'ईसिपब्भारा'નું બીજું નામ.
तत्तजला	*भौ.*	*तप्तजला*	તપ્તજલા	જંબૂદ્વીપમાં સીતા નદીની દક્ષિણે, મંદરપર્વતની પૂર્વે આવેલ અંતરનદી.
तत्तवइ/तत्तवती	*अ.*	*तत्त्ववती*	તત્ત્વવતી	સુઘોસ નગરના રાજા અર્જુનની પત્ની અને રાજકુમાર ભદ્રનંદીની માતા.
तमतमप्पभा	*भौ.*	*तमस्तमःप्रभा*	તમસ્તમઃપ્રભા	સાતમી નરકભૂમિ. 'माघवई' તેનું ગોત્રનામ છે. તેમાં પાંચ વિકરાળ વાસસ્થાનો છે– કાલ, મહાકાલ , રૌરવ, મહારોરુગ અને અપ્રતિષ્ઠાન.
तमतमा	*भौ.*	*तमस्तमा*	તમસ્તમા	આ અને 'तमतमस्प्रभा' એક છે.
तमप्पभा	*भौ.*	*तमःप्रभा*	તમઃપ્રભા	છઠ્ઠી નરકભૂમિ. મઘા તેનું ગોત્રનામ છે.
तमा	*भौ.*	*तमा*	તમા	આ અને તમસ્પ્રભા એક છે.
तमुअ	*आ.*	*तमस्क*	તમસ્ક	ભગવતીસૂત્રના છઠ્ઠા શતકનો પાંચમો ઉદ્દેશક.
तम्मुदअ	*अ.*	*तन्मोदक*	તન્મોદક	રાજગૃહીનો પાખંડી મત ધરાવતો ગૃહસ્થ.

तयाहार	अ.ता	त्वचाहार	ત્વચાહાર	વૃક્ષની છાલ પર જીવતા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ
तरंगवइ	क.	तरङ्गवती	તરઙ્ગવતી	એક લૌકિક કથા.
तरुण	श्र.प्र.	तरुण	તરુણ	તીર્થંકર પાર્શ્વના તીર્થમાં થયેલા અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવેલ છે.
तव	आ.	तपस्	તપસ્	આ અને 'तवोमग्ग' એક છે.
तवणिज्ज	भौ.	तपनीय	તપનીય	રુચકવર પર્વતના પૂર્વ ભાગનું શિખર.
तवोमग्ग	आ.	तपोमार्ग	તપોમાર્ગ	ઉત્તરાધ્યયનનું ત્રીસમું અધ્યયન.
ताणग	अ.	तानक	તાનક	ખરાબ સોબતવાળી વ્યક્તિ.
तामलि	श्र.	तामलि	તામલિ	તામલિત્તિ નગરના શેઠ. તે મોરિયપુત્ર નામે પણ જાણીતા હતા. તે સંસારનો ત્યાગ કરી શ્રમણ બન્યા અને ઉગ્ર તપ કર્યું. મૃત્યુ પછી તેમણે ઈશાનેન્દ્ર તરીકે જન્મ લીધો.
तामलित्त	ऐ.	ताम्रलिप्त	તામ્રલિપ્ત	આ અને તામલિત્તિ એક છે.
तामलित्ति	ऐ.	ताम्रलिप्ति	તામ્રલિપ્તિ	વંગ દેશની રાજધાની.
तारअ	च.	तारक	તારક	વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ભરત ક્ષેત્રમાં થયેલા નવ પ્રતિશત્રુમાંના બીજા. તે દ્વિપૃષ્ઠ વડે હણાયા હતા.
तारगा	दे.	तारका	તારકા	જુઓ તારયા.
तारय	दे.ज.	तारक	તારક	જુઓ તારા(૩).
तारया	दे.	तारका	તારકા	યક્ષ દેવોના બે ઇન્દ્રોમાંના એક પૂર્ણભદ્રની મુખ્ય પત્ની. માણિભદ્રની પત્નીનું પણ આ જ નામ છે.
१. तारा	अ.	तारा	તારા	કિષ્કિન્ધાના રાજા સુગ્રીવની પત્ની. તેના ખાતર રાજાને વિદ્યાધર સાહસગતિ સાથે યુદ્ધ કરવુ પડેલું
२. तारा	च.	तारा	તારા	રાજા કૃતવીર્યની પત્ની અને આઠમા ચક્રવર્તી સુભૂમની માતા.
३. तारा	दे.ज.	तारा	તારા	જોઇસ દેવોના પાંચ વર્ગોમાંનો એક વર્ગ. તે વર્ગ તારાઓનો બનેલો છે. તારાઓ પૃથ્વીની સપાટીથી ઉત્કૃષ્ટ ૯૦૦ યોજનના અને જઘન્ય ૭૯૦ યોજન ના અંતરે ગતિ કરે છે. તેમની ગતિની ઝડપ સૌથી વધુ છે. તારાનું કદ યોજનનો આઠમો ભાગ છે.
तारायण	श्र.प्र.	तारागण	તારાગણ	જુઓ 'वित्त तारायण'.
१. ताल	आ.	ताल	તાલ	ભગવતીસૂત્રના બાવીસમા શતકનો પહેલો ઉદ્દેશક
२. ताल	अ.गो	ताल	તાલ	ગોસાલકના બાર મુખ્ય ઉપાર્શ્વકોમાંનો એક.
तालपलंब	अ.गो	तालप्रलम्ब	તાલપ્રલમ્બ	ગોસાલકના બાર મુખ્ય ઉપાર્શ્વકોમાંનો એક.

तालपिसाय	*दे.*	*तालपिशाच*	તાલપિશાચ	ચંપા નગરના અર્હન્નક જ્યારે પોતાના માલ ભરેલા વહાણો સાથે લવણસમુદ્રમાં યાત્રા કરી રહ્યા હતા ત્યારે તેને રંજાડવાનો પ્રયત્ન કરનારો દેવ. દેવે વિકરાળ રૂપો ધારણ કરી તેમને ભયંકર પરિણામો ની ધમકી આપે છે પરંતુ તે પોતાની શ્રદ્ધામાંથી ચલિત થતા નથી.
१. तावस	*क.*	*तापस*	તાપસ	કોસંબી નગરના શેઠ. મરીને તે ભૂંડ તરીકે જન્મ્યા, પછી સર્પ તરીકે પછી પોતાના જ પૌત્ર તરીકે.
२. तावस	*अ.ता*	*तापस*	તાપસ	પાંચ સમણ સંપ્રદાયોમાંનો એક. તાપસો જંગલમાં રહેતા. ઉગ્ર તપ કરતા. તે વિવિધ પ્રકારના હતા.
तिऊड	*भौ.*	*त्रिकूट*	ત્રિકૂટ	સીતા નદીના દક્ષિણ કિનારા ઉપર આવેલો પર્વત. તે સુવત્સથી વત્સ પ્રદેશને અલગ કરે છે.
१. तिंदुग	*ऐ.*	*तिन्दुक*	તિન્દુક	શ્રાવસ્તી નગર બહારના ઉદ્યાન. અહીં મહાવીરના પ્રથમ ગણધર ઇંદ્રભૂતીને તીર્થંકર પાર્શ્વની પરંપરા ના આચાર્ય કેસિ સાથે સંવાદ થયો. જમાલિએ પોતાનો નવો સિદ્ધાંત અહીં પ્રવર્તાવ્યો હતો.
२. तिंदुग	*ऐ.*	*तिन्दुक*	તિન્દુક	વાણારસી નગરીની બહાર આવેલું ઉદ્યાન. તેમાં યક્ષ ગંડીતેંદુગનું ચૈત્ય હતું. શ્રમણ હરિકેશબલ અહીં આવ્યા હતા.
३. तिंदुग	*ऐ.*	*तिन्दुक*	તિન્દુક	તિંદુગમાં આવેલું યક્ષ ગંડીતેંદુગનું ચૈત્ય.
तिंदुय	*ऐ.*	*तिन्दुक*	તિન્દુક	જુઓ 'તિંદુગ'(૨).
तिकूड	*भौ.*	*त्रिकूट*	ત્રિકૂટ	જુઓ 'તિઊડ'.
तिगिंछदह	*भौ.*	*तिगिञ्छद्रह*	તિગિંછદ્રહ	આ અને 'તિગિંછિદ્રહ' એક છે.
तिगिंछिकूड	*भौ.*	*तिगिञ्छिकूट*	તિગિંછિકૂટ	આ અને 'તિગિચ્છકૂડ'(૨) એક છે.
तिगिंछिद्दह	*भौ.*	*तिगिञ्छिद्रह*	તિગિંછિદ્રહ	નિષધ પર્વતની મધ્યે આવેલું સરોવર. તે ૪૦૦૦ યોજન લાંબુ, ૨૦૦૦ યોજન પહોળું, ૧૦ યોજન ઊંડું છે. દેવી ધૃતિ ત્યાં વાસ કરે છે.
तिगिंछी	*ऐ.भौ.*	*तिगिञ्छि*	તિગિંછિ	તે નગર જ્યાં રાજા જિતશત્રુએ શ્રમણ ધર્મવીર્ય ને ભિક્ષા આપી હતી.
तिगिच्छ	*दे.भौ.*	*तिगिच्छ*	તિગિચ્છ	પ્રાણતનું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય વીસ સાગરોપમ વર્ષનું છે, તે દેવો વીસ પખવાડિયે એક જ વાર શ્વાસ લે છે અને વીસ હજાર વર્ષે એક જ વાર તેમને ભૂખ લાગે છે.
१. तिगिच्छकूड	*भौ.*	*तिगिच्छकूट*	તિગિચ્છકૂટ	શિખરી પર્વતના બાર શિખરોમાંનું એક.
२. तिगिच्छकूड	*भौ.*	*तिगिच्छकूट*	તિગિચ્છકૂટ	અરુણોદ સમુદ્રમાં આવેલો પર્વત જ્યાં અસુરકુમાર દેવોનો ઇંદ્ર ચમર ઊતરે છે.

तिगिच्छद्दह	*भौ.*	*तिगिच्छद्रह*	તિગિચ્છદ્રહ	જુઓ 'તિગિંછિદ્ધહ'.
तिगिच्छिकूड	*भौ.*	*तिगिच्छिकूट*	તિગિચ્છિકૂટ	આ અને 'તિગિચ્છકૂડ' એક છે.
तिगिच्छिदह	*भौ.*	*तिगिच्छिद्रह*	તિગિચ્છિદ્રહ	આ અને 'તિગિંછિદ્ધહ' એક છે.
तिगिच्छियकूड	*भौ.*	*तिगिच्छिककूट*	તિગિચ્છિકકૂટ	આ અને 'તિગિચ્છકૂડ'(૨) એક છે.
तित्तिय	*अ.*	*तित्तिक*	તિત્તિક	એક અનાર્ય દેશ અને તેના વાસીઓ.
तित्थंकर	*ती.*	*तीर्थङ्कर*	તીર્થંકર	જુઓ 'તિત્થયર'.
तित्थकर	*ती.*	*तीर्थकर*	તીર્થંકર	જુઓ 'તિત્થયર'.
तित्थगर	*ती.*	*तीर्थकर*	તીર્થંકર	જુઓ 'તિત્થયર'.
तित्थयर	*ती.*	*तीर्थकर*	તીર્થંકર	જે તીર્થની એટલે ચતુર્વિધ સંઘની (સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર અંગોવાળા સંઘની) સ્થાપના કરે છે અને પ્રવચનને પ્રકાશે છે તીર્થંકર છે. તે અર્થથી ધર્મનો ઉપદેશ આપે છે અને તેમના ગણધરો તેમના ઉપદેશને સુત્રનું રૂપ આપે છે. તેમની વાણી બધા સમજે છે કારણ કે તે વાણી શ્રોતાઓની પોતપોતાની ભાષામાં સ્વતઃ પરિણત થઈ જાય છે. જે પોતાના પૂર્વભવમાં તીર્થંકર નામકર્મ બાંધે છે તે તીર્થંકર બને છે. તીર્થંકરના જન્મનું સૂચન પહેલેથી જ માતાને આવેલા ચૌદ સ્વપ્નો દ્વારા થઈ જાય છે. તીર્થંકરને જન્મસમયે જ ત્રણ પ્રકારના જ્ઞાનો (મતિ–શ્રુત–અવધિ) હોય છે અને જ્યારે તે શ્રમણ બને છે ત્યારે તેમનામાં ચોથું જ્ઞાન અર્થાત્ મનઃપર્યાયજ્ઞાન પ્રગટે છે.
तित्थोगाली	*आ.*	*तीर्थोद्गाली*	તીર્થોદ્ગાલી	આ એક આગમિક પ્રકરણ ગ્રંથ છે. તે પદ્યમય છે. તેમાં કુલ ૧૨૫૭ ગાથાઓ છે. તેનો ઉલ્લેખ વ્યવ–હારભાષ્યમાં મળે છે. ગ્રંથના આદિમાં તીર્થંકર ઋષભ વગેરેને વંદન કરવામાં આવ્યા છે. આગમો નો અર્થથી ઉપદેશ મહાવીરે રાજગૃહીના ગુણસીલ ઉદ્યાનમાં આપ્યો હતો. આ ગ્રંથમાં આવિષયોનું નિરૂપણ છે — કાલ અને તેના વિવિધ ભેદો, સ્વપ્નો અને તેમનું અર્થઘટન, ઋષભ અને તેમનું કુળ, ચક્રવર્તી ભરત અને અન્ય તિત્થંકરો અને તેમના વંશ આદિ.
तिमिसगुहा	*भौ.*	*तिमिस्रगुहा*	તિમિસ્રગુફા	વૈતાઢ્ય પર્વતની ગુફા. તે પચાસ યોજન લાંબી, બાર યોજન પહોળી અને આઠ યોજન ઊંચી છે. કૃતમાલઅ દેવ તેનો અધિષ્ઠાતા દેવ છે. ચક્રવર્તી ની સેનાની ઉત્તર ભરતથી દક્ષિણ ભરત તરફ જતી વિજયયાત્રાનું તે પ્રવેશદ્વાર છે.

तिमिसगुहाकूड	*भौ.*	*तिमिस्रगुहाकूट*	તિમિસ્રગુફાકૂટ	ભરત ક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતનું શિખર. કૃતમાલઅ દેવ તેના ઉપર વાસ કરે છે. આ જ નામના શિખરો બીજા ક્ષેત્રોમાં પણ છે.
तिमिस्सगुहा	*भौ.*	*तिमिस्रगुहा*	તિમિસ્રગુફા	જુઓ તિમિસગુફા.
तिरियजंभग	*दे*	*तिर्यग्जृंभक*	તિર્યગ્જૃંભક	આ અને જંભગ એક છે.
तिल	*दे.ज.*	*तिल*	તિલ	અઠ્યાસી ગ્રહમાંનો એક.
तिलअ	*च.*	*तिलक*	તિલક	ભરત ક્ષેત્રના પ્રથમ ભાવિ પ્રતિશત્રુ.
तिलपुप्फवण्ण	*दे.ज.*	*तिलपुष्पवर्ण*	તિલપુષ્પવર્ણ	અઠ્યાસી ગ્રહોમાંનો એક.
१. तिविट्ठ	*च.*	*त्रिपृष्ठ*	ત્રિપૃષ્ઠ	વર્તમાન અવસર્પિણીના પ્રથમ વાસુદેવ, બલદેવ અચલના ભાઈ. તે પોતનપુરના રાજા રિવુપ્રતિશત્રુ –પ્રજાપતિ અને રાણી મૃગાવતી નો પુત્ર હતો, રિવુ પ્રતિશત્રુની પોતાની જ પુત્રી મૃગાવતીને પોતાની રાણી બનાવી હતી. ત્રિપૃષ્ઠની ઊંચાઈ ૮૦ ધનુષ હતી. તેણે તે જ અવસર્પિણીના પ્રથમ પ્રતિશત્રુ અશ્વગ્રીવને યુદ્ધમાં હરાવેલા. આ ત્રિપૃષ્ઠ તે ૧૧માં તીર્થંકર શ્રેયાંસનો સમકાલીન, તીર્થંકર મહાવીરનો પૂર્વભવ હતો. ત્રિપૃષ્ઠ તેના પૂર્વભવમાં વિશ્વભૂતિ હતો, મથુરામાં તેણે ગાયને કારણે નિયાણુ કર્યું. તે ૮૪ લાખ વર્ષ આયુ ભોગવી સાતમી નરકે ગયો.
२. तिविट्ठ	*च.*	*त्रिपृष्ठ*	ત્રિપૃષ્ઠ	ભરત ક્ષેત્રના નવમા ભાવિ વાસુદેવ.
तिविट्ठु	*च.*	*त्रिपृष्ठ*	ત્રિપૃષ્ઠ	આ અને ત્રિપૃષ્ઠ એક છે.
तिसला	*ती.*	*त्रिशला*	ત્રિશલા	વૈશાલીના રાજા ચેડગની બેન, ક્ષત્રિયકુંડગ્રામના રાજા સિદ્ધાર્થની પત્ની અને મહાવીરની માતા. તે વાસિટ્ઠ ગોત્રની હતી. તે વિદેહદિન્ના અને પિય–કારિણી નામે પણ જાણીતી હતી.
तिसिला	*ती.*	*त्रिशला*	ત્રિશલા	આ અને તિસલા એક છે.
तीसअ	*श्र.*	*तिष्यक*	તિષ્યક	મહાવીરનો શિષ્ય. મૃત્યુ પછી તે પ્રથમ સ્વર્ગભૂમિમાં સામાનિક દેવ તરીકે જન્મ્યો.
तीसगुत्त	*श्र.*	*तिष्यगुप्त*	તિષ્યગુપ્ત	આચાર્ય વસુનો શિષ્ય. તે બીજો નિહ્નવ હતો. તેણે મહાવીરની કેવલજ્ઞાનપ્રાપ્તિ પછી સોળ વર્ષ પછી રાજગૃહીમાં જીવપ્રદેસિયનો સિદ્ધાંત પ્રવર્તાવ્યો. આ સિદ્ધાંત મુજબ જીવના અસંખ્યાત પ્રદેશોમાંથી કેવળ છેલ્લો પ્રદેશ જ ચેતના ધરાવે છે. મિત્રશ્રીએ તેમની આ ગેરસમજ આમલકપ્પા નગરમાં દૂર કરી
तीसमहासुमिण	*आ.*	*त्रिंशद्महास्वप्न*	ત્રિંશદ્મહાસ્વપ્ન	દોગિદ્ધિદશાનું છઠ્ઠું અધ્યયન.
तीसमोहणिज्जट्ठाण	*आ.*	*त्रिंशद्मोहनीय स्थान*	ત્રિંશદ્મોહનીય-સ્થાન	આચારદશાનું નવમું અધ્યયન.

१. तुंगिय	*अ.श्र.*	*तुङ्गिक*	તુઙ્ગિક	શય્યંભવ આચાર્યના શિષ્ય યશોભદ્રનો વંશ. તે તુંગિયાયન તરીકે પણ જાણીતો છે.
२. तुंगिय	*भौ.*	*तुङ्गिक*	તુઙ્ગિક	વત્સ પ્રદેશમાં આવેલો સંનિવેશ. તે મહાવીરના દસમા ગણધર મેતાર્યનું જન્મસ્થાન હતું.
तुंगिया	*ऐ.*	*तुङ्गिका*	તુઙ્ગિકા	રાજગૃહી પાસે આવેલું નગર. ભ૦ મહાવીરના ઉપાસકો સારી સંખ્યામાં અહીં વસતા હતા. તીર્થંકર પાર્શ્વની પરંપરાના ૫૦૦ સાધુઓના સમૂહે તેની મુલાકાત લીધી હતી.
तुंडिय	*अ.*	*तुण्डिक*	તુણ્ડિક	દરિયો ખેડી વેપાર કરનારો આ નામનો એક વેપારી
तुंब	*आ.*	*तुम्ब*	તુમ્બ	જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ ૧ નું છઠ્ઠું અધ્યયન.
तुंबरु	*दे.*	*तुम्बरु*	તુમ્બરુ	એક યક્ષ.
तुंबवण	*भौ.*	*तुम्बवन*	તુમ્બવન	જે સંનિવેશના આચાર્ય વજ્ર હતા તે સંનિવેશ. ધનગિરિ(૨) શેઠ પણ આ સંનિવેશના હતા.
तुंबा	*दे.*	*तुम्बा*	તુમ્બા	દેવોના ઇન્દ્રો, ઇન્દ્રોની મુખ્ય પત્નીઓ અને ઇન્દ્રોના લોકપાલોની ત્રણ સભાઓમાંની એક.
तुंबुरु	*दे.*	*तुम्बुरु*	તુમ્બુરુ	શક્ર ઇંદ્રના સાત સેનાપતિઓમાંનો એક. તે ગાયકોની (ગંધર્વોની) ટુકડીનો નાયક છે.
तुच्छ	*स.*	*तुच्छ*	તુચ્છ	પખવાડિયાનો ચોથો, નવમો અને ચૌદમો દિવસ.
तुडिया	*दे.*	*त्रुटिता*	ત્રુટિતા	દેવોના ઇન્દ્રો, ઇન્દ્રોની મુખ્ય પત્નીઓ વગેરેની ત્રણ સભાઓમાંની એક.
तुण्णाग	*अ.*	*तुन्नवाय*	તુન્નવાય	દરજીઓનું ધંધાદારી આર્ય મંડળ.
तुरगमुह	*भौ.अ*	*तुरङ्गमुख*	તુરઙ્ગમુખ	એક અનાર્ય દેશ અને તેના લોકો.
तुरमिणी	*ऐ.*	*तुरमणि*	તુરુમણિ	આ અને તુરુમિણી એક છે.
तुरियगइ	*दे.*	*त्वरितगति*	ત્વરિતગતિ	અમિતગતિના લોકપાલનું તેમજ અમિતવાહનના લોકપાલનું નામ.
तुरुमिणी	*ऐ.*	*तुरुमिणी*	તુરુમિણિ	જ્યાં રાજા જિતશત્રુ રાજ કરતા હતા તે નગર. તેનો પુત્ર દત્ત આ નગરના રાજા તરીકે આ નગરમાં આચાર્ય કાલગને મળ્યો હતો. શ્રમણી સુકુમાલિયા તેમજ તેના ભાઈઓ શ્રમણ સસઅ અને ભસઅ આ નગરમાં આવ્યા હતા.
तुरुविणी	*ऐ.*	*तुरुमिणी*	તુરુમિણી	જુઓ તુરુમિણી.
तुलसी	*आ.*	*तुलसी*	તુલસી	ભગવતીસૂત્રના શતક ૨૧ નો આઠમો ઉદ્દેશક.
तुसिअ/तुसिय	*दे.*	*तुषित*	તુષિત	લોકાંતિક દેવોના નવ ભેદોમાંનો એક.
तेअगणिसग्ग	*आ.*	*तेजस्कनिसर्ग*	તેજસ્કનિસર્ગ	એક અંગબાહ્ય કાલિક આગમગ્રન્થ. તે હાલ વિદ્યમાન નથી, નષ્ટ થઈ ગયો છે.
तेआ	*स.*	*तेजा*	તેજા	પખવાડિયાની તેરમી રાત્રિ.

तेउ	*दे.*	*तेजस्*	તેજસ્	અગ્નિસિહ તેમજ અગ્નિમાણવના લોકપાલનું નામ.
तेउकंत	*दे.*	*तेजस्कान्त*	તેજસ્કાન્ત	અગ્નિસિહ તેમજ અગ્નિમાણવના લોકપાલનું નામ.
तेउप्पभ	*दे.*	*तेजस्प्रभ*	તેજસ્પ્રભ	અગ્નિસિહ તેમજ અગ્નિમાણવના લોકપાલનું નામ.
तेउसिह	*दे.*	*तेजःशिख*	તેજઃશિખ	અગ્નિસિહ તેમજ અગ્નિમાણવના લોકપાલનું નામ.
तेउसीह	*दे.*	*तेजःशिख*	તેજઃશિખ	જુઓ 'तेउसिह'.
तेदुंग	*ऐ.*	*तेन्दुक*	તેન્દુક	જુઓ 'तिंदुग'.
तेतलि	*क.*	*तेतलि*	તેતલિ	જુઓ 'तेयलि'.
१. तेतलिपुत्त	*श्र.प्र.*	*तेतलिपुत्र*	તેતલિપુત્ર	અરિષ્ટનેમિના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ તેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે.
२. तेतलिपुत्त	*श्र.*	*तेतलिपुत्र*	તેતલિપુત્ર	જુઓ 'तेयलिपुत्र'.
तेतलिपुर	*ऐ.*	*तेतलिपुर*	તેતલિપુર	જુઓ 'तेयलिपुर'.
तेतलिसुत	*श्र.*	*तेतलिसुत*	તેતલિસુત	જુઓ તેતલિપુત્ર(१).
तेत्तलि	*आ.*	*तेतलि*	તેતલિ	આ અને તેયલિ(१) એક છે.
तेत्तिल	*अ.ज.*	*तैतिल*	તૈતિલ	જુઓ 'थीविलोअण'.
तेत्तीसआसायणा	*आ.*	*त्रयस्त्रिंशदाशातना*	ત્રયસ્ત્રિંશદાશાતના	આચારદશાનું ત્રીજું અધ્યયન.
तेयग्गिणिसग्ग	*आ.*	*तेजोग्निनिसर्ग*	તેજોગ્નિનિસર્ગ	આ અને 'तेअगणिसग्ग' એક છે.
तेयणिसग्ग	*आ.*	*तेजोनिसर्ग*	તેજોનિસર્ગ	ભગવતીસૂત્રના પંદરમાં શતકનું બીજું નામ.
१. तेयलि	*आ.*	*तेतलिन्*	તેતલિન્	જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધનું १નું અધ્યયન १४.
२. तेयलि	*आ.*	*तेतलिन्*	તેતલિન્	અનુત્તરોપપાતિકદશાના દસ અધ્યયનોમાંનું ८ મું અધ્યયન. હાલ તે અસ્તિત્વમાં નથી, નષ્ટ થયુ છે
३. तेयलि	*क.*	*तेतलिन्*	તેતલિન્	તેયલિપુરનો મંત્રી, ભદ્રાનો પતિ અને તેયલિ–પુત્રનો પિતા.
४. तेयलि	*दे.*	*तेतलिन्*	તેતલિન્	ધરણના ગાયકોના દળનો નાયક યા સેનાપતિ.
तेयलिपुत्त	*श्र.प्र.*	*तेतलिपुत्र*	તેતલિપુત્ર	તેયલિપુરના રાજા કનકરથનો મંત્રી. તે તે નગરના સોનીની પુત્રી પોટ્ટિલાને પરણ્યો હતો. રાજા કનકરથના પુત્ર કનગધ્વજને તેણે છૂપી રીતે ઉછેર્યો હતો કારણ કે પોતાની સત્તા ચાલી જશે એવા ભયથી રાજા પોતાના પુત્રોને જન્મતાવેંત જ મારી નાખતો. તેતલિપુત્રે પોટ્ટિલદેવ (તેયલિપુત્ર ની પત્ની પોટ્ટિલા દેવથઇ તે)ની પ્રેરણાથી સંસાર ત્યાગ કર્યો. વખત જતા કેવલજ્ઞાન થયું અને છેવટે તે મોક્ષ પામ્યા. પોટ્ટિલદેવ તે તેયલિપુત્રને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવેલ છે. તે અરિષ્ટનેમિના તીર્થમાં થયા હોવાનું મનાય છે.
तेयलिपुर	*ऐ.*	*तेतलिपुर*	તેતલિપુર	રાજા કનકરથ અને રાણી પદ્માવતીનું નગર. તે નગર બહાર પ્રમદવન નામક ઉદ્યાન હતું. શ્રમણી સુવ્રતા અહીં આવ્યા હતા.

तेयवीरिय	*श्र.*	*तेजोवीर्य*	તેજોવીર્ય	ચક્રવર્તી ભરત પછી મોક્ષે જનારા આઠ મહાપુરુષો માંના એક. તે બલવીરિય નામે પણ જાણીતા છે.
तेयनिसग्ग	*आ.*	*तेजोनिसर्ग*	તેજોનિસર્ગ	ભગવતીસૂત્રનું પંદરમું શતક.
तेयालगपट्टण	*ऐ.*	*तेजोलकपत्तन*	તેજોલકપત્તન	તે નગર જ્યાંથી વહાણ દ્વારા કોઈ બારાવતી જઈ શકે. તે કદાચ તેયાલગના બદલે 'વેયાલગ' હશે.
१. तेरासिय	*अ.नि*	*त्रैराशिक*	ત્રૈરાશિક	આચાર્ય રોહગુપ્તનો સિદ્ધાંત. રોહગુપ્તે જીવ, અજીવ અને નોજીવ ત્રણ પદાર્થો છે એવો ખોટો સિદ્ધાંત પ્રવર્તાવ્યો હતો. મહાવીરના નિર્વાણ પછી ૫૪૪ વર્ષે આ નિહ્નવ સિદ્ધાંત સ્થાપવામાં આવ્યો હતો.
२. तेरासिय	*अ.गो*	*त्रैराशिक*	ત્રૈરાશિક	આજીવિક ગોસાલકનો સિદ્ધાંત. સિદ્ધાંત મુજબ જીવની ત્રણ અવસ્થા છે– બદ્ધ, મુક્ત પુનર્બદ્ધ.
तेल	*अ.*	*तैल*	તૈલ	મંડવ ગોત્રની સાત શાખાઓમાંની એક.
तोयधारा	*दे.*	तोयधारा	તોયધારા	ઊર્ધ્વલોકમાં વસતી એક મુખ્ય દિસાકુમારી દેવી. જંબૂદ્વીપ–પ્રજ્ઞપ્તિ અનુસાર તે અધોલોકની છે.
१. तोसलि		*तोसलि*	તોસલિ	જે સંનિવેશ યા ગામમાં મહાવીર બે વાર ગયા હતા તે. આ ગામની બહાર અશોક નામે ઉદ્યાન હતું. ત્યાં સંગમ દેવે મહાવીરને ત્રાસ આપેલો. તેમને ભૂતીલે બચાવ્યા હતા. બીજી વાર જ્યારે મહાવીર આ ગામમાં આવ્યા ત્યારે તેમને તોસલિઅ ક્ષત્રિયે સાત વાર સાંકળથી બાંધ્યા હતા. એવું કહેવાય છે કે તોસલિનગરમાં 'ઈસિતલાગ' હતું. તેને 'ઈસિવાલ'એ બંધાવ્યુ હતું. આવશ્યકચુર્ણિમાં આ સંનિવેશ કલિંગ દેશમાં હોવાનો ઉલ્લેખ છે. સ્થાનિક રાજાએ રાજા કાકવર્ણને અહીં ગિરફતાર કર્યો હતો. પછી કાકવર્ણ રાજાના પુત્રે તે સ્થાનિક રાજાના પ્રદેશ ઉપર આક્રમણ કરી તે પ્રદેશ પડાવી લીધો અને પોતાના પિતાને છોડાવ્યા.
२. तोसलि	*भौ.*	*तोसलि*	તોસલિ	જલથી સમૃદ્ધ એક દેશ. અહીં પાક નદીઓના જલથી થાય છે. તે તાડનાં વૃક્ષો માટે પ્રસિદ્ધ હતો. તેના લોકો ફળ, શાક અને ફૂલના શોખીન હતા. તે દેશમાં સ્વયંવરની વિધિ માટે જરૂરી અગ્નિ પેટાવવાના ખાડાથી યુક્ત એક સાર્વજનિક મોટો સભાખંડ (વગ્ઘરણા) દરેક ગામમાં હતો. સભા–ખંડમાં ભેગા થયેલા ઉમેદવારોમાંથી કન્યા પોતાનો વર પસંદ કરતી.
३. तोसलि	*श्र.*	*तोसलि*	તોસલિ	તોસલિ દેશના જંગલમાં પાડાઓ યા ભેંસો વડે મરાયેલા આચાર્ય.

१. तोसलिअ	*अ.*	*तोसलिक*	તોસલિક	વેપારી પાસેથી ખરીદેલી રત્નોની જિનપ્રતિમાઓને ખૂબ જ કાળજીથી રક્ષનાર રાજા. આ રાજાનું નામ જે સ્થાનનો તે હશે તે સ્થાનના નામ ઉપરથી નિષ્પન્ન થયું લાગે છે.
२. तोसलिअ	*अ.ती.*	*तोसलिक*	તોસલિક	મહાવીરને ચોર હોવાની શંકાથી સાત વાર બંધન થી બાંધનારો તોસલિનો ક્ષત્રિય રાજા. જેટલી વાર મહાવીરને બંધનથી બાંધવામાં આવ્યા તે બધી વખત બંધન તૂટી જતું હતું તેથી રાજાએ છેવટે તેમને છોડી મૂક્યા.
तोसलिणगर	*भौ.*	*तोसलिनगर*	તોસલિનગર	આ અને તોસલિ(૧) એક છે.
तोसलिपुत्त	*श्र.*	*तोसलिपुत्र*	તોસલિપુત્ર	બારમાં અંગસૂત્ર દૃષ્ટિવાદનું જ્ઞાન ધરાવનાર આચાર્ય. જ્યારે તે દાસપુર નગરના 'ઉચ્છુઘર' ઉદ્યાનમાં વાસ કરતા હતા ત્યારે આર્ય રક્ષિત તેમની પાસે દૃષ્ટિવાદ સૂત્ર ભણવા ગયા હતા. ત્યાં તે તેમના શિષ્ય બન્યા. તોસલિપુત્ર, આર્ય રક્ષિતના મામા હતા.
थणिय	*आ.*	*स्तनित*	સ્તનિત	ભગવતીસૂત્રના સોળમા શતકનો ચૌદમો ઉદ્દેશક.
थणियकुमार	*दे.*	*स्तनितकुमार*	સ્તનિતકુમાર	ભવનપતિ દેવોના દસ ભેદોમાંથી એક ભેદ. સ્તનિત કુમાર દેવો શક્રના લોકપાલ વરુણની આજ્ઞામાં છે. તેમનાં રહેણાંકો છોત્તેર લાખ છે. ઘોસ અને મહાઘોસ તેમના ઇન્દ્રો છે. તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય બે પલ્યોપમ વર્ષોથી કંઈક કમ છે જ્યારે જઘન્ય આયુ દસ હજાર વર્ષોનું છે. આ દેવોના ઘંટનું નામ નંદિઘોષા છે.
थणियकुमारी	*दे.*	*स्तनितकुमारी*	સ્તનિતકુમારી	ભવનપતિ દેવીઓનો એક ભેદ. આ દેવીઓ સ્તનિત કુમાર દેવોની જોડ છે.
थारुकिण	*भौ.*	*थारुकिन*	થારુકિન	આ અને 'થારુગિણ' એક છે.
थारुगिण	*भौ.*	*थारुकिन*	થારુકિન	એક અનાર્ય દેશ જ્યાંથી કન્યાઓને દાસીઓ તરીકે લાવવામાં આવતી હતી. બીજી એક જગ્યાએ આ દેશનો 'ધોરુગિણ' નામે ઉલ્લેખ છે. જુઓ 'ચારુગણ'.
थालइ	*अ.ता*	*स्थालकिन्*	સ્થાલકિન્	વાનપ્રસ્થ તાપસોનો વર્ગ. જે પોતાની બધી ચીજો (થાળી, પાત્રો) પોતાની સાથે જ રાખતો.
थावच्चा	*क.*	*स्थापत्या*	સ્થાપત્યા	બારાવતીની એક સાર્થવાહી. તેને થાવચ્ચાપુત્ર નામનો એક પુત્ર હતો.

थावच्चापुत्त	*श्र.*	*स्थापत्यापुत्र*	સ્થાપત્યાપુત્ર	બારાવતીની થાવચ્ચાનો પુત્ર. તે ૩૨ કન્યાઓને પરણ્યો હતો. તે સંસાર ત્યાગી ૧૦૦૦ પુરુષો સાથે ભ૦ અરિષ્ટનેમિના શિષ્ય બન્યા. વાસુદેવ કૃષ્ણે તેમનાં કુટુંબની જવાબદારી લીધી. થાવચ્ચા પુત્ર ચૌદ પૂર્વો ભણ્યા. સેલગપુર ના રાજા અને મંત્રી તેમના ઉપદેશથી પ્રભાવિત થઈ ઉપાસકો બની ગયા. તાપસ શુક્ર પોતાના ૧૦૦૦ શિષ્યો સાથે તેમના શિષ્ય બન્યા. થાવચ્ચાપુત્રને પુંડરીય પર્વત ઉપર કેવળજ્ઞાન થયું ત્યાં જ નિર્વાણ પામ્યા
थावच्चासुय	*श्र.*	*स्थापत्यासुत*	સ્થાપત્યાસુત	આ અને થાવચ્ચાપુત્ર એક છે.
१. थावर	*आ.*	*स्थावर*	સ્થાવર	ભગવતીસૂત્રના સાતમા શતકનો ત્રીજો ઉદ્દેશક.
२. थावर	*अ.ती*	*स्थावर*	સ્થાવર	રાજગૃહીનો બ્રાહ્મણ. તે મહાવીરનો પૂર્વભવ હતો.
१. थिमिय	*आ.*	*स्तिमित*	સ્તિમિત	અંતકૃદ્દશાના પહેલા વર્ગનું પાંચમું અધ્યયન.
२. थिमिय	*श्र.*	*स्तिमित*	સ્તિમિત	બારાવતીના અંધગવૃષ્ણિ અને ધારિણી નો પુત્ર. ૮ રાજકુમારીને પરણ્યો હતો. તે સંસાર ત્યાગ કરી ભ૦ અરિષ્ટનેમિના શિષ્ય બન્યા, ૧૨ વર્ષ શ્રમણ જીવનની સાધના પછી શત્રુંજય પર્વતે મોક્ષ પામ્યા
थीपरिण्णा	*आ.*	*स्त्रीपरिज्ञा*	સ્ત્રીપરિજ્ઞા	સૂત્રકૃત્ નું ચોથું અધ્યયન. આ અને 'ઇત્થિ પરિણ્ણા' એક છે.
थीलोयण/ थीविलोअण	*आ.*	*स्त्रीविलोचन*	સ્ત્રીવિલોચન	અગિયાર કરણમાંનું એક કરણ. તેનું બીજું નામ 'તેત્તિલ' છે.
१. थूणा	*भौ.*	*स्थूणा*	સ્થૂણા	શ્રમણ–શ્રમણીઓને પેલે પાર જવાનો .
२. थूणा	*ऐ.*	*स्थूणा*	સ્થૂણા	એક સંનિવેશ જ્યાં મહાવીર પોતાના એક પૂર્વભવ માં બ્રાહ્મણ પૂષ્યમિત્ર તરીકે જન્મ્યા હતા.
३. थूणा	*ऐ.*	*स्थूणा*	સ્થૂણા	આ અને 'થૂણાગ' એક છે.
थूणाग	*ऐ.*	*स्थूणाक*	સ્થૂણાક	મહાવીરે જેની મુલાકાત લીધી હતી તે સંનિવેશ.
थूभकरंड	*ऐ.*	*स्तूपकरण्ड*	સ્તૂપકરણ્ડ	ઋષભપુરની પાસે આવેલું ઉદ્યાન. તેમાં યક્ષ ધન્ય નું ચૈત્ય હતું. આ ઉદ્યાનમાં મહાવીરે રાજકુમાર ભદ્રનંદીને દીક્ષા આપી હતી.
थूलभद्द	*श्र.*	*स्थूलभद्र*	સ્થૂલભદ્ર	મહાપદ્મ રાજાના મંત્રી સગડાલના બે પુત્રોમાંનો એક. સંસાર ત્યાગી સંભૂતવિજયનો શિષ્ય બન્યો. સંસારત્યાગ પહેલાં ૧૨ વર્ષ પાડલિપુત્રની પ્રસિદ્ધ ગણિકા કોશા સાથે રહ્યા હતા અને શ્રમણ બન્યા પછી ચોમાસામાં કોઈ પણ જાતના સ્ખલન વિના તેની સાથે રહ્યા. તે મહાવીરનિર્વાણ પછી ૨૧૫માં વર્ષે મૃત્યુ પામ્યા. તેમના બે મુખ્ય શિષ્યોને હતા – મહાગિરિ અને સુહસ્તિ. જુઓ દૃષ્ટિવાદ.

थेरपम्ह	आ.	स्थविरपद्म	સ્થવિરપદ્મ	દીહદશાનું નવમું અધ્યયન.
थूलिभद्द	श्र.	स्थूलिभद्र	સ્થૂલિભદ્ર	આ અને થૂલભદ્ર એક છે.
थेरसंभूतविजय	आ.	स्थविर सम्भूत-विजय	સ્થવિર સમ્ભૂત-વિજય	દીર્ઘદશાનું આઠમું અધ્યયન.
दंड	अ.ता	दण्ड	દણ્ડ	મથુરાના 'જઉણાવંક' ઉદ્યાનમાં રાજા 'જઉણ' દ્વારા હણાયેલો તાપસ.
दंडअ	क.	दण्डक	દણ્ડક	આ અને ડંડગિ એક છે.
दंडइ	क.	दण्डकिन्	દણ્ડકિન્	જુઓ ડંડગિ.
दंडकि	क.	दण्डकिन्	દણ્ડકિન્	જુઓ ડંડગિ.
दंडगारण्ण	ऐ.	दण्डकारण्य	દણ્ડકારણ્ય	જુઓ ડંડગારણ્ણ.
दंडगि	क.	दण्डकिन्	દણ્ડકિન્	આ અને કુંભકારકડનો રાજા ડંડગિ એક છે.
दंडवीरिअ	श्र.	दण्डवीर्य	દણ્ડવીર્ય	ભરત પછી મોક્ષ પામનાર ૮ મહાપુરુષમાંનો એક. તે ભરત ચક્રવર્તી પછી આઠમા ક્રમે છે પણ સ્થાન અનુસાર તે સાતમા ક્રમે છે.
दंडि	क.	दण्डिन्	દણ્ડિન્	આ અને ડંડગિ એક છે.
दंतचक्क	क.	दन्तचक्र	દન્તચક્ર	દંતપુર નગરનો રાજા. તે દંતવક્ર નામે ઓળખાતો.
दंतपुर	ऐ.	दन्तपुर	દન્તપુર	જ્યાં રાજા દંતચક્ર અપર નામ દંતવક્ર રાજ કરતો હતો તે નગર. તે રાજાની રાણી સત્યવતીને હાથી દાંતના મહેલમાં ક્રીડા કરવાનો દોહદ થયો. ચંપા ના રાજા દધિવાહનની રાણી પદ્માવતીએ સંસાર ત્યાગી આ નગરમાં શ્રામણ્ય સ્વીકાર્યું. તે વખતે તે ગર્ભવતી હોવાથી શ્રમણી બન્યા પછી પુત્રને જન્મ આપ્યો. તે ચાંડાલ કુટુંબમાં ઉછર્યો, તેનું નામ કરકંડુ રાખ્યું. શેઠ ધનમિત્ર દંતપુર નગરના હતા.
१. दंतवक्क	अ.	दन्तवक्र	દન્તવક્ર	દંતપુરનો રાજા. તે રાણી સત્યવતીનો પતિ હતો. જુઓ 'દંતચક્ક'.
२. दंतवक्क	अ.	दन्तवक्र	દન્તવક્ર	એક ક્ષત્રિય, જેને સર્વશ્રેષ્ઠ ક્ષત્રિય ગણેલ છે
दंतार	अ.	दन्तकार	દન્તકાર	હાથીદાંતનું કામ કરનારાઓનું ઔદ્યોગિક આર્યમંડળ
दंतिलिया/ दंतिल्लिया	क.	दन्तिलिका	દન્તિલિકા	સ્કંદની દાસી. તેણે સ્કન્દની સાથે સંભોગનો આનંદ માણ્યો હતો.
दंतुक्खलिय	अ.ता	दन्तोलूखलिक	દન્તોલૂખલિક	વાનપ્રસ્થ તાપસોનો એક વર્ગ. અભયદેવ તેમને ફળો ઉપર જીવતા તાપસો તરીકે ઓળખાવે છે.
दक्ख	दे.	दक्ष	દક્ષ	ઉત્તરના ભવનપતિ દેવોના ભૂતાનંદ વગેરે ઇન્દ્રો ના પાયદળનો સેનાપતિ.
दक्खिणकुलग	अ.ता	दक्षिणकूलक	દક્ષિણકૂલક	જુઓ દાહિણકૂલગ.
दक्खिणपह	भौ.	दक्षिणपथ	દક્ષિણપથ	જુઓ દક્ખિણાપહ.

दक्खिणमथुरा	*भौ.*	*दक्षिणमथुरा*	દક્ષિણમથુરા	આ અને મથુરા(૨) એક છે.
दक्खिणवाचाल	*ऐ.*	*दक्षिणवाचाल*	દક્ષિણવાચાલ	જુઓ દાહિણવાયાલ.
दक्खिणापह	*भौ.*	*दक्षिणापथ*	દક્ષિણાપથ	જુઓ દક્ખિણાવહ.
दक्खिणावह	*भौ.*	*दक्षिणापथ*	દક્ષિણાપથ	પોતનપુરના રાજા પ્રજાપતિની પત્ની, રાજકુમાર અચલની માતા રાણી ભદ્રાએ દક્ષિણાપથ ક્ષેત્રમાં માહેશ્વરિપુરી નામે નગર વસાવ્યું હતું, સ્થાપ્યું હતું. આ ક્ષેત્રમાં જ્યારે વજ્રસ્વામિ વિહાર કરતા હતા ત્યારે બાર વર્ષ લાંબો તીવ્ર દુકાળ પડ્યો હતો.
१. दग	*दे.ज.*	*दक*	દક	અઠ્યાસી ગહોમાંનો એક ગ્રહ.
२. दग	*आ.*	*दक*	દક	ભગવતીસૂત્રના સત્તરમા શતકનો (૧) આઠમો તેમજ (૨) નવમો ઉદ્દેશક.
दगपंचवण्ण	*दे.ज.*	*दकपञ्चवर्ण*	દકપંચવર્ણ	અઠ્યાસી ગ્રહમાંનો એક ગ્રહ.
दगपणवण्ण	*दे.ज.*	*दकपञ्चवर्ण*	દકપંચવર્ણ	જુઓ દગપંચવણ્ણ.
दगभाल	*श्र.प्र.*	*दगभाल*	દગભાલ	જુઓ દગભાલગદ્દભ.
दगभालगद्दभ	*श्र.प्र.*	*दगभालगर्दभ*	દગભાલગર્દભ	તીર્થંકર પાર્શ્વ(૧)ના તીર્થમાં થયેલા અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે.
दगवण्ण	*दे.ज.*	*दकवर्ण*	દકવર્ણ	આ અને દગપંચવણ્ણ એક છે.
दगसीम	*भौ.*	*दकसीमन्*	દકસીમન્	૧૦૦૦૦ યોજન પહોળો પર્વત જે મનોસિલક દેવનું વાસસ્થાન છે. તે જંબૂદ્વીપની ઉત્તરે ૪૨૦૦૦ યોજનના અંતરે લવણસમુદ્રમાં આવેલ છે. તેનાથી ઉત્તર તરફ વધુ આગળ ૫૨૦૦૦ યોજનના અંતરે મહાપાતાલકલશ, જેને 'ઈસર' પણ કહે છે,
दगसोयरिअ	*अ.ता*	*दकशौकरिक*	દકશૌકરિક	શંખનું બીજું નામ.
दढकेउ	*ती.*	*द्रढकेतु*	દ્રઢકેતુ	ઐરાવત(૧) ક્ષેત્રના ભાવિ તીર્થંકર.
१. दढणेमि	*आ.*	*द्रढनेमि*	દ્રઢનેમિ	અંતકૃદ્દશાના ચોથા વર્ગનું દસમું અધ્યયન.
२. दढनेमि	*श्र.*	*द्रढनेमि*	દ્રઢનેમિ	બારાવતીના સમુદ્રવિજય અને પત્ની શીવાનો પુત્ર. તીર્થંકર અરિષ્ટનેમિના ભાઈ હતા. તેને ૫૦ પત્નીઓ હતી. તે સંસાર ત્યાગી અરિષ્ટનેમિના શિષ્ય બન્યા. તે ૧૬ વર્ષ શ્રમણપર્યાય પાળી, શત્રુંજય પર્વત ઉપર મોક્ષ પામ્યો હતો.
१. दढधणु	*अ.*	*द्रढधनुस्*	દ્રઢધનુસ્	ભરત ક્ષેત્રના આઠમા ભાવિ કુલકર. જુઓ કુલકર.
२. दढधणु	*अ.*	*द्रढधनुस्*	દ્રઢધનુસ્	ઐરાવત ક્ષેત્રના ભાવિ કુલકર. જુઓ કુલકર.
दढधम्म	*दे.*	*द्रढधर्म*	દ્રઢધર્મ	ઈસાનકલ્પનો દેવ.
१. दढपइण्ण	*श्र.*	*द्रढप्रतिज्ञ*	દ્રઢપ્રતિજ્ઞ	પરિવ્રાજક અંબડનું ભાવિ જન્મનું નામ.
२. दढपइण्ण	*श्र.*	*द्रढप्रतिज्ञ*	દ્રઢપ્રતિજ્ઞ	રાજા પએસિનું ભાવિ જન્મનું નામ.
३. दढपइण्ण	*श्र.*	*द्रढप्रतिज्ञ*	દ્રઢપ્રતિજ્ઞ	ગોસાળાના ભાવિ જન્મનું નામ.

१. दढप्पहारि	*श्र.*	*द्रढप्रहारिन्*	દ્રઢપ્રહારિન્	ચોરોનો સરદાર. એકવાર તેણે એક બ્રાહ્મણ અને તેની ગર્ભવતી પત્નીને મારી નાખ્યા. પછી તે શ્રમણ બન્યો અને કાયોત્સર્ગ ધ્યાન શરૂ કર્યું. તેના પૂર્વ ક્રૂર કૃત્યોનું વેર લેવા લોકો તેને ત્રાસ આપવા લાગ્યા. પરંતુ તેણે શાંતચિત્તે ત્રાસ સહન કર્યો. તેમને કેવળજ્ઞાન થયું અને મોક્ષપ્રાપ્તિ થઈ.
२. दढप्पहारि	*क.*	*द्रढप्रहारिन्*	દ્રઢપ્રહારિન્	કોસંબી નગરીનો વતની અને ઉજ્જૈનીના રાજા જિતશત્રુના સારથિ અમોઘરથનો મિત્ર. ધનુર્વિદ્યા માં નિપુણ હતો. અમોઘરથનો પુત્ર અડગદત્ત તેની પાસેથી ધનુર્વિદ્યા શીખ્યો હતો.
दढभूमि	*भौ.ती*	*द्रढभूमि*	દ્રઢભૂમિ	મહાવીર તેમનું દસમું ચોમાસું શ્રાવસ્તીમાં પૂરું કર્યા પછી સાનુલષ્ટિ ગામમાંથી પસાર થઈને દ્રઢભૂમિ નામે ઓળખાતા મ્લેચ્છક્ષેત્રમાં પ્રવેશ્યા.
दढमित्त	*क.*	*द्रढमित्र*	દ્રઢમિત્ર	દંતપુરનો રહેવાસી. તે ધનમિત્રનો મિત્ર હતો. રાજા દ્વારા નિષિદ્ધ હોવા છતાં તે તેના મિત્ર માટે જંગલમાંથી હાથીદાંતની ભારી લાવ્યો હતો.
१. दढरह	*ती.*	*द्रढरथ*	દ્રઢરથ	ભદ્દીલપુર નગરના રાજા, તીર્થંકર શીતલના પિતા અને રાણી નંદાના પતિ.
२. दढरह	*श्र.*	*द्रढरथ*	દ્રઢરથ	બારાવતીના બલદેવ અને તેની પત્ની રેવતીનો પુત્ર. તેને ૫૦૦ પત્ની હતી. તેણે સંસારત્યાગી. તે તીર્થંકર અરિષ્ટનેમિનો શિષ્ય બન્યો. નવ વર્ષના શ્રમણજીવન પછી મરીને તે સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયો. તે મહાવિદેહમાં એક વધુ જન્મ લેશે અને ત્યાં જ મોક્ષ પામશે.
३. दढरह	*अ.*	*द्रढरथ*	દ્રઢરથ	અતીત અવસર્પિણીમાં ભરતક્ષેત્રમાં થયેલા દસ કુલગરોમાંથી આઠમા કુલકર. સ્થાનાંગ તેમને અતીત ઉત્સર્પિણીના કુલકર તરીકે ઉલ્લેખે છે. સ્પષ્ટતા માટે જુઓ 'કુલકર'.
४. दढरह	*अ.*	*द्रढरथ*	દ્રઢરથ	અતીત અવસર્પિણીના દસ કુલગરોમાંથી આઠમા. સ્પષ્ટતા માટે જુઓ કુલકર.
५. दढरह	*आ.*	*द्रढरथ*	દ્રઢરથ	વૃષ્ણિદશાનું આઠમું અધ્યયન.
दढरहा	*दे.*	*द्रढरथा*	દ્રઢરથા	કેટલાક લોકપાલ, તેમની પત્નીઓ વગેરેની ત્રણ સભાઓમાંની એક.
१. दढाउ	*ती.*	*द्रढायुस्*	દ્રઢાયુસ્	ભરતક્ષેત્રના પાંચમા ભાવિ તીર્થંકર સર્વાનુભૂતિનો પૂર્વભવ. તે મહાવીરના તીર્થમાં જીવિત હતા.
२. दढाउ	*अ.*	*द्रढायुस्*	દ્રઢાયુસ્	જે માણસ (લચ્છઈનો પુત્ર) મરીને સાતમા નરકમાં જન્મ્યો હતો તે.

१. दत्त	*अ.*	*दत्त*	દત્ત	રોહીડઅનો શેઠ. તેને દેવદત્ત નામની પુત્રી હતી. કૃષ્ણશ્રી તેની પત્ની હતી.
२. दत्त	*च.*	*दत्त*	દત્ત	ભરતક્ષેત્રના સાતમા વાસુદેવ. તે ૧૯ માં તીર્થંકર મલ્લિ પહેલાં અને ૧૮ માં તીર્થંકર અર પછી થયા. તે વાણારસીના રાજા અગ્નિસીહ અને તેમની રાણી સેસવતીના પુત્ર હતા. નંદન તેમના મોટા ભાઈ હતા. તેમના પૂર્વભવનું નામ લલિતમિત્ર હતું. ઊંચાઈ ૭૬ ધનુષ હતી. તે ૫૬૦૦૦ વર્ષનું આયુ ભોગવી મૃત્યુ પામ્યા, પાંચમી નરકે ગયા. તેમણે તેમના પ્રતિશત્રુ 'પહરાઅ'ને હણ્યો હતો.
३. दत्त	*अ.*	*दत्त*	દત્ત	આવતી ઉત્સર્પિણીમાં ભરત ક્ષેત્રમાં થનારા પાંચમાં કુલકર. જુઓ 'કુલકર'.
४. दत्त	*श्र.*	*दत्त*	દત્ત	તગરા નગરના શેઠ. તેમણે પત્ની ભદ્રા અને પુત્ર અર્હન્નક સાથે સંસાર ત્યાગ કર્યો અને તે આચાર્ય અર્હમિત્રના શિષ્ય બન્યા.
५. दत्त	*श्र.*	*दत्त*	દત્ત	સીહના શિષ્ય અને સંગમથેરના પ્રશિષ્ય. સીહે તેમને કોલ્લઈરમાં લાંબા સમયથી રહેતા સંગમથેર ની ખબર કાઢવા અને કુશલસમાચાર જાણવા કોલ્લઈર મોકલ્યા. જ્યારે તેમણે પોતાના દાદા ગુરુને ઘણા લાંબા સમયથી એક ને એક સ્થાને જ રહેતા જોયા ત્યારે તેમને તેમની નિષ્ઠા વિશે શંકા જાગી.પછી તેમની તે શંકાને એક દેવે દૂર કરી.
६. दत्त	*क.*	*दत्त*	દત્ત	તુરુવિણીના રાજા જિતશત્રુનો પુત્ર. યજ્ઞ કરવાનો શોખ હતો. એક વાર આચાર્ય કાલક ને યજ્ઞ કર્મનું ફળ સમજાવવા કહ્યું. કાલગે જણાવ્યું કે યજ્ઞકર્મનું ફળ નરક છે. કાલગે ભવિષ્ય ભાખ્યુ હતુ તે મુજબ તેના પોતાના માણસોએ દત્તની હત્યા કરી
७. दत्त	*ग.*	*दत्त*	દત્ત	મહાવીરના દસમા ગણધર મેતાર્યના પિતા.
८. दत्त	*अ.*	*दत्त*	દત્ત	ચંપા નગરીનો રાજા. તે રાણી રક્તવતીનો પતિ હતો અને રાજકુમાર મહચંદ્રનો પિતા હતો.
९. दत्त	*दे.*	*दत्त*	દત્ત	મહાવીર સમક્ષ નાટક ભજવનાર દેવ. તે પોતાના પૂર્વભવમાં ચંદના નગરીનો શેઠ હતો.
१०. दत्त	*आ.*	*दत्त*	દત્ત	પુષ્પિકાનું સાતમું અધ્યયન.
दत्तिलायरिअ	*श्र.*	*दत्तिलाचार्य*	દત્તિલાચાર્ય	શ્રુતજ્ઞાનનું લક્ષણ બાંધનાર આચાર્ય.

१. ददुर	*दे.ज.*	*दर्दुर*	દર્દુર	રાહુનું બીજું નામ.
२. ददुर	*क.*	*दर्दुर*	દર્દુર	જેણે રાજગૃહીમાં મહાવીર સમક્ષ નાટક ભજવ્યું હતું તે દર્દુરવતંસકનો દેવ. તેના પૂર્વભવમાં નંદનામનો શેઠ હતો. મૃત્યુ પછી તેણે જે તળાવ પોતે બાંધ્યુ હતુ તેમાં દેડકા તરીકે જન્મ લીધો. ત્યાર પછી તે દદુર દેવ તરીકે જન્મ્યો.
ददुरवडिंसअ	*दे.भो.*	*दर्दुरावतंसक*	દર્દુરાવતંસક	પ્રથમ સ્વર્ગનું સ્વર્ગીય વાસસ્થાન.દર્દુર દેવ તેમાં જન્મ્યો હતો.
दधिमुह	*भौ.*	*दधिमुख*	દધિમુખ	પર્યંક જેવો આકાર ધરાવતો પર્વત. બધી બાજુથી આકારમાં એકસરખો છે, ૬૪૦૦૦ યોજન ઊંચો અને ૧૦૦૦ યોજન ઊંડો છે. આવા પર્વતો ૧૬ છે બધા પર્વતો નંદીશ્વર દ્વીપમાં આવેલા છે. નંદીશ્વર દ્વીપમાં ચાર દિશામાં ચાર અંજનગ પર્વત આવેલા છે. પ્રત્યેક અંજનગ પર્વતને ચાર પુષ્કરિણી છે, પ્રત્યેક પુષ્કરિણીની મધ્યમાં એક દધિમુખ પર્વત છે. ઋષભના નિર્વાણ પ્રસંગે શક્ર ના લોકપાલોએ અષ્ટાહ્નિક મહોત્સવ આ પર્વતો ઉપર ઊજવે છે.
दधिवाहण	*श्र.*	*दधिवाहन*	દધિવાહન	જુઓ 'દધિવાહન'.
दब्भ	*आ.*	*दर्भ*	દર્ભ	ભગવતીસૂત્રના શતક ૨૧ નો છઠ્ઠો ઉદ્દેશક.
दब्भायण	*अ.ज.*	*दार्भायण*	દાર્ભાયણ	ચિત્રા નક્ષત્રનું ગોત્રનામ.
दब्भिय	*अ.ज.*	*दार्भिक*	દાર્ભિક	આ અને 'દબ્ભિયાયણ' એક છે.
दब्भियायण	*अ.ज.*	*दार्भ्यायण*	દાર્ભ્યાયણ	આ અને 'દબ્ભાયણ' એક છે.
दब्भियाण	*अ.ज.*	*दार्भ्यायन*	દાર્ભ્યાયન	આ અને 'દબ્ભિયાયણ' એક છે.
दमघोस	*अ.*	*दमघोष*	દમઘોષ	સિસુપાલ રાજાના પિતા.
दमदंत	*श्र.*	*दमदन्त*	દમદન્ત	હસ્તિસીહ નગરના રાજા. તેમને દ્રૌપદીના સ્વયંવરમાં આવવા નિમંત્રણ અપાયેલું. તેમને પાંડવો સાથે સારો સંબંધ ન હતો. તે સંસાર છોડી શ્રમણ બન્યા. એકવાર જ્યારે તે હસ્તિનાપુર ગયા ત્યારે દુર્યોધને તેમને ત્રાસ આપ્યો જ્યારે યુધિષ્ઠિર તેમની સેવા કરી. તેમને બન્ને તરફ સમભાવ હતો.
दमयंती	*श्रा.*	*दमयन्ती*	દમયન્તી	એક સતી સ્ત્રી.
१. दमिल	*अ.*	*द्रविड*	દ્રવિડ	એક જાતિનું નામ.
२. दमिल	*भौ.*	*द्रविड*	દ્રવિડ	એક અનાર્ય દેશ. કાંચીપુરી નગર તેમાં આવેલું હતું. ઉજ્જૈની સંપ્રતિને તેના પિતાએ આપ્યુ હતું જ્યારે દમિલ દેશ તેણે પોતે જીત્યો હતો.
दमिली	*अ.*	*द्रमिली / द्राविडी*	દ્રમિલી/દ્રાવિડી	રાજાઓના અન્તઃપુરોમાં દાસી તરીકે કામ કરતી દ્રવિડ દેશની કન્યાઓ.

दरिद्द	*अ.*	*दरिद्र*	દરિદ્ર	કયંગલાનો પાખંડમતવાદી. તેણે ગોસાલકને પીટ્યો હતો.
दविल	*अ.*	*द्रविड*	દ્રવિડ	આ અને દમિલ એક છે.
दसउर	*ऐ.*	*दशपुर*	દશપુર	જુઓ દસપુર.
दसकालिय	*आ.*	*दशकालिक*	દશકાલિક	દશવૈકાલિકનું બીજું નામ.
दसकालिय णिज्जुत्ति	*आ.*	*दशकालिकनिर्युक्ति*	દશકાલિક નિર્યુક્તિ	દસકાલિક અથવા દશવૈકાલિક ઉપર ભદ્રબાહુએ રચેલ ગાથાબદ્ધ વિવેચન. આવશ્યક, આચાર, ઉત્તરાધ્યયન ઉપરની નિર્યુક્તિઓ પૂર્ણ રચાઈ ગયા પછી જ આ નિર્યુક્તિની રચના કરવામાં આવી હતી. પિંડનિર્યુક્તિ આનો જ એક ભાગ છે.
दसगालिय	*आ.*	*दशकालिक*	દશકાલિક	આ અને દશવૈકાલિક એક છે.
दसचित्त समाहिट्ठाण	*आ.*	*दशचित्त समाधिस्थान*	દશચિત્ત સમાધિસ્થાન	આચારદશાનું પાંચમું અધ્યયન.
दसण्ण	*भौ.*	*दशार्ण*	દશાર્ણ	એક આર્યદેશ જેની રાજધાની 'મત્તિયાવઈ' હતી. ચિત્ર અને સંભૂત તેમના પૂર્વભવમાં આ દેશમાં એક બ્રાહ્મણના ગુલામ તરીકે જન્મ્યા હતા. રાજા દશાર્ણભદ્ર અહીં રાજ કરતા હતા.
दसण्णकूड	*भौ.*	*दशार्णकूट*	દશાર્ણકૂટ	દશાર્ણપુર નગરની ઉત્તરપૂર્વમાં આવેલો ડુંગર. જ્યારે મહાવીર તેના ઉપર વિચરતા હતા ત્યારે ઐરાવત હાથીસવાર શક્રએ આવીને વંદન કર્યા.
दसण्णपुर	*ऐ.*	*दशार्णपुर*	દશાર્ણપુર	એક નગર જેની ઉત્તરપૂર્વમાં દશાર્ણકૂડ આવેલો છે. તેનો રાજા દશાર્ણભદ્ર હતો. આ નગરમાં ઉજ્જૈનીના જિતશત્રુ રાજાના પુત્રે સંસારનો ત્યાગ કરી શ્રમણત્વ સ્વીકાર્યું હતું. આ નગર એલકચ્છ તરીકે પણ જાણીતું હતું.
१. दसण्णभद्द	*श्र.*	*दशार्णभद्र*	દશાર્ણભદ્ર	દશાર્ણપુર નગરના રાજા. તેને તેની સંપત્તિનું બહુ અભિમાન હતું. એકવાર તે નગરમાં ભ૦ મહાવીર પધાર્યા ત્યારે શક્ર એ તેની સંપત્તિ થી ચડિયાતા પ્રકારની સંપત્તિનું પ્રદર્શન કરી તેનું અભિમાન ઊતાર્યું. પછી દશાર્ણભદ્ર રાજા સંસારનો ત્યાગ કરી શ્રમણ થઈ વિચરવા લાગ્યા.
२. दसण्णभद्द	*आ.*	*दशार्णभद्र*	દશાર્ણભદ્ર	અનુત્તરોપપાતિકદશાનું નવમું અધ્યયન. તે હાલ અસ્તિત્વમાં નથી, નષ્ટ થઈ ગયું છે.
१. दसधणु		*दशधनुष्*	દશધનુષ્	આવતી ઉત્સર્પિણીમાં થનારા ભરતક્ષેત્ર તેમજ ઐરાવતક્ષેત્રના આ જ નામના ભાવિ કુલકર. સ્પષ્ટતા માટે જુઓ કુલકર.
२. दसधणु	*श्र.*	*दशधनुष्*	દશધનુષ્	બારાવતીના રાજા બલદેવ, રાણી રેવઈનો પુત્ર. બાકીનું વર્ણન નિશધના વર્ણન જેવું જ છે.

३. दसधणु	आ.	दशधनुष्	દશધનુષ્	વૃષ્ણિદશા.નું અગિયારમું અધ્યયન.
दसपुर	ऐ.	दशपुर	દશપુર	એક નગર. વીતિભય નગરના રાજા ઉદાયને બીજા દસ રાજાઓ સહિત ઉજ્જૈનીના રાજા પ્રદ્યોત ઉપર આક્રમણ કર્યું અને તેને કેદ કર્યો કારણ તે જીવંત સ્વામિની મૂર્તિ ચોરી ગયો હતો. ઉજ્જૈનીથી પાછા ફરતા માર્ગમાં વરસાદના લીધે કોઈ સ્થાને ઉદાયન ને રોકાવું પડ્યુ. ત્યાં પર્યુષણા પર્વની આરાધના કરી, એક દિવસનો ઉપવાસ કર્યો અને પ્રદ્યોતને મુક્ત કર્યો. તેના દસ સાથી રાજાઓએ ત્યાં માટી નો દુર્ગ સલામતિ માટે બાંધ્યો. જ્યારે તેઓ ત્યાંથી છૂટા પડ્યા ત્યારે કેટલાક રાજશ્રેષ્ઠીઓએ ત્યાં વસવાટ કર્યો અને તે સ્થાનનું નામ દસપુર રાખ્યું.
१. दसरह	च.	दशरथ	દશરથ	વર્તમાન અવસર્પિણી કાલચક્રના આઠમા બલદેવ પદ્મ અને ૮મા વાસુદેવ નારાયણના પિતા. તેમની પત્નીમાં અપરાજિતા અને કેકઈનો ઉલ્લેખ છે.
२. दसरह	अ.	दशरथ	દશરથ	ભરત ક્ષેત્રના અતીત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલચક્રના દસ કુલગરોમાંનો એક. સ્પષ્ટતા માટે જુઓ 'કુલકર'.
३. दसरह	श्र.	दशरथ	દશરથ	બારાવતીના રાજા બલદેવ અને રાણી રેવઈનો પુત્ર. બાકીનું વર્ણન નિશધના વર્ણન જેવું જ છે.
४. दसरह	आ.	दशरथ	દશરથ	વૃષ્ણિદશા.નું સાતમું અધ્યયન.
दसवेआलिय	आ.	दशवैकालिक	દશવૈકાલિક	અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર. તેનું દસકાલિક નામ પણ છે. તેની નિર્યુક્તિ અનુસાર શીર્ષક બે વિચારો અર્થાત્ સંખ્યા અને કાલ ઉપર આધારિત છે. 'દસ' શબ્દ દર્શાવે છે કે તેમાં દસ અધ્યયનો છે અને 'કાલિક' શબ્દ સૂચવે છે કે દિવસના સમયમાં (ત્રીજી પૌરુષી પૂરી થાય તે પહેલા) આ ગ્રંથને આગમોમાંથી તેના સારરૂપે રચવામાં આવેલ છે. 'કાલિક'ના બદલે વપરાયેલ 'વેયાલિય' શબ્દ સૂચવે છે કે આ ગ્રંથનો સ્વાધ્યાય, પાઠ કે વાચન વિકાલ સમયે અર્થાત્ સંધ્યાસમયે કરી શકાય છે.
दसवेयालिय चुण्णि	आ.	दशवैकालिकचूर्णि	દશવૈકાલિકચૂર્ણિ	દશવૈકાલિક ઉપર ગદ્યમય વિવેચન. તેનું પ્રમાણ ૭૫૭૬ શ્લોક છે. ઉત્તરાધ્યયન અને આવશ્યક ચુર્ણિમાં તેનો ઉલ્લેખ છે. **જુઓ જિનદાસગણિમહત્તર**
दसा	आ.	दशा	દશા	આ અને દશા.શ્રુતસ્કંધ એક છે.
दसा-कप्प-ववहार	आ.	दशा–कल्प–व्यवहार	દશા-કલ્પ-વ્યવહાર	દશા, કલ્પ, વ્યવહાર એ ત્રણે છેદસૂત્રો છે, તેના અધ્યયનોની કુલ સંખ્યા છવ્વીસ છે.

१. दसार	*च.*	*दशार्ह*	દશાર્હ	બધા બલદેવ તેમજ બધા વાસુદેવનું સમૂહ વાચક નામ. તેમનો વંશ દૂસમસુસમા આરામાં શરૂ થાય છે. દરેક અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં તે વંશ માં ૯ બલદેવ અને ૯ વાસુદેવ થાય છે. વર્તમાન કાલચક્રના પ્રથમ દશાર ત્રિપૃષ્ઠ છે. વાસુદેવ કૃષ્ણ ને દશારસીહ કહેવામાં આવે છે.
२. दसार	*च.अ.*	*दशार्ह*	દશાર્હ	વાસુદેવ કૃષ્ણના આધિપત્ય નીચેના માનનીય રાજાઓ તરીકે વૃષ્ણિના દસ પુત્રો જે બારાવતીના હતા. તે આ પ્રમાણે– સમુદ્રવિજય, અક્ષોભ, થિમિય, સાગર, હિમવંત, અચલ, ધરણ, પૂરણ, અભિચંદ્ર અને વસુદેવ.
दसारकुलनंदन	*च.*	*दशार्हकुलनन्दन*	દશાર્હકુલનંદન	આ અને વસુદેવ એક છે.
दसारमंडल	*आ.*	*दशार्हमण्डल*	દશાર્હમણ્ડલ	બંધદશાનું ચોથું અધ્યયન.
दसारसीह	*च.*	*दशार्हसिंह*	દશાર્હસિંહ	આ અને વાસુદેવ(૨) કૃષ્ણ(૧) એક છે.
दसासुयक्खंध	*आ.*	*दशाश्रुतस्कन्ध*	દશાશ્રુતસ્કન્ધ	અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. સ્થાન સૂત્રમાં આચારદશાના દસ અધ્યયનોના જે નામો છે તેના આધારે સ્પષ્ટ છે કે આચારદશા અને દશાશ્રુતસ્કંધ એક જ ગ્રન્થ છે. દશાશ્રુતસ્કંધ ઉપર એક નિર્યુક્તિ અને એક ચૂર્ણિ રચાયેલ છે.
दहण	*श्र.*	*दहन*	દહન	પાડલિપુત્રના બ્રાહ્મણ હુતાસનનો પુત્ર. તેણે તેના માતાપિતા અને મોટાભાઈ સાથે સંસારનો ત્યાગ કર્યો હતો.
दहवइ	*भौ.*	*द्रहवती*	દ્રહવતી	જુઓ 'દહાવઈ'.
१. दहावइ	*भौ.*	*द्रहावती*	દ્રહાવતી	નીલવંત પર્વતના દક્ષિણ ભાગમાં આવેલું સરોવર. મહાવિદેહ ક્ષેત્રના બે પ્રદેશો આવર્ત અને કચ્છ–ગાવતીમાંથી આવર્તની પૂર્વે અને કચ્છગાવતીની પશ્ચિમે આ સરોવર છે. તે સરોવરના દક્ષિણ ભાગમાંથી દ્રહાવતી નદી નીકળે છે.
२. दहावइ	*भौ.*	*द्रहावती*	દ્રહાવતી	દ્રહાવતી નામના સરોવરમાંથી નીકળતી, આવર્ત પ્રદેશથી કચ્છગાવતીપ્રદેશને અલગ કરતી અને દક્ષિણમાં આવેલી સીતા નદીને મળતી નદી. તે મંદર પર્વતની ઉત્તરપૂર્વમાં વહે છે.
दहिमुख	*भौ.*	*दधिमुख*	દધિમુખ	જુઓ દધિમુહ.
१. दहिमुह	*दे.*	*दधिमुख*	દધિમુખ	લોકપાલ વરુણના કુટુંબના દેવોનો પ્રકાર.
२. दहिमुह(ग)	*दे.*	*दधिमुख(क)*	દધિમુખ(ક)	જુઓ દધિમુહ.

दहिवाहण	*श्र.*	*दधिवाहन*	દધિવાહન	ચંપાના રાજા. તે પદ્માવતીના પતિ અને કરકંડુ ના પિતા હતા. એક વાર પોતાની પત્નીનો દોહદ પૂરો કરવા તે તેની સાથે જંગલમાં ગયો. ત્યાં સંજોગ–વશાત્ તેઓ છૂટા પડી ગયા. રાજા પાટનગર પાછો ફર્યો જ્યારે રાણી દંતપુર પહોંચીને શ્રમણી બની ગઈ. ત્યાં તેણે કરકંડુને જન્મ આપ્યો. વખત જતા આકસ્મિક રીતે કરકંડુ કલિંગ દેશની રાજધાની કંચનપુરનો રાજા બની ગયો. એક વાર તેને તેના પિતા દધિવાહન સાથે સંઘર્ષ થયો પણ પદ્માવતી એ બન્નેને એકબીજાની ઓળખાણ કરાવીને યુદ્ધ થતું અટકાવ્યું. પછી દહિવાહણે પોતાનું રાજ્ય કરકંડુને આપી સંસારનો ત્યાગ કર્યો.
दामण्णग	*क.*	*दामनक*	દામનક	રાજગૃહીના ઝવેરીનો પુત્ર. તેના પૂર્વભવમાં તે માછીમાર હતો. મિત્રની સલાહથી માછીમારીનો ધંધો છોડી દીધો અને ઘણી મુશ્કેલીઓ અને કષ્ટો પડવા છતાં તે નિશ્ચલ રહ્યો. સદ્નસીબે તે નગર ના શેઠ સાગરપોતની દીકરી વિસા સાથે લગ્ન થયા
दामड्ढि	*दे.*	*दामर्द्धि*	દામર્દ્ધિ	સુધર્મદેવોના ઇંદ્રનો સેનાપતિ. તે આખલાઓ ના દળને આજ્ઞામાં રાખે છે. ઈસાન દેવો આદિ ઇન્દ્રો ની સેનાના આવા સેનાપતિનું આ જ નામ છે.
दामिणी	*ती.*	*दामिनी*	દામિની	સત્તરમા તીર્થંકર કુંથુના મુખ્ય શિષ્યા. સમવાયાંગ આ સંદર્ભમાં 'અંજુયા'નો ઉલ્લેખ કરે છે.
दामिली	*अ.*	*द्राविडी*	દ્રાવિડી	બ્રાહ્મીલિપિના અઢાર પ્રકારોમાંનો એક પ્રકાર.
१. दारुअ	*श्र.*	*दारुक*	દારુક	બારાવતીના રાજા વસુદેવ અને રાણી ધારિણી નો પુત્ર. એક વાર તેને તેના ભાઈઓ સાથે જંગલમાં રાત ગાળવી હતી. તેણે અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી અને શત્રુંજય પર્વત મોક્ષ પ્રાપ્ત કર્યો.
२. दारुअ	*आ.*	*दारुक*	દારુક	અંતકૃદ્દશાના ત્રીજા વર્ગનું બારમું અધ્યયન.
३. दारुअ	*अ.च.*	*दारुक*	દારુક	વાસુદેવ કૃષ્ણનો સારથિ.
४. दारुअ	*अ.*	*दारुक*	દારુક	મરઘાઓની લડાઈઓ યોજનારો એક વેપારી.
५. दारुअ	*श्र.ती*	*दारुक*	દારુક	આવતા ઉત્સર્પિણી કાલચક્રમાં ભરતક્ષેત્રમાં ભવિષ્યમાં જે તીર્થંકર અનંતવિજય બનવાના છે તે શ્રમણ. આ દારુઅ તે જ સમવાયમાં ઉલ્લિખિત દારુમડ છે.
दारुइज्जपव्वयग	*भौ.*	*दारुकीयपर्वतक*	દારુકીયપર્વતક	સૂર્યાભ સ્વર્ગીયવાસસ્થાનમાં આવેલા એક પ્રકાર ના પર્વતો. તેઓ કાષ્ઠના પર્વતો જેવા દેખાય છે.
दारुग	*श्र.*	*दारुक*	દારુક	જુઓ દારુઅ.

दारुमड	*ती.*	*दारुमड*	દારુમડ	ભરતક્ષેત્રના ભાવિ ચોવીસમા તીર્થંકર અનંત–વિજય નો પૂર્વભવ. આ અને દારુઅ(૫) એક છે.
दावद्दव	*आ.*	*दावद्रव*	દાવદ્રવ	જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ ૧ નું અધ્યયન ૧૧.
दाहिणकूलग	*अ.ता*	*दक्षिणकूलक*	દક્ષિણકૂલક	જેમની ગમનાગમન ક્રિયાઓ ગંગા નદીના દક્ષિણ કિનારામાં સીમિત છે તે વાનપ્રસ્થ તાપસનો વર્ગ
दाहिणड्ढकच्छ	*भौ.*	*दक्षिणार्धकच्छ*	દક્ષિણાર્ધકચ્છ	મહાવિદેહ ક્ષેત્રમાં આવેલા કચ્છપ્રદેશનો દક્ષિણ નો અડધો ભાગ. તે તેના વૈતાઢ્યપર્વતની દક્ષિણે, સીતાનદીની ઉત્તરે, ચિત્રકૂટ પર્વતની પશ્ચિમે અને માલ્યવંત પર્વતની પૂર્વે આવેલ છે.
दाहिणड्ढभरह	*भौ.*	*दक्षिणार्धभरत*	દક્ષિણાર્ધભરત	ભરતક્ષેત્રનો દક્ષિણનો અડધો ભાગ.તેના વૈતાઢ્ય પર્વતથી ઉત્તરના અડધા ભાગથી અલગ થાય છે. તેની ત્રણ બાજુએ લવણ સમુદ્ર આવેલો છે. બે મોટી નદીઓ ગંગા અને સિંધુ ઉત્તરાર્ધભરતમાંથી વૈતાઢ્ય પર્વતને પસાર કર્યા પછી તેમાં પ્રવેશે છે અને આ પ્રદેશને ત્રણ વિભાગોમાં વહેંચી દે છે.
दाहिणड्ढभरहकूड	*भौ.*	*दक्षिणार्धभरतकूट*	દક્ષિણાર્ધભરતકૂટ	ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતના દક્ષિણ ભાગનું શિખર. દક્ષિણાર્ધભરતના અધિષ્ઠાતા દેવનું તે વાસસ્થાન છે.
दाहिणड्ढभरहदेव	*दे.*	*दक्षिणार्धभरतदेव*	દક્ષિણાર્ધભરતદેવ	ભરતક્ષેત્રના દક્ષિણના અર્ધ ભાગનો અધિષ્ઠાતા દેવ. તેનું આયુષ્ય એક પલ્યોપમ વર્ષનું છે. તેનો વાસ દક્ષિણાર્ધભરતકૂડ ઉપર છે. હજારો દેવો અને દેવીનો તે ઇંદ્ર છે. તેની રાજધાની દક્ષિણાર્ધા છે.
दाहिणड्ढमणुस्सखेत्त	*भौ.*	*दक्षिणार्धमनुष्यक्षेत्र*	દક્ષિણાર્ધમનુષ્ય-ક્ષેત્ર	મનુષ્યક્ષેત્રનો દક્ષિણનો અડધો ભાગ. તેમાં ૬૬ ચંદ્ર અને ૬૬ સૂર્ય છે, હતા અને હશે.
दाहिणड्ढा	*दे.ऐ.*	*दक्षिणार्धा*	દક્ષિણાર્ધા	દક્ષિણાર્ધભરતના અધિષ્ઠાતા દેવનું પાટનગર.
दाहिणद्धभरह	*भौ.*	*दक्षिणार्धभरह*	દક્ષિણાર્ધભરહ	જુઓ દાહિણઙ્ઢભરત.
दाहिणभरहड्ढ	*भौ.*	*दक्षिणभरतार्ध*	દક્ષિણભરતાર્ધ	જુઓ દાહિણઙ્ઢભરત.
दाहिणमाहण-कुंडपुरसंनिवेस	*भौ.*	*दक्षिणब्राह्मण-कुण्डपुरसन्निवेश*	દક્ષિણબ્રાહ્મણ-કુંડપુરસન્નિવેશ	માહણકુંડપુરનું દક્ષિણ તરફ આવેલું ઉપનગર.
दाहिणवायाल	*ऐ.*	*दक्षिणवाचाल*	દક્ષિણવાચાલ	મહાવીર જેની મુલાકાત લીધેલી તે સ્થાન. જુઓ વાચાલ.
दिट्ठिवाय	*आ.*	*दृष्टिवाद*	દૃષ્ટિવાદ	અગિયાર અંગ અને પ્રકીર્ણક સિવાયનું આગમ સૂત્ર. તે બારમું અર્થાત્ છેલ્લું અંગસૂત્ર છે. તે હાલ અસ્તિત્વમાં નથી, નષ્ટ થઈ ગયું છે. દ્રવ્યાનુયોગ નો એક ભાગ હતો. દૃષ્ટિવાદ ગ્રંથ પાંચ ભાગોમાં વિભક્ત હતો — (૧) પરિકર્મ(૨), (૨) સુત્ત(૨), (૩) પૂર્વગત, (૪) અણુઓગ અને (૫) ચૂલિયા.

दिट्ठिविसभावणा	*आ.*	*दृष्टिविषभावना*	દૃષ્ટિવિષભાવના	જે સૂત્રને ૧૭ વર્ષનું શ્રમણજીવન પૂરું કર્યું હોય તે શ્રમણને ભણાવવાની રજા છે તે સૂત્ર. અર્થાત્ આ ગ્રંથ ભણવાનો અધિકારી તે શ્રમણ છે જેનો દીક્ષા પર્યાય ૧૭ વર્ષ પૂરો થઈ ગયો છે. પરંતુ આ ગ્રંથ હાલ અસ્તિત્વમાં નથી, નષ્ટ થઈ ગયો છે.
१. दिण्ण	*ती.*	*दत्त*	દત્ત	એકવીસમાં તીર્થંકર નમિને સૌપ્રથમ ભિક્ષા આપનાર વ્યક્તિ.
२. दिण्ण	*ती.ग.*	*दत्त*	દત્ત	આઠમા તીર્થંકર ચંદ્રપ્રભના પ્રથમ ગણધર.
३. दिण्ण	*ती.*	*दत्त*	દત્ત	અગિયારમા તીર્થંકર શ્રેયાંસનો પૂર્વભવ.
४. दिण्ण	*ती.ग.*	*दत्त*	દત્ત	તેવીસમા તીર્થંકર પાર્શ્વનો પ્રથમ શિષ્ય.
५. दिण्ण	*श्र.*	*दत्त*	દત્ત	એક તાપસ, તે અષ્ટાપદ પર્વત ગયા, ઇંદ્રભૂતિના શિષ્ય બન્યા અને મોક્ષ પામ્યા.
दिवायर	*भौ.*	*दिवाकर*	દિવાકર	રુચકપર્વતના દક્ષિણ ભાગનું શિખર.
दिविट्ठ	*च.*	*द्विपृष्ठ*	દ્વિપૃષ્ઠ	જુઓ 'દુવિટ્ઠ'.
दिसवाय	*दे.*	*दिग्पात*	દિગ્પાત	આ અને દિસાકુમાર એક છે.
दिसा	*आ.*	*दिशा*	દિશા	ભગવતીસૂત્રના સોળમા શતકનો તેરમો ઉદ્દેશક.
दिसाइ	*अ.*	*दिशादि*	દિશાદિ	જુઓ 'દિસાદિ'.
दिसाकुमार	*दे.*	*दिक्कुमार/ दिशाकुमार*	દિક્કુમાર / દિશાકુમાર	ભવનપતિ દેવોના દસ વર્ગોમાંનો એક વર્ગ. તેઓ શક્રના લોકપાલ વૈશ્રમણના આધિપત્ય નીચે છે. અમિતગતિ અને અમિતવાહન તેમના ઇન્દ્રો છે. તેમને ૭૬ લાખ રહેવાના મહેલો છે. તેઓ શ્વેત વસ્ત્રો પહેરે છે. તેમનો વર્ણ સુવર્ણ જેવો છે. તેમનું જઘન્ય આયુ ૧૦૦૦૦ વર્ષનું છે. દક્ષિણના અને ઉત્તરના દેવોનું ઉત્કૃષ્ટ આયુ અનુક્રમે દોઢ પલ્યોપમ વર્ષ અને બે પલ્યોપમથી કંઈક ઓછા વર્ષનું છે. તેમના મુગટ ઉપર હાથીનું ચિહ્ન છે.
दिसाकुमारीमह-त्तरिगा(या)	*दे.*	*दिशाकुमारी–महत्तरिका*	દિશાકુમારી-મહત્તરિકા	એક મુખ્ય દિશાકુમારી. વિગતો માટે જુઓ દિસા–કુમારી.
दिसाकुमारी	*दे.*	*दिशाकुमारी*	દિશાકુમારી	દિસાકુમારી દેવીઓ ભવનપતિ દેવોના વર્ગની છે. તેઓમાં ૫૬ મુખ્ય દેવીઓ છે જે દિસાકુમારી મહત્તરિકા તરીકે જાણીતી છે. તે દરેકને અનેક દેવીનો પરિવાર છે. રુચક પર્વતે તેમનો નિવાસ છે
दिसादि	*भौ.*	*दिशादि*	દિશાદિ	મંદરપર્વતના અનેક નામોમાંનું એક.
दिसापोक्खि	*अ.ता*	*दिशाप्रोक्षिन्*	દિશાપ્રોક્ષિન્	ફલ આદિ એકઠા કરતા પહેલા બધી દિશાઓમાં પાણી છાંટતા વાનપ્રસ્થ તાપસોનો વર્ગ.
दिसापोक्खिय	*अ.ता*	*दिशाप्रोक्षिक*	દિશાપ્રોક્ષિક	આ અને દિસાપોક્ખિ એક છે.

दिसासोत्थिय	*भौ.*	*दिशास्वस्तिक*	દિશાસ્વસ્તિક	રુચક પર્વતના પૂર્વ ભાગનું શિખર.
दिसासोवत्थिय	*दे.भौ.*	*दिशासौवस्तिक*	દિશાસૌવસ્તિક	પ્રાણત કલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૨૦ સાગરોપમ વર્ષનું છે. તેઓ ૨૦ પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને તેમને ૨૦ હજાર વર્ષે એક વાર ભૂખ લાગે છે.
दिसाहत्थिकूड	*भौ.*	*दिशाहस्तिकूट*	દિશાહસ્તિકૂટ	હાથીના આકારનું પર્વતનું શિખર. જંબૂદ્વીપમાં મંદરપર્વતના ભદ્રશાલવનમાં આઠ દિશાઓમાં આવા આઠ શિખરો આવેલા છે. તે આ પ્રમાણે — 'પઉમુત્તર, णीलवंत, सुहस्ति, अंजनगिरि , कुमुद, पलासय, वडिंस અને रोयनागिरि'.
दिसि	*आ.*	*दिशा*	દિશા	ભગવતીસૂત્રના દસમા શતકનો પહેલો ઉદ્દેશક.
दिसिकुमारी	*दे.*	*दिशाकुमारी*	દિશાકુમારી	આ અને દિસાકુમારી એક છે.
दिसिदेवया	*दे.*	*दिशादेवता*	દિશાદેવતા	આ અને દિસાકુમારી એક છે.
१. दीव	*आ.*	*दीप*	દીપ	ભગવતીસૂત્રના સોળમા શતકનો અગિયારમો ઉદ્દેશક તેમજ (૨) નવમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક.
२. दीव	*भौ.*	*द्वीप*	દ્વીપ	સૌરાષ્ટ્રની દક્ષિણે દરિયાપાર આવેલો પ્રદેશ.
दीवकुमार	*दे.*	*द्वीपकुमार*	દ્વીપકુમાર	ભવનપતિ દેવોના દસ વર્ગોમાંનો એક વર્ગ. તેઓ શક્રના લોકપાલ વૈશ્રમણના આધિપત્ય નીચે છે. તેમના રહેવાના મહેલો ૭૬ લાખ છે. પૂર્ણ અને વસિષ્ઠ તેમના ઇન્દ્રો છે. દ્વીપકુમાર દેવોનું જઘન્ય આયુષ્ય ૧૦૦૦૦ વર્ષ છે. દક્ષિણના અને ઉત્તરના દ્વીપકુમાર દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે દોઢ પલ્યોપમ, બે પલ્યોપમથી કંઈક ન્યૂન છે. તેઓ સુવર્ણવર્ણના રતાશવાળી ઝાંયવાળા છે. નીલ વસ્ત્રો ધારણ કરે છે. મુગટ ઉપર સિંહનું ચિહ્ન છે.
दीवग	*ऐ.*	*दीपक*	દીપક	રથવીરપુરનું ઉદ્યાન.
दीवपण्णत्ति	*आ.*	*द्वीपप्रज्ञप्ति*	દ્વીપપ્રજ્ઞપ્તિ	જુઓ 'કાલિક'.
दीवसमुद्दोववत्ति	*आ.*	*द्वीपसमुद्रोपपत्ति*	દ્વીપસમુદ્રોપપત્તિ	દીર્ઘદશાનું છઠ્ઠું અધ્યયન.
दीवसागरपण्णत्ति	*आ.*	*द्वीपसागरप्रज्ञप्ति*	દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ	વિવિધ દ્વીપો અને સાગરોની માહિતી આપતુ અંગબાહિર કાલિક આગમસૂત્ર.
दीवसागरपण्णत्ति -संगहणी	*आ.*	*द्वीपसागरप्रज्ञप्ति–सङ्ग्रहणी*	દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ સંગ્રહણી	એક આગમસૂત્ર. આ અને દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ એક લાગે છે.
दीवसिहा	*च.*	*दीपशिखा*	દીપશિખા	ચક્રવર્તી બ્રહ્મદત્ત(૧)ની પત્ની.
१. दीवायण	*श्र.प्र.*	*द्वैपायन*	દ્વૈપાયન	ઠંડું પાણી, શાકભાજી યા વનસ્પતિ, ફળ, ફૂલ આદિનો ત્યાગ કર્યા વિના જેને મોક્ષ પ્રાપ્ત થયો હતો તે બ્રાહ્મણ પરિવ્રાજક. મહાવીરના તીર્થમાં પ્રત્યેકબુદ્ધ તરીકે તેને સ્વીકારાયેલ છે.

२. दीवायण	*ती.*	*द्वैपायन*	દ્વૈપાયન	ભરતક્ષેત્રના વીસમા ભાવિ તીર્થંકર 'અણિયટ્ટિ' નો પૂર્વભવ.
३. दीवायण	*अ.ता*	*द्वैपायन*	દ્વૈપાયન	સોરીયપુરના તાપસ પારાશરનો પુત્ર. એક વાર યાદવ રાજકુમારોએ તેને ત્રાસ આપ્યો એટલે તેણે બારાવતી નગરને બાળી નાખવાનો નિશ્ચય કર્યો. મૃત્યુ પછી અગ્નિકુમાર દેવ તરીકે જન્મ્યો અને બારાવતીને બાળીને ભસ્મ કરી નાખી.
दीह	*क.च.*	*दीर्घ*	દીર્ઘ	કોસલ દેશના રાજા. તે કંપિલ્લપુરના રાજા બ્રહ્મનો મિત્ર હતો અને બ્રહ્મના મૃત્યુ પછી તેની પત્ની ચૂલણીમાં તે આસક્ત થયો. પછીથી તે રાજા બ્રહ્મના પુત્ર ચક્રવર્તી બ્રહ્મદત્તથી હણાયો.
१. दीहदन्त	*आ.*	*दीर्घदन्त*	દીર્ઘદન્ત	અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૧ નું છઠ્ઠું અધ્યયન
२. दीहदन्त	*श्र.*	*दीर्घदन्त*	દીર્ઘદન્ત	રાજગૃહીના રાજા શ્રેણિક અને રાણી ધારિણીનો પુત્ર. તેણે ભ૰ મહાવીર પાસે દીક્ષા લીધી. તે બાર વર્ષના શ્રમણજીવન પછી મૃત્યુ પામી અનુત્તર વિમાનમાં દેવ તરીકે જન્મ્યો. તે મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય તરીકે એક વધુ ભવ કરી ત્યાં મોક્ષ પામશે.
३. दीहदन्त	*च.*	*दीर्घदन्त*	દીર્ઘદન્ત	જંબૂદ્વીપના ભરતક્ષેત્રના બીજા ભાવિ ચક્રવર્તી.
दीहदसा	*आ.*	*दीर्घदशा*	દીર્ઘદશા	દસ દશા ગ્રંથોમાંનો એક. તે હાલ અસ્તિત્વમાં નથી, નષ્ટ થઈ ગયો છે. તેમાં આ દસ અધ્યયનો હતા – 'चंद्र, सूर्य, शक्र, श्रीदेवी, प्रभावती, दीव–समुद्धोववत्ति, बहुपुत्तिया , मंदर, थेरसंभूतविजय, थेरपम्ह અને ઉસાસણીસાસ'. આમાના કેટલાક અધ્યયનો અત્યારે નિરયાવાલિકા આદિમાં મળે છે
दीहपास	*ती.*	*दीर्घपार्श्व*	દીર્ઘપાર્શ્વ	ઐરાવત ક્ષેત્રના એક ભાવિ તીર્થંકર. જુઓ 'सच्चसेण'.
दीहपट्ठ	*क.*	*दीर्घपृष्ठ*	દીર્ઘપૃષ્ઠ	રાજા જવ અને ગર્દભિલ્લનો મંત્રી. તેને ગર્દભિલ્લે હણ્યો હતો. જુઓ ગર્દભિલ્લ અને જવ.
१. दीहबाहु	*ती.*	*दीर्घबाहु*	દીર્ઘબાહુ	આઠમા તીર્થંકર ચંદ્રપ્પભનો પૂર્વભવ.
२. दीहबाहु	*च.*	*दीर्घबाहु*	દીર્ઘબાહુ	ભરતક્ષેત્રના ત્રીજા ભાવિ વાસુદેવ. તેને સુંદરબાહુ પણ કહેવામાં આવે છે.
दीहवेयड्ढ	*भौ.*	*दीर्घवैताढ्य*	દીર્ઘવૈતાઢ્ય	જુઓ વૈતાઢ્ય(૧).
१. दीहसेण	*आ.*	*दीर्घसेन*	દીર્ઘસેન	અનુત્તરોપપાતિકદશાના વર્ગ ૨ નું અધ્યયન ૧.
२. दीहसेण	*श्र.*	*दीर्घसेन*	દીર્ઘસેન	રાજગૃહીના રાજા શ્રેણિક, રાણી ધારિણીનો પુત્ર. મહાવીર પાસે દીક્ષા લીધી. ૧૬ વર્ષ શ્રમણજીવન પાળી અનુત્તર વિમાને દેવ થયા. તે મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય તરીકે એક ભવ કરી મોક્ષ પામશે.

३. दीहसेण	ती.	दीर्घसेन	દીર્ઘસેન	વર્તમાન કાલચક્રમાં ઐરાવતક્ષેત્રમાં થયેલા ૮ મા તીર્થંકર. સમવાય સૂત્રમાં દીર્ઘસેનના બદલે ધુતિ–સેનનો ઉલ્લેખ છે. અભયદેવસૂરિ ધુતિસેનને બદલે દીર્ઘસેન અથવા દીર્ઘબાહુનો ઉલ્લેખ કરે છે.
४. दीहसेण	ती.	दीर्घसेन	દીર્ઘસેન	વર્તમાન કાલચક્રમાં ઐરાવતક્ષેત્રમાં થયેલા ૧૬ મા તીર્થંકર. સમવાયસૂત્ર મતે ગુપ્તિસેન ૧૬મા છે.
दुइज्जंतग	क.ती	दुर्यन्तक	દુર્યન્તક	જુઓ દૂઇજ્જંતગ.
दुंदुभअ	दे.ज.	दुन्दुभक	દુન્દુભક	અઠ્યાસી ગ્રહોમાંનો એક.
दुंदुभग	दे.ज.	दुन्दुभक	દુન્દુભક	આ અને દુંદુભઅ એક છે.
दुंदुहअ	दे.ज.	दुन्दुभक	દુન્દુભક	આ અને દુંદુભઅ એક છે.
दुक्ख	आ.	दुःख	દુઃખ	ભગવતીસૂત્રના પ્રથમ શતકનો બીજો ઉદ્દેશક.
दुगोण	भौ.अ	दुगोण	દુગોણ	એક અનાર્ય દેશ અને તેના લોકો.
दुग्गा	दे.	दुर्गा	દુર્ગા	એક દેવી જેના બીજા નામ કોટ્ટકિરિયા અને અજ્જા છે. દુર્ગા પાડા ઉપર સવારી કરે છે.
दुजडि	दे.ज.	द्विजटिन्	દ્વિજટિન્	અઠ્યાસી ગ્રહોમાંનો એક.
दुज्जोधण	क.	दुर्योधन	દુર્યોધન	જુઓ દુજ્જોહણ(૧).
१. दुज्जोहण	क.	दुर्योधन	દુર્યોધન	જેને૯૯ ભાઈઓ હતા તે હસ્તિનાપુરનો રાજકુમાર. કંપિલ્લપુરની રાજકુમારી દ્રૌપદીના સ્વયંવર માં દ્રુપદ રાજાએ તેને નિમંત્ર્યો હતો. હસ્તિશીર્ષના રાજા દમદંત શ્રમણ બન્યા પછી જ્યારે હસ્તિનાપુર ગયા ત્યારે દુર્યોધને તેમને ત્રાસ આપ્યો હતો.
२. दुज्जोहण	क.	दुर्योधन	દુર્યોધન	સીહપુરના રાજા સીહરથનો જેલર, મથુરાના રાજા શ્રીદામના પુત્ર રાજકુમાર નંદિસેનનો પૂર્વભવ.
दुद्दंत	अ.	दुर्दान्त	દુર્દાન્ત	રાજા 'દુમરિસ'નો પુત્ર. તેણે પોતે પોતાના પૂર્વભવમાં લલિતાંગ દેવ હોવાનો ઢોંગ કર્યો હતો.
दुप्पसह	श्र.	दुष्प्रसभ	દુષ્પ્રસભ	વર્તમાન અવસર્પિણી કાલચક્રના પાંચમા આરાના અંત સુધી રહેનાર શ્રમણ.
दुब्बलियपुस्समित्त	श्र.	दुर्बलिकपुष्यमित्र	દુર્બલિકપુષ્યમિત્ર	આચાર્ય રક્ષિતના શિષ્ય અને ઉત્તરાધિકારી. તેમને નવ પૂર્વનું જ્ઞાન હતું. ગોષ્ઠામાહિલ જે રક્ષિતના બીજા શિષ્ય હતા તેમણે દુર્બલિકપુષ્યમિત્રના સમયમાં જ અબદ્ધિકવાદ તરીકે પ્રસિદ્ધ સ્વતંત્ર સિદ્ધાંત પ્રવર્તાવ્યો હતો.
दुब्बलियपूसमित	श्र.	दुर्बलिकपुष्यमित्र	દુર્બલિકપુષ્યમિત્ર	જુઓ દુર્બલિકપુષ્યમિત્ર.
दुब्बलियापुस्समित्त	श्र.	दुर्बलिकापुष्यमित्र	દુર્બલિકાપુષ્યમિત્ર	આ અને દુર્બલિકપુષ્યમિત્રમિત્ત એક છે.
दुब्भूइया	अ.च.	दुर्भूतिका	દુર્ભૂતિકા	વાસુદેવ કૃષ્ણની ચાર ભેરીઓમાંની એક. તે તેમણે દેવો પાસેથી મેળવી હતી.
१. दुम	आ.	द्रुम	દ્રુમ	અનુત્તરોપપાતિકદશા.ના વર્ગ ૨ નું અધ્યયન ૭.

२. दुम	श्र.	द्रुम	દ્રુમ	રાજગૃહીના રાજા શ્રેણિક અને રાણી ધારિણી નો પુત્ર. તે સંસાર ત્યાગી મહાવીરના શિષ્ય બન્યા. ૧૬ વર્ષનો શ્રમણપર્યાય પાળી, મરી,અપરાજિત વિમાને દેવ થયો. તે એક ભવ કરી મોક્ષ પામશે.
३. दुम	दे.	द्रुम	દ્રુમ	ચમરના પાયદળનો સેનાપતિ.
४. दुम	दे.भौ.	द्रुम	દ્રુમ	સહસ્રારકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૧૮ સાગરોપમ નું છે, તેઓ અઢાર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને અઢાર હજાર વર્ષે એક વાર ભૂખનો અનુભવ કરે છે.
दुमपत्तय	आ.	द्रुमपत्रक	દ્રુમપત્રક	ઉત્તરાધ્યયનનું ૧૦ અધ્યયન. વૃક્ષના પીળાં પડી ગયેલાં પાંદડાના દ્રષ્ટાંતથી જીવનના ક્ષણભંગુર સ્વભાવનો ઉપદેશ મહાવીર ગૌતમને આપે છે.
दुमपुप्फिया	आ.	द्रुमपुष्पिका	દ્રુમપુષ્પિકા	દશવૈકાલિકનું પ્રથમ અધ્યયન. ફૂલોને જરા પણ હાનિ પહોંચાડ્યા વિના મધુકર ફૂલોમાંથી મધ ચૂસે છે તેવી રીતે ભિક્ષા ગ્રહણ કરવાનો શ્રમણોને ઉપદેશ આપવામાં આવ્યો છે.
दुमरिस	अ.	दुर्मर्ष	દુર્મર્ષ	'દુર્દાંત' રાજકુમારના પિતા.
१. दुमसेण	आ.	द्रुमसेन	દ્રુમસેન	અનુત્તરોપપાતિકદશાના બીજા વર્ગનું અધ્યયન ૮.
२. दुमसेण	श्र.	द्रुमसेन	દ્રુમસેન	રાજગૃહીના રાજા શ્રેણિક અને રાણી ધારિણીનો પુત્ર. તેને મહાવીરે દીક્ષા આપી હતી. તે ૧૬ વર્ષનું શ્રમણજીવન જીવી, મરીને અપરાજિત સ્વર્ગે દેવ થયા. એક ભવ કરી તે મોક્ષ પામશે.
३. दुमसेण	श्र.च.	द्रुमसेन	દ્રુમસેન	નવમા બલદેવ રામના તેમજ નવમા વાસુદેવ કૃષ્ણના પૂર્વભવના ધર્મગુરુ. જુઓ ગંગદત્ત(४).
दुमुह	श्र.प्र.	द्विमुख	દ્વિમુખ	આ અને દુમ્મુહ(३) એક છે.
१. दुम्मुह	आ.	दुर्मुख	દુર્મુખ	અંતકૃદ્દશાના ત્રીજા વર્ગનું દસમું અધ્યયન.
२. दुम्मुह	श्र.	दुर्मुख	દુર્મુખ	બારાવતીના બલદેવ અને રાણી ધારિણીનો પુત્ર. તે ૫૦ રાજકુમારીઓને પરણ્યો હતો. તેણે તીર્થંકર અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી હતી. ૨૦વર્ષ શ્રમણ પર્યાય પાળી શત્રુંજય પર્વતે મોક્ષ પામ્યા. તેને કચ્છુલ્લનારદ માટે ખૂબ આદર હતો.
३. दुम्मुह	श्र.प्र.	द्विमुख	દ્વિમુખ	પંચાલ દેશના કંપિલ્લપુરના રાજા. તેમનું મૂળ નામ જય હતું. તેમના મુખનું પ્રતિબિંબ તેમણે પહેરેલા મુગટમાં પડતું હોવાથી તેમને દ્વિમુખ પણ કહેતા હતા. આ અદ્‌ભુત મુગટ માટે તેમને રાજા પ્રદ્યોત સાથે યુદ્ધ કરવું પડેલું. ઇંદ્રસ્તમ્ભની બદલાયેલી દુર્દશા જોઈને તેમને સંસાર પ્રત્યે વૈરાગ્ય થયો, તે પ્રત્યેકબુદ્ધ થયા અને મોક્ષ પામ્યા.

दुरिआरि	*दे.*	*दुरितारि*	દુરિતારિ	એક દેવી.
दुवय	*अ.*	*द्रुपद*	દ્રુપદ	પંચાલ દેશના કંપિલ્લપુર નગરના રાજા. તે રાણી ચુલણીના પતિ હતા તથા રાજકુમાર 'धट्ठज्जुण' અને રાજકુમારી દ્રૌપદીના પિતા હતા.
दुवालसंग	*आ.*	*द्वादशाङ्ग*	દ્વાદશાઙ્ગ	બાર અંગપ્રવિષ્ટ સૂત્રોનું સમૂહવાચક નામ. તેનો ઉપદેશ પૂર્ણપણે અર્હતોએ આપ્યો છે. જો કે તે શાશ્વત છે તેમ છતાં મૂળભૂત નિયમોનું ઉલ્લંઘન કર્યા વિના તેમને અનુસરીને જ સમય મુજબના કેટલાક ઉમેરાઓ તેમાં થવા સંભવે છે. તે વિવિધ નામે ઓળખાય છે જેવા કે– ગણિપિટક, બદ્ધસૂત્ર અને પ્રવચન. આઠે આઠ સમિતિઓ દ્વાદશાંગનું વિષયવસ્તુ છે. તેવી જ રીતે વવહાર (આચાર) તેનો સાર યા અર્ક છે. જુઓ 'अंग'(૩).
१. दुविट्ठ	*च.*	*द्विपृष्ठ*	દ્વિપૃષ્ઠ	ભરતક્ષેત્રના આઠમા ભાવિ વાસુદેવ.
२. दुविट्ठ	*च.*	*द्विपृष्ठ*	દ્વિપૃષ્ઠ	વર્તમાન અવસર્પિણીના ભરતક્ષેત્રના બીજા વાસુદેવ, અને બલદેવવિજય(૧૧)ના ભાઈ. બારાવતી નગરના રાજા બ્રહ્મ અને તેમની રાણી ઉમા(૧)ના તે પુત્ર હતા. તેમણે પ્રતિશત્રુ તારક ને તેના જ ચક્રથી હણ્યો. તે બારમા તીર્થંકર વાસુપુજ્ય ના સમકાલીન હતા. તેમની ઊંચાઈ ૭૦ ધનુષ હતી. તે પોતાના પૂર્વભવમાં પર્વતક હતા. તે બોત્તેર લાખ વર્ષનું આયુ ભોગવી મરીને છઠ્ઠા નરકમાં ગયા. જુઓ 'પર્વતક'.
दुविट्ठु	*च.*	*द्विपृष्ठ*	દ્વિપૃષ્ઠ	જુઓ દુવિટ્ઠ.
दुविल	*भौ.*	*दुम्बिल?*	દુમ્બિલ?	એક અનાર્ય દેશ.
दुसमसुसमा / दुसमसूसमा	*स.*	*दुष्षमसुषमा*	દુષ્ષમસુષમા	જુઓ દુસ્સમસુસમા.
दुस्समदुस्समा	*स.*	*दुष्षमदुष्षमा*	દુષ્ષમદુષ્ષમા	અવસર્પિણી કાલચક્રનો છઠ્ઠો અર્થાત્ છેલ્લો આરો તેમજ ઉત્સર્પિણી કાલચક્રનો પહેલો આરો. આ આરા નો કાલખંડ ૨૦૦૦૦ વર્ષ છે. અવસર્પિણી કાલચક્રમાં દુસ્સમા આરો સમાપ્ત થતા જ તે શરૂ થાય છે. તે મુશ્કેલીઓ અને આપત્તિઓથી ભરપૂર છે. તે બાલવકરણ અને અભિ નક્ષત્રમાં શ્રાવણ મહિનાના કૃષ્ણપક્ષના પ્રથમ દિવસે ૧૪ સમયમાં ના પ્રથમ સમયે બેસશે. તેનું બીજું નામ 'અઈ–દુસમા' છે.

दुस्समसुसमा	***स.***	*दुष्षमसुषमा*	દુષ્ષમસુષમા	અવસર્પિણી કાલચક્રનો ચોથો આરો તેમજ ઉત્સર્પિણી કાલચક્રનો ત્રીજો આરો. આ આરાનો કાલખંડ એક કોટાકોટિ સાગરોપમ ન્યૂન ૪૨૦૦૦ વર્ષ છે. અવસર્પિણી કાલચક્રમાં તે પછી દુસ્સમા આરો આવે છે. ભગવંત મહાવીરે આ આરાના અંતમાં પંચોતેર વર્ષ અને સાડા આઠ મહિના પહેલા જન્મ લીધો હતો. અવસર્પિણી કાલચક્રમાં આ આરા ની પહેલા સુસમદુસ્સમા આરો હોય છે. પછીના ઉત્સર્પિણી કાલચક્રમાં તે દુસ્સમા પછી શરૂ થશે અને સુસમદુસ્સમાની પહેલાં આવશે.
दुस्समा	***स.***	*दुष्षमा*	દુષ્ષમા	અવસર્પિણી કાલચક્રનો પાંચમો આરો તેમજ ઉત્સર્પિણી કાલચક્રનો બીજો આરો. તેનો કાલખંડ ૨૦૦૦૦વર્ષ છે. તીર્થંકર મહાવીરના નિર્વાણ પછી ૩ વર્ષ અને સાડા ૮ મહિના પૂરા થતાં વર્તમાન દુસ્સમા આરો બેઠો. તેના પહેલા દુસ્સમસુસમા આરો હતો, પછી દુસ્સમદુસ્સમા આરો આવશે. દુસ્સમા આરા દરમિયાન બધી જ રીતે હ્રાસ થાય છે. પછી ઉત્સર્પિણી કાલચક્રમાં દુસ્સમ–દુસ્સમા આરો સમાપ્ત થતા તે શરૂ થશે અને દુસ્સમદુસ્સમા અર કરતા તે વધુ સમૃદ્ધ હશે. વિવિધ પ્રકારની જોરદાર વર્ષાઓથી દુસ્સમા આરો શરૂ થશે જેના પરિણામે વનસ્પતિ અને પાક પુષ્કળ થશે. તે આરા પછી દુસ્સમસુસમા આરો આવશે.
दुहविवाग	***आ.***	*दुःखविपाक*	દુઃખવિપાક	વિપાકશ્રુતનો પ્રથમ શ્રુતસ્કન્ધ. તેમાં ૧૦ અધ્ય–યનો છે– 'મિયાપુત્ર, ઉજ્ઝિયઅ, અભગ્ગ, સગડ, વહસ્સઇ, ણંદિ, ઉંબર, સોરિયદત્ત, દેવદત્તા, અંજૂ.
दूइज्जंतग(य)	***क.ती.***	*दुर्यन्तक*	દુર્યન્તક	ભ૦ મહાવીરના પિતાના મિત્ર. મોરાગ સન્નિવેશના હતા. મહાવીરે શ્રામણ્ય સ્વીકાર્યા પછી પ્રથમ વર્ષા વાસ દરમ્યાન તેમના આશ્રમમાં પંદર દિવસ વાસ કર્યો. મહાવીરની અનાસક્તિએ આશ્રમ વાસીને નારાજ કર્યા તેથી મહાવીરે તે સ્થાન છોડયુ .
१. दूइपलास	***ऐ.***	*दूतीपलाश*	દૂતીપલાશ	વાણિજ્યગામની ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન. તેમાં યક્ષ સુધર્મનું ચૈત્ય હતું.

२. दूइपलास	ऐ.	दूतीपलाश	દૂતીપલાશ	વાણિયગામની ઉત્તરે આવેલું ચૈત્ય. ત્યાં મહાવીર બે વાર ગયા હતા.
दूरल्लकूविअ	ऐ.	दूरल्लकूपिक	દૂરલ્લકૂપિક	ભરુચની પાસે આવેલું ગામ. ફલિહમલ્લ આ ગામનો હતો.
दूसगणि	श्र.	दूष्यगणिन्	દૂષ્યગણિન્	આચાર્ય લોહિત્યના શિષ્ય.
दूसमदूसमा	स.	दुष्षमदुष्षमा	દુષ્ષમદુષ્ષમા	જુઓ 'દુસ્સમદુસ્સમા'.
दूसमसुसमा	स.	दुष्षमसुषमा	દુષ્ષમસુષમા	જુઓ 'દુસ્સમસુસમા'.
दूसमा	स.	दुष्षमा	દુષ્ષમા	જુઓ 'દુસ્સમા'.
देयड	अ.	द्रतिकार	દ્રતિકાર	પાણી ભરવાના ચામડાના થેલા બનાવનારાઓનું ધંધાદારી યા ઔદ્યોગિક આર્ય મંડળ.
१. देव	ती.ग.	देव	દેવ	મહાવીરના ૮ મા ગણધર અકંપિયના પિતા. તે મિથિલા નગરના બ્રાહ્મણ હતા અને તેમનું ગૌતમ ગોત્ર હતું. અને જયંતી(૧૦) તેમની પત્ની હતી.
२. देव	आ.	देव	દેવ	ભગવતીસૂત્રના (૧) બારમા શતકનો નવમો ઉદ્દેશક તેમજ (૨) તેરમા શતકનો બીજો ઉદ્દેશક.
३. देव	भौ.	देव	દેવ	આ અને દેવપર્વત એક છે.
देवइ	ती.	देवकी	દેવકી	રાજા વસુદેવની પત્ની, વાસુદેવ કૃષ્ણની માતા. તે 'મત્તિઆવઈ'ના રાજા દેવકની પુત્રી હતી. તેણે ૮ એક સમાન પુત્રોને જન્મ આપ્યો હતો પરંતુ કેવળ છેલ્લા પુત્ર ગયસુકુમાલને જ તે ઉછેરી શકી. તે ૮ પુત્રોના જન્મનું ભવિષ્ય અઈમુત્ત મુનિ એ ભાખેલું . બારાવતી બળ્યુ, મુખ્ય દરવાજો તૂટી પડ્યો ત્યારે તેના પતિ સાથે બારાવતીના દરવાજે મૃત્યુ પામી. આવતી ઉત્સર્પિણીમાં ભરતક્ષેત્રમાં તે ૧૧માં તીર્થંકર મુનિસુવ્રત તરીકે જન્મ લેશે. જુઓ સુલસા.
देवउत्त	ती.	देवपुत्र	દેવપુત્ર	ઐરાવત ક્ષેત્રના સોળમાં ભાવિ તીર્થંકર.
१. देवकुरा	भौ.	देवकुरु	દેવકુરુ	મહાવિદેહનું ઉપક્ષેત્ર દેવકુરુ અને આ એક છે.
२. देवकुरा	भौ.दे.	देवकुरु	દેવકુરુ	રતીકર પર્વતના ઉત્તરપૂર્વ ભાગે આવેલું સ્થાન. તે ઈશાનની રાણી રામરક્ષિતાની રાજધાની છે.
३. देवकुरा	ती.	देवकुरु	દેવકુરુ	દીક્ષાપ્રસંગે ૨૧મા તીર્થંકર નમિની દિક્ષા–પાલખી

देवकुरु		*देवकुरु*	દેવકુરુ	મહાવિદેહનું ઉપક્ષેત્ર. તે વિદ્યુત્પ્રભ, સોમનસ, નિસધ, મંદરપર્વતોની પૂર્વે, પશ્ચિમે, ઉત્તરે અને દક્ષિણે આવેલું છે. બીજની ચંદ્રકળા જેવો આકાર ધરાવે છે. તેની જીવાની લંબાઈ ૨૦૦૦ યોજનથી વધુ છે, ઉત્તરદક્ષિણ પહોળાઈ ૧૧૮૪૨–૨/૧૯ યોજન. ધનુપૃષ્ઠ ૬૦૪૧૮–૧૨/૧૯ યોજન છે. જેની બે બાજુ ચિત્રકૂટ અને વિચિત્રકૂટ ડુંગર છે, સીતોદાનદી તે પ્રદેશમાં થઈને વહે છે. તે પ્રદેશમાં કૂડસામલિ વૃક્ષ આવેલું છે.તેના અધિષ્ઠાતા દેવના નામ ઉપરથી તેનું નામ દેવકુરુ પડ્યું છે. તેમાં નિસધ સરોવર આવેલું છે. દેવકુરુ પ્રદેશમાં સદા કાળ સુસમસુસમા આરાના જ ભાવ હોય છે. તેમાં યુગલિકો વસે છે, જેમનું આયુ ૩ પલ્યોપમ હોય છે ઊંચાઈ ૩ ગવ્યૂતિ હોય છે. કલ્પવૃક્ષના ફળો ઉપર જીવે છે. દેવકુરુ અકર્મભૂમિ કહેવાય છે. સંક્રાન્તિ કાળ દરમ્યાન ભરતક્ષેત્રમાંથી કલ્પવૃક્ષો અદ્રશ્ય થઈ જતાં ઋષભજ્યારે ગૃહસ્થ હતા ત્યારે આ દેવકુરુ પ્રદેશમાં થતા કલ્પવૃક્ષફળો દેવો તેમને ભોજન માટે પૂરા પાડતા.
देवकुरुकूड	***भौ.***	*देवकुरुकूट*	દેવકુરુકૂટ	મહાવિદેહમાં આવેલા સોમનસ અનેવિદ્યુત્પ્રભના શિખર. તેમની ઊંચાઈ ૫૦૦ યોજન છે.
देवकुरुदह	***भौ.***	*देवकुरुद्रह*	દેવકુરુદ્રહ	જેની વચ્ચે થઈને સીતોદા નદી પસાર થાય છે તે દેવકુરુમાં આવેલું સરોવર.
१. देवकुरुदेव	***दे.***	*देवकुरुदेव*	દેવકુરુદેવ	દેવકુરુ ઉપક્ષેત્રનો અધિષ્ઠાતા દેવ. તેનું આયુષ્ય એક પલ્યોપમ વર્ષનું છે.
२. देवकुरुदेव	***दे.***	*देवकुरुदेव*	દેવકુરુદેવ	સોમનસના દેવકુરુકૂડ શિખરનો અધિષ્ઠાતા દેવ. તે શિખર ઉપર વાસ કરે છે. વિદ્યુત્પ્રભપર્વતના દેવ કુરુકૂડ શિખરના અધિષ્ઠાતાનું નામ પણ આ છે
देवकुरूत्तरकुरा	***ती.***			જુઓ દેવકુરા(૩) અને ઉત્તરકુરા(૨).
देवकूड	***भौ.***	*देवकूट*	દેવકૂટ	દેવપર્વતનું શિખર.
१. देवगुत्त	***अ.ता***	*देवगुप्त*	દેવગુપ્ત	એક બ્રાહ્મણ પરિવ્રાજક.
२. देवगुत्त	***श्र.***	*देवगुप्त*	દેવગુપ્ત	જેને મહાનિસીહ પ્રત્યે ખૂબ આદર હતો તે આચાર્ય
१. देवजस	***आ.***	*देवयशस्*	દેવયશસ્	અંતકૃદ્દશાના ત્રીજા વર્ગનું પાંચમું અધ્યયન.
२. देवजस	***श्र.***	*देवयशस्*	દેવયશસ્	વસુદેવ અને તેની પત્ની દેવકીનો પુત્ર તથા કૃષ્ણ નો ભાઈ. તેને સુલસાએ ઉછેરી મોટો કર્યો હતો. તેણે પોતાના પાંચ ભાઈઓ સાથે તીર્થંકર અરિષ્ટ નેમિ પાસે દીક્ષા લીધી, ૨૦ વર્ષનો શ્રમણપર્યાય પાળી તે શત્રુંજય પર્વત ઉપર મોક્ષે ગયો હતો.

देवर्द्धिगणि	*श्र.*	*देवर्द्धिगणिन्*	દેવર્દ્ધિગણિન્	જેમની અધ્યક્ષતામાં વીરનિર્વાણ સંવત ૯૮૦ વલ્લભીપુરમાં આગમો પુસ્તકારૂઢ થયા તે આચાર્ય.
देवणारद	*श्र.प्र.*	*देवनारद*	દેવનારદ	જુઓ નારદ(૪).
१. देवदत्ता	*आ.*	*देवदत्ता*	દેવદત્તા	વિપાકશ્રુતના પ્રથમ શ્રુતસ્કન્ધનું નવમું પ્રકરણ.
२. देवदत्ता	*क.*	*देवदत्ता*	દેવદત્તા	રોહીડઅ નગરના શેઠ દત્ત(૧) અને તેમની પત્ની કૃષ્ણશ્રીની પુત્રી. માતૃભક્ત રાજા પૂષ્યનંદી સાથે તેને પરણાવવામાં આવી હતી. પૂષ્યનંદીની માતૃ ભક્તિના કારણે દેવદત્તાને લાગ્યા કરતુ હતુ કે તેના પતિ સાથે આનંદપ્રદ ભોગ ભોગવવામાં તેની સાસુ વિઘ્નરૂપ છે. તેથી અનુકૂળ તક મળતા તેણે તેની સાસુને કપટપૂર્વક મારી નાખી. જ્યારે પૂષ્યનંદી એ આ જાણ્યુ ત્યારે તેણે દેવદત્તાના નાક–કાન કાપી નાખ્યા અને મૃત્યુદંડની શિક્ષા કરી. આવી કડક શિક્ષા તેના પૂર્વકર્મોનું ફળ હતું.
३. देवदत्ता	*क.*	*देवदत्ता*	દેવદત્તા	ઉજ્જૈની નગરની મુખ્ય ગણિકા. તેની માતા તે મૂલદેવના બદલે ધનિક શેઠ અચલને પસંદ કરે એમ ઇચ્છતી હતી પણ તે વિદ્વાન અને ચતુર મૂલદેવને પ્રેમ કરતી હતી. એકવાર તેણે શેરડીના દ્રષ્ટાંતથી પૂરવાર કર્યું કે મૂલદેવ ખરેખર બુદ્ધિમાન અને પ્રેમને યોગ્ય છે.
४. देवदत्ता	*क.*	*देवदत्ता*	દેવદત્તા	વીતિભય નગરના રાજા ઉદાયનની રાણી પ્રભાવતીની ખૂંધી દાસી. રાણીના મૃત્યુ પછી, મહેલના મંદિરમાં પ્રતિષ્ઠિત મહાવીરની મૂર્તિની તે પૂજા કરતી. મૂર્તિ ગોશીર્ષ ચંદનની બનેલી હતી
५. देवदत्ता	*क.*	*देवदत्ता*	દેવદત્તા	ચંપા નગરીની ગણિકા. એ જ નગરીના બે સાર્થવાહ જિનદત્ત અને સાગરદત્તના પુત્રો તેને પ્રેમ કરતા હતા.
६. देवदत्ता	*अ.*	*देवदत्ता*	દેવદત્તા	જેને સ્વભાવથી જ કોઈ પુરુષ ગમતો ન હતો — ભલે ને તે ગમે તેટલો ઉમદા અને ધનાઢ્ય હોય.
देवदिण्ण	*अ.*	*देवदत्त*	દેવદત્ત	રાજગૃહીના ધનશેઠનો પુત્ર. તેની માતા ભદ્રા હતી. વિજયચોરે તેનું અપહરણ કર્યું, તેના અલંકારો લૂંટી લીધા, તેને મારી નાખ્યો અને કૂવામાં નાખી દીધો.
देवदीव	*भौ.*	*देवद्वीप*	દેવદ્વીપ	સુરવરોભાસસમુદ્રને બધી બાજુએથી ઘેરી વળેલો વલયાકાર દ્વીપ. તે દ્વીપ ખુદ બધી બાજુએથી દેવોદ સમુદ્રથી ઘેરાયેલો છે. દેવભદ્ર, દેવમહાભદ્ર તેના અધિષ્ઠાતા દેવો છે.
देवदेव	*दे.*	*देवदेव*	દેવદેવ	નંદીશ્વર દ્વીપમાં સિદ્ધાયતનોના દેવદ્વારમાં રહેતો દેવ.

देवद्दार	*भौ.*	*देवद्वार*	દેવદ્વાર	નંદીશ્વર(૧) દ્વીપમાં આવેલા અંજનગ(૧) પર્વતો ઉપર આવેલા સિદ્ધાયતનોના ચાર દ્વારોમાંનું એક.
देवद्दीव	*भौ.*	*देवद्वीप*	દેવદ્વીપ	જુઓ દેવદીવ.
देवद्धि	*आ.*	*देवर्द्धि*	દેવર્દ્ધિ	બંધદશાનું ત્રીજું અધ્યયન.
देवपव्वय	*भौ.*	*देवपर्वत*	દેવપર્વત	સીતોદા નદીની ઉત્તરે ગંધિલ અને ગંધિલાવઈ પ્રદેશો વચ્ચે આવેલો વક્ષસ્કાર પર્વત.
देवभद्द	*दे.*	*देवभद्र*	દેવભદ્ર	દેવદીવ દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.
देवमहाभद्द	*दे.*	*देवमहाभद्र*	દેવમહાભદ્ર	દેવદીવ દ્વીપના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.
देवमहावर	*दे.*	*देवमहावर*	દેવમહાવર	દેવોદ સમુદ્રના બે દેવોમાંનો એક.
देवरइ	*क.*	*देवरति*	દેવરતિ	સાકેતનો રાજા. તે તેની રાણીમાં એટલો બધો આસક્ત હતો કે પોતાની પ્રજાની દરકાર રાખતો ન હતો. તેનો અંજામ કરુણ આવ્યો.
देवरक्खिय	*अ.*	*देवरक्षित*	દેવરક્ષિત	જેને ખરાબ સોબત હતી તે વ્યક્તિ.
देवरमण	*ऐ.*	*देवरमण*	દેવરમણ	સાહંજણી નગરની ઉત્તરપૂર્વમાં આવેલું ઉદ્યાન. તેમાં યક્ષ અમોઘનું ચૈત્ય હતું. સુઘોષનગરમાં આવેલ ઉદ્યાનનું નામ પણ દેવરમણ જ હતું અને તેમાં યક્ષ વીરસેનનું ચૈત્ય હતું.
देवलासुअ	*श्र.*	*देवलासुत*	દેવલાસુત	પોતાના માથામાં ઊગેલા ધોળા વાળને જોઈને સંસાર ઉપર ધૃણાની લાગણી અનુભવનાર ઉજ્જૈનીના રાજા. અનુરક્તલોચના તેની પત્ની હતી. અનુમતિયા તેની દાસી હતી અને અર્ધ–સંકાસા તેની પુત્રી હતી. તેણે પોતાના સેવક સંગતક સાથે શ્રમણત્વ સ્વીકાર્યું.
देववर	*दे.*	*देववर*	દેવવર	દેવોદ સમુદ્રના બે અધિષ્ઠાતા દેવોમાંનો એક.
देववायग	*श्र.*	*देववाचक*	દેવવાચક	દૂસગણિના શિષ્ય અને નંદિના કર્તા.
देवसमणय	*श्र.*	*देवश्रमणक*	દેવશ્રમણક	અચલગ્રામનો ગૃહસ્થ. 'સુરઇય' વગેરે સાથે તેણે સંસારનો ત્યાગ કર્યો અને શ્રમણત્વ સ્વીકાર્યું.
१. देवसम्म	*ती.*	*देवशर्मन्*	દેવશર્મન્	વર્તમાન અવસર્પિણી માં ઐરાવતક્ષેત્રમાં થયેલા ૧૧ માં તીર્થંકર. તેમનું બીજું નામ દેવસેન હતું.
२. देवसम्म	*अ.*	*देवशर्मन्*	દેવશર્મન્	કટ્ઠશેઠની પત્ની વઙ્કાના પ્રેમમાં પડનાર બ્રાહ્મણ
१. देवसेण	*श्र.*	*देवसेन*	દેવસેન	ગોસાલકનો ભાવિ જન્મ. જુઓ મહાપદ્મ.
२. देवसेण	*ती.*	*देवसेन*	દેવસેન	રાજા શ્રેણિકનો ભાવિ જન્મ. જુઓ મહાપદ્મ.
देवस्सुय	*ती.*	*देवश्रुत*	દેવશ્રુત	ભરત ક્ષેત્રના છઠ્ઠા ભાવિ તીર્થંકર અને 'કત્તિઅ' નો ભાવિ જન્મ. જુઓ દેવગુપ્ત.
देवाणंद	*ती.*	*देवानन्द*	દેવાનંદ	ઐરાવત ક્ષેત્રના ચોવીસમા ભાવિ તીર્થંકર.
१. देवाणंदा	*स.*	*देवानन्दा*	દેવાનંદા	પખવાડિયાની પંદરમી રાત્રિ. તેનું બીજું નામ નિરતિ છે. મહાવીર તે રાતે નિર્વાણ પામ્યા.

२. देवाणंदा	*श्र.ती*	*देवानन्दा*	દેવાનંદા	મહાવીરના ગર્ભને ધારણ કરનારી સ્ત્રી. તે જાલંધર ગોત્રની હતી, માહણકુંડગ્ગામના ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની હતી. મહાવીરનો આત્મા તેની કૂખમાં પ્રવેશ્યો ત્યારે તેણે શુભ ૧૪ વસ્તુ સ્વપ્ન માં દેખી. ૮૨ દિવસ પછી, શક્ર એ હરિણેગમેસિ દેવ દ્વારા દેવાનંદા અને ત્રિશલાના ગર્ભોની અદલાબદલી કરી દીધી દેવાનંદા સંસાર નો ત્યાગ કરી ચંદનાની શિષ્યા બની. કાલક્રમે મોક્ષ પામી.
देविंदत्थय	*आ.*	*देवेन्द्रस्तव*	દેવેન્દ્રસ્તવ	અંગબાહ્ય ઉત્કાલિક આગમગ્રન્થ. ૩૦૭ ગાથાઓ નો બનેલો છે. તેમાં દેવેન્દ્રોએ કરેલી મહાવીરની સ્તુતિ છે. ઉપરાંત, દેવો અને તેમના ઇન્દ્રોની કેટલીક વિગતો પણ તેમાં છે. જુઓ 'પ્રકીર્ણક'.
देविंदोववाय	*आ.*	*देवेन्द्रोपपात*	દેવેન્દ્રોપપાત	અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. જેણે શ્રમણજીવન ના ૧૩ વર્ષ પૂરા કર્યા હોય તેને તેના અધ્યયનની અનુજ્ઞા છે. તે સૂત્ર હાલ અસ્તિત્વમાં નથી,
देविल	*अ.ता*	*देविल*	દેવિલ	કાચું (સચિત્ત) પાણી, વનસ્પતિ, ફળો વગેરેનો ત્યાગ કર્યા વિના મોક્ષ પ્રાપ્ત કરનાર અજૈન ઋષિ.
देविलासत्त	*श्र.*	*देविलासत्त्व*	દેવિલાસત્વ	આ અને દેવલાસૂત્ર એક છે.
१. देवी	*च.*	*देवी*	દેવી	ભરત ક્ષેત્રના દસમા ચક્રવર્તી હરિસેણની પત્ની.
२. देवी	*ती.च*	*देवी*	દેવી	ભરતક્ષેત્રના સાતમા ચક્રવર્તી અને અઢારમા તીર્થંકર અરની માતા.
३. देवी	*आ.*	*देवी*	દેવી	ભગવતીસૂત્રના દસમા શતકનો પાંચમો ઉદ્દેશક.
देवोद	*भौ.*	*देवोद*	દેવોદ	દેવદ્વીપને બધી બાજુથી ઘેરી વળેલો સમુદ્ર. તે ખુદ બધી બાજુથી નાગદીવ દ્વીપથી ઘેરાયેલો છે. તેના અધિષ્ઠાતા દેવો દેવવર અને દેવમહાવર છે.
देवोदग	*भौ.*	*देवोदक*	દેવોદક	જુઓ દેવોદ.
देवोववाय(अ)	*ती.*	*देवोपपात(क)*	દેવોપપાત(ક)	ભરતક્ષેત્રના તેવીસમા ભાવિ તીર્થંકર અને અંબડ નો ભાવિ જન્મ.
दोकिरिय	*श्र.नि*	*द्विक्रिय*	દ્વિક્રિય	નિહ્નવ ગંગનો સિદ્ધાંત. આ સિદ્ધાંત મુજબ બે ક્રિયાઓ (દ્વિક્રિયા) યુગપદ્ (એકસાથે) થાય છે. આ સિદ્ધાંત વીરનિર્વાણ સંવત ૨૨૮માં ઉલ્લુગ–તીરમાં ગંગે સ્થાપ્યો–પ્રવર્તાવ્યો.
दोगिद्धिदसा	*आ.*	*द्विगृद्धिदशा*	દ્વિગૃદ્ધિદશા	દસ દશા ગ્રન્થોમાંનો એક. તે અત્યારે અસ્તિત્વમાં નથી, નષ્ટ થઈ ગયો છે. તેમાં ૧૦ અધ્યયનો હતા.
दोगेहिदसा	*आ.*	*द्विगृद्धिदशा*	દ્વિગૃદ્ધિદશા	જુઓ દોગિદ્ધિદશા.
दोण	*अ.*	*द्रोण*	દ્રોણ	જેને દ્રૌપદીના સ્વયંવરમાં આવવા માટે નિમંત્રણ મોકલવામાં આવ્યું હતું તે હસ્તિનાપુરનો રહેવાસી.

दोब	*अ.*	*दोब*	દોબ	આ અને ડોબ એક છે.
दोवइ	*श्र.*	*द्रौपदी*	દ્રૌપદી	પંચાલ દેશના કંપિલ્લપુર નગરના રાજાદ્રુપદ અને રાણી ચુલનીની પુત્રી. રાજકુમાર ધૃષ્ટાર્જુન તેનો ભાઈ હતો. તે તેના પૂર્વભવમાં સુકુમાલિકા હતી. પોતાના પૂર્વભવના નિદાનના કારણે સ્વયંવરમાં હસ્તિનાપુરના રાજા પંડુના પાંચ પુત્રો યુધિષ્ઠિર, ભીમસેન, અર્જુન, નકુલ અને સહદેવને પોતાના પતિ તરીકે પસંદ કર્યા અને તેમની સાથે પરણી.
दोसाउरिया	*अ.*	*दोषपूरिका*	દોષપૂરિકા	અઢાર પ્રકારની બ્રાહ્મી લિપિઓમાંની એક.
दोसापुरिया	*अ.*	*दोषपूरिका*	દોષપૂરિકા	જુઓ દોસાઉરિયા.
१. दोसिणाभा	*आ.*	*ज्योत्स्नाभा*	જ્યોત્સ્નાભા	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના આઠમા વર્ગનું બીજું અધ્યયન.
२. दोसिणाभा	*ऐ.*	*ज्योत्स्नाभा*	જ્યોત્સ્નાભા	મથુરાના શેઠની પુત્રી. તે શ્રમણી બની હતી. મૃત્યુ પછી તે ચંદ્રની મુખ્ય પત્ની તરીકે જન્મી હતી. સૂર્યની મુખ્ય પત્નીનું નામ પણ આ જ છે.
दोसिय	*अ.*	*दौष्यिक*	દૌષ્યિક	કાપડના વેપારીઓનું ધંધાદારી આર્યમંડળ.
धट्ठज्जुण	*अ.*	*धृष्टार्जुन*	ધૃષ્ટાર્જુન	પંચાલ દેશના કંપિલ્લપુર નગરના રાજા દ્રુપદ અને રાણી ચુલનીનો પુત્ર.
१. धण	*अ.*	*धन*	ધન	રાજગૃહીના ધન્ન(૧) શેઠના પાંચ પુત્રોમાંનો એક.
२. धण	*अ.*	*धन*	ધન	ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનો શેઠ. તે ભદ્રા(૩૪)નો પતિ અને અચ્ચંકારિયભટ્ટાનો પિતા હતો.
३. धण	*अ.*	*धन*	ધન	વજ્રજંઘનું બીજું નામ.
४. धण	*ती.*	*धन*	ધન	અવરવિદેહમાં આવેલા ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનો શેઠ જે તીર્થંકર ઋષભનો પૂર્વભવ હતો. વસંતપુર તરફ પ્રયાણ કરતા પોતાના સાર્થ અર્થાત્ કાફલા સાથે રહેલા શ્રમણોને તેણે ભિક્ષા આપી હતી.
५. धण	*अ.*	*धन*	ધન	ચંપાનો ધનાઢ્ય શેઠ.
६. धण	*अ.*	*धन*	ધન	શ્રાવસ્તી નગરીના શેઠ જે પ્રભાતે સૌપ્રથમ પોતાને આશીર્વાદ આપનારને રોજ બે ગિની આપતા હતા.
७. धण	*ती.*	*धन*	ધન	તીર્થંકર અરિષ્ટનેમિનો પૂર્વભવ.
८. धण	*अ.*	*धन*	ધન	પાડલિપુત્રનો ધનાઢ્ય વેપારી. તેની પુત્રીએ આર્ય વજ્રને પરણવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.
९. धण	*अ.*	*धन*	ધન	આ, ધન્ન(૩) તથા ધન્ન(૭) એક જ વ્યક્તિ છે.
१०. धण	*अ.*	*धन*	ધન	આ અને ધન્ન(૧) એક છે.
११. धण	*अ.*	*धन*	ધન	આ અને ધન્ન(૩) એક છે.

१. धणंजय	*श्रा.*	*धनञ्जय*	ધનંજય	સૌર્ય નગરનો શેઠ. સુભદ્રા તેની પત્ની હતી. જો પોતાને પુત્ર થશે તો એ શરતે તેણે યક્ષ સુરંબર આગળ એકસો પાડાનો બલિ ચડાવવાની પ્રતિજ્ઞા કરી હતી. સદ્નસીબે તેને પુત્ર થયો. પોતાની પ્રતિજ્ઞાને પૂરી કરતા પહેલાં તે મહાવીરનો ઉપાસક શ્રાવક બની ગયો, તેથી તેણે બલિ ચડાવવાનો ઇન્કાર કરી દીધો. પરંતુ યક્ષે વચન પાળવા માટે તેના ઉપર ભારે દબાણ કર્યું. એટલે તેણે લોટના બનાવેલા એકસો પાડાનો બલિ યક્ષને ચડાવ્યો.
२. धणंजय	*च.*	*धनञ्जय*	ધનંજય	મૂકા નગરના રાજા. તે ચક્રવર્તી પ્રિયમિત્રનો પિતા હતો. તેની પત્ની ધારિણી(૯) હતી.
३. धणंजय	*स.*	*धनञ्जय*	ધનંજય	પખવાડિયાનો નવમો દિવસ.
४. धणंजय	*अ.ज.*	*धनञ्जय*	ધનંજય	ઉત્તરાપોટ્ઠવયા નક્ષત્રનું ગોત્રનામ.
धणगिरि	*श्र.*	*धनगिरि*	ધનગિરિ	તુંબવન સન્નિવેશનો શેઠ. તે આર્ય વજ્રના પિતા હતા અને સુનંદાના પતિ હતા. ગર્ભવતી સુનંદાને છોડીને તેમણે સંસારનો ત્યાગ કર્યો, તે આર્ય સીહગિરિના શિષ્ય બન્યા.
धणगुत्त	*श्र.*	*धनगुप्त*	ધનગુપ્ત	આર્ય મહાગિરિના શિષ્ય અને નિહ્નવ ગંગના ગુરુ
१. धणगोव	*अ.*	*धनगोप*	ધનગોપ	રાજગૃહીના શેઠ ધન્ન(૬)ના ચાર દીકરાઓમાંનો એક. તેની પત્નીનું નામ રક્ષિકા હતું.
२. धणगोव	*अ.*	*धनगोप*	ધનગોપ	રાજગૃહીના શેઠ ધન્નના પાંચ દીકરાઓમાંનો એક.
१. धणदत्त	*च.*	*धनदत्त*	ધનદત્ત	વર્તમાન અવસર્પિણીના ત્રીજા વાસુદેવ સયંભૂનો પૂર્વભવ. તે ધનમિત્રનામે પણ ઓળખાય છે. તેના ગુરુ આચાર્યસુદર્શન હતા. તેણે શ્રાવસ્તી નગરીમાં નિદાન કર્યું અને તેનું કારણ યુદ્ધ હતું.
२. धणदत्त	*अ.*	*धनदत्त*	ધનદત્ત	આ અને ધન્ન(૧) એક છે.
१. धणदेव	*अ.*	*धनदेव*	ધનદેવ	વર્ધમાનપુરનો સાર્થવાહ. તે પિયંગુ(૨)નો પતિ હતો અને અંજૂસિરી(૪)નો પિતા હતો.
२. धणदेव	*अ.*	*धनदेव*	ધનદેવ	જેને મરઘાની લડાઈમાં રસ હતો તે શેઠ.
३. धणदेव	*ग.*	*धनदेव*	ધનદેવ	મહાવીરના છઠ્ઠા ગણધર મંડિતના પિતા. તેમની પત્ની વિજયદેવા હતી.
४. धणदेव	*क.*	*धनदेव*	ધનદેવ	વર્ધમાન સન્નિવેશ પાસે વહેતી વેગવઈ નદીમાંથી મજબૂત બળદની મદદથી ૫૦૦ ગાડા બહાર કાઢનાર સાર્થવાહ. પેલો બળદ ગાડા બહાર કાઢ્યા પછી મરી ગયો અને સૂલપાણિ નામક યક્ષ બન્યો.
५. धणदेव	*क.*	*धनदेव*	ધનદેવ	રાજા ઉગ્રસેનનો પૌત્ર. કદાચ તે અને નભસેન એક છે. વધુ વિગત માટે જુઓ 'કમલામેલા'.

६. धणदेव	*अ.*	*धनदेव*	ધનદેવ	રાજગૃહીના ધન્ય અને તેની પત્ની ભદ્રાના ચાર પુત્રોમાંનો એક. તેની પત્ની ભોગવતિયા હતી.
७. धणदेव	*अ.*	*धनदेव*	ધનદેવ	ધન્યના પાંચ પુત્રોમાંનો એક.
धणपति	*अ.*	*धनपति*	ધનપતિ	જુઓ 'ધનવઈ'.
१. धणपाल	*अ.*	*धनपाल*	ધનપાલ	રાજગૃહીના શેઠ ધન્યના પાંચ દીકરાઓમાંનો એક.
२. धणपाल	*क.*	*धनपाल*	ધનપાલ	કોસંબી નગરના રાજા. મૃત્યુ પછી તેમનો અહીં સુવાસવ તરીકે પુનર્જન્મ થયો હતો.
३. धणपाल	*अ.*	*धनपाल*	ધનપાલ	રાજગૃહીના શેઠ ધન્યના ચાર દીકરાઓમાંનો એક. તેની પત્ની ઉજ્ઝિતા હતી.
धणप्पभा	*भौ.*	*धनप्रभा*	ધનપ્રભા	જુઓ 'વૈશ્રમણપભ'.
१. धणमित्त	*अ.*	*धनमित्र*	ધનમિત્ર	ચંપાનગરીનો સાર્થવાહ. તેની પત્નીનું નામ ધનશ્રી હતું. સુજાત તેમનો પુત્ર હતો.
२. धणमित्त	*क.*	*धनमित्र*	ધનમિત્ર	દંતપુરનો સાર્થવાહ. તેને બે પત્ની હતી– ધનશ્રી અને પદ્મશ્રી. તેને દ્રઢમિત્ર નામે મિત્ર હતો. પદ્મશ્રી માટે હાથીદાંતનો મહેલ ઊભો કરવા, રાજાના પ્રતિબંધના હુકમને ગણકાર્યા વિના દ્રઢમિત્ર જંગલમાંથી હાથીદાંતનો ભારો લાવ્યો હતો.
३. धणमित्त	*श्र.*	*धनमित्र*	ધનમિત્ર	ઉજ્જૈની નગરીના શેઠ. તેણે પોતાના પુત્ર ધનશર્મ સાથે સંસાર છોડી શ્રમણત્વ સ્વીકાર્યું.
४. धणमित्त	*ग.*	*धनमित्र*	ધનમિત્ર	મહાવીરના ચોથા ગણધર વ્યક્તના પિતા.
१. धणरक्खिय	*अ.*	*धनरक्षित*	ધનરક્ષિત	રાજગૃહીના શેઠ ધન્યના ચાર પુત્રોમાંનો એક. તેની પત્નીનું નામ રોહિણિયા હતું.
२. धणरक्खिय	*अ.*	*धनरक्षित*	ધનરક્ષિત	ધન્ય શેઠના પાંચ દીકરાઓમાંનો એક.
१. धणवइ	*दे.*	*धनपति*	ધનપતિ	કુબેરનું બીજું નામ. તે અને વૈશ્રમણ એક છે.
२. धणवइ	*आ.*	*धनपति*	ધનપતિ	વિપાકશ્રુતના બીજા શ્રુતસ્કન્ધનું છઠ્ઠું અધ્યયન.
३. धणवइ	*अ.*	*धनपति*	ધનપતિ	કનગપુરના રાજા પ્રિયચંદ્રનો પૌત્ર અને રાજકુમાર વૈશ્રમણનો પુત્ર.
धणवइ	*अ.*	*धनवती*	ધનવતી	ધનની પત્ની. તે રાજીમતીનો પૂર્વભવ હતો.
धणवति	*अ.*	*धनपति*	ધનપતિ	જુઓ ધનવઈ.
धणवसु	*अ.*	*धनवसु*	ધનવસુ	ઉજ્જૈની નગરીના શેઠ. તે વેપારધંધાના કામે ચંપા નગરી ગયા હતા.
धणवह	*अ.*	*धनवह*	ધનવહ	જુઓ ધનાવહ.
धणसम्म	*श्र.*	*धनशर्मन्*	ધનશર્મન્	ઉજ્જૈની નગરીના શેઠ ધનમિત્રનો દીકરો. પોતાના પિતા સાથે શ્રામણ્ય સ્વીકાર્યું. એકવાર કોઈ સ્થાને જતા માર્ગમાં તેને ખૂબ તરસ લાગી. પિતૃપ્રેમથી પ્રેરાઈને પિતાએ બાજુમાં વહેતી નદીમાંથી પાણી પી લેવા કહ્યું. પરંતુ તેણે પાણી પીવાનો ઇન્કાર કરી દીધો અને તે જ સ્થાને તે મરણ પામ્યો.

१. धणसिरी	*अ.*	*धनश्री*	ધનશ્રી	ચંપાનગરીના ધનમિત્રની પત્ની, સુજાત ની માતા.
२. धणसिरी	*अ.*	*धनश्री*	ધનશ્રી	દંતપુરના શેઠ ધનમિત્તની બે પત્નીઓમાંની એક
३. धणसिरी	*श्र.*	*धनश्री*	ધનશ્રી	વસંતપુરના 'જિયવત્તિ અને ધણાવહ'ની બહેન. તે બાલવિધવા હતી. તેના ભાઈઓને તેના તરફ ખૂબ પ્રેમ હતો. તેણે ભાઈઓ સાથે સંસારનો ત્યાગ કર્યો અને તે આચાર્ય ધર્મઘોસની શિષ્યા બની. મૃત્યુ પછી સવ્વંગસુંદરી તરીકે પુનર્જન્મ થયો.
१. धणावह	*क.*	*धनावह*	ધનાવહ	કોસંબી નગરના શેઠ. તે મૂલાના પતિ હતા અને ચંદનાને ખરીદનાર હતા.
२. धणावह	*अ.*	*धनावह*	ધનાવહ	ઋષભપુરના રાજા. રાણી સરસ્વતિતેની પત્ની હતી અને રાજકુમાર ભદ્રનંદી તેનો પુત્ર હતો.
३. धणावह	*अ.*	*धनावह*	ધનાવહ	રાજગૃહીના શેઠ. તે ભદ્રા(૫)નો પતિ હતો અને કત પૂર્ણનો પિતા હતો.
४. धणावह	*अ.*	*धनावह*	ધનાવહ	વસંતપુરનો શેઠ. તેને 'જિયવત્તિ નામે ભાઈ અને ધનસિરી' નામે બહેન હતી.
धणिट्ठा	*दे.ज.*	*धनिष्ठा*	ધનિષ્ઠા	૨૮ નક્ષત્રમાંનું એક. તેનું ગોત્રનામ અગ્રતાપસ છે વસુ તેનો અધિષ્ઠાતા દેવ છે. આ નક્ષત્રનું બીજું નામ 'સવિટ્ઠા' છે.
१. धणु	*अ.*	*धनुष्*	ધનુષ્	કંપિલ્લપુરના રાજા બ્રહ્મના મંત્રી, વરધનુ ના પિતા.
२. धणु	*दे.न.*	*धनुष्*	ધનુષ્	શક્રનો લોકપાલ યમ, જે દેવને પોતાના કુટુંબમાં સભ્ય જેમ ચાહે છે તે દેવ. તે પરમાધાર્મિકદેવ છે.
धणुद्धत	*श्र.*	*धनुरुद्धत*	ધનુરુદ્ધત	ભરતક્ષેત્રના પ્રથમ ભાવિ તીર્થંકર મહાપદ્મ જે આઠ રાજાઓને દીક્ષિત કરશે તેમાંનો એક.
१. धण्ण	*श्र.*	*धन्य*	ધન્ય	રાજગૃહી નગરના શેઠ. તેમને ભદ્રા નામની પત્ની હતી, સુંસુમાનામની દીકરી હતી અને ધન(૧), ધનપાલ(૧), ધનદેવ(૭), ધનગોવ(૨) અને ધનરક્ખિય(૨) નામના પાંચ દીકરા હતા. ધન્ય એ સંસારનો ત્યાગ કર્યો અને તે મહાવીરના શિષ્ય બન્યા. ભવિષ્યમાં તે મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષ પ્રાપ્ત કરશે. જુઓ 'धन्न'(૬).
२. धण्ण	*श्र.*	*धन्य*	ધન્ય	અન્ન આદિનો હંમેશ માટે ત્યાગ કરી નાલંદા સમીપ વેભારગિરિ પર્વત નજીક શિલા ઉપર સૂઈ રહેનાર શ્રમણ. મૃત્યુ પછી તે અનુત્તર સ્વર્ગીય વિમાનમાં દેવ તરીકે જન્મ્યા.
३. धण्ण	*ती.*	*धन्य*	ધન્ય	તેવીસમા તીર્થંકર પાર્શ્વનાથને સૌપ્રથમ ભિક્ષા આપનાર.
४. धण्ण	*दे.*	*धन्य*	ધન્ય	ઋષભપુરના થૂભકરંડ ઉદ્યાનમાં રહેતો યક્ષ.

५. धण्ण	*श्र.*	*धन्य*	ધન્ય	કાકંદી નગરીની ભદ્રાસાર્થવાહીનો પુત્ર. ૩૨ કન્યા ને પરણ્યો હતો. તે સંસાર ત્યાગી ભ૦ મહાવીરનો શિષ્ય બન્યો. શ્રમણ બન્યા પછી તરત જ તેણે બે દિવસના ઉપવાસ પછી પારણે તુચ્છ અને લૂખું અન્ન લેવાનું શરૂ કર્યું. આ રીતે તેણે નવ મહિના શ્રમણાત્વ પાળ્યું. તેની કઠોર તપસ્યાની મહાવીરે રાજા શ્રેણિક પાસે પ્રશંસા કરી. મૃત્યુ પછી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં દેવ તરીકે જન્મ્યો. ભવિષ્યમાં એક ભવ કરીને પછી મહાવિદેહ માં મોક્ષ પામશે.
६. धण्ण	*क.*	*धन्य*	ધન્ય	રાજગૃહી નગરના શેઠ. ભદ્રા તેમની પત્ની હતી. તેમને 'ધનપાલ, ધનદેવ, ધનગોવ, ધનરક્ખિય ચાર પુત્રો હતા, ઉજ્ઝિયા, ભોગવતિયા, રક્ખ–તિયા, રોહિણિયા' એ ચાર પુત્રવધૂઓ હતી. એક વાર તેણે દરેક પુત્રવધૂને પાંચ ડાંગરના દાણા તેમની બુદ્ધિની પરીક્ષા કરવા આપ્યા. જુઓ ધન્ન.
७. धण्ण	*अ.*	*धन्य*	ધન્ય	વસંતપુરનો સાર્થવાહ. અનેક વ્યક્તિઓ સાથે તે નિવૃત્તિનગર ગયો હતો.
८. धण्ण	*श्र.*	*धन्य*	ધન્ય	ચંપા નગરીનો સાર્થવાહ. અનેક વ્યક્તિઓ સાથે તે અહિચ્છત્રા નગર ગયો. ત્યાંથી પાછા આવી સંસારનો ત્યાગ કરી શ્રામણ્ય સ્વીકાર્યું, ૧૧ અંગ સૂત્રોનો અભ્યાસ કર્યો, મરણ પછી દેવ રૂપે જન્મ પામ્યો. ભાવિમાં મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષ પામશે.
९. धण्ण	*आ.*	*धन्य*	ધન્ય	અનુત્તરોપપાતિક સૂત્રના વર્ગ ૩ નું અધ્યયન ૧. સ્થાનમાં તેનો ઉલ્લેખ અધ્યયન ૨ તરીકે થયો છે
१०. धण्ण	*श्र.*	*धन्य*	ધન્ય	રાજગૃહી નગરના શેઠ. તેમની પત્ની ભદ્રા હતી. તેમનો પુત્ર હતો દેવદત્ત. એકવાર ગુન્હો કરવા બદલ ધન્ય ને કેદની સજા થઈ. ધન્ય અને ધન્ય ના પુત્રના ખૂની વિજયચોરને એકસાથે બેડીથી બાંધવામાં આવ્યા હતા. જ્યારે વિજયે ધન્યને લઘુશંકા વગેરેમાં સહકાર આપવા ઇન્કાર કર્યો ત્યારે ધન્યએ તેની સાથે પોતાનું ભોજન વહેંચીને ખાવાનું સ્વીકારવું પડ્યું. પછી ધન્ય એ સંસારનો ત્યાગ કર્યો, તે શ્રમણ ધર્મઘોસનાશિષ્ય બન્યા.
धण्णकड	*ऐ.*	*धन्यकृत*	ધન્યકૃત	જ્યાં તેરમાં તીર્થંકર વિમલે પોતાનું પહેલું પારણું ગૃહસ્થ જયના હાથે કર્યું હતું તે ગામ.
१. धण्णंतरि	*क.*	*धन्वन्तरि*	ધન્વન્તરિ	વિજયપુરના રાજા કનકરથના રાજવૈદ્ય, પાડલસંડ ના શેઠ સાગરદત્તના પુત્ર ઉંબરદત્તનો પૂર્વભવ. તે આયુર્વેદની આઠે આઠ શાખાના નિષ્ણાત હતા.

२. धण्णंतरि	*अ.*	*धन्वन्तरि*	ધન્વન્તરિ	બારાવતી નગરીના વૈદ્ય.
३. धण्णंतरि	*अ.*	*धन्वन्तरि*	ધન્વન્તરિ	આયુર્વેદ વિદ્યાના સ્થાપક વૈદ્યરાજ.
धण्णा	*श्रा.*	*धन्या*	ધન્યા	વાણારસીના સુરાદેવની પત્ની. તે મહાવીરની ઉપાસિકા હતી.
धण्णिया	*अ.*	*धन्निका*	ધન્નિકા	ગોબ્બરગામના વણકરની પત્ની, વાળંદની નોકર
१. धम्म	*ती.*	*धर्म*	ધર્મ	વર્તમાન અવસર્પિણીના ૧૫ માં તીર્થંકર. તે પૂર્વ ભવમાં સીહરથ હતા. ધર્મ, રત્નપુર ના રાજા ભાનુ અને રાણી સુવ્રતાના પુત્ર હતા. તેમની ઊંચાઈ ૯૫ ધનુષ હતી. તેમનો વર્ણ તપ્ત સુવર્ણ જેવો હતો. તેમણે ૧૦૦૦ પુરુષો સાથે સંસારનો ત્યાગ કર્યો. ત્યારે તેમણે સાગરદત્તા પાલખી વાપરી, સોમનસ નગરમાં ધર્મસીહના ઘરે પ્રથમ પારણુ કર્યું હતું. શ્રમણ અરિષ્ટ તેમના પ્રથમ શિષ્ય હતા. તેમની પ્રથમ શિષ્યા સિવા હતી. તેમને શ્રમણોના ૪૮ ગણો અને ૪૮ ગણધરો હતા. તેમને ૬૪૦૦૦ શ્રમણશિષ્યો હતા, ૬૨૪૦૦ શ્રમણી શિષ્યાઓ હતા. ૧૦ લાખ વર્ષ આયુ ભોગવીન ભ૦મલ્લિ ના મૃત્યુથી ૩ સાગરોમ વર્ષ પહેલાં તે મોક્ષ પામ્યા. તે અઢી લાખ વર્ષ રાજકુમાર તરીકે અને પાંચ લાખ વર્ષ રાજા તરીકે જીવ્યા હતા.
२. धम्म	*आ.*	*धर्म*	ધર્મ	સૂત્રકૃત્ નું નવમું અધ્યયન.
धम्मकहा	*आ.*	*धर्मकथा*	ધર્મકથા	જ્ઞાતાધર્મકથાનો બીજો શ્રુતસ્કન્ધ.
धम्मगणि	*श्र.*	*धर्मगणिन्*	ધર્મગણિન્	શ્રમણો માટેના પ્રાયશ્ચિત્તને લગતા નિયમોમાં ફેરફાર કરનાર આચાર્ય.
१. धम्मघोस	*श्र.*	*धर्मघोष*	ધર્મઘોષ	મહાવીરના શિષ્ય.
२. धम्मघोस	*श्र.*	*धर्मघोष*	ધર્મઘોષ	ધર્મવસુ અપર નામ ધર્મવગ્ગુ આચાર્યના શિષ્ય. તેમણે ધર્મજસસાથે એક માસના ઉપવાસ કરીને વાણારસીમાં વર્ષાવાસ ગાળ્યો હતો. તેઓ ઉત્તર–ગુણ પાલનમાં ચુસ્ત અને સંકલ્પબદ્ધ હતા, ગંગા નદી પાર કરતી વખતે તેઓ ખૂબ તરસ્યા થયા હોવા છતાં નદીનું પાણી પીવાનો તેમણે વિચાર પણ ન કર્યો. જેમ શ્રમણી વિનયવતીને શ્રાવક–શ્રાવિકાઓની પ્રશંસા અને સેવા મળી હતી તેમ પોતાને પણ મળે એવા આશયથી ધર્મજસે જ્યારે તે કોસંબી નગરમાં હતા ત્યારે સલ્લેખના લીધી. પરંતુ બન્યું એવું કે અવંતિસેને નગર પર આક્રમણ કર્યું અને ધર્મજસે વૈયાવચ્ચ પામ્યા વિના દેહ છોડ્યો અને કટોકટીના કાળમાં તેમના દેહને બહાર ફેંકી દેવામાં આવ્યો.

३. धम्मघोस	*श्र.*	*धर्मघोष*	ધર્મઘોષ	ચંપાનગરના રાજા મિત્રપ્રભના મંત્રી. ધનમિત્રના સ્વરૂપવાન પુત્ર સુજાતને મારી નાખવા તેણે યોજના કરેલી કારણ કે તેને ગેરસમજ થઈ હતી કે સુજાતે તેના અંતઃપુરની પવિત્રતાને નષ્ટ કરી છે. જ્યારે સત્ય જાણ્યું ત્યારે રાજાએ ધર્મઘોસને દેશ નિકાલ કર્યા. ધર્મઘોષ રાજગૃહી ગયા, પોતાના કૃત્યો માટે પસ્તાવો કર્યો અને શ્રમણત્વ સ્વીકાર્યું. ત્યાંથી વારક્તપુર જઈ વારક્તમંત્રીને દીક્ષા આપી
४. धम्मघोस	*श्र.*	*धर्मघोष*	ધર્મઘોષ	ધનવસુ સાર્થવાહના કાફલા સાથે ઉજ્જૈનીથી ચંપા જનારા શ્રમણ. જ્યારે લૂટારાએ આ કાફલા ઉપર હૂમલો કર્યો ત્યારે કાફલો ગભરાઈને વીખરાઈ ગયો કાફલાના સભ્યો સાથે શ્રમણ જંગલમાં પ્રવેશ્યા. ત્યાં શ્રમણને યોગ્ય એવી ભિક્ષા મળી નહિ. એટલે તેમણે ખોરાક લેવાનું છોડી દીધું અને એક શિલા ઉપર સલ્લેખના કરી. કાલક્રમે તે મુક્તિ પામ્યા.
५. धम्मघोस	*श्र.*	*धर्मघोष*	ધર્મઘોષ	તીર્થંકર વિમલના પ્રશિષ્ય. તેમણે હસ્તિનાપુરમાં
६. धम्मघोस	*श्र.*	*धर्मघोष*	ધર્મઘોષ	વિહાર કરતા જેમણે રાજગૃહીના ગુણશિલ ચૈત્યમાં
७. धम्मघोस	*श्र.*	*धर्मघोष*	ધર્મઘોષ	જેમના શિષ્ય ધર્મરુચિ(४) હતા તે આચાર્ય.
८. धम्मघोस	*श्र.*	*धर्मघोष*	ધર્મઘોષ	પોતાના શિષ્ય સુદત્ત તથા અન્ય સાથે હસ્તિનાપુર ની મુલાકાત લેનાર સ્થવિર.
९. धम्मघोस	*क.*	*धर्मघोष*	ધર્મઘોષ	મહાઘોસ નગરના શેઠ. ધર્મસીહ શ્રમણને ભિક્ષા આપવાના કારણે તે મૃત્યુ પછી રાજકુમાર ભદ્રનંદીતરીકે જન્મ્યા.
१०. धम्मघोस	*श्र.*	*धर्मघोष*	ધર્મઘોષ	એક આચાર્ય. રાજા જિતશત્રુ તેમનો ઉપાસક હતો. આચાર્યને તેમના શિષ્યોને (પ્રાયશ્ચિત્ત રૂપ) સજા કરવામાં તે રાજા મદદ કરતો હતો.
११. धम्मघोस	*श्र.*	*धर्मघोष*	ધર્મઘોષ	મથુરા(२)ના શેઠને શ્રામણ્યની દીક્ષા આપી શ્રમણ સંઘમાં પ્રવેશ કરાવનાર આચાર્ય.
१२. धम्मघोस	*श्र.*	*धर्मघोष*	ધર્મઘોષ	ધનસિરી(३)ને દીક્ષા આપનાર આચાર્ય.
१३. धम्मघोस	*श्र.*	*धर्मघोष*	ધર્મઘોષ	જેમનો શિષ્ય ચંપા નગરીના રાજા જિતશત્રુનો પુત્ર સુમનભદ્ર હતો તે આચાર્ય.
१. धम्मजस	*श्र.*	*धर्मयशस्*	ધર્મયશસ્	મહાવીરનો એક શિષ્ય.
२. धम्मजस	*श्र.*	*धर्मयशस्*	ધર્મયશસ્	જે ધર્મવલ્ગુ નામે પણ જાણીતા હતા તે ધર્મવસુ આચાર્યના શિષ્ય. તેમણે વત્સગા નદીના કિનારે સલ્લેખના કરી, મોક્ષ પામ્યા. તે પ્રસંગે ઉજ્જૈનીના રાજા અવંતિસેન અને કોસંબીના મણિપ્રભએ તેમની પૂજા કરી. જુઓ ધર્મઘોસ.
धम्मज्झय	*ती.*	*धर्मध्वज*	ધર્મધ્વજ	ઐરાવત ક્ષેત્રના પાંચમાં ભાવિ તીર્થંકર.

धम्मज्झयण	*आ.*	*धर्मध्ययन*	ધર્માધ્યયન	સૂત્રકૃત્ ના પ્રથમ શ્રુતસ્કન્ધનું નવમું અધ્યયન.
धम्मण्णग	*श्र.*	*धर्मान्वग*	ધર્માન્વગ	કોઈ આચાર્યના વિનયસમ્પન્ન ૮ શિષ્યોમાંનો એક
धम्मत्थकाम	*आ.*	*धर्मार्थकाम*	ધર્માર્થકામ	દશવૈકાલિકનું અધ્યયન ૬. તે અને મહાચારકથા એક છે.
धम्मपण्णत्ति	*आ.*	*धर्मप्रज्ञप्ति*	ધર્મપ્રજ્ઞપ્તિ	જુઓ 'छज्जीवणिया'.
धम्ममित्त	*ती.*	*धर्ममित्र*	ધર્મમિત્ર	છઠ્ઠા તીર્થંકર પદ્મપ્રભનો પૂર્વભવ.
१. धम्मरुइ	*क.*	*धर्मरुचि*	ધર્મરુચિ	વાણારસીના રાજા. તેણે ઉદિતોદયની રાણી શ્રીકંતા નું અપહરણ કરવા માટે રાજા ઉદિતોદય ઉપર આક્રમણ કર્યું.
२. धम्मरुइ	*श्र.*	*धर्मरुचि*	ધર્મરુચિ	શ્રમણ આષાઢભૂતિના ગુરુ આચાર્ય.
३. धम्मरुइ	*श्र.*	*धर्मरुचि*	ધર્મરુચિ	પોતાને હેરાન કરવા બદલ જે શ્રમણે નાવિક નંદ ને બાળી ભસ્મ કરી નાખ્યો તે શ્રમણ.
४. धम्मरुइ	*श्र.*	*धर्मरुचि*	ધર્મરુચિ	ધર્મઘોસના શિષ્ય. ચંપાનગરમાં જ્યારે તે ભિક્ષા માટે નીકળ્યા ત્યારે તેમને મધુર રસાવાળુ કડવા તુંબડાનું શાક બ્રાહ્મણી નાગશ્રીએ ભિક્ષામાં આપ્યું ધર્મઘોસે તેમને જણાવ્યું કે જો તે ઝેરી શાક ખાશે તો મરી જશે. માટે ધર્મરુચિને તેનો ત્યાગ કરવા કહ્યું. ધર્મરુચિએ વિચાર્યું કે જો તે શાકનો ત્યાગ કરે તો તે ઝેરી શાકના ખાનાર હજારો કીડીઓ મરી જાય. તેથી અસંખ્ય કીડીઓને બચાવવા તે પોતે જ શાક ખાઈ ગયા અને સલ્લેખના લઈ લીધી અને મૃત્યુ પામ્યા. મરીને તે દેવ તરીકે જન્મ્યા. પછીના જન્મમાં તે મોક્ષ પામશે.
५. धम्मरुइ	*श्र.*	*धर्मरुचि*	ધર્મરુચિ	શતદ્વાર નગરના રાજા વિમલવાહને જેમને ભિક્ષા આપેલ તે શ્રમણ. તેના કારણે રાજા મૃત્યુ પછી સાકેતનગરમાં રાજકુમાર વરદત્ત તરીકે જન્મ્યા.
६. धम्मरुइ	*श्र.प्र.*	*धर्मरुचि*	ધર્મરુચિ	એક રાજકુમાર. તે વસંતપુરના જિતશત્રુ અને ધારિણીનો પુત્ર હતો. તેણે તેના પિતાની સાથે સંસારનો ત્યાગ કર્યો અને તે પ્રત્યેકબુદ્ધ બન્યા.
७. धम्मरुइ	*श्र.*	*धर्मरुचि*	ધર્મરુચિ	જંગલમાંથી પસાર થતાં જે શ્રમણે જ્યારે દેવે તેમના ઉપવાસના પારણાના પ્રસંગે ભિક્ષા આપવા માંડી ત્યારે ન સ્વીકારી તે શ્રમણ.
धम्मरुचि	*श्र.*	*धर्मरुचि*	ધર્મરુચિ	આ અને ધર્મરુચિ(૫) એક છે.
धम्मरुयि	*श्र.*	*धर्मरुचि*	ધર્મરુચિ	આ અને ધર્મરુચિ(૩) એક છે.
धम्मवग्गु	*श्र.*	*धर्मवल्गु*	ધર્મવલ્ગુ	આ ધર્મવસુનું બીજું નામ છે.
धम्मवसु	*श्र.*	*धर्मवसु*	ધર્મવસુ	ધર્મઘોસ અને ધર્મજસ જેમના શિષ્યો હતા તે એક આચાર્ય.

धम्मवीरिय	*श्र.*	*धर्मवीर्य*	ધર્મવીર્ય	જે શ્રમણને તિગિંછી નગરના જિતશત્રુ રાજાએ ભિક્ષા આપેલી તે શ્રમણ. પરિણામે મૃત્યુ પછી તે રાજાનો જન્મ રાજકુમાર મહચંદ્ર તરીકે થયો.
धम्मसिरी	*ती.*	*धर्मश्री*	ધર્મશ્રી	અતીત ઉત્સર્પિણીમાં ભરતક્ષેત્રમાં થયેલા છેલ્લા તીર્થંકર.
१. धम्मसीह	*श्र.*	*धर्मसिंह*	ધર્મસિંહ	જે શ્રમણને મહાઘોસ નગરના ધર્મઘોસ શેઠે ભિક્ષા આપી હતી તે શ્રમણ. આ સુકૃત્યના કારણે શેઠ મૃત્યુ પછી ફરી મનુષ્ય તરીકે જન્મ પામ્યા.
२. धम्मसीह	*ती.*	*धर्मसिंह*	ધર્મસિંહ	પંદરમા તીર્થંકર ધર્મને ભિક્ષા આપનાર સૌ પ્રથમ વ્યક્તિ. તે સોમનસ નગરની હતી.
३. धम्मसीह	*ती.*	*धर्मसिंह*	ધર્મસિંહ	ચોથા તીર્થંકર અભિનંદનનો પૂર્વભવ.
४. धम्मसीह	*श्र.*	*धर्मसिंह*	ધર્મસિંહ	ચંદ્રગુપ્તરાજાના સમયમાં પાડલિપુત્રમાં રહેતો માણસ. તેની પત્ની ચંદ્રશ્રી હતી. તે ગૃદ્ધપૃષ્ઠ નામના વ્રતનું પાલન 'કુલ્લઉર'માં કરતો હતો અને તે સારી દશા (વિગતશોક દશા) પામ્યો હતો.
धम्मसेण	*च.*	*धर्मसेन*	ધર્મસેન	સાતમા બલદેવ(૨) નંદન(૧)નો પૂર્વભવ. તેમના આચાર્ય ગુરુ આસાગર હતા.
धम्मा	*अ.*	*धर्मा*	ધર્મા	કૃષ્ણા(૨) વગેરેની માતા.
धम्मावाय	*आ.*	*धर्मवाद*	ધર્મવાદ	દૃષ્ટિવાદના દસ નામોમાંનું એક.
१. धम्मिल	*ग.*	*धम्मिल*	ધમ્મિલ	ભ૦ મહાવીરના પાંચમાં ગણધર સુધર્મના પિતા. તે કોલ્લાગ સન્નિવેના હતા.
२. धम्मिल	*अ.*	*धम्मिल*	ધમ્મિલ	વસુદેવહિંડીનું એક પાત્ર.
१. धर	*ती.*	*धर*	ધર	ઐરાવત(૧) ક્ષેત્રના વીસમા તીર્થંકર.
२. धर	*ती.*	*धर*	ધર	છઠ્ઠા તીર્થંકર પદ્મપ્રભના પિતા.
३. धर	*अ.*	*धर*	ધર	રાજકુંવરી દ્રૌપદીના સ્વયંવરમાં ભાગ લેવા જેમને નિમંત્રણ મોકલવામાં આવ્યું હતું તે મથુરાના રાજા
१. धरण	*दे.*	*धरण*	ધરણ	દક્ષિણના નાગકુમાર દેવોનો ઇંદ્ર. તેને ૬૦૦૦ સામાનિક દેવો છે. તેનું વાસસ્થાન ૨૫૦૦૦ યોજનના વિસ્તારવાળું છે. તેને છ મુખ્ય પત્નીઓ છે. તેની રાજધાનીનું નામ ધરણ છે. તેને ૪૪ લાખ મહેલો છે. કાલવાલ, સેલવાલ, સંખવાલ અને કોલવાલ આ ચાર તેના લોકપાલ છે.
२. धरण	*अ.दे.*	*धरण*	ધરણ	ધરણ(૧)નું સિંહાસન.
३. धरण	*श्र.*	*धरण*	ધરણ	મહાવિદેહના સલિલાવઈ પ્રદેશમાં આવેલા વીયસોગા નગરના રાજા મહાબલનો મિત્ર રાજા.
४. धरण	*श्र.*	*धरण*	ધરણ	બારાવતીના વૃષ્ણિ અને ધારિણીનો પુત્ર. સંસાર ત્યાગી અરિષ્ટનેમિના શિષ્ય બન્યા. શત્રુંજયપર્વતે મોક્ષ પામ્યા. તે ૧૦ પૂજનીય રાજામાંનો એક હતો.

५. धरण	*दे.*	*धरण*	ધરણ	રોહીતક નગરે પૃથ્વીવતંસક
६. धरण	*आ.*	*धरण*	ધરણ	અંતકૃદ્દશાના બીજા વર્ગનું છઠ્ઠું અધ્યયન.
धरणा		*धरणा*	ધરણા	ઈંદ્ર ધરણ(૧)ની રાજધાની.
१. धरणि	*ती.श्र*	*धरणि*	ધરણિ	બારમા તીર્થંકર વાસુપુજ્યની પ્રથમ શિષ્યા.
२. धरणि	*दे.*	*धरणि*	ધરણિ	એક દેવી.
३. धरणि	*ऐ.*	*धरणि*	ધરણિ	ઈંદ્ર ધરણની રાજધાની જ્યાં ઈલા એક મુખ્ય રાણી તરીકે જન્મી હતી. આ અને ધરણા એક છે.
धरणिंद	*दे.*	*धरणेन्द्र*	ધરણેન્દ્ર	આ અને ધરણ(૧) એક છે.
धरणिखील	*भौ.*	*धरणिकील*	ધરણિકીલ	મંદરપર્વતનું બીજું નામ.
धरणिधरा	*ती.श्र*	*धरणिधरा*	ધરણિધરા	તેરમા તીર્થંકર વિમલની પ્રથમ શિષ્યા.
धरणिसिंग	*भौ.*	*धरणिशृंग*	ધરણિશૃંગ	મંદર પર્વતનું બીજું નામ.
धरणोववाय	*आ.*	*धरणोपपात*	ધરણોપપાત	એક અંગબાહ્ય કાલિક આગમસૂત્ર જેને ૧૨ વર્ષનો શ્રમણ પર્યાય હોય એવા શ્રમણને જ ભણાવવાની છૂટ હતી. હાલ આ ગ્રન્થ અસ્તિત્વમાં નથી,
धातइसंड	*भौ.*	*धातकीखंड*	ધાતકીખંડ	જુઓ ધાતાકીખંડ.
धातकीखंड	*भौ.*	*धातकीखंड*	ધાતકીખંડ	જુઓ ધાતાકીખંડ.
धाय	*दे.*	*धातृ*	ધાતૃ	દક્ષિણના પણવણિણય દેવોનો ઈંદ્ર.
धायइसंड	*भौ.*	*धातकीखंड*	ધાતકીખંડ	જુઓ ધાતાકીખંડ.
धायइखंड	*भौ.*	*धातकीखंड*	ધાતકીખંડ	જુઓ ધાતાકીખંડ.
धायइरुक्ख	*भौ.*	*धातकीवृक्ष*	ધાતકીવૃક્ષ	ધાતાકીખંડમાં આવેલું વૃક્ષ. જુઓ ધાતાકીખંડ.
धायइसंड	*भौ.*	*धातकीखंड*	ધાતકીખંડ	જંબૂદ્વીપ પછીનો વલયાકાર દ્વીપ. તે લવણ સમુદ્રને ઘેરે છે અને તે કાલોદસમુદ્રથી ઘેરાયેલ છે. તેની પીઠિકા બે ગવ્યૂતિ ઊંચી છે. લવણસમુદ્રને સ્પર્શતા એક છેડાથી કાલોય સમુદ્રને સ્પર્શતા બીજા છેડા સુધીની તેની પહોળાઈ ૪ લાખ યોજન છે. જંબૂદ્વીપના પૂર્વ ખૂણાથી ધાતકી ખંડના પશ્ચિમ ખૂણા વચ્ચેનું અંતર સાત લાખ યોજન છે.
धारणी	*अ.*	*धारिणी*	ધારિણી	આ અને ધારિણી(૧૪) એક છે.
१. धारिणी	*क.*	*धारिणी*	ધારિણી	રાજગૃહી ના રાજા શ્રેણિકની પત્ની. તેણે સ્વપ્નમાં હાથી દેખ્યો પછી મેહકુમારનો ગર્ભ ધારણ કર્યો. અકાળે પડેલા વરસાદમાં પોતાના પતિ સાથે હાથી ઉપર સવારી કરવાનો તેને દોહદ થયો. દેવ મદદ થી અભયકુમારે તેનો દોહદ પૂરો કર્યો. કાળક્રમે તેણે મેહકુમારને જન્મ આપ્યો. જ્યારે તેના પુત્ર પાસેથી જાણ્યું કે તે સંસાર તજવાનો છે ત્યારે તેને અત્યંત દુ:ખ થયું. તેના બીજા પુત્રો પણ સંસારનો ત્યાગ કરી મહાવીરના શિષ્યો બન્યા.

२. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	ચંપા નગરીના રાજા કોણિકની પત્ની. તે સુભદ્રા નામે પણ જાણીતી હતી.
३. धारिणी	*क.*	*धारिणी*	ધારિણી	ચંપા નગરીના રાજા દધિવાહનની પત્ની અને ચંદનાની માતા. વધુ વિગત માટે જુઓ ચંદના.
४. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	બારાવતીના રાજા વસુદેવની પત્ની અને 'दारुअ, अणाधिट्ठि' વગેરેની માતા.
५. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	બારાવતીના રાજા અંધગવૃષ્ણિની પત્ની.
६. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	બારાવતીના રાજા બલદેવની પત્ની. તેને ૩ પુત્રો હતા– સુમુહ(૧), દુમ્મુહ(૨) અને કૂવદારઅ.
७. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	જંબૂદ્વીપના પૂર્વવિદેહના પુંડરિગિણીના રાજા વજ્રસેનની પત્ની તથા ઋષભના પૂર્વભવની માતા.
८. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	તે મંગલાવતી નામે પણ જાણીતી છે. તે વઈર–નાભની માતા હતી. તે અને ધારિણી(७) એક છે.
९. धारिणी	*च.*	*धारिणी*	ધારિણી	ધનંજયરાજાની પત્ની અને મહાવીરના પૂર્વભવ પિયમિત્રની માતા.
१०. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	રાજગૃહી નગરના રાજા વિશાખાભૂતિની પત્ની અને મહાવીરના પૂર્વભવ વિશ્વભૂતિની માતા.
११. धारिणी	*ती.श्र*	*धारिणी*	ધારિણી	અગિયારમા તીર્થંકર શ્રેયાંસ(૧)ની મુખ્ય શિષ્યા.
१२. धारिणी	*च.*	*धारिणी*	ધારિણી	બલદેવ અચલની અનેક પત્નીઓમાંની એક.
१३. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	કોસંબી નગરીના રાજા અજિતસેણ(૨)ની પત્ની.
१४. धारिणी	*क.*	*धारिणी*	ધારિણી	હસ્તિશીર્ષ નગરના રાજા અદીનશત્રુની પત્ની અને રાજકુમાર સુબાહુની માતા.
१५. धारिणी	*क.*	*धारिणी*	ધારિણી	સાકેતના રાજા ચંદ્રવતંસકની પત્ની અને ગુણચંદ્ર તથા મુનિચંદ્રની માતા.
१६. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	કોસંબીના રાજા જિતસેનની પત્ની.
१७. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજા જિતશત્રુની પત્ની.
१८. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	ચંપાનગરીના રાજા જિતશત્રુની પત્ની અને રાજ–કુમાર અદીનશત્રુની માતા.
१९. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	મિથિલાના જિતશત્રુની મુખ્ય પત્ની.
२०. धारिणी	*क.*	*धारिणी*	ધારિણી	વસંતપુરના રાજા જિતશત્રુની પત્ની અને રાજ–કુમાર ધર્મરુચિની માતા.
२१. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	વાણિજ્યગ્રામના રાજા જિતશત્રુ(૬)ની પત્ની.
२२. धारिणी	*क.*	*धारिणी*	ધારિણી	શ્રાવસ્તીના રાજા જિતશત્રુની પત્ની, સ્કંદક તેમનો દીકરો હતો અને પુરંદરજસા તેમની દીકરી હતી.
२३. धारिणी	*क.*	*धारिणी*	ધારિણી	મહાવિદેહના વીતસોગાના રાજા બલની પત્ની. તેને જ્યારે ગર્ભ રહ્યો ત્યારે તેણે સ્વપ્નમાં સિંહ જોયો અને પછી મહાબલને જન્મ આપ્યો.

२४. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	સુપ્રતિષ્ઠ નગરના રાજા મહસેણની પત્ની અને રાજકુમાર સીહસેનની માતા.
२५. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	ચંપા નગરીના રાજા મિત્રપ્રભની પત્ની.
२६. धारिणी	*श्र.*	*धारिणी*	ધારિણી	ઉજ્જૈનીના રાજા અવંતિવર્ધનના ભાઈ રઙ્કવર્ધનની પત્ની. જ્યારે તેને પોતાની કરવા અવંતિવર્ધને રઙ્ક વર્ધનની હત્યા કરી ત્યારે પોતાનું શીલ બચાવવા ભાગી અને શ્રમણી બની. જુઓ અજિતસેન
२७. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	હસ્તિનાગપુરના રાજા શિવની પત્ની અને રાજ–કુમાર શિવભદ્રની માતા.
२८. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	આમલકપ્પા નગરીના રાજા શ્વેતની અનેક પત્નીઓમાં મુખ્ય.
२९. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	પોતનપુરના રાજા સોમચંદ્રની પત્ની.
३०. धारिणी	*श्रा.*	*धारिणी*	ધારિણી	સતી સ્ત્રી. કદાચ આ અને ધારિણી એક છે.
३१. धारिणी	*अ.*	*धारिणी*	ધારિણી	રુકમિ રાજાની પત્ની અને સુબાહુની માતા.
३२. धारिणी	*क.*	*धारिणी*	ધારિણી	રાજા ચંદ્રવતંસકની પત્ની અને મુનિચંદ્રની માતા.
१. धिइ	*दे.*	*धृति*	ધૃતિ	તિર્ગિંછદ્રહની એક દેવી. તેનું આયુ ૧ પલ્યોપમ છે
२. धिइ	*भौ.*	*धृति*	ધૃતિ	નિષધ પર્વતનું શિખર.
३. धिइ	*आ.*	*धृति*	ધૃતિ	પુષ્પચુલિકાનું ત્રીજું અધ્યયન.
धिज्जाइय	*अ.*	*धिग्जातीय*	ધિગ્જાતીય	બ્રાહ્મણ જાતિનું બીજું નામ.
धिति	*दे.*	*धृति*	ધૃતિ	જુઓ 'ધિઈ'.
१. धितिधर	*आ.*	*धृतिधर*	ધૃતિધર	અંતકૃદ્દશાના છઠ્ઠા વર્ગનું છઠ્ઠું અધ્યયન.
२. धितिधर	*श्र.*	*धृतिधर*	ધૃતિધર	કાકંદી નગરનો શેઠ જે સંસાર ત્યાગી ભ૦મહાવીર ના શિષ્ય બન્યા હતો. ૧૬ વર્ષ શ્રમણજીવનની સાધના પછી વિપુલ પર્વત ઉપર મોક્ષ પામ્યા.
धुअ	*आ.*	*धुत*	ધુત	આચારંગના પ્રથમ શ્રુતસ્કન્ધનું છઠ્ઠું અધ્યયન.
धुंधुमार	*क.*	*धुन्धुमार*	ધુન્ધુમાર	સુંસુમારપુરના રાજા. તેને અંગારવતી નામની પુત્રી હતી.
धुत्तक्खाणग	*क.*	*धूर्ताख्यानक*	ધૂર્તાખ્યાનક	સસગ, એલાસાઢ, મૂલદેવ અને સ્ત્રી ખંડપાણા આ ચાર ધૂતારાઓએ કહેલી ઉપહાસાત્મક અને હાસ્યરસપૂર્ણ કથાઓની કૃતિ. તે ચારે ઉજ્જૈનીના ઉદ્યાનમાં રહેતા હતા. વર્ષાઋતુ હતી, બધાને ખૂબ ભૂખ લાગી હતી. તે ચારે એ ભેગા થઈ નક્કી કર્યું કે દરેકે પોતાના અનુભવોને કે પોતે જે કંઈ સાંભળ્યું હોય તે કહી સંભળાવવું. જેનું કથન અવિશ્વસનીય જૂઠાણુ સાબિત થાય તે બધાને ભોજન કરાવશે.
धुर	*दे.ज.*	*धुर*	ધુર	અઠ્યાસી ગ્રહોમાંનો એક.
धुरअ	*दे.ज.*	*धुरक*	ધુરક	આ અને ધુર એક છે.

धुव		*ध्रुव*	ધ્રુવ	ઋષભના એકસો પુત્રોમાંનો એક.
धूमकेउ/धूमकेतु	***दे.ज.***	*धूमकेतु*	ધૂમકેતુ	અઠ્યાસી ગ્રહોમાંનો એક.
धूमप्पभा	***भौ.न***	*धूमप्रभा*	ધૂમપ્રભા	પાંચમી નરકભૂમિ. તેનો વિસ્તાર ૧૮૦૦૦ યોજન છે. અહીં નારકીઓનું જઘન્ય આયુ દસ સાગરોપમ વર્ષ છે. તેનો દેખાવ ધૂમ જેવો હોઈ તેને ધૂમપ્પભા કહેવામાં આવે છે. આ અને રિષ્ઠા એક છે.
धोरुगिण		*धोरुकिन*	ધોરુકિન	આ અને 'थारुकिण' એક છે.
			ण/न	
नउल	***श्र.***	*नकुल*	નકુલ	હસ્તિનાપુરના પાંડુરાયના પાંચ પુત્રોમાંનો એક.
नंगला	***ऐ.***	*नङ्गला*	નંગલા	મહાવીરે ગોસાલક સાથે જે ગામની મુલાકાત લીધી હતી તે ગામ. અહીં વાસુદેવઘરના ચૈત્યમાં મહાવીરે ધ્યાન કર્યું હતું. બાળકોને ભયભીત કરવા બદલ ગોસાલકને અહીં માર ખાવો પડેલો. આ ગામ હલેદ્દુઅ અને આવત્ત(४) વચ્ચે આવેલ હતું.
नंगोल	***भौ.***	*नाङ्गोल*	નાંગોલ	એક અંતરદ્વીપ.
नंगोलि	***भौ.***	*नङ्गोलिन्*	નાંગોલિન્	આ અને નંગોલિય એક છે.
नंगोलिय	***भौ.***	*नाङ्गोलिक*	નાંગોલિક	લવણસમુદ્રમાં આવેલા છપ્પન અંતરદ્વીપમાંનો એક. આ અને णंगोल એક છે.
१. नंद	***क.***	*नन्द*	નંદ	પાડલિપુત્ર નગરનો વાળંદ ગુલામ. કૂણિકના પુત્ર ઉદાઈના મૃત્યુ પછી તે રાજા બની ગયો. તેના પછી આવનારા તેના ઉત્તરાધિકારી રાજાઓ પણ તે જ નામથી ઓળખાયા અને આમ તે વંશ નંદ નામે ઓળખાયો. જેને ચંદ્રગુપ્તે હરાવ્યો તે મહાપદ્મ રાજા નંદ વંશનો નવમો અને છેલ્લો રાજા હતો.
२. नंद	***क.***	*नन्द*	નંદ	પાડલિપુત્રનો અતિલોભી શેઠ. કોઈક ગુન્હા બદલ તે નગરના રાજાએ તેને મૃત્યુદંડની સજા કરી હતી.
३. नंद	***दे.भौ.***	*नन्द*	નંદ	મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૫ સાગરોપમનું હોય છે, તેઓ પંદર પખવાડિયે એક વાર શ્વાસ લે છે અને પંદર હજાર વર્ષે એક વાર તેઓને ભૂખ લાગે છે.
४. नंद	***ती.***	*नन्द*	નંદ	અગિયારમાં તીર્થંકર શ્રેયાંસને સૌપ્રથમ ભિક્ષા આપનાર સિદ્ધત્થપુરનો રહેવાસી.
५. नंद	***क.ती.***	*नन्द*	નંદ	બ્રહ્મણગામનો રહેવાસી.ભ० મહાવીરે એક વાર તેની પાસેથી ભિક્ષા ગ્રહણ કરી હતી. ઉવનંદ તેનો ભાઈ હતો.

६. नंद	*स.*	*नन्द*	નંદ	પખવાડિયાનો પાંચમો, છઠ્ઠો અને અગિયારમો દિવસ અર્થાત્ પાંચમ, છઠ્ઠ અને અગિયારસ.
७. नंद	*च.*	*नन्द*	નંદ	ભરતક્ષેત્રના પ્રથમ ભાવિ વાસુદેવ(૧).
८. नंद	*ती.*	*नन्द*	નંદ	ભરત ક્ષેત્રના આઠમા ભાવિ તીર્થંકર પેઢાલપુત્ર નો પૂર્વભવ.
९. नंद	*श्र.*	*नन्द*	નંદ	નાસિક્યનગરનો રહેવાસી. સુંદરીનો પતિ હોવાથી સુંદરીનંદ તરીકે જાણીતો હતો. સુંદરી અત્યંત રૂપાળી હોવાથી તે તેનામાં ખૂબ જ આસક્ત હતો. તેનો ભાઈ શ્રમણ હતો. તેને તેના ચિત્તને સાંસારિક આસક્તિમાંથી પાછું વાળવાનો ઉપાય કરવાનો વિચાર આવ્યો.તેને સન્માર્ગે વાળવા તેણે પોતાની અલૌકિક શક્તિથી એક વાંદરીનું, એક વિદ્યાધરીનું અને પછી એક અનુપમ સૌન્દર્યવતી દેવીનું સર્જન કર્યું.જ્યારે નંદે તેને પૂછ્યું કે તે દેવીને તે કેવી રીતે પામી શકે ત્યારે તે શ્રમણ ભાઈએ કહ્યું કે તે માટે તેણે શ્રમણજીવન સ્વીકારવું જોઈએ. એટલે નંદ શ્રમણ બન્યો.
१०. नंद	*ती.श्रा*	*नन्द*	નંદ	તીર્થંકર અરિષ્ટનેમિનો મુખ્ય ઉપાસક.
११. नंद	*श्रा.*	*नन्द*	નંદ	રાજગૃહીનો હીરાઘસુ. તે મહાવીરનો અનુયાયી હતો. લોકોને પાણીની સુવિધા પૂરી પાડવા માટે તેણે તળાવ બંધાવ્યુ હતું. તેને તે તળાવ માટે એટલી બધી આસક્તિ હતી કે તે મરીને તે તળાવમાં દેડકા તરીકે જન્મ્યો. જુઓ દદુર.
१२. नंद	*क.*	*नन्द*	નંદ	નદી પાર કરવા માટે શ્રમણ ધર્મરુચિને પોતાની નાવમાં બેસવા દેનાર નાવિક. આ નાવિકે ધર્મરુચિને ભાડું ન આપવાના કારણે બહુ હેરાન કર્યા હતા. રોષે ભરાયેલા ધર્મરુચિ શ્રમણે પોતાની અલૌકિક શક્તિથી નાવિકને બાળીને ભસ્મ કરી નાખ્યો હતો.
१३. नंद	*श्र.*	*नन्द*	નંદ	તીર્થંકર મલ્લિ પાસે દીક્ષા ગ્રહણ કરનાર રાજકુમાર.
नंदकंत	*दे.*	*नन्दकान्त*	નંદકાન્ત	મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન, જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પંદર સાગરોપમ વર્ષોનું છે.
नंदकूड	*दे.*	*नन्दकूट*	નંદકૂટ	નંદકંત સમાન સ્વર્ગીય વાસસ્થાન.
नंदग	*अ.*	*नन्दक*	નંદક	ચંપા નગરનો રહેવાસી. મૃત્યુ પછી તે કૌશાંબીમાં જન્મ્યો અને ત્યાં સંસારનો ત્યાગ કર્યો.
नंदगोव	*अ.*	*नन्दगोप*	નંદગોપ	દસ લાખ ગાયોનો માલિક ગોવાળ.

नंदज्झय	*दे.*	*नन्दध्वज*	નંદધ્વજ	એક સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું આયુ ઉત્કૃષ્ટ ૧૫ સાગરોપમ છે. તે નંદકંત સમાન છે.
१. नंदन	*श्र.च.*	*नन्दन*	નંદન	વર્તમાન અવસર્પિણીના સાતમા બલદેવ અને વાસુદેવ દત્તના ભાઈ. તે વાણારસીના રાજા અગ્નિસીહ અને તેમની રાણી જયંતિના પુત્ર હતા. તેમના પૂર્વભવનું નામ ધર્મસેન(૧) હતું.
२. नंदन	*च.*	*नन्दन*	નંદન	ભરતક્ષેત્રના સાતમા ભાવિ બલદેવ.
३. नंदन	*क.*	*नन्दन*	નંદન	કોસલાઉરના શેઠ. તેમને શ્રીમતી(૧) નામની પુત્રી હતી. તે નંદ(૨) હોઈ શકે તેમ જણાય છે.
४. नंदन	*अ.*	*नन्दन*	નંદન	સુગ્ગીવ(૪) નગરના રાજા બલભદ્ર(૧)ના પુત્ર મિયાપુત્ર(૩)નો મહેલ.
५. नंदन	*श्र.*	*नन्दन*	નંદન	રાજા સશ્રેણિકનો પૌત્ર અને મહાસેનાકૃષ્ણાનો પુત્ર. તે સંસાર ત્યાગી મહાવીરનો શિષ્ય બનેલો.
६. नंदन	*ती.श्र.*	*नन्दन*	નંદન	છત્રગ્ગાનગરના રાજા જિતશત્રુ, રાણી ભદ્રાનો પુત્ર તે મહાવીરનો પૂર્વભવ હતો. સંસાર તજી શ્રમણ પુટ્ટિલના શિષ્ય બન્યા, તીર્થંકર નામકર્મ બાંધ્યુ.
७. नंदन	*दे.*	*नन्दन*	નંદન	ઈંદ્ર ધરણના સાત સેનાપતિઓમાંનો એક. તે નૃત્યકારોના જૂથનો નાયક છે.
८. नंदन	*ती.*	*नन्दन*	નંદન	તીર્થંકર મલ્લિનો પૂર્વભવ.
९. नंदन	*ऐ.*	*नन्दन*	નંદન	મોકા નગરની બહાર આવેલું ઉદ્યાન તેમજ ચૈત્ય. અહીં ભ૦ મહાવીર આવ્યા હતા.
१०. नंदन	*भौ.*	*नन्दन*	નંદન	નંદનવનમાં આવેલું મંદરપર્વતનું શિખર. જુઓ નંદનવનકૂડ.
११. नंदन	*आ.*	*नन्दन*	નંદન	કલ્પવતંસિકાનું દસમું અધ્યયન.
१. नंदनवण	*भौ.*	*नन्दनवन*	નંદનવન	ભદ્રશાલવનની સપાટીથી પાંચસો યોજન ઉપર આવેલું મંદર પર્વત ઉપરનું વન. તેનો વિસ્તાર પણ પાંચસો યોજનનો છે. તેનો ઉપયોગ દેવો રમત–ગમતના મેદાન તરીકે કરે છે.
२. नंदनवण	*ऐ.*	*नन्दनवन*	નંદનવન	પર્વત રેવતકની સમીપમાં બારાવતીની ઉત્તરપૂર્વમાં આવેલ વન. અહીં યક્ષસુરપ્રિયનું ચૈત્ય આવેલ હતું
३. नंदनवण	*ऐ.*	*नन्दनवन*	નંદનવન	વિજયપુર નગરની નજીક આવેલું વન.
नंदनवणकूड	*भौ.*	*नन्दनवनकूट*	નંદનવનકૂટ	નંદનવણમાં મંદર પર્વતના જે નવ શિખરો આવેલા છે તેમાંનું પ્રથમ. તેની ઊંચાઈ પાંચસો યોજન છે. આ અને નંદન(૧૦) એક છે.
नंदप्पभ	*दे.*	*नन्दप्रभ*	નંદપ્રભ	મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૫ સાગરોપમ છે.

१. नंदमती	*आ.*	*नन्दमती*	નંદમતી	અંતકૃદ્દશાના સાતમા વર્ગનું બીજું અધ્યયન.
२. नंदमती	*श्र.*	*नन्दमती*	નંદમતી	રાજગૃહીના રાજા શ્રેણિકની રાણી. ભ૰ મહાવીર પાસે દીક્ષા લઈ શ્રમણી બન્યા. વીસ વર્ષના શ્રમણ જીવનની સાધના પછી તે મોક્ષ પામી.
१. नंदमित्त	*च.*	*नन्दमित्र*	નંદમિત્ર	ભરત ક્ષેત્રના બીજા ભાવિ વાસુદેવ.
२. नंदमित्त	*श्र.*	*नन्दमित्र*	નંદમિત્ર	તીર્થંકર મલ્લિ પાસે દીક્ષા ગ્રહણ કરનાર રાજકુમાર.
नंदलेस	*दे.*	*नन्दलेश्य*	નંદલેશ્ય	મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. જ્યાં વાસ કરતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૫ સાગરોપમ છે.
नंदवण्ण	*दे.*	*नन्दवर्ण*	નંદવર્ણ	નંદલેશ્ય સમાન સ્વર્ગીય વાસસ્થાન.
नंदसिंग	*दे.*	*नन्दशृङ्ग*	નંદશૃઙ્ગ	નંદવર્ણ સમાન સ્વર્ગીય વાસસ્થાન.
नंदसिट्ठ	*दे.*	*नन्दसृष्ट*	નંદસૃષ્ટ	નંદવર્ણ સમાન સ્વર્ગીય વાસસ્થાન.
१. नंदसेणिया	*आ.*	*नन्दसेनिका*	નંદસેનિકા	અંતકૃદ્દશાના સાતમા વર્ગનું ચોથું અધ્યયન.
२. नंदसेणिया	*श्र.*	*नन्दसेनिका*	નંદસેનિકા	રાજગૃહીના રાજા શ્રેણિકની રાણી. તે સંસારનો ત્યાગ કરી મહાવીરની શિષ્યા બની. વીસ વર્ષના શ્રમણજીવનની સાધના પછી તે મોક્ષ પામી.
१. नंदा	*श्र.*	*नन्दा*	નંદા	રાજગૃહીના રાજા શ્રેણિકની રાણી. બેન્નાતટનગરના શેઠની પુત્રી અને અભયકુમારની માતા હતી. તેણે સંસારનો ત્યાગ કરી તીર્થંકર મહાવીર પાસે દીક્ષા લીધી, ૨૦ વર્ષની શ્રમણજીવનની સાધના પછી મોક્ષ પામી. તે સુણંદા નામે પણ જાણીતી છે
२. नंदा	*आ.*	*नन्दा*	નંદા	અંતકૃદ્દશાના સાતમા વર્ગનું પહેલું અધ્યયન.
३. नंदा	*ती.*	*नन्दा*	નંદા	ભદ્રીલપુરના રાજા દ્રઢરહની રાણી અને દસમા તીર્થંકર શીતલની માતા.
४. नंदा	*अ.*	*नन्दा*	નંદા	વાણારસીના ભદ્રસેણની પત્ની, શ્રીદેવીની માતા.
५. नंदा	*ग.*	*नन्दा*	નંદા	મહાવીરના નવમા ગણધર અચલભાયાની માતા.
६. नंदा	*क.*	*नन्दा*	નંદા	કૌશાંબીના રાજા શતાનિકના મંત્રી સુગુપ્તની પત્ની. તે રાણી મૃગાવતીની સખી હતી. એક વાર ભિક્ષાની આશાએ મહાવીર તેના ઘરે ગયા હતા.
७. नंदा	*ती.*	*नन्दा*	નંદા	આ અને ઋષભની બે પત્નીઓમાંની એક સુણંદા (૨) એક જ વ્યક્તિ છે.
८. नंदा	*दे.*	*नन्दा*	નંદા	રુચક(પર્વતના પૂર્વ ભાગમાં આવેલા તવણિઙ્ક નામના શિખર ઉપર વસતી આઠ મુખ્ય દિસા–કુમારીઓમાંની એક.
९. नंदा	*भौ.*	*नन्दा*	નંદા	નંદીશ્વર(૧) દ્વીપમાં આવેલા પૂર્વ અંજનગ(૧) પર્વત ઉપર આવેલી પુષ્કરિણી.
१०. नंदा	*भौ.*	*नन्दा*	નંદા	ચંપા નગરીની બહાર આવેલું તળાવ.

११. नंदा	*भौ.*	*नन्दा*	નંદા	રાજગૃહીના હીરાઘસુ નંદે વૈભારગિરિ પાસે બંધાવેલુ તળાવ.
१२. नंदा	*स.*	*नन्दा*	નંદા	પખવાડિયાનો પહેલો, છઠ્ઠો અને ૧૧મો દિવસ.
१३. नंदा	*भौ.*	*नन्दा*	નંદા	પૂર્વોત્તર રતિકર પર્વત ઉપર આવેલું સ્થળ. તે ઈસાનની રાણી કૃષ્ણરાજીની રાજધાની છે.
१. नंदावत्त	*दे.*	*नन्दावर्त*	નંદાવર્ત	મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પંદર સાગરોપમ વર્ષનું છે.
२. नंदावत्त	*दे.*	*नन्दावर्त*	નંદાવર્ત	આ અને નંદિઆવર્ત એક છે.
१. नंदि	*आ.*	*नन्दि*	નંદી	અંગબાહ્ય ઉત્કાલિક આગમસૂત્ર. આ ગદ્યપદ્યમય રચના છે. તે જ્ઞાન અને જ્ઞાનના વર્ગીકરણોનું નિરૂપણ કરે છે. શરૂઆતની કેટલીક ગાથાઓમાં મહાવીરના ૧૧ ગણધરોના નામો છે તેમજ સુધર્મ થી દૂષ્યગણિ સુધીના ૨૭ આચાર્યોની યાદી પણ આપે છે. પાંચ પ્રકારના જ્ઞાનોનું વિશદ વિવરણ અપાયું છે. દૂસગણિના શિષ્ય દેવવાચક ને આ ગ્રન્થના કર્તા કહ્યા છે. આચાર્ય હરિભદ્રે અને આચાર્ય મલયગિરિએ તેના ઉપર વૃત્તિ રચી છે. જિનદાસગણિએ તેના ઉપર ચૂર્ણિ લખી છે.
२. नंदि	*भौ.*	*नन्दि*	નંદી	આ અને નંદિગ્રામ(૬) એક છે.
३. नंदि	*अ.*	*नन्दि*	નંદી	મહાવીરના પિતાના મિત્ર. તે નંદિગ્રામના હતા.
४. नंदि	*अ.*	*नन्दि*	નંદી	મહીશ્વરના બે મિત્રોમાંનો એક.
५. नंदि	*आ.*	*नन्दि*	નંદી	જુઓ નંદિવર્ધન(૨).
नंदिअ	*अ.*	*नन्दिक*	નંદીક	મહેમાનો માટે પુષ્ટ કરાયેલો ઘેટો.
१. नंदिआवत्त	*दे.*	*नन्द्यावर्त*	નન્દ્યાવર્ત	મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સોળ સાગરોપમ વર્ષનું છે. તે દેવો સોળ પખવાડિયે એકવાર શ્વાસ લે છે અને સોળ હજાર વર્ષે એક વાર જ તેમને ભૂખ લાગે છે.
२. नंदिआवत्त	*दे.*	*नन्द्यावर्त*	નન્દ્યાવર્ત	સ્તનિતકુમાર દેવોના બે ઇન્દ્રો ઘોષ અને મહાઘોષ માંથી દરેકનો એક એક જે લોકપાલ છે તે.
३. नंदिआवत्त	*दे.*	*नन्द्यावर्त*	નન્દ્યાવર્ત	બ્રહ્મલોકના ઇંદ્રનું સ્વર્ગીય વિમાન.
१. नंदिग्गाम	*ऐ.*	*नन्दिग्राम*	નંદીગ્રામ	ભ૦ મહાવીરના પિતાના મિત્રનંદિનું જન્મસ્થાન. મહાવીરે તેની મુલાકાત લીધેલી. નંદિસેણબ્રાહ્મણ આ ગામના હતા. ચક્રવર્તી બ્રહ્મદત્ત અહી આવેલા
२. नंदिग्गाम	*भौ.*	*नन्दिग्राम*	નંદીગ્રામ	ધાતકીખંડમાં આવેલો સન્નિવેશ.
नंदिघोस	*दे.*	*नन्दिघोष*	નંદીઘોષ	બ્રહ્મલોક કલ્પે એક સ્થાન, અહી દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૧૦સાગરોપમ, ૧૦ પક્ષે એક વાર શ્વાસ લે છે, ૧૦૦૦૦ વર્ષે એક વાર તેમને ભૂખ લાગે છે.

नंदिघोसा	*दे.*	*नन्दिघोषा*	નંદીઘોષા	સ્તનિતકુમાર દેવોનો ઘંટ.
नंदिचुण्णि	*आ.*	*नन्दिचूर्णि*	નંદીચૂર્ણિ	નંદિસૂત્ર ઉપર જિનદાસગણિએ રચેલી ચૂર્ણિ–એક પ્રકારનું વિવેચન.
१. नंदिणी	*अ.*	*नन्दिनी*	નંદીની	અતિ કામભોગના કારણે અનેક રોગોનો શિકાર બનેલી એક ગણિકા.
२. नंदिणी	*ती.श्रा*	*नन्दिनी*	નંદીની	તીર્થંકર પાર્શ્વની મુખ્ય ઉપાસિકા. તેનું બીજું નામ સુણંદાપણ હતું.
१. नंदिणीपिय	*श्रा.*	*नन्दिनीपितृ*	નંદીનીપિતૃ	શ્રાવસ્તી નગરનો એક શેઠ. તે મહાવીરના દસ મુખ્ય ઉપાસકોમાંનો એક હતો. અશ્વિની તેની પત્ની હતી.
२. नंदिणीपिय	*आ.*	*नन्दिनीपितृ*	નંદીનીપિતૃ	ઉપાસકદશાનું નવમું અધ્યયન.
नंदिपुर	*भौ.*	*नन्दिपुर*	નંદીપુર	શાંડિલ્યના આર્ય પ્રદેશની રાજધાની. ત્યાં રાજા મિત્ર(૪) રાજ કરતા હતા.
नंदिफल	*आ.*	*नन्दिफल*	નંદીફલ	જુઓ નંદીફલ.
नंदियावत्त	*दे.*	*नन्द्यावर्त*	નન્દ્યાવર્ત	જુઓ નંદિઆવત્ત.
नंदिल	*श्र.*	*नन्दिल*	નંદીલ	આચાર્ય નાગહસ્તિના વિદ્યાગુરુ અને આચાર્ય મંગુના શિષ્ય.
१. नंदिवद्धण	*ती.*	*नन्दिवर्धन*	નંદીવર્ધન	મહાવીરના મોટાભાઈ અનેજયેષ્ઠાના પતિ. તેમણે મહાવીરને સંસાર ત્યાગી શ્રમણ બનવા રજા આપી
२. नंदिवद्धण	*आ.*	*नन्दिवर्धन*	નંદીવર્ધન	વિપાકશ્રુતના પ્રથમ શ્રુતસ્કન્ધનું છઠ્ઠું અધ્યયન. તે અને નંદિ એક છે.
३. नंदिवद्धण	*क.*	*नन्दिवर्धन*	નંદીવર્ધન	મથુરાના રાજા શ્રીદામ અને રાણી બંધુસિરીનો પુત્ર. તે નંદિસેણ નામે પણ જાણીતો હતો. ચિત્ત ની મદદથી તેણે પોતાના પિતાને મારી નાખવાનુ કાવતરુ ઘડ્યું. કાવતરુ પકડાયુ ત્યારે રાજાએ તેને નિર્દય રીતે મારી નાખ્યો. તે પૂર્વભવમાં સીહ પુર નગરમાં દુર્યોધન નામે ક્રૂર જેલર હતો. ભાવિમાં તે મહાવિદેહે જન્મશે, સંસાર ત્યાગી, મોક્ષ પામશે.
४. नंदिवद्धण	*श्र.*	*नन्दिवर्धन*	નંદીવર્ધન	નંદિસેણના ધર્મગુરુ.
१. नंदिवद्धणा	*भौ.*	*नन्दिवर्धना*	નંદીવર્ધના	નંદિસર દ્વીપમાં પૂર્વ અંજનગપર્વત ઉપર આવેલી પુષ્કરિણી.
२. नंदिवद्धणा	*दे.*	*नन्दिवर्धना*	નંદીવર્ધના	પૂર્વ રુચકપર્વતના રજતશિખર ઉપર વસતી મુખ્ય દિસાકુમારી દેવી.
नंदिसर	*भौ.*	*नन्दीश्वर*	નંદીશ્વર	આ અને નંદીશ્વર એક છે.
१. नंदिसेण	*श्र.*	*नन्दिषेण*	નંદીષેણ	તે આચાર્ય જે સાધુપણુ છોડી વેશ્યા સાથે જીવ્યા.
२. नंदिसेण	*ती.*	*नन्दिषेण*	નંદીષેણ	વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં ઐરાવત ક્ષેત્રમાં થયેલા ચોથા તીર્થંકર.

३. नंदिसेण	*श्र.*	*नन्दिषेण*	નંદીષેણ	તીર્થંકર પાર્શ્વની પરંપરાના આચાર્ય. તે તંબાકગામે ગયા હતા જ્યાં તેમના ઉપર ચોર હોવાનો આરોપ મૂકી તેમને ભાલાથી વીંધી મારી નાખ્યા હતા.
४. नंदिसेण	*श्र.*	*नन्दिषेण*	નંદીષેણ	રાજગૃહીના રાજા શ્રેણિકનો પુત્ર. સંસારનો ત્યાગ કરી મહાવીરનો શિષ્ય બન્યો હતો. એકવાર પોતાના દ્રષ્ટાન્ત દ્વારા વ્રતપાલનમાં પોતાના શિષ્યને તેમણે દ્રઢ અને સ્થિર કર્યો હતો.
५. नंदिसेण	*श्र.*	*नन्दिषेण*	નંદીષેણ	મગધ દેશના નંદિગ્રામનો રહેવાસી. તેને તેના મામાની દીકરીઓ પ્રત્યે નફરત થઈ કેમ કે તેમાંની કોઈ તેને પરણવા તૈયાર ન હતી. તેથી તે સંસાર ત્યાગી નંદિવર્ધનના શિષ્ય બન્યા. તે વૈયાવચ્ચ કરવામાં અત્યંત ઉદ્યમી હતા. મૃત્યુ પછી તે દેવ થયા અને તે પછી તેણે વસુદેવ તરીકે જન્મ લીધો.
६. नंदिसेण	*क.*	*नन्दिषेण*	નંદીષેણ	આ અને નંદિવર્ધન એક છે.
७. नंदिसेण	*आ.*	*नन्दिषेण*	નંદીષેણ	કર્મવિવાગદશાનું છઠ્ઠું અધ્યયન.
नंदिसेणा	*भौ.*	*नन्दिसेना*	નંદીસેના	નંદિશ્વર દ્વીપમાં પશ્ચિમી અંજનગ પર્વત ઉપર આવેલી પુષ્કરિણી.
नंदिस्सर	*भौ.*	*नन्दीश्वर*	નંદીશ્વર	આ અને 'નંદીસર' એક છે.
नंदिस्सरवर	*भौ.*	*नन्दीश्वरवर*	નંદીશ્વરવર	જુઓ નંદીશ્વર.
नंदिस्सरा	*दे.*	*नन्दीश्वरा*	નંદીશ્વરા	વાયુકુમાર દેવોના ઇન્દ્રોનો ઘંટ.
नंदी	*आ.*	*नन्दी*	નંદી	જુઓ નંદિ.
नंदीगाम	*ऐ.*	*नन्दीग्राम*	નંદીગ્રામ	જુઓ નંદિગ્ગામ.
नंदीदीव	*भौ.*	*नन्दीद्वीप*	નંદીદ્વીપ	આ અને નંદીશ્વર એક છે.
नंदीफल	*आ.*	*नन्दीफल*	નંદીફલ	જ્ઞાતાધર્મકથાના શ્રુતસ્કન્ધ १ નું અધ્યયન १५.
नंदीसमुद्द	*भौ.*	*नन्दीसमुद्र*	નંદીસમુદ્ર	આ અને નંદીશ્વર એક છે.
१. नंदीसर	*भौ.*	*नन्दीश्वर*	નંદીશ્વર	ખોદોદ સમુદ્રને ચોતરફ ઘેરીને આવેલો વલયાકાર દ્વીપ. તેની ચારે દિશામાં ચાર અંજનગ પર્વતો છે. તે ४ પર્વતો ઉપર ४ જિનપ્રતિમાઓ ધરાવતા ચાર મંદિરો છે. તિર્થંકરોના જન્મ આદિ ઉજવવા દેવો ત્યાં જાય છે. વિદ્યાચારણ લબ્ધિ ધરાવનાર આ દ્વીપ સુધી જઈ શકે છે. કૈલાસઅને હરિવાહન આ બે તેના અધિષ્ઠાતા દેવો છે.
२. नंदीसर	*अ.*	*नन्दीश्वर*	નંદીશ્વર	મહિસ્સરના બે મિત્રોમાંનો એક.
३. नंदीसर	*भौ.*	*नन्दीश्वर*	નંદીશ્વર	નંદીશ્વરદ્વીપને બધી બાજુ ઘેરીને આવેલો સમુદ્ર. તેના અધિષ્ઠાતા દેવો સુમન અને સોમનસભદ્ર છે
नंदीसरवर	*भौ.*	*नन्दीश्वरवर*	નંદીશ્વરવર	આ અને નંદીશ્વર એક છે.
नंदीसरोद	*भौ.*	*नन्दीश्वरोद*	નંદીશ્વરોદ	આ અને નંદીશ્વર એક છે.

नंदीस्सर	*भौ.*	*नन्दीश्वर*	નંદીશ્વર	જુઓ નંદીશ્વર.
नंदीस्सरवरदीव	*भौ.*	*नन्दीश्वरवरद्वीप*	નંદીશ્વરવરદ્વીપ	આ અને નંદીશ્વર(૧) એક છે.
नंदुत्तर	*दे.*	*नन्दोत्तर*	નન્દોત્તર	ઉત્તરના ભવનપતિ દેવોના ભૂતાનંદ અને બીજા ઇન્દ્રોના સાત સેનાપતિઓમાંનો એક. તેને રથદળ નો હવાલો સોંપવામાં આવેલ છે.
नंदुत्तरवडिंसग	*दे.*	*नन्दोत्तरावतंसक*	નન્દોત્તરાવતંસક	મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૫ સાગરોપમ વર્ષનું છે.
१. नंदुत्तरा	*भौ.*	*नन्दोत्तरा*	નન્દોત્તરા	નંદીશ્વરદ્વીપમાં પૂર્વ અંજનગ પર્વત ઉપર આવેલી પુષ્કરિણી.
२. नंदुत्तरा	*दे.*	*नन्दोत्तरा*	નન્દોત્તરા	પૂર્વ રુચક પર્વતના 'પિટ્ઠ' નામના શિખર ઉપર વસતી મુખ્ય આઠ દિસાકુમારીઓમાંની એક.
३. नंदुत्तरा	*भौ.*	*नन्दोत्तरा*	નન્દોત્તરા	પૂર્વોત્તર રતિકર પર્વત ઉપર આવેલું સ્થળ. તે ઈશાનની રાણી કૃષ્ણાની રાજધાની છે.
४. नंदुत्तरा	*आ.*	*नन्दोत्तरा*	નન્દોત્તરા	અંતકૃદ્દશાના સાતમા વર્ગનું ત્રીજું અધ્યયન.
५. नंदुत्तरा	*श्र.*	*नन्दोत्तरा*	નન્દોત્તરા	રાજગૃહીના રાજા શ્રેણિકની રાણી. તેણે સંસારનો ત્યાગ કરી મહાવીર પાસે દીક્ષા લીધી હતી. તે ૨૦ વર્ષ શ્રમણજીવનની સાધના કરી મોક્ષ પામી હતી.
नंदोत्तरा	*श्र.*	*नन्दोत्तरा*	નન્દોત્તરા	જુઓ નંદુત્તરા.
नम्मदा	*भौ.*	*नर्मदा*	નર્મદા	એક નદી.
नक्खत्त	*दे.ज.*	*नक्षत्र*	નક્ષત્ર	જ્યોતિષ દેવોના પાંચ વર્ગોમાંનો એક. તેમાં ૨૮ નક્ષત્રો છે. આ ૨૮ નક્ષત્રો ચંદ્ર સાથે જોડાયેલા છે. તેઓના જુદા જુદા આકાર છે અને તેઓ પૃથ્વી ઉપર ૮૮૪ યોજનની ઊંચાઈએ ગતિ કરે છે. તેમની ગતિની ઝડપ ચંદ્ર, સૂર્ય અને ગ્રહોની ગતિ કરતા વધુ છે. તેમને તેમના પોતાના અધિષ્ઠાતા દેવો છે, ગોત્રનામ છે, મુખ્ય પત્નીઓ વગેરે છે. પ્રત્યેક નક્ષત્રનું માપ યોજનનો ચોથો ભાગ છે.
नगर	*आ.*	*नगर*	નગર	ભગવતીસૂત્રના ત્રીજા શતકનો છઠ્ઠો ઉદ્દેશક.
१. नग्गइ	*श्र.प्र.*	*नग्नजित्*	નગ્નજિત્	ગંધારમાં આવેલા પુરિસપુર નગરનો રાજા. તેને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવેલ છે.
२. नग्गइ	*अ.ता*	*नग्नजित्*	નગ્નજિત્	એક ક્ષત્રિય પરિવ્રાજક.
नच्चनसील	*अ.ता*	*नर्तनशील*	નર્તનશીલ	નૃત્ય કરી આજીવિકા મેળવતા સમણ પરિવ્રાજકો.
नट्टमालअ	*दे.*	*नृत्यमालक*	નૃત્યમાલક	ખંડપ્રપાતગુફાના અધિષ્ઠાતા દેવ.
नडपिडअ	*ऐ.*	*नटपिटक*	નટપિટક	ઉજ્જૈનીથી ભરુઅ જતા માર્ગમાં આવતું ગામ.
नत	*दे.*	*नत*	નત	આનતકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૧૯ સાગરોપમનું છે.
नभसेन	*क.*	*नभसेन*	નભસેન	રાજા ઉગ્રસેનનો પૌત્ર. આ અને ધનદેવ એક છે.

१. नमि	*ती.*	*नमि*	નમિ	વર્તમાન અવસર્પિણીમાં ભરતક્ષેત્રમાં થયેલા ૨૧ મા તીર્થંકર. તે મિથિલાના રાજા વિજય અને તેની રાણી વપ્રાના પુત્ર હતા. પૂર્વભવમાં અદીનશત્રુ હતા. તેમની ઊંચાઈ ૧૫ ધનુષ હતી. તેમનો વર્ણ તપ્તસુવર્ણ જેવો હતો. ૧૦૦૦ પુરુષો સાથે સહસ્રામ્રવન નામક ઉદ્યાનમાં શ્રમણપણું સ્વીકાર્યું. તેમને દેવકુરા પાલખીમાં લઈ ત્યાં જવાયા હતા. ઐરાવત માં તેમના સમકાલીન 'સોમકોટ્ટ' હતા. તેમણે પ્રથમ ભિક્ષા વીરપુરમાં દત્ત પાસેથી ગ્રહણ કરી. તેમની આજ્ઞામાં શ્રમણોના સત્તર ગણો હતા અને તે ૧૭ ગણધરો હતા. ૨૦૦૦૦ શ્રમણો હતા અને ૪૧૦૦૦ શ્રમણીઓ હતી. શુભ તેમનો મુખ્ય શિષ્ય હતો, અમલા તેમની મુખ્ય શિષ્યા હતી. તેમનું ૧૦૦૦૦ વર્ષનું આયુ પૂર્ણ થતા તે મોક્ષ પામ્યા. તેમાં અઢી હજાર વર્ષો રાજકુમાર તરીકે અને પાંચ હજાર વર્ષો રાજા તરીકે જીવ્યા.
२. नमि	*श्र.प्र.*	*नमि*	નમિ	વિદેહમાં આવેલ મિથિલા નગરીનો રાજા. એકથી વધુ બંગડી એકબીજા સાથે અથડાઈ અવાજ કરે છે જ્યારે એકલીઅટૂલી એક બંગડી એવું કંઈ કરતી નથી એવું અનુભવી તે રાજાએ સંસાર ત્યાગી દીધો. તેમને પ્રત્યેકબુદ્ધ માનવામાં આવ્યા છે.
३. नमि	*क.*	*नमि*	નમિ	કચ્છનો પુત્ર અને ઋષભનો પૌત્ર. તેણે ઋષભ પાસે રાજ્યભાગની માગણી કરી. નાગકુમારેન્દ્ર ધરણે તેની માગણીનો આગ્રહ ન રાખવા કહ્યું. અનેક વિદ્યાઓ તેને આપી. તેણે અને વિનમિએ વૈતાઢ્ય પર્વતની હારમાળામાં સંખ્યાબંધ નગરો વસાવ્યા, ત્યાં રાજ કર્યું. પછી તેણે ચક્રવર્તી ભરત સાથે યુદ્ધ કર્યું, તેના શરણ થયો.
४. नमि	*आ.*	*नमि*	નમિ	અંતકૃદ્દશાના દસ અધ્યયનોમાંનું પ્રથમ અધ્યયન વર્તમાનમાં તે અધ્યયન સૂત્રમાં નથી. તે અધ્યયન અને ઉત્તરાધ્યયનનું નમિપવ્વજ્જા એક જણાય છે.
नमिपव्वज्जा	*आ.*	*नमिप्रव्रज्या*	નમિપ્રવ્રજ્યા	ઉત્તરાધ્યયનનું નવમું અધ્યયન.
१. नमिया	*श्र.*	*नमिता*	નમિતા	નાગપુરના એક શેઠની પુત્રી. તેણે તીર્થંકર પાર્શ્વ પાસે દીક્ષા ગ્રહણ કરી અને પુષ્પચૂલની આજ્ઞામાં રહીને શ્રમણજીવનના સંયમનું પાલન કર્યું. મૃત્યુ પછી દક્ષિણના કિંપુરિસ દેવોના ઇંદ્ર સપ્પુરિસની મુખ્ય પત્ની બની. આ અને નવમિકા એક છે.
२. नमिया	*आ.*	*नमिता*	નમિતા	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના પાંચમાં વર્ગનું બાવીસમું અધ્યયન.

नमुदअ	*अ.*	*नमुदय*	નમુદય	ગોસાલકના બાર મુખ્ય ઉપાસકોમાંનો એક.
नमोक्कारणिज्जुत्ति	*आ.*	*नमस्कारनिर्युक्ति*	નમસ્કારનિર્યુક્તિ	આવશ્યકનિર્યુક્તિનો પ્રાથમિક ભાગ.
नम्मयासुंदरी	*श्रा.*	*नर्मदासुन्दरी*	નર્મદાસુન્દરી	એક સતી સ્ત્રી.
नरकंतप्पवाय	*ऐ.*	*नरकान्तप्रपात*	નરકાન્તપ્રપાત	જંબૂદ્વીપમાં મંદર પર્વતની ઉત્તરે રમ્યગ પ્રદેશમાં વહેતી નરકંતા નદીનો ધોધ.
१. नरकंता	*भौ.*	*नरकान्ता*	નરકાન્તા	જંબૂદ્વીપમાં વહેતી ચૌદ મોટી નદીઓમાંની એક. તે રુક્મિ પર્વત ઉપર આવેલા મહાપુંડરીક સરોવર થી નીકળે છે અને પૂર્વ તરફ રમ્યગપ્રદેશમાં વહે છે
२. नरकंता	*भौ.*	*नरकान्ता*	નરકાન્તા	આ અને નરકંતાકૂડ એક છે.
नरकंताकूड	*भौ.*	*नरकान्ताकूट*	નરકાન્તાકૂટ	રુક્મિપર્વતના આઠ શિખરોમાંનું એક.
नरदत्त	*ती.ग.*	*नरदत्त*	નરદત્ત	બાવીસમાં તીર્થંકર અરિષ્ટનેમિના પ્રથમ ગણધર. તેમનું બીજું નામ વરદત્ત છે.
नरदत्ता	*श्रा.*	*नरदत्ता*	નરદત્તા	એક દેવી
नरयविभत्ति	*आ.*	*नरकविभक्ति*	નરકવિભક્તિ	સૂત્રકૃત્ સૂત્રનું પાંચમું અધ્યયન.
नरवाहन	*अ.*	*नरवाहन*	નરવાહન	આ નામની લોકકથાનો નાયક.
नरवाहणिय	*अ.*	*नरवाहनिक*	નરવાહનિક	માણસોને એક સ્થાનથી બીજા સ્થાને લઈ જવા માટેના વાહનોના કામમાં રોકાયેલા ધંધાદારી માણસોનું ધંધાદારી આરિય(આર્ય) મંડળ.
नरिंद	*दे.*	*नरेन्द्र*	નરેન્દ્ર	લાંતકમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાર સાગરોપમ વર્ષનું છે અને તે દેવો બાર હજાર વર્ષે એકવાર શ્વાસ લે છે.
नरिंदकंत	*दे.*	*नरेन्द्रकान्त*	નરેન્દ્રકાન્ત	'णरिंद' જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.
नरिंदुत्तरवडिंसग	*दे.*	*नरेन्द्रोत्तरावतंसक*	નરેન્દ્રોત્તરાવતંસક	'णरिंद' જેવું જ સ્વર્ગીય વાસસ્થાન.
नलगिरि	*अ.प्रा*	*नलगिरि*	નલગિરિ	ઉજ્જૈનીના રાજા પ્રદ્યોતનો પ્રસિદ્ધ હાથી. તે અનલગિરિ નામે પણ જાણીતો હતો.
नलदाम	*अ.*	*नलदाम*	નલદામ	ચંદ્રગુપ્તના રાજકાળમાં ચાણક્યે નીમેલો કોટવાળ.
१. नलिन	*आ.*	*नलिन*	નલિન	ભગવતીસૂત્રના શતક ૧૧ નો આઠમો ઉદ્દેશક.
२. नलिन	*भौ.*	*नलिन*	નલિન	નલિનકૂડ પર્વતનું શિખર. તેની ઊંચાઈ પાંચ સો યોજન છે.
३. नलिन	*श्र.*	*नलिन*	નલિન	ભરતના ભાવિ પ્રથમ તીર્થંકર મહાપદ્મ પાસે ભવિષ્યમાં દીક્ષા લેનારા આઠ રાજાઓમાંનો એક.
४. नलिन	*भौ.*	*नलिन*	નલિન	પશ્ચિમ મહાવિદેહના દક્ષિણ ભાગના ૮ પ્રદેશમાં નો એક. અસોગાતેની રાજધાની છે. બીજા કેટલાક સ્થાનોમાં અસોગાના બદલે અવરા નો ઉલ્લેખ છે.
५. नलिन	*दे.*	*नलिन*	નલિન	મહાશુક્રમાં આવેલ વિમાન, ત્યાં વસતા દેવોનું આયુ ઉત્કૃષ્ટ ૧૮સાગરોપમ છે, ૧૮ પક્ષે એક વાર શ્વાસ લે છે, ૧૮૦૦૦ વર્ષે એક વાર ભૂખ લાગે છે.

६. नलिन	*भौ.*	*नलिन*	નલિન	દક્ષિણ રુચક(૧) પર્વતનું શિખર.
७. नलिन	*दे.*	*नलिन*	નલિન	મહાશુક્રમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સત્તર સાગરોપમ વર્ષનું છે.
नलिनकूड	*भौ.*	*नलिनकूट*	નલિનકૂટ	મંગલાવતી પ્રદેશની પશ્ચિમે, આવર્તની પૂર્વે, નીલવંત પર્વતની દક્ષિણે અને સીતા નદીની ઉત્તરે મહાવિદેહમાં આવેલો એક વક્ષસ્કાર પર્વત. તેને ચાર શિખરો છે — સિદ્ધાયતન, નલિન, આવર્ત, અને મંગલાવર્ત.
नलिनगुम्म	*दे.*	*नलिनगुल्म*	નલિનગુલ્મ	જુઓ નલીનીગુલ્મ(૬).
नलिणा	*भौ.*	*नलिना*	નલિના	મંદરપર્વતની દક્ષિણપૂર્વમાં આવેલી પુષ્કરિણી.
१. नलिणावइ	*भौ.*	*नलिनावती*	નલિનાવતી	મહાવિદેહ ક્ષેત્રની દક્ષિણપશ્ચિમમાં આવેલ એક વિજય.આ પ્રદેશની રાજધાની વીતસોગા છે. આ પ્રદેશ સલિલાવતી નામે પણ ઓળખાય છે.
२. नलिणावइ	*भौ.*	*नलिनावती*	નલિનાવતી	સુખાવહ પર્વતનું શિખર.
१. नलिणिगुम्म	*आ.*	*नलिनीगुल्म*	નલિનીગુલ્મ	કલ્પવડિંસિયાનું આઠમું અધ્યયન.
२. नलिणिगुम्म	*श्र.*	*नलिनीगुल्म*	નલિનીગુલ્મ	રામકૃષ્ણનો પુત્ર અને રાજા શ્રેણિકનો પૌત્ર. સંસાર ત્યાગ કરી મહાવીરનો શિષ્ય બન્યો હતો.
३. नलिणिगुम्म	*श्र.*	*नलिनीगुल्म*	નલિનીગુલ્મ	ભરતના પ્રથમ ભાવિ તીર્થંકર મહાપદ્મ જે આઠ રાજાને ભાવિમાં દીક્ષા આપશે તેમાંનો એક રાજા.
४. नलिणिगुम्म	*दे.*	*नलिनीगुल्म*	નલિનીગુલ્મ	સુધર્મકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન. આચાર્ય આસાઢ મરીને તેમાં દેવ તરીકે જન્મેલા.
५. नलिणिगुम्म	*ऐ.*	*नलिनीगुल्म*	નલિનીગુલ્મ	પુંડરીગિણી નગરીની બહાર આવેલું ઉદ્યાન. જુઓ નલિનિવન.
६. नलिणिगुम्म	*दे.*	*नलिनीगुल्म*	નલિનીગુલ્મ	સહસ્રારકલ્પમાં આવેલું સ્વર્ગીય વાસસ્થાન જ્યાં વસતા દેવોનું ઉત્કૃષ્ટ આયુ ૧૮ સાગરોપમનું છે. આ વાસસ્થાન નલીનીગુલ્મથી ભિન્ન છે.
नलिणिवन	*ऐ.*	*नलिनीवन*	નલિનીવન	પુંડરીગિણી નગરીની સમીપમાં આવેલું ઉદ્યાન. સંભવતઃ આ અને નલીનીગુલ્મ(૫) એક છે.
नलिया	*ऐ.*	*नालिका*	નાલિકા	સોમ અને સોમ, આ બેમાંથી દરેકની રાજધાની નું નામ ણલિયા છે. જુઓ સોમપ્પભ (૨).
नवग	*अ.*	*नवक*	નવક	વસંતપુરના એક શેઠ.
१. नवमिया	*दे.*	*नवमिका*	નવમિકા	પશ્ચિમ રુચક પર્વતના 'રુચગુમમ' શિખર ઉપર વસતી એક મુખ્ય દિસાકુમારી.
२. नवमिया	*आ.*	*नवमिका*	નવમિકા	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના નવમાં વર્ગનું છઠ્ઠું અધ્યયન.
३. नवमिया	*श्र.*	*नवमिका*	નવમિકા	કંપિલ્લપુરના શેઠની પુત્રી. તીર્થંકર પાર્શ્વએ તેને દીક્ષા આપી. પછીના ભવમાં તે શક્રની આઠ મુખ્ય પત્નીઓમાંની એક પત્ની રૂપે પુનર્જન્મ પામી છે.

४. नवमिया	*ऐ.*	*नवमिका*	નવમિકા	'સપ્પુરિસ'ની ચાર મુખ્ય પત્નીઓમાંની એક. આ અને નમિયા એક જ વ્યક્તિ છે. 'મહાપુરિસ'ની પત્નીનું નામ પણ નવમિકા જ છે.
नहवाहन	*क.*	*नभोवाहन*	નભોવાહન	ભરુચના રાજા. પ્રતિષ્ઠાનના રાજા સાલવાહને ભરુચ ઉપર ઘણી વાર આક્રમણ કર્યું, પણ નગર ની અતિ સમૃદ્ધિના કારણે તે વારંવાર હાર્યો. છેવટે પોતાના મંત્રીની બુદ્ધિચાતુરીથી જીત્યો. મંત્રી એ નભોવાહનના મંત્રી તરીકે થોડો વખત કામ કર્યું. સાલવાહન સામે યુદ્ધમાં નભોવાહનને દગો દીધો.
१. नाइल	*श्रा.*	*नागिल*	નાગિલ	ચંપાનગરનો શ્રમણોપાસક. તે સોની કુમારનંદિનો મિત્ર હતો. કુમારનંદિ અનંગસેન નામે જાણીતો હતો. મૃત્યુ પછી નાગિલ અચ્યુતદેવલોકે દેવ થયો
२. नाइल	*श्र.श्रा*	*नागिल*	નાગિલ	કુસત્થલ નગરનો શ્રાવક. તીર્થંકર અરિષ્ટનેમિના સમયમાં તે મોક્ષ પામ્યો.
३. नाइल	*श्र.*	*नागिल*	નાગિલ	શ્રમણ દુપ્પસહના ધર્મગુરુ
४. नाइल	*श्रा.*	*नागिल*	નાગિલ	વર્તમાન અવસર્પિણી કાલચક્રમાં જન્મ લેનારો છેલ્લો શ્રમણોપાસક.
१. नाग	*अ.ज.*	*नाग*	નાગ	અગિયાર કરણોમાંનું એક કરણ.
२. नाग	*आ.*	*नाग*	નાગ	ભગવતીસૂત્રના બારમા શતકનો આઠમો ઉદ્દેશક.
३. नाग	*आ.*	*नाग*	નાગ	ભગવતીસૂત્રના સત્તરમા શતકનો તેરમો ઉદ્દેશક.
४. नाग	*अ.*	*नाग*	નાગ	પ્રસેનજિત રાજાનો સારથિ અને સુલસાનો પતિ.
५. नाग	*श्रा.*	*नाग*	નાગ	ભદ્રીલપુરના શેઠ. તીર્થંકર અરિષ્ટનેમિના સમયમાં દેવકીના છ પુત્રોને પાળી–પોષીને ઉછેરનારી સુલસા નો તે પતિ હતો.
६. नाग	*भौ.*	*नाग*	નાગ	મહાવિદેહમાં વલ્ગુ પ્રદેશની પૂર્વે અને સીતોદા નદી ના ઉત્તર કિનારા ઉપર આવેલો એક વક્ષસ્કાર પર્વત. તેના શિખરનું નામ પણ નાગ છે.
नागकुमार	*दे.*	*नागकुमार*	નાગકુમાર	ભવનપતિ દેવોના દસ ભેદોમાંનો એક. આ ભેદ યા વર્ગના દેવો લોકપાલ વરુણના તાબામાં છે. તે દેવોના ૮૪ લાખ મહેલો છે. ધરણ અને ભૂતાનંદ તેમના ઇન્દ્રો છે. તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય બે પલ્યોપમ વર્ષોથી કંઈક ઓછું છે અને જઘન્ય આયુષ્ય દસ હજાર વર્ષ છે. તેમના મુગટ ઉપર સાપની ફેણનું ચિન્હ છે.
नागजण्ण	*अ.*	*नागयज्ञ*	નાગયજ્ઞ	જુઓ 'નાગમહ'.
नागजसा	*च.*	*नागयशा*	નાગયશા	પંથગની પુત્રી, તેને ચક્રવર્તી બ્રહ્મદત્ત(૧) સાથે પરણાવવામાં આવી હતી.

नागज्जुण	*श्र.*	*नागार्जुन*	નાગાર્જુન	આચાર્ય હિમવંતના શિષ્ય અને આચાર્ય ભૂય–દિન્નના ગુરુ. દેવર્ધિગણિની અધ્યક્ષતામાં વલ્લભી પુરમાં મળેલા મુનિસંમેલન પહેલાં વલ્લભીપુરમાં જ આગમોની વાચના વ્યવસ્થિત અને સ્થિર કરવા માટે નાગાર્જુનની અધ્યક્ષતામાં મુનિસંમેલન મળ્યું હતું. આ મુનિસંમેલનમાં નિશ્ચિત કરવામાં આવેલી આગમ વાચનાને નાગાર્જુનીયા વાચના કહે છે.
नागज्जुणीय	*श्र.*	*नागार्जुनीय*	નાગાર્જુનીય	જુઓ 'નાગજ્જુણ'.
नागणत्तुअ	*क.*	*नागनप्तृक*	નાગનપ્તૃક	આ અને વરુણ(૮) એક છે.
१. नागदत्त	*श्र.*	*नागदत्त*	નાગદત્ત	એક રાજકુમાર, જે તેના પૂર્વભવમાં નાગ હતો. તેણે સંસાર ત્યાગ કરી નાની ઉંમરમાં શ્રમણપણું સ્વીકાર્યું. તેને વારંવાર ભૂખ લાગતી, આખો દિવસ ખાધા કરતો. કોઈ તેના ભોજનમાં થૂંકે તો પણ ક્રોધનું કોઈ ચિહ્ન તેનામાં દેખાતું નહિ, તે એટલો સહનશીલ હતો અને થૂંકનાર પ્રત્યે લેશમાત્ર ક્રોધ ન કરતો. તે કેવલજ્ઞાન પામી, મોક્ષે ગયા.
२. नागदत्त	*श्र.*	*नागदत्त*	નાગદત્ત	પ્રતિષ્ઠાન નગરના નાગવસુ શેઠનો પુત્ર. તેણે સંસાર ત્યાગ કરી જિનકલ્પનો (નગ્ન શ્રમણાચાર) સ્વીકાર્યો પણ સફળતાપૂર્વક પાલન કરી ન શક્યો
३. नागदत्त	*श्रा.*	*नागदत्त*	નાગદત્ત	મણિપુરનો શેઠ. તેણે શ્રમણ ઇંદ્રદત્તને ભિક્ષા આપી. મૃત્યુ પછી તેણે મહાપુરના રાજા બલના પુત્ર મહાબલરાજકુમાર તરીકે જન્મ ધારણ કર્યો.
४. नागदत्त	*श्रा.*	*नागदत्त*	નાગદત્ત	નાગદત્ત શેઠનો પુત્ર. સંગીતમાં નિષ્ણાત હોવાના કારણે તે ગંધર્વ–નાગદત્ત હતો. તે સંસારનો ત્યાગ કરી મોક્ષ પામ્યો.
१. नागदत्ता	*च.*	*नागदत्ता*	નાગદત્તા	યક્ષહરિલની પુત્રી. તેને ચક્રવર્તી બ્રહ્મદત્ત સાથે પરણાવવામાં આવી હતી.
२. नागदत्ता	*ती.*	*नागदत्ता*	નાગદત્તા	સંસારત્યાગના પ્રસંગે સોળમાં તીર્થંકર શાંતિએ ઉપયોગમાં લીધેલી પાલખી.
नागदीव	*भौ.*	*नागद्वीप*	નાગદ્વીપ	દેવોદ સમુદ્રને બધી બાજુથી ઘેરીને આવેલો વલયાકાર દ્વીપ. તે દ્વીપની ફરતે બધી બાજુએ નાગોદ સમુદ્ર આવેલો છે.
नागपरिआवणिआ	*आ.*	*नागपरिज्ञापनिका*	નાગપરિજ્ઞાપનિકા	અંગબાહ્ય કાલિક આગમગ્રન્થ. જે વર્તમાનમાં અસ્તિત્વમાં નથી. ૧૩ વર્ષ કે તેથી વધુ દીક્ષાપર્યાય ધરાવનાર શ્રમણ તેને ભણવાનો અધિકારી છે.
नागपव्वय	*भौ.*	*नागपर्वत*	નાગપર્વત	આ અને નાગ(૬) એક છે.

नागपुर	*ऐ.*	*नागपुर*	નાગપુર	તીર્થંકર પાર્શ્વએ આ નગરની મુલાકાત લીધી હતી. આ નગરની સમીપ સહસ્રામ્રવનનામનું ઉદ્યાન હતું. આ નગર અને હસ્તિનાપુર એક છે.
नागमह	*अ.*	*नागमह*	નાગમહ	સર્પોના માનમાં ઉજવાતો ઉત્સવ.
नागवसु	*अ.*	*नागवसु*	નાગવસુ	નાગદત્તના પિતા. તે પ્રતિષ્ઠાન નગરના શેઠ હતા.
नागवित्त	*दे.*	*नागवित्त*	નાગવિત્ત	ભગવતીસૂત્રમાં ઉલ્લિખિત ભૂતાનંદના ચાર લોક–પાલોમાંનો એક. તેને ચાર મુખ્ય પત્નીઓ છે– 'સુણંદા(૪), સુભદ્રા(૪), સુજાયા(૩) અને સુમણા(૪)'. સ્થાનમાં આપેલા લોકપાલોના નામોમાં નાગવિત્તનું નામ નથી પણ તેના બદલે કાલવાલનો ઉલ્લેખ છે.
१. नागसिरी	*अ.*	*नागश्री*	નાગશ્રી	પ્રતિષ્ઠાન નગરના શેઠ નાગવસુની પત્ની અને નાગદત્તની માતા.
२. नागसिरी	*क.*	*नागश्री*	નાગશ્રી	ચંપાનગરીના બ્રાહ્મણ સોમની પત્ની. એક વાર તેણે શ્રમણ ધર્મરુચિને ભિક્ષામાં કડવા તુંબડાનું બનાવેલું શાક આપ્યું. શ્રમણે તે શાક ફેંકી ન દીધુ કેમ કે તે ફેંકી દીધેલા શાકને હજારો કીડીઓ ખાય તો તે બધી મરી જાય. તેથી તે પોતે જ તે શાક ખાઈ ગયા અને મૃત્યુ પામ્યા. અનેક જન્મ અને મરણ પછી નાગશ્રી, રાજા દ્રુપદની પુત્રી દ્રૌપદી તરીકે જન્મી.
नागसुहुम	*अ.*	*नागसूक्ष्म*	નાગસૂક્ષ્મ	એક લૌકિક વિદ્યાનો ગ્રન્થ.
नागसेण	*अ.*	*नागसेन*	નાગસેન	મહાવીરને ભિક્ષા આપનારો ઉત્તરવાચાલનો શેઠ.
नागहत्थि	*श्र.*	*नागहस्तिन्*	નાગ્રહસ્તિન્	આચાર્ય નંદિલનો શિષ્ય.
नागोद	*भौ.*	*नागोद*	નાગોદ	નાગદીવની ફરતે આવેલો સમુદ્ર. આ સમુદ્રની ફરતે વલયાકાર યક્ષદ્વીપ આવેલો છે.
नाणप्पवाय	*आ.*	*ज्ञानप्रवाद*	જ્ઞાનપ્રવાદ	જ્ઞાનનું નિરૂપણ કરતો પાંચમું પૂર્વ સૂત્ર. વર્તમાન માં તેનું અસ્તિત્વ નથી, તે નાશ પામ્યો છે.
१. नात	*अ.*	*ज्ञातृ / ज्ञात*	જ્ઞાતૃ / જ્ઞાત	જુઓ णातवंस.
२. नात	*आ.*	*ज्ञातृ / ज्ञात*	જ્ઞાતૃ / જ્ઞાત	જુઓ જ્ઞાતાધર્મકથા.
नातकुल	*अ.*	*ज्ञातृकुल/ज्ञातकुल*	જ્ઞાતૃકુલ/જ્ઞાતકુલ	જુઓ णातवंस.
नातवंस	*अ.ती*	*ज्ञातृवंश/ज्ञातवंश*	જ્ઞાતૃવંશ/જ્ઞાતવંશ	ઋષભ(૧), મહાવીર આદિના વંશજોનો વંશ. તે અને ઇક્ષ્વાગ વંશ એક છે. પ્રજ્ઞાપના અનુસાર જ્ઞાત અને ઇક્ષ્વાક એ બંને જુદા વંશો છે.

नाभि	*ती.*	*नाभि*	નાભિ	મરુદેવ, તેમની પત્ની શ્રીકંતાનો પુત્ર. તે અવસર્પિણીના ત્રીજા આરાનો પલ્યોપમનો આઠમો ભાગ બાકી હતો ત્યારે જન્મ્યા હતા. તે મરુદેવીના યુગલિક હતા. તેમની ઊંચાઈ પરપ ધનુષ હતી. તેમને ઋષભનામે પુત્ર હતો, તેનો જન્મ વિનીત ભૂમિમાં થયેલો. આ ઋષભ વર્તમાન અવસર્પિણીના પ્રથમ તીર્થંકર છે. નાભિને સુમંગલા નામે પુત્રી હતી. આ સુમંગલા જ ભરતની માતા હતી. નાભિને વર્તમાન અવસર્પિણી કાલચક્રના સાતમા અને છેલ્લા કુલકર કહ્યા છે. બીજી પરંપરા મુજબ તે આ અવસર્પિણીના ૧૫ કુલગરોમાંના ૧૪ માં કુલકર છે. તેમણે 'ધિક્કાર' ની શિક્ષા શરૂ કરી.
नामुदअ	*क.गो*	*नामोदय*	નામોદય	ગોસાલકના બાર મુખ્ય ઉપાસકોમાંનો એક. પછીથી તે મહાવીરનો અનુયાયી બની ગયો.
१. नाय	*आ.*	*ज्ञात*	જ્ઞાત	જ્ઞાતાધર્મકથાનો પ્રથમ શ્રુતસ્કન્ધ. તેમાં ઓગણીસ અધ્યયનો છે.
२. नाय	*अ.*	*ज्ञातृ / ज्ञात*	જ્ઞાતૃ / જ્ઞાત	એક આર્ય વંશ. જે જ્ઞાતવંસથી અભિન્ન છે અને એક ક્ષત્રિય જાતિ તરીકે જાણીતો છે.
नायज्झयण	*आ.*	*ज्ञाताध्ययन*	જ્ઞાતાધ્યયન	આ અને નાય(૧) એક છે.
नायपुत्त	*ती.*	*ज्ञातपुत्र/ज्ञातृपुत्र*	જ્ઞાતપુત્ર/જ્ઞાતૃપુત્ર	મહાવીરનું બીજું નામ. તે જ્ઞાત વંશના હતા અને તેથી તે જ્ઞાતપુત્ર તરીકે ઓળખાતા હતા.
नायमुणि	*ती.*	*ज्ञातमुनि/ज्ञातृमुनि*	જ્ઞાતમુનિ/ જ્ઞાતૃમુનિ	મહાવીરનું બીજું નામ. આ નામનો આધાર મહાવીરનો જ્ઞાત વંશ છે.
नायसंड	*ऐ.*	*ज्ञातृखण्ड/ ज्ञातखण्ड*	જ્ઞાતૃખણ્ડ / જ્ઞાતખણ્ડ	મહાવીરે જ્યાં શ્રામણ્યનો સ્વીકાર કર્યો હતો તે, ક્ષત્રિયકુંડગ્રામ પાસે આવેલું વન યા ઉદ્યાન.
नायसंडवण	*ऐ.*	*ज्ञातृखण्डवन/ ज्ञातखण्डवन*	જ્ઞાતૃખણ્ડવન / જ્ઞાતખણ્ડવન	આ અને 'णायसंड' એક છે.
नायसुय	*आ.*	*ज्ञातश्रुत*	જ્ઞાતશ્રુત	આ અને णाय(૧) એક છે.
नायाधम्मकहा	*आ.*	*ज्ञाताधर्मकथा*	જ્ઞાતાધર્મકથા	બાર અંગસૂત્રોમાં છઠ્ઠું અંગસૂત્ર. તે ગદ્ય રચના છે. બે શ્રુતસ્કન્ધોમાં વિભક્ત છે– જ્ઞાત અને ધર્મકહા પહેલામાં ઓગણીસ અધ્યયનો છે જ્યારે બીજામાં દસ વર્ગો છે. બીજા શ્રુતસ્કન્ધના દસ વર્ગોમાંનો પ્રત્યેક વર્ગ અનેક વિભાગોમાં (અધ્યયનોમાં) વિભક્ત છે. નૈતિક યા ધાર્મિક બોધના પ્રયોજન વાળી કથાનું નિરૂપણ આ સૂત્રમાં છે. તેના ઉપર અભયદેવસૂરિએ ટીકા લખી છે. શ્રુતસ્કન્ધ ૧, અધ્યયન ૮ માં ૧૯મા તીર્થંકર મલ્લિની કથા આપે છે.

१. नारद	*क.*	*नारद*	નારદ	શૌર્યપુરના યજ્ઞદત્ત અને સોમજસાનો પુત્ર. તે અને કચ્છુલ્લનારદ એક જ વ્યક્તિ છે.
२. नारद	*ती.*	*नारद*	નારદ	બાવીસમા ભાવિ તીર્થંકર વિમલનો પૂર્વભવ.
३. नारद	*अ.ता*	*नारद*	નારદ	એક બ્રાહ્મણ પરિવ્રાજક અને તેના અનુયાયીઓ.
४. नारद	*श्र.प्र.*	*नारद*	નારદ	અરિષ્ટનેમિના તીર્થમાં થયેલા એક અજૈન ઋષિ જેમને પ્રત્યેકબુદ્ધ તરીકે સ્વીકારવામાં આવ્યા છે.
नारय	*श्र.प्र.*	*नारद*	નારદ	જુઓ નારદ(४).
नारयपुत्त	*ती.श्र*	*नारदपुत्र*	નારદપુત્ર	તીર્થંકર મહાવીરનો શિષ્ય.
१. नारायण	*च.*	*नारायण*	નારાયણ	વર્તમાન અવસર્પિણીમાં ભરતક્ષેત્રમાં થયેલા ૮ મા વાસુદેવ. તે અને લક્ષ્મણ એક છે. તે તીર્થંકર મુનિસુવ્રત પછી અને નમિ પહેલાં થયા. અયોધ્યા ના રાજા દશરથ અને તેની રાણી કેગમતીના પુત્ર હતા. બલદેવ પદ્મના અર્થાત્ રામના નાના ભાઈ હતા. તેમણે પોતાના ચક્ર વડે રાવણને હણેલો. તેમની ઊંચાઈ ૧૬ ધનુષ હતી. તે કાશ્યપ ગોત્રના હતા. તેમનું પૂર્વભવનું નામ પુનર્વસુ હતું.૧૨૦૦૦ વર્ષનું આયુષ્ય ભોગવી તે મૃત્યુ પામ્યા અને ચોથી નરકભૂમિમાં તેમણે જન્મ લીધો.
२. नारायण	*श्र.प्र.*	*नारायण*	નારાયણ	એક અજૈન ઋષિ, જે મોક્ષ પામ્યા.
नारायणकट्ठ	*ऐ.*	*नारायणकोष्ठ*	નારાયણકોષ્ઠ	મથુરા નગરની બહાર આવેલું સ્થળ.
नारिकंता	*भौ.*	*नारिकान्ता*	નારિકાન્તા	જુઓ 'नारीकंता'.
नारी	*भौ.*	*नारी*	નારી	આ અને णारीकंता એક છે.
१. नारीकंता	*भौ.*	*नारीकान्ता*	નારીકાન્તા	નીલવંત પર્વતનાં નવ શિખરોમાંનું એક.
२. नारीकंता	*भौ.*	*नारीकान्ता*	નારીકાન્તા	નીલવંત પર્વત ઉપર આવેલા કેસરિસરોવર માંથી નીકળી પશ્ચિમ તરફ રમ્યગ પ્રદેશમાં વહેતી નદી.
नालंदइज्ज	*आ.*	*नालन्दीय*	નાલન્દીય	સૂત્રકૃત્ નું તેવીસમું અધ્યયન.
नालंदा	*ऐ.*	*नालन्दा*	નાલન્દા	રાજગૃહી નગરનું ઉપનગર. ગોસાલકની મહાવીર સાથે પ્રથમ મુલાકાત અહીં થયેલી. જુઓ મહાવીર
नालिंदा	*ऐ.*	*नालन्दा*	નાલન્દા	આ અને નાલંદા એક છે.
नाली	*आ.*	*नाली*	નાલી	ભગવતીસૂત્રના શતક ૧૧નો ઉદ્દેશક ૫.
नासिक्क	*भौ.*	*नासिक्य*	નાસિક્ય	આ અને નાસિક્યનગર એક છે.
नासिक्कणगर	*भौ.*	*नासिक्यनगर*	નાસિક્યનગર	સુંદરીનો પતિ નંદ જે નગરનો હતો તે નગર.
निअया	*भौ.*	*नियता*	નિયતા	જંબુસુદર્શના વૃક્ષનું બીજું નામ.
णिंबअ	*अ.*	*निम्बक*	નિમ્બક	અંબરિસિનો પુત્ર. જુઓ અંબરિસિ.
निक्कसाय	*ती.*	*निष्कषाय*	નિષ્કષાય	ભરતક્ષેત્રના ચૌદમા ભાવિ તીર્થંકર અને બલદેવ નો ભાવિ જન્મ.

निक्खित्तसत्थ	*ती.*	*निक्षिप्तशस्त्र*	નિક્ષિપ્તશસ્ત્ર	જંબૂદ્વીપમાંના ઐરાવતક્ષેત્રના બારમા તીર્થંકર.
निग्गंथ	*श्र.*	*निर्ग्रन्थ*	નિર્ગ્રન્થ	પાંચ સમણસંપ્રદાયોમાંનો એક. નિગ્ગંથનો અર્થ છે– મુનિ યા સાધુ અર્થાત્ ભ૦ મહાવીરનો શિષ્ય. નિગ્ગંથ, વૈચારિક અને ભૌતિક બંધનોથી મુક્ત છે અથવા જે આંતરિક અને બાહ્ય મળોથી–ગ્રન્થોથી અર્થાત્ કષાયો અને પરિગ્રહોના વળગણો અને બંધનોથી રહિત છે. નિગ્ગંથ ઉપદેશનો અર્થ છે 'મહાવીર યા બીજા તિત્થયરોનો ઉપદેશ.'
निच्चमंडिआ	*भौ.*	*नित्यमण्डिता*	નિત્યમણ્ડિતા	જંબુસુદર્શનાનું બીજું નામ.
निच्चालोअ	*दे.ज.*	*नित्यालोक*	નિત્યાલોક	અઠ્યાસી ગ્રહમાનો એક.
निच्चालोग	*दे.ज.*	*नित्यालोक*	નિત્યાલોક	જુઓ 'નિચ્ચાલોઅ'.
निच्चुज्जोत	*दे.ज.*	*नित्योद्द्योत*	નિત્યોદ્દ્યોત	જુઓ 'નિચ્ચાલોઅ'.
१. निण्णग	*क.*	*निम्नक*	નિમ્નક	પુરિમતાલ નગરનો બહુ ધનિક ઈંડાનો વેપારી. હિંસક ધંધાના કારણે તેણે ઘણુ પાપ બાંધ્યું. મૃત્યુ પછી નરકમાં ગયો પછી તે વિજયના અભગ્નસેન નામક પુત્ર તરીકે જન્મ્યો.
२. निण्णग	*अ.भौ*	*निम्नक*	નિમ્નક	એક અનાર્ય (અનાર્ય) દેશ અને તેના લોકો.
निण्णामिया	*क.*	*निर्नामिका*	નિર્નામિકા	લલિતંગ દેવની મુખ્ય પત્ની સ્વયંપ્રભાનો પૂર્વ ભવ. નંદિગ્રામના ગરીબ કુટુંબમાં તે જન્મી હતી. સુમંગલ અને સુલક્ખણા તેની બહેનો હતી.
निण्हइया	*अ.*	*निह्नविका*	નિહ્નવિકા	અઢાર બંભિ(૨) લિપિઓમાંની એક.
निण्हग	*अ.नि*	*निह्नव*	નિહ્નવ	જુઓ નિહ્નવ.
निण्हय	*अ.नि*	*निह्नव*	નિહ્નવ	જુઓ નિહ્નવ.
निण्हव		*निह्नव*	નિહ્નવ	'નિણ્હાતિ' એટલે સત્યને ઢાંકવું કે ટાળવું અને ભ્રમ ઊભો કરવો. જે વ્યક્તિ મૂળસિદ્ધાંતથી વિપ–રીતછે તે નિહ્નવ કહેવાય છે. તે માટે તે ખોટાં કે મિથ્યા સિદ્ધાંતો પ્રવર્તાવે છે. તેને સન્માર્ગથી ભ્રષ્ટ થયેલો માનવામાં આવે છે. ભ૰મહાવીર પછી સાત નિહ્નવો થયા. તે આ પ્રમાણે– જમાલિ, તિષ્યગુપ્ત, આસાઢ, અશ્વમિત્ર, ગંગ, રોહગુપ્ત, ગોષ્ઠામાહિલ. તેમના સિદ્ધાંતો યથા ક્રમે આ પ્રમાણે— બહુરય, જીવપએસિય, અવ્વત્ત, સમુચ્છેય, દોકિરિય, તેરાસિય અને અબદ્ધિય'. શિવભૂતિને પણ નિહ્નવ ગણેલ છે. તેણે બોટિક સંપ્રદાય સ્થાપ્યો.
निद्दड्ढ/निद्दड्ढ	*भौ.*	*निर्दग्ध*	નિર્દગ્ધ	રત્નપ્રભા(૨) નરકભૂમિમાં આવેલું એક મહાણિરય.
निप्पुलाअ	*ती.*	*निष्पुलाक*	નિષ્પુલાક	ભરત(૨) ક્ષેત્રના પંદરમાં ભાવિ તીર્થંકર અને રોહિણી (૨)નો ભાવિ જન્મ.

निमग्गजला	*भौ.*	*निमग्नजला*	નિમગ્નજલા	તિમિસ્રા ગુફામાં વહેતી નદી. તેમાં જે કોઈ વસ્તુ પડે તેને તે ડૂબાડી દે છે. આ જ નામની બીજી નદી ખંડપ્રપાત ગુફામાં વહે છે.
निमज्जग	*अ.ता*	*निमज्जक*	નિમજ્જક	વાનપ્રસ્થ તાપસોનો વર્ગ જેઓ સ્નાન કરતી વખતે કેટલીક ક્ષણ પાણીમાં ડૂબેલા રહે છે.
निमुग्गजला	*भौ.*	*निमग्नजला*	નિમગ્નજલા	જુઓ 'નિમગ્ગજલા'.
निम्मम	*ती.*	*निर्मम*	નિર્મમ	ભરતક્ષેત્રના સોળમા ભાવિ તીર્થંકર અને સુલસા નો ભાવિ જન્મ.
निम्मल	*दे.भौ.*	*निर्मल*	નિર્મલ	બ્રહ્મલોકના છ થરો યા કાંડોમાંનો એક.
नियइपव्वयग	*दे.*	*नियतिपर्वतक*	નિયતિપર્વતક	સૂર્યાભ સ્વર્ગીય વાસસ્થાનમાં આવેલ એક જાતના પર્વતો. ત્યાં વસતા દેવો સદા ક્રીડા કરતા હોય છે.
१. नियंठ	*श्र.*	*निर्ग्रन्थ*	નિર્ગ્રન્થ	આ અને નિગ્ગંથ એક છે.
२. नियंठ	*आ.*	*निर्ग्रन्थ*	નિર્ગ્રન્થ	ભગવતીસૂત્રના પાંચમા શતકનો આઠમો ઉદ્દેશક.
नियंठि	*आ.*	*निर्ग्रन्थि*	નિર્ગ્રન્થિ	જુઓ 'ખુડ્ડાગનિર્ગ્રંથીય'.
नियंठिज्ज	*आ.*	*निर्ग्रन्थीय*	નિર્ગ્રન્થીય	જુઓ ''अणाहपवज्झा'.
नियंठीपुत्त	*श्र.*	*निर्ग्रन्थिपुत्र*	નિર્ગ્રન્થિપુત્ર	તીર્થંકર મહાવીરનો શિષ્ય.
नियपव्वय	*भौ.*	*नियतपर्वत*	નિયતપર્વતી	આ અને 'णियइपर्वतग' એક છે.
नियल	*दे.ज.*	*निगड*	નિગડ	આ અને 'णियल्ल' એક છે.
नियल्ल	*दे.ज.*	*निगड*	નિગડ	૮૮ ગ્રહમાનો ૧. સ્થાનસૂત્રમાં જ તેનો ઉલ્લેખ છે.
१. निरइ	*स.*	*निर्ऋति*	નિર્ઋતિ	પખવાડિયાના ૧૫માં દિવસની રાત્રિનું બીજું નામ
२. निरइ	*दे.*	*निर्ऋति*	નિર્ઋતિ	મૂલનક્ષત્રની અધિષ્ઠાત્રી દેવી.
निरंगण	*अ.*	*निरंगण*	નિરંગણ	કોસંબીનો રાજમલ્લ. તેને ઉજ્જૈનીના મલ્લ અદ્દણે હરાવ્યો હતો.
१. निरंभा	*दे.*	*निरम्भा*	નિરમ્ભા	બલિની મુખ્ય પત્ની. તે પોતાના પૂર્વભવમાં શ્રાવસ્તીના શેઠની પુત્રી હતી.
२. निरंभा	*आ.*	*निरम्भा*	નિરમ્ભા	બીજા શ્રુતસ્કન્ધના બીજા વર્ગનું ચોથું અધ્યયન.
निरयविभत्ति	*आ.*	*निरयविभक्ति*	નિરયવિભક્તિ	સૂત્રકૃત્ ના પ્રથમ શ્રુતસ્કન્ધનું પાંચમું અધ્યયન. આ અને નારયવિભક્તિએક છે.
१. निरयावलिया	*आ.*	*निरयावलिका*	નિરયાવલિકા	અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. અંગબાહ્ય આગમ ના વર્ગોમાંથી એક વર્ગ ઉપાંગોનો છે. ઉપાંગમાં એક પાંચનું જૂથ છે, તે જૂથમાંનો આ સૂત્ર છે.
२. निरयावलिया	*आ.*	*निरयावलिका*	નિરયાવલિકા	નિરયાવાલિકામાં ઉપાંગ વર્ગમાં જે પાંચનું જૂથ જણાવ્યું છે તે પાંચ માટેનું આ સામાન્ય નામ છે. કપ્પિયા એ નિરયાવાલિકાનું બીજું નામ છે.
निव्वत्ति	*आ.*	*निर्वृत्ति*	નિર્વૃત્તિ	ભગવતીસૂત્રના શતક ૧૯નો આઠમો ઉદ્દેશક.
निरुंभा	*आ.*	*निरुम्भा*	નિરુમ્ભા	આ અને નિરંભા એક છે.
निव्वाण	*ती.*	*निर्वाण*	નિર્વાણ	ઐરાવત(૧) ક્ષેત્રના ત્રીજા ભાવિ તીર્થંકર.

निलवंत	*भौ.*	*नीलवन्त*	નીલવન્ત	જુઓ નીલવંત(૪).
निव्वाणी	*दे.*	*निर्वाणी*	નિર્વાણી	એક દેવી.
निव्वुइ	*क.*	*निर्वृत्ति*	નિર્વૃત્તિ	મથુરાના રાજા જિતશત્રુની પુત્રી. રાજા ઇંદ્રદત્તના પુત્ર સુરેંદ્રદત્ત સાથે પરણાવવામાં આવી હતી.
निव्वुइकरा	*ती.*	*निर्वृतिकरा*	નિર્વૃત્તિકરા	સંસારત્યાગના પ્રસંગે અઢારમાં તીર્થંકર અર માટે ઉપયોગમાં લેવાયેલી પાલખી.
१. निसढ	*श्र.*	*निषध*	નિષધ	બારાવતીના બલદેવ અને પત્ની રેવઈનો પુત્ર. તે ૫૦ રાજકુંવરીઓને પરણ્યો હતો. તે સંસાર તજી તીર્થંકર અરિષ્ટનેમિનો શિષ્ય બન્યો. નવ વર્ષના શ્રમણજીવનના પાલન પછી મરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં તે દેવ તરીકે જન્મ્યો. મહાવિદેહ ક્ષેત્રમાં એક વધુ ભવ કરી નિષધ મહાવિદેહક્ષેત્રમાં મોક્ષ પ્રાપ્ત કરશે. કમલામેલાનો પતિ સાગરચંદ્ર તેનો પુત્ર હતો અને પ્રભાવતી તેની પત્ની હતી.
२. निसढ	*भौ.*	*निषध*	નિષધ	જંબૂદ્વીપમાં આવેલો પર્વત. મહાવિદેહની દક્ષિણે, હરિવાસની ઉત્તરે, પૂર્વ લવણસમુદ્રની પશ્ચિમે અને પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે આવેલો છે. તેની ઊંચાઈ ચારસો યોજન છે. તેને નવ શિખર છે.
३. निसढ	*दे.*	*निषध*	નિષધ	આ જ નામવાળા પર્વત ઉપર વસતો દેવ.
४. निसढ	*भौ.*	*निषध*	નિષધ	આ જ નામવાળા પર્વતના નવ શિખરોમાંનું એક.
५. निसढ	*भौ.*	*निषध*	નિષધ	મંદરપર્વતના નવ શિખરોમાંનું નંદનવનમાં આવેલું શિખર.
६. निसढ	*भौ.*	*निषध*	નિષધ	મંદરપર્વતની દક્ષિણે દેવકુરામાં આવેલું સરોવર. સીતોદા નદી તેના બે ભાગ કરતી પસાર થાય છે.
७. निसढ	*आ.*	*निषध*	નિષધ	વૃષ્ણિદશાનું પ્રથમ અધ્યયન.
निसढकूड	*भौ.*	*निषधकूट*	નિષધકૂટ	જુઓ નિસઢ(૫).
निसह	*भौ.*	*निषध*	નિષધ	જુઓ નિસઢ.
निसहकूड	*भौ.*	*निषधकूट*	નિષધકૂટ	આ અને 'णिसढ'(૫) એક છે.
निसाद	*अ.*	*निषाद*	નિષાદ	નવ સંકર જાતિઓમાંની એક. બ્રાહ્મણ પુરુષ અને શૂદ્ર સ્ત્રીના સમાગમથી આ જાતિ પેદા થઈ છે.

निसीह	*आ.*	*निशीथ*	નિશીથ	અંગબાહ્ય કાલિક આગમસૂત્ર. આ ગદ્યમય રચના વીસ ઉદ્દેશોમાં વિભક્ત છે. શ્રમણ અને શ્રમણીના આચાર નિયમો નિરૂપે છે, દોષો માટે પ્રાયશ્ચિત્ત, તપવિધાન છે. નિયમોના અપવાદો પણ જણાવે છે. તેના કર્તા વિસાહગણિ છે. પહેલાં તે આચાર કલ્પનો એક ભાગ હતો પછીથી તેનાથી છૂટો પાડી અલગ કરી દેવામાં આવ્યો. 'નિસીહ' શબ્દનો અર્થ અંધકાર થાય છે અને અંધકાર ગોપનીયતાનું પ્રતીક છે. તેના બીજા નામો નીચે પ્રમાણે છે– પકલ્પ, આચારકલ્પ, આચારકલ્પ, નિસીહચૂલા.
निसीहचुण्णि	*आ.*	*निशीथचूर्णि*	નિશીથચૂર્ણિ	જુઓ નિસીહવિસેસચુણ્ણિ.
निसीहचूला	*आ.*	*निशीथचूडा*	નિશીથચૂડા	આ અને નિસીહ એક છે. પહેલાં તે આચારના પરિશિષ્ટ (ચૂલા) રૂપ હતો.
निसीहविसेसचुण्णि	*आ.*	*निशीथविशेषचूर्णि*	નિશીથવિશેષચૂર્ણિ	જિનદાસગણિ મહત્તરે નિસીહ ઉપર લખેલી ચૂર્ણિ. જિનદાસગણિ પહેલાં કોઈએ લખેલી નિસીહ–ચુણ્ણિ–વિવેચનથી આ ભિન્ન છે.
निसुंभ	*च.*	*निशुम्भ*	નિશુમ્ભ	વર્તમાન અવસર્પિણીમાં ભરતક્ષેત્રમાં થયેલા પ માં પ્રતિશત્રુ. તેમને પુરિસસીહે જેલમાં પૂર્યા હતા.
१. निसुंभा	*दे.*	*निशुम्भा*	નિશુમ્ભા	બલિની પાંચ મુખ્ય પત્નીઓમાંની એક. તે તેના પૂર્વભવમાં શ્રાવસ્તીના શેઠની પુત્રી હતી.
२. निसुंभा	*आ.*	*निशुम्भा*	નિશુમ્ભા	જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કન્ધના બીજા વર્ગનું બીજું અધ્યયન.
नीरअ	*भौ.*	*नीरजस्*	નીરજસ્	બ્રહ્મલોકના છ થરોમાંનો એક.
१. नील	*दे.ज.*	*नील*	નીલ	અઠ્યાસી ગ્રહમાંનો એક.
२. नील	*भौ.*	*नील*	નીલ	આ અને નીલવંત એક છે.
नीलकंठ	*दे.*	*नीलकण्ठ*	નીલકણ્ઠ	ધરણના પાંચ સેનાપતિઓમાંનો એક. તે આખલાઓના દળનો નાયક છે.
नीलगुहा	*ऐ.*	*नीलगुहा*	નીલગુફા	રાજગૃહીનું ઉદ્યાન જ્યાં વીસમા તીર્થંકર મુનિ–સુવ્રતે શ્રામણ્ય સ્વીકાર્યું.
नीलभद्द	*अ.*	*नीलभद्र*	નીલભદ્ર	ખરાબ સોબતવાળો માણસ.
१. नीलवंत	*भौ.*	*नीलवत्*	નીલવત્	જંબૂદ્વીપમાં આવેલો પર્વત. તે મહાવિદેહ ક્ષેત્રની ઉત્તરે, રમ્યગ પ્રદેશની દક્ષિણે, પૂર્વ લવણસમુદ્રની પશ્ચિમે અને પશ્ચિમ લવણસમુદ્રની પૂર્વે આવ્યો છે તેની ઊંચાઈ ૪૦૦યોજન છે. નવ શિખરો છે – સિદ્ધાયતન, નીલવંત, પૂર્વવિદેહ, સીઆ, કિત્તિ, ણારી, અવરવિદેહ, રમ્યગકૂડ અને ઉવદંસણ.

२. नीलवंत	*भौ.*	*नीलवत्*	નીલવત્	ઉત્તરકુરુમાં વહેતી સીતા નદીના પ્રવાહમાર્ગની મધ્યમાં આવેલા પાંચ સરોવરોમાંનું એક.
३. नीलवंत	*दे.*	*नीलवत्*	નીલવત્	આ જ નામવાળા પર્વત ઉપર વસતો દેવ.
४. नीलवंत	*भौ.*	*नीलवत्*	નીલવત્	આ જ નામવાળા પર્વતના ૯ શિખરોનું એક શિખર
५. नीलवंत	*भौ.*	*नीलवत्*	નીલવત્	ભદ્રશાલવનમાં આવેલો દિશાહસ્તિકૂડ.
नीलवंतद्दह	*भौ.*	*नीलवद्द्रह*	નીલવદ્દ્રહ	જુઓ નીલવંત.
नीलवंतद्दहकुमार	*दे.*	*नीलवद्द्रहकुमार*	નીલવદ્દ્રહકુમાર	આ અને નીલવંત એક છે.
नीला	*भौ.*	*नीला*	નીલા	રક્તાને મળતી નદી.
नीलासोअ	*ऐ.*	*नीलाशोक*	નીલાશોક	સૌગંધિકા નગરની બહાર આવેલું ઉદ્યાન.
नीलोभास	*दे.ज.*	*नीलाभास*	નીલાભાસ	અઠ્યાસી ગ્રહમાંનો એક ગ્રહ.
नेदूर	*भौ.ऐ.*	*नेदूर*	નેદૂર	આ અને નેહુર એક છે.
नेपाल	*भौ.ऐ.*	*नेपाल*	નેપાલ	બાર વર્ષના દુકાળ દરમ્યાન પૂરેપૂરો સમય આચાર્ય ભદ્રબાહુ જે દેશમાં રહ્યા હતા તે દેશ. ભદ્રબાહુ પાસેથી દૃષ્ટિવાદનું જ્ઞાન પ્રાપ્ત કરવા પાડલિપુત્ર થી થૂલભદ્ર અને અન્ય સાધુઓ નેપાલ ગયા. તે દેશ તેની રત્નકંબલ માટે પ્રસિદ્ધ હતો.
नेमाल	*भौ.ऐ.*	*नेपाल*	નેપાલ	જુઓ નેપાલ.
नेमि	*ती.*	*नेमि*	નેમિ	આ અને અરિષ્ટનેમિ એક છે.
नेमिचंद	*श्र.*	*नेमिचन्द्र*	નેમિચંદ્ર	જેમને મહાનિસીહ પ્રત્યે ખૂબ આદર હતો તે વિદ્વાન આચાર્ય.
नेव्वुति	*क.*	*निर्वृति*	નિર્વૃત્તિ	જુઓ ણિવ્વુતિ.
नेव्वुतिणगर	*ऐ.*	*निर्वृतिनगर*	નિર્વૃતિનગર	આ અને નિવૃત્તિપુર એક છે.
नेहुर	*भौ.ऐ.*	*नेहुर*	નેહુર	એક અનાર્ય દેશ.

-----x-----x-----x-----x-----x-----x-----x-----

-----x-----x-----x-----x-----x-----x-----x-----

आगम-बृहत्-नामकोष:

प्राकृत	ओळख	संस्कृत	गुजराती	नामपरिचय

'आ'त् 'न' पर्यन्त:
प्रथमो भाग: परिसमाप्त:

મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–1 [603+DVD] 1,36,000 કુલ પ્રકાશનો– 603, તેના .....કુલ પૃષ્ઠો 1,08,070			
[१]	**मूल आगम साहित्य** मूळ आगम **3** प्रकाशनोमां **147** पुस्तकोमां नीचे प्रमाणे कुल 07850 पृष्ठोमां छे	**147**	**07850**
1	**आगम सुत्ताणि-मूलं (Printed)** आ संपुटमां अमारा कुल **49** प्रकाशनो छे, जेना कुल पाना आशरे **3510** छे		
2	**आगम सुत्ताणि-मूलं** (Net) आ संपुटमां अमारा कुल **45** प्रकाशनो छे, जेना कुल पाना आशरे **2810** छे		
3	**आगम सुत्ताणि-मंजूषा** (Net) आ संपुटमां अमारा कुल **53** प्रकाशनो छे, जेना कुल पाना आशरे **1530** छे		
[२]	**आगम अनुवाद साहित्य** आगम अनुवाद **5** प्रकाशनोमां**165** पुस्तकोमां नीचे प्रमाणे कुल **20150** पृष्ठोमां छे	**165**	**20050**
1	**आगम सूत्र-गुजराती अनुवाद-मूळ (Printed)** आ संपुटमां अमारा कुल **47** प्रकाशनो छे, जेना कुल पाना आशरे **3400** छे		
2	**आगम सूत्र-हिन्दी अनुवाद** (Net) आ संपुटमां अमारा कुल **47** प्रकाशनो छे, जेना कुल पाना आशरे **2800** छे		
3	**आगम सूत्र-इंग्लिश अनुवाद** (Net) आ संपुटमां अमारा कुल **11** प्रकाशनो छे, जेना कुल पाना आशरे **400** छे		
4	**आगम सूत्र-गुजराती अनुवाद-सटीक (Printed)** आ संपुटमां अमारा कुल **48** प्रकाशनो छे, जेना कुल पाना आशरे **10340** छे		
5	**आगम सूत्र-हिन्दी अनुवाद (Printed)** आ संपुटमां अमारा कुल **12** प्रकाशनो छे, जेना कुल पाना आशरे **3110** छे		
[३]	**आगम विवेचन साहित्य** आगम विवेचन **7** प्रकाशनोमां **171** पुस्तकोमां नीचे प्रमाणे कुल **60900** पृष्ठोमां छे	**171**	**60900**
1	**आगम सूत्र-सटीकं (Printed)** आ संपुटमां अमारा कुल **46** प्रकाशनो छे, जेना कुल पाना आशरे **13800** छे		
2	**आगम मूलं एवं वृत्ति-1** (Net) आ संपुटमां अमारा कुल **51** प्रकाशनो छे, जेना कुल पाना आशरे **17990** छे		
3	**आगम मूलं एवं वृत्ति-2** (Net) आ संपुटमां अमारा कुल **9** प्रकाशनो छे, जेना कुल पाना आशरे **2560** छे		

મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–2 [603+DVD] 1,36,000 કુલ પ્રકાશનો– 603, તેના .....કુલ પૃષ્ઠો 1,08,070			
4	**आगम चूर्णि साहित्य** (Net) આ સંપુટમાં અમારા કુલ **9** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **2670** છે		
5	**सवृत्तिक आगम सूत्राणि-1** (Printed) આ સંપુટમાં અમારા કુલ **40** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **18460** છે		
6	**सवृत्तिक आगम सूत्राणि-2** (Printed) આ સંપુટમાં અમારા કુલ **8** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **2660** છે		
7	**सचूर्णिक आगम सूत्राणि** (Printed) આ સંપુટમાં અમારા કુલ **8** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **2760** છે		
[४]	**आगम कोष साहित्य** આગમ કોષ સાહિત્ય **5** પ્રકાશનોમાં **16**પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ **5190** પૃષ્ઠોમાં છે	**16**	**05190**
1	**आगम सद्दकोसो** (Printed) આ સંપુટમાં અમારા કુલ **4** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **2100** છે		
2	**आगम नाम व कहा-कोसो** (Printed) આ સંપુટમાં અમારુ **1** પ્રકાશન છે, જેના કુલ પાના આશરે **210** છે		
3	**आगम सागर कोष:** (Net) આ સંપુટમાં અમારા કુલ **5** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **1130** છે		
4	**आगम शब्दादि संग्रह [प्रा॰ सं॰ गु॰]** (Printed) આ સંપુટમાં અમારા કુલ **4** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે		
5	**आगम बृहत् नाम कोष: [प्रा॰ सं॰ गु॰ नाम परिचय]** (Printed) આ સંપુટમાં અમારા કુલ **2** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **500** છે		
[५]	**आगम अन्य साहित्य** આગમ અન્ય સાહિત્ય **3** પ્રકાશનોમાં **9** પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ **1590** પૃષ્ઠોમાં છે	**10**	**03220**
1	**आगम कथानुयोग** (Printed) આ સંપુટમાં અમારા કુલ **6** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **2170** છે		
2	**आगम संबंधी साहित्य** (Printed) આ સંપુટમાં અમારા કુલ **2** પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે **870** છે		
3	**ऋषिभाषित सूत्राणि** (Printed) આ સંપુટમાં અમારુ **1** પ્રકાશન છે, જેના કુલ પાના આશરે **80** છે		
4	**आगमिय सूक्तावली** (Printed) આ સંપુટમાં અમારુ **1** પ્રકાશન છે, જેના કુલ પાના આશરે **100** છે		

मुनिश्री दीपरत्नसागरजीना प्रकाशनो-3 [603+DVD] 1,36,000 कुल प्रकाशनो- 603, तेना .....कुल पृष्ठो 1,08,070			
[९]	**आगम अनुक्रम साहित्य** आगमअनुक्रमसाहित्य 3 प्रकाशनोमां 9 पुस्तकोमां नीचे प्रमाणे कुल 1590 पृष्ठोमां छे	9	01590
1	**आगम विषयानुक्रम-मूल** (Printed) आ संपुटमां अमारा कुल 2 प्रकाशनो छे, जेना कुल पाना आशरे 730 छे		
2	**आगम विषयानुक्रम-सटीक** (Net) आ संपुटमां अमारा कुल 4 प्रकाशनो छे, जेना कुल पाना आशरे 430 छे		
3	**आगम सूत्र-गाथा अनुक्रम** (Net) आ संपुटमां अमारा कुल 3 प्रकाशनो छे, जेना कुल पाना आशरे 430 छे		
[७]	मुनि दीपरत्नसागर लिखित "आगम सिवायनुं अन्य साहित्य" आगमेतर साहित्य 12 प्रकाशनोमां 84 पुस्तकोमां नीचे प्रमाणे कुल 9270 पृष्ठोमां छे	85	09270
1	तत्त्वाभ्यास साहित्य आ संपुटमां अमारा कुल 13 प्रकाशनो छे, जेना कुल पाना आशरे 2090 छे		
2	सूत्राभ्यास साहित्य आ संपुटमां अमारा कुल 6 प्रकाशनो छे, जेना कुल पाना आशरे 1480 छे		
3	व्याकरण साहित्य आ संपुटमां अमारा कुल 5 प्रकाशनो छे, जेना कुल पाना आशरे 1050 छे		
4	व्याख्यान साहित्य आ संपुटमां अमारा कुल 4 प्रकाशनो छे, जेना कुल पाना आशरे 1220 छे		
5	जिनभक्ति साहित्य आ संपुटमां अमारा कुल 9 प्रकाशनो छे, जेना कुल पाना आशरे 1190 छे		
6	विधि साहित्य आ संपुटमां अमारा कुल 4 प्रकाशनो छे, जेना कुल पाना आशरे 300 छे		
7	आराधना साहित्य आ संपुटमां अमारा कुल 3 प्रकाशनो छे, जेना कुल पाना आशरे 430 छे		
8	परिचय साहित्य आ संपुटमां अमारा कुल 4 प्रकाशनो छे, जेना कुल पाना आशरे 220 छे		
9	पूजन साहित्य आ संपुटमां अमारा कुल 2 प्रकाशनो छे, जेना कुल पाना आशरे 100 छे		

મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000 કુલ પ્રકાશનો– 603, તેના .....કુલ પૃષ્ઠો 1,08,070			
10	તીર્થંકર સંક્ષિપ્ત દર્શન આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે		
11	પ્રકીર્ણ સાહિત્ય આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે		
12	દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ આ સંપુટમાં અમારા કુલ 5પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે		

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

1	મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય	[કુલ પુસ્તક 518]	તેના કુલ પાના [98,800]
2	મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય	[કુલ પુસ્તક 85]	તેના કુલ પાના [09,270]
3	મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD		તેના કુલ પાના [27,930]

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on–line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

BLANK PAGE

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

आगम-बृहत्-नामकोष:

प्राकृत | ओळख | संस्कृत | गुजराती | नामपरिचय

[भाग-१]

પ્રકાશન તારીખ- 10/02/2020 સોમવાર તિથી- ૨૦૭૬ મહા વદ ૧

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડો દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., શ્રુતમહર્ષિ]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in